

ભાગ
૨
હૃદય નયન નિહાળે જગધણી
(આનંદઘન સ્તવન ચોવીશી વિવરણ)



નિજસ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહિયે રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહિયે રે.

ભાગ ૨



# હૃદય નયને નિહાળે જગધણી

(આનંદઘન સ્તવન ચોવીશી વિવરણ)


સ્તવન રચયિતા .. યોગીરાજશ્રી આનંદઘનજી

વિવરણકર્તા .. પં. પ્ર. મુક્તિદર્શન વિજયજી

સંયોજન સહાયક .. સૂર્યવદન ઠાકોરદાસ જવેરી



પ્રકાશક .. શ્રી માટુંગા શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ જૈન સંઘ

પુસ્તકનું નામ

# હૃદય નયને નિહાળે જગધણી

(આનંદઘન સ્તવન ચોવીશી વિવરણ) ભાગ : ૨

પ્રકાશક : શ્રી માટુંગા શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ જૈન સંઘ

આવૃત્તિ : પ્રથમ સં.૨૦૬૪ ઈ.સ.૨૦૦૮

નકલ : ૧૬૦૦ + ૪૦૦ જ્ઞાન ખાતાની

મુદ્રણ : મલ્ટી ગ્રાફિક્સ
૧૮, ખોતાચી વાડી, વર્ધમાન બિલ્ડીંગ,
૩જે માળે, પ્રાર્થના સમાજ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૭ ૩૨૨૨ / ૨૩૮૮ ૪૨૨૨

મુલ્ય : ૪૦૦/- (ત્રણ પુસ્તકના સેટની કિંમત)

પ્રાપ્તિ સ્થાન

**મલ્ટી ગ્રાફિક્સ**
૧૮, ખોતાચી વાડી, વર્ધમાન બિલ્ડીંગ, ૩જે માળે, પ્રાર્થના સમાજ
વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૭ ૩૨૨૨ / ૨૩૮૮ ૪૨૨૨

**શ્રી સૂર્યવદન ઠાકોરદાસ જવેરી**
૮૦૨, સ્કાય હાઈ ટાવર, શંકરલેન, મલાડ (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૬૪. ફોન : ૨૮૦૬ ૭૭૮૭

**લાવણ્યશ્રીજી જૈન ઉપાશ્રય**
૦૦૩ સૃષ્ટિ એપાર્ટમેન્ટ, સંજીવની હોસ્પિટલ પાસે,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.



જેમના દ્વારા અધ્યાત્મવહેણ અમારા સુધી પહોંચ્યું એવા

પરમાત્માના ચાહક અને વાહક

## વર્તમાનકાળ તથા અતીતકાળના
## સર્વ આધ્યાત્મિક યોગી પુરુષોને

તેમજ

ભાવિના જે યોગીપુરુષો

આ વહેણને આગળ વહાવનારા છે,

તેમના કરકમલમાં

અત્યંત ભાવભર્યા હૈયાના વંદન સહ સાદર સમર્પણ !!!

પં. મુક્તિદર્શનવિજય

# અનુક્રમણિકા


| સ્તવન ક્રમાંક /કડી સંખ્યા | ધ્રુવ પંક્તિ | પ્રધાન સૂર | વિવરણ પત્રાંક |
|---|---|---|---|
| ૧/૬ | ઋષભ જિનેસર પ્રીતમ મહારો રે... | કપટરહિતતા પૂર્વકની પ્રીતિ-ભક્તિ | ૧ |
| ૨/૬ | પંથડો નિહાળું રે બીજા જિનતણો રે... અજિત અજિત ગુણધામ... | પરમાત્મ પંથ-મોક્ષમાર્ગ નિરીક્ષણ | ૩૭ |
| ૩/૬ | સંભવદેવ તે ધૂર સેવો સવે રે... | યોગની પૂર્વસેવારૂપ આત્મશુદ્ધિ વિચારણા ઉપાદાન-નિમિત્ત કારણ સમીક્ષા | ૭૯ |
| ૪/૬ | અભિનંદન જિન ! દરિસણ તરસીએ... | દરિસણ તડપન જ્ઞાન-ભક્તિ તથા સાધના-ઉપાસના જુગલબંધી | ૧૨૧ |
| ૫/૬ | સુમતિ-ચરણ-કજ આતમ અરપણા... | પરમાત્મા-અંતરાત્મા-બહિરાત્મારૂપ ત્રિવિધ આત્મસ્વરૂપ વિચારણા સાધના-ઉપાસનાના તાણાવાણા | ૧૬૧ |
| ૬/૬ | પદ્મપ્રભ જિન ! તુજ મુજ આંતરું રે... | પરમાત્મ સ્વરૂપથી આત્માને આંતરું પાડનારા કર્મ વિષેની વિચારણા | ૧૯૭ |
| ૭/૮ | શ્રી સુપાસ જિન વંદીએ... | પરમાત્મત્વ નિર્દેશક પરમાત્મ સ્વરૂપ નામ-ગુણ નિધાન અર્હમ ઐશ્વર્ય દર્શન | ૨૩૧ |
| ૮/૭ | દેખણ દે રે, સખી ! મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખચંદ... | દર્શન દુર્લભતા અંતર્ગત જીવવિચાર | ૨૭૧ |
| ૯/૮ | સુવિધિ જિનેસર પાય નમીને... | અંગપૂજા-અગ્રપૂજા-ભાવપૂજા-પ્રતિપત્તિ પૂજા વિધિ વિચારણા | ૨૯૫ |
| ૧૦/૬ | શીતળ જિનપતિ લલિત ત્રિભંગી.... | જ્ઞાનયોગ અંતર્ગત સ્યાદ્વાદશૈલિએ ત્રિભંગીથી આત્મશીતળતા પ્રાપ્તિ પ્રક્રિયા | ૩૫૩ |
| ૧૧/૬ | શ્રી શ્રેયાંસજિન અંતરજામી... | અધ્યાત્મ અને અધ્યાત્મપુરુષ પરખ પ્રક્રિયા અંતર્ગત ભાવ અધ્યાત્મ મહિમાગાન | ૩૯૩ |
| ૧૨/૬ | વાસુપૂજ્ય જિન ત્રિભુવનસ્વામી... | કરમ-કરમફળ ચેતના અને દર્શન-જ્ઞાન ચેતના વિચારણા અંતર્ગત જ્ઞાનમયતાનું ગાન | ૪૨૩ |
| ૧૩/૭ | વિમળજિન દીઠાં લોયણ આજ... | પરમાત્મસ્વરૂપ પ્રદાયક ધીંગ ધણી મળ્યાનું ખુમારીભર્યું ગૌરવગાન | ૪૫૭ |
| ૧૪/૭ | ધાર તરવારની સોહલી, દોહલી ચઉદમા જિનતણી ચરણસેવા... | અનંત ચતુષ્ક પ્રદાયક અનંતનાથ ચરણસેવા દુષ્કરતા | ૪૮૯ |

| સ્તવન ક્રમાંક /કડી સંખ્યા | ધ્રુવ પંક્તિ | પ્રધાન સૂર | વિવરણ પત્રાંક |
|---|---|---|---|
| ૧૫/૮ | ધર્મ જિનેસર ગાઉં રંગશું... | ધર્મ મર્મોદઘાટન હૃદયચક્ષુ-ગ્રંથિભેદ જનિત સમ્યક્ત્વથી પરમાત્મદર્શન | ૫૨૧ |
| ૧૬/૧૫ | શાંતિ જિન એક મુજ વિનતિ.... | શાંતિ સ્વરૂપ પ્રાપ્તિ પ્રક્રિયા અંતર્ગત સમત્વ યોગ વિચારણા | ૫૬૫ |
| ૧૭/૯ | કુંથુજિન ! મનડું કિમહી ન બાજે... | મનને નાથવાની મથામણ મનોનિગ્રહ દુષ્કરતા | ૬૩૫ |
| ૧૮/૯ | ધરમ પરમ અરનાથનો... | સ્વસમય પરસમયરૂપ આત્મધર્મની દ્રવ્ય-ગુણ-પર્યાય સાપેક્ષ સમીક્ષા | ૬૮૯ |
| ૧૯/૧૧ | સેવક કિમ અવગણીએ, હો મલ્લિ જિન ! | અઢાર દોષ રહિત તુર્યાવસ્થા-ઉજાગરદશા પ્રાપ્તિ વિચારણા | ૭૫૧ |
| ૨૦/૧૦ | મુનિસુવ્રત જિનરાય, એક મુજ વિનતિ નિસુણો... | દાર્શનિક વિચારણા | ૭૯૯ |
| ૨૧/૧૧ | ષટ્ દરિસણ જિન અંગ ભણીજે.... | અંગી એવા સર્વાંગી જિનદર્શનના અંગ-રૂપ ષડ્દર્શન સમીક્ષા | ૮૪૪ |
| ૨૨/૧૭ | અષ્ટ ભવાંતર વાલહી રે... | સતી રાજીમતિના મુખેથી મુખરિત થતો ચેતનાનો ચેતન સાથેનો સંવાદ | ૯૨૨ |
| ૨૩/૮ | ધ્રુવપદ રામી હો સ્વામી માહરા... | આત્માના પરમાત્મસ્વરૂપની સ્પર્શના પૂર્વક અગુરુલઘુગુણ ગાન | ૧૦૯૬ |
| ૨૪/૭ | વીર જિનેશ્વર ચરણે લાગું... | આત્માના વીરપણાંના ઓવારણા ને વધામણા | ૧૧૯૮ |
| ૨૫/૪ | સામાન્ય જિન સ્તવન નિરંજન નાથ મોહે કૈસે મિલેંગે... | પરમાત્મમિલન તલસાટ | ૧૨૨૬ |
| ૨૬ | નિગોદથી નિર્વાણ સુધીની નય સાક્ષેપ યાત્રા | | ૧૨૨૯ |
| ૨૭ | દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સાપેક્ષ તત્ત્વ વિચારણા | | ૧૨૪૧ |

# 11 શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન

રાગ : ગોડી ... "અહો મતવાલે સાજના..." એ દેશી

શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી નામી રે;
અધ્યાતમપદ પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામી રે. શ્રી શ્રેયાંસ.૧

સયલ સંસારી ઇન્દ્રિયરામી, મુનિગણ આતમરામી રે;
મુખ્યપણે જે આતમરામી, તે કેવળ નિષ્કામી રે. શ્રી શ્રેયાંસ.૨

નિજસ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહિયે રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાત્મ કહિયે રે. શ્રી શ્રેયાંસ.૩


નામ અધ્યાતમ ઠવણ અધ્યાત્મ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે. શ્રી શ્રેયાંસ.૪

શબ્દ અધ્યાતમ અર્થ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે;
શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાન ગ્રહણ મતિ ધરજો રે. શ્રી શ્રેયાંસ.૫

અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, '**આનંદઘન**'મત વાસી રે. શ્રી શ્રેયાંસ.૬

---

જગતને જાણવાથી જ્ઞાતા નથી બનાતું પરંતુ ભીતરી તત્ત્વ જે આત્મા છે,
જે જ્ઞાયક છે તેને જાણવાથી જ્ઞાતા થવાય છે.


SHREYANSNATH BHAGWAN
भव - रोगाऽऽर्त्त - जन्तूनामगदङ्कार - दर्शनः।
निःश्रेयस-श्री-रमणः, श्रेयांसः श्रेयसेऽस्तु वः।। ।।११।।

નામ : ૧૧ મા શ્રી શ્રેયાંસનાથ

લાંછન : ખડ્ગી

રાશિ : મકર

ગણ : દેવ

માતા : વિષ્ણુ

પિતા : વિષ્ણુ રાજ

ગર્ભવાસ : ૯-૬

દીક્ષા પર્યાય : ૨૧ લાખ વર્ષ

સર્વ આયુષ્ય : ૮૪ લાખ વર્ષ

સમ્યક્ત્વ પામ્યા પછીની ભવ સંખ્યા : ૩ ભવ

ચ્યવન કલ્યાણક નક્ષત્ર સાથે : શ્રવણ વૈ. વ.૬




# શ્રેયાંસનાથજી

જન્મ કલ્યાણક નક્ષત્ર સાથે : શ્રવણ મહા વ.૧૨

દીક્ષા કલ્યાણક નક્ષત્ર સાથે : શ્રવણ મહા વ.૧૩

કેવળજ્ઞાન કલ્યાણક નક્ષત્ર સાથે : શ્રવણ પોષ વદ૦))

નિર્વાણ કલ્યાણક નક્ષત્ર સાથે : ધનિષ્ઠા અષા. વ.૩

જન્મનગરી : સિંહપુરી

દીક્ષાનગરી : સિંહપુરી

કેવળજ્ઞાનનગરી : સિંહપુરી

નિર્વાણભૂમિ : સમ્મેતશિખર

યોગીરાજજી આનંદઘનજીએ પ્રથમ ઋષભજિન સ્તવનામાં પ્રીતિયોગથી પ્રારંભ કર્યો. પછીના સ્તવનોમાં અનુક્રમે પ્રભુ પંથ, પ્રભુસેવા, પ્રભુ દરિસનના તલસાટ, પ્રભુ દરિસન માટે પરમાત્મપદની ઓળખ કરી બહિરાત્મદશા ત્યજીને અંતરાત્મદશાની પ્રાપ્તિ, પરમાત્માથી પડેલું આંતરું, પ્રભુની વિવિધ નામથી ઓળખ પ્રભુના દરિસન મળ્યાં છે તો તે દરિસન કરવા દેવાની સખી ચેતના-સુમતિને વિનતિ, પ્રભુપૂજાનો વિધિ આદિથી ભક્તિયોગમાં પ્રવેશ કરાવ્યો.

બીજાથી નવમા સ્તવનમાં ભક્તિયોગને ઘૂંટ્યા બાદ દેશમા શીતલનાથ જિનેશ્વરની સ્તવનાથી કવિરાજે જ્ઞાનયોગમાં પ્રવેશ કરાવ્યો છે. પ્રભુના ત્રિભંગાત્મક સ્યાદ્વાદ સ્વરૂપની ઓળખ કરાવ્યા બાદ હવે "અધ્યાત્મ શું? અને આધ્યાત્મિક પુરુષ જે સાચું માર્ગદર્શન આપી શકે, તે કોણ?" તેની વિચારણા આ અગિયારમાં શ્રેયાંસનાથ ભગવાનના સ્તવનમાં કરે છે કે જેથી આધ્યાત્મિક પુરુષની પરખ કરી, તેનું શરણ સ્વીકારી, સાચા માર્ગદર્શકની નિશ્રામાં, સાચા અધ્યાત્મમાર્ગે આગળ પ્રયાણ કરી શકાય.

**શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી નામી રે;**
**અધ્યાતમપદ પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામી રે. શ્રી શ્રેયાંસ૦૧**

પાઠાંતરે 'અંતરજામી'ના સ્થાને 'અંતરયામી', 'પદ'ના સ્થાને 'મત' અને 'ગામી'ના સ્થાને 'ગીમી' કે 'ગાંમી' એવો પાઠફરક છે.

**શબ્દાર્થ :** હે શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વર! આપ અમારા અંતરના ભાવોને જાણનારા અંતર્યામી છો, આત્મામાં રમમાણ રહેનાર આતમ મસ્ત આતમરામી છો અને જગતમાં તીર્થંકર જિનેશ્વર દેવ તરીકે પ્રસિદ્ધ એવા નામી છો!

આપ પૂર્ણપણે અધ્યાત્મ મતને પ્રાપ્ત કરીને અધ્યાત્મપદ એવા

---

પોતે પોતાને જાણીને પોતામાં સમાઈ જાય તે અધ્યાત્મનું પ્રયોજન છે.

અરિહંતપદે બિરાજમાન થઈ, સહજપણે મુક્તિગતિના ગામી થઈ મુક્તિપદે-સિદ્ધપદે બિરાજમાન થયા છો !

**લક્ષ્યાર્થ-વિવેચન :** સ્વ અને પર સહુનું કલ્યાણ અર્થાત્ શ્રેય કરનારા, શ્રી એટલે કૈવલ્ય-લક્ષ્મીના સ્વામી, શ્રેયાંસ જિનેશ્વર ભગવંત અંતરજામી એટલે કે અંતરના સર્વ ભાવોને જાણનારા અંતર્યામી છે.

શ્રેયાંસનાથ ભગવાન ઈન્દ્રિયોને જીતનારા જિન છે અને તેથી વીતરાગ છે. તીર્થંકર ભગવંત તરીકે પ્રસિદ્ધ એવા નામી છે. તીર્થંકર નામકર્મના વિપાકોદયથી નામી એટલે નામના પામેલા વિખ્યાત છે. ઘાતીકર્મોને નમાવનારા અર્થાત્ ક્ષય કરનારા હોવાથી પણ નામી છે-પ્રતિષ્ઠિત છે. ક્ષાયિકભાવને પામેલા વીતરાગી છે, તેથી અધ્યાત્મ મતને પૂરેપૂરા પામેલા છે. લેશ માત્ર પણ દોષ રહ્યો નથી, માટે સર્વ દોષથી રહિત છે અને પરાકાષ્ટાના સર્વ સ્વરૂપગુણ-આત્મગુણથી યુક્ત છે. પૂરણપણે અધ્યાત્મપદ એટલે આત્મપદ - સ્વપદને પામેલા છે. અરિહંતપદે બિરાજમાન થયેલા છે.

પૂર્ણતાને પામેલા વીતરાગી છે, તેથી આતમરામી છે. પોતે પોતાથી પોતાના વડે પોતામાં જ છે, જે એમનું આતમરામીપણું છે. ષડ્કારકનું પ્રવર્તન સ્વમાં છે. અંતરમાં એટલે કે આત્મામાં જ રહેવાપણું, ઠરવાપણું અને રમવાપણું છે, તેથી આતમરામી છે-આતમ આરામી છે.

પૂર્ણતાને પામેલાં વીતરાગી છે, તેથી તેઓ સર્વદર્શી, સર્વજ્ઞ છે. મોહ રહ્યો નથી. મોહનીય કર્મનો સર્વથા ક્ષય થવાથી વીતરાગ બન્યા છે. વીતરાગ થયેથી કોઈ અંતરાય, આડશ, અભાવ રહ્યાં નથી. અંતરાય કર્મનો ક્ષય થવાથી પૂર્ણતાને પામ્યા છે. આવરણ રહ્યાં નથી અને પૂર્ણતાને પામ્યા છે, તેથી જે કાંઈ દેખાય છે, જે કાંઈ જણાય છે, તે પૂરેપૂરું

પૂર્ણપણે દેખાય છે અને જણાય છે. વળી જે કાંઈ દેખાય, જણાય છે તે કોઈપણ જાતના પ્રયત્ન વગર અપ્રયાસ-સહજ જ જણાય-દેખાય છે. સર્વનું સર્વ કાંઈ સહજપણે દેખાતું અને જણાતું હોવાથી સર્વદર્શી અને સર્વજ્ઞ છે. સર્વ ક્ષેત્રના, સર્વ કાળના, સર્વ દ્રવ્યોના સર્વ ભાવ એટલે કે સર્વ ગુણ અને સર્વ પર્યાય સહિત સહજપણે દેખાય છે, જણાય છે. જે સર્વનું સર્વત્ર સર્વદા સર્વ કાંઈ જાણતા હોય તે તો અંતરજામી, અંતરને જાણનારા અંતર્યામી જ હોય ને!! એનાથી કશું છૂપાવ્યું છૂપું કેમ રહી શકે? એની તો સર્વથા સર્વદા સર્વત્ર શરણાગતિ જ સ્વીકારવાની હોય ને!!! જે અંતર્યામી અને આતમરામી એટલે કે આત્મામાં જ- અધિષ્ઠાતામાં જ અધિષ્ઠિત હોય તે તો નામી પ્રતિષ્ઠિત જ હોય ને!!

આવા, જે ભાવથી મુક્ત થઈ ગયા હોય, વીતરાગ થવાથી રાગદ્વેષની ચીકાશ નીકળી ગઈ હોય, તેમના અઘાતી કર્મો પ્રત્યેક પળે, મન વચન કાયાની સહજ થતી; સહજયોગ ક્રિયાથી ખરતાં જ જતાં હોય અને એમની ગતિ દ્રવ્યમુક્તિ-નિર્વાણ તરફની જ હોઈ શકે માટે કહેવાય કે...

**"સહજ મુગતિ ગતિ ગામી રે..."**

આવા જે નિઃકામી, અંતર્યામી, આતમરામી, મુક્તિગામી છે, તે જ સાચા ધનવંતરી વૈદ્ય છે. એ જ રોગ-દોષને દૂર કરી, આત્માનું આરોગ્ય આપી, આત્માનું શ્રેય કરનારા, શ્રેયસ્કર શ્રેયાંસનાથ ભગવાન છે.

**સયલ સંસારી ઈન્દ્રિયરામી, મુનિ ગણ આતમરામી રે;**
**મુખ્યપણે જે આતમરામી, તે કેવળ નિષ્કામી રે. શ્રી શ્રેયાંસ૦૨**

પાઠાંતરે 'મુનિ ગણ'ને સ્થાને 'મુનિગુણ' અને 'નિષ્કામી'ના સ્થાને 'નિઃકામી' એવો પાઠફરક છે.

**શબ્દાર્થ :** સંસારના સુખને માનનારા, સંસારી ભાવવાળા સયલ

---

પરપદાર્થવિષયક સ્ફુરણ એ વિકલ્પ છે અને એમાં તન્મયતા તે વિચાર છે.

એટલે સર્વ સંસારીઓ ઈન્દ્રિયોને વશ પડીને ઈન્દ્રિયોના વિષયમાં રાચનારા ને રમનારા ઈન્દ્રિયરામી છે. જ્યારે મુનિગણ એટલે કે મુનિઓનો સમુહ આત્મામાં રમમાણ હોવાથી આતમરામી છે.

મુખ્યપણે એટલે કે પ્રધાનતાએ આતમરામી છે તેનું મુખ્ય લક્ષણ એ છે કે, ઈન્દ્રિયોના વિષયો પ્રત્યે લેશ માત્ર આસક્ત નહિ થતાં હોવાથી નિતાંત નિષ્કામી હોય છે. માટે જ મુનિઓને ત્રિકાળ અવિષયી અને તત્ત્વરમણી કહ્યા છે.

**લક્ષ્યાર્થ-વિવેચન :** જે બધાં ગૃહસ્થ સંસારી છે અને સંસાર ભાવવાળા છે તે સર્વ દેહધારીઓને દેહ છે, દેહનો મોહ છે તેથી દેહભાવ છે અને દેહના મોહને રમવાના રમકડારૂપ વસ્તુ અને વ્યક્તિનો પરિગ્રહ છે.

એ દેહધારી સંસારીઓને દેહનો મોહ હોવાથી પાંચેય ઈન્દ્રિયોના ત્રેવીસ વિષયમાં આસક્ત થઈને ઈન્દ્રિયોના વિષયોમાં રાચનારા અને રમનારા ઈન્દ્રિયરામી હોવાથી કામી હોય છે. ઈન્દ્રિય આરામી હોય છે.

આવા ઈન્દ્રિયરામી વિષયાસક્ત સંસારભાવમાં રાચનારા, ''દેહ જ હું છું અને દેહ જ મારું સર્વસ્વ છે'' માનીને ચાલનારા, દેહતાદાત્મ્ય બુદ્ધિ ધરાવનારા, ફરી ફરી ચારેય ગતિમાં દેહ ધારણ કરતાં રહીને સંસારમાં રમતા રહે છે- રુલતા રહે છે. એ સઘળા ભવભ્રમણમાંથી છૂટતા નથી, દુઃખથી છૂટીને મોક્ષને પામતા નથી અને અનંતસુખને વરતા નથી.

જેને ભેદજ્ઞાન થઈ ગયું છે, તેને દેહની ક્ષણભંગુરતા જણાઈ જતાં **''દેહથી ભિન્ન હું નિત્ય એવો, આત્મા જ છું''** એવો પાકો નિર્ણય થઈ ગયો છે, તે આત્મદૃષ્ટા મુનિગણને દેહ હોવા છતાં દેહનો મોહ નીકળી ગયો હોય છે. દેહભાવ નીકળી જતાં આત્મભાવમાં આવેલા મુનિગણ વસ્તુ અને વ્યક્તિના પરિગ્રહને છોડીને સર્વસંગ પરિત્યાગ કરી

નિષ્કામી નિષ્પરિગ્રહી બન્યા હોય છે. ઈન્દ્રિયોના વિષયથી અનાસક્ત થયેલા તેઓ, આત્મગુણ-સ્વરૂપગુણ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયીમાં આસક્ત બની રત્નત્રયી આરાધક, તત્ત્વત્રયી ઉપાસક, પંચમહાવ્રત ધારક, પંચાચાર પાલક, ષટ્કાય રક્ષક, સમિતિગુપ્તિયુક્ત, નિષ્પાપ, નિષ્પરિગ્રહી, નિરાલંબી, નિરારંભી, નિરૂપદ્રવી, નિર્મળ, નિર્દોષ, સંવરપૂર્વકની નિર્જરા કરવા સહિત સંયમી જીવન જીવતાં જીવતાં, પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિના લક્ષ્યપૂર્વક આત્મગુણમાં જ રમતા આતમરામી આતમ આરામી હોય છે. એ મુનિગણ શુદ્ધ, સંપૂર્ણ, શાશ્વત, સ્વાધીન, સર્વોચ્ચ, સ્થાયી અનંત આત્મસુખના ચાહક હોવાથી સંસારસુખને ત્યાગી આત્મસુખમાં રમનારા, આત્મસુખના વાહક આતમરામી હોય છે. કાલાતીત અને અકાલ થવાના લક્ષ્યે કાલની અને કાળની ચિંતા કર્યા વિના આજમાં, અત્યારની ઘડીમાં, વર્તમાનમાં જીવનારા આતમરામી હોય છે. ફિકરનો જેણે ફાકો કરી નાખ્યો છે તેવા આતમમસ્ત ફકીર હોય છે.

**ચાહ ગઈ, ચિંતા ગઈ, મનુવા બેપરવાહ;**
**જિનકો કછુ ન ચાહિયે, વો શાહન કા શાહ.** - કબીરજી

**શાસ્ત્રમાં પણ જણાવેલ છે કે એક વર્ષના ચારિત્રધર સંયમી મુનિનું સુખ, અનુત્તર દેવલોકના દેવસુખથી પણ ચઢિયાતું હોય છે. કારણ કે તે સ્વનું સ્વમાંથી મળતું, વર્ધમાન થતું અને પૂર્ણમાં લય પામનારુ કોઈનેય કિંચિત્ માત્ર દુઃખ પ્હોંચાડ્યા વિનાનું સુખ છે.**

મુનિ તો છે પણ તે આતમરામી છે કે કેમ ? એ કેમ જાણવું? કવિરાજ હવે આતમરામીનું લક્ષણ જણાવતા કહે છે; આતમરામી મુખ્યપણે તો તે જ છે કે જે **"કેવળ નિષ્કામી રે..."**

આતમરામીનું લક્ષણ એ છે કે તે નિતાંત નિષ્કામી હોય. એ

---

લક્ષણ પાંચ કહ્યાં સમકિત તણાં, ધૂરિ ઉપશમ અનુકૂળ સુગુણનર અપરાધીશું પણ ચિત્ત થકી, નવિ ચિંતવીએ પ્રતિકૂળ સુગુણનર. શ્રી જિનભાષિત વચન વિચારીએ આ શમની વ્યાખ્યા છે.

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અપ્રતિબદ્ધ હોય. એ કોઈ વ્યક્તિ, વસ્તુ, ક્ષેત્ર, કાળ, કે વિકલ્પમાં અટકી જઈને મોક્ષ પ્રતિના એના ગમનમાં અટકનારા ન હોય. પાંચે ઈન્દ્રિયોના ૨૩/૨૪ વિષયો અને ૨૪૦/૨૫૨ વિકારથી તો એ સર્વસંગ પરિત્યાગ કરીને અળગો થયો છે; કોઈ લબ્ધિ, પદ, પ્રતિષ્ઠા, કીર્તિ, લોકૈષણામાં જરાય લપસી ન પડે એવો જે નિસ્પૃહી, નિષ્કામી છે, તે જ આતમરામી છે. **આત્માની નિષ્ઠા થઈ જાય તો વિષ જેવા વિષયકષાયની વિષ્ટા અંતઃકરણમાંથી નીકળી જાય છે.** આત્માનું ભાન થતાં પર-પદાર્થ સંબંધી અનંતા રાગદ્વેષ નીકળી જતાં હોય છે. એના સંયમજીવનનું નિર્વહન સર્વથા, સર્વદા, સર્વત્ર અપ્રતિબદ્ધ હોય છે. પદ, પ્રતિષ્ઠા, સ્થાન છોડી દેવા પડે તો છોડી દે પણ કોઈની શેહમાં ન આવે, જે આપણને ખુદ યોગીરાજજીના જીવનમાં જોવા મળે છે. મોહનીય કર્મનો સર્વથા ક્ષય કરી વીતરાગ બનેલા; કેવળજ્ઞાની ભગવંત તો પૂર્ણપણે નિરીહ નિષ્કામી છે જ. પરંતુ જેઓ મોહનીય કર્મનો ક્ષયોપશમ કરી, પૂર્ણ ક્ષયના એટલે કે વીતરાગતાના લક્ષ્યે આત્મવિકાસ સાધી રહેલાં છે, (સાધક મુનિગણ પણ આતમરામી છે. સાધક સપ્રયત્ન નિષ્કામી છે જ્યારે કેવળી અને અરિહંત ભગવંતો અપ્રયત્ન-સહજ નિષ્કામી છે.) છતાં અહિંયા 'કેવળ નિષ્કામી-સહજ નિષ્કામી' એવું વિશેષણ મુનિગણ માટે જે વાપર્યું છે, તે સહજતા પ્રતિના અવિરત પ્રયાણને અનુલક્ષીને વાપરવામાં આવ્યું છે. બાકી તો, અરિહંત, સિદ્ધ ભગવંતો તથા સામાન્ય કેવળી ભગવંતો જ મુખ્યપણે આતમરામી છે.

સંસારીને દેહ છે, દેહભાવ છે, દેહમોહ છે અને દેહમોહને રમવા-પોષવા પરિગ્રહ છે. મુનિગણને દેહ છે. પણ દેહમાં રમનારા ન હોવાથી દેહભાવ નથી, આત્મભાવ છે. તેથી તેઓ સાધકકક્ષાના દેહાતીત છે, કે જે દશાના ગુણગાન ગાતાં આત્મજ્ઞાની પુરુષ કહે છે... ''દેહ છતાં જેની

ક્રિયા, ભાવ, વર્તન, પરિણતિ, વિચાર, વ્યવહારાદિ એ બાહ્ય ધર્મ છે પણ
વસ્તુસ્વભાવ એ વાસ્તવિક ધર્મ છે.

દશા વરતે દેહાતીત, તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.'' કેવળી ભગવંતોને માત્ર દેહ છે; દેહ હોવા છતાં, પૂર્ણપણે દેહની અસરથી મુક્ત હોવાથી, સંપૂર્ણપણે, સહજ દેહાતીત છે. તેઓ દેહાતીત છે તેથી વિદેહી છે. સિદ્ધ ભગવંતો અદેહી છે અને તેથી સંસારથી સર્વથા મુક્ત છે. સંસારમાં જે કાંઇ દુઃખ છે, તે દેહ ધર્યાનું જ દુઃખ છે. દેહ નથી તો દુઃખ નથી. અધ્યાત્મનું સઘળું પ્રયોજન, દુઃખથી મુક્ત અર્થાત્ જન્મ-મરણના ફેરામાંથી મુક્ત થવા માટે જ છે. અર્થાત્ અદેહી થવા માટે છે. અદેહી થવા માટે જ, દેહાધ્યાસ તોડી, દેહમોહ છોડી, દેહભાવ રહિત દેહાતીત વિદેહી બનવાનું છે.

**સંસારી સંસારમાં છે અને એનામાં સંસાર છે. એ સંસાર સાગરમાં ખૂંપેલો-ડૂબેલો છે. મુનિગણ સંસારમાં છે પણ એમનામાં સંસાર નથી અર્થાત્ તે સંસારસાગરની સપાટી ઉપર તરનારા તરવૈયા છે. જ્યારે કેવળીભગવંતો-અરિહંતભગવંતો તો, સંસારથી પાર ઉતરી ગયેલ તરણતારણહાર જહાજ છે, જે સંસારસાગરની સપાટી ઉપર, સ્વયં તરી રહેલ છે અને અન્યના તારક તરીકેનું કાર્ય કરી રહ્યાં હોય છે. તેથી તેઓનું ''તિન્નાણં તારયાણં'' વિશેષણ સાર્થક છે.**

**નિજસ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહિયે રે;**
**જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહિયે રે. શ્રી શ્રેયાંસ૦૩**

પાઠાંતરે 'સાધે'ને બદલે 'સાધઇ', 'કહિયે'ને બદલે 'કહિઇ' એવો પાઠફેર છે.

**શબ્દાર્થ :** જે ક્રિયાથી નિજસ્વરૂપ એટલે કે આત્મના પરમાત્મસ્વરૂપને સાધી શકાય-મેળવી શકાય તેને અધ્યાત્મ લેખી શકાય.

---

બાકી જે ક્રિયા કરવાથી ચાર ગતિનું ભવભ્રમણ જ સધાતું હોય તેવી ક્રિયાને અધ્યાત્મ કહી શકાય નહિ.

**લક્ષ્યાર્થ-વિવેચન :** યક્ષ પ્રશ્ન છે. કોને અધ્યાત્મ લેખીયે? શું બધી કરાતી ક્રિયાઓને અધ્યાત્મ કહીશું? ક્રિયા બે પ્રકારની છે. શુભ અને અશુભ. જે ક્રિયા આપણને અશુભમાંથી છોડાવી ભાવિ ઉજ્જવલ-શુભ બનાવનારી છે, તે શુભ ક્રિયા છે. એ કરાતી શુભ ક્રિયા પણ વિષ અનુષ્ઠાન, ગરલ અનુષ્ઠાન અને અનનુષ્ઠાનથી ઉપર ઉઠાવીને, તદ્દહેતુ અનુષ્ઠાન અને અમૃતાનુષ્ઠાનમાં લઈ જઈ, શુભમાંથી શુદ્ધમાં પ્રવેશ કરાવનારી હોય તો, તે શુભક્રિયા પોતાના સ્વરૂપમાં લઇ જનારી બને છે. એવી નિજસ્વરૂપને પ્રગટ કરનારી ક્રિયાને અધ્યાત્મ ગણી શકાય. **જે અધિષ્ઠાતાને અધિષ્ઠાનમાં અધિષ્ઠિત કરે તે અધ્યાત્મ છે. જે મર્ત્યને અમર્ત્ય-અમર બનાવે, જે ચલને અચલ બનાવે, જે અસ્થિરને સ્થિર બનાવે, જે કંપિત-તરંગીત છે, તેને અકંપ-નિષ્કંપ-નિસ્તરંગ બનાવે તેવી, સક્રિયતામાંથી અક્રિયતામાં, કૃતકૃત્યતામાં લઇ જતી ક્રિયાને અધ્યાત્મ કહી શકાય.**

બાકી જે ક્રિયા કરનારને કરવાપણામાંથી છોડાવીને, જે એનું પોતાનું અક્રિય સ્વરૂપ છે, તે સ્વરૂપમાં સ્થિર કરી સ્વરૂપસ્થ-આત્મસ્થ-સ્વસ્થ બનાવે નહિ અને કરવાપણુ ચાલુ ને ચાલુ રાખી ચોર્યાશીના ચક્કરમાં, ઉપર નીચે ભમાવ્યા જ કરે, તેને અધ્યાત્મ નહિ કહી શકાય. એવી ક્રિયા શુભ હોય, પુણ્ય બંધાવી આપતી હોય, પણ પવિત્ર-શુદ્ધ-નિર્મળ બનાવતી ન હોય તો તે પુણ્ય પણ, કર્મબંધ એટલે કે પુણ્યાશ્રવ સ્વરૂપ છે. કર્મમાત્રથી છૂટી, નિષ્કર્મ, નિરંજન થવાનું છે; પછી તે પુણ્યકર્મ હોય કે પાપકર્મ. કર્મમાત્ર બંધન છે. સોનાની હોય કે લોઢાની, બેડી એ બેડી છે, જે બંધનમાં બાંધી દુઃખી કરનાર છે.

---

*ધ્યાનનું કરવાપણું એ ધ્યાનની પ્રાથમિક ભૂમિકા છે. ધ્યાનનું હોવાપણું એ ધ્યાનની ઉપલી ભૂમિકા છે.*

જે નિજ સ્વરૂપ સાધી આપી, સ્વરૂપસ્થ બનાવી સ્વભાવને પમાડે છે, તે જ ક્રિયાને અધ્યાત્મ ગણાવી શકાય. બાકી જે ક્રિયાથી, વિરૂપથી છૂટાતું ન હોય અને વિભાવમાં-પરભાવમાં જ રમવાપણું રહેતું હોય, તો તેવી ક્રિયા અધ્યાત્મ નથી પણ સંસારમાં રખડાવનારી સંસાર ક્રિયા છે.

**શુભ તે જ છે, જે શુદ્ધમાં લઈ જાય. જે બાહ્યમાંથી અભ્યંતરમાં લઈ જતી હોય, વ્યવહારમાંથી નિશ્ચયમાં લઈ જતી હોય, દ્રવ્યમાંથી ભાવમાં અને સ્વભાવમાં લઈ જતી હોય, પરસત્તામાંથી-પરાધીનતામાંથી સ્વસત્તામાં-સ્વાધીનતામાં લઈ જતી હોય અને કરવાપણામાંથી છોડાવી કૃતકૃત્ય કરી હોવાપણામાં સ્થિત કરતી હોય; તે ક્રિયા અધ્યાત્મ છે. એ જ્ઞાન-ધ્યાનરૂપ અંતરક્રિયા-સ્વરૂપક્રિયા છે.** એમાં ઉપયોગને ઊંડાણમાં ઉતારીને ઠેઠ તળિયે અંતરતમમાં લઈ જવાનો હોય છે. જ્યાં સ્વનું સ્વની સાથે સંધાણ થતું હોય છે. ઉપયોગશુદ્ધિ અને ઉપયોગ-સ્થિરતાની પ્રાપ્તિ થતી હોય છે. સમુદ્રના પેટાળમાં સાચા રત્નો પ્રકાશી રહ્યાં હોય છે. મરજીવા મરણિયા બનીને સમુદ્રમાં ડૂબકી લગાવી સાગરના પેટાળમાં જાય છે, ત્યારે રત્નોને પામે છે. એમ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કેવળદર્શન-કેવળજ્ઞાન-અનંતસુખ-અનંત આત્મ રમમાણતાને પામવા; સર્વથા અસંગ, એકાન્ત, મૌનમાં મનની પેલે પાર પહોંચવું પડે છે. આવી રીતે જે આત્માનું અનંતચતુષ્કાત્મક સ્વરૂપ છે, તેની પ્રાપ્તિને-તેના પ્રાગટ્યને અધ્યાત્મ કહેલ છે. તે સિવાય જે ક્રિયા વડે સંસારભાવવાળી ચાર ગતિ જ સધાતી હોય, તેને અધ્યાત્મની ક્રિયા માનવાની ભૂલ નહિ કરતાં તેને ફક્ત દ્રવ્યભાવવાળી બાહ્યક્રિયા જ સમજવી અને અભ્યંતર સ્વરૂપક્રિયા માટે ઉદ્યમશીલ બનવું.

**કઈ ક્રિયાને આધ્યાત્મિક ક્રિયા કહેવી એ અંગે દર્શનમોહ સાપેક્ષ વિચારણા કરવી જોઈએ, દર્શનમોહ નિરપેક્ષ ધર્મક્રિયાની વિચારણા**

---

મનુષ્યભવ શુદ્ધિ સાથે સંકળાયેલ છે અને નહિ કે પુણ્ય સાથે.

**કરવાથી અધ્યાત્મ હાથ આવતું નથી. દર્શનમોહનીયના ઉદયમાં એટલે કે મિથ્યાત્વની હાજરીમાં, અશુદ્ધ ઉપયોગે કરવામાં આવતી બધીય મન-વચન-કાયયોગની શુભાશુભ યોગક્રિયા પુણ્યકર્મ અને પાપકર્મના બંધ થકી ચાર-ગતિરૂપ સંસારમાં રખડાવનારી હોવાથી તે આત્માના શુદ્ધાત્મા-પરમાત્મસ્વરૂપનું પ્રાગટ્ય કરી ભવભ્રમણથી છૂટકારો કરનારી નથી. તેથી તે આત્મબાધક છે માટે જૈન દર્શનકારો અને ઈતર આસ્તિક દર્શનકારો દ્વારા પણ તેની ગણતરી અધ્યાત્મમાં કરવામાં આવતી નથી.**

શાસ્ત્રમાં જણાવ્યા મુજબ આત્મવીર્ય બે પ્રકારે વર્તે છે. ૧) સલેશી વીર્ય એટલે કે યોગવીર્ય. ૨) અલેશીવીર્ય એટલે કે ઉપયોગવીર્ય. પ્રથમના સલેશીવીર્યનું બે પ્રકારનું પ્રવર્તન ૧-અ) અભિસંધીજ અને ૧-બ) અનભિસંધીજ તરીકે ઓળખાય છે. અનભિસંધીજ સલેશી યોગવીર્ય એ આત્મવીર્ય હોવા છતાં આત્માર્થ સાધક હોતું નથી; જેમકે લીધેલા ખોરાકનું નિદ્રા દરમિયાન સાત ધાતુરૂપે પરિણમન થાય કે નિદ્રા દરમિયાન શ્વાસોશ્વાસ અને રૂધિરાભિસરણની ક્રિયા થાય છે, તેમાં અનભિસંધીજ વીર્યનું પ્રવર્તન છે. તે અભિસંધિજ વીર્ય, શુદ્ધભાવનું અને અશુદ્ધભાવનું એમ બે ભેદે હોય છે. જે મિથ્યાત્વ મોહનીયના ઉદય સહિતનું શુભાશુભ યોગ પ્રવર્તન છે, તે અશુદ્ધભાવનું હોય છે. એ કર્મધારા છે. બીજું જે **સમ્યક્ત્વ સહિતનું શુદ્ધ ઉપયોગપૂર્વક કે શુદ્ધ પરિણતિ પૂર્વકનું છે તે જ્ઞાનધારા છે. જ્ઞાનધારામાં સકળ પરભાવની વિરતિ (વિરક્તિ-વૈરાગ્ય) સ્વરૂપે, આત્માર્થ સાધક ભાવે, સંવર નિર્જરામાં પરિણમતું યોગપ્રવર્તન છે, તે ઉપયોગયુક્ત યોગક્રિયાને આધ્યાત્મિક ક્રિયા અને અધ્યાત્મ કહેવાય છે. તત્ત્વદૃષ્ટિથી જોતાં ચોથાથી માંડીને બારમા ગુણસ્થાનકની ભૂમિકાએ અધ્યાત્મ છે.**

**ટૂંકમાં ઔદયિકભાવથી થતી બધીય ક્રિયા કર્મધારા છે, જે કર્મમુક્તિ**

---

યોગ્ય એ દ્રવ્ય છે. યોગ્યતા એ શક્તિ-ગુણ છે અને યોગ્યતાનું ભવન-કાર્ય એ પર્યાય છે.

**તરફ લઈ જતી નથી કે ભવનિસ્તાર કરનારી નથી. આ પ્રક્રિયામાં જીવ કર્મના ઉદયને અનુસરે છે. જ્યારે મોહનીયકર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત, સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર સહિત સ્વરૂપના લક્ષ્યે કરાતી સ્વરૂપક્રિયા, ક્ષાયિક ભાવમાં લઈ જઈ સ્વરૂપસ્થ-આત્મસ્થ બનાવનારી ક્રિયા આધ્યાત્મિક ક્રિયા છે. આ પ્રક્રિયામાં કર્મની પ્રાધાન્યતા નથી પણ જ્ઞાનની પ્રાધાન્યતા છે. એ જ્ઞાનક્રિયા અર્થાત્ જ્ઞાનધારા છે.** પાંચ સમવાયી કારણોમાંના એક કારણ પુરુષાર્થની ક્રિયાશીલતા સમ્યક્ત્વની પ્રાપ્તિથી છે.

પુરુષાર્થ ક્યાં કરવાનો છે ? તે યથાર્થરૂપે સમજી લેવા જેવું છે.

૧) સાધનાનો પ્રશ્ન એટલો મહત્વનો નથી જેટલો દોષના નિદાનનો છે. ૨) આચરણ એટલું કઠિન નથી જેટલી મુશ્કેલ યથાર્થ સમજણ છે. ૩) ત્યાગ એટલો તનાવપૂર્ણ નથી જેટલું ત્રાસદાયક ભ્રમનું નિરસન છે.

**સમજણને સ્પષ્ટ કર્યા વિના આચરણના સ્તરે આપણે ઉતરી પડ્યા હોવાથી, ધર્મ કરવા છતાં આજે પરિણામ મળતું નથી; એ હકીકત છે જેનો સ્વીકાર કરવો જ રહ્યો.**

એ માટે કર્મધારા અને જ્ઞાનધારાને યથાર્થ સમજવી પડશે. કર્મો; દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવને આશ્રયીને ઉદયમાં આવે છે. પરંતુ આ કર્મની તાકાત માત્ર દૃશ્ય સુધીની સીમિત છે. **દૃષ્ટા એની જ્ઞાનધારામાં રહી કર્મધારાથી મુક્ત થઈ કર્મની અસરથી નિર્લેપ રહી શકે છે.** સાધકે આ તત્ત્વજ્ઞાન સમજવું જ પડશે. આ તત્ત્વજ્ઞાન જો સાધકને સ્પષ્ટપણે સમજાઈ જાય, તો પછી જ્ઞાનધારામાં સહજપણે પ્રવહિત થઈ શકાય.

**૧) કર્મોની તાકાત માત્ર સંયોગો પર છે. વિવેકની તાકાત અભિગમ પર છે. ૨) કર્મોની તાકાત માત્ર સામગ્રી પર છે. વિવેકથી સમાધિ સુશક્ય બની શકે છે.**

---

જ્યાં સુધી કરવા ઉપર, ક્રિયા ઉપર અને કર્તાભાવ ઉપર જોર છે,
ત્યાં સુધી જ્ઞાયક તત્ત્વ નહિ ઓળખાય, નહિ પકડાય.

પ્રશ્ન એ ઉદ્‌ભવે કે કર્મધારાની કાર્યશક્તિ શું છે ? એના સમાધાનમાં કહે છે...

કોઈની પાંચ-દસ ગાળો સાંભળી તે સમયે એ ભાષાવર્ગણાના પુદ્‌ગલો સ્વરૂપ દ્રવ્યને પામી ક્રોધનું બાહ્ય વાતાવરણ સર્જાય છે અને સાથે સત્તામાં રહેલા ક્રોધ મોહનીયના દલિકો ઉદયાવલિકામાં આવી પહોંચવાથી જીવને ક્રોધનું આંતરિક વાતાવરણ ઊભું થાય છે.

આ તો માત્ર ઉદયાવલિકાની ઘટનાની વાત છે. એ અત્યંત તુચ્છ-ક્ષુલ્લક સમયની છે. પરંતુ આ કર્મધારાની સાથે સાથે જો વિવેકની જ્ઞાનધારા ચાલતી રહે તો, ઉદયાવલિકા પછી જે કર્મની લતા ઉદયમાં આવનાર છે, તેમાં સ્થિતિઘાત, રસઘાતાદિની અત્યંત સંભાવના રહે. જેનાથી અલ્પ સત્ત્વવાળા કર્મો ઉદયમાં આવવાથી કર્મની શક્તિ હણાઇ જાય છે. અને તે જ વખતે વર્તમાનનો વિવેક પણ સતત ચાલુ હોવાથી તે કર્મધારા અકિંચિત્‌કર બની જાય છે. આ સાધના માર્ગ છે; **જેમાં મોહનીય કર્મના ઉદયને ન વેદતાં મોહનીયના ક્ષયોપશમને અનુસરવાપણું રહે છે, જે મોક્ષમાર્ગ છે.**

વળી આ સ્થિતિને સુસ્પષ્ટ સમજવા માટે વાસ્તવિક પ્રક્રિયાનું જ્ઞાન હોવું જરૂરી છે. બાહ્ય ઘટના તો ક્રોધનું બાહ્ય દૃશ્ય સર્જીને કૃતાર્થ થઈ જાય છે. પણ બાહ્ય ઘટનામાં કે ક્રોધના બાહ્ય દૃશ્યમાં કારકતા નથી. કારકતા તો આત્મા તે વખતે પોતાનામાં રહેલ વિવેક કે અવિવેક એમાંથી શેનું આલંબન લે છે, તેની ઉપર નિર્ભર છે.

હવે અહીં અવિવેકનું આલંબન લેનાર જીવની ભૂલ એ થશે કે, ટૂંક સમયમાં જ ઉદયમાં આવનાર કર્મોની સ્થિતિ અને રસની વૃદ્ધિ કરશે. જેના ઉદયકાળે તે સાનુબંધ ક્રોધનું આસેવન કરશે. પરંતુ જો જીવ જાગૃત રહી આ

કર્મધારામાં ભળે નહિ અને જ્ઞાનધારાને સતેજ રાખે તો વિવેકયુક્ત અધ્યવસાયથી જીવ ક્રોધથી પાછો ફરી શકે છે અને ક્ષમા ગુણનું આલંબન લઈ શકે છે.

પ્રસ્તુત પ્રક્રિયાથી બોધ સ્પષ્ટ થઇ શકે છે કે ક્ષમાની સાધના અઘરી નથી પણ સમજણ અઘરી છે. સામાન્ય રીતે આપણે નિમિત્તને દોષ આપીએ છીએ પણ **નિમિત્તને દોષ દેવો તે મિથ્યાત્વ છે. નિમિત્ત કારણનું સ્વરૂપ જ એવું છે કે કર્તા એવો આત્મા, નિમિત્તનું જે ભાવે આલંબન લે, તે ભાવે તે કાર્યસાધક બને છે.**

આપણને સમવસરણમાં બિરાજમાન, ભાવ તીર્થંકર અનંતીવાર મળ્યા છે પણ આપણે એમનું સંસારભાવે આલંબન લીધું તો એમની તે શક્તિ કાર્યાન્વિત બની અને પુણ્યસંચય થયો. દેવલોકાદિ મળ્યા. સંસારસુખમાં આસક્ત બન્યા અને સંસાર પરિભ્રમણ ચાલુ રહ્યું. હવે આ લટપટનું કામ નથી. બસ હવે તો પ્રભુને પામીને સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્રરૂપી રત્નત્રયીને પામવાની છે, જે પ્રભુ જેવા પ્રભુ બનાવે.

આ સમ્યગ્દર્શનને પામવા માટે પ્રભુએ સમ્યગ્જ્ઞાનમાં બતાવેલા સાચા સમીકરણોને આત્મસાત્ કરી જીવનમાં ચરિતાર્થ કરવાના છે.

ઉદાહરણ તરીકે...

**૧. બીજા મને દુઃખ આપે છે, તે નાસ્તિકની માન્યતા છે.**

**૨. મારા કર્મો મને દુઃખ આપે છે, તે આસ્તિકની માન્યતા છે.**

**૩. મારા દોષો મને દુઃખ આપે છે, તે ધર્મીની માન્યતા છે.**

બીજાઓ આપણા પ્રત્યે અસભ્ય વર્તન કરે છે માટે આપણે દુઃખી નથી કારણ કે એ તો અરસપરસનું એકબીજા માટેનું કર્મપરિણમન છે. એ તો કર્મના નાચ છે. દુઃખ તો એ માન્યતામાંથી ઊભું થાય છે અને જીવને દુઃખી કરે છે કે ''બધાએ મારી સાથે સભ્ય વર્તન જ કરવું જોઈએ!'' આ

---

પરથી લાભ માનનારો પર સમયમાં છે.

માન્યતા જ જીવનો દોષ છે, જે જીવને દુઃખી કરે છે. જીવ જે સેકન્ડે આ માન્યતાથી એટલે કે મોહરાજાના શીખવાડેલા ઊંધા સમીકરણોથી મુક્ત થાય છે, તે સમયે જ દુઃખ અદૃશ્ય થઈ જાય છે. એટલું જ નહિ પણ પદાર્થ કે વ્યક્તિ આપણને સુખદુઃખ આપે છે એ ભ્રમનું નિરસન થઈ જાય છે. એમ થતાં પદાર્થ પ્રત્યેનો રાગ અને વ્યક્તિ માટેનો સ્નેહ ઓગળતા વાર લાગતી નથી. પછી ત્યાગ સહજ બની જાય છે.

**ટૂંકમાં કર્મધારાથી અનાદિકાળથી સુઅભ્યસ્ત કરેલા ખોટા સમીકરણોને શોધવાના છે અને તેની સામે સમાંતર જ્ઞાનધારાના સાચા સમીકરણોને સમજવાના છે અને સાથે સાથે તે જ્ઞાનધારાના સાચા સમીકરણો પ્રજ્ઞામાં પ્રસ્થાપિત કરવાના છે. એ જ જ્ઞાનની મજા એટલે જ્ઞાનાનંદ છે અને તે આત્મામાં ઠરવાપણું છે.**

દાખલા તરીકે લઈએ તો સામાન્યથી જીવને પુણ્યના ઉદયમાં રસ છે અને પાપના ઉદયથી આવતા દુઃખમાં પલાયનવૃત્તિ રહે છે. પરંતુ જો સમજણને પ્રભુની વિચારધારામાં નિમજ્જન કરાવીએ તો સમજવા મળે કે સામાન્ય રીતે પુણ્યના ઉદયકાળે મૂડી ઓછી થાય છે અને પાપના ઉદયકાળે દેવું ચૂકવાય છે. હવે કોઈ પણ વેપારીને પૂછવામાં આવે કે તેને મૂડી ઓછી થાય એમાં રસ છે કે પછી દેવું ચૂકવાઈ જાય અને ઋણમુક્ત થવાય એમાં રસ છે? જવાબ બધાંનો સ્પષ્ટ અને સરખો હશે કે ઋણમુક્તિ જ લાભદાયી છે.

એમ આપણે પણ મોક્ષની યાત્રાએ નીકળેલા પ્રવાસી-મુમુક્ષુ છીએ અને આજે આપણે શાસન, સમજણ અને સંયમના ત્રણે વાના મેળવવા સૌભાગ્યશાળી થયા છીએ. આ સૌભાગ્યકાળમાં આપણા કર્મો ઉદયમાં આવી જાય તો સહેજે સરળતાથી તેનો નિકાલ થઈ શકે એમ છે.

---

સાધનાકાળમાં જેટલું સ્વ સમયમાં રહેવાશે તેટલું જલ્દી સ્વસમય-મોક્ષમાં પહોંચાશે.

સમજણરૂપી સંપત્તિકાળે ઉઘરાણી પતી જાય અને ઋણમુક્ત થઈ જવાય એના જેવી બીજી કઈ આનંદની વાત હોઈ શકે?!

**આ રીતે કર્મધારાની ગલત સમજણમાંથી બહાર નીકળીને જ્ઞાનધારામાં આત્મદયા-આત્મકલ્યાણની ભાવનાને જ્વલંત રાખવાની છે. દેહાધ્યાસ તરફ નફરત કેળવવાની છે અને સ્વદોષ દર્શન કરી દોષથી મુક્ત અને આત્મગુણથી યુક્ત થતાં જવાનું છે કે જેથી સિદ્ધિની સમીપ થતાં જવાય. આ પુરુષાર્થ કરવાથી મિથ્યાત્વ ટળી શકે છે, સમ્યક્ત્વ મળી શકે છે અને મુક્તિ પામી શકાય છે.**

અત્યાર સુધી આપણે ઈચ્છાકામ-મદનકામ-સંધીકામના તોફાનોમાં અટવાયેલા હતાં, તેમાં આપણો અનંતકાળ વીતી ગયો. ઈચ્છાકામ એટલે ભોગોની કામના અને તેની પ્રાપ્તિ અને પૂર્તિના આયોજનો. મદનકામ એટલે પુદ્ગલના ભોગના ભોગવટામાં સુખની ભ્રાંતિ. સંધીકામ એટલે ભોગના સાધનોનો સંગ્રહ અને તે સચિત્ત ને અચિત્ત ઉભય ભોગસામગ્રીના સંગ્રહ ઉપરની મમતા.

આમાંથી છૂટવા માટે **આત્મારૂપી મહાવતે મનરૂપી ગજવર પર જિનવચનરૂપી અંકુશનો સમ્યગ્ ઉપયોગ કરતાં રહીને વિષય-કષાય તરફ ખેંચાતા મનને વીતરાગતા ભણી વાળવાનું છે.**

આ રીતે સમજણનું બળ નિરંતર વધારતા જવાનું છે, જેનાથી કર્મની ઉદયજન્ય પરિસ્થિતિમાં ન ભળતાં તેનાથી છૂટા પડવાનો અભ્યાસ બળવાન થાય છે અને એક સમય એવો આવે છે કે ઉપયોગ તીક્ષ્ણ બનતાં અનાદિકાલીન રાગદ્વેષના નિબિડ પરિણામ સ્વરૂપ **ગ્રંથિ ભેદાઈ જતાં આત્મા શુદ્ધોપયોગમય દશાને અનુભવે છે, જે ઉપશમ સમ્યક્ત્વ છે. એનાથી આત્મામાં વીતરાગ પરિણતિનો અંશ ઊભો થાય છે, જેની**

**સાથે ઉપયોગનું સતત જોડાણ અલ્પ કે અધિક માત્રામાં સતત રહ્યા જ કરે છે; તે જ્ઞાનધારા છે.** એ પ્રશાંતવાહિતા છે, જે શાંતરસ છે અને તે આકાશની જેમ અરૂપી, અક્રિય, નિર્લેપ તત્ત્વ છે. જ્ઞાનધારા સાથે ઉપયોગનું જોડાણ જેટલું તીવ્રપણે થાય છે તેટલાં પ્રમાણમાં મન-વચન-કાયયોગના પ્રવર્તનરૂપ કર્મધારા નબળી પડતી જાય છે; જેના કારણે તેવા જીવને અલ્પકર્મનો બંધ થાય છે. વંદિતા સૂત્રમાં કહેલ "અપ્પોસિ હોઈ બંધો..."નો આ રહસ્યાર્થ છે... આ નિચોડ છે. સ્વરૂપ પ્રત્યેની જાગૃતિથી અધ્યાત્મ છે- મોક્ષમાર્ગ છે. સ્વરૂપ જાગૃતિ વિનાની કે સ્વરૂપ લક્ષ્ય વિનાની અભવ્યાદિની ગમે તેટલી ઊંચી ધર્મક્રિયા પણ અધ્યાત્મ તરીકે ગણવામાં આવતી નથી.

**નામ અધ્યાતમ ઠવણ અધ્યાત્મ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;**
**ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે. શ્રી શ્રેયાંસ૦૪**

પાઠાંતરે 'નામ અધ્યાતમ'ના સ્થાને 'અરથ અધ્યાત્મ', 'તો તેહશું'ના 'તે તેહશું', 'રઢ'ના સ્થાને 'રઢિ' એવા પાઠફરક છે.

**શબ્દાર્થ :** જે નામ માત્રથી એટલે કે શબ્દોચ્ચારથી જ અધ્યાત્મ છે, તે નામ અધ્યાતમ છે. જે અસલ જીવંત નથી પણ નકલરૂપ અધ્યાત્મ છે તે ઠવણ અધ્યાતમ છે. જેમાં માત્ર ડોળ, દંભ ને દેખાડો જ છે પણ પરિણમન નથી, તે દ્રવ્ય અધ્યાતમ છે. આવા પ્રકારના નામમાત્રના નકલી દંભી અધ્યાત્મને છંડો એટલે કે છોડી દો.

જેનાથી પોતાના ગુણ-આત્મગુણ-સ્વભાવ સધાય એટલે કે પ્રગટ થાય, તેવા ભાવ અધ્યાતમની રઢ(રટ) લગાવો.

**લક્ષ્યાર્થ-વિવેચન :** જે સાધક હોય તે સાધ્ય વિહોણો ન હોય તેમ સાધન અને સાધના વિહોણો પણ ન હોય.

---

(અ) વિધિનિષેધની પાલના એટલે દ્રવ્ય આજ્ઞાપાલન અને ચિત્ત સ્ફટિકસમ નિર્મળ બનવું એટલે ભાવઆજ્ઞાપાલન. (બ) દ્રવ્ય આજ્ઞાપાલનથી સદ્ગતિ મળે. ભાવ આજ્ઞાપાલનથી મોક્ષ મળે.

**સાધ્યની પ્રાપ્તિને અનુકૂળ સાધનો-ઉપકરણોને મેળવીને સાધ્યને અનુરૂપ ભાવથી ભાવિત થવું, તે સાધના છે અને સાધ્યથી અભેદ થઈ જઈ સાધનાતીત થઈ જવું અને તદ્રૂપ બનવું તે સિદ્ધિ છે.**

જેમ જેમ સાધના આગળ વધતી જાય અને સાધ્યથી સામીપ્ય થતું જાય, તેમ તેમ સાધનો-ઉપકરણો ઓછા ને ઓછા થતાં જાય, સાધનાનો રંગ ગાઢો ને ગાઢો થતો જાય અને સાધ્ય પ્રાપ્તિનો કાળ ઘટતો ને ઘટતો જાય. સમ્યક્ત્વના કાળ કરતાં વિરતિ-વૈરાગ્યનો કાળ ઓછો હોય અને એથી આગળ અપ્રમત્તદશા અને શ્રેણિનો કાળ તો માત્ર અંતર્મુહૂર્તનો જ હોય.

**સાધન અને સાધ્યના લક્ષ્ય વિના સાધના નથી અને સાધના વિના સાધ્ય સાથે સાયુજ્ય નથી. એટલે કે અભેદતા નથી.**

સાધ્ય છે તે સ્વભાવ છે. એ સ્વભાવને પામવા (સ્વભાવના ભાવથી) ભાવિત થવું પડે છે. અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતસુખ અને અનંતીવીર્ય, એ અનંતચતુષ્ક છે, તે સ્વભાવ છે. એ સ્વભાવનું સામીપ્ય અને સાયુજ્ય કરનારા અને કષાયની ચોકડીનો નાશ કરનારા સાધના-ચતુષ્ક ચાર છે.

(I) ચાર સંયોગ... ૧) દ્રવ્ય ૨) ક્ષેત્ર ૩) કાળ અને ૪) ભાવ

(II) ચાર પ્રકારનો ત્યાગ ધર્મ... ૧) દાન ૨) શીલ ૩) તપ ૪) ભાવ

(III) ચાર પ્રકારના આલંબન એવા ચાર નિક્ષેપાથી થતી ઉપાસના...
૧) નામ ૨) સ્થાપના ૩) દ્રવ્ય ૪) ભાવ

(IV) ચાર પુરુષાર્થ... ૧) ધર્મ ૨) અર્થ ૩) કામ ૪) મોક્ષ

આ ચાર સાધના ચતુષ્કનું પૃથક્કરણ કરતાં ખ્યાલ આવશે કે દરેક સાધના ચતુષ્કમાં પ્રથમ ત્રણ સાધન એટલે કે કારણ છે અને ચોથો જે ભાવ છે તે સાધન-સાધ્ય અર્થાત્ કારણ-કાર્ય ઉભય છે.

---

પર દ્રવ્યની અસર ઉપયોગમાં વર્તે તે પરસમય અને પર દ્રવ્યની અસર ઉપયોગમાં ન વર્તે તે સ્વસમય.

**ક્ષાયોપશમિકભાવ કે જે સાધકભાવ છે તે સાધન છે અને ક્ષાયિકભાવ જે સ્વભાવ છે તે સાધ્ય છે-કાર્ય છે.**

પૂર્વકર્માનુસારે પ્રાપ્ત ચાર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના સંયોગોને સાધનાને સાનુકૂળ બનાવીને, ચાર પ્રકારના નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવના આલંબન ચતુષ્કનું આલંબન લઈને, ચાર પ્રકારના દાન-શીલ-તપ-ભાવના ત્યાગધર્મની આરાધનાનો ધર્મપુરુષાર્થ ખેડવાનો હોય છે.

એ ધર્મપુરુષાર્થ સાચો ખેડાયો હોય તો ધર્મના મર્મ એટલે કે અર્થને પમાય, જેથી મોક્ષની જ કામના થાય અને મોક્ષપુરુષાર્થ ખેડાય. પરિણામે મોક્ષ પમાય એટલે કે દેશ અને કાળના બંધનમાંથી છૂટાય, અર્થાત્ ક્ષેત્રક્ષેત્રાંતર-ભવભ્રમણથી મુક્ત થઈ આત્મપ્રદેશના પરમસ્થૈર્યની પ્રાપ્તિ થાય અને સર્વદર્શી-સર્વજ્ઞ થવાથી કાલાતીત, અકાલ બની જવાય. ક્ષેત્ર દ્રવ્યમાં લય પામી જાય અને કાળ ભાવમાં લય પામી જાય. તેથી દ્રવ્ય એના મૌલિક સ્વરૂપમાં આવી જતાં, દ્રવ્ય-ભાવની સાદૃશતાનું પ્રાગટ્ય થાય. જેવું ત્રિકાળ શુદ્ધ, ચૈતન્ય-દ્રવ્ય તેવો જ ત્રિકાળ, શુદ્ધ, સ્થિર, ચૈતન્યોપયોગ-ચૈતન્યભાવ.

ચારેય સાધના-ચતુષ્કમાં ભાવ સામાન્ય છે. મીઠા વગરનું કોઈ ફરસાણ ન હોય અને ગળપણ વગરની કોઈ મીઠાઈ ન હોય. તે જ પ્રમાણે સાધકભાવ વગરનું સાધન ન હોય. સાધનમાં ભાવ ભળેલો હોય તો તે સાધનથી કરાયેલ સાધના સાધકને સાધ્ય પ્રતિ દોરી જનારી બને છે. દ્રવ્યને તેની દ્રવ્યાત્મકતા-ભાવાત્મકતાથી (સ્વરૂપથી) આંતરું પડી ગયું છે. એ આંતરું ભાવથી જ પૂરાય એમ છે. ચારેય સાધના-ચતુષ્કોમાં ભાવ *એ અભ્યંતર સાધન છે, જે અભ્યંતરમાં લઈ જઈને, અભ્યંતર સાથે* અભેદ કરાવનાર મહા મુલ્યવાન સાધન છે.

*[illegible] ઉપયોગી, આટલા*

---

શ્રદ્ધાન સમ્યગ્ તો પરિણમન સમ્યગ્. પરિણમન સમ્યગ્ તો તે મોક્ષપ્રદાયક મોક્ષમાર્ગ.

પૂર્વવિચારણા કર્યા બાદ, હવે એ ગાથાનું અર્થઘટન વિચારશું.

જે અગિયારમા શ્રી શ્રેયાંસ જિનનું નામ લઈએ છીએ અને એમના નામનો જાપ જપીએ છીએ; જેમની સ્થાપના કરી પરોક્ષ આલંબન-નિશ્રા લઈ ઉપાસના કરીએ છીએ; જેમના જીવન કવનના ગુણગાન ગાઇએ છીએ તે, એમના જેવા ભાવ છે, એમનું જેવું સ્વરૂપ છે; તેને પામવા માટે છે. **અધ્યાત્મના લક્ષ્ય વિનાની ક્રિયાઓ, એ શરીર ઉપરના મેલ જેવી છે.**

**અધ્યાતમ વિણ જે ક્રિયા, તે તનુમલ તોલે**
**મમકારાદિક યોગથી, એમ જ્ઞાની બોલે.**

- ગા.૩૩. સવાસો ગાથા સ્તવન ઉપા. યશોવિજયજી

**જિન સ્વરૂપ પરિણમાર્થે નિજ રૂપ સમર્પણ છે.**

આધ્યાત્મિક ભાવ વિનાનું ઠાલું શાબ્દિક અધ્યાત્મ નામોચ્ચારણ, આધ્યાત્મિકદશા વિનાની માત્ર કહેવાતી આધ્યાત્મ પદસ્થતા કે આધ્યાત્મિક તરીકેની પ્રતિષ્ઠિતતા, આધ્યાત્મિક કરણી વિનાનું જીવાતું જીવન, એ કાંઈ સાર્થક અધ્યાત્મ નથી; માટે તે હેય છે-ત્યાજ્ય છે-છોડવા યોગ્ય છે.

યોગીરાજ કવિવર્ય સ્વયં ચૌદમા અનંતનાથ જિન સ્તવનમાં ફરમાવે છે કે...

**"શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કરે, છાર પર લીંપણું તેહ જાણો..."**

ભાવ અધ્યાતમ તો તે છે, જે નિજગુણ સાધે, જે સાધનથી સાધના કરીને સાધ્યથી અભેદ ન થવાય, તે સાધનને સાધન કેમ કહેવાય?

**જે નામ, જાપ જપનારને અનામી બનાવે; જે સ્થાપનારૂપ, ઉપાસકને સ્વ આત્મામાં આત્મસ્થ કરી અરૂપી-અયોગી-અદેહી-અમૂર્ત બનાવે; જે દ્રવ્ય, ઉપાસકને દ્રવ્યત્વમાં લઈ જઈને સ્વ-રૂપ સ્વ-ભાવથી**

---

**અભેદ કરે તે, નિજગુણની પૂર્ણતા સ્વરૂપ અનંત-ચતુષ્કને પમાડનારા, સાધકભાવ એવા ક્ષાયોપશમિકભાવમાં લઇ જઈને પરમ પારિણામિક તથા ક્ષાયિકભાવ-સાધ્યભાવથી અભેદ કરનારા છે તે ભાવ અધ્યાતમ છે.** એવા નિજગુણને સાધી આપનાર અધ્યાત્મભાવની જ રઢ લગાવો. એને માટે જ નામ-સ્થાપના-દ્રવ્યનું આલંબન લઈને અપ્રમત્ત બની મચી પડો. તે મય થઈ (તન્મય બની જઈ) તદ્રૂપ થઇ જાઓ!

**આધ્યાત્મિકતા વિનાના ઠાલા નામ અધ્યાત્મનું જ્વલંત ઉદાહરણ વર્તમાનના યોગાચાર્યો અને યોગીઓમાં જોવા મળે છે, જ્યાં આત્માના લક્ષ્ય વિનાની દેહકેન્દ્રિય યોગિક ક્રિયાઓ જ રહી છે, જે યોગાસનો પૂરતી મર્યાદિત થઇ ગઇ છે. માત્ર આસન અને પ્રાણાયામ રહી ગયા છે. નથી એની પૂર્વભૂમિકામાં કોઈ યમ, નિયમ, વ્રત પચ્ચક્ખાણ કે નથી એની ઉત્તરભૂમિકામાં પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ.**

યોગીરાજજીનો આશય સાધન છોડાવવાનો નથી. યોગીરાજજીની પ્રેરણા સાધનને સાધ્યલક્ષી બનાવી સાધ્યથી અભેદ બનાવનારી સાધના કરવા માટે છે. એઓશ્રીનું કહેવું એટલું જ છે કે **સાધ્યના લક્ષ્યને ભૂલી જઈને સાધન પ્રાપ્તિને સાધ્ય માની લેવાની ભૂલ કરવી નહિ.** આ જ વાત કરતાં આત્મસિદ્ધિમાં આત્મજ્ઞાની કહે છે...

**ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;**
**અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજભાન.**
**નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવા નો'ય;**
**નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવા સોય.**
**દોય પંખ વિણ પંખી જિમ નવિ ચલી સકે રે,**
**જિમ રથ વિણ દોય ચક્ર; ન ચલે રે ન ચલે રે, તિમ શાસન નય બિહું વિના રે.**

**- શ્રી સીમંધરસ્વામી સ્તવન ગા.૭ મહામહોપાધ્યાયજી**

---

જે મન-વચન-કાયયોગનો દષ્ટા છે, તેનું દેખીતું કરવાપણું પણ વાસ્તવમાં તો થવાપણારૂપ છે.

**નિશ્ચયદૃષ્ટિ હૃદયે ધરીજી, પાળે જે વ્યવહાર;**
**પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર.**

- ગા. ૫૬. સવાસોગાથાસ્તવન મહામહોપાધ્યાયજી

**કહેવાનું તાત્પર્ય એ જ છે કે સાધનમાં સાધ્યબુદ્ધિ કરી અટકી નહિ જવું અને ઉતાવળા થઈને સાધ્યમાં સાધનબુદ્ધિ કરવાની ભૂલ કરવી નહિ. નિશ્ચય સાધ્ય છે, તો વ્યવહાર સાધન છે. સાધન વિના ત્રણ કાળમાંય સાધ્યની સિદ્ધિ થઈ શકે નહિ. ભોજન નથી છોડવાનું. પરંતુ ભોજન એવું કરવાનું છે અને એ રીતે કરવાનું છે કે તે સાત ધાતુરૂપે પરિણમે અને તનની તુષ્ટિ પુષ્ટિ વૃદ્ધિ કરી તેજસ્વી, વીર્યવાન બનાવે. એ પ્રમાણે એવી ધર્મક્રિયા કરવાની છે અને એ રીતે કરવાની છે, કે તે આત્મધર્મની તુષ્ટિ, પુષ્ટિ, વૃદ્ધિ કરી આત્મ-તેજથી ઓપતા ઓજસ્વી બનાવે.**

**શબ્દ અધ્યાતમ અર્થ સૂણીને, નિર્વિકલ્પ આદરજો રે;**
**શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાન ગ્રહણ મતિ ધરજો રે. શ્રીશ્રેયાંસ૦૫**

પાઠાંતરે 'આદરજો રે'ને બદલે 'આદરયો રે', 'હાન'ને બદલે 'દાન', 'ધરજો'ના બદલે 'ધરયો' એવો પાઠફેર છે.

**શબ્દાર્થ :** અધ્યાતમ શબ્દ એટલે અધ્યાત્મના વચનો સાંભળી, તે શબ્દના અર્થ એટલે કે મર્મને સાંભળીને, સમજીને, એમાં આધ્યાત્મિક-ભાવ જણાય, તો બીજો વિચાર કર્યા વિના, નિર્વિકલ્પ થઈ અવઢવ રાખ્યા વિના નિર્વિકલ્પ-દશાની પ્રાપ્તિ માટે એને આદરજો એટલે કે આરાધના કરજો.

અધ્યાતમ શબ્દ હોય ત્યાં આધ્યાત્મિકભાવ હોઈ પણ શકે અને

ન પણ હોય એવું બને; માટે તે ગ્રહણ યોગ્ય-ઉપાદેય છે કે હાન-ત્યાજ્ય-હેય છે તેનો બુદ્ધિપૂર્વક નિર્ણય કરવો.

**લક્ષ્યાર્થ-વિવેચન :** જ્ઞાનદશાના સંપાદનનો ક્રમ શ્રુત, દૃષ્ટ અને અનુભૂતનો છે. શ્રુત, દૃષ્ટ બનતાં એનો રંગ ગાઢો થાય છે. અનુભૂત થતાં એનો રંગ ચઢે છે અને એના રંગે રંગાઈ જવાય છે. અર્થાત્ જે શાબ્દિક હતું તે હાર્દિક બને છે.

કેરી શબ્દ સાંભળવા માત્રથી કે કેરીને કેરીરૂપે જોવા માત્રથી કાંઈ કેરીનો સ્વાદ આવતો નથી. એ તો કેરીની કેરી તરીકેની માત્ર જાણ એટલે કે ઓળખ જ છે. કેરીને આરોગી કેરીથી એકરૂપ થયેથી જ કેરીનો આસ્વાદ આવે છે. અને ત્યાર પછી જ કેરીની કેરી તરીકે પરિપૂર્ણ, in totality સમગ્રતયા, હાર્દિક સમજણ આત્મસાત્ બને છે.

**શબ્દ એ તો ભાવને વહન કરનારું વાહન છે. જે ભાવનું શબ્દ વહન કરે છે, તે ભાવથી શબ્દોચ્ચારણ કરનાર વક્તા અને શબ્દોચ્ચારણ સાંભળનાર શ્રોતા ભાવિત થતાં નથી, ત્યાં સુધી તે શાબ્દિક જ રહે છે. ભાવ તો શબ્દની તાકાત છે, જે વક્તાના શબ્દને અસરકારક બનાવીને શ્રોતાને અસર પહોંચાડી પ્રભાવિત કરે છે. ભાવથી ભાવિત બનાવનારો, શબ્દ જ હાર્દિક બનીને એનો રંગ લગાવે છે.**

શબ્દમાંથી નિઃશબ્દ-અશબ્દમાં જવાનું છે. શબ્દ એ પણ વિકલ્પ છે. એ અક્ષરનો બનેલો છે કે જે અક્ષર સ્વયં નિર્વિકલ્પ છે. માત્ર વર્ણાક્ષરના ઉચ્ચારણથી કોઈ વિકલ્પનું સ્ફૂરણ ન થાય. તેથી તો વર્ણમાળાના અક્ષરોનું નિર્વિકલ્પ બનવા માટે ધ્યાન ધરવામાં આવે છે, કે જેની પ્રક્રિયા કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીએ યોગશાસ્ત્રમાં બતાવી છે. સિદ્ધચક્ર પૂજનમાં પણ વર્ણાક્ષરોનું એના વર્ગાનુસારે પૂજન થાય છે. કેવળ 'ક્'ના ઉચ્ચારણમાં વિકલ્પ નહિ સ્ફૂરે. પરંતુ 'કમલ' કે 'કાકા' શબ્દના ઉચ્ચારણથી

---

(અ) અધ્યાત્મમાં સમાધાન જ હોય અને તેથી સમાધિ જ હોય.

*(બ) કલેશ અને સંઘર્ષ હોય ત્યાં અધ્યાત્મ ન હોય પણ અસમાધિ હોય.*

વિકલ્પનું સ્ફૂરણ જરૂર થશે. **ક્ષરમાંથી અક્ષરમાં જવાનું છે. નશ્વરમાંથી શાશ્વતમાં જવાનું છે. સરી જનારો શબ્દ જે ક્ષર છે - વિકલ્પ છે તેમાંથી, શબ્દનું મૂળ અશબ્દ અક્ષર જે નિર્વિકલ્પ છે તેમાં જવાનું છે.**

ગાથાના ભાવ ખૂબ ગહન છે. એનો તાગ મેળવી શકવો દુષ્કર છે. છતાં વિચાર કરતાં લાગે છે કે કવિવર્ય યોગીશ્રીના કહેવાનું તાત્પર્ય એમ હોઈ શકે છે કે...

**શબ્દનયથી મળેલા અધ્યાત્મના અર્થને અને એમાં રહેલાં ભીતરના ભાવને સમભિરૂઢનયથી પકડીને એને એવંભૂતનયરૂપે પરિણમાવજો !!** શબ્દ અધ્યાતમને સાંભળીને એના અર્થથી ભીના થઈ એને હાર્દિક બનાવી આધ્યાત્મિકતાને એટલે કે આત્મદશા જે નિર્વિકલ્પદશા છે તેને પામજો !!! એ દશાને પામો નહિ ત્યાં સુધી, કોઈ અવઢવ રાખ્યા વિના, નિઃશંક બની, પૂરેપૂરી શ્રદ્ધાથી નિર્વિકલ્પપણે એનો આદર કરતાં રહેજો અને આચરણમાં ઉતારતાં રહેવાની આરાધના કરતાં રહેજો. શાસ્ત્રો દીપક છે. કારક નથી. અધ્યાત્મ શાસ્ત્રોએ બતાવેલા આધ્યાત્મિક માર્ગે સ્વયં આપણે ચાલવાનું છે અને આધ્યાત્મિકદશા એટલે કે નિર્વિકલ્પદશાના મુકામે સ્વયં આપણે પહોંચવાનું છે, જેથી આધ્યાત્મિકતાના સહજાનંદ-આત્માનંદનું આસ્વાદન થાય.

એ શબ્દ અધ્યાત્મમાં ભજના છે. એટલે કે શબ્દથી મળતાં અધ્યાત્મમાં આધ્યાત્મિકતા હોય પણ ખરી અને કદાચ ન પણ હોય; એવું બની શકે છે. કોઈક એક અપેક્ષાથી કે કોઈક એક નય-દૃષ્ટિકોણથી તેમાં અધ્યાત્મ હોય પણ બીજી અપેક્ષા, બીજા દૃષ્ટિકોણથી તેમાં આધ્યાત્મ ન પણ હોય. એ ભજનાને જાણીને તે સમયે "**હાન-ગ્રહણ-મતિ ધરજો રે...**" એટલે કે વિવેક બુદ્ધિ વાપરજો. **જે નય, જે અપેક્ષાથી અધ્યાત્મ ગ્રાહ્ય હોય, તે નયે, તે અપેક્ષાથી તેની ગ્રાહ્યતાનો સ્વીકાર**

---

સંસાર જેને ગમે છે તે સંસારમાં રમે છે અને જે સંસારમાં રમે છે તે સંસારમાં ભમે છે.

**કરવો અને જે અપેક્ષાથી, જે દષ્ટિકોણથી તે ત્યાજ્ય હોય, તે અપેક્ષાથી તેનો અસ્વીકાર કરવો. પરંતુ શબ્દ અધ્યાત્મનો આદર તો કરવો જ! શબ્દ અધ્યાત્મને પકડી તો રાખવું જ ! શબ્દમાંથી જ અર્થ અને ભાવમાં જવાશે. શબ્દના માધ્યમે જ ભાવ પકડાશે. માટે શબ્દને પડતો મૂકવો નહિ અને શબ્દના અર્થભાવને પકડવામાં પાછા પડવું નહિ. અર્થાત્ શબ્દ અધ્યાત્મને છોડી-ત્યજી દેવાની ભૂલ કરવી નહિ અને ભાવ-અધ્યાત્મને પામવામાં કદી પાછી પાની કરવી નહિ. વ્યવહારને છોડવો નહિ અને નિશ્ચયને ભૂલવો નહિ. અધ્યાત્મનું અંતિમફળ નિર્વિકલ્પદશાનું પ્રાગટ્ય એ અધ્યાત્મ આદર્યાની-પારાશીશી છે.**

**પરમાર્થ દષ્ટિથી જોતાં અધ્યાત્મની શરૂઆત શબ્દનયથી છે. પહેલા ચારેય નયો મોક્ષમાર્ગના કારણરૂપ છે; જ્યારે છેલ્લા ત્રણેય નયો એ મોક્ષમાર્ગનું સ્વરૂપ છે. પૂર્વના પ્રથમ ચાર નયમાં બાહ્ય સંબંધ છે. ઉત્તરના છેલ્લા ત્રણ નયમાં અભ્યંતર સંબંધ છે. પ્રથમના ચાર નયમાં યોગાદિની સ્થિરતા છે, તો પછીના ત્રણ નયોમાં ઉપયોગની સ્થિરતા છે. પ્રથમના ચાર નયો દ્રવ્યની પ્રધાનતાવાળા છે અને પાછળના ત્રણ નયો ભાવની અર્થાત્ સ્વભાવની પ્રધાનતાવાળા છે. શબ્દનયમાં પ્રવેશ ન થાય ત્યાં સુધી મોક્ષમાર્ગનો પ્રારંભ નથી. માટે જ યોગીરાજ "શબ્દ અધ્યાતમ અર્થ સૂણીને નિર્વિકલ્પ આદરજો રે..."નું વિધાન કરી રહ્યા છે.**

સાધ્યની અભિલાષા કરે તે નૈગમનય છે. નૈગમ, સત્-અસત્ બંનેને સ્વીકારે છે. સંગ્રહનય કલ્પનાને સ્વીકારતો નથી. સંગ્રહનય, શુદ્ધ દ્રવ્યને સ્વીકારે છે. જે અનાદિ નિગોદથી લઈને સિદ્ધાવસ્થામાં રહેલ સિદ્ધ ભગવંતો સુધીના સર્વ કક્ષાના, સર્વ જીવોમાં સત્તાથી પ્રચ્છન્નપણે કે પ્રગટપણે એક સરખું અને એક જ સ્વરૂપે વિદ્યમાન છે; તેવા પારિણામિકભાવે રહેલ ત્રિકાળી, ધ્રુવ દ્રવ્યને જ સંગ્રહનય સ્વીકારે છે. પોતાના તિરોહિત શુદ્ધ

---

સ્વરૂપના વિશ્વાસનું પ્રગટીકરણ થવું તે સંગ્રહનયનો વિષય છે. આત્માનું જેવું શુદ્ધ સ્વરૂપ છે, તેવું લક્ષ્યમાં લઈને સ્થિરતા કેળવવી અને આત્મવિકાસના પંથે આગળ વધવું તે સંગ્રહનયની ખુમારી છે.

સંગ્રહનયે પકડેલી વસ્તુમાં પ્રયોજન પ્રમાણે વિધિપૂર્વક ભેદ પાડવા તે વ્યવહારનયનું કાર્ય છે. આ વ્યવહારનયના મતે ક્રિયાની-આચરણાની એટલે કે આચારની મુખ્યતા છે. વિધિપૂર્વક કરાતી ક્રિયા અર્થાત્ આચરણાને આ વ્યવહારનય ધર્મ કહે છે. જ્યાં આચરણામાં ગરબડ ગોટાળા છે કે બગાડો છે ત્યાં આ વ્યવહારનય ધર્મ માનતો નથી.

જે જીવને આત્માના-પોતાના શુદ્ધ આત્મતત્ત્વનો વિશ્વાસ જ નથી, ખુમારી જ નથી અને પુદ્‌ગલ પર જ વિશ્વાસ છે તથા દેહાદિમાં મારાપણાનો વિશ્વાસ છે, તો પછી તે જીવમાં સમ્યગ્દર્શન છે; એમ કેમ કહેવાય? એવો સંગ્રહનયનો અભિગમ છે.

નૈગમ, સંગ્રહ તથા વ્યવહારનયની અપેક્ષાએ ૠજુસૂત્રનય સૂક્ષ્મગ્રાહી હોવાથી તે નય માત્ર સંકલ્પ કે ક્રિયાને ધર્મ ન કહેતા, તેના દ્વારા જો અંતઃકરણની વિશુદ્ધિ પ્રગટતી હોય તો જ તેને ધર્મ કહે છે. ગુણવિકાસ, ગુણરૂચિ, ગુણપરિણતિ, ચિત્તની પ્રસન્નતાને આ ૠજુસૂત્રનય ધર્મ કહે છે. મતિજ્ઞાનના ઉપયોગમાંથી વિકારીભાવો નીકળે અને ચિત્તવિશુદ્ધિ થાય, તો જ તેને આ ૠજુસૂત્રનય ધર્મ ગણે છે. આ ૠજુસૂત્રનય ગુણોના વિકાસમાં ધર્મ એટલે કે અધ્યાત્મ માને છે પણ ગુણોના અહંમાં, ગુણોના સંતોષમાં અને પ્રાપ્ત ગુણોમાં પૂર્ણતાની બુદ્ધિરૂપ ધર્મ માનતો નથી.

ૠજુસૂત્રનયથી આગળ વધીને શબ્દનય, મતિજ્ઞાનના ઉપયોગમાં આત્માની ઝલક મળે, શુદ્ધાત્માની સ્વાનુભૂતિ થાય, તો જ તેને ધર્મ કહે છે. અર્થાત્ ચોથાથી માંડીને ઉપર ઉપરના ગુણસ્થાનકની પરિણતિથી પરિણત આચરણાને શબ્દનય ધર્મ કહે છે.

---

શબ્દનયથી એક કદમ આગળ વધી સમભિરૂઢનય આત્માની આત્મામાં વિશેષ સ્થિરતા, જે ક્ષપકશ્રેણિમાં મળે છે; તેને ધર્મ કહે છે અને પરાકાષ્ટાનો એવંભૂતનય તો સર્વકાલીન સ્થાયી એવી પૂર્ણ સ્થિરતા અને સ્વરૂપસ્થતાને જ માન્ય રાખે છે. એવંભૂતનયના મતે તેરમા અને ચૌદમા ગુણસ્થાનકની સ્થિરતા જ ધર્મરૂપે - આત્મધર્મરૂપે સ્વીકાર્ય છે. અહીં ।। वत्थु सहावो धम्मो ।। સિદ્ધાંતને અનુસરીને ધર્મનું અર્થઘટન છે.

નૈગમનય સંકલ્પ છે તો એવંભૂતનય સિદ્ધિ છે.

કવિવર્ય યોગીરાજશ્રીની આ સ્તવનમાં જે વિચારણા છે, તે શબ્દનય સંમત અધ્યાત્મની છે; જેમાં આત્માના શુદ્ધ વીતરાગ આત્મસ્વરૂપની અનુભૂતિ નથી, તેને તેઓ અધ્યાત્મ કહેવા માંગતા નથી. અથવા વિધેયાત્મક વલણથી કહીએ તો, ત્યાં જે અધ્યાત્મ છે તે પરમાર્થથી નથી પણ સ્થૂલદૃષ્ટિથી છે.

વિચાર કરતાં ગાથાનો સૂર આવો હોય એમ લાગે છે. તે અન્યથા પણ હોઈ શકે છે. તત્ત્વ જ્ઞાની જાણે !

**અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;**
**વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, 'આનંદઘન' મત વાસી રે. શ્રી શ્રેયાંસ૦૬**

પાઠાંતરે 'વસ્તુ'ના સ્થાને 'વસુ', 'જાણ'ના સ્થાને 'જાણિ', 'પ્રકાશે'ના સ્થાને 'પ્રકાશૈં', 'મત'ના સ્થાને 'મતિ' એવો પાઠફેર છે.

**શબ્દાર્થ :** વસ્તુને એટલે કે તત્ત્વને તત્ત્વરૂપે વિચારીને સદ્દહનારા અને આદરનારા અધ્યાત્મી છે. બીજાને લબાસી એટલે કે લેબાસી વેષધારી કે લબાડ યા લેભાગુ ગરબડિયા જાણવા.

જે વસ્તુ તત્ત્વને વસ્તુસ્વરૂપે યથાર્થ પ્રકાશનારા શુદ્ધ પ્રરૂપક છે, *તે જ આનંદઘનના મતે આનંદઘન સ્વરૂપ મુક્તિધામના વાસી થનારા*

અને મુક્તિગામી બનાવનારા છે.

**લક્ષ્યાર્થ-વિવેચન :** જે આત્મતત્ત્વનો જ વિચાર કરી આત્માના પરમાત્મસ્વરૂપને પામવા ઉદ્યમી છે, તેવા આત્માર્થીને જ અધ્યાત્મી સમજવા અને આત્માર્થી બનવા તેવા પરમાત્મસ્વરૂપના ચાહક ને વાહકના શરણાર્થી થવું.

એ સિવાયના બીજા જે મોઢેથી લુખ્ખા શબ્દોથી અધ્યાત્મની માત્ર શાબ્દિક વાતો કરનારા, વાણીવિલાસી અને નિશ્ચયનયનું ઓથું લઇ વિષયાદિમાં પ્રવૃત્તિ કરનારા, મમત્વી મતાર્થીઓને લબાડી, માયાવી જાણવા.

આગમસંમત આત્મતત્ત્વને જાણનારા, સદ્દહનારા, આદરનારા અને પ્રરૂપનારાને આનંદઘન એટલે આત્માના મતના આત્મવાસી, આત્મનિષ્ઠ, આત્માના આરાધક, આત્માર્થી જાણવા, જે મુક્તિગામી છે અને મુક્તિધામવાસી થનારા છે. બાકી ટીલા ટપકાંથી, જટા ધારણ કરવાથી કે મુંડન કરવાથી, શ્વેત યા પીળા વસ્ત્રો કે ભગવા ધારણ કરવાથી, યા તો નગ્ન વિચરણ કરવા માત્રથી આધ્યાત્મિક કહેવડાવતા લેબલધારીને લબાસી એટલે કે વેષધારી જાણવા.

'વસ્તુગતે' શબ્દથી દ્રવ્યાર્થિકનય સંમત, ત્રિકાળી, ધ્રુવ દ્રવ્ય પકડવાનું છે. એનું જ લક્ષ્ય કરવાનું છે. અને તે સિવાયના બીજાં બધાં જ લક્ષ્યને છોડી દેવાના છે-ભૂલી જવાના છે. ('વસ્તુ પ્રકાશે'થી ત્રિકાળી દ્રવ્યના લક્ષે પર્યાયમાં જે સમ્યગ્દર્શનાદિ વિશુદ્ધ પર્યાયની અનુભૂતિ છે તે અનુભવને પ્રમાણ કરવાનો છે.)

વિભાવ પર્યાય સાથે આપણું એકત્વ છે, તેનાથી છૂટી, સ્વભાવ પર્યાયો, જે આપણા જ છે અને આપણાથી અભેદ ભાવે તિરોહિતરૂપે રહેલાં જ છે, તેનો આવિર્ભાવ કરવાનો છે; અર્થાત્ પ્રગટ કરવાના છે.

---

વિભાવ પર્યાયો તુચ્છ છે, તેની તુચ્છતા નજરમાં આવે તો તેની સાથેનું એકત્વ તુટતું જાય. સાધના પર્યાયમાં કરવાની છે અને તે માટે સાધ્ય એવા ત્રિકાળી, ધ્રુવ દ્રવ્યને લક્ષ્ય બનાવવાનું છે, જેથી લક્ષણો લક્ષ્યસ્વરૂપમાં પરિણમે.

"મારે માત્ર દ્રવ્યનું પ્રયોજન છે. માત્ર દ્રવ્ય મારો વિષય છે. એ દ્રવ્યને ભલે ગુણપર્યાય હોય, પરંતુ ગુણપર્યાય એ મારો વિષય નથી!"

આવી આત્મવિચારણા વીતરાગતા તરફ લઈ જાય છે-અદ્વૈત તરફ દોરી જાય છે. અદૃશ્યના દર્શન કરાવે છે, અવેદ્યને વેદ્ય-સંવેદ્ય બનાવે છે, પર્યાયદષ્ટિ ટાળીને દ્રવ્યદષ્ટિમાં રાખી, નિર્વિકલ્પ બનાવે છે.

**દ્રવ્યાર્થિકનયનું નિર્વિકલ્પ દ્રવ્ય અને એવંભૂતનયનો એક સમયનો પ્રગટ નિર્વિકલ્પ પર્યાય; એ બેનું ઐક્ય-અભેદતા એટલે જ મોક્ષ. વચ્ચે જે ભેદાભેદ છે તે સંસાર છે.**

દ્રવ્યાર્થિકનયમાં નિર્વિકલ્પતા તિરોભાવે-પ્રચ્છન્ન-અપ્રગટ છે. જ્યારે પર્યાયાથિક-નયમાં એવંભૂતનયની ભૂમિકાએ નિર્વિકલ્પતા પ્રગટપણે (અપ્રચ્છન્ન) છે.

જે અધ્યાત્મી છે, તે જ આધ્યાત્મિક વિચારણા કરી, વસ્તુને, વસ્તુ જેવી છે તેવી જાણીને વસ્તુ અંતર્ગત વસ્તુના વસ્તુત્વને પ્રકાશે છે, તે જ આનંદઘનના મતે વિશ્વસ્ત છે અને તે જ આનંદઘન એવા આત્મામાં વાસ કરનાર છે.

સામાન્યથી એક વાતને જુદી જુદી અનેક રીતે જણાવવી તે સ્થાપના નિક્ષેપાનો વ્યાપક અર્થ છે; જેમ કે ઈશારાથી ના પાડે છે, તો તે ઈશારો પણ, અંતર્ગત 'ના'ના અભિપ્રાયને જણાવનાર હોવાથી સ્થાપના કહી શકાશે. પત્ર પણ અંતરના ભાવોની સ્થાપના છે અને શાસ્ત્રો પણ કેવળજ્ઞાનમાં દેખાયેલા પદાર્થોની અક્ષરાત્મક સ્થાપના છે અથવા તો તે ભગવાનના વચનયોગની સ્થાપના છે. આ સ્થાપના નિક્ષેપો અતિ વ્યાપક છે. કોઈ તેનો અપલાપ કરી શકે એમ નથી કારણ કે પ્રતિક, પ્રતિકૃતિ અને પ્રતિનિધિથી ચાલતી આપણો

જીવનવ્યવહાર છે. સાધુ-સાધ્વી તે વેશ-પરમાત્મા છે. એ પરમાત્માના પ્રતિનિધિ છે. એમનું જીવન આજ્ઞા પરમાત્મા છે. ક્રિયા એ અનુષ્ઠાન પરમાત્મા છે. મૂર્તિ એ રૂપ પરમાત્મા છે જે કાયયોગની સ્થાપના છે.

**વાસ્તવિક રીતે મૂર્તિમાં આપણે અમૂર્તની સ્થાપના કરવાની છે. નામમાં અનામીની સ્થાપના કરવાની છે. આપણે અનાદિથી આકાર લઈ લઈને, આકાર આપી આપીને, આકારો વચ્ચે સાકારીપણે જીવતા આવ્યા છીએ, તેથી નામ અને રૂપથી જ પરિચિત છીએ. વ્યક્તિ જે ભાષા સમજતી હોય અને જેનાથી માહિત હોય તે જ ભાષામાં, તેની જ રીતે વાત કરીને, તેને સમજાવી શકાતી હોય છે. માટે જ અનામી અને અરૂપીની, નામ અને રૂપમાં સ્થાપના કરવામાં આવી છે, જેના દ્વારા આપણે અનામી અને અરૂપીને ગ્રહણ કરી શકીએ. આ વાત જો સમજાઈ જાય તો મૂર્તિ અને મૂર્તિપૂજાનું મહાત્મ્ય હૈયે આવે.**

આ માટે થઈને જ પૂજ્ય દેવચંદ્રજી મહારાજા એનું સમર્થન કરતાં શ્રી પદ્મપ્રભજિન સ્તવનમાં જણાવે છે...

**"આત્મસિદ્ધિ કારજ ભણી રે લાલ, સહજ નિયામક હેતુ રે વાલેસર;**
**નામાદિક જિનરાજના રે લાલ, ભવસાયર મહાસેતુ રે વાલેસર."**

**આમ નામનિક્ષેપ સ્મરણ કરાવે છે, સ્થાપનાનિક્ષેપ આકર્ષણ કરાવે છે, દ્રવ્યનિક્ષેપ પ્રેરક બને છે તો ભાવનિક્ષેપ તાદાત્મ્ય સાધે છે.**

માટે જ પ્રસ્તુત સ્તવનમાં જણાવ્યા પ્રમાણે ભાવ સહિતના ચારે નિક્ષેપા ઉત્તમ છે. અહીં ભાવ નિરપેક્ષ નામાદિને છોડવાની વાત છે. આ વાતની સુસ્પષ્ટતા માટે જ, અધ્યાત્મ શબ્દને સાધનામાં યથાર્થ સમજી શકાય તે હેતુસર સાત નયની વિસ્તૃત વિચારણા અત્રે કરવામાં આવી છે. એ વિચારણાને અનુસરવાથી અધ્યાત્મના આભાસથી વેગળા થઈ શકાય એમ છે.

---

# 12 શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

રાગ : ગોડી તથા પરજીઓ ... "તુંગીઆ ગિરિશિખર સોહે..." એ દેશી

વાસુપૂજ્ય જિન ત્રિભુવનસ્વામી, ઘનનામી પરનામી રે;
નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફળ કામી રે. વાસુપૂજ્ય૦૧

નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદગ્રાહક સાકારો રે;
દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારો રે. વાસુપૂજ્ય૦૨

કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરિયે રે;
એક અનેક રૂપ નયવાદે, નિયતે નર અનુસરીએ રે. વાસુપૂજ્ય૦૩

દુઃખ-સુખરૂપ કરમ ફળ જાણો, નિશ્ચય એક આનંદો રે;
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે. વાસુપૂજ્ય૦૪

પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમફળ ભાવી રે;
જ્ઞાન કરમફળ ચેતન કહીએ, લેજો તેહ મનાવી રે. વાસુપૂજ્ય૦૫

આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, **'આનંદઘન'** મત સંગી રે. વાસુપૂજ્ય૦૬

---

આત્મા સ્વ-પર પ્રકાશક છે. સ્વ જણાઈ જતાં પર જણાઈ જાય છે. નિશ્ચય થતાં વ્યવહાર થઈ જાય છે.




विश्वोपकारकीभूत-तीर्थकृत्-कर्म-निर्मितिः ।
सुरासुर-नरैः पूज्यो, वासुपूज्यः पुनातु वः ॥ ॥१२॥

નામ : ૧૨ મા શ્રી વાસુપૂજ્ય સ્વામી

લાંછન : મહિષ

રાશિ : કુંભ

ગણ : રાક્ષસ

માતા : જયા

પિતા : વસુપૂજ્ય

ગર્ભવાસ : ૮-૨૦

દીક્ષા પર્યાય : ૫૪ લાખ વર્ષ

સર્વ આયુષ્ય : ૭૨ લાખ વર્ષ

સમ્યક્ત્વ પામ્યા પછીની ભવ સંખ્યા : ૩ ભવ

ચ્યવન કલ્યાણક નક્ષત્ર સાથે : શતભિષા જેઠ સુ.૯



# વાસુપૂજ્ય સ્વામીજી

12

જન્મ કલ્યાણક નક્ષત્ર સાથે : શતભિષા મહા વ.૧૪

દીક્ષા કલ્યાણક નક્ષત્ર સાથે : શતભિષા મહા વ૦))

કેવળજ્ઞાન કલ્યાણક નક્ષત્ર સાથે : શતભિષા મહા સુ.૨

નિર્વાણ કલ્યાણક નક્ષત્ર સાથે : ઉ. ભાદ્રપદ અષા. સુ.૧૪

જન્મનગરી : ચમ્પાપુરી

દીક્ષાનગરી : ચમ્પાપુરી

કેવળજ્ઞાનનગરી : ચમ્પાપુરી

નિર્વાણભૂમિ : ચમ્પાપુરી

દશમા શીતલનાથ જિન સ્તવનમાં પ્રભુના ત્રિભંગાત્મક સ્યાદ્વાદ સ્વરૂપની ઓળખથી અધ્યાત્મયોગી કવિશ્રી આનંદઘનજીએ જ્ઞાનયોગમાં પ્રવેશ કરાવ્યો. અગિયારમાં શ્રેયાંસનાથ જિન સ્તવનમાં અધ્યાત્મ અને તેને પામેલા આધ્યાત્મિક પુરુષની પિછાન કરાવી. હવે જ્ઞાનયોગમાં આગળ વધી તેઓશ્રી આ બારમા વાસુપૂજ્યસ્વામી જિન સ્તવનમાં આત્મતત્ત્વની વિચારણાથી આત્મસ્વરૂપની ઓળખાણ કરાવે છે. કર્મરહિત, શુદ્ધ ચેતનાની (જે માત્ર જ્ઞાતા-દૃષ્ટા છે) અશુદ્ધ ચેતનાની (કે જે મિશ્ર ચેતન-નિશ્ચેતન ચેતન છે, તે કર્મસહિત ચેતન છે) અને કર્મના વિપાકોને ભોગવવારૂપે **કર્મફળ ચેતનાની** ઓળખ કરાવે છે. આમ આ પ્રસ્તુત સ્તવનામાં, ચેતનના ત્રિવિધ સ્વરૂપનું કથન છે. શુદ્ધચેતન જે જ્ઞાતા-દૃષ્ટા છે, કર્મ ચેતન જે રાગાદિભાવે કર્તા છે અને કર્મફળ ચેતના કે જેમાં, કરેલાં કર્મનું ભોગવવાપણું છે; તેની વાત તથા ચેતનાના દ્વિવિધ દર્શનોપયોગ અને જ્ઞાનોપયોગની વાત ગૂંથી છે. આત્મસ્વરૂપનું પ્રકાશન કરતું યોગીરાજ આનંદઘનજી મહારાજાનું આ એક આગવું અગત્યનું સ્તવન છે.

**વાસુપૂજ્ય જિન ત્રિભુવનસ્વામી, ઘનનામી પરનામી રે;**
**નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફળ કામી રે. વાસુપૂજ્ય૦૧**

પાઠાંતરે 'પરનામી'ના સ્થાને 'પરિણામી', 'સચેતન'ના સ્થાને 'ચેતના', 'નિરાકાર'ના સ્થાને 'નીરંકાર', 'કરમ કરમના સ્થાને 'કરમ કરે' એવો પાઠફરક છે.

**શબ્દાર્થ :** પરનામી એટલે શ્રેષ્ઠ નામી છે અને પર એટલે પરભાવ અથવા પરપરિણામને નમાવનારા છે. અથવા પરિણામી છે.

ઘનનામી-ઘણનામી એટલે ઘણા નામવાળા કે ઘણા નામથી નામી-વિખ્યાત.

---

સ્વીકારની ભૂમિકા ઉપર નિર્વિકલ્પતા છે. સહન કરવાની ભૂમિકા ઉપર વિકલ્પ છે.

વાસુપૂજ્ય જિન, ત્રણ ભુવન સ્વર્ગ, પૃથ્વી, પાતાળ અથવા ઉર્ધ્વલોક, તિર્છાલોક, અધોલોકના સ્વામી ઘણા ઘણા નામથી ઓળખાતાં, વિશ્વવિખ્યાત એવા, પરભાવ અથવા પરપરિણામને નમાવીને પરમ પારિણામિકભાવથી યુક્ત સ્વભાવી છે.

જે ચેતના સહિત, સચેતન છે તે ત્રણ પ્રકારે છે. એક જે નિરાકાર સચેતન છે, તે સિદ્ધપદે બિરાજમાન, અદેહી, સિદ્ધાત્મા છે. બીજા જે સાકાર સચેતન છે, પણ કર્તૃત્વ ભોક્તૃત્વથી રહિત માત્ર જ્ઞાતા-દ્રષ્ટા છે એવા જિન, કેવળી, સદેહી એવા અરિહંત-પદે બિરાજમાન અરિહન્ત પરમાત્મા અને સામાન્ય કેવળી, સદેહી અરિહન્તો તથા ત્રીજા સશરીરી જે કર્મ કરનારા અને કર્મના ફળના કામી એટલે કે ઇચ્છુક, કર્તૃત્વ-ભોક્તૃત્વ થી યુક્ત સંસારી જીવાત્માઓ છે.

**લક્ષ્યાર્થ-વિવેચન :** બારમા શ્રી વાસુપૂજ્ય સ્વામી જે ત્રણેય લોક, ઉર્ધ્વલોક એટલે સ્વર્ગ, તિર્છાલોક એટલે મૃત્યુલોક અર્થાત્ પૃથ્વી અને અધોલોક એટલે પાતાળલોક એમ ત્રણેય ભુવનના સ્વામી ત્રિભુવનપતિ છે અને વાસુ એટલે દેવોને પણ પૂજ્ય છે; એ જ સાચા ત્રિભુવનનાયક ત્રિભુવનધણી છે.

એઓશ્રી ત્રિભુવનસ્વામી હોવા છતાં પણ, પોતે પોતાના અનંતાનંત જ્ઞાનાદિ સ્વગુણોના પરિણમનમાં અભેદરૂપે સહજભાવે ક્ષાયિકભાવે પરિણામી હોવાથી અસ્તિત્વગુણે કરીને ઘનનામી છે. કર્મને પ્રવેશ કરવા કોઈ વિવર (બાકોરું-છિદ્ર) રહે નહિ એવા ઘનત્વને ધારણ કરેલ હોવાથી પણ એઓશ્રી ઘનનામી છે. એ ઘણા-ઘણા જુદા-જુદા આત્મગુણોથી ઓળખાતા આત્મનામી છે, તેથી અનામી છે.

એ સાથે જ પોતાના કેવળદર્શન અને કેવળજ્ઞાનમાં દેખાતાં ને

જણાતાં બ્રહ્માંડ સમસ્તના સર્વ પર-દ્રવ્યના પરિણામથી તદ્દન નિર્લેપ, નોખા, નિરાળા રહેતાં હોવાથી, પરમાં નાસ્તિપણાના પરિણામથી તેઓમાં પરવિષયક અનેકવિધ પરનામીપણું છે. આમ પરભાવ અને પરપરિણામને નમાવનારા એટલે કે જીતનારા હોવાથી જિન તરીકે પરનામી અર્થાત્ શ્રેષ્ઠનામી વિશ્વવિખ્યાત છે. વળી બધાંય પર-દ્રવ્યોની ઓળખ કરાવીને એને નામ આપી જગતમાં ખ્યાતી આપનારા હોવાથી તે પરનામી પણ છે અને પર એટલે કે શ્રેષ્ઠના અર્થમાં તેઓ શ્રેષ્ઠનામી અર્થાત્ વિશ્વખ્યાત છે; કારણ કે વિશ્વની તેઓ ખ્યાતિ કરાવનારા છે.

જે ચેતનથી યુક્ત સચેતન છે, તે સચેતન-સજીવ ત્રણ પ્રકારના છે.

૧) જે અદેહી, અશરીરી, અયોગી, અનામી, અરૂપી, અમૂર્ત છે, તે લોકાગ્ર-શિખરે, સિદ્ધશિલા સ્થિત, સિદ્ધપદે બિરાજમાન સિદ્ધાત્મા છે. એમનો કદીય ન બદલાનારો એક જ આકાર સર્વકાળ હોય છે, તેથી તેઓ નિરાકાર-નિરહંકારી, અકામી-પૂર્ણકામી; અક્રિય, સ્થિર સચેતન છે. એમના બધા કામ પૂર્ણ થઈ ગયા છે.

૨) જે સદેહી, સશરીરી, સયોગી, નામી, રૂપી, મૂર્ત છે પરંતુ કર્તૃત્વ, ભોક્તૃત્વથી રહિત અકર્તા-અભોક્તા છે; માત્ર જ્ઞાતા-દૃષ્ટા અરિહંતપદે બિરાજમાન, તીર્થંકર પરમાત્મા અને અરિહંત એવા કેવળીભગવંતો સાકાર સચેતન છે. દેહ હોવા છતાં દેહાતીત-વિદેહી હોય છે. ત્યાં સયોગી-કેવલી ગુણસ્થાનકે નિર્વિકલ્પ સહજ યોગપ્રવર્તન હોવાથી સહજ સક્રિયતા છે.

૩) ત્રીજા પ્રકારમાં પણ જે સદેહી, સશરીરી, સયોગી, નામી, રૂપી, મૂર્ત છે તે કર્મના કરનારા, કર્તૃત્વ-ભોક્તૃત્વ ભાવવાળા, કર્મના ફળને ઈચ્છનારા, સંસારી જીવાત્મા સાકાર સચેતન કામી છે. એમાં જે

દેહભાવ અને દેહમોહથી યુક્ત છે, તે સચેતન સંસારી બહિરાત્મા છે. જ્યારે જે દેહમોહથી રહિત પણ, આત્મભાવ ધરાવનારા દેહધર્મ સહિત છે, તે અંતરાત્મા છે.

જીવાત્મા, અનાદિ અનંતકાળથી કર્મસંયોગવાળો હોવાના કારણે પોતાના મૌલિક સ્વ-રૂપ અને સ્વ-ભાવથી વિખૂટો પડી ગયેલો છે. તેથી જ તે પોતાનાથી એટલે કે આત્મસ્વરૂપથી અજ્ઞાન છે. અજ્ઞાની હોવાથી, આશાનો દાસ બની, પર પદાર્થોને મેળવવા તૃષ્ણાતુર ગાંડોઘેલો બન્યો છે. એ માટે અનીતિ, અનાચાર, નિર્દયતા, કઠોરતા, પરપીડન, આદિ પાપાચારનું સેવન કરતાં જરા પણ હીચકચાતો નથી-અચકાતો નથી. આ જ જીવની કર્મચેતના છે. એ કર્મચેતના તેને કર્મધારામાં જકડી રાખે છે. અને તેનો દોરવાયો તે દિશાહીન, લક્ષ્યહીન બની તણાઈ જાય છે.

કર્મધારા એ પ્રકૃતિની ધારા છે જે બાહ્યધારા છે. એની સામે જે જ્ઞાનધારા છે તે આત્મધારા છે એટલે કે ભીતરની ધારા છે. એ કર્મધારાના વહેણમાં ક્યારેક દેવ-ગુરુ-ધર્મના તથા સદાગમના નિમિત્તને પામીને દયા, દાન, મૈત્રી, પ્રેમ, કરુણા, વાત્સલ્ય, આદિ શુભભાવવાળો બની સદાચારનું સેવન કરે છે; ત્યારે તે પૂર્વની, અનાદિથી આચરાઈ રહેલી, અશુભ કર્મચેતનાથી બચી, શુભ કર્મચેતનાના વહેણને પામીને તેના પ્રભાવે, દુર્ગતિદાયક નરકાદિના દુઃખોથી બચી, સદ્‌ગતિ પામી દેવ-મનુષ્યલોકના દુન્યવી, ભૌતિક સુખને મેળવે છે.

અશુભ કર્મચેતનાના ફળ સ્વરૂપ મળતું દુઃખ અને શુભ કર્મચેતનાના ફળ સ્વરૂપ પ્રાપ્ત થતું સુખ, ઉભય સુખ-દુઃખ; શાતા-અશાતા સ્વરૂપ કર્મફળચેતના છે.

આત્મ-અજ્ઞાની જીવો અનાદિકાળથી દેહ એ જ 'હું' અને દેહ

સંબંધી પદાર્થોમાં જ મારાપણું કરતાં હોવાથી દેહ-તાદાત્મ્ય બુદ્ધિથી સર્વદા સર્વત્ર કર્મના કર્તા બને છે. તેથી જ કર્મના વિપાકને ભોગવનારા કર્મના ભોક્તા પણ બને છે. આ પ્રમાણે સંસારી બહિરાત્મ જીવને કર્મચેતના અને કર્મફળ ચેતનારૂપ બંને પ્રકારો હોય છે. એ કર્મના ઔદયિક-ભાવમાં જ રાચનારા પુદ્ગલાભિનંદી જીવો હોય છે.

જેમ જેમ જીવ આત્મજ્ઞાની થતો જાય છે, તેમ તેમ દેહમાં હું બુદ્ધિ ઘટતી જાય છે. અને તેમ થતાં દેહ અને દેહ સંબંધી પદાર્થોમાં મારાપણું છૂટતું જાય છે. એમ થતાં તેની કર્મચેતના અને કર્મફળ ચેતના પણ સુધરતી જાય છે. મમત્વથી છૂટી સમત્વ તરફ ગમન કરે છે. ગતિમાંથી પ્રગતિમાં આવે છે. પરિઘભ્રમણ ત્યજી કેન્દ્રગામી બને છે.

આત્મામાંથી આત્મ અજ્ઞાન અને અજ્ઞાનજનિત ભાવો જેમ જેમ ખતમ થતાં જાય તેમ તેમ અંતરાત્મા બનેલો જીવ, ક્ષપકશ્રેણી દ્વારા કેવળજ્ઞાનની ભૂમિકાએ પહોંચે છે. એ પછી જ કર્મચેતના અને કર્મફળ ચેતનાનો અંત આવે છે, જ્ઞાનધારા ચાલુ થાય છે; જેના અસ્ખલિત પ્રવાહમાં ઉપર ને ઉપર ઉઠતો, જ્ઞાનચેતનાને સ્પર્શી, શુદ્ધ ચૈતન્ય-ઉપયોગમાં સ્થિર થાય છે. ઉપયોગ-શુદ્ધિ અને ઉપયોગ-સ્થિરતાને પામી, પછી તે સહજયોગે ઉપયોગવંત બની કૈવલ્યાવસ્થામાં પ્રવર્તે છે. નિસ્તરંગ બની ઉપયોગની નિષ્કંપતાને પામે છે. ઉપયોગ નિષ્કંપ થતાં માત્ર યોગકંપન રહે છે, તેથી રસ-બંધ નહિ રહેતાં કેવળ એક સમયનો સ્થિતિ-બંધ અને શાતાવેદનીયનો પ્રકૃતિ-બંધ રહે છે. આ દશામાં પૂર્ણ જ્ઞાનમયતા છે, તેથી કાષાયિક કર્મબંધ ન હોવાથી કર્મચેતના અને કર્મફળ ચેતના નથી. માત્ર જ્ઞાતૃત્વ રહે છે.

બારમા વાસુપૂજ્યસ્વામીના પુષ્ટ આલંબનથી કર્મચેતના અને

(અ) કષાયોના દબાવાપણાથી મોક્ષ નથી. કષાયોના ઘટવાપણાથી મોક્ષ છે.

(બ) ઉપશમશ્રેણિથી વીતરાગ તો બનાય છે પણ મોક્ષ નથી થતો. મોક્ષ તો ક્ષપકશ્રેણિથી જ છે.

કર્મફળ ચેતનાની કર્મધારામાંથી બહાર નીકળી, જ્ઞાનધારામાં પ્રવેશ કરીને જ્ઞાનચેતના-શુદ્ધચેતનાનું લક્ષ બંધાવવાની પ્રેરણા યોગીરાજજી આ આત્માની સ્તવનામાં કરી રહ્યા છે. આ વિષયમાં, પરિશિષ્ટમાં આપેલ વિદુષી સાધ્વીશ્રી નંદીયશાશ્રીજીનો લેખ જોઇ જવા ભલામણ છે.

અધ્યાત્મમાં લક્ષ્યની કિંમત ૯૦% છે, માટે દરેક ક્રિયા આત્મતત્ત્વ પામવાના લક્ષ્ય સાથે કરવી જોઈએ એ વાત ઉપર યોગીરાજજી ભાર મૂકી રહ્યા છે.

**નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદગ્રાહક સાકારો રે;**
**દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારો રે. વાસુપૂજ્ય૦૨**

પાઠાંતરે 'અભેદ'ના સ્થાને 'દુભેદ', 'વ્યાપારો'ના સ્થાને 'વિચારો', 'નિરાકાર'ના સ્થાને 'નિરંકાર','દુભેદ'ના સ્થાને 'અભેદ' એવો પાઠફેર છે.

**શબ્દાર્થ :** વસ્તુને ગ્રહણ કરવાનો વ્યાપાર એટલે કે વસ્તુની જાણકારી-ઓળખ કરવાની પ્રવૃત્તિ જે કરે છે, તે ચેતનની ચેતના છે. એ ચેતનાના બે ભેદ છે એક દર્શન અને બીજું જ્ઞાન. દર્શનનો વપરાશ કરીને જે વ્યાપાર કરવામાં આવે છે, તે દર્શનોપયોગ કહેવાય છે. એ વસ્તુના સામાન્યધર્મને ગ્રહણ કરે છે. એ અભેદ ગ્રાહક, સર્વ-સંગ્રાહક હોવાથી તે દર્શનોપયોગ નિરાકાર, અભેદ-સંગ્રાહક કહેવાય છે.

જ્ઞાનનો વપરાશ કરીને જે વ્યાપાર કરવામાં આવે છે, તે જ્ઞાનોપયોગ કહેવાય છે. એ વસ્તુના વિશેષધર્મને ગ્રહણ કરે છે અને વસ્તુનો અન્ય વસ્તુથી ભેદ પાડે છે. વસ્તુનો વસ્તુવિશેષ તરીકે ભેદ કરીને ગ્રહણ કરનારો હોવાથી જ્ઞાનોપયોગ ભેદગ્રાહક, સાકાર કહેવાય છે.

**લક્ષ્યાર્થ-વિવેચન :** પ્રત્યેક દ્રવ્યની પોતપોતાની આગવી વિશેષતા

---

(૧) નિરાસંશભાવે કરાતા ધર્મથી (૨) તત્ત્વરુચિ-ગુણરુચિથી કરાતા ધર્મથી (૩) અને આત્મા જેવો છે તેવો ઓળખીને કરાતા ધર્મથી આગળ વધાય છે અને પરમાત્મસ્વરૂપને પમાય છે.

છે, જે એને બીજા દ્રવ્યથી નોખું પાડે છે. દ્રવ્યમાં રહેલ દ્રવ્યત્વની ઓળખ આપનારી જે વિશિષ્ટતા છે, તે એનો ગુણ છે. એ ગુણનું વિશિષ્ટ નિરાળુ ગુણકાર્ય છે, જે એ દ્રવ્યની પર્યાય છે. ટૂંકમાં કહીએ તો દ્રવ્ય એ Proprietor-માલિક છે. ગુણ એ એની Properties-મિલકત છે અને પર્યાય એ ગુણનું કાર્ય એટલે કે Function છે અર્થાત્ મિલકતની કાર્યાન્વિતતા છે, ઉપયોગીતા છે, મિલકતનો વપરાશ છે.

આકાશાસ્તિકાય એના અવગાહનાદાયિત્વ ગુણ વડે, ધર્માસ્તિકાય એના ગતિસહાયક ગુણ વડે, અધર્માસ્તિકાય સ્થિતિ સહાયકતા ગુણ વડે, પુદ્ગલાસ્તિકાય એના ગ્રાહ્ય-ગ્રાહકતા ગુણ વડે અન્ય દ્રવ્યથી જુદા તરી આવે છે. તે જ પ્રમાણે જીવાસ્તિકાય એટલે કે આત્મા તેના આગવા જ્ઞાયકતાના ગુણ વડે, અન્ય સર્વ દ્રવ્યથી જુદો પડે છે. જાણનાર એવો આત્મા હોત નહિ તો જગત કે જગતની વ્યવસ્થાની જાણ થાત નહિ. સર્વ દ્રવ્યને ખ્યાતી આપનાર ખ્યાતા આત્મદ્રવ્ય છે. તેથી જ વિશ્વ આખાને વિશ્વમાં ખ્યાત કરનારા પરમાત્મા વિશ્વખ્યાતા છે.

આત્માનું આ જાણવાનું કાર્ય તે જ ચેતનની ચેતના છે. ચેતના એ ચેતનની પર્યાય છે. આ ચેતનાનું કાર્ય બે ભેદે થાય છે. પહેલા તો વસ્તુનો વસ્તુ તરીકે કે વ્યક્તિનો વ્યક્તિ તરીકે સામાન્ય બોધ થાય છે. આ સામાન્ય બોધથી, વસ્તુ કે વ્યક્તિના, કોઈ વિશેષ આકારનો નિર્ણય ન થતો હોવાથી, તેને નિરાકાર અભેદ-સંગ્રાહક કહ્યો છે, જે દર્શનોપયોગ છે. એ ઓળખ છે. દર્શન દેખે છે અર્થાત્ દર્શનથી દેખાય છે.

આ દર્શનોપયોગના અનુસંધાનમાં આગળ વધતાં, જ્યારે વસ્તુ કે વ્યક્તિના નામ, જાતિ, વર્ણ, ગુણ, આદિનો વિશેષ બોધ થાય છે, ત્યારે આ વિશેષ બોધથી, વસ્તુ અન્ય વસ્તુથી અને વ્યક્તિ અન્ય વ્યક્તિથી,

એના નામાદિ ગુણો વડે જુદી પડીને વિશિષ્ટ જણાય છે. આ વિશેષ બોધથી વસ્તુ અને વ્યક્તિ, વસ્તુવિશેષ અને વ્યક્તિવિશેષ તરીકે એના નિશ્ચિતરૂપથી જણાતી હોવાથી તેને ભેદગ્રાહક સાકાર કહ્યો છે, જે જ્ઞાનોપયોગ છે. એ પરિચય છે.

ઉદાહરણ તરીકે આપણી સામે ચાર ચીજ પડી છે. એ બધીય સફેદ રંગની છે. એનો સફેદ વસ્તુ તરીકેનો જે બોધ થયો કે કોઈક સફેદ ચીજ પડી છે, તે તેનો સામાન્ય બોધ થયો જે દર્શનોપયોગ છે. એ ચાર સફેદ વસ્તુઓને પ્રત્યેકથી નોખી વિશિષ્ટ બતાવનાર જે બોધ છે તે જ્ઞાનોપયોગ છે જે નિર્ણયરૂપ છે.

આ દર્શનોપયોગના અનુસંધાનમાં ઝીણવટભર્યા નિરીક્ષણથી, જે ચીજનો રંગ એકદમ દૂધ જેવો સફેદ છે, જે નરમ છે, તેને મીઠા-નમક તરીકે, જે ચીજ એકદમ સખત અને ચમકતી છે તેને હીરા તરીકે, જે ચીજની ચમક ઓછી છે પણ ચીકાશવાળી અને જીભ ઉપર મૂકતા મીઠી લાગે છે, તેને સાકર તરીકે અને જેનો રંગ ચમક વિનાનો ફિકો અને સ્વાદમાં તૂરો છે, તે ચીજને ફટકડી તરીકે જુદી પાડશો. આવું જે જ્ઞાન છે તે ભેદગ્રાહક, સાકાર, જ્ઞાનોપયોગ છે.

વ્યક્તિને વ્યક્તિ તરીકે ઓળખવી એ અભેદ સંગ્રાહક, દર્શનોપયોગ છે. પછી તેના નામ, જાતિ, વર્ણ, લિંગ, વતન, વ્યવસાય, અભ્યાસ, ગુણ, શક્તિ, આદિથી પરિચય થવો તે વ્યક્તિવિશેષની જાણ ભેદગ્રાહક, સાકાર જ્ઞાનોપયોગ છે.

આમ જીવની ચેતના શક્તિ-જ્ઞાયકતા બે પ્રકારે કાર્ય કરે છે. સામાન્ય અને વિશેષ. વસ્તુના સામાન્યધર્મને ગ્રહણ કરનાર જ્ઞાયકતા-જાણનપણું એ નિરાકાર, અભેદ-સંગ્રાહક દર્શનોપયોગ છે. જ્યારે

વસ્તુના વિશેષધર્મને ગ્રહણ કરનાર જાણનપણું એ ભેદગ્રાહક, સાકાર જ્ઞાનોપયોગ છે.

છદ્મસ્થને પ્રથમ દર્શનોપયોગ હોય છે અને પછી જ્ઞાનોપયોગ હોય છે. કેવળીભગવંતને જ્ઞાનની ઉપયોગવંતતા હોવાથી એમને સીધો જ્ઞાનોપયોગ હોય છે, જે વિશેષ છે અને તેમાં દર્શનોપયોગ સામાન્ય હોઈ, સમાવિષ્ટ થઈ જાય છે. કૈવલ્યાવસ્થામાં દર્શન જ્ઞાનની દ્વિભેદતા (દ્વિવિધતા) નથી હોતી, પણ અભેદતા હોય છે કેમકે પૂર્ણતા છે. આવો મત શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજીનો છે. છતાં જુદા જણાવવા હોય તો કહી શકાય કે વસ્તુના સામાન્યધર્મની જે જાણકારી છે તે દર્શનોપયોગ છે અને વસ્તુના વિશેષધર્મની જે જાણકારી છે, તે જ્ઞાનોપયોગ છે, જે કેવળીને ઉભય-યુગપદ્ છે. અર્થાત્ અસંખ્યાત પ્રદેશરૂપે દ્રવ્યનું જાણપણું એ દર્શનોપયોગ છે જ્યારે દ્રવ્ય અંતર્ગત દ્રવ્યનો ભાવ એટલે કે ગુણ-પર્યાયનું જાણપણું એ જ્ઞાનોપયોગ છે પરંતુ ઉભય યુગપદ્ છે.

**કર્તા શુદ્ધસ્વભાવનો, નય શુદ્ધે કહીએ;**
**કર્તા પરપરિણામનો, બેઉ કિરિયા ગ્રહીએ.**

- ગા.૩૬ સવાસો ગાથા સ્ત. મહામહોપાધ્યાયજી

આવી ઉભયપ્રકારની ચેતનાથી ચેતન વસ્તુને ઓળખવાની પ્રવૃત્તિ કરે છે. અર્થાત્ વસ્તુની જાણકારી મેળવે છે.

દેખવું-જોવું અને જાણવું અથવા દેખાવું અને જણાવું એ જીવનો દર્શનગુણ અને જ્ઞાનગુણ છે. જીવ જ્યાં સુધી એના દર્શન-જ્ઞાનગુણને એ જોવા જાણવાના ગુણકાર્ય સુધી સીમિત રાખે છે ત્યાં સુધી જ્ઞાન, જ્ઞાનમાં રહે છે. પરંતુ જેવું જ્ઞાન, વસ્તુ એટલે કે જ્ઞેયની સાથે જોડાણ કરે છે, તેવું તે ગ્રહણ, ભાવમાં આવીને તેનો વ્યાપાર-વ્યવહાર કરવા માંડે છે.

---

ઉપાદાનકર્તા સ્વયંની પર્યાય છે જ્યારે નિમિત્તકર્તા પૂર્વકર્મના ઉદયથી મળતાં આલંબનો છે.

વ્યાપારમાં નફો-નુકસાન લાભ-ગેરલાભ જોવાતા હોય છે. આમ થવાથી જ્ઞાન જ્ઞાનમય ન રહેતાં જ્ઞેયમય બને છે એટલે કે જ્ઞેયાકાર થાય છે. જે જ્ઞાન, જ્ઞાનમાં જ રહી જ્ઞાનસુખ-આત્મસુખ માણનારું હોવું જોઈએ, તે, વસ્તુ-જ્ઞેયના ગ્રહણ વ્યાપારમાં પડી જ્ઞેયાકાર થવાથી, સુખી ન રહેતાં દુ:ખી થાય છે. દુ:ખનું કારણ એ છે કે જ્ઞેય એ ને એ રહેતું નથી અને એવું ને એવું રહેતું નથી. ક્યાં તો જ્ઞેયપદાર્થ એટલે કે વસ્તુ બદલાય છે અને ક્યાં તો વસ્તુ એની એ જ હોવા છતાં એનું રૂપ બદલાય છે. જ્ઞાનસ્વરૂપી આત્મા એનો એ જ રહે છે અને એવો ને એવો જ રહે છે. એ સ્થિરતા અને સમરૂપતાનું-પ્રશાંતતાનું સુખ છે. માટે જ્ઞાનવિશેષમાંથી જ્ઞાનસામાન્યમાં આવવાનું છે, જેથી જ્ઞેય, જ્ઞાનમાં ડૂબે અને જ્ઞાન, જ્ઞાનમાં ડૂબી જ્ઞાનાનંદ આસ્વાદે.

જ્ઞાન, જ્ઞાનમાં રહે અને જ્ઞેય જ્ઞાનમાં ઝળકે-જ્ઞાનપ્રકાશમાં ઝળકે એમાં જ્ઞાનની અખંડિતતા છે અને તે જ્ઞાનની મહત્તા છે. પણ જો જ્ઞાન, જ્ઞાનથી છૂટું પડી, જ્ઞેયની સાથે જોડાણ કરી, જ્ઞેયાકાર બનવા જાય, તો તેમાં જ્ઞાનની ખંડિતતા છે, જે જ્ઞાનની લઘુતા છે.

યોગીરાજજીએ સ્તવનની પ્રથમ ગાથામાં ત્રણ પ્રકારના ચેતન બતાવ્યા. ૧) નિરાકાર, અશરીરી, સિદ્ધપરમાત્માઓ જે પૂર્ણકામ એટલે કે અકામ છે. ૨) સાકાર, સશરીરી, તીર્થંકરભગવંત, અરિહંત પરમાત્મા અને કેવળીભગવંતો જે નિષ્કામી છે અને ૩) સાકાર, સશરીરી સંસારી જીવો જે કામી છે.

આ ત્રણ પ્રકારના ચેતનની ચેતનતા જે જ્ઞાયકતા છે તેની કાર્યાન્વિતતા બે પ્રકારની છે નિરાકાર દર્શનોપયોગ અને સાકાર જ્ઞાનોપયોગ, તેની વિચારણા બીજી ગાથામાં કરી. નીચે આપેલા કોઠા-Chart થી ત્રણ પ્રકારના ચેતન અને બે પ્રકારની ચેતનાનો સુસ્પષ્ટ તુલનાત્મક ખ્યાલ મેળવી શકાશે.

---

જ્ઞાની નિશ્ચય-વ્યવહાર ઉભયને જાણે છે, માને છે અને આદરે છે. અજ્ઞાની એકેયને જાણતો નથી અને માનતો નથી. કદાચ આદરતો દેખાતો હોય તો તે ગતાનુગતિક હોય છે.

**ચેતન**

**નિરાકાર**

અશરીરી-અદેહી-અયોગી
અનામી-અરૂપી-અમૂર્ત
પૂર્ણકામ-અકામી-અક્રિય
**સિદ્ધાત્મા.** સ્થિતિ છે.
અકંપ છે.-અબંધ છે.
પૂર્ણાનંદી-પરમાનંદી
જ્ઞાતા-દૃષ્ટા-ઉપયોગવંત નિર્વિકલ્પ
શુદ્ધચેતન શુદ્ધઉપયોગ
નિરાકાર પરમાત્મા
(૧)

**સાકાર**

સશરીરી-સદેહી-સયોગી
નામી-રૂપી-મૂર્ત

**નિષ્કામી**

નિષ્કંપ ઉપયોગ -કંપિત યોગ
અકર્તા-અભોક્તા-જ્ઞાતા-દૃષ્ટા
સહજયોગી-સયોગી કેવળી પરમાત્મા
(૨)

**સકામી**

(પાછળ)

**તીર્થસ્થાપક તીર્થંકર કેવળી ભગવંત**

અરિહંતપદે બિરાજમાન અરિહંત
જિનેશ્વર ભગવંત
અયોગી કેવળી બની
સિદ્ધગતિને પામનારા સહજ
સિદ્ધગતિ ઉપયોગવંત નિર્વિકલ્પ
બ્રહ્માનંદી નિર્બંધ
શુદ્ધચેતન-શુદ્ધઉપયોગ
ગુણઠાણુ-૧૩-૧૪
સાકાર **તીર્થંકર પરમાત્મા**

**સામાન્ય કેવળી ભગવંત**

અરિહંત શબ્દાર્થે અરિહંત
જિનકેવળી
અયોગી કેવળી બની
સિદ્ધગતિને પામનારા સહજ
સિદ્ધગતિ ઉપયોગવંત નિર્વિકલ્પ
બ્રહ્માનંદી નિર્બંધ
શુદ્ધચેતન-શુદ્ધઉપયોગ
ગુણઠાણુ ૧૩-૧૪
સાકાર **કેવળી પરમાત્મા**

---

પાપપ્રકૃતિના ઉદયમાં જીવને પુણ્યક્રિયા શક્ય ન હોય ત્યારે પણ તે ભાવપુણ્ય કરી શકે છે કારણકે ભાવ કરવામાં જીવ સ્વતંત્ર છે.

સકામી

ઉપયોગ કંપન-યોગકંપન, કર્તા-ભોક્તા
(૩)

**આત્માભિનંદી અંતરાત્મા**
નિષ્કામ સહજયોગી બનવા પ્રયત્નશીલ
કર્તૃત્વ-ભોક્તૃત્વભાવથી
સપ્રયત્ન નિર્લેપ. મમત્વમાંથી સમત્વ પ્રતિ
આત્મગામી-કેન્દ્રગામી પ્રગતિ સાધનાર.
સવિકલ્પ આતમરામી સાધકયોગી.
અપ્રત્યાખ્યાનીથી લઈ સંજ્વલન પ્રકારનો
કાષાયિક કર્મબંધ. શુદ્ધાશુદ્ધચેતન.
ગુણઠાણું ૪ થી ૧૨.

**પુદ્ગલાભિનંદી બહિરાત્મા**
કર્મકર્તા-કર્મફળઈચ્છુક-
કર્મફળ ભોક્તા.
પરિઘ ઉપર ચકાકાર
ગતિ કરનારા ભોગી-સંસારી.
મિથ્યાત્વજનિત અનંતાનુબંધી પ્રકારનો
કાષાયિક કર્મબંધ.
અશુદ્ધચેતન અશુદ્ધ ઉપયોગ.
પહેલે ગુણઠાણે.

---

ચેતનની પર્યાય

નિરાકાર — ચેતના — સાકાર

**દર્શન**

ચેતનની જે ચેતનાના વપરાશથી વસ્તુ એટલે કે જ્ઞેયના સામાન્યધર્મનો બોધ થાય છે તે **દર્શનોપયોગ** છે. એનાથી જ્ઞાનમાં વસ્તુ (જ્ઞેય)નો નિશ્ચિત આકાર ઉપસતો નથી તેથી તે **અભેદ સંગ્રાહક નિરાકાર ઉપયોગ** કહેવાય છે. **દેખે તે દર્શન** અર્થાત્ **દર્શનથી દેખાય.**

**જ્ઞાન**

ચેતનની જે ચેતનાના વપરાશથી વસ્તુ એટલે જ્ઞેયના વિશેષધર્મનો બોધ થાય છે તે **જ્ઞાનોપયોગ** છે. એનાથી જ્ઞાનમાં વસ્તુ (જ્ઞેય)નો નિશ્ચિત-ચોક્કસ નિર્ણાયક આકાર ઉપસે છે અને વસ્તુ વિષેનો નિર્ણય થાય છે તેથી તે **ભેદગ્રાહક સાકાર ઉપયોગ** કહેવાય છે. **જાણે તે જ્ઞાન** અર્થાત્ **જ્ઞાનથી જણાય.**

છદ્મસ્થાવસ્થામાં અપૂર્ણતા હોવાથી ચેતના બે ભેદથી-દુભેદે કાર્યાન્વિત છે. માટે જ્ઞાન-દર્શન પ્રયત્નપૂર્વક ક્રમથી છે તેથી ક્રમસમુચ્ચય છે. પૂર્ણ કૈવલ્યાવસ્થામાં ચેતના અભેદે કાર્યાન્વિત છે, તેથી દેખાવાનું અને જણાવાનું યુગપદ્ છે. અથવા તો જણાવામાં દેખાવાનું સમાવિષ્ટ થઈ જાય છે. અથવા તો દ્રવ્યની-અસ્તિકાય-પ્રદેશની જાણકારી એ દર્શન છે અને દ્રવ્યના પ્રદેશ અંતર્ગત રહેલાં ગુણ-પર્યાય (ભાવ-દ્રવ્યત્વ)ની જાણકારી જ્ઞાન છે. જાણનપણું ભલે દુવિધ-બે પ્રકારનું હોય પણ જ્ઞાનક્રિયા એક જ પ્રકારની છે, જે જ્ઞાયકની જ્ઞાયકતા છે અથવા તો શુદ્ધ ચેતનની શુદ્ધ ચેતના છે. ઉપયોગવંતદશામાં ઉપયોગ મૂકવાપણું નથી માટે પૂર્વ પશ્ચાત જ્ઞાન-દર્શન ઉપયોગના પ્રશ્નને અવકાશ નથી. અપ્રયત્ન, સહજ, સમસમુચ્ચય અક્રમથી જાણે. આ એક અભિપ્રાય છે આનાથી ભિન્ન અભિપ્રાય પણ છે જેમાં કેવળજ્ઞાન અને કેવલદર્શનના ઉપયોગને ક્રમિક માનવામાં આવ્યો છે.

---

પુણ્ય અને પાપ ઉભય હેય લાગશે ત્યારે આત્મા જ એકમાત્ર ઉપાદેય લાગશે.

**કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરિયે રે;**
**એક અનેક રૂપ નયવાદે, નિયતે નર અનુસરીએ રે. વાસુ૦૩**

પાઠાંતરે 'જીવે'ની જગાએ જીવેં, 'કરિયે રે'ની જગાએ 'કરીઈ', એવો પ્રાચીન અને અર્વાચીન ગુજરાતીભાષા પૂરતો પાઠફેર છે.

**શબ્દાર્થ :** કર્તા=કરનાર. પરિણામી=પરિણામને પામનાર પરિણમનશીલ. પરિણામો=ભાવ. કર્મ=કરવામાં આવેલું કાર્ય=ક્રિયા. નયવાદે=નયાનુસાર=દૃષ્ટિકોણ પ્રમાણે=View Points. નિયતે= નિશ્ચિતપણે-નિશ્ચયનયાનુસારે નર=પુરુષ=આત્મા. અનુસરીએ= સમજીએ-જાણીએ-અનુસરન કરીએ.

કર્તાપણાના પરિણામ-ભાવથી પરિણમીને એટલે કે ભાવિત થઈને જીવ જે ક્રિયા કરે છે તે કર્મ એટલે કે કાર્ય છે. એના કારણે એક-અદ્વૈત એવો નર-આત્મા નયાનુસારે અનેકરૂપે ભાસ્યમાન થાય છે. જુદા જુદા દૃષ્ટિકોણથી જુદા જુદા નય પ્રમાણે આત્માનું સ્વરૂપ જાણીને દ્વૈતમાંથી બહાર નીકળી અદ્વૈત એવા આત્માના નિયત-નૈશ્ચયિક સ્વરૂપને જાણીને તેનું આલંબન લઈ આત્માના તે નૈશ્ચયિક પરમાત્મસ્વરૂપનું અનુસરન-અનુકરણ કરીએ.

**લક્ષ્યાર્થ-વિવેચન : 'કર્મ જે જીવે કરિયે રે...'** જીવ જે કરે છે, તે કરવાપણાથી કર્તાપણું છે અને તે કરર્તાપણાથી કર્મ છે.

કરવાપણામાં જવું એટલે હોવાપણામાંથી હઠવું. જે અસ્તિકાય છે, તેનું તેના અસ્તિપણામાંની સ્થિરતામાંથી સ્પંદિત થઈને-કંપિત થઈને- અસ્થિરતામાં જવું. જે અકંપ છે તેનું કંપિત થવું. ગુપ્તિમાંથી

સંયમિતપણે કે અસંયમિતપણે ક્રિયાશીલ બનવું.

જીવનું જે શિવ સ્વરૂપ છે એટલે કે આત્માનું જે મૌલિક, પરમ આત્મસ્વરૂપ છે, તે અક્રિય છે. એ અક્રિયતામાંથી સક્રિયતામાં જવું તે અકંપમાંથી કંપમાં જવાપણું છે.

કંપન બે પ્રકારનું હોય છે. એક છે યોગકંપન અને બીજું, દર્શનોપયોગ અને જ્ઞાનોપયોગનું ઉપયોગકંપન. **ઉપયોગકંપન હોય ત્યાં યોગનું કંપન નિયમા હોય જ. જ્યારે યોગનું કંપન હોય ત્યાં ઉપયોગનું કંપન હોય પણ ખરું અને ન પણ હોય.**

ઉપયોગકંપન સાથેનું યોગકંપન સકાષાયિક યોગકંપન હોય છે. જ્યારે માત્ર યોગનું કંપન હોય છે તે અકાષાયિક યોગકંપન હોય છે. એવું અકાષાયિક યોગકંપન માત્ર અગિયારમા, બારમા અને તેરમા ગુણસ્થાનકે હોય છે. જ્યારે કષાય વિનાનું અને જ્ઞાનની અપૂર્ણતા વિનાનું યોગકંપન માત્ર તેરમા સયોગી કેવળી ગુણસ્થાનકે હોય છે.

જીવ દ્વારા કરાતી ક્રિયામાં કંપન છે અને એ કંપનથી કાર્મણવર્ગણા-પુદ્ગલ પરમાણુનું આત્મપ્રદેશે ભેળાં થવાપણું છે, જે કર્મબંધ છે.

દ્રવ્યમાત્ર પરિણામી સ્વભાવી છે. પ્રત્યેક દ્રવ્યનું તેના ગુણ પ્રમાણે પરિણમન થાય છે. બધાંય દ્રવ્યોમાં એક માત્ર જીવ છે, કે જેને લાગણી-વેદન છે. ભાવ છે તેથી જીવ ભાવપૂર્વક એટલે કે પરિણામપૂર્વક પરિણમે છે.

કર્તાભાવપૂર્વકનું જે પરિણમન છે તેમાં કર્મબંધ છે. માટે યોગીરાજજી કહે છે... "**કર્તા પરિણામી પરિણામો....**"

---

॥ अनिच्छामीच्छे ॥ ઈચ્છા જ ન રહે એવી અનિચ્છાની જ એક ઇચ્છા રાખવા જેવી છે.

બારમા ગુણસ્થાનકે ગાંઠ સ્વરૂપ કષાય માત્ર નીકળી ગયેલા હોવાથી નિર્ગ્રંથ કહેવાય છે અને તેરમા સયોગી કેવળી ગુણસ્થાનકે સહજ યોગપ્રવર્તન છે, તે અકાષાયિક પરિણમન છે. એના કારણે એક સમય પૂરતો રસહીન, સ્થિતિહીન નામ પૂરતો કર્મબંધ હોય છે. એ નિર્ગ્રંથતા-નિર્બંધતા છે. એ સ્નાતકતા છે. શુદ્ધ ઉપયોગરૂપી જલમાં, સ્નાન કરવા દ્વારા ઘાતીકર્મોનો મેલ નીકળી ગયેલ હોવાથી તેરમા ગુણસ્થાનકે સ્નાતક બન્યો છે.

જ્યારે ચૌદમા અયોગી કેવળી ગુણસ્થાનકે સહજ શૈલેશીકરણથી પરિપૂર્ણ યોગસ્થૈર્ય છે અને સિદ્ધાવસ્થામાં અયોગીદશામાં આત્મપ્રદેશની સ્વાભાવિક અનંતકાલીન પરમસ્થિરતા - અકંપતા છે. એ પરિપૂર્ણ સર્વાંગી મુક્તાવસ્થા છે. ન તો ત્યાં ઉપયોગકંપન છે કે ન તો ત્યાં યોગકંપન છે. એ અયોગી-અદેહી-અશરીરી અવસ્થા છે.

હવે જ્યાં કર્મબંધ છે ત્યાં કર્માવરણ છે અને તે કર્મના ઉદયકાળે કર્મનું ફળ છે. કર્મ વિધ વિધ પ્રકારના અનેક છે. કર્મરહિત જીવનું શિવ સ્વરૂપ એકાકાર-એકવિધ-અભેદ-અદ્વૈત-નિરપેક્ષ-નિરાવરણ શુદ્ધ છે. કર્મસહિત જીવનું કર્માનુસારે પરિણમન-પરરૂપે અનેક પ્રકારે ભેદરૂપે, દ્વૈત, સાપેક્ષ, સાવરણ, અશુદ્ધ હોય છે. શુદ્ધ, બુદ્ધ, નિરંજન, અદ્વૈત એક એવો આત્મા કર્મસંયોગે અશુદ્ધ, અબુધ લેપાયમાન ભાવોથી લેપાઈને-ખરડાઈને અનેક રૂપો ધારણ કરે છે. એક ઉજળો એવો બહુ બહુ બનીને મેલો-શ્યામ થાય છે તેથી જ કહ્યું છે કે ।। एकोऽहम् बहु श्याम ।।

**ક્રિયા છે, તેથી કંપન છે અને તેથી ક્ષેત્રક્ષેત્રાંતરતા ને રૂપરૂપાંતરતા છે અર્થાત્ પરિભ્રમણ ને પરિવર્તન છે. માટે જ ગુપ્તિ એ ધર્મસાધના છે અને સ્થિતિ(પરમસ્થૈર્ય) એ સિદ્ધિ છે.**

---

પરમસ્વરૂપનું સાલોક્ય, સામીપ્ય, સાયુજ્ય અને સારૂપ્ય પામનાર બડભાગી છે.

**પૂર્ણ એવો આત્મા આજે કરવાપણાથી કર્તૃત્વભાવે કર્મસંયોગે અપૂર્ણ બન્યો છે, અક્રિય એવો સક્રિય બન્યો છે, અકંપિત એવો સ્પંદિત-કંપિત બન્યો છે, અચ્યૂત એવો ચ્યૂત થયો છે, અવિનાશી એવો વિનાશી બન્યો છે, નિત્ય એવો અનિત્ય થયો છે, અગુરુલઘુ એવો ગુરુલઘુ બન્યો છે, જ્ઞાની એવો અજ્ઞાની-અલ્પજ્ઞાની બન્યો છે, સ્વાધીન એવો ઈન્દ્રિય પરાધીન થયો છે, નિર્વિકલ્પ એવો સંકલ્પ-વિકલ્પ યુક્ત સવિકલ્પ વિચારી બન્યો છે, પૂર્ણકામ-અકામ-નિષ્કામ એવો સકામી થયો છે, નિરીહ-નિર્મોહી-વીતરાગી એવો રાગી-દ્વેષી બન્યો છે, અવ્યાબાધ એવો બાધ્ય-બાધક થયો છે, નિરાહારી એવો આહારી બન્યો છે, અયોગી-અદેહી-અશરીરી એવો સયોગી-સદેહી-સશરીરી થયો છે, અનામી-અરૂપી-અમૂર્ત એવો નામી-રૂપી-મૂર્ત બન્યો છે, અક્ષર એવો ક્ષર થયો છે, અશબ્દ એવો વાચાળ બન્યો છે, અખંડ, અભંગ એવો ખંડિત થયો છે, તેથી આનંદ-સ્વરૂપ અદ્વૈત એવો સુખદુઃખરૂપ દ્વૈત બન્યો છે.**

ફળ સ્વરૂપે ષટ્કારકનું પ્રવર્તન જે સ્વમાં થવું જોઈએ તે પરમાં થાય છે. આત્મા વડે જે અનાત્મભાવ-પરભાવ-પરસત્તા છે, તેના અપાદાનનું અને આત્મભાવ-સ્વભાવ-સ્વસત્તાના સંપ્રદાનનું કરવાપણું આત્મામાં થવું જોઈએ, એના બદલે ષટ્કારકનું પ્રવર્તન પરમાં થવાથી પરપરિણમન થાય છે અને સ્વનું વિસ્મરણ થાય છે. એથી જ સ્વસ્થિતતા એટલે કે સ્વસ્થતાનું સ્થાન, અસ્વસ્થતા લે છે અને સ્વભાવ વિભાવ બને છે તથા સ્વરૂપ વિરૂપ બને છે.

કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, સંબંધ અને અધિકરણ એ સાતને વિભક્તિ કહી છે કારણ કે તે વ્યક્તિને વિભક્ત કરે છે. એમાં છઠ્ઠી વિભક્તિ સંબંધ દર્શાવે છે. આત્મા એક, નોખો, નિરાળો સંબંધ

વિનાનો છે. માટે અધ્યાત્મક્ષેત્રે સંબંધરહિત સ્વમય-સમય બનવા, છ વિભક્તિ-ષટ્કારકનું પ્રવર્તન સ્વક્ષેત્રે, સ્વ માટે, સ્વ વડે, સ્વથી સ્વ બનવા અને પરથી વિભક્ત થવા-છૂટા પડવા અંગે થવું જોઇએ.

આવા આ સ્વસત્તા અને પરસત્તાના પૃથક્કરણ અને પરીક્ષણ માટે નયનું જ્ઞાન જે નયવાદ છે, તે અત્યંત આવશ્યક છે.

**અંશ દ્વારા અંશીનું અથવા તો વિકલ્પ દ્વારા નિર્વિકલ્પનું જ્ઞાન કરાવનારા જે વિધ વિધ દૃષ્ટિકોણ છે, તે નય કહેવાય છે.** જેટલા વિકલ્પ છે તેટલા નય છે. એમાં બે મુખ્ય નય છે. એક દ્રવ્યાર્થિક નય અને બીજો પર્યાયાર્થિક નય છે. એને અનુક્રમે વ્યવહારનય અને નિશ્ચયનય તરીકે પણ ઓળખાવાય છે. આગમશૈલિમાં પહેલા ચાર નયોની ગણના વ્યવહારનયમાં અને પછીના ત્રણ નયોની ગણના નિશ્ચયનયમાં કરવામાં આવી છે. જ્યારે અધ્યાત્મશૈલિમાં પરમ-પારિણામિક ભાવ સ્વરૂપ, ત્રિકાળી, ધ્રુવ દ્રવ્ય તે નિશ્ચય અને તેના આધારે પર્યાયમાં પ્રગટતા શુદ્ધ ભાવો તે વ્યવહાર એમ કહેવામાં આવ્યું છે.

**આગમશૈલિ એ ઉપદેશશૈલિ** છે, જેમાં અશુભને છોડવાનું છે, અશુભનો રસ ઘટાડવાનો છે, શુભમાં જોડાઈને શુભમાં રહેવાનું છે, શુભનો રસ વધારવાનો છે અને નિરંતર શુદ્ધનું લક્ષ્ય રાખવાનું છે. તે માટે શુદ્ધ-તત્ત્વ કેવું છે તે સમજવાનું છે.

ઉપદેશ હંમેશા આગમશૈલિથી અપાય, કે જેમાં કરવાની વાત આવે, પણ લક્ષ્ય અકર્તાભાવ ઉપર હોય. એ વ્યવહાર શૈલિ છે, કે જેમાં કરવાપણું-થવાપણું-બનવાપણું હોય છે.

જ્યારે અધ્યાત્મશૈલિ એ સાધના-પ્રધાન શૈલિ છે, કે જેમાં કરવાનું

ન હોવાથી કરવાપણું ન હોય પણ હોવાપણું હોય. જે બની રહ્યું છે, તેનો શાંતભાવે, સહજભાવે સ્વીકાર હોય છે.

આત્મા અંદરથી જુદો પડીને, જોતાં શીખે તો, અશુભનો રસ ઘટે અને શુભનો રસ વધે. તીવ્ર વેદનાના કાળમાં, જાગ્રત આત્માને પણ, ઉપયોગ વેદનામાં ચાલ્યો જાય એવું બને. પરંતુ જો અંદરથી જાગૃત હોય તો જેવી વેદના મંદ થાય કે તરત જ તેને સમતા વડે પોતાનાંથી ભિન્ન જોઇ શકે. આ માર્ગ સાધનાનો છે - અધ્યાત્મનો છે પણ ઉપદેશનો નથી.

**આગમશૈલીથી શુદ્ધાત્મતત્ત્વ કેવું છે, એ બરાબર સમજાયું હોય, તેનું બરાબર શ્રદ્ધાન થયું હોય તો, અધ્યાત્મશૈલિથી સાધના પ્રધાન જીવન જીવી ગ્રંથિભેદ દ્વારા આત્મતત્ત્વ અનુભૂતિમાં આવવાની સંભાવના રહે.**

નિશ્ચયનયની મહત્તા બતાવતાં, વ્યવહારનયની તુચ્છતા, ક્યારેય આપણામાં આવવી ન જોઈએ. અધ્યાત્મશૈલિથી "ત્રિકાળી, ધ્રુવ, પરમ પારિણામિક ભાવ સ્વરૂપ આત્મા તે જ હું છું !" એવું ભારપૂર્વક બોલનાર અને માનનારને જિનમંદિરમાં પરમાત્માની મૂર્તિ જોતાં એટલો જ આનંદ આવવો જોઈએ. પરમાત્માની મૂર્તિમાં સાક્ષાત્ પરમાત્મા દેખાવા જોઈએ જિવિતસ્વામીના દર્શન થવા જોઈએ; તો જ તેની દ્રવ્યદષ્ટિ-નિશ્ચયદષ્ટિ સાચી કહેવાય. **સાચો નિશ્ચયી આત્મા, વ્યવહારમાર્ગની ઉપેક્ષાવાળો કે વ્યવહારધર્મ માટે જેમ તેમ એલફેલ બોલનારો ન હોય.**

સામી વ્યક્તિને ચાનક લગાડવા, જાગૃત કરવા માટે તેની બાહ્ય ક્રિયાની મહત્તા ઓછી બતાવીએ તે વાત જુદી છે. પરંતુ હૃદયમાં તો ક્રિયાધર્મ પ્રત્યે, દેવ-ગુરુ પ્રત્યે ક્યારેય પણ આદર, બહુમાન ઘટવા જોઈએ નહિ. તેમને માટે જેમ તેમ બોલવું જોઈએ નહિ- અવર્ણવાદ કરવા જોઈએ નહિ. હા! એટલું જરૂર છે કે શિષ્યના હિતમાં શિષ્યને આગળ વધારવા

તેની ખૂબીને નહિ બતાડતા, ખામી જ બતાડાય કે જેથી તેનો આત્મવિકાસ રુંધાય નહિ અને આગળ ઉપર ખામી રહિત આચરણ-વિચરણ કરે.

દ્રવ્યના સ્વરૂપનું-સ્વભાવનું લક્ષ કરાવનાર અને દ્રવ્યથી અભેદ બનાવનાર, જે સ્વલક્ષી, આત્મલક્ષી નય છે તે ઋજુસૂત્રાદિ ચાર નિશ્ચય નય છે. એ અર્થપર્યાયાશ્રિત પર્યાયાર્થિક સ્વાવલંબી નય છે.

વ્યવહારનય એ કર્મજનિત પર-સાપેક્ષ, પરાવલંબી હોવાથી અશુદ્ધ પર્યાયાશ્રિત નય છે. અથવા તો વ્યંજનપર્યાય આશ્રિત પરાવલંબી નય છે. વ્યવહારનયના, નૈગમ, સંગ્રહ અને વ્યવહાર એ પ્રમાણે, જેમ પેટાભેદ છે તેમ ઉપચરિત ને અનુપચરિત સદ્ભૂત વ્યવહારનય તથા ઉપચરિત ને અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનય એ પ્રમાણે પેટાભેદ પણ છે.

વ્યવહારનય ષટ્કારકોની ભિન્નતા બતાવવા સાથે કર્તા, ક્રિયા અને કર્મની અનેકતા બતાવે છે અને તેથી દ્રવ્યની પરાધીનતા સિદ્ધ કરે છે. એનાથી એ સમજણ મળે છે કે, આત્મા અને શરીર કથંચિત્ એક છે. આત્મા, જડ કર્મોનો કર્તા છે અને તેથી જ તે કર્મફળનો ભોક્તા પણ છે, કારણ કે તે કર્મથી બંધાયેલો બંધી છે. ચેતન, પોતે જ પોતાના સ્વભાવમાંથી વિભાવમાં જવારૂપ પોતાની ભૂલને કારણે, જડ કાર્મણ વર્ગણાથી બંધાયો છે. જડ કાંઈ ચેતનથી બંધાયું નથી. જડ તો એના જડ પરિણમન પ્રમાણે પરિણમી રહ્યું છે. વળી જડ તો વેદનવિહીન છે તેથી, તેને માટે સુખ દુઃખનો કોઈ પ્રશ્ન જ નથી. સુખદુઃખની સમસ્યા ચેતનની છે. આ કારણે જ ચેતનનું જડરૂપે પરિણમન થાય છે અને એમાં રાગાદિ થાય છે. પરિસ્થિતિ એવી સર્જાય છે કે, રાજા એવો આત્મા, હાથી એવા જડકર્મ ઉપર સવાર થવાને બદલે, જડકર્મરૂપ હાથી, આત્મારૂપી રાજા ઉપર સવાર થાય છે. જે સ્વ છે તે પર બને છે અને પર છે તે સ્વ થાય છે. હું છે

---

જીવ સંસારમાં ક્રિયાથી નથી રખડતો. પરંતુ ક્રિયા ઉપરના કર્તાભાવ અને આગ્રહથી રખડે છે.

એ, તું ને તે બને છે અને તું ને તે એ હું બને છે. દેહમાં હુંપણું થાય છે અને આત્મસ્વરૂપથી અભાનપણે દેહ-તાદાત્મ્ય બુદ્ધિથી બેભાનપણે બેફામ પરપ્રર્વતન થાય છે.

નિશ્ચયનય ષટ્કારકોને અભિન્ન બતાવવા સાથે કર્તા, કર્મ અને ક્રિયાની અભેદતાથી દ્રવ્યની સ્વાધીનતા, સ્વયંભૂતા અને સ્વતઃસિદ્ધતાને પૂરવાર કરે છે.

પરિણમનને પામનારો, પરિણામી આત્મા જ કર્તા છે અને કર્તાના કર્તૃત્વનું જે પરિણામ આવે છે, તે કાર્ય પણ આત્મા જ છે. એ કાર્યરૂપ પરિણામ કરવામાં કર્તા જે પરિણામી છે, તેની પરિણતિ 'એ જ ક્રિયા અર્થાત્ સ્વરૂપક્રિયા છે. આમ સ્વરૂપ પ્રાગટ્યરૂપ કાર્યને, પરિણામી કર્તા એવો આત્મા જ પોતાના કર્તૃત્વથી' કરે છે.

પરિણામી (કર્તા) વિના પરિણતિ (ક્રિયા-કૃતિ) અને પરિણામ (કર્મ-ફળ) હોતા નથી. એ જ પ્રમાણે પરિણામ અને પરિણતિ વિનાનો પરિણામી હોતો નથી. અર્થાત્ કાર્ય અને ક્રિયા વિના કર્તા હોતો નથી. આ ત્રણેય ધર્મો, ધર્મી એવા આત્મદ્રવ્યના અંગો છે. કારણ કે એમાં-સ્વ પ્રવર્તનમાં પ્રદેશભેદ નથી. જ્યારે પર પ્રવર્તનમાં આત્મપ્રદેશ અને પુદ્ગલપરમાણુ એવો પ્રદેશભેદ છે.

ઉપરોક્ત ન્યાય અનુસારે જડ પરિણતિ અને જડ પરિણામ, જડ પરિણામીથી અભિન્ન-અભેદ છે અને સ્વતંત્ર છે. એ જ પ્રમાણે ચેતન દ્વારા જોવા-જાણવારૂપ ચૈતન્ય પરિણતિ જે દર્શન જ્ઞાનરૂપ ચેતના છે; તે પરિણામી એવા ચેતનથી અભિન્ન-અભેદ અને સ્વતંત્ર છે. જડનું જડ પરિણમન અને ચેતનનું ચેતન પરિણમન પોતપોતાથી પોતપોતામાં સ્વતંત્ર છે. ચેતનના નિમિત્તથી જડનું પરિણમન કે જડના નિમિત્તથી ચેતનનું

પરિણમન થતું નથી. ઉભય પોતપોતાના પરિણમનમાં સ્વતંત્ર છે અને તેથી તેમનું પરિણમન સ્વાધીન છે. **સ્વતંત્ર રીતે થતાં પરિણમનને "મેં કર્યું!" એવું મિથ્યા માની લઈએ છીએ, તે જ આપણા સહુની મોટામાં મોટી ભૂલ અર્થાત્ મહા ગાઢ મિથ્યાત્વ છે. "થવા યોગ્ય થવાકાળે થાય છે તેનો હું માત્ર જોનાર અને જાણનાર છું!" એ ભાવ સમ્યગ્ભાવ છે.**

**હું કરતા પરભાવનો, એમ જેમ જેમ જાણે;**
**તેમ તેમ અજ્ઞાની પડે, નિજકર્મને ઘાણે.**

**- ગા.૭૪ સવાસો ગાથા સ્તવન મહામહોપાધ્યાય યશોવિજયજી**

દ્રવ્યના લક્ષણના ભેદથી આત્મા અને દેહ એક નથી પણ ભિન્ન છે. દેહ એ હું-આત્મા નથી અને હું આત્મા એ દેહ નથી પણ દેહથી ભિન્ન હું આત્મા નિત્ય છું ! દેહ પુદ્ગલનો બનેલ જડ છે અને હું આત્મા ચેતન છું! કર્મસંયોગે ભેળાં થઈ એકરૂપ ભલે થયા હોઈએ પણ તદ્રૂપ નથી બન્યા. માટે જ આત્મા જડ કર્મોનો કર્તા નથી અને જડ કર્મફળનો ભોક્તા પણ નથી. વળી આત્મા સ્પર્શગુણથી રહિત હોવાથી એને નિશ્ચય નયાનુસારે જડકર્મો સાથે બદ્ધ સંબંધ પણ નથી. આ ન્યાયે તો આત્મસ્વભાવમાં રાગાદિનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ પણ નથી.

**શુદ્ધ ચેતનનો એક પણ ગુણ નિશ્ચેતનચેતનમાં નથી અને નિશ્ચેતનચેતનનો એક પણ ગુણ શુદ્ધચેતનમાં નથી. બંને તદ્દન જુદા છે. એ બંને જુદા છે છતાં ભેળાં થયાં છે, તેથી બંને જડ અને ચેતન પોતપોતાના શુદ્ધ સ્વરૂપમાં વર્તતા જણાતા નથી. એ જુદા એવા ભેળાં થયેલાં છૂટા પડે તો છૂટા પડેલાં પોતપોતાના શુદ્ધસ્વરૂપમાં વર્તતાં જણાય, જોવાય અને આત્મા એના શુદ્ધ આત્મસ્વરૂપમાં અનુભવાય. હંસ જેમ ભેળાં થયેલાં ક્ષીર (દૂધ) નીરને, છૂટા પાડી ક્ષીર આસ્વાદે**

**છે, તેમ આત્માએ, જડ એવા પુદ્ગલથી, આત્માને છૂટો પાડી, પરમહંસ બની, આત્માના પરમાનંદને આસ્વાદવાનો છે.**

આ પ્રકારે નયોના રહસ્યને જાણવા છતાં પણ, જો જીવ, "નિયતે" એટલે કે નિશ્ચયનય સંમત, પુરુષ બનીને, પુરુષતાને અનુસરવાનો પુરુષાર્થ નહિ કરશે અને એને ગૌણ ગણશે, તો પછી વ્યવહારનયને અનુસરતી એની જ્ઞાનચેતના, શુભાશુભની કલ્પનામાં ગૂંચવાયેલી નિરંતર સવિકલ્પી બની રહેશે. ફળ સ્વરૂપે નિયતિ એટલે કે ભવિતવ્યતાના અનુસારે, ભવભ્રમણ કરતાં રહેવું પડશે. એવી દશામાં થતાં તીવ્ર કે મંદ કષાયોના નિમિત્તને પામીને કાર્મણવર્ગણા ચૈતન્યમય આત્મપ્રદેશે સતત ફેલાતી રહી કર્મવાદળો એટલે કે કર્માવરણને ઘનિષ્ટ, ઘેરા ને ઘેરા બનાવતી રહેશે. એના કારણે આત્મજ્યોતરૂપ આત્મજ્ઞાનરૂપ પ્રકાશ આવરાયેલો-દબાયેલો-ઢંકાયેલો જ રહેશે. ફળસ્વરૂપ શાતા-અશાતાના બાહ્ય-અભ્યંતર અગ્નિથી તપ્ત, સુખ દુઃખ અનુભવતો, પરિવર્તન અને પરિભ્રમણને પામતો, પામર બની ભવભ્રમણ કરતો રહેશે અને પરમ-પદથી છેટો ને છેટો જ રહેશે. આ એક નક્કર સૈદ્ધાન્તિક વાસ્તવિકતા છે. માટે જ યોગીરાજ નિશ્ચયનયને અનુસરતો ધર્મવ્યવહાર-સદ્વ્યવહાર આદરવા જણાવે છે કે જે, જીવને જડથી ભિન્ન શુદ્ધચૈતન્ય સ્વરૂપદશામાં લઈ જાય. પરઘરમાંથી સ્વઘરમાં લઈ જાય.

**દુઃખ-સુખરૂપ કરમ ફળ જાણો, નિશ્ચય એક આનંદો રે;**
**ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે. વાસુપૂજ્ય૦૪**

પાઠાંતરે 'જાણો' સ્થાને જાં, 'ચેતનતા' સ્થાને 'ચેતના', 'ચૂકે' સ્થાને 'ચૂકૈં' એવો પાઠફરક છે.

**શબ્દાર્થ :** દુઃખ અને સુખ એ તો કર્તાભાવે કરાયેલ; કરણીના

---

વિકલ્પ, વાસના, વૃત્તિ અને વિચારથી ચેતનાને ઉપર ઉઠાવવાની છે.
જેટલી ઉપયોગની શુદ્ધિ તેટલો નિશ્ચય અને તે શુદ્ધિ કાળમાં યોગનું પ્રવર્તન તે ધર્મકાર્ય.

વ્યવહારથી બંધાયેલ, કર્મના ફળ વ્યવહારનયે જાણવા. બાકી નિશ્ચયનયથી તો આત્મા એકરૂપ, એકવિધ માત્ર આનંદ સ્વરૂપ જ છે. એ દ્વિવિધ કે અનેકરૂપ દુઃખરૂપ-સુખરૂપ નથી.

જિનોમાં ચંદ્ર સમાન જિનચંદ્ર એવા જિનેશ્વર તીર્થંકર ભગવંત કે જે શુદ્ધ ચેતનસ્વરૂપ બન્યા છે તે આપણને કહે છે કે સુખ હોય કે દુઃખ અથવા આનંદ હોય એવી કોઈ પણ અવસ્થામાં ચેતન, ચેતન જ રહે છે અને ચેતન, ચેતન મટી ક્યારેય જડ થતો નથી અને એના ચૈતન્ય પરિણામ ચેતનાને અર્થાત્ દર્શનચેતના અને જ્ઞાનચેતનાને ચૂકતો નથી એટલે કે ચેતન એની ચેતનાથી છૂટો પડતો નથી.

**લક્ષ્યાર્થ-વિવેચન :** ગાથા ત્રણમાં જણાવ્યા મુજબ નિશ્ચયનયથી આત્મા કર્તા નથી, તો પછી આ જે દુઃખ સુખ અનુભવાય છે તે શું છે? એ પ્રશ્નનું સમાધાન આપતા યોગીવર્ય કવિરાજ ગાથા ચારમાં જણાવે છે.

**“દુઃખ-સુખરૂપ કરમ ફળ જાણો, નિશ્ચય એક આનંદો રે.”**

કર્તાભાવે કર્તા દ્વારા કરાયેલ શુભાશુભ કરણીથી બંધાયેલ કર્મનું ફળ સુખ-દુઃખ છે. જ્યાં કર્તાપણું નથી, ત્યાં કર્તાભાવ આરોપિત કરવાનો અપરાધ કર્યો છે, તેનું ફળ છે. દુઃખ સુખ એ તો કલ્પના છે. પોતાનો જ આરોપિત ભાવ છે. એકને માટે જે દુઃખ હોય છે, તે બીજાને માટે સુખ પણ હોઈ શકે છે અને તે જ પ્રમાણે એકનું સુખ, બીજાને માટે દુઃખ થઈ શકે છે. વળી જે આ સમયે સુખ છે, તે કાળાંતરે બીજા સમયે દુઃખ બની જઈ શકે અને તેથી વિપરીત પણ ઘટી શકે છે. દુઃખ-સુખ એ વ્યવહાર છે અને તે વ્યવહાર સત્ય છે, જે સાપેક્ષ સત્ય છે. સુખ-દુઃખ પ્રતિપક્ષી છે. સુખને દુઃખમાં પલટાતાં કે દુઃખને સુખમાં પલટાતાં વાર લાગતી નથી. એ કર્મ-સાપેક્ષ કર્મજનિત અવસ્થા છે.

---

એકલો વ્યવહાર એ સંસાર, નિશ્ચયપૂર્વકનો વ્યવહાર એ મોક્ષમાર્ગ અને
એકલો નિશ્ચય તે સિદ્ધાવસ્થા અર્થાત્ મોક્ષ.

નૈશ્ચયિક, નિરપેક્ષ, નક્કર, રીયલ, સત્ય સ્વરૂપ તો આનંદ જ છે. એ અપ્રતિપક્ષી છે. એ કર્મરહિત, સ્વ આત્મ સ્વરૂપ છે. એ એકરૂપ એકવિધ છે. એમાં કોઈ તરતમતા નથી. સુખ-દુઃખ દ્વિવિધ તો છે જ, પણ પાછા અનેકરૂપ, અનેકવિધ છે કારણ કે એમાં તરતમતા છે અને કર્મની પરાધીનતા છે. આનંદ તો આત્માધીન સ્વાધીન છે.

મહામહોપાધ્યાય યશોવિજયજી જણાવે છે...

**ઘટ મુકુટ સુવર્ણહ અર્થિઆ, વ્યય ઉત્પત્તિ સ્થિતિ પેખંત રે;**
**નિજરૂપે હોવે હેમથી, દુઃખ હર્ષ ઉપેક્ષાવંત રે. જિનવાણી પ્રાણી.**

- ગા.૧૩૬ ઢાળ-૯ દ્ર.ગુ.પ. રાસ.

સુખ હોય, દુઃખ હોય કે આનંદ હોય, એ સઘળા વેદનના પ્રકારો છે. વેદન એ ચેતનની ચેતના-ચૈતન્યતા છે. ચેતનને જ વેદન છે. ચેતનમાં, જેમ જ્ઞાયકતા-જ્ઞાનચેતના છે, તેમ ચેતનમાં વેદકતા એટલે કે વેદન-ચેતના પણ છે. જ્ઞાયકતા અને વેદકતા ચેતનના લક્ષણો છે એટલે કે ચેતનની ચેતના છે. **પરક્ષેત્રે જ્ઞાયકતા એ ચેતનનો ગુણ છે, તો સ્વક્ષેત્રે વેદકતા એ પણ ચેતનનો ગુણ છે.** ચેતના એના શુદ્ધ સ્વરૂપમાં નથી, તો જ્ઞાનચેતના અશુદ્ધસ્વરૂપે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાનરૂપ છે અને વેદન-ચેતના સુખ-દુઃખરૂપ દ્વિવિધ છે. ચેતના એના શુદ્ધાશુદ્ધ સ્વરૂપમાં છે, તો જ્ઞાનચેતના મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાનરૂપ છે અને વેદન-ચેતના તરતમભાવે સુખ-દુઃખરૂપ છે. જો ચેતના સર્વાંગ શુદ્ધ છે તો જ્ઞાનચેતના કેવળજ્ઞાનરૂપ, દર્શનચેતના કેવળદર્શનરૂપ એટલે કે અનંતજ્ઞાન, અનંતદર્શનરૂપ છે અને વેદનચેતના અનંતસુખરૂપ અર્થાત્ અનંત-આનંદ સ્વરૂપ છે.

જિનોમાં ચંદ્ર સમાન એવા, જિનેશ્વર, તીર્થંકર ભગવંત શુદ્ધચેતન-

---

શુદ્ધાત્મા-પરમાત્મા શ્રી વાસુપૂજ્ય સ્વામી, ચેતન એવા આપણને કહે છે કે સુખ હોય, દુઃખ હોય, કે આનંદ હોય; ચેતન હર હાલતમાં ચેતન જ રહે છે. કર્મસહિતતા હોય કે કર્મરહિતતા હોય, ચેતન ચૈતન્યતા ચૂકતો નથી. અર્થાત્ જડ એવા પુદ્ગલના સંગમાં, કર્મજનિત અવસ્થામાં પણ ચેતન તો, ચેતન જ રહે છે અને જડ, જડ જ રહે છે. ચેતન કોઈ કાળે ચેતન મટી જડ થતો નથી અને જડ કોઈ કાળે ચેતન થતું નથી. દ્રવ્ય ભેગાં થયા છે પણ દ્રવ્યાંતર એટલે કે જાત્યંતર ક્યારેય થતું નથી. આ સંદર્ભમાં એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરતું નથી એમ કહેવાય છે. બાકી નિમિત્ત નૈમિત્તિકભાવ તો છે જ ! નિમિત્તમાં ભલે કારકતા નથી, પણ કારણતા તો છે જ. તેથી જ નિમિત્તકારણ કહેવાય છે. નિમિત્ત કાંઈ કરતું નથી ભલે કહીએ, પણ નિમિત્ત વગર કાંઈ થતું નથી, એ વાતને પણ સ્વીકારીએ અને લક્ષમાં રાખીએ તે જરૂરી છે.

આવી પરિસ્થિતિમાં સુખ-દુઃખના, શાતા-અશાતાના ચકાવામાંથી છૂટીને, જડથી જુદા પડીને, ચેતનાએ, એના સ્વામી ચેતન સાથે, અભેદ થવાથી જ નૈશ્ચયિક, નિરપેક્ષ આત્માનંદની અનુભૂતિ કરી શકાય છે અને સચ્ચિદાનંદ બની શકાય છે. એ માટે જ વ્યવહારને નિશ્ચયલક્ષી અને નિશ્ચયપક્ષી બનાવી ચકાકારગતિ-પરિઘમાંથી બહાર નીકળી, કેન્દ્ર તરફ પ્રગતિ કરનારા, કેન્દ્રગામી એટલે કે આત્મગામી બની આત્મ-આરામી બનવાનું છે.

ખરેખર તો જિનેશ્વર, તીર્થંકર ભગવંત એને જ ચેતન કહે છે કે જે પ્રતીતિ, લક્ષ અને સ્વાનુભૂતિની ધારાથી સ્વરૂપાનુસંધાનનું સાતત્ય જાળવતો એને સ્થાયી બનાવે. પોતાના જાણવા-જોવાના જ્ઞાયક સ્વભાવને સતત જોતો-જાણતો, પોતાની જ્ઞાનધારામાં ડૂબેલો, તન્મય બની જ્ઞાનમય રહે. ચેતના ને ચેતનની અભેદતા સાધે. એ માટે નિરંતર સજાગ રહે.

---

વસ્તુની ગુણાત્મકતા-ઉપયોગીતા એ વસ્તુની Value વેલ્યુ છે.
જ્યારે વસ્તુનો બજારમાં ક્રયવિક્રયનો ભાવ એ Price-કિંમત છે.

**પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમફળ ભાવી રે;**
**જ્ઞાન કરમફળ ચેતન કહીએ, લેજો તેહ મનાવી રે. વાસુપૂજ્ય૦૫**

પાઠાંતરે 'કહીએ'ના સ્થાને 'કહીઈ', 'લેજા'ના સ્થાને 'લેયો' એવો પાઠફેર છે.

**શબ્દાર્થ :** પરિણમનશીલ એવો ચેતન એની ચેતના (પરિણતિ-ચિતિક્રિયા) જેવી હોય, તેવા પરિણામોને એટલે કે ફળને ભવિષ્યમાં પામે છે.

જ્ઞાનચેતનાના પરિણામે, ચેતન ભાવિમાં જ્ઞાનમય બને છે અને કર્મચેતનાના પરિણામે, કર્મમય કર્તા બને છે જ્યારે, કર્મફળ ચેતનાના પરિણામે કર્મફળ ભોક્તા બને છે. જ્ઞાનચેતના-જ્ઞાનક્રિયા-જ્ઞાનકર્મનું ફળ જ ચેતન એટલે કે શુદ્ધચૈતન્ય એવા પરમાત્મસ્વરૂપનું પ્રાગટ્ય છે.

આ સમજી લેજો અને સમજીને તે માટે ચેતનાની દિશા, તે તરફ વાળી લેવા એને મનાવી લેજો-સમજાવી દેજો !

**લક્ષ્યાર્થ-વિવેચન :** ચેતન કહેતાં આત્મા પરિણમનશીલ છે. એ પરિણમનશીલ છે, તેથી પરિણામને પામે છે. જેવી એ ચેતનાની ચિતિ-પરિણતિ તેવું ચેતનનું પરિણમન. ચેતન જે પરિણામને પામે છે, તેમાં તે મય-તન્મય થઈ જાય છે.

ચેતન, આમ તો દ્રવ્યથી નિત્ય એટલે કે અનાદિ-અનંત, અનુત્પન્ન, સ્વયંભૂ, સ્વાધીન, નિષ્પન્ન છે. પરંતુ પર્યાયથી પલટનભાવવાળો પરિણમનશીલ છે. એ પરિણમનશીલ છે, તેથી જ તો પરિણામને પામે છે. એ અનાદિ-અનંત જરૂર છે. **પણ તે સાદિ-સાન્ત ભાવે અર્થાત્ પરિણમનપૂર્વક અનાદિ અનંત છે. એ જ કારણે તે અનાદિ-અનંત ચેતન**

જેની પાસે સંતોષ ધન નથી તેની દયા ખાવા જેવી છે, કારણ કે ખરેખર તે ભિખારી છે.

**(દ્રવ્ય), એની ચેતના (પર્યાય)ને સાદિ-સાન્ત પૂર્વકની અવસ્થામાંથી બહાર કાઢી, સાદિ-અનંત એવી કર્મરહિત અવસ્થા એટલે કે સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરી શકે છે.**

ચેતન સ્વભાવથી જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપ હોવાથી, ચેતનની ચેતના જ્ઞાનચેતનારૂપે જ કાર્યશીલ હોવી જોઈએ. અર્થાત્ ચેતનની ચેતનાનું કાર્ય જોવા અને જાણવાનું જ માત્ર હોવું જોઈએ. એના પરમ વિશુદ્ધ સ્વરૂપમાં તો, એને જોવા કે જાણવા જવાપણું પણ ન હોય. એની જ્ઞાનચેતનાના પ્રકાશમાં સહજપણે અપ્રયાસ બધું દેખાઈ અને જણાઈ જતું હોય છે. એ સ્થિતિ એવી છે કે...

Not going to know but came to know.

**જાણવા ગયા વગર જ્ઞાનચેતનામાં જણાઈ જાય.**

જો ચેતન, ચિતિક્રિયા એટલે કે સ્વરૂપક્રિયા કરે છે, તો ભવિષ્યમાં જ્ઞાનચેતના કેવળજ્ઞાન ચેતનામાં પરિણમે છે અને એના ફળરૂપે આનંદવેદનને પામે છે. ચેતન, એના અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતસુખ અને એ ત્રણેની અનંતતાને અનંતકાળ ટકાવી રાખનાર અનંતશક્તિ અર્થાત્ અનંતવીર્યને પામીને, અનંતચતુષ્કનો સ્વામી બને છે. આ પરિણામ ત્યારે જ આવે, કે જ્યારે ચેતન સભાનપણે, સતત જ્ઞાનધારામાં સજાગ રહેવાનો પુરુષાર્થ આદરે અને જ્ઞાનધારાને સ્થાયી બનાવે. આ જ્ઞાનધારાને આત્મધારા કે ચૈતન્યધારા પણ કહી શકાય.

**જો ચેતન જ્ઞાનધારામાં સ્થિત નથી અને જ્ઞાનધારામાં રહેવાનો પુરુષાર્થ પણ કરતો નથી, તો તે કર્મધારામાં તણાય છે.**

જ્ઞાનચેતનાથી જે ચેતન ચેતનવંત નથી, તેની ચેતના, કર્મચેતના

---

બની, એને કર્મચેતન-જડચેતન-નિશ્ચેતન ચેતન બનાવે છે. કર્મધારામાં વહેતી કર્મચેતના, કર્તાભાવે જે કાંઈ ક્રિયા કરે છે, તેનાથી કરાયેલ કર્મથી બંધાય છે અર્થાત્ કર્મબંધ કરે છે. ભવિષ્યમાં કર્મના ઉદયકાળે તે કર્મના ફળને પામી, તે મય થઈ, તન્મય બનનાર કર્મફળ ચેતના બને છે.

આમ જ્ઞાનચેતના ન બની રહેનાર ચેતનની ચેતના, કર્મચેતના અને કર્મફળ ચેતનારૂપે અર્થાત્ નિશ્ચેતન-ચેતનરૂપે કાર્યાન્વિત થાય છે કે જેમાં કર્તૃત્વભાવ અને ભોક્તૃત્વભાવ હોય છે. એ કર્મધારા ચાલુ રહે છે ત્યાં સુધી ચેતન સુખ-દુઃખ, શાતા-અશાતા, શુભાશુભના ચકાવામાં, પરિઘ ઉપર, ચકાકારે ગતિ કર્યા કરે છે. પરંતુ સાદિ-અનંત કાળની સ્થિતિમાં લઈ જનારી, કેન્દ્ર તરફની આત્મગામી પ્રગતિ કરતો નથી.

જ્ઞાન નક્કી કરે કે હું આત્મા છું, પણ શ્રદ્ધા કહે કે "હું ચંદુભાઇ છું!" ત્યાં સુધી અનુભવ કેમ થાય? હું આત્મા છું, ત્રિકાળ શુદ્ધ છું એવી શ્રદ્ધાને પ્રબળ કરે તે જ જ્ઞાન વાસ્તવિક જ્ઞાન છે. આત્માની સાચી શ્રદ્ધા કરવા માટે, આત્માને બધા જ પડખાથી ઓળખવો જરૂરી છે. નય સાપેક્ષ જ્ઞાનથી દૃષ્ટિમાં, વિશાળતા અને ઉદારતા આવતાં, ઉપયોગ સૂક્ષ્મ બને છે, કે જે સૂક્ષ્મ ઉપયોગથી જ ઉપયોગમાં શુદ્ધાત્મા પકડી શકાય છે અર્થાત્ સંવેદી શકાય છે.

ચેતન, જ્યારે કર્મધારામાંથી બહાર નીકળી સમ્યગ્ દૃષ્ટિ બની સ્વરૂપદૃષ્ટા થાય છે, ત્યારે જ્ઞાનધારામાં આવે છે. સ્વરૂપદૃષ્ટા બની, જ્ઞાનધારામાં પ્રવેશેલો ચેતન, હવે જાણતો અને સમજતો થાય છે કે, કર્તાભાવે, કર્મચેતના વડે કરાયેલ ક્રિયાથી કર્મબંધ છે અને તે કર્મચેતનાના પરિણામરૂપે કર્મફળ ચેતના સુખ-દુઃખ, શાતા-અશાતાના વેદનરૂપ

---

ભોગવવાનું આવે છે, જે કર્તાભાવના પરિણામરૂપ ભોક્તાભાવ છે. જ્ઞાનધારામાં, આવો સમજુ બનેલ ચેતન, હવે કર્મચેતના અને કર્મફળ ચેતનાને માત્ર જોનારો અને જાણનારો અકર્તા-અભોક્તા બને છે. જ્ઞાનધારામાં સભાનપણે સતત સજાગ રહી, જ્ઞાતા-દૃષ્ટા બની રહેવાના પુરુષાર્થને આદરે છે. સ્વરૂપદૃષ્ટા હવે સ્વરૂપકર્તા બને છે.

સ્વરૂપકર્તા એવો શબ્દપ્રયોગ કર્યો છે. પરંતુ ખરેખર તો સ્વરૂપમાં કરવાપણું હોતું જ નથી. સ્વરૂપમાં તો ઉઘડવાપણું, ઉગવાપણું, ખૂલવાપણું ને ખીલવાપણું છે. કારણ કે સ્વરૂપ તો સ્વરૂપપણે અંતર્ગત રીતે આત્મામાં રહેલું જ છે, તે પ્રાપ્તની જ પ્રાપ્તિ કરવાની છે. અર્થાત્ પ્રગટીકરણ કરીને વેદનમાં લાવવાનું છે. કર્મવાદળ હઠાવીને આત્મજ્ઞાનરૂપ સૂર્યે પ્રકાશિત થવાનું છે અને કર્મના છોતરા-ફોતરાને દૂર કરીને, આનંદઘન રૂપ આત્મકંદને આસ્વાદવાનો છે. આ કર્તૃત્વ વિનાનું ભોક્તૃત્વ છે. **આ તો પોતાના પોતાપણાને જાણીને, પોતાના પોતને, એટલે કે પોતાપણાને પ્રગટ કરી, પોતામાં પોતાના પોતાપણાને આસ્વાદવાની પ્રક્રિયા છે.**

જ્ઞાનધારામાં ઉપર અને ઉપર ઉઠતો ચેતન, એની જ્ઞાનચેતનાને જ્ઞાનધારામાં સ્થાયી બનાવે છે, ત્યારે જ્ઞાન-ચેતનાનું પરિણામ કેવળજ્ઞાનના પ્રાગટ્યમાં પરિણમે છે. પછી ચેતન સહજ, નિર્વિકલ્પ, જ્ઞાતા-દૃષ્ટા બની રહે છે. **પરિણામ સુધારવાની વૃત્તિ એ નીચેની ભૂમિકા છે, જે નીચલી પ્રારંભિક કક્ષામાં જરૂરી છે. જ્યારે "હું અપરિણામી છું!" એનું લક્ષ્ય કરી અપરિણામીના ઉપયોગને સ્થિર કરતાં જવું તે ઉપલી ભૂમિકા છે.**

ચેતને પોતે પોતાની ચેતનાને સમજણના ઘરમાં લાવી, કર્મચેતના અને કર્મફળ ચેતનાને જ્ઞાનધારામાં વળવા સમજાવવાની-મનાવવાની છે.

---

કષાય અને ભ્રાંતિ થવામાં ઘાતી કર્મનું નિમિત્ત છે. પ્રતિકૂળતા થવામાં અઘાતિ કર્મનું નિમિત્ત છે.

એમ થશે, તો જ ચેતના કર્મધારામાંથી છૂટીને, જ્ઞાનચેતનારૂપે પરિણમીને અનંતદર્શન અને અનંતજ્ઞાન જે પોતાનું સ્વભાવિક મૌલિક સ્વરૂપ છે, તેને પામશે અને અનંતસુખને વેંદશે.

અનંતસુખનું આસ્વાદન કરાવતા અનંતદર્શન અને અનંતજ્ઞાનથી યુક્ત જ્ઞાનચેતનાથી ચેતનવંતો ચેતન જ, સાચા અર્થમાં ખરેખર ચેતન છે; એમ જિનેશ્વર ભગવંતો જણાવે છે. એ સિવાયની કર્મચેતના અને કર્મફળ ચેતનાથી ચેતનવંતો ચેતન એ ચેતન જ નથી. એ જડચેતન, મિશ્રચેતન, નિશ્ચેતનચેતન છે, જે જડવત્ એટલે કે જડ જેવો છે.

માટે જ ચેતનના તથા ચેતનાના ભેદને ઝીણવટથી પૂરેપૂરા સમજી લઈને, ચેતનાને પોતાના સ્વામી ચેતન સાથે અભેદ સાધવા સમજાવી લેવાની છે. પરઘરેથી સ્વઘેર લઈ આવવાની છે. સમજીને સમાઈ જવાનું જે કહ્યું છે, તે આ સંદર્ભમાં જ કહ્યું છે.

આમ તો આ ગાથા પાંચ, એ ગાથા એક અને બેની પુનરુક્તિ જ છે. પરંતુ આ પાંચમી ગાથામાં વિશેષ ભાર એ વાત ઉપર મૂકવામાં આવ્યો છે કે, ચેતન એની ચેતનાથી ચેતનવંતો છે અને ચેતનાનું મૌલિક સ્વરૂપ અનંતદર્શનરૂપ કેવળદર્શન ને અનંતજ્ઞાનરૂપ કેવળજ્ઞાન છે; જે જ્ઞાનચેતના છે. માટે ચેતનની ચેતનવંતતા એની મૌલિક અનંતદર્શન-ચેતના અને અનંતજ્ઞાન-ચેતનાથી પ્રગટ કરો !! એવી કવિવર્ય યોગીરાજશ્રીની પ્રેરણા છે. જે જણાવ્યું છે, જે સમજાવ્યું છે અને જે જાણ્યા-સમજ્યા છે, તેના અમલીકરણની વાત અધ્યાત્મયોગીએ આ પાંચમી ગાથમાં ગૂંથી છે.

**આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;**
**વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, 'આનંદઘન' મત સંગી રે. વાસુપૂજ્ય૦૬**

પાઠાંતરે 'જ્ઞાની' ને બદલે 'ગ્યાનિ', 'કહાવે' બદલે 'કહાવૈ', 'મત'ને બદલે 'મતિ' એવો પાઠફરક છે.

**શબ્દાર્થ :** આત્માના જાણકાર આત્મજ્ઞાની હોય, તેને શ્રમણ એટલે કે મુનિ કહેવાય. એના સિવાયના બીજા દ્રવ્યથી સાધુ હોય તેઓને દ્રવ્યલિંગી સમજવા.

જે વસ્તુ-જે તત્ત્વ જેવું હોય તેવું, તેનું પ્રકાશન કરે તે આનંદઘન એટલે કે આત્માના મતનો સંગ કરનાર અધ્યાત્મી-આત્માર્થી છે. અથવા તો સ્તવન રચયિતા આનંદઘનજીના મતના સંગાથી છે.

**લક્ષ્યાર્થી-વિવેચન :** અત્યાર સુધીની ગાથામાં આત્મયોગી કવિશ્રીએ ચેતન એટલે આત્મા શું છે એનું જ્ઞાન પીરસ્યું. ચેતનની ચેતના શું છે, તે સમજાવ્યું અને ભાર મૂકીને પૂર્વની ગાથામાં જણાવ્યું કે ચેતન એની જ્ઞાયકતાથી એટલે કે જ્ઞાનચેતનાથી જ ચેતનવંત, ચૈતન્યસ્વરૂપ છે. અન્યથા નહિ.

હવે આ અંતિમ ગાથાગાનમાં કવિરાજ કહે છે કે, જ્ઞાનચેતનાથી આત્મસાક્ષાત્કાર કરેલ ચૈતન્ય સ્વરૂપ આત્મજ્ઞાની છે, તે જ શ્રમણ એટલે કે મુનિ કહેવડાવવાને લાયક છે. અર્થાત્ જેણે ગ્રંથિભેદ કરી, મોહનીયકર્મનો ઉપશમ કરી, ચૈતન્યતા એટલે કે આત્મસ્વરૂપનું આંશિક આસ્વાદન કરવા દ્વારા; આત્મ સ્વરૂપ જેવું છે તેવું જાણ્યું છે અને અંશે અનુભવ્યું છે, તે આત્મજ્ઞાની છે અને તેવા જ્ઞાનદશાને પ્રાપ્ત કરી ચૂકેલ આત્મજ્ઞાની શ્રમણ કે મુનિ પદને યથાર્થપણે શોભાવનાર છે. એ જ છઠ્ઠા અને સાતમા ગુણઠાણે આત્મદશામાં ઝૂલનારા ભાવસાધુ છે.

જેમણે હજુ સુધી ગ્રંથિભેદ કરીને મોહનીયકર્મનો ક્ષયોપશમ કરવા

દ્વારા જ્ઞાનધારામાં પ્રવેશ કર્યો નથી અને ઔદયિક-કર્મને આધીન થઈ કર્મધારામાં જ તણાઈ રહ્યા છે, તે સર્વ સાધુનો વેશ ધારણ કરી, સાધ્વાચારનું પાલન કરનારા, દ્રવ્યસાધુ જાણવા. એ આત્મજ્ઞાની બની ભાવસાધુતાને પામવા પ્રયત્નશીલ હોય તો અવશ્ય પૂજ્ય, વંદનીય, આરાધ્ય છે. પરંતુ મુનિ કે શ્રમણ કહેવડાવવાને યોગ્ય નથી. શાસ્ત્રમાં પણ જણાવે છે...

**नाणेण य मुणी होइ, समयाए समणो होइ।**

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;
બાકી કુલગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય. - શ્રીમદ્જી

**मन्यते यो जगत्तत्त्वं स मुनिः परकीर्तितः।**
**सम्यक्त्वमेव तन्मौनं, मौनं सम्यक्त्वमेव च॥**

- જ્ઞાનસાર મૌનઅષ્ટક

"જે જગતનું તત્ત્વ બરાબર માને, વિચારે, જાણે તે મુનિ."

માટે સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેમાં અનુગત જે સમ્યક્ત્વ છે તે જ મુનિપણું છે અને એ મુનિપણું જ સમ્યક્ત્વ છે.

આ જ વાતને સમર્થન આપતા લોકસાર અધ્યયનમાં શ્રી આચારાંગ સૂત્ર જણાવે છે...

**जं सम्मं-ति पासहा, तं मोणं-ति पासहा।**
**जं मोणं-ति पासहा, तं समं-ति पासहा॥**

"જે સમ્યક્ત્વ છે" એમ જાણો છો, "તેને મૌન-મુનિપણું છે" એમ સમજો અને "જેને મુનિપણું છે" એમ સમજો છો, "તેને સમ્યક્ત્વ છે" એમ સમજો.

---

*મોક્ષ એ આંતરિક ભાવ તત્ત્વ છે માટે એની પ્રાપ્તિનો માર્ગ પણ આંતરિક ભાવ જ હોય.*

**आत्मनमाऽऽत्मना वेत्ति मोह – त्यागाद् य आत्मनि।**
**तदेव तस्य चारित्रं तज्ज्ञानं तच्च दर्शनम्।।**

જે આત્મા, આત્મામાં આત્મા વડે નિર્મોહી-વીતરાગ આત્માને જાણે છે, તે જ તેનું ચારિત્ર છે, તે જ તેનું જ્ઞાન છે અને તે જ તેનું દર્શન છે.

આવા જે આત્મજ્ઞાની છે, તેણે આત્માને એટલે કે અસ્તિભાવે સ્વને જાણ્યો છે, તે નાસ્તિભાવે પરને પણ જાણે છે. આમ આત્મજ્ઞાની અસ્તિભાવ, નાસ્તિભાવ અને અસ્તિનાસ્તિભાવથી સકલાદેશી હોવાથી વસ્તુને, તે જેવી છે તેવી તો જાણે છે પણ, વસ્તુ કેવી નથી તે પણ સાથે સાથે જાણે છે. તેથી જ આત્મજ્ઞાની શ્રમણ, વસ્તુનું જેવું સ્વરૂપ છે તે તેને વસ્તુત્વ સ્વરૂપે અને વસ્તુબાહ્યને અવસ્તુત્વ સ્વરૂપે; ઉભય અસ્તિ નાસ્તિ ભાવપૂર્વક પ્રકાશી શકે છે અર્થાત્ જણાવી-સમજાવી શકે છે.

આવા જે **'વસ્તુગતે વસ્તુ પ્રકાશે'** છે, તે શુદ્ધ પ્રરૂપણા કરનારા, આત્મજ્ઞાની શ્રમણ આનંદઘન મહારાજાના મતે સંગ કરવા જેવા છે. એ સદ્ગુરુના સંગી, સંગાથી, સોબતી, અનુયાયી બનવાથી આનંદઘન-આત્માનો સંગ થશે અને આનંદનો સમુહ-આનંદકંદ, જે પરમ-આત્મસ્વરૂપ છે, તે પમાશે અને શાશ્વત સુખના-ધામ-આત્મધામમાં વાસ થશે.

સ્તવનના ભાવ ખૂબ ખૂબ ગહન છે. શક્ય તેટલું ઊંડાણમાં જવાનો પ્રયાસ કરી રહસ્યોને ઉજાગર કરવાનો પુરુષાર્થ સ્વ ક્ષયોપશમ અનુસાર થયો છે, છતાં તે તલસ્પર્શી ન હોય, એવી શક્યતા છે. તત્ત્વ, જ્ઞાની એમના જ્ઞાનમાં જાણે અને આપણે પણ જ્ઞાની થયેથી આપણા જ્ઞાનમાં જણાશે. આપણે સહુ શીઘ્રાતિશીઘ્ર કેવળજ્ઞાની થઇએ એવી મંગળ કામના !

---

# 13 શ્રી વિમલ જિન સ્તવન

રાગ : મલ્હાર ... "ઈડર આંબલી રે ઈડર દાડિમ દ્રાક્ષ..." એ દેશી
તથા "અરિ બાઈ ભલો ભરતાર..." એ દેશી

દુઃખ-દોહગ દૂરે ટળ્યાં રે, સુખ-સંપદ શું ભેટ;
ધીંગ ધણી માથે કિયો રે, કુણ ગંજે નરખેટ
વિમલજિન દીઠાં લોયણ આજ, મારા સીધાં વંછિત કાજ. વિમલ૦૧

ચરણકમલ કમળા વસે રે, નિર્મળ થિર પદ દેખ;
સમળ અથિર પદ પરિહરે રે, પંકજ પામર પેખ. વિમલ૦૨

મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણમકરંદ;
રંક ગણે મંદર-ધરા રે, ઇંદ્ર ચંદ્ર નાગેંદ્ર. વિમલ૦૩

સાહેબ! સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;
મન વિસરામી વાલહો રે, આતમચો આધાર. વિમલ૦૪

દરિસણ દીઠે જિનતણું રે, સંશય ન રહે વેધ;
દિનકર કરભર પસરંતા રે, અંધકાર પ્રતિષેધ. વિમલ૦૫

---

પ્રતિકૂળ સંયોગોમાં પણ દૃઢ સંકલ્પ કરી ટકી રહેવું તે આગ્રહ નથી પણ ટેક છે.




विमलस्वामिनो वाचः, कतक-क्षोद-सोदराः ।
जयन्ति त्रिजगच्चेतो-जल-नैर्मल्य-हेतवः ॥ ॥१३॥

નામ : ૧૩ મા શ્રી વિમલનાથ

લાંછન : સૂઅર

રાશિ : મીન

ગણ : માનવ

માતા : શ્યામા

પિતા : કૃતવર્મા

ગર્ભવાસ : ૮-૨૧

દીક્ષા પર્યાય : ૧૫ લાખ વર્ષ

સર્વ આયુષ્ય : ૬૦ લાખ વર્ષ

સમ્યક્ત્વ પામ્યા પછીની ભવ સંખ્યા : ૩ ભવ

ચ્યવન કલ્યાણક નક્ષત્ર સાથે : ઉ. ભાદ્રપદ વૈ. સુ.૧૨



# વિમલનાથજી

13

જન્મ કલ્યાણક નક્ષત્ર સાથે : ઉ. ભાદ્રપદ મહા સુ.૩

દીક્ષા કલ્યાણક નક્ષત્ર સાથે : ઉ. ભાદ્રપદ મહા સુ.૧૪

કેવળજ્ઞાન કલ્યાણક નક્ષત્ર સાથે : ઉ. ભાદ્રપદ પો. સુ.૧૪

નિર્વાણ કલ્યાણક નક્ષત્ર સાથે : રેવતી જેઠ વ.૭

જન્મનગરી : કાંપિલ્યપુર

દીક્ષાનગરી : કાંપિલ્યપુર

કેવળજ્ઞાનનગરી : કાંપિલ્યપુર

નિર્વાણભૂમિ : સમ્મેતશિખર

મિય ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
ાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપતિ ન હોય. વિમલ૦૬

એક અરજ સેવકતણી રે, અવધારો જિનદેવ;
પા કરી મુજ દીજિયે રે, **'આનંદઘન'** પદ સેવ. વિમલ૦૭

યોગીરાજજીએ પ્રીતિયોગમાંથી ભક્તિયોગમાં અને ભક્તિયોગમાંથી જ્ઞાનયોગમાં પ્રવેશ કરાવ્યો. આત્માના આત્મસ્વરૂપની પણ ઓળખાણ કરાવી અને આત્માના પરમાત્મ સ્વરૂપની પણ પિછાણ કરવી.

જેને આત્માના પરમાત્મ સ્વરૂપની પહેચાન થઈ હોય તેને, એની લગન લાગ્યા વિના રહે નહિ અને ગલન (અશ્રુઝરણ) ન થાય એવું બને નહિ. એવા આત્માને, પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે, જ્યારે આત્મજ્ઞાની પુરુષનો કે પરમાત્માનો ભેટો થાય, ત્યારે તે ઓવારી ગયા વિના રહે નહિ અને ઓવારણા લેવાનું ચૂકે નહિ.

શરૂઆતની ભૂમિકામાં, ભક્તિમાં પ્રભુ પ્રત્યે પ્રીતિની પ્રધાનતા હતી. પ્રીતિમાંથી નિષ્પાદિત, હૃદયને ભીંજવતી સ્નેહની સરવાણી હતી. હવે આત્મા-પરમાત્માનું જ્ઞાન થતાં, જ્ઞાનથી રસાળ બનેલી પશ્ચાત્ ભૂમિકાની ભક્તિ કરીને, આત્માને પરમાત્મ-સ્વરૂપમાં ગરકાવ કરનારી, જ્ઞાનની છોળો ઉછળતી હોય તેવું અનુભવાય છે. સ્વરૂપમાં ઓળઘોળ થઈ પરમાત્મા ઉપર ઓવારી ગયેલાં આત્માના ઓવારણારૂપ હૃદયોદ્ગાર આ સ્તવનમાં જોવા મળે છે. મસ્ત-ફકીર, અવધૂતયોગી, આનંદઘનજી મહારાજાનું, જ્ઞાનસભર ભક્તિથી નીતરતું, આત્માને નિર્મળ બનાવવા માટે જ જાણે કે ના રચાયું હોય તેવું, આ તેરમું શ્રી વિમલજિન સ્તવન છે.

આત્મનિષ્ઠ, આત્મજ્ઞાની, સાધનાસિદ્ધિ વિરતિધર, મુનિભગવંતોએ

---

ગીતાર્થનો મોક્ષ છે. ગીતાર્થની નિશ્રામાં રહેનારનો પણ મોક્ષ છે. પરંતુ સ્વછંદીનો મોક્ષ નથી.

સાધના દ્વારા, પરમાત્મ-તત્ત્વને અનુભવ્યુ હોય છે. એટલે તેઓ પરમાત્મભાવની જેમ જેમ સમીપ જતાં જાય છે, તેમ તેમ પરમાત્મા પ્રતિ તેમનો અહોભાવ તીવ્ર, તીવ્રતર અને તીવ્રતમ બનતો જાય છે. પછી ભક્તિ એવી જામતી જાય છે કે, પરમાત્મ-ભાવના રંગે રંગાયેલ, ભક્ત હૃદયમાંથી ભક્તિના વહેણ વહે છે. શાબ્દિક ભક્તિ હવે હાર્દિક બને છે, તેથી આંખો ભીંજાય છે અને હૃદય ગદ્ગદિત થાય છે.

જ્ઞાનમાંથી વિકારો નીકળી જતાં, ચિંતન અને ધ્યાન થાય છે અને ચિંતન ને ધ્યાનમાંથી શુક્લધ્યાનમાં આરોહણ થતું હોય છે, જેનું ફળ પાછું જ્ઞાન એટલે કે કેવળજ્ઞાનનું પ્રાગટ્ય છે.

પરંતુ જ્યાં સુધી સદ્ગુરૂની સાક્ષાત્ નિશ્રામાં, વિષય-કષાય ઉપર જય મેળવવાપૂર્વક, પ્રભુભક્તિ દ્વારા, દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ થતો નથી, ત્યાં સુધી માત્ર આત્મચિન્તનથી, ચિત્ત કેવળ કલ્પનાના પ્રવાહમાં વહેતું રહે છે, પણ ચિત્તની શુદ્ધિ થતી નથી અને જ્ઞાનનિષ્ઠ થવાતું નથી. બલ્કે ચિંતક સંદેહ, શુષ્કતા, જ્ઞાનમદ, આદિ દોષોનો ભોગ બની, સ્વચ્છંદી બની જાય છે. સજીવનમૂર્તિ એટલે કે પ્રત્યક્ષ જ્ઞાની, ગીતાર્થ, સદ્ગુરુની કૃપા વિના-અનુગ્રહ વિના દોષ મુક્ત થવું શક્ય બનતું નથી. એથી જ જિનાગમો, "આણાએ ધમ્મો" સૂત્ર ઉપર ભાર આપી, આજ્ઞાપાલનને ધર્મ જણાવે છે. કારણ કે સ્વરૂપનિષ્ઠ એવા સદ્ગુરુના મુખેથી સાધ્ય, સાધન, સાધકની યોગ્યતા અને તે મુજબની ભૂમિકાને અનુરૂપ સાધનાના રહસ્યો સમજ્યા વિના આત્મ-સાક્ષાત્કારની સાધનામાં પ્રવેશ થતો નથી.

**પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર;**
**એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર.**

---

બુદ્ધિની ટચુકડી ફૂટપટ્ટીથી કેવળજ્ઞાનનો મહાસાગર માપ્યો મપાય એમ નથી અને
બુદ્ધિની ટચુકડી ચમચીથી કેવળજ્ઞાનનો મહાસાગર ઉલેચ્યો ઉલેચાય એમ નથી.

**પ્રત્યક્ષ સદ્ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;**
**ત્રણે યોગ એકત્વથી વર્તે આજ્ઞાધાર.**

આત્મચિંતનને યોગ્ય, ઉપયોગની શુદ્ધિ અને સૂક્ષ્મતાને માટે દર્શનમોહનો ક્ષય કે ક્ષયોપશમ અનિવાર્ય છે, જે ભક્તિયોગ વડે સહેલાઇથી પ્રાપ્ત થાય છે: ચિત્તશુદ્ધિ માટે તો ભક્તિયોગનો માર્ગ જ, જ્ઞાનયોગીને માટે પણ આદરણીય થઈ પડે છે.

આત્મજ્ઞાની બનેલા સહુએ, ગદ્ગદ્ હૈયે, પરમાત્માના અત્યંત ભક્તિભાવપૂર્વક ગુણગાન ગાયા છે. જગચિંતામણીના રચયિતા પરમવિનયી ગૌતમગણધર ભગવંતથી લઈ; યોગીરાજ આનંદઘનજી, શ્રીમદ્ દેવચંદ્રજી, મહામહોપાધ્યાય યશોવિજયજી, ઉપાધ્યાય ઉદયરત્નજી, ઉપાધ્યાય વીરવજિયજી, પદ્મવિજયજી, જિનવિજયજી, જ્ઞાનવિમલસૂરિજી, વિનયવિજયજી અને વર્તમાનમાં નજીકના ભૂતકાલમાં થઇ ગયેલા બુદ્ધિસાગરસૂરીશ્વરજી અને આત્મારામજી સુધીના બધાંય જ્ઞાનીપુરુષોએ નમ્ર બની ભક્તિભર્યા હૈયે, પરમાત્મા તીર્થંકર ભગવંતોના ગુણગાન જ્ઞાનરસાળ શૈલિથી ગાયા છે અને પોતાના આત્માને કૃતકૃત્ય બનાવવા માટે પરમાત્માની આગળ આરઝૂ કરી છે. તે આરઝૂ કેવી હોય, તેની છાંટ પ્રસ્તુત સ્તવનમાં જોવા મળે છે. અનંત ઉપકારીના અસીમ ઉપકારને, સ્તવનમાં વ્યક્ત કરવામાં આવ્યો છે.

**શાસન તાહરું અતિ ભલું, જગ નહીં કોઈ તસ સરખું રે,**
**તેમ તેમ રાગ ઘણો વધે; જેમ જેમ જુગતિશું પરખું રે.**

- ગા.૧.ઢાલ ૩ ૧૫૦ ગાથા સ્ત. - મહામહોપાધ્યાયજી

જ્ઞાનનું ફળ ભક્તિ, ભક્તિનું ફળ વિરતિ અને વિરતિનું ફળ મુક્તિ જણાવેલ છે.

---

પુણ્યના માલિક નહિ પણ ટ્રસ્ટી બનવાનું છે. વિશ્વાસ મૂકીને પ્રકૃતિએ પુણ્યશાળી બનાવવા દ્વારા વિશ્વસ્થ બનાવ્યા છે તેને વફાદાર રહેવાનું છે.

**દુઃખ-દોહગ દૂરે ટળ્યાં રે, સુખ-સંપદ શું ભેટ;**
**ધીંગ ધણી માથે કિયો રે, કુણ ગંજે નરખેટ.**
**વિમલજિન દીઠાં લોયણ આજ, મારા સીધાં વાંછિત કાજ. વિમલ૦૧**

પાઠાંતરે ''વિમલ જિનેસર દીઠા લોયણે રે.'' એ આંકણી થી સ્તવન શરૂઆત કરેલી પાઠાંતરે જોવામાં આવે છે. 'દુઃખ'ની જગાએ 'દુષ', 'સંપદ'ની જગાએ 'સંપદિ', 'ભેટ'ની જગાએ ભેટિ. 'કિયો રે'ની જગાએ 'ધર્યો રે' એવો પાઠફેર છે.

**શબ્દાર્થ :** (દોહગ=દુર્ભાગ્ય-બદનસીબી. ધીંગ=સમર્થ, શક્તિશાળી-મજબુત. કુણ=કોણ. ગંજે=ગાંજી શકે-હરાવી શકે.

નરખેટ=મામુલી માણસ=નરાધમ. લોયણ=લોચન=નયન. સીધાં=સીધા ઉતર્યા=સિધ્યાં=સફળ થયા, વંછિત=વાંછના રાખી હતી તે વંછિત-ઇચ્છિત.)

આજે મને, તેરમા વિમલ જિનના, વિમલ એટલે કે અવિકારી નિર્મળ નયનના દર્શન થયા અને મારા બધાં વાંછિત કાર્યો સિદ્ધ થયા.

દુઃખ અને દુઃખને લાવનાર દુર્ભાગ્ય-કમનસીબી દૂર થયાં અને સુખ તથા સુખને લાવનારી આત્મ સંપદા-આત્મગુણનો મેળાપ થયો-ભેટો થયો.

આવો સમર્થ, સર્વશક્તિમાન ધીંગો, જેનો ધણી-માલિક-રાખણહાર-રક્ષણ કરનાર હોય, તે કેમ કોઈથી, એરા ગેરા મામુલી માણસથી ગાંજ્યો જાય? જેના માથે સર્વશક્તિમાન ધણી હોય તે કોઈથી અંજાઇ પણ ન જાય અને કોઇથી ડરે પણ નહિ.

**લક્ષ્યાર્થ-વિવેચન :** ધન ઘડી, ધન ભાગ્ય કે આજે, મારા જ્ઞાનચક્ષુ-

(ક) બુદ્ધિમાં ઉતરી બુદ્ધિગમ્ય બને તે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ છે.
(બ) હૃદય સોંસરવું ઉતરી જઇ હૃદયંગમ બને તે મોહનીયનો ક્ષયોપશમ છે.

અંતરચક્ષુથી વિમલજિનના અવિકારી-વિમલ એવા લોયન-લોચન-નયનને મેં દીઠાં. અર્થાત્ વિમલજિનના દર્શન કરતાં મેં પોતાના પરમ આત્મસ્વરૂપને દીઠું-જાણ્યું-ઓળખ્યું. **સ્વરૂપદર્શન થતાં સ્વરૂપદષ્ટા એટલે કે સમ્યગ્દષ્ટિ બન્યો. બીજ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતાં બીજ પરમાત્મા બન્યો.**

સ્વરૂપ અજ્ઞાનતાનું, આત્મ અભાનતાનું દુઃખ દૂર થયું અને તે સાથે જ દુર્ભાગ્ય એટલે નરક-તિર્યંચ ગતિના ફેરારૂપ દુર્ભાગ્ય પણ ટળી ગયું. માત્ર દુઃખ અને દુર્ભાગ્ય જ ટળ્યા એટલું નહિ, પણ સાથે સુખ સંપદાની ભેટ પણ મળી. આત્મસુખને આપનારી આત્મસંપદા એટલે કે આત્મિકગુણોની પ્રાપ્તિ પણ, પ્રભુના દર્શનથી થઈ.

દુઃખ અને દુર્ભાગ્યના કારણરૂપ પાપ અને દોષો દૂર થયાં. સાથે સાથે સુખ અને સુખને આપનાર આત્મગુણોના ખજાનાની ભેટ પણ સાંપડી.

**સ્વરૂપસુખ, આત્મસુખનો શુભારંભ, સ્વરૂપદષ્ટા-આત્મદષ્ટા એવા સમ્યગ્દષ્ટિ થયા પછીથી છે. તત્ત્વદૃષ્ટા થયાનો તત્ત્વાનંદ છે, પ્રજ્ઞા પ્રાપ્તિનો પ્રજ્ઞાનંદ છે. ત્યાર પછી ચારિત્રનો સહજાનંદ છે અને અંતે તલપ શમી જતાં પૂર્ણકામ થતાં પૂર્ણાનંદ છે.**

**"મારાં સીધાં વાંછિત કાજ..."** ધન્ય ઘડી, ધન્ય દિવસ, ધનભાગ્ય કે આજે મારાં બધાં જ વાંછિત-ઇચ્છિત કાર્યો સીઝ્યાં-સિદ્ધ થયાં-પાર ઉતર્યાં.

હવે તો આ નાથ જ મારો માલિક, અને હું એનો જ દાસ-સેવક! આવો સર્વશક્તિમાન ધણી ક્યાં મળે?! કે જે સર્વ દુઃખ દોહગને કાપે અને સર્વગુણ અને સર્વસુખને આપે. દુઃખથી સર્વથા મુક્ત કરે અને અનંત, શાશ્વત, અવ્યાબાધ, અવ્યય, અક્ષય સુખના ખજાનાને આપે. આવા ધીંગા, ધરખમ, અનંતવીર્યથી સમર્થ સ્વામી, જબરજસ્ત ધણીને કોણ છોડે?! અને આવા આ ધીંગા ધણીને માથે કર્યા પછી, એની આજ્ઞામાં

---

જ્ઞાનક્રિયા એટલે સ્વરૂપક્રિયા અર્થાત્ ઉપયોગક્રિયા, જે અભ્યંતર છે.

રહેનાર, એના સેવકને ફિકર શી? એને તો એના શાસનમાં, એટલે કે સ્વરૂપ શાસનમાં રહેવામાં લીલાલહેર જ હોય ! એને પછી કોઈ ગંજેરી હોય, કે કોઈ સમ્રાટ સિકંદર હોય, કે પછી કોઈ નરખેટ-નરાધમ-નપાવટ હોય; કોઈ માઈનો લાલ એને આંજી નહિ શકે, એને આંટી નહિ શકે અને એને ગાંજી નહિ શકે.

નિષ્કામી, નિષ્કર્મા, નિરંજન, નિર્વિકલ્પ, નિર્મોહી નાથ જેના માથે હોય એ કર્મથી કેમ અંજાઇ જાય અને ગંજાઇ જાય? કર્મ જ એનાથી અંજાઇ જઈ પલાયન થઈ જાય. એ જ પોતે કર્મને આંજી, ગાંજી, માંજીને ચોખ્ખો થઈ જાય.

જીવન વ્યવહારમાં પણ કોઈ મોટા માલિક ટાટા, બિરલા, વાડિયા, અંબાણીનો સેવક હોય કે પછી વડાપ્રધાન યા રાષ્ટ્રપતિનો સેવક હોય તો, તેની પણ મોટાઈ અને ગૌરવ હોય છે. તો પછી, આ તો ત્રણલોકના નાથ, ત્રિભુવનપતિ, ત્રિભુવન નાયક, સર્વજ્ઞ, સર્વદર્શી, અર્હમ્ ઐશ્વર્યથી યુક્ત અરિહંત ભગવંતના સેવક છે. આવા સર્વોત્કૃષ્ટ માલિકના સેવકની ખુમારી અને ખુદ્દારી પણ અનોખી ને અનુઠી જ હોય એમાં કોઇ નવાઈ નથી.

**આ તો પરમાત્માના આલંબનથી, આત્માના આત્મસ્વરૂપની અને પરમાત્મસ્વરૂપની યથાર્થ ઓળખ થયા પછી, જિનશાસન ને સ્વરૂપશાસનથી ભાવિત એવા, બીજ પરમાત્મા-સમ્યગ્દષ્ટિ આત્માની આત્મખુમારી છે. આ તુમાખી નથી પણ આત્માની ખુમારી છે અને ખુદા મળ્યાની ખુદ્દારી છે.** અનાદિકાલીન ગદ્દારીને દૂર કરવા આત્માની ખુમારી અને ખુદા મળ્યાની ખુદ્દારી જરૂરી છે. બીજાને ત્રાસ આપવો, મારવું, પીટવું, પડાવી લેવું, વિશ્વાસઘાત, દુર્જનતા, વગેરે ગદ્દારી કહેવાય. પરમાત્મા મળ્યાની પ્રતીતિ એ ખુમારી કહેવાય અને ખુદા મળ્યાનો આનંદ એ ખુદ્દારી કહેવાય.

---

પરમાત્માને પામવા આપણે ઉત્તરોત્તર વધુ ને વધુ શાંત થવાનું છે. આપણી તમામ, બાહ્ય-અભ્યંતર વ્યાપારલીલા પોતાનું માથું ઊંચકે નહિ તે માટે 'દમન' નહિ પણ 'શમન' કરવાનું છે! પરમાત્મારૂપી પૂર્ણિમાના પૂર્ણચંદ્રને પ્રગટાવવા આપણે બીજના ચંદ્રમા બનવાનું છે.

વરસાદ આવતાં પહેલાં સમસ્ત વાયુમંડળમાં એક પ્રકારનો બાફ અનુભવાય છે. પૃથ્વીનો કણેકણ તરડાય છે. પ્રચંડ દાહ અનુભવાય છે. વરસાદનું પહેલું ફોરું પડે અને માટી સાથે ભળે ત્યારે, તેમાંથી જે સોડમ ફૂટે છે, તેને કૃષ્ણે ગીતામાં 'પુણ્ય સુગંધ' કહી છે. એ સુગંધમાં પુણ્યાઈ ક્યાંથી આવી ? પૃથ્વીના કણેકણ-રોમેરોમને અગ્નિના દાહમાંથી પસાર થતાં આવડ્યું માટે ને ?!

એમ જ પ્રભુને પામવા તલસવાનું છે-તરફડવાનું છે-તપવાનું છે-તલપવાનું છે. પ્રભુ-વિરહની ભઠ્ઠીમાં શેકાવાનું છે. ગર્વને બાળવાનો છે અને અહમ્ ઓગાળવાનો છે. ત્યાર પછી જ અર્હમ્મય-પ્રભુમય બનીને પ્રભુની અનુભૂતિ થતી હોય છે.

આવી ખુમારી ને ખુદ્દારી પ્રગટાવનારો ખુદા-પરમાત્મા-ધણી કેવો છે, એની વાત આગળ ચોથી ગાથામાં કવિશ્રી કરશે. આ ગાથામાં તો એટલી જ વાત છે કે જેને માથે બેસાડ્યો છે અને કપાળે જેનું સૌભાગ્ય તિલક કરીએ છીએ, તે એવો છે, કે કોઈની તાકાત નથી, કે એના માથે છાણા થાપી શકે.

આ ગાથાના ભાવ એટલે આપણા સહુ વડે રોજબરોજ કરાતી ભગવાનની સ્તુતિ. દુર્ભાગ્ય એ છે કે, એ સ્તુતિના ભાવ આપણને સ્પર્શતાં નથી અને ભગવાનની કિંમત કરીને, ધીંગાધણી તરીકે, એ સર્વશક્તિમાન, સર્વ-સમર્થ સ્વામીની ભજના કરતા નથી.

---

સ્વની ઓળખાણ એ (આત્મ) જ્ઞાન અને સ્વથી સંધાણ તે (આત્મ) ધ્યાન.

મૂરખ, ગમાર, અભણ, ભરવાડ, મળી ગયેલાં રત્નની કિંમત કરતો નથી અને કાચનો ટૂકડો સમજી ફેંકી દે છે અથવા તો બકરાના ગળે બાંધવાની મૂર્ખામી કરે છે. જ્યારે ઝવેરી જે રત્નપારખું છે, તે મળેલાં રત્નને, રત્ન તરીકે મૂલવીને, એને હૈયાનો હાર બનાવીને, હૈયાસરસો હૈયે ચાંપીને રાખે છે. એ જ પ્રમાણે અરિહંત તીર્થંકર જિનેશ્વર ભગવંતની અને એ ભગવંતે કરેલા ઉપકારની કિંમત, જે બીજ ભગવાન બન્યો છે, એ સમ્યગ્દષ્ટિ આત્મા જ કરી શકવા સમર્થ છે. આત્મ અજ્ઞાનીને એ ભગવાનની સાચી કદર નથી.

**દર્શનં દેવ દેવસ્ય, દર્શનં પાપ નાશનં**
**દર્શનં સ્વર્ગ સોપાનં, દર્શનં મોક્ષ સાધનં.**

**દર્શનાદ્ દુરિતધ્વંસી, વન્દનાદ્ વાંછિતપ્રદઃ;**
**પૂજનાત્ પૂરકઃ શ્રીણાં, જિનઃ સાક્ષાત્ સુરદ્રુમઃ**

**પ્રભુ-દરિસણ સુખ-સંપદા, પ્રભુ-દરિસણ નવનિધ;**
**પ્રભુ-દરિસણથી પામીએ, સકળ પદારથ સિદ્ધ.**

**સૂર્ય ઉગ્યા પછી, કે લાઈટ થયા પછી, અંધકારની શી મજાલ છે કે ટકી શકે ! આત્મા અને એનું આત્મસ્વરૂપ-પરમાત્મસ્વરૂપ સમજાયા પછી અનાત્મભાવનું અંધારું કેમ કરીને ટકી શકે ?!**

**ચરણકમળ કમળા વસે રે, નિર્મળ થિર પર દેખ;**
**સમળ અથિર પદ પરિહરે રે, પંકજ પામર પેખ. વિમલ૦૨**

પાઠાંતરે 'વસે'ની જગાએ 'વશે' અને 'વશૈ', 'નિર્મળ'ની જગાએ 'નિરમલ', 'સમળ'ની જગાએ 'સમલ', 'પરિહરે રે'ની જગાએ 'પરિહરો રે', 'પેખ'ની જગાએ 'પેષ' એવો પાઠફેર છે.

---

જે ટકે તે સ્વરૂપ અને બદલાય તે વિરૂપ-સંયોગ.

**શબ્દાર્થ :** (કમળ=લક્ષ્મી. થિર=સ્થિર-અચલ-નિશ્ચલ અથિર=અસ્થિર, ચલ, ચંચળ. પંકજ=કમળ જે પંક-કાદવમાંથી જન્મેલ-ઉપજેલ છે. પામર=બાપડું-બિચારું-લાચાર. પેખ/પેષ=પેખીને-જોઈને-સમજીને)

કમળમાં વસનારી કમલાસની લક્ષ્મી, પ્રભુના દર્શન કર્યા પછી અને પ્રભુની પ્રભુતાને જાણ્યા પછી, કમલનો ત્યાગ કરી દે છે અને પ્રભુના ચરણકમળમાં જઈને વાસ કરે છે, કારણ કે કમલ કાદવમાંથી નિપજનારું, મેલું અને કરમાઈ જનારું અસ્થિર-નશ્વર-પામર છે અને પ્રભુ તો મેલરહિત નિર્મળ સ્થિર છે એમ જાણે છે ત્યારે, ભગવાનના ચરણરૂપી કમલમાં વાસ કરવા માટે, અસ્થિર, મલિન એવાં કમલના સંગને પરિહરે છે એટલે કે ત્યાગી દે છે.

**લક્ષ્યાર્થ-વિવેચન :**

**વિદ્યુત લક્ષ્મી, પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જલના તરંગ;**
**પુરંદરી ચાપ અનંગરંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ !**

લક્ષ્મી વિદ્યુત-વીજળી જેવી છે. ઘડીક સુખનો ચમકારો બતાડીને પાછળ દુઃખના અંધકારને મૂકી જનારી છે.

અનુભવી વડિલોનું કહેવું છે કે, લક્ષ્મી એક પરિવારમાં ત્રણ પેઢીથી વધુ સ્થિર થઈને રહેતી નથી. કદાચ જો બહુ પુણ્યશાળી પરોપકારી ધર્મી પરિવાર હોય તો, એવા પરિવારમાં વધુમાં વધુ સાત પેઢી સુધી લક્ષ્મીનો વાસ રહે છે. આમ લક્ષ્મી અસ્થિર છે-ચંચળ છે કે જેવા હાથીના કાન હોય છે.

ચંચળ એવા લક્ષ્મીદેવી પણ, છે તો જીવની જાતિના જ અને જીવના સ્વરૂપના જ ! જીવનો સ્વભાવ સ્થિરતા છે. તેથી એ બધે સ્થિરતા

---

જ ઇચ્છે છે. અસ્થિરતા એને ગમતી નથી. માટે જ ગીતામાં જણાવ્યું છે કે જે ધ્રુવ (સ્થિર)ને છોડીને અધ્રુવ (અસ્થિર) પાછળ દોડે છે, તે પોતાના ધ્રુવ તત્ત્વને તો ગુમાવી દે છે, પણ જેની પાછળ દોડે છે તે અધ્રુવ હોવાથી, એને પણ ઘડીક મેળવીને ગુમાવી દે છે. હાલત ધોબીના કૂતરા જેવી થાય છે. એ નથી રહેતો ઘરનો કે નથી રહેતો ઘાટનો. બાવાના બેય બગડ્યા જેવી દશાને પામે છે.

**यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिषेवते।**
**ध्रुवाणि तस्य नश्यन्ति अध्रुवं नष्टमेव च॥**

પુરાણોમાં જણાવ્યા મુજબ લક્ષ્મીનું વાહન આમ તો ઉલ્લુ (ઉલુક) એટલે કે ઘુવડ છે. જે પાપની લક્ષ્મી હોય છે તે કાળી હોય છે અને કાળી અમાસની રાતે ઉલ્લુ ઉપર બેસીને આવે છે. એને દોલત કહેવાય છે. કારણ કે તે આવતાં, પાછળથી લાત મારતી આવે છે. એટલે લક્ષ્મીનંદન છાતી કાઢીને ચાલે છે, લક્ષ્મીઘેલો બની જાય છે. એ લક્ષ્મી જતી વખતે, આગળ છાતીમાં લાત મારતી જાય છે, જેથી તે લક્ષ્મીહીન, કમરથી બેવડ વળી જઇ બાપડો-રાંકડો થઇ જાય છે.

આવી ઘુવડ પર બેસીને આવેલી લક્ષ્મી, ઘણુંખરું રાત્રિના અંધકારના સમયે, અમાસની રાતે આવનારી હોય છે અને અંધકારમાં લઇ જનારી હોય છે. કારણ એ છે કે ઉલુક-ઘુવડ રાતે જ જોનાર, નિશાચર છે. છતાંય એવી લક્ષ્મી પણ, સદ્ગુરૂના નિમિત્તને પામીને પરોપકારાદિ પુણ્યના માર્ગે વપરાય છે, તો તે લક્ષ્મી, મહાલક્ષ્મી બની જાય છે કે જે મહાલક્ષ્મી કમલાસની છે. એ પરોપકારાદિ પુણ્યના માર્ગે વળાવેલી લક્ષ્મી, કમલ ઉપર બેસીને, કમલાસની બનીને, ભાગ્યલક્ષ્મી થઈને ફરી પાછી આવે છે. એ ભાગ્યલક્ષ્મી, શ્રીદેવીનું એટલે કે કૈવલ્ય લક્ષ્મીનું પ્રદાનં કરનાર બને

છે. અંતે કૈવલ્યલક્ષ્મી એવી શ્રીદેવી, મોક્ષલક્ષ્મી બની જઇ સાદિ-અનંત ભાંગે, શાશ્વતકાળ, સર્વદા સાથે ને સાથે રહેનાર થિર-સ્થિર બની જાય છે.

એ લક્ષ્મી સ્થિર ત્યારે જ થાય છે કે, જ્યારે એ પુણ્યથી પવિત્ર નિર્મલ થાય છે. સમળમાંથી અમળ-નિર્મળ બને છે. લક્ષ્મીમાંથી મહાલક્ષ્મી અને મહાલક્ષ્મીમાંથી ભાગ્યલક્ષ્મી બનીને કૈવલ્યલક્ષ્મી બને ત્યારે તે શ્રીદેવી થઈ સ્થિર થાય છે. **લક્ષ્મીને પુણ્યરૂપી દૂધે ધોઈને, પવિત્ર-નિર્મળ બનાવાય, તો તે નિર્મળ બનેલી લક્ષ્મી હંમેશ માટેનો સ્થિરવાસ કરે.** આપણા દ્રવ્ય (ધન)ને દેવદ્રવ્ય બનાવીએ, તો દેવ થઈએ. દેવનો પ્રભાવ વધે, તે રીતે કરેલ ધનનો ઉપયોગ, એ પરમાર્થથી દેવદ્રવ્ય છે. તેમ જે લક્ષ્મી, સાક્ષાત્ કે પરંપરાએ કૈવલ્યલક્ષ્મી આપનાર બને, તે લક્ષ્મી જ પરમાર્થથી લક્ષ્મી છે, કે જે લક્ષની સાથે મિલન કરાવનારી છે. બાકી તો તે માટીના કૂકા છે.

ભાગ્યલક્ષ્મીનું આસન કમલ હોવાથી એ કમલમાં વસતી હોય છે પણ એ જાણે છે કે, આ કમલમાંનો ક એટલે પાણી અને મલ એટલે મેલ અર્થાત્ કમલ એ પાણીનો મેલ છે. એ કાદવ-પંકમાંથી ઉગેલું-જન્મેલું હોવાથી જ, તે પંકજ કહેવાય છે. વળી તે કરમાઈ જઇને, ચીમળાઈ જનારું-નાશ પામનારું, નશ્વર-અસ્થિર છે.

પુરાણકથા મુજબ લક્ષ્મી સમુદ્રમાંથી જન્મેલી છે, અથવા તો સમુદ્રમંથન દરમ્યાન પ્રાપ્ત થયેલ છે. એને પોતાને પણ મલિનતા એટલે કે સમલતા અને અસ્થિરતા ગમતા નથી. પરંતુ એને કોઇ એવું પાત્ર મળતું નથી કે, જેના સંગમાં અમલતા-નિર્મળતા અને સ્થિરતાની પ્રાપ્તિ થાય. લક્ષ્મી તો એવા લાયક પાત્રની શોધમાં જ છે કે, ક્યારે મને, કમલ જેવા મુલાયમ, મઘમઘાયમાન ચરણકમલ મળે, કે જે નિર્મળતા અને સ્થિરતાના સ્વામી હોય !!

---

શ્રી વિમલ જિનેશ્વરના અવિકારી લોચનના દર્શન થતાં જ લક્ષ્મીદેવીને અંતરમાં એવી લાગણી જાગી કે, આ વિમલ પ્રભુ જ મલ રહિત વિમળ-નિર્મળ છે; કારણ કે એ વીતરાગ છે, તેથી એમના નયનો અવિકારી છે. વળી તેઓશ્રી સંકલ્પ-વિકલ્પથી મુક્ત નિર્વિકલ્પ, ઉપયોગવંત હોવાથી સ્થિરતાના સ્વામી છે. પંકજ-કમલ કરતાં તો આ વિમલપ્રભુના ચરણકમલમાં વાસ કરું, તો મને પણ નિર્મળતા-વીતરાગતા અને સ્થિરતા-શાશ્વતતા એટલે કે સાદિ-અનંત ભાંગાની સિદ્ધદશા-સિદ્ધત્વની પ્રાપ્તિ થાય! તેથી જ લક્ષ્મીદેવી પંકજની સમલતા અને અસ્થિરતારૂપ પામરતાને પેખીને એટલે કે નિહાળીને, એને પરિહરીને પ્રભુના ચરણમાં વાસ કરવા સુવર્ણ-કમલરૂપે હાજર થઈ ગયા.

**પાદૌ પદાનિ તવ્ યત્ર જિનેન્દ્રધત્તઃ;**
**પદ્માનિ તત્ર વિબુધાઃ પરિકલ્પયંતિ.**

વિહાર કરતાં, તીર્થંકર ભગવંતના પદકમલને, ભૂમિસ્પર્શથી મલિન થતાં રોકવા, લક્ષ્મી સુવર્ણકમલરૂપે પ્રભુના પગલે પગલે હાજર થઇ જાય છે.

પ્રભુ કૈવલ્યલક્ષ્મીના સ્વામી છે. એ પ્રભુની અંતરલક્ષ્મી છે, જે દૃશ્યમાન નથી. પરંતુ આ વિમલપ્રભુ અંતરલક્ષ્મીના સ્વામી છે, એવું સૂચવવા, અષ્ટપ્રાતિહાર્યોના ઐશ્વર્યરૂપે પણ, લક્ષ્મી હાજર રહીને, વિમલપ્રભુના સ્વરૂપઐશ્વર્યના, જગતને દર્શન કરાવે છે.

લક્ષ્મીદેવી, પ્રભુના ચરણકમલમાં જ રહેવા યોગ્ય છે-પ્રભુ આજ્ઞાનું પાલન જ કરવા યોગ્ય છે; એવી પ્રેરણા કરે છે તે આ રીતે કે....

હે ભવ્યાત્મન્ ! લક્ષ્મીદેવીની પ્રેરણા ઝીલીને, સ્વયંના વર્તમાન પર્યાયની મલિનતા અને અસ્થિરતાને પેખી-પારખી લઈને, જ્યાં વિમલ

જે ચીજ આપણી છે, તે આપણી તરીકે ઓળખાયા પછી
પારકી ચીજને છોડવાનું કે તેનાથી છૂટવાનું દુઃખ નહિ થાય.

જિનેશ્વરનો, સાદિ-અનંત ભાંગે, નિર્મળ સ્થિરવાસ છે, એવા સિદ્ધવાસમાં રહેવાનું પસંદ કર અને તે માટે અપ્રમત્તપણે પ્રવૃત્ત થા !! પ્રભુના અવિકારી નયનના દર્શન કરતાં કરતાં, પ્રભુની વીતરાગતાને લક્ષ્યમાં લઈને સમલમાંથી નિર્મળ બન! અસ્થિરતામાંથી સ્થિરતામાં આવ !!

સાધનામાં સિદ્ધિની પ્રાપ્તિનો ક્રમ જ એવો છે કે, પહેલાં મલિનતા જાય અને વિમલતા-વીતરાગતા આવે. પછી જ સ્થિરતાની પ્રાપ્તિ થાય. પરંતુ એની પૂર્વભૂમિકામાં એ મલિનતા, મલિનતા તરીકે જણાવી જોઈએ અને તે ખટકવી જોઈશે.

**જ્ઞાનીઓએ ગુણસ્થાનકોનો બતાવેલ ક્રમ આ પ્રમાણે જ છે. પહેલાં મિથ્યાત્વનો અંધકાર જાય છે અને સમ્યક્ત્વનો પ્રકાશ પથરાય છે. આમ થાય છે, ત્યાર પછી જ, સ્વરૂપદૃષ્ટા બનેલા સાધક આત્માને, પોતાની મલિનતા અને અસ્થિરતા વિશેષ વિશેષરૂપે ખટકે છે. એટલે પ્રથમ એ સમ્યગ્દૃષ્ટિ આત્મા સાધક વીતરાગ બને છે અને પછી જ ક્રમે કરીને ઉપયોગની સ્થિરતા અને યોગની સ્થિરતાને પ્રાપ્ત કરી, આત્મપ્રદેશની સ્થિરતાને પામી, સિદ્ધ બનેલો સિદ્ધશિલાએ વાસ કરે છે. સ્વરૂપદૃષ્ટા થયા પછી જ સ્વરૂપકર્તા થવાય છે.**

પ્રસ્તુત સ્તવનની આ કંડિકાનો લક્ષ્યાર્થ પકડીએ, તો યોગીરાજનું કહેવાનું તાત્પર્ય કંઈક આવું છે...

હે લક્ષ્મીનંદનો-લક્ષ્મીના પૂજારીઓ ! યાદ રાખો કે, આ લક્ષ્મી પાપમાં નાખી, મલિન કરનારી અને દુર્ગતિમાં રખડાવનારી છે. વળી તે પોતે તો અસ્થિર-ચંચળ છે જ, પણ જેની એ થાય છે, તેનેય તે અસ્થિર-ચંચળ બનાવી, ભ્રમિત કરે છે. માટે વિમલ જિનેશ્વર, કે જે વીતરાગ-નિર્મળ અને સ્થિર છે, તેના ચરણકમલમાં વાસ કરી, એની આજ્ઞામાં

---

હું જાણનારો છું માટે જાણનારો જણાય છે. પર જણાતું નથી
પણ જાણનારાના જણાવામાં પર જણાઈ જાય છે.

રહેવા જેવું છે. લક્ષ્મીપૂજાથી વેગળા થઈને, વિમલજિનના ચરણને વળગીને, એની આજ્ઞાપાલનરૂપ પ્રતિપત્તિપૂજા જે કોઈ કરશે, તે એમના જેવા, નિર્મળ અને સ્થિર બનશે !

**આણા પાલે સાહિબ તુસે, સકલ આપદા કાપે**
**આણાકારી જે જન માંગે, તસ જસ લીલા આપે...**

– ૩૫૦ ગાથાસ્તવન ઉપા. યશોવિજયજી મહારાજા

કદાચ, પૂર્વ પુણ્યકર્મના ઉદયે લક્ષ્મી આવી મળી હોય, તો તેના ટ્રસ્ટી બની રહી, બારમા અતિથિસંવિભાગ વ્રતથી વ્રતધારી બની, એને પુણ્યમાર્ગે વળાવી દેવી. એમ કરનાર પાપકર્મથી તો છૂટશે જ, પણ પુણ્યકર્મથીય છૂટી જઈને, નિષ્કર્મા-વીતરાગી બની, ઉપયોગ અવિનાશીતા અને પ્રદેશ સ્થિરત્વને અર્થાત્ સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરશે. નમસ્કાર મહામંત્રમાં પણ વિધાન "સવ્વ પાવપ્પણાસણો..." છે, "સવ્વ પુણ્ય લાભાણો..." એવું નથી.

પુણ્યના ભરોસે રહેવા જેવું નથી. પુણ્યનો ક્ષય થનાર છે. પુણ્ય પરવારી જતાં, પામર-રાંક બની જતાં વાર લાગતી નથી. પુણ્ય પણ નશ્વર છે. તેથી જ તો જ્ઞાની માને છે અને કહે છે કે **વિનાશીના વિશ્વાસે રહેવાય નહિ અને અવિનાશી વિના જીવાય નહિ.**

નિર્મળતાની માંગણી તો જૈનો રોજેરોજની સ્નાત્રપૂજામાં કરતાં હોય છે. **"સિદ્ધ સ્વરૂપી અંગ પખાલી આતમ નિર્મલ હોઈ સુકુમાળી કુસુમાંજલિ મેલો સર્વ જિણંદા....."**

**"જે યોગીના થયાં સ્થિર, કાયા, વાણી તથા મન;**
**સમદર્શી પછી તે તો, સર્વદા ભુવને-વને."**

કવિશ્રીની સ્તવનની આ ગાથા એક ઉત્તમ કાવ્યકૃતિનો નમૂનો છે. એમાં શબ્દોની પસંદગી, એકદમ બંધબેસતી Appropriate તો છે જ અને સાથે સાથે પ્રાસ, લય, ઉપમા, ઉત્પ્રેક્ષા અલંકારોથી અલંકૃત પણ છે. વિમલજિનને સંબોધીને વિમલતા-નિર્મળતાને પ્રાર્થી છે તે શ્લેષ અલંકાર છે.

**મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણમકરંદ;**
**રંક ગણે મંદર-ધરા રે, ઈંદ્ર ચંદ્ર નાગેંદ્ર. વિમલ૦૩**

પાઠાંતરે 'મુજ મન'ના સ્થાને 'મન મધુકર', 'લીનો'ના સ્થાને 'લીણ્યો', 'ગણે'ના સ્થાને 'ગિણૈ', 'ચંદ્ર'ના સ્થાને 'ચંદ', 'નાગેન્દ્ર'ના સ્થાને 'નાગેંદ' એવો પાઠફરક છે.

**શબ્દાર્થ :** (પદ પંકજ=ચરણ કમલ. લીનો=લીન થઇ ગયો - ડૂબી ગયો-ગરકાવ થયો. ગુણ મકરંદ=ગુણ રૂપ પૂષ્પરજ-પરાગ રંક=પામર-તુચ્છ-રાંકડો-બાપડો-લાચાર. મન્દર-ધરા=મેરૂપર્વતની ભૂમિ જે સુવર્ણમય છે. ઈંદ્ર=ઈન્દ્રલોક, ચંદ્ર=ચન્દ્રલોક, નાગેંદ્ર= નાગેન્દ્ર લોક-પાતાળ લોક - શેષનાગ.)

હે ભગવન્ ! આપના ચરણકમલ ગુણરૂપી પુષ્પપરાગ-મકરંદથી મઘમઘાયમાન એવા ચરણકમલમાં મારો મનરૂપી ભ્રમર, એવો તો લીન થઇ ગયો છે, કે જેથી મેરૂપર્વતની સુવર્ણમય ભૂમિ, ઈન્દ્ર અને ઈન્દ્રલોક, ચન્દ્ર અને ચન્દ્રલોક તથા નાગેન્દ્ર અને નાગલોકનું ઐશ્વર્ય પણ તેને તુચ્છ-હીન લાગે છે.

**લક્ષ્યાર્થ-વિવેચન :** સ્તવનની બીજી ગાથાના અનુસંધાનમાં કવિવર્ય યોગીરાજશ્રી આ ત્રીજી ગાથામાં જણાવે છે કે, જેને પ્રભુના નિર્મળ-સ્થિર ચરણકમલની સેવા મળી ગઈ હોય, તરણતારણહારના ચરણનું શરણ મળી ગયું હોય; તેની દશા શું થાય અને તે શરણાગતની

---

(અ) છાસમાં માખણ ગુણકારી પણ માખણમાં છાસ હાનીકારી.
(બ) સંસારમાં ધર્મ લાભકારી પણ ધર્મમાં સંસાર નુકસાનકારી.

માનસિક અવસ્થાનો કેફ કેવો હોય, તેનો તાદૃશ ચિતાર આપે છે.

કાષ્ટને આરપાર કોતરીને, કાષ્ટમાંથી બહાર નીકળી જવા શક્તિમાન એવો ભ્રમર, કમલપુષ્પની પરાગ એટલે કે મકરંદમાં લુબ્ધ બનીને, કમલની કેદમાં પૂરાવાનું પસંદ કરે છે. તેથી જ ભ્રમરને મકરંદ પણ કહે છે.

એ જ પ્રમાણે હે પ્રભુ! મારો મનરૂપી ભ્રમર, તારા પદ-પંકજ - ચરણકમલમાં, તારા ગુણરૂપી મકરંદને માણવામાં-આસ્વાદવામાં, એવો તો લીન બની ગયો છે કે, નિજભાન ભૂલીને તારામાં જ ખોવાઇ ગયો છે કે એને બહાર આવવાનું મન જ થતું નથી. એ તારી ધારણામાંથી, તારા ધ્યાનમાં સરી પડ્યો છે અને પછી સમાધિમાં ડૂબી જઈને આત્મમસ્તીમાં ગરકાવ થઇ ગયો છે.

આ આત્મધન-સ્વરૂપ ઐશ્વર્ય-અર્હમ્ ઐશ્વર્ય મળી જતાં હવે મને ઉર્ધ્વલોકમાં આવેલાં દેવલોકના ઈન્દ્ર અને ઇન્દ્રનું સામ્રાજ્ય, તિર્છાલોકમાં રહેલ જ્યોતિષલોકના ચન્દ્ર અને ચન્દ્રના દેવવિમાન, સુવર્ણમય મેરૂપર્વતની ભૂમિ - મંદર ધરા પાતાળલોકમાં વસતા નાગેન્દ્રના નાગલોકનો વૈભવ પણ રાંકડો અને તુચ્છ લાગે છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે એ ઇન્દ્ર, ચન્દ્ર, નાગેન્દ્ર, ચક્રવર્તીનું ઇન્દ્રપણું, ચન્દ્રપણું, નાગેન્દ્રપણું, ચક્રવર્તીપણું, આદિ સર્વ પુણ્યકર્મના ખેલ છે. એમાં પરાધીનતા છે, અપૂર્ણતા છે અને વિનાશીતા છે. મેરૂપર્વત ઉપર સુવર્ણના ઢગલા વચ્ચે રહેવા મળે તો પણ, ત્યાં એ જ પરાધીનતા, અપૂર્ણતા, વિનાશીતા છે. એ ઈન્દ્રો, નરેન્દ્રોને પણ, તારા અર્હમ્ ઐશ્વર્ય આગળ રાંક બનીને, તારી સેવા કરતાં જોયા પછી તો, તારી મહાનતા મારે મન વસી ગઈ છે અને તારા જ ચરણનું શરણ સ્વીકારી તારામાં લીન થઈ

---

નિશ્ચયરૂપી બીજના ધારણ (રોપણ)ને વ્યવહાર પાલનરૂપ સિંચન કરવા થકી નિશ્ચયસ્વરૂપનું ફલીકરણ કરી શકાય છે.

જવામાં હું મારું આત્મકલ્યાણ જોઉં છું ! અર્થાત્ હવે તો મને તારા જેવા પરમાત્મપદની જ, એકમાત્ર આસક્તિ કહો તો આસક્તિ અને લક્ષ કહો તો લક્ષ છે ! હવે તો પ્રભુ મને તારા જેવી સ્વાધીનતા, સંપૂર્ણતા, નિત્યતા, નિર્મળતા અને સ્થિરતાનો જ ખપ છે. એના સિવાય હું કાંઇ ઈચ્છતો નથી અને કોઇ વસ્તુની માંગણી કે પ્રાર્થના કરતો નથી. વીતરાગ એવા તારી પાસેથી હું તારી વીતરાગતાને જ એકમાત્ર મેળવવા જેવી માનું છું અને એને જ એકમાત્ર હું માંગું છું.

**સુર નર સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક**
**બીજું લક્ષણ તે અંગીકરે, સાર સંવેગશુ ટેક. સુગુણ નર૦**

– ગા.૪૨. સમ્યક્ત્વના ૬૭ બોલની સજ્ઝાય

**સંસારી સુખ મને કારમું લાગે, તુમ વિણ જઈ કહું કેની આગે;**
**એવા 'વીરવિજય'ના દુઃખ, જઈ કહેજો ચાંદલિયા.....**

– ઉપા. વીરવિજયજી

એકવાર પ્રભુના ઘરની સુગંધ હૈયાને સ્પર્શી જાય; તો એ, પળ બે પળની અનુભૂતિ, બાકીના ચોવીસે કલાક છવાયેલી રહે છે. એ ધન્ય પળ આપણા સમગ્ર જીવનને પ્રભુમય બનાવી દે છે.

એકવાર પારમેશ્વરી સત્તા સાથે, અનુસંધાન કરી લેવાની કળા આવડી જાય; તો તે માનવીને આખો ને આખો બદલી નાખે છે. અંતરના અજવાળે અજવાળે, આપણે આપણો માર્ગ કાપી લેવાનો છે.

મર્ત્યલોકના માનવી પાસે ચોસઠ કળા કે બોંતેર કળા હશે પણ પ્રભુ પાસે તો અનંત કળાઓ છે. એ કળા આપણા જીવનમાં ઉતરતી રહે તે માટે પ્રયાસ કરવાનું યોગીરાજ કહી રહ્યા છે.

---

અધ્યાત્મમાં ત્રિગુણાત્મક પ્રકૃતિથી ઉપર ઊઠીને, પ્રકૃતિની પેલે પારની, પરમ સત્તાને સ્મૃતિમાં લાવવાની છે. ચિત્તની તરંગલીલાને, મનની મર્કટલીલાને સંકેલવાની છે. એકદમ બધું નિશ્ચલ, શાંત, નિરવ ! માત્ર સાક્ષીભાવ કેળવતાં જવાનું છે. દૂર દૂરથી આવતી પુષ્પની ફોરમની જેમ પ્રભુના ગુણોની ફોરમ આપણામાં અનુભવાય તેવી ધન્ય ક્ષણોનું આપણા જીવનમાં અવતરણ કરવાનું છે.

સ્તવનની આ પંક્તિઓ, પરમાત્મસ્વરૂપને પ્રગટ કરવા માટેની, તીવ્રતમ ઇચ્છાને અભિવ્યક્ત કરે છે. આવી તીવ્રતમ ઇચ્છા જ, આવા આત્મખુમારીના હૃદયોગાર કાઢી શકે કે ઇન્દ્ર, ચન્દ્ર, નાગેન્દ્રના સુખ અને સુવર્ણના ઢગલા પણ દુઃખરૂપ છે. સુખરૂપ તો એક આત્માના ગુણોનું જ સુખ છે. એ જ શિવસુખ છે અને તેથી એ ગુણમકરંદમાં જ મુજ મનમકરંદને લીન થવું છે.

આ પંક્તિઓમાંથી એવો લક્ષ્યાર્થ પણ નીકળે છે કે તીર્થંકર નામકર્મના વિપાકોદયથી અષ્ટપ્રાતિહાર્યોથી શોભાયમાન, ચોંત્રીસ અતિશયોથી મહિમાવંત, પાંત્રીસ ગુણયુક્ત વાણીથી જગત કલ્યાણકારી, સમવસરણ, બાર પર્ષદા આદિનું આશ્ચર્યકારી અને મંગળકારી અર્હમ્ ઐશ્વર્ય, જે તીર્થંકર ભગવંતને પ્રાપ્ત થાય છે; તે સંસારનું સર્વોચ્ચ ઐશ્વર્ય છે. એ અર્હમ્ ઐશ્વર્ય આગળ, દુનિયાના બધાંય ઐશ્વર્યો રાંક છે. પછી તે ઐશ્વર્ય મેરૂપર્વતની સુવર્ણભૂમિનું હોય કે ઇન્દ્ર, ચંદ્ર, નાગેન્દ્રનું કેમ ન હોય? વળી સંસારના આવા સર્વોચ્ચ ઐશ્વર્યની વચ્ચે પણ, પ્રભુ તો વીતરાગ જ છે, જે એમનો પરાકાષ્ટાનો ગુણ છે. સર્વોચ્ચ ઐશ્વર્યની વચ્ચે રહેલી પ્રભુની વીતરાગતા, એવી પ્રેરણા કરે છે કે, સાચું ઐશ્વર્ય તો આત્માનું ઐશ્વર્ય છે-સ્વરૂપ ઐશ્વર્ય છે. એને પામવાને હે ભવ્યાત્માઓ! તમે કટિબદ્ધ થાઓ !

---

ભગવાનની પ્રત્યેક આજ્ઞા મોહ હનન્ અર્થાત્ આત્મદુઃખ ટાળી આત્મસુખ પામવા માટે છે.

**સાહેબ ! સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;**
**મન વિસરામી વાલહો રે, આતમચો આધાર. વિમલ૦૪**

પાઠાંતરે 'સાહેબ'ના સ્થાને 'સાહિબ' એવો એક પાઠફેર છે.

**શબ્દાર્થ :** હે સાહેબ ! હે વિમલજિન ! આપ મુજ સેવકના એવા ધણી - માલિક છો કે, જે સર્વશક્તિમાન તો છો જ, પણ પાછા પરમ ઉદાર, મનને વિસરામ પહોંચાડનારા, વહાલ કરનારા અને વહાલા લાગનારા છો, જે ખરેખર તો, મારા આત્માના જ આધારરૂપ, આત્માને આલંબનરૂપ છે.

**લક્ષ્યાર્થ-વિવેચન :** સર્વોચ્ચ પદે બિરાજમાન, અને સંસારના સર્વોચ્ચ ઐશ્વર્યના સ્વામી હોવા છતાંય તીર્થંકર ભગવંતનો વ્યવહાર કેવો સહજ, સત્યપૂર્ણ, માઁની મમતા સભર, પ્રેમ નીતરતો અને વાત્સલ્યપૂર્ણ હોય છે; તેની વાત યોગીરાજ, કવિશ્રીએ આ ગાથામાં ગૂંથી છે. હે પ્રભો ! તમે આત્મ-સંપદાથી સંપૂર્ણ છો ! સમૃદ્ધ છો ! તમે સર્વ શક્તિમાન છો ! મારા સમર્થ સ્વામી છો !! આપ સમર્થ અને સમૃદ્ધ તો છો જ ! પણ પાછા એવા તો દરિયાદિલ પરમ ઉદાર છો કે, આપવા બેસો તો, પાછું વળીને જોતા નથી. આપની પાસે રહેલ બધી જ સંપદા આપી દો છો અને આપના જેવો બનાવી દઈ, આપની હારોહારનું સ્થાન આપી, આપની હરોળમાં બેસાડો છો ! આવા આપ જેવા સર્વસમર્થ સમૃદ્ધ અને પરમ ઉદાર માલિકને હું પામ્યો છું ! કે જે....

પરમ ઉદારતાથી એની આત્મસમૃદ્ધિનું દાન તો કરે જ છે પણ પાછો મીઠો આવકાર આપીને, પીઠ થાબડીને, બરડો પસવારીને, વહાલ કરીને, મન ખુશ થઈ જાય એવી રીતે, એના પ્રેમરસ અને કરુણારસથી ભીંજવી દઇને, એની વીતરાગતા, એની નિર્વિકલ્પતા, એની સર્વદર્શીતા,

એની સર્વજ્ઞતા, એની સર્વનંદીતા ને સહજાનંદીતાનું પ્રદાન કરે છે. એટલેથી જ નહિ અટકતાં, વધારાના બોનસમાં, એના બ્રહ્મરસ અને સિદ્ધરસને વહાવી પર્યાય-સદશતા અને પ્રદેશસ્થિરત્વનું પ્રદાન કરી, એની હારોહાર સિદ્ધશિલાએ સિદ્ધપદે-પરમપદે બિરાજમાન કરી, પરમાનંદી બનાવી કૃતકૃત્ય કરે છે.

પૂર્ણ એવા એ સમર્થ સ્વામી પૂર્ણપણે પૂર્ણ આપી દે છે અને એના જેવો પૂર્ણ બનાવી દે છે; છતાં એ તો પાછા પૂર્ણ જ રહે છે. એની પૂર્ણતાને લેશ માત્ર પણ આંચ આવતી નથી. કારણ કે એનું તો એની પાસે જ હતું. એના જેવું જ મારી પાસે હતું, તેની એણે જાણ કરી અને એ અંદરમાં રહેલી પોતાની માલિકીની ચીજ, પોતામાંથી કેમ પ્રગટ કરવી, પર્યાયમાં લાવીને અનુભવવી, તેનું માર્ગદર્શન આપ્યું. એમણે કાંઈ લીધુંય નથી અને આપ્યું પણ નથી. પરંતુ એમના થકી પોતાના આત્મધનની જાણ થઈ અને એમના ચિંધ્યા માર્ગે આત્મખજાનો હાથ લાગ્યો એટલે કારણમાં કાર્યનો ઉપચાર કરી એમણે આપ્યું એમ કહીએ તે સૌજન્યતાપૂર્ણ શિષ્ટવ્યવહાર છે; જે આપણા સહુનો જીવાતો જીવનવ્યવહાર છે. ઈશાવાસ્યોપનિષદના શાંતિપાઠ માં પણ જણાવ્યું છે કે; આ પૂર્ણ છે, તે પૂર્ણ છે; પૂર્ણથી પૂર્ણ ઉત્કૃષ્ટ થાય છે. પૂર્ણનું પૂર્ણત્વ લઈ લઈએ તો પૂર્ણ જ શેષ રહે છે.

"ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते।।"

**"મન વિસરામી વાલહો રે...."** આ મારો વા'લો-વાલમ, જે આપે છે, તે પાછું વહાલપૂર્વક માઁના મમતા સભર, વાત્સલ્યપૂર્ણ, પ્રેમ નીતરતાં માતૃ હૈયાથી આપે છે. તેથી મન વિશ્રામ પામી જઈને, શાંત-

---

કરતાં કરતાં આવશે કે થશે એમ નથી, પણ કરતાં કરતાં ઠરવાપણું આવશે તો કરવાપણું, કૃતકૃત્યતા અર્થાત્ હોવાપણામાં ફળશે.

પ્રશાંત-ઉપશાંત થઈ જાય છે. મન તોષ પામી જાય છે. **મનમાં રહેલી ઇચ્છા, વીતરાગતારૂપે તૃપ્તિને પામે છે અને મનમાં ચાલી રહેલાં સંકલ્પ વિકલ્પ-વિચાર, કેવળજ્ઞાનરૂપે તૃપ્ત થાય છે. ટૂંકમાં ઇચ્છાની તૃપ્તિ વીતરાગતાથી અને વિચારની તૃપ્તિ કેવળજ્ઞાનની પ્રાપ્તિથી છે** જેમાં મન, અમન બની જાય છે. ભાવમન રહેતું નથી કારણ કે સ્વભાવ ઉજ્જાગર થયો છે. સ્વભાવનું આવું પ્રગટ થવાપણું, તે જ વહાલા વિમલપ્રભુજીનું વહાલ છે. એ મનને વિસરાવી દઈ, એટલે કે ભૂલાવી દઈ, વિસરામ-વિશ્રામ પહોંચાડે છે, તેથી તે મન વિસરામી છે. આ મારા વહાલા વિમલનાથ તો, મને પોતાનો બનાવીને પોતાપણું પ્રદાન કરનારા વિસરામી છે. પોતે સ્વયં વિશ્રામ પામેલાં છે અને બીજાને વિશ્રામ પહોંચાડનારા છે. પ્રભુ પોતે પોતાનામાં ઠરેલાં છે અને બીજાને ઠારનારા છે. **બારમા ગુણઠાણે 'જિણાણં' છે. તેરમા ગુણઠાણે 'તિન્નાણં', 'બુદ્ધાણં' છે. ચૌદમા ગુણઠાણે 'મુત્તાણં' છે.** '॥ णमो तित्थस्स ॥' કહેવાપૂર્વક સમવસરણમાં બિરાજમાન થાય છે. તેથી જ ભક્તહૃદયની પ્રાર્થના છે...

**"પ્રભુ આપ અવિચળ છો, ગુણરામી છો, વિસરામી છો;**
**વળી અક્ષયસુખના સ્વામી છો, અમને અક્ષય સુખ આપોને !"**

- શ્યામજી માસ્તર

જ્ઞાનવિમલસૂરિજી પણ પાર્શ્વસ્તવના કરતાં ગાય છે...

**"લીલા લહેરે દે નિજ પદવી તુમ સમ કો નહિ ત્યાગી. અખિયાઁ હરખણ લાગી..."**

**"આતમચો આધાર..."** હે વિમલનાથ ! આપ જ મારા આત્માના આધારરૂપ, આલંબનરૂપ છો ! આપનું આલંબન જો મને ન મળ્યું હોત, તો મારો આત્મા જે પોતે જ આધારરૂપ અધિષ્ઠાતા છે, તેને પોતાનું

---

અનુષ્ઠાન દરમ્યાન બહારમાં વિષયના સંસારથી છૂટવાપણું વ્યવહાર છે અને અંદરમાં કષાયના સંસારથી છૂટવાપણું એ નિશ્ચય છે.

આત્મભાન થયું ન હોત અને પોતાપણામાં આવી પરમપદે અધિષ્ઠાતા બની અધિષ્ઠિત થયો હોત નહિ. માટે હે પ્રભો ! તમે જ મારા અનાથના નાથ છો ! નોધારાના આધાર છો !

આ સંસારમાં ભટકતાં આત્માને પુણ્યોદય હોય તો, પોતાનાથી અધિક સામર્થ્યવાળા સ્વામી મળી શકે છે, તે ઉદાર પણ હોઈ શકે છે, જે પોતાની પાસે રહેલ, સઘળું બીજાને આપી દે, તેવું પણ બની શકે છે. વળી તે સ્વામી, આપણા ચિત્તને વિશ્રામ પમાડનારા સાંત્વન આપનારા, પણ મળી શકે છે. પરંતુ **આપણા આત્માના આધાર બનીને ચાર ગતિના ભ્રમણમાંથી છોડાવનાર અને મોક્ષનો માર્ગ બતાડી મોક્ષે પહોંચાડનારા તો, સ્વામી તરીકે, સંસારમાં કોઈ જ નથી. એ અપેક્ષાએ વિમલનાથ પ્રભુ જેવા સ્વામી કોઈ જ નથી. કારણ કે તે આપણા આત્માનાં આધાર બનીને જ્યાં પોતે પહોંચ્યા છે ત્યાં મોક્ષે પહોંચાડે છે.**

દક્ષિણમાં થઈ ગયેલ સંત અવ્વઈયારની આપવાના પ્રકારની વાત જાણવાથી પ્રભુની પરમ ઉદારતાનો સાચો ખ્યાલ આવશે.

**માંગ્યા વિના અનુદાન આપવું, એ મહત્ કાર્ય છે.**

**માંગ્યા પછી આપવું, એ ઉદારતા છે.**

**ગરીબ, અસહાય વારંવાર માંગવા આવે, એને ધક્કા ખવડાવી હડધૂત કરી આપવું, તે દાન નહિ કહેવાય પણ પગ-મજુરી Leg Labour ચૂકવી એમ કહેવાય.**

**પૂ. વિનયવિજયજી પણ મહાવીર સ્તવનામાં પ્રાર્થે છે...**

**"દાન દિયંતા રે પ્રભુ કોસર (કસર-કરકસર) કીસી ! આપો પદવી રે આપ. સિદ્ધારથના રે નંદન વિનવું."**

---

Overlook the event but don't book it & get hooked to it !
પ્રસંગને નીરખો નિહાળો પણ એની નોંધ લઈને બંધાઓ નહિ !

તીર્થંકર ભગવંત, દીક્ષા અંગીકાર કરવા પૂર્વે વરસીદાન દેવા વડે દ્રવ્યદાન આપી, ભવ્યજીવોના તે ભવના દારિદ્રને તો ટાળે છે; પણ કેવળજ્ઞાન પ્રાગટ્ય પછી, નિર્વાણ સુધીમાં જ્ઞાનદાન દેવા દ્વારા ભાવદાન આપે છે; જેનાથી આત્માનું આરોગ્ય પ્રાપ્ત થતાં, આત્મસંપદા મળી જતાં, આત્મસમૃદ્ધ બનેલ તે ભવ્યાત્મા, ભવોભવના દુઃખ, દોહગ, દરિદ્રતાને ટાળી, સાદિ-અનંત કાળ સુધી, પોતાના સાચા આત્મધન, એવા આત્માનંદમાં રમનારો બને છે.

સ્થાપના-નિક્ષેપે રહેલ તીર્થંકર પરમાત્માની ભક્તિથી બંધાતાં પુણ્ય વડે માંગ્યા વિના પણ મળી જાય છે; માટે પ્રભુ પાસે દુન્યવી સંપત્તિ, જે એમણે છોડી દીધી છે, તે નહિ માંગવી. પરંતુ ભવોભવના દરિદ્રને ટાળનારી, એવી વીતરાગતા અને સર્વજ્ઞતા માંગવી, કે જે એમણે પોતે પ્રાપ્ત કરી છે અને જે એમની પાસે છે; તેમ આપણી પાસે પણ, સત્તામાં તિરોહિત એટલે કે અપ્રગટરૂપે તો પડી જ છે.

રામ વિજય દ્વારા કરાયેલ શ્રી શાંતિનાથ ભગવાનની સ્તવનાની ચોથી કડીમાં, પ્રસ્તુત સ્તવનની ચોથી કડીના જ ભાવ ભર્યા છે.

**"મ્હારે તો તું સમરથ સાહિબ, તો કિમ ઓછું આણું,**
**ચિંતામણિ જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિશ્યાનું ?"**

**દરિસણ દીઠે જિનતણું રે, સંશય ન રહે વેધ;**
**દિનકર કરભર પસરંતા રે, અંધકાર પ્રતિષેધ. વિમલ૦૫**

પાઠાંતરે 'દીઠે'ના સ્થાને 'દીઠેં', 'તણું રે'ના સ્થાને 'તણી' 'સંશય'ના સ્થાને 'સાંસો', 'રહે'ના સ્થાને 'રહેં', 'પસરંતા'ના સ્થાને 'વરસતાં' એવો પાઠફરક છે.

---

પુદ્ગલાભિનંદી-ભવાભિનંદી જીવોને અલ્પ વિરામ હોઈ શકે છે પણ પૂર્ણ વિરામ હોતો નથી. પૂર્ણ વિરામ તો આત્માનંદી ભવ્યાત્માઓને હોય છે.

**શબ્દાર્થ :** (વેધ=વાંધો-વચકો-વિરોધ-છેદ-વીંધ, દિનકર=સૂર્ય, કરભર=કિરણોનો સમુહ, પસરંતા=પસરતા-ફેલાતા, પ્રતિષેધ=પ્રતિરોધ-અટકાયત-અવરોધ-નાશ.)

જિનેશ્વર ભગવંતના દર્શન થતાં આત્મા સંબંધી કોઈ સંશય વેધાયા-વીંધાયા-છેદાયા વિના રહેતો નથી.

સૂર્યના કિરણોનો સમુહ પસરતાં જ અંધકાર અવરોધાય છે, અર્થાત્ નાશ પામે છે.

**લક્ષ્યાર્થ-વિવેચન : દરિસણ દીઠે જિનતણું રે...** પંક્તિમાં 'જિનતણું' એ શબ્દનું વિશેષ મહાત્મ્ય છે. અહીં માત્ર જિનેશ્વર ભગવંતના મુખારવિંદના દર્શનની વાત નથી કરી. જિનમુખ-જિનમુદ્રાના દર્શનની સાથે સાથે અને તેથીય આગળ વધીને જિનતણા એટલે કે જિનના પોતાના દરિસણ, જે કેવલદર્શન છે, એની વાત કરી છે.

જિનેશ્વર ભગવાનની મુખમુદ્રાના દરિસણ કરતાં કરતાં, આગળ વધીને જે કોઈ, ભગવંતના અંતરના દર્શન એટલે કે કેવળદર્શન અને કેવળજ્ઞાનને દેખશે-સમજશે, તેના પોતામાં રહેલાં, સર્વ સંશયો છેદાઈ જશે અર્થાત્ તેનું નિવારણ થઈ જશે અને તે નિઃશંક બની જશે-નિશ્ચિંત થઈ જશે. કહેવાનું તાત્પર્ય એ છે કે, જિનતણા કેવળદર્શનને જે કોઈ પામશે તે સર્વથા સર્વદા નિઃસંશય-નિઃશંક બની જશે. એટલું જ નહિ પણ અન્યને નિઃશંક બનાવનાર થશે.

આ તો ટોચની, પરાકાષ્ટાના શિખરની ભૂમિકા ઉપરની વાત થઈ. પરંતુ એ શિખરે પહોંચવાની પૂર્વે, પાયાની ભૂમિકામાંય, ઉપશમભાવને પામીને, સમ્યગ્દર્શન સ્પર્શનારને પણ, પ્રભુ પરમાત્માના સર્વ ગુણોની

---

વર્ણન અને વેદન સમકાળે ન થાય. સાકર આસ્વાદતી જીભ સાકરનું વર્ણન નહી કરી શકે.

આંશિક અનુભૂતિ થતાં, એના સર્વ સંશયોનું નિવારણ આપોઆપ જ થઇ જાય છે. કારણ કે એની બધી જ ભ્રમણાના ભૂક્કા બોલાઇ જાય છે. એની દેહતાદાત્મ્ય બુદ્ધિ નાશ પામતાં તેનું જોડાણ વિનાશી સાથે છૂટી જાય છે અને અવિનાશી સાથે સંધાણ થઇ જાય છે. અનાત્મભાવ-દેહભાવ ટળી જાય છે અને આત્મદૃષ્ટા થવાથી આત્મભાવ જાગૃત થઇ જાય છે. હવે એ આત્મભાવથી આત્મધર્મ પામવાનો રહે છે.

આ તો અંધારામાં, રજ્જુને સર્પ માની, ભયભીત થયેલ હતો, તે જ્ઞાનનો પ્રકાશ થતાં, રજ્જુને રજ્જુ તરીકે જાણતાં, નિર્ભય-નિશ્ચિત થઈ જાય છે.

**अहंताममते स्तत्व, स्वीयत्व भ्रम हेतुके।**
**भेदज्ञानात्पलायेते, रज्जुज्ञानादिवाहिभिः ।।**

પર-વસ્તુ પ્રતિ, અહંતા અને મમતા રૂપી-ભ્રમજ્ઞાન વડે થતાં રાગ-દ્વેષથી આત્મા સંસારમાં બંધાયો છે અને બંધાઇને રહે છે. પરંતુ દોરડામાંથી સર્પનો ભ્રમ ભાંગી જતાં, જેમ આત્મા નિર્ભય થઈ જાય છે તેમ, જડ-ચેતનના ભેદજ્ઞાનથી આત્મા નિઃશંક, નિશ્ચિંત અને નિર્વિકારી થઇ જાય છે.

મહામહોપાધ્યાય યશોવિજયજીએ પણ સહેજે સમજાઈ જાય એમ, આવા જ ભાવ એમના સ્તવનમાં ભર્યા છે.

**કરકે કૃપા પ્રભુ દરિસણ દિનો, ભવકી પીડ મીટાઈ,**
**મોહનિદ્રાસે જાગ્રત કરકે, સત્યકી સાન સુનાઈ.**
**તન મન હર્ષ ન માઈ.... સખીરી આજ૦**

**નિત્યાનિત્યકા ભેદ બતાકર, મિથ્યાદષ્ટિ હરાઈ,**
**સમ્યગ્જ્ઞાનકી દિવ્યપ્રભાકો, અંતરમે પ્રગટાઈ;**
**સાધ્ય સાધન દિખલાઈ.... સખીરી આજ આનંદકી૦**

સમ્યક્ત્વનો પ્રકાશ થતાં મિથ્યાત્વનો અંધકાર વેધાઈ જાય, ટળી જાય.

ઉપરોક્ત વિધાનની પુષ્ટિ માટે, દૃષ્ટાંત ટાંકતા કહે છે કે, સૂર્યોદય થતાં, અંધકારનો, આપોઆપ પ્રતિષેધ થઈ જાય છે. અથવા તો અંધકાર, પ્રકાશનો પ્રતિકાર કર્યા વિના, પોતાની હાર સ્વીકારીને આપોઆપ ચાલી જાય છે.

અરે હજુ તો ક્ષિતિજ પરથી સૂર્ય હાથભર જ ઊંચો આવે છે ત્યાં તો રાત્રિનો અંધકાર ઉલેચાઇ જાય છે અને પ્રભાત થતાં જ, દિનકર દ્વારા દિન-દિવસનો પ્રારંભ થાય છે. સૂર્યને અંધકાર બતાડી શકવા કોઈ સમર્થ નથી. જ્યાં સૂર્યની હાજરી ત્યાં અંધકારની ગેરહાજરી. સૂર્યોદય થતાં જ સૃષ્ટિ, નવપલ્લવિત થઈને, આનંદથી ચહેકતી મહેકતી, કલ્લોલ કરતી થઈ જાય છે. એ જ પ્રમાણે બોધિલાભ એટલે કે **સમ્યગ્દર્શન થતાં જ પૂર્ણજ્ઞાનના પ્રાગટ્યનો પ્રારંભ થઇ જાય છે. બોધિ પ્રાપ્ત કરનાર, અવશ્ય બુદ્ધ થનાર છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી સાચા સુખ-આત્મિક સુખનો પ્રારંભ થાય છે. સમ્યગ્દર્શનથી તત્ત્વાનંદ છે, સમ્યગ્જ્ઞાનથી જ્ઞાનાનંદ છે, સમ્યગ્ચારિત્રથી સહજાનંદ છે અને અંતે સમ્યગ્ તપથી-ઈચ્છાનો સંદતર નાશ થતાં વીતરાગતા સર્વજ્ઞતા-સર્વદર્શીતા અને સર્વનંદીતા-પૂર્ણાનંદ છે.**

ચોથી કડીના અનુસંધાનમાં, વિમલજિન પ્રભુ, આત્માને એના પરમ આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં, કેવી રીતે આધાર-આલંબનરૂપ થાય છે; તેની વાતો આ પાંચમી કડીમાં વિચારી છે.

**અમિય ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;**
**શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપતિ ન હોય. વિમલ૦૬**

પાઠાંતરે 'શાંત સુધારસ'ના સ્થાને 'દૃષ્ટિ સુધારસ', 'નિરખત'ના સ્થાને 'નિરષિત' અને 'નિરખી' એવો પાઠફરક છે.

**શબ્દાર્થ :** (અમિય ભરી=અમૃત ભરેલી, સુધારસ=અમૃતરસ, નિરખત=દેખતાં-જોતાં, તૃપતિ=તૃપ્તિ-ધરવ-હાશ-સંતોષ.)

હે વિમલ જિન ! આપની મૂર્તિ-પ્રતિમા તો જાણે, અમૃતમાંથી રચવામાં-કંડારવામાં આવી હોય તેવી, અમૃતપિંડ-સુખકંદ-આનંદઘન સ્વરૂપ દીસે છે. એ એવી તો અલૌકિક છે કે એની સાથે સરખામણી કરી શકાય, એવું આ વિશ્વમાં, કોઈ દેખાતું નથી. તેથી તે અસમાન - અનુપમ છે. એને કોઈનીય ઉપમા આપવી ઘટે તેમ નથી.

વળી એ પ્રતિમાની દૃષ્ટિમાંથી જાણે અમૃતરસ ઝરતો હોય તેવી અમીભરી દૃષ્ટિથી યુક્ત છે. એને જોતાં જ રહીએ - જોતાં જ રહીએ બસ જોતાં જ રહીએ અને છતાં ધરવ-તોષ ન થાય એવી આપની જિનમુદ્રા છે.

**લક્ષ્યાર્થ-વિવેચન :** ભાવ નિક્ષેપે સાક્ષાત્ જિનેશ્વર મળવા, તે તો ભાગ્યશાળીના ભાગ્યની પરાકાષ્ટા જ છે. પરંતુ એ ભાવનિક્ષેપે રહેલા ભગવાનની ગેરહાજરીમાં, સ્થાપના-નિક્ષેપે પ્રભુની જે સ્થાપના કરવામાં આવી છે, તે પણ નોખી નિરાળી અદ્‌ભૂત છે. એ સ્થાપના પ્રભુમાં રહેલ, વીતરાગતા અને સર્વજ્ઞતાના દર્શન કરાવનારી છે. કેમ ન હોય ?! જે સ્વયં અમર-અમૃત બન્યા છે અને અન્યને પણ અમર-અમૃત બનવામાં આલંબનરૂપ છે, તે અજરામર, અવિનાશી બનાવનારની પ્રતિમામાંથી પણ અમૃત જ ઝરતું હોય, તેમાં આશ્ચર્ય શું છે ?!!

---

નયનમાંથી સરતા આંસુ દુઃખ ધુએ છે. હૃદયમાંથી સરતા આંસુ પાપ ધુએ છે.

એ તો અમૃતરસને ઢાળીને રચવામાં આવેલ અમૃતપિંડ-સુખકંદ કે આનંદનો પૂંજ-આનંદઘન હોય એવી મોહક-આકર્ષક, ચિત્તહર, મનોહારી જ હોય !

એ એવી તો નોખી, નિરાળી, આગવી, અદ્‌ભૂત અલૌકિક છે કે, એવો કોઈ પદાર્થ જગત આખામાં નથી, કે જેની જોડે, એની સરખામણી કરી શકાય. એ અસમાન-અનુપમ-અદ્વિતીય છે કે, કોઈ ઉપમા તેને ઘટતી નથી.

પૂ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજી પણ પાંચમી દ્વાત્રિંશિકામાં જણાવે છે કે, ગંભીરતાને સમુદ્રની ઉપમાથી, ધીરતા-સ્થિરતામે મેરૂપર્વતની ઉપમાથી, નિર્મળતા-શુભ્રતાને શરદ ઋતુના જળની ઉપમાથી; મનોહરતાને ચંદ્રની ઉપમાથી, વિશાળતાને પૃથ્વીની ઉપમાથી, તેજસ્વીતાને સૂર્યની ઉપમાથી, બલિષ્ઠાતાને પવનની ઉપમાથી ઘટાવી શકાય. પરંતુ આપના અમાપ-અસીમ મહાત્મ્ય સાથે સરખાપણું ધરાવી શકે તેવા, ગુણરૂપ યુક્ત ઉપમાન આ જગતમાં જોવામાં આવતું નથી. સરખે સરખાની ઉપમા આપી શકાય. પરંતુ જે હીન હોય તે સમાન કેવી રીતે બની શકે ?

વળી આ અમીયભરી મૂર્તિની રચના પણ એવી થઈ છે કે જેમાં આપની વીતરાગતાની સર્વદર્શીતાની અને સર્વજ્ઞતાની જ ઝલક જોવા મળે.

ભોજરાજાએ, એના દરબારમાં, રાજકવિ ધનપાલને દેવપૂજા કરવાનું ફરમાન કર્યું. કયા દેવની પૂજા કરવી, તેનો ફોડ નહિ પાડ્યો. રાજા, પંડિત ધનપાળની, પરીક્ષા કરવા માંગતા હતાં. પૂજનની સામગ્રી લઈને દેવપૂજા માટે નીકળેલા, પંડિત ધનપાળ, કાળીમાતાનું રૌદ્ર સ્વરૂપ જોઈ, ભયભીત બની પાછા ફરી ગયા, કૃષ્ણની મૂર્તિ રાધાની સાથે અને રામની મૂર્તિ સીતાની સાથે જોઈને લજ્જિત થઇ આડશ કરીને પાછા

વળી ગયા, તથાગત, બુદ્ધ ભગવાનની મૂર્તિ પણ, આશીર્વાદ આપતી અભય મુદ્રામાં જોઈ, ક્યાંય વીતરાગતાના દર્શન ન થયાં. અંતે દેવાધિદેવ જિનેશ્વર તીર્થંકર ભગવંતની મૂર્તિમાં વીતરાગતાના દર્શન થતાં તેઓ ગાઇ ઉઠ્યા કે...

**प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं, वदनकमलमङ्कः कामिनीसङ्गशून्यं।**
**करयुगमपि यत्ते शस्त्रसम्बन्धवन्ध्यं, तदसि जगति देवो वीतरागस्त्वमेव॥**

પ્રશમ રસમાં ઓતપ્રોત થઇ ગયેલી જેની બન્ને આંખો છે, વદનકમલ પ્રસન્ન છે, ખોળો સ્ત્રીસંગ રહિત છે, હાથમાં શસ્ત્રનો સંબંધ નથી. હે ભગવન્ ! તું જ ખરો વીતરાગ છે, તું જ મારી પૂજાને યોગ્ય છે.

પ્રભુજીની પ્રતિમા યોગમુદ્રામાં, પદ્માસનમાં, ઉપશમની મુદ્રામાં રહેલાં, કરયુગ્મ અને ઉન્મિલિત ચક્ષુથી યુક્ત છે. પાલીતાણા મુકામે શત્રુંજય તીર્થાધિપતિ શ્રી આદિનાથદાદાની મૂર્તિ તો વળી જાલંધર અને ઉડ્યાનબંધ સહિતની અલૌકિક છે. અરિહંત વંદનાવલીમાં 'શ્રીચંદ્ર' પણ ગાય છે કે... **ત્રણ લોકમાં વિસ્મય સમા ગુણ રૂપ યૌવન યુક્ત જે, એવા પ્રભુ અરિહંતને...**

પ્રભુજીની એક આંખમાં જ્ઞાનની તેજસ્વીતા છે તો, બીજી આંખમાં આત્મ પ્રસન્નતા-પ્રશાંતતાના દર્શન-આત્માનંદની ઝલક જોવા મળતી હોય છે.

પ્રભુપ્રતિમા એ વીતરાગતા-આત્મસ્થતા-સ્વરૂપસ્થતા-ઉપયોગ અવિનાશીતા-પ્રદેશસ્થિરત્વની દ્યોતક છે.

પદ્માસનમાં રહેલ ચરણકમલ, કમલની નિર્લેપતા-નિર્મળતા-મુલાયમતા અને સુરભિ સૂચક છે.

પ્રતિમાના હાથ ઉપર સ્થપાયેલ હાથ એવું સૂચન કરે છે કે પ્રભુને

હવે કાંઇ લેવા કે આપવાનું રહ્યું નથી, એવી ઋણમુક્ત, કૃતકૃત્ય, વીતરાગ અવસ્થાની પ્રાપ્તિ થઇ ચૂકી છે અને સર્વથા ઉપશમભાવમાં આવી સ્વસ્થિતતા-સ્વરૂપસ્થિતતાની સિદ્ધિ કરી લીધી છે. એ સ્વમાં સમાવાપણાને ઉદ્યોત કરે છે.

પ્રસન્ન મુખારવિંદ, સ્વરૂપાનંદ પ્રદર્શિત કરે છે. ઉન્મિલિત ચક્ષુ, કેવલદર્શન અને કેવલજ્ઞાનના પ્રાગટ્યને સૂચવવા સાથે જ્ઞાતા-દૃષ્ટાભાવને ઉદ્યોત કરે છે.

મસ્તક ઉપર સહસ્રદલ કમલનું ખૂલવાપણું ને ખીલવાપણું, કેવળજ્ઞાન સૂચવે છે.

પ્રભુજીની પ્રભુતા જે નિર્મળતા-વીતરાગતા, સ્થિરતા, સર્વદર્શીતા અને સર્વજ્ઞતા છે, તેની જ આબેહુબ રજુઆત કરતી પ્રભુજીની અમીયભરી મૂર્તિની રચના છે.

દૃષ્ટિમાંથી અમી ઝરતાં હોય અને અંગેઅંગમાંથી શાંત સુધારસ નીતરતો હોય, એવી પ્રભુની અમીઝરણી મૂર્તિ, જોયા જ કરીએ! બસ જોયા જ કરીએ! જાતનું અને સમયનું ભાન ભૂલી જઇ, ખોવાઇ જઈએ અને એના જેવા ન થઈએ ત્યાં સુધી, તૃપ્તિ ન થાય એવી અજોડ-અનુપમ-અલૌકિક મનહરણ છે.

**હો જિનજી તુજ મુરતિ મન હરણી, ભવ સાયર જલતરણી...**

– ઉપા. ઉદયરત્નવિજય

**ત્રણ ભુવનનું તત્ત્વ લહીને નિર્મળ તું હી નિપાયો;**
**જગ સઘળો નિરખીને જોતાં તારી હોડે કો નહિ આયો.**
**તુમ સમ ખોજ્યો દેવ ખલકમેં, પેખ્યો નહીં કબહું.**
**હો જિન તેરે ચરણકી શરણ ગ્રહું.** – પૂ. મહામહોપાધ્યાયજી

---

એટલે જ તો ભાવુક ભક્તહૃદયને પ્રશ્ન થાય છે કે...

**જિનકી પ્રતિમા ઈતની સુંદર વો કીતના સુંદર હોગા ?!!**

**એક અરજ સેવકતણી રે, અવધારો જિનદેવ;**
**કૃપા કરી મુજ દીજિયે રે, આનંદઘન પદ સેવ. વિમલજિન૦૭**

પાઠફરક : ખાસ નોંધનીય પાઠ ફરક છે નહિ.

**શબ્દાર્થ :** હે જિનોના દેવ, જિનેશ્વર તીર્થંકર ભગવંત ! આ આપના સેવકની, આટલી એક નાનકડી સેવા, અવધારો-સ્વીકારો અને દયા કરી મને આનંદઘન-આનંદપિંડ સ્વરૂપ આપ પરમાત્માની પદ સેવા-ચરણકમલની સેવના આપો !

**લક્ષ્યાર્થ-વિવેચન :** હે જિનેશ્વર દેવ ! આપશ્રીની અસીમ કૃપાએ કરીને આત્માનંદ પરમાનંદને આપનારી, આનંદના સમુહ એવા પરમાત્માની ચરણસેવારૂપ જિનધર્મ મને મળો !

હવે સેવકની આપ પરમાત્માને આટલી જ એકમાત્ર નાનકડી અરજી-પ્રાર્થના છે કે, જ્યાં સુધી ભવાંત નહિ આવે અને ભવમુક્ત ન થાઉં ત્યાં સુધી અખંડપણે ભવોભવ આપશ્રીની ભક્તિ અને ભવમુક્ત કરનારા ભક્તિભાવ નિરંતર મળતા રહો !!

**"ઈઅ સંથુઓ મહાયસ ! ભત્તિબ્ભરનિબ્ભરેણ હિયએણ;**
**તા દેવ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ ! જિણચંદ !"**

**"तन्मेत्वदेक शरणस्य शरण्य भूयाः"** - કલ્યાણ મંદિર સ્તોત્ર

આપ શરણદાતાનું શરણ મળતું રહો !

યોગીરાજશ્રીનું આ એક અત્યંત લોકપ્રિય ભાવવાહી સ્તવન છે.


---

પ્રારબ્ધ એટલે પૂર્વકર્મનો ઉદય. પુરુષાર્થ એટલે સંવર અને નિર્જરા.

# 14 શ્રી અનંતનાથ જિન સ્તવન

રાગ : રામગિરિ-કડખાની ... "વિમલ કુલકમલના હંસ તું જીવડા...:" એ દેશી

ધાર તલવારની સોહલી,
દોહલી ચઉદમા જિનતણી ચરણસેવા
ધાર પર નાચતા દેખ બાજીગરા,
સેવના ધાર પર રહે ન દેવા. ધાર૦૧
એક કહે સેવિયે વિવિધ કિરિયા કરી,
ફલ અનેકાંત લોચન ન દેખે;
ફળ અનેકાન્ત કિરિયા કરી બાપડા,
રડવડે ચાર ગતિમાંહે લેખે. ધાર૦૨
ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં,
તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકાં,
મોહ નડિયા કલિકાલ રાજે. ધાર૦૩
વચનનિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,




स्वयम्भूरमण-स्पर्द्धी, करूणारस-वारिणा।
अनन्तजिदनतां वः, प्रयच्छतु सुख-श्रियम्।। ॥१४॥

નામ : ૧૪ મા શ્રી અનંતનાથ

લાંછન : સિંચાણો

રાશિ : મીન

ગણ : દેવ

માતા : સુયશા

પિતા : સિંહસેન

ગર્ભવાસ : ૯-૬

દીક્ષા પર્યાય : ૭ાા લાખ વર્ષ

સર્વ આયુષ્ય : ૩૦ લાખ વર્ષ

સમ્યક્ત્વ પામ્યા પછીની ભવ સંખ્યા : ૩ ભવ

ચ્યવન કલ્યાણક નક્ષત્ર સાથે : રેવતી અ. વ.૭



# અનંતનાથજી

14

જન્મ કલ્યાણક નક્ષત્ર સાથે : રેવતી ચૈ. વ.૧૩

દીક્ષા કલ્યાણક નક્ષત્ર સાથે : રેવતી ચૈ. વ.૧૪

કેવળજ્ઞાન કલ્યાણક નક્ષત્ર સાથે : રેવતી ચૈ. વ.૧૪

નિર્વાણ કલ્યાણક નક્ષત્ર સાથે : રેવતી ચૈ. સુ.૫

જન્મનગરી : અયોધ્યા

દીક્ષાનગરી : અયોધ્યા

કેવળજ્ઞાનનગરી : અયોધ્યા

નિર્વાણભૂમિ : સમ્મેતશિખર

વચનસાપેક્ષ વ્યવહાર સાચો;
        વચનનિરપેક્ષ વ્યવહાર સંસારફળ,
        સાંભળી આદરી કાંઈ રાચો. ધા૨૦૪
દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ કહો કેમ રહે,
કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો;
        શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કરે,
        છાર પર લીંપણું તેહ જાણો. ધા૨૦૫
પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો,
ધર્મ નહીં કોઈ જગ સૂત્ર સરીખો;
        સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે,
        તેહનું શુદ્ધ ચારિત્ર પરીખો. ધા૨૦૬
એહ ઉપદેશનો સાર સંક્ષેપથી,
જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે;
        તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી,
        નિયત **'આનંદઘન'** રાજ પાવે. ધા૨૦૭

પૂર્વના તેરમા સ્તવનમાં શ્રી વિમલજિન પ્રભુજીને એમની સેવાનો લાભ આપવા પ્રાર્થના કરી. એ પ્રભુસેવાનો લાભ થવો, કેટલો દુર્લભ છે અને એ મળી ગયા પછી પણ, સેવા કરવી કેટલી આકરી છે તથા સેવાના લાભથી આત્મલાભ થવો કેટલો દુષ્કર છે, તેની વાતને આ પ્રસ્તુત સ્તવનમાં ખૂબ સુંદર રીતે ગૂંથવામાં આવી છે.

સાથે સાથે પ્રીતિયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગમાંથી ધ્યાનયોગમાં લઈ જનારા ક્રિયાયોગ અને શાસ્ત્રયોગની વિચારણા પણ કરી છે. ક્રિયાયોગ પહેલા પ્રીતિરૂપે હોય છે. પછી તેમાં આદર ભળતાં તે ભક્તિરૂપ બને છે

અને આગળ ઉપર, દરેક ક્રિયામાં, જિનવચનને અનુસરીને થતી વર્તના, એ વચનાનુષ્ઠાન બને છે. એ વચનાનુષ્ઠાન જ અસંગાનુષ્ઠાન પમાડે છે એટલે કે સાલંબનમાંથી અનાલંબન યોગ તરફ લઇ જાય છે અને સામર્થ્યયોગ સ્વરૂપ, ક્ષપકશ્રેણિમાં પ્રવેશ કરાવે છે.

વિચારણા તો પહેલા એ કરવાની છે કે, સેવા કોણ કરી શકે? જે સેવક થાય, તે સેવા કરી શકે. જે, માલિકનો માલિક તરીકે સ્વીકાર કરી, દાસભાવમાં આવી, સેવ્યભાવથી સેવા કરે, તે સેવક થાય. એ માલિકના આજ્ઞાંકિત કિંકર-દાસ બનીને રહે. સ્વચ્છંદ ત્યાગી, જાતનું ડહાપણ ડોળ્યા વગર, એ અનાથના નાથ, અશરણના શરણ્ય સ્વામીની પ્રત્યેક આજ્ઞા-પ્રત્યેક વચનો, તહત્તિપૂર્વક સ્વીકાર કરે અને શક્તિ અનુસારે પાલના કરે, તે માલિક-પરમાત્માની સેવા છે. એમ કરવાથી જ માલિકની પ્રસન્નતાને પામી શકાશે, કે જે પ્રસન્નતા, સ્વયં સેવકને જ પરમાત્મા બનાવી દેશે. **દાસ બનીને જે દાસોઽહં ભાવમાં રહે છે, તે જ સોઽહં ભાવમાં આવી પરમહંસ બનીને પરમપદને પામે છે.**

જેનો માલિક માતબર, એનો સેવક નસીબદાર. માલિક પોતાના સેવકને પોતાની સમકક્ષ બનાવતો હોય તો તે માલિક સાચો. શેઠ, નોકરને કાયમ પોતાનો નોકર જ રાખવાનો હોય, તો તે શેઠ નકામો. સાથે શરત એ પણ છે કે, એ સેવક સ્વચ્છંદ છોડીને સેવક જ બની રહી, માલિકની સાચા દિલથી પરિપૂર્ણ સેવા કરે, તો જ એનો માલિક, એને સેવકમાંથી એના જેવો માલિક બનાવી, પોતાની હરોળમાં હારોહાર બેસાડી શકે.

આપણે અહીં જે માલિકની વાત કરવાની છે, તે માલિક વીતરાગ, નિર્વિકલ્પ, સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વાનંદી, સહજાનંદી, સર્વ-સમર્થ, પરમાત્મા છે. આ પરમાત્મા, માલિક હોવા સાથે, પાછા ધનવંતરી વૈદ્ય છે. એની

---

જેને પરમાત્મા અને આત્મજ્ઞાનીના ભેદ જણાય છે તેને આત્મતત્ત્વ હજુ પકડાયું નથી.

પાસે ચોક્કસ નિદાન છે, ચોક્કસ ઔષધ છે અને ચોક્કસ ચિકિત્સા છે. તેથી જ તે ભવરોગીને, આત્માનું આરોગ્ય બક્ષી નિરોગી બનાવે; તે એવો કે, પછી પાછો ક્યારેય રોગી નહિ થાય.

માલિક અને સેવક, ગુરુ અને શિષ્ય, ભગવાન અને ભક્તનું કોઇ જ્વલંત આદર્શ ઉદાહરણ હોય, તો તે વર્તમાન ચોવીસીના, ચરમ તીર્થપતિ, શાસનપતિશ્રી, મહાવીરસ્વામીજી અને એમના પરમ વિનીત ગુરુ ગૌતમ ગણધર છે. જેઓ વર્તમાનમાં, સિદ્ધશિલા ઉપર, લોકાગ્ર-શિખરે, સિદ્ધપદે બિરાજમાન છે. **જે સાચો શિષ્ય બની શકે તેજ સાચો ગુરુ થઈ શકે. In order to command, first you have to obey. લઘુત્તમભાવમાં આવ્યા વિના ગુરુત્તમપદ સાંપડે નહિ.** ગૌતમ મહારાજાને તો ભગવાનની આજ્ઞા જ પોતાની ઈચ્છા હતી અને ભગવાનની મતિ એ જ પોતાની મતિ હતી. ત્યારે જ તો ૫૦,૦૦૦ કેવળી ભગવંતના છદ્મસ્થ ગુરુ હોવા છતાં પણ, વીરપ્રભુની આજ્ઞા થતાં; કામદેવ શ્રાવકની ક્ષમા માંગવા, એક પણ ખોટો વિકલ્પ કર્યા વિના, તહત્તિ કહીને નીકળી પડ્યા!

આવી સેવાને માટે, જે યોગ્ય સેવ્ય છે, તેના સાલોક્ય અને સામીપ્યની આવશ્યકતા છે.

**સાલોક્ય અને સામીપ્ય મળે, તો સેવ્યની સેવા થઇ શકે અને સેવ્ય-સેવકના સાયુજ્યને સાધી શકાય.**

વર્તમાનમાં આપણા કમભાગ્ય છે કે, જ્યાં પ્રભુ ભાવનિક્ષેપે સદેહે વિદ્યમાન છે, તે પરમાત્માના ક્ષેત્ર અને કાળ આજે મળ્યાં નથી. વર્તમાને આપણા જંબુદ્વિપના મહાવિદેહક્ષેત્રના પુખ્ખલવઈ વિજયમાં વિચરતાં, વિદ્યમાન, શ્રી સીમંધર સ્વામીનું અને આપણું ક્ષેત્ર જુદુ છે. શ્રી મહાવીર સ્વામીજીનું ક્ષેત્ર તો મળ્યું છે પણ, એમની વિદ્યમાનતાનો કાળ મળ્યો

---

આંખમાં અવિકારીતા, વચનમાં સ્યાદ્વાદતા, વર્તનમાં નિર્લેપતા અને
ભાવમાં સમતા એ આત્મજ્ઞાનીના લક્ષણ છે; જે મુમુક્ષુ સહેજે ઓળખી લે છે.

નથી. આમ દેશ અને કાળના દ્વિવિધ સંયોગોએ કરીને, પરમાત્માની વિદ્યમાનતાનું સાલોક્ય સાંપડ્યું નથી. તેથી ક્ષેત્રથી અને કાળથી આપણને અને ભગવાનને આંતરું પડી ગયું છે. જ્યાં સાલોક્ય જ નથી, ત્યાં સામીપ્ય-ઉપનિષદ્ તો કેમ કરીને મળે ?!

આપણી આ મુશ્કેલી વીતરાગ, સર્વજ્ઞ ભગવંત એમના જ્ઞાનમાં જાણતાં હતા. તેથી જ એ કરુણાના સાગર, અકારણ વત્સલ, અનંત ઉપકારી, વીતરાગ, સર્વજ્ઞ ભગવંતે ચાર નિક્ષેપાની, સાલંબન સાધના બતાડવાની કૃપા કરી.

સાક્ષાત્ ગુરુ દ્રોણાચાર્યના સામીપ્ય-ઉપનિષદ્‌થી, જે વિદ્યા શિષ્ય અર્જુને મેળવી હતી, તેથી અધિક વિદ્યા, શિષ્ય એકલવ્યે, સ્થાપના-નિક્ષેપે રહેલ, ગુરુ દ્રોણાચાર્યના પરોક્ષ ઉપનિષદ્‌થી મેળવી. **જે લાભ ભાવ-નિક્ષેપે વિચરતાં પ્રત્યક્ષ પરમાત્માના સામીપ્ય-ઉપનિષદ્‌થી મેળવી શકાય, તે જ લાભ નામ-સ્થાપના-દ્રવ્ય-નિક્ષેપાના પરોક્ષ ઉપનિષદ્‌થી-આલંબનથી પણ મેળવી શકાય છે.**

ભગવાનના નામને જીહ્વાગ્રે સ્થાપીને, ભગવાનને હૃદયસ્થ કરીને, ભગવાનની છબીને નયનોમાં વસાવીને, ભગવાનના જીવન-કવન-ચારિત્રને, સ્વયંના જીવનમાં ચરિતાર્થ કરીને, ભગવાનના ભાવને પોતાના ભાવ બનાવી શકાય છે અને ભગવાનની ગેરહાજરીમાં પણ, પ્રભુની આજ્ઞાના પાલનથી સ્વયં ભગવાન બની શકાય છે. ભવિતવ્યતા તેવી નહિ હોય તો ભગવાન મળ્યા પછી, ભગવાનના ભક્ત બન્યા પછીય કદાચ ભગવાન નહિ થઈ શકાય, તો ભગવાનની વિદ્યમાનતા હોય તેવા દેશ અને કાળને પામી શકાય છે. પછી એ ક્ષેત્ર અને કાળના લાભને મેળવીને; ભગવાનનો જેવો શુદ્ધ ઉપયોગ-સ્વભાવ છે, તેવો શુદ્ધ ઉપયોગ બનાવીને; જેવું

---

(અ) અધ્યાત્મક્ષેત્રે સ્વપ્રયોજન-આત્મકેન્દ્રીતાની પ્રધાનતા છે અને પરપ્રયોજનની ગૌણતા છે.
(બ) ભૌતિક-દુન્યવી ક્ષેત્રે પરાર્થતાની પ્રધાનતા છે અને સ્વાર્થ ગૌણ છે.

ભગવાનનું, પૂર્ણ જ્ઞાનાનંદમય શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છે, તેવું શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય આપણે પણ બનાવી શકીએ છીએ. આમ નામ, સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપાના આલંબને, આપણે આપણા આત્માને, પ્રભુના જેવો બનાવી શકીએ છીએ.

ત્રણલોકના નાથ પરમાત્માની આજ્ઞાના પાલનરૂપ સેવા કેટલી કઠિન છે, તેને બતાવતાં હવે યોગીરાજ પોતાની આગવી શૈલિમાં કહી રહ્યાં છે.

**ધાર તલવારની સોહલી, દોહલી ચઉદમા જિનતણી ચરણસેવા;**
**ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા. ધાર૦૧**

પાઠાંતરે સોહલીના સ્થાને સોહેલી-સોહિલી, દોહલીના સ્થાને દોહેલી-દોહિલી, 'નાચતા'ના સ્થાને 'નાચતી', 'દેવા'ના સ્થાને 'હેવા' એટલે કે ચાલવું એવો પાઠફરક છે.

**શબ્દાર્થ :** તલવારની ધારપર ચાલવું હજુય શક્ય છે-સહેલું છે. પરંતુ ચૌદમા શ્રીઅનંતનાથ ભગવાનની સેવા, દોહ્યલી- દુષ્કર છે.

તલવારની ધાર ઉપર નાચતાં, બાજીગર-બજાણિયા-સરકસના ખેલાડીઓ તો, હજું આજે પણ, જોવા જાણવામાં આવે છે. પરંતુ પરમાત્માના ચરણકમલની સેવના, એટલી આકરી છે કે, એ સેવનાની તીક્ષ્ણ ધાર સેવકને લોહીલુહાણ કરી, સેવાકાર્યથી ચ્યૂત કરી દે છે. એ સેવના એવી તો દુષ્કર છે, કે શક્તિશાળી અને પુણ્યશાળી દેવો પણ, એમાં ટકી શકતાં નથી અર્થાત્ એ સેવનાનું આરાધન-આચરણ કરી શકતાં નથી.

**લક્ષ્યાર્થ-વિવેચન :** એક વાર તલવારની ધાર સાથે ખેલવાનું ક્ષાત્રવટ કરવું સહેલું છે. તલવારના જુદા-જુદા પ્રકારના દાવ અને કરતબની

તલવારબાજી ખેલીને, શમશેર બહાદૂર બની શકાય છે. સાહસિક વ્યક્તિ, અભ્યાસના જોરે, શ્વસનક્રિયા ઉપર નિયંત્રણ મેળવીને, જાણે હવામાં તરતો હોય, એ રીતે તલવારની પાણીદાર તીક્ષ્ણ ધાર ઉપર ચાલવાના ખેલ ખેલતાં ખેલંદાઓ, જોનારાને આશ્ચર્યચકિત કરી શકવામાં સફળ થાય છે. પરંતુ ચૌદમા જિનેશ્વર શ્રી અનંતનાથ ભગવાને અનંતાનુબંધી કષાયનો નાશ કરીને, અનંતચતુષ્કની પ્રાપ્તિ માટે પ્રરૂપેલી સેવા દુષ્કર છે. એ સંયમની કેડીએ ચરણ માંડવારૂપ ચારિત્રની પાલના સ્વરૂપ છે. તેથી તે સેવા તલવારની ધાર ઉપર ચાલવા કરતાંયે આકરી અને દુષ્કર છે.

તલવાર વાપરતાં આવડે તો, સ્વયંનું રક્ષણ કરવાની સાથે સાથે, નિર્બલ માટે બલરામ એવા ક્ષત્રિય બની, પરના રક્ષણના પરાક્રમરૂપ ક્ષાત્રવટ દાખવી શકાય છે. પરંતુ એ રાખણહારી તલવાર વાપરતા ન આવડે, કે પછી વાપરવામાં જરાય ગફલત થાય - પ્રમાદ થાય, તો તે જાતનીય મારણહાર બને છે અને અન્ય નિર્દોષનું રક્ષણ કરનારી નહિ બનતાં મારણહાર બને છે.

એ જ પ્રમાણે **'જિનતણી ચરણસેવા'** એટલે કે ચારિત્રના માર્ગે, જિનકથિત વિધિએ ચાલતાં ન આવડે તો જાતના પણ મારણહાર થઇએ છીએ અને અન્યને પણ ગેરમાર્ગે દોરનાર બનીએ છીએ. ભગવાને કંડારેલી સંયમની કેડીએ યથાર્થપણે ચાલતાં આવડે તો, સ્વયં તો મોક્ષના મુકામે પહોંચીએ છીએ પણ સાથે સાથે, અન્ય કંઇક ભવ્યાત્માના પથદર્શક પણ બની શકાય છે.

તલવારથી હણાઈએ તો આ પ્રાપ્ત વર્તમાન ભવ હારી જઇએ. પરંતુ જો જિનપ્રરૂપિત ચારિત્રપાલના, જે કંઇ કેટકેટલા ભવની રખડપટ્ટી પછી ભાગ્યયોગે મળેલ છે, એવી એ રત્નત્રયીની આરાધના અને તત્ત્વત્રયીની

---

(અ) સમ્યક્ત્વ અભિમુખ મિથ્યાત્વદશાનું સમ્યક્ત્વદશા તરફનું પ્રયાણ એ વ્યવહાર મોક્ષમાર્ગ છે.
(બ) ગ્રંથિભેદજનિત સમ્યક્ત્વદશા પછીનું વીતરાગતા તરફનું પ્રયાણ એ નૈશ્ચયિક મોક્ષમાર્ગ છે.

ઉપાસના કરતાં નહિ આવડે તો, તેની વિરાધનાના પ્રતાપે ભવોભવનો રઝળપાટ હાથ લાગે છે. ખુદ પ્રભુ મહાવીરના મરીચીના ભવની જીવનકથની, આ બાબત પ્રતિ આપણને લાલબત્તી ધરે છે. તલવારથી તો એક વાર હણાઈને, એક વારના મરણથી એક વારના ભવને હારી જવાતો હોય છે. જ્યારે માર્ગથી ચ્યૂત થઇએ તો, અનેક જન્મ-મરણ કરવારૂપ સંસારવૃદ્ધિ થતાં ભવોભવ હારી જવા પડતા હોય છે. માર્ગ પ્રાપ્તિના સંયોગો જ દુર્લભ થઈ જતાં હોય છે.

તલવાર જેવું હથિયાર હાથમાં હોય અને જાતની રક્ષા ન કરી શકીએ, શત્રુને હણી, વિજય મેળવવાનું પરાક્રમ નહિ કરી શકીએ, તે તો મહાદુર્ભાગ્ય છે. એ તો કાયરતા છે - પામરતા છે. એ જ રીતે રત્નત્રયીની આરાધનાનો યોગ મળવા છતાં, ભગવાન બનવાનો પુરુષાર્થ નહિ કરીએ અને ખંડના, વિરાધના, આશાતના, અવહેલના, અવગણના, તર્જના, તિરસ્કાર કરશું તો, તેના જેવું દુર્ભાગ્ય-બદનસીબી બીજી કોઈ નથી. મળે નહિ તો તે કમ (ઓછું) ભાગ્ય કે કમનસીબી છે. આ તો મળ્યા પછી મળેલાંનો દુરુપયોગ અને વેડફાટ છે; તે તો દુર્ભાગ્ય-બદનસીબી છે. ફરી પાછું એ સહેજે મળે નહિ તેવી અવળીચાલ-અવળચંડાઈ છે. બહુ મોટો અપરાધ છે.

તલવાર તો ચલાવી જાણીએ ! અરે ! તલવારની ધારપર ચાલવાનું સાહસ પરાક્રમ પણ કરી શકીએ ! પરંતુ જિનપ્રરૂપિત માર્ગે નહિ ચાલીએ અને મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ, અજ્ઞાન, મોહને દૂર નહિ કરીએ તો, ભવાભિનંદી બની સંસારમાં રખડીશું. આ તો તલવારની ધારપર ચાલીને લોહીલુહાણ થવા જેવું એટલે કે ભવોભવના મરણને સામે ચાલીને નોતરવા જેવું છે.

---

ભોગવિલાસ ત્યાં આત્મવિનાશ (આત્મરકાસ). ચિદ્-વિલાસ-આત્મવિલાસ ત્યાં આત્મવિકાસ.

સ્વાનુભૂતિ સંપન્નશ્રી ખીમજીબાપા જણાવે છે કે મોહને હણવા સંયમરૂપી ગજવેલની બનાવેલી સુવર્ણથી જડિત રત્નત્રયીરૂપ તલવાર-શમશેર મળી છે. એને ઉઘાડી રાખી, કાટ નહિ લાગવા દેવો જોઈએ. એના ચળકાટ ને તીક્ષ્ણતાને ખંડિત નહિ થવા દેવી જોઇએ. મ્યાનમાં ગુપ્ત રાખવી, કે જેથી એ એની શત્રુહનન-મોહહનનની શક્તિ ગુમાવી નહિ દે! જેમ તલવારને મ્યાનમાં ગુપ્ત રાખીને, એની પાણીદાર ધાર સુરક્ષિત રાખીને શત્રુહનનમાં એનો ઉપયોગ કરવાનો છે; તેમ મન-વચન-કાયાને ગુપ્તિથી અને સમિતિથી ધારદાર રાખીને જાતનું રક્ષણ કરવાનું છે. સાથે સાથે આત્માના વિરોધી એવા, મોહરૂપી શત્રુનું હનન કરીને અરિહન્ત બનવાનું છે. ટૂંકમાં આશ્રવના નિરોધરૂપ સંવરપૂર્વક નિર્જરા કરવાની છે.

જિન તણી આ ચરણસેવા, નારકીના જીવોને શક્ય નથી કેમકે, તેઓ અપરાધની સજા ભોગવી રહ્યાં છે. બંદીખાને ઘલાયેલાં તેઓ પરાધીન કેદી છે. તિર્યંચના જીવો, લાચાર અને અવિવેકી હોવા સાથે શ્રુતજ્ઞાનથી વંચિત છે. એ તિર્યંચોને બોલવાની કે અવાજ કાઢવાની શક્તિ છે પણ, વિચારવાની શક્તિ નથી.

સમકિતી દેવો જિનચરણ સેવાના રસિયા છે, તેમને તો એની નિરંતર ઝંખના હોય છે. નારકીના જીવોને જેમ પાપકર્મ નિકાચિત છે અને પાપની સજામાંથી છૂટકારો નથી, તેમ દેવોને પુણ્યકર્મ નિકાચિત છે તેથી પુણ્યકર્મના ભોગવટામાંથી તેઓ છૂટી શકતા નથી. મૂળ શરીર મૂળ સ્થાને રાખી, ઉત્તર શરીરે વિચરણ હોવાથી અને ઇચ્છિતની તત્કાલ પૂર્તિના દેવપુણ્યે કરીને, વૈક્રિય શરીરવાળા દેવોને, જિનચરણ સેવનાની ધાર ઉપર ચાલવું શક્ય નથી. આ દેવો પારાવાર સુખી છે. જ્યારે નારકો પારાવાર દુઃખી છે. બેમાંથી કોઇ વિરક્ત થતું નથી. જિનચરણ સેવના એટલે

---

આપણે જે જાણીએ છીએ તે કશું જ નથી, આપણે જે જાણતા નથી તે અસીમ છે.
શરીર આવ્યું ય નથી અને જવાનું ય નથી. આવ્યો છે, આત્મા અને જવાનું છે આત્માએ.

વિરક્તભાવ-વૈરાગ્યભાવ-વિરતિ. દેવો સમકિતી હોઇ શકે છે પણ, એમને વિરતિ શક્ય નથી. આત્મ-સાક્ષાત્કાર કરી ચૂકેલાં સમકિતી દેવો અને દેવેન્દ્રો જેને ઝંખે છે અને જેનો આદર કરે છે તે મહાન, ભાવ-વિરતિધર્મને પામવો, એ કાંઈ ખાવાના ખેલ નથી. એ તો ખાંડાની ધાર ઉપર ખંડિત થયા વિના ચાલી બતાવવા કરતાંય આકરું છે.

એક માત્ર મર્ત્યલોકની પંદર કર્મભૂમિમાં રહેલ, ઔદારિક દેહધારી માનવોને જ, જિનતણી ચરણસેવા શક્ય છે. પ્રથમ તો પાંચે ઈન્દ્રિયોથી પરિપૂર્ણ, સંજ્ઞી મનુષ્યપણું મળવું જ દુર્લભ છે.

**"બહુ પુણ્ય કેરા પૂંજથી શુભ દેહ માનવનો મળ્યો**
**તોયે અરે ! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો;**
**સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો;**
**ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?"**

દુર્લભ એવા મનુષ્યપણાને પામ્યા પછી આર્યકુળ, જૈનકુળ, જૈનપણું અને ગુણયુક્ત પાંચમું- દેશવિરતિ અને છઠ્ઠું-સર્વવિરતિ ગુણસ્થાનક, મળવા તો અતિ અતિ દુર્લભ છે. છતાંય એ મળે છે મનુષ્યને જ! બીજી કોઈ ગતિમાં તે મળવા શક્ય નથી. ભવિતવ્યતા તથા પ્રકારની હોય, તો સંજ્ઞી, તિર્યંચ-પંચેન્દ્રિયને દેશવિરતિ પ્રાપ્તિનો પુરુષાર્થ થઈ શકે પણ સર્વવિરતિ તો માનવ ખોળિયા સિવાય ક્યાંય નહિ મળે.

એકમાત્ર મનુષ્યને મળતી, આ જિનચરણ સેવા અર્થાત્ સંયમ પણ મળી જવું સહેલું છે. પરંતુ એ મળેલ સંયમની પાલના અને એના પાલનથી વીતરાગતા, સર્વદર્શીતા, સર્વજ્ઞતા - સિદ્ધત્વની પ્રાપ્તિ તો; તલવારબાજીની પટૂતા અને વાંસના દોરડા ઉપર નાચતા બાજીગર બજાણિયાના

સંમતોલપણાના ખેલ કે આગની સેજ પરથી સડસડાટ પસાર થઈ જનારા કસબીઓના કરતબથી પણ દુષ્કર છે. **તલવાર પટૂતાથી સંયમપટૂતા અઘરી ને આકરી છે.**

સંયમપાલના એવી આકરી ધારદાર છે કે, સંયમીને છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકના ભાવસંયમની ધારા ઉપર એકસરખી તૈલવત્ ધારાએ સંયમ નિર્વહન કરવા દેતી નથી. મુનિઓએ સંસારીઓ સાથેના સંબંધો ત્યાગ્યા છે. પરંતુ દેહસંસાર તો હજી ઊભો જ છે. વળી સંસારીઓની વચ્ચે, દેહધર્મની આવશ્યકતાઓને, સંસારીઓ પાસેથી જ મેળવીને સંયમ પાલના કરવી પડતી હોય છે. આ તો બળબળતાં અંગારાઓને દાઝ્યા વિના, એક હાથથી બીજા હાથમાં ફેરવતાં રહીને-રમાડતા રહીને, અંગારાઓથી છૂટી જવા કરતાંય આકરું છે.

બે છેડે જમીનમાં ખૂંપાવીને રાખેલાં, વાંસને બાંધેલાં, દોરડા ઉપર જમીનથી અધ્ધર આકાશમાં સમતોલપણાને જાળવતા બાજીગરના ખેલથી પણ સંયમપાલના કઠિન છે. શુભ કે અશુભમાં, જમણી બાજુ કે ડાબી બાજુ ઢળી નહિ પડતાં, મનની સ્થિરતા, ઉપયોગની શુદ્ધતા-સમતુલા-સ્થિરતાને જાળવી રાખીને, ત્રાજવાના કાંટાની જેમ, મધ્યભાગે કેન્દ્રમાં સ્થિર રહી, જમણા ડાબા પલ્લાને સમતલ રાખવા સમાન સ્વને સ્વમાં સ્થિર રાખવું, એ ખૂબ ખૂબ દુષ્કર છે. અશક્ય નથી પણ કઠિન તો છે જ! આ તો રાધાવેધ સાધવા જેવી આકરી તપસ્યા છે. એ તપસ્યામાં પાર ઉતરે, તેને જ સ્વયંવરમાં મુક્તિરૂપી દ્રૌપદી વરે! સમતોલ રહી, સમતુલા જાળવીને જો જિનચરણ સેવનાનું પાલન કરી શકાય, તો પરમ આત્મસ્વરૂપનું દાન મળ્યા વગર રહે નહિ.

હજી સુધી મુક્તિ મળી નથી. એ જ બતાડે છે કે, 'જિનચરણ

---

સેવનાના-જિનાજ્ઞાના સંયમપાલનાના માર્ગે, હજુ સુધી સાચું ચલાયું નથી. ધાર ઉપર સમતુલા જાળવીને હજુ ચલાયું નથી. ઉપયોગ સ્વરૂપમાં સ્થિર ન થતાં, હજુ કોઈ એકાદી બાજુ ઝૂકી જાય છે. પ્રમાદ સેવાઈ જાય છે. ઝોકું આવી જાય છે, તેથી અપ્રમત્તતા (જાગૃતિ) રહેતી નથી.

**પરિણતિ સબ જીવનકી, તીન ભાંતિ વરની;**
**એક પુણ્ય એક પાપ, એક રાગ હરની.**
**તામેં શુભ-અશુભ અંધ, દોય કરે કર્મબંધ;**
**વીતરાગ પરિણતિ હી, ભવ સમુદ્ર તરની.**

શ્રાવિકા એવા કોશા ગણિકાજીએ પણ કહેવું પડ્યું કે, હે મહારથી! બેઠાં બેઠાં સ્વ સ્થાને રહીને, દૂર રહેલ આંબા ઉપરની કેરીની લૂમને, બાણની શૃંખલા રચી, બાણવિદ્યાથી લઈ આવવાનું, તારું પરાક્રમ અને આ સરસવના ઢગલા ઉપર, સોયને ખૂંપાવી તેની ઉપર કમલ પરોવીને એ કમલ ઉપર મારી નૃત્યકલા દાખવવાના, આશ્ચર્યચકિત કરનારા, પરાક્રમથી પણ કંઈક ગણું ચડિયાતું પરાક્રમ, તો આ પૂર્વધર, ઋષિમુનિ સ્થૂલિભદ્રજીનું છે, કે જેણે મોહના ઘરમાં જઈને, મોહને પછાડીને ભગાડ્યો. સ્વયં તો નિર્મોહી રહ્યાં પણ મનેય શ્રાવિકા બનાવી. એ તો સિંહગુફાવાસી મહામુનિના પરાક્રમને પણ આંટી જાય એવું, અત્યંત આશ્ચર્યકારી, આફરીન થઈ જવાય તેવું શ્રેષ્ઠ પરાક્રમ છે. કાજળની કોટડીમાં રહીને પણ કાળાશથી પર રહેવા જેવું પરાક્રમ છે.

યોગીરાજનું કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે, તલવારની સાથે કામ લેવામાં, અગ્નિની સાથે રહી અગ્નિથી કામ કાઢી લેવામાં અને તંગદોર ઉપર, આકાશમાં જમીનથી અધ્ધર, શરીરની સમતુલા જાળવવામાં; અથવા તો રાધાવેધ સાધવામાં, જેટલી સાવધતા - પળ પળની જાગૃતતા કે

---

'દેહ હું જ છું !' એવું માને, તે સુખદુઃખમાં છો અથડાતો;
દેહ દેહી જેને મન જુદાં, તે નથી મૃત્યુથી અકળાતો.

અપ્રમત્તતા અને સ્થિરતા-એકાગ્રતા જોઈતાં હોય છે; તેથીય અત્યંત અધિક અપ્રમત્તતા અને સ્થિરતા આવે છે, ત્યારે જ ક્ષપકશ્રેણિના મંડાણ થઈ શકે છે અને ગુણારોહણ કરી ઉપયોગની શુદ્ધતા ને સ્થિરતારૂપ વીતરાગતા-સર્વજ્ઞતા-સર્વદર્શીતા-સર્વનંદીતા-સિદ્ધત્વના શિખરને સર કરી શકાય છે.

**।। सेवाधर्मः परमगहनो योगीनामप्यगम्यः ।।**

સેવાધર્મ અત્યંત ગહન છે. એ યોગીઓને પણ ન સમજાય, ન પ્રાપ્ત થાય તેવો છે.

આગળની કંડિકાઓમાં હવે કવિરાજ એ દુષ્કરતાનું વર્ણન કરનાર છે.

**એક કહે સેવિયે વિવિધ કિરિયા કરી, ફળ અનેકાંત લોચન ન દેખે;**
**ફળ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિમાંહે લેખે. ॥૨૦૨**

પાઠાંતરે કોઈ ઉલ્લેખનીય પાઠફરક છે નહિ.

**શબ્દાર્થ :** કોઈ એક એમ કહે છે કે ક્રિયાના પાલન માત્રથી, ક્રિયા કરતાં કરતાં તરી જવાશે. પરંતુ એ ક્રિયાવાદીઓની નજરે ક્રિયાના પ્રતાપે મળતાં અનેક અંત દેખાતાં નથી. અનેક અંત એટલે કે અનેક જનમ મરણના ફળને આપનારી ક્રિયાઓ કરીને, એ બિચારા ચાર ગતિમાં રડવડશે, તેને તો તેઓ ગણતરીમાં (લેખામાં) લેતા જ નથી.

**લક્ષ્યાર્થ-વિવેચન :** જુદા જુદા લોકો, અનેક પંથો, અનેક પ્રકારની ક્રિયા બતાડે છે. એક કહે છે કે, જો આ કરશો અને તે, આ રીતે કરશો તો તમે તરશો. બીજો બીજી ક્રિયા, બીજી રીતે બતાડે છે. જેટલા પંથ, તેટલા તેમના મત અને તેટલી તેમની ક્રિયા તથા ક્રિયા મમત.

---

બધાંય કરવાપણું બતાડે છે પણ, કરવાપણામાંથી છૂટી જઈને, ઠરવાપણામાં રહેવાનું કોઈ બતાવતા નથી. **સક્રિયતા એ કાંઈ જીવનું સ્વરૂપ નથી. જીવનું સ્વરૂપ તો અક્રિયતા છે. જીવ શ્રમ કરવા નથી ઈચ્છતો. એ તો, આશ્રમમાંથી વિશ્રામમાં જવા ઈચ્છે છે. એ કરવાપણાની મજુરીમાંથી હોવાપણાની શેઠાઈમાં જવા ચાહે છે. એને અલ્પવિરામ નહિ પણ, પૂર્ણવિરામ ઈષ્ટ છે.**

માત્ર ક્રિયાના કરવાપણાના ફળમાં તો, કર્તાપણા અને ભોક્તાભાવના પરિણામથી અનેકાનેક મરણ કરવારૂપ, અનેક અંતમાં પરિણમનારું જે ફળ મળે છે; તે તેની નજરે ચઢતું નથી. ભવભ્રમણનું દુઃખ એના લક્ષમાં આવતું નથી. અનેક અંતને આણનારા ફળને દેનારી, અર્થાત્ ભવોભવના મોતને નોતરનારી ક્રિયા કરી, બિચારા રાંકડા જીવો, ચાર ગતિમાં અને ચોર્યાસી લાખ યોનિમાં, મારે રખડવું પડશે, તેના કોઈ લેખાજોખા કરતાં નથી, કે તેનો હિસાબ પણ માંડતાં નથી.

ભવભ્રમણના કોઈ લેખાજોખા છે નહિ અને ભવદુઃખની કોઈ ગણતરી પણ નથી. એથી જ એક જ વખતના અંતને આપનારી, નિર્વાણ પમાડીને, દેહ અને દેહપણાથી છોડાવી અજન્મા બનાવનારી, બીજો દેહ ધારણ નહિ કરવો પડે; એવી કર્તા-ભોક્તા ભાવને ટાળનારી, જ્ઞાતા-દૃષ્ટાભાવમાં રાખનારી અને સ્વરૂપમાં ઠારનારી સ્વરૂપક્રિયા થતી નથી. માટે જ ચાર ગતિના ભવભ્રમણના દુઃખથી છૂટાતું નથી અને સાદિ-અનંત ભાંગાનું, સંપૂર્ણ, સ્વાધીન, સ્થાયી, સર્વોચ્ચ સુખ પમાતું નથી.

વિષ, ગરલ કે અનનુષ્ઠાનની સંમૂર્છિમ ક્રિયા થાય છે, તેથી ભવનિસ્તાર થતો નથી. તદ્હેતુ અને અમૃતક્રિયા કરી, અપવર્ગનું સુખ પમાતું નથી. પ્રત્યેક શુભ કે અશુભ ક્રિયાનું ફળ છે. પરંતુ ક્રિયામાંથી પાછું

ક્રિયામાં જ જવાપણું છે. શુભાશુભથી પર થઈ, શુદ્ધમાં ઠરાય-સ્થિર થવાય, તો સ્થાયીતા-શાશ્વતતાને પમાય અને કરવાપણાથી છૂટી જઈ, કૃતકૃત્ય થઈને, હોવાપણાની માલિકીમાં-શેઠાઈમાં અવાય.

**માખીની પાંખ પણ ન દુભાય, તેવી ઉત્તમ સંયમપાલનની ક્રિયા અભવિનો આત્મા કરે છે. છતાં તે નવ-ગ્રૈવેયકના સુખના અલ્પવિરામને પામે છે, પરંતુ મુક્તિસુખના પૂર્ણવિરામને નથી પામતો.**

**કરવાપણાથી સદ્ગતિ પામી શકાતી હોય છે પણ મોક્ષ પામી શકાતો નથી. ઠરવાપણાથી મોક્ષમાર્ગ છે અને પરિપૂર્ણ સ્થિરત્વ એ જ સિદ્ધત્વ છે.**

**અનંતની યાત્રાએ નીકળેલાંએ, અનેક અંતોનો અંત કરી દઈને જ્યાં અંત જ નથી, એવી અનંતતાને- દર્શન-જ્ઞાન-ચારિત્ર-સુખની અનંતતા-અસીમતા-અમાપતાને પામવાનું છે. હદમાંથી અનહદમાં-સીમમાંથી અસીમમાં જવાનું છે-સક્રિયતામાંથી અક્રિયતામાં જવાનું છે.**

**કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ;**
**માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ.**
**બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર્ ભેદ ન કાંઈ;**
**જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંઈ.**

**ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે;**
**ઉદરભરણાદિ નિજ કાજ કરતાં થકાં, મોહ નડિયા કલિકાલ રાજે. ધા૨૦૩**

પાઠાંતરે ખાસ કોઈ નોંધનીય પાઠફરક નથી.

**શબ્દાર્થ :** વર્તમાનમાં અધ્યાત્મક્ષેત્રે નજર નાખતા ગચ્છ અને

---

ઈચ્છાપૂર્તિમાં સુખ નથી. ઈચ્છાના અભાવમાં સુખ છે,
આ સમજાય તો અધ્યાત્મના શ્રી ગણેશ મંડાય.

સંપ્રદાયના અનેકાનેક ભેદ નિહાળવામાં આવે છે. પોતાના પદ, પ્રતિષ્ઠાદિનું, પેટ ભરવાનું આદિ કામ કાઢી લેવા માટે, પાછા તત્ત્વની વાત કરતાં, જરાય શરમ-સંકોચ અનુભવતાં નથી. એ બધાંયને પોત-પોતાના મતના મમત-મોહ નડી રહ્યાં છે, તેથી નિર્મોહી બનવામાં તે મોહને વશ પડેલાં આડે આવી રહ્યાં છે. આ બધોય આ હુંડા અવસર્પિણીના પાંચમા આરાના કળિયુગનો જ પ્રતાપ છે, કે જે મોહવશ રાચી રહ્યાં છે, તે પાછા નિર્મોહી-વીતરાગીની વીતરાગવાણીની વાતો કરીને રાજ કરી રહ્યાં છે.

**લક્ષ્યાર્થ-વિવેચન :** પૂર્વની ગાથામાં, અન્ય પંથોને અનુલક્ષીને વાત કરવામાં આવી છે કે, સ્યાદ્‌વાદશૈલિના અભાવમાં, એ બધાંય પંથોમાં એકવાક્યતા નથી પણ વિવિધતા અને વિચિત્રતા છે. વળી ત્યાં કરવાપણાના કર્તાભાવની જ બોલબોલા છે.

હવે અહીં, આ પ્રસ્તુત ગાથામાં કવિવર્ય યોગીરાજજીએ સ્યાદ્વાદભાવના અજ્ઞાનમાં, ગચ્છના ભેદની વાતને વણી લીધી છે.

સ્વ ધર્મક્ષેત્રે નજર નાખતા પાર્શ્વચંદ્રગચ્છ, અચલગચ્છ, ખરતરગચ્છ, લોંકાગચ્છ, તપાગચ્છ આદિ ગચ્છોના ભેદ જોવામાં આવે છે. **વ્યવસ્થાને માટે ગચ્છો હોય તો તેનો વાંધો નથી. વિધિ ભેદ હોઈ શકે છે, પણ વિચારભેદ નહિ હોવો જોઈએ.** સામાચારી જુદી જુદી હોય, તેના કારણે ગચ્છ કે સમુદાય જુદા જુદા હોઇ શકે છે. વાચના જુદી જુદી હોવાના કારણે, ગણ જુદા જુદા હોઇ શકે છે પરંતુ, ગણને ધરનારા બધાંય ગણધરો મહાવીર ભગવાનના જ શિષ્યો છે. એટલે સિદ્ધાંતમાં તો એકવાક્યતા હોય છે અને હોવી જોઈએ. **નિશાળમાં પણ વ્યવસ્થા માટે થઈને એકથી અધિક વર્ગો હોય છે. પરંતુ ધોરણ તો એક જ હોય છે.**

---

(અ) જગત પોતે મિથ્યા નથી. તેના ઉપર આપણે જે માયા રાખીએ છીએ તે મિથ્યા છે.

(બ) જગત મને બાંધતું નથી. મોહવશ થઈ હું પોતે એનાથી બંધાઉં છું.

આ હુંડા અવસર્પિણિના પાંચમા આરાના ભૂંડા એવા, કકળાટ કરાવનારા અને કળી કળીમાં કાપી નાખનારા, કલિરાજાના કલિકાળ-કળીયુગમાં, પરિસ્થિતિ એવી તો દુર્ભાગ્યપૂર્ણ છે કે, વર્તમાનમાં અહીં ભેદમાં ભેદ પાડીને ભિન્ન-ભિન્ન કરનારા, અખંડ તત્ત્વને ખંડ ખંડમાં ખંડિત કરનારા, ટૂકડે ટૂકડા કરી છિન્નભિન્ન કરનારા, અને છતાં વળી પાછા લાજશરમને નેવે મૂકી, બેશરમ બનીને, તત્ત્વની વાતો કરી, એના ઓથા હેઠળ, પોતપોતાના ગચ્છના માનપાનાદિને પોષનારા, ભક્તોની ભીડ વધારનારા, ભક્તો થકી નિજ સ્વાર્થને સાધનારા, મોહથી ઘેરાયેલાં અને જાતને ને જગતને મોહથી નડનારાઓ જ રાજ કરી રહ્યાં છે.

**ગચ્છ કદાગ્રહ સાચવે રે, માને ધર્મ પ્રસિદ્ધ;**
**આતમગુણ અકષાયતા રે, ધર્મ ન જાણે શુદ્ધ.**

– ચંદ્રાનન જિન. દેવચંદ્રજી મહારાજા

**જો આવી રીતે ભેદમાં ભેદ પાડતાં રહીશું તો પછી ભેદમાંથી અભેદમાં કેમ કરીને જવાશે ? એકમાંથી અનેક થયેલાં અનેકની વચ્ચે એક થઈને કેમ કરીને રહી શકશે ?**

એક એવા મહાવીરના પંથની કેટકેટલી પાંથીઓ-ફાંટા પડી ગયા! જાણે સ્યાદ્વાદ દર્શનના, અનેકાન્તધર્મના લીરેલીરા થઇ ગયા છે! ફૂરચે ફૂરચા ઉડી રહ્યાં છે.

**મત-પંથ-વાડા-ગચ્છ-સંપ્રદાયોમાં, જે અનેક પ્રકારના મતભેદ અને મનભેદ દેખાય છે, તે અહંકાર-મમકારની પુષ્ટિ અર્થે જ માનવીએ કરેલાં છે. જેનાથી ધર્મની એકવાક્યતા અને સચ્ચાઈનો નાશ થવાની સાથે, ધર્મીજનોની એકતાનો પણ ખુડદો બોલાઈ ગયો છે. ધર્મશાસનના**

---

નિરુપાયતાનો ઉપાય કાળ છે-દુઃખનું ઔષધ દહાડા.

**પ્રભાવ અને પ્રતાપ ઓસરી ગયા છે. આવા મતભેદોના કારણે, મનભેદ અને તનભેદ થયા છે. પ્રત્યેકના પોતપોતાના નોખા ચોકા ઊભા થયા છે. વર્તુળને વિસ્તારી વ્યાપક બનાવવાને બદલે, વર્તુળને સંકોચીને સંકુચિત કરી દેવાયું છે. નૈગમ અને સંગ્રહ નય, જે બધાનું, બધું સમાવી દેનાર, વ્યાપક વિચારણા કરાવનારા નયો છે, તે ભૂલાઈ ગયા છે અને ભેદમાં ભેદ પાડનારા વ્યવહારનયની આણ પ્રવર્તે છે. દ્રવ્યાર્થિકનય અને દ્રવ્યદષ્ટિના સ્થાને, પર્યાયાર્થિક નય અને પર્યાયદષ્ટિની બોલબોલા છે.**

**આવા મતભેદથી માત્ર કોઈ એકાદા આત્માને જ નુકસાન થયું છે, એવું નથી. એની પરંપરામાં જે આવ્યા અને આવી રહ્યાં છે, તે બધાંયને એ પરંપરા ચાલશે ત્યાં સુધી નુકસાન થતું રહેવાનું છે. આ મત-મતાંતરથી ધર્મનું મૂળ તત્ત્વ, જ્ઞાન-દર્શન-ચારિત્રની એકવાક્યતા નાશ પામી ગઇ છે. આ રીતે ધર્મના મૂળભૂત તત્ત્વોનો લોપ કરનારાઓએ, કેટલાં પાપનો સંચય કર્યો હશે તે જ્ઞાની સિવાય કોણ કહી શકે?**

''કપિલા ઈત્થંપિ ઈહ્યંપિ'' એટલા જ એક માત્ર ઉત્સૂત્રના ઉચ્ચારણથી મરીચીનો કોટાકોટી સાગરોપમ સંસાર વધી ગયો.

જ્યાં અપવાદને લેશ માત્ર અવકાશ નહોતો, ત્યાં અપવાદ બતાવનાર શ્રી કમલપ્રભસૂરિ (સાવદ્યાચાર્યે) પણ, અનંતી ઉત્સર્પિણિ-અવસર્પિણિ જેટલો સંસાર વધારી મૂક્યો.

**પ્રત્યેક જણ પોતપોતાની માન્યતાને પકડીને બેઠા હોવાથી, પોતાની જ માન્યતારૂપી અજગરના ભરડામાં ગ્રસાયેલા છે. છતાં અમે સાચા અને તમે ખોટા એમ બેધડક કહે છે.**

બારમી સદીમાં થઈ ગયેલા આચાર્ય જિનદત્તસૂરિજીના સમયકાળમાં

---

પરિસ્થિતિ એટલી ખરાબ હશે કે એનો ચિતાર આપતા કઠોર શબ્દોમાં કહેવું પડ્યું કે...

रद्धं तत्थं कुणंता, रद्धं तं सव्वहा न पेच्छंति।
लग्गंति सावयाणं, मग्गं भक्खत्थिणो एगे - ઉપદેશકુલમ્

**કેટલાક સાધુઓ શાસ્ત્રાર્થ કરતી વખતે પોતાનો હેતુ સિદ્ધ કરવાના સ્વાર્થમાં, શાસ્ત્રના સિદ્ધાંતોની જરા પણ પરવા કરતા નથી. ઉલટું સિદ્ધાંત વિરુદ્ધનું, પોતાને અનુકૂળ વર્તન કરતાં, પોતાના કાર્યોની સિદ્ધિ માટે, રાતદિવસ શ્રાવકોને કરવાના કામોમાં સાધુઓ લાગી પડ્યા છે.**

**ગચ્છ મતની કલ્પના તે નહિ સદ્ વ્યવહાર;**
**ભાન નહીં નિજ રૂપનું, તે નિશ્ચય નહિ સાર.**
**આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય;**
**થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિ કોય.**

પંદર ભેદે સિદ્ધ માનનારા, અને અન્યલિંગે સિદ્ધ હોઈ શકે એવું કહેનારને, ગચ્છ અને સંપ્રદાયના મતાગ્રહના વાડામાં પૂરાવાનું કેમ કરીને ફાવે? વીતરાગનો અનુયાયી જો એકમાત્ર વીતરાગ બનવાની ઇચ્છાવાળો જ હોય તો, તે હંમેશા ખુલ્લા દિલનો, નિરાગ્રહી, વિશાળ હૃદયી અને સત્યશોધક હોય !

**ગચ્છ-સંપ્રદાયમાં રહીને વ્યક્તિવાદી, સંપ્રદાયવાદી, દૃષ્ટિરાગી નહિ બની રહેતાં અધ્યાત્મવાદી બનવું. ગચ્છ-સંપ્રદાય એ તો કોડિયું છે. દીવો હથેળીમાં ન સળગે. એ તો કોડિયામાં જ સળગે. સાધના સંપ્રદાયમાં રહીને થાય. ગુણોના રક્ષણ અને આચારપાલન માટે સંપ્રદાયની વાડ જરૂરી છે.**

**વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો;**
**વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ, સાંભળી આદરી કાંઈ રાચો. ધા૨૦૪**

પાઠાંતરે ઉલ્લેખનીય પાઠફેર છે નહિ.

**શબ્દાર્થ :** નિરપેક્ષ=અપેક્ષારહિત-સંદર્ભ વિનાનું-Without reference to context. સાપેક્ષ=અપેક્ષા સહિત-સંદર્ભ સહિત-With reference to context. આદરી=સ્વીકારી-આરાધી, રાચો=રાજી થાઓ-આનંદો.

અપેક્ષા રહિતના, એકાંતિક વચનનો, વ્યવહાર-વચનપ્રયોગ જૂઠો ગણાવ્યો છે. અપેક્ષા સહિતના અનેકાન્તિક વચનવ્યવહાર - વચનપ્રયોગ સાચો જણાવ્યો છે.

નિરપેક્ષ વચનપ્રયોગ એકાંતિક હોવાથી, તેવા વચનવ્યવહારમાં સંસાર વૃદ્ધિ અર્થાત્ ભવભ્રમણનું ફળ મળે છે. એવા વચનો સાંભળીને અને આદરી-આરાધીને શા માટે રાજી થાઓ છો? એ તો હાનિકારક છે. જ્યારે સાપેક્ષ વચનપ્રયોગ, અનેકાન્તિક હોવાથી, તે વચનવ્યવહારથી ભવનિસ્તાર થતો હોવાથી તે આદરણીય, આરાધનીય અને પ્રશંસનીય છે.

**લક્ષ્યાર્થ-વિવેચન :** વચન એ વચનયોગ - વાણી છે. વાણીનું ઉચ્ચારણ એ વચનપ્રયોગ છે. વચનપ્રયોગ, ભાષાવર્ગણાના પુદ્‌ગલોના માધ્યમથી છે. પુદ્‌ગલનું પરિણમન ક્રમિક છે. જ્યાં ક્રમિકતા હોય ત્યાં સીમિતતા એટલે કે મર્યાદા હોય જ. પુદ્‌ગલપ્રયોગમાં સમગ્રતા અને સમ સમુચ્ચયતા એટલે કે Totality-ટોટાલીટી-સમગ્રતા હોય નહિ. માટે જ ભાષાપ્રયોગમાં, કોઈ એક અપેક્ષાને લક્ષમાં રાખીને, સાપેક્ષ વચન વ્યવહાર કરવો પડતો હોય છે. વસ્તુને ન્યાય આપવો હોય તો, સાપેક્ષતા રાખવી

---

જરૂરી છે. નિરપેક્ષ થઈને પૂર્વાપરના સંબંધ વિનાની અસંબંધ-અસંગત-અધ્ધરતાલ વાત ન કરી શકાય.

સાપેક્ષ વચન વ્યવહારથી, સાચો સમ્યગ્ ભાષાપ્રયોગ થતો હોય છે. એમાં અનેકાન્તધર્મનો સિદ્ધાંત સચવાય છે અને દર્શનમાં સ્યાદ્વાદતાના ભાવ જળવાય છે. વસ્તુના અન્ય ધર્મોનો અપલાપ થતો નથી. ક્રમસર વસ્તુના બધાંય પાસાને આવરી લઈ શકાય છે અને વસ્તુની સમગ્રતાએ સમજણ આપી શકાય છે.

નિરપેક્ષ વચનવ્યવહારથી એકાન્તતા-આગ્રહ-દુરાગ્રહ-કદાગ્રહ આવે છે. એ મિથ્યા જૂઠો વચનવ્યવહાર-ભાષાપ્રયોગ છે. **આગ્રહ એ વિગ્રહની જનની છે.** આવા વચનવ્યવહારથી સંસારનું વધવાપણું છે. તેથી જ, આવા નિરપેક્ષ વચનવ્યવહારને જૂઠો કહ્યો છે અને તેનું ફળ સંસારમાં ભવભ્રમણ જણાવ્યું છે. વસ્તુના અન્ય ધર્મનો અપલાપ થતો હોય છે.

ભગવાન જેવા ભગવાન, જિનેશ્વરદેવ, સ્વયં નિરપેક્ષ અને નિર્વિકલ્પ હોવા છતાં, એમના કેવળદર્શન અને કેવળજ્ઞાનમાં સર્વક્ષેત્રના, સર્વકાળના, સર્વપર્યાય એક સાથે દેખાતાં જણાતાં હોવા છતાં ય એ ભગવાન જ્યારે કહે છે, ત્યારે કથનમાં એમણે પણ ભાષા વર્ગણાના પુદ્ગલના માધ્યમથી વચનપ્રયોગ કરવો પડતો હોય છે. તેથી જ ભાષાપ્રયોગમાં સર્વદેશીયતા લાવી શકાતી નથી તેથી કથની એકદેશીય હોય છે, માટે સ્યાદ્વાદ શૈલિ આશ્રિત, સાપેક્ષ વચન વ્યવહાર કરવો પડતો હોય છે. પ્રારંભ તેણં કાલેણં, તેણં સમએણંથી થતો હોય છે.

બધા ક્ષેત્રના અને બધા કાળના, બધા દ્રવ્યોનું બધું તો એક સમયમાં કહેવાય નહિ. માટે જ વચનપ્રયોગમાં, સાપેક્ષતાની અનિવાર્ય આવશ્યકતા છે. સાપેક્ષવચન જ સત્યવચન છે. એ જિનવાણી, સ્યાદ્વાદ

વાણી-વીતરાગવાણી છે. એ વાણીનું ઉચ્ચારણ બધુંય બધી બાજુથી જણાયા પછી જ, એટલે કે સર્વદર્શી સર્વજ્ઞ થયા પછી જ થતું હોય છે. દેખાય, જણાય બધું એક સાથે, એક સમયમાં, પણ કહેવાય એક પછી એક ક્રમસર. **કેવળજ્ઞાનીને જણાય અક્રમથી પણ કહેવાય ક્રમથી.**

**પકડમાં રહીને તથા પકડમાં રાખીને કહેવું તે નિરપેક્ષ વચનવ્યવહાર છે.**

**મુક્ત રહીને, મુક્ત રાખીને, મુક્ત થવા માટે કહેવાય તે સાપેક્ષ વચનવ્યવહાર છે.**

લગનના ગીતો લગનના ટાણે ગવાતાં હોય તેનો અર્થ કાંઈ એવો નથી કે લગનના અવસર સિવાયના અન્ય અવસર અને અન્ય અવસરોચિત ગીતો નથી.

જ્ઞાનપંચમીના દિવસે જ્ઞાનગુણના જ ગાણા ગાવામાં આવે અને જ્ઞાનનું જ મહાત્મ્ય બતાવવામાં આવે તેનો અર્થ એવો નથી કે દર્શન ચારિત્રાદિ ગુણો નથી અને તેનું મહાત્મ્ય નથી.

**પોતે બંધાવું નહિ અને સામે શ્રોતાને બાંધવાનો પ્રયત્ન પણ ન કરવો તે વચનસાપેક્ષતા છે. એવો વચન સાપેક્ષ વ્યવહાર સાચો.**

વચનનો અર્થ જો જિનાગમ-જિનવચન-જિનાજ્ઞા કરીને અર્થઘટન કરીએ તો, તે જિનાગમ એ વીતરાગ સર્વજ્ઞ, નિર્વિકલ્પ જિનેશ્વર દેવના વચનો છે. એ વીતરાગ સર્વજ્ઞ દેવના વચન હોવાથી સત્યવચન-પ્રમાણવચન છે. એવા જિનવચનને પ્રમાણ લેખીને, એ જિનવચન પ્રમાણના આધારે સાપેક્ષ વચન વ્યવહાર કરવામાં આવે તે સાપેક્ષવચન વ્યવહાર સાચો અને પ્રામાણિક. પરંતુ જિનવચન નિરપેક્ષ વચન વ્યવહાર જૂઠો કહ્યો. અપ્રમાણિક જણાવ્યો. કારણ કે તેને કોઈ પ્રમાણભૂત આધાર નથી.

---

શબ્દ અક્ષરનો બનેલો હોવા છતાં તે ક્ષર-નશ્વર છે. શબ્દનો પણ વ્યવહાર છે. **શબ્દ પણ પુદ્ગલ વર્ગણાના ઘર્ષણનું પરિણમન છે. એ શબ્દના વ્યવહાર વડે શબ્દવ્યવહારમાંથી નીકળી જઈ, અશબ્દના નિશ્ચયલોકમાં જવાનું છે. સાપેક્ષ સત્યવચનપ્રયોગનો સદ્વ્યવહાર એ માટે જ કરવાનો છે કે, જેથી અસત્માંથી સત્માં જવાય - ક્ષર મટી અક્ષર થવાય.**

**ભાષા, મનુષ્યના મનની નિપજ છે અને પરમાત્માવસ્થા એ તો, મનની ને ભાષાની પેલે પારનો નિર્વિકલ્પ અનુભવ છે.** મનની પેલે પાર, જ્યાં ઈચ્છા અને વિચાર નથી હોતા તે નિરીહ-વીતરાગદશા અને નિર્વિકલ્પ દશા એ જ પરમાત્મદશા છે. **શ્વાસ પૂરા થાય અને ઈચ્છા ઊભી રહે, તેને જ મોત કહ્યું છે. અને શ્વાસ ચાલુ રહ્યા છતાં ઇચ્છા એકેય રહે નહિ તેને મોક્ષ કહેલ છે.**

વીતરાગ, સર્વજ્ઞ ભગવાનની, આવી વીતરાગવાણી-સ્યાદ્વાદવાણીનું શ્રવણ કરીને તેનો સ્વીકાર કરો ! એ વાણીને આદરીને અર્થાત્ એને આચરણમાં મૂકીને ચરિતાર્થ કરવારૂપ એનો આદર કરો ! નિર્મળ યથાખ્યાત ચારિત્રનો આનંદ માણો-રાચો ! આત્મામાં રમો ! સ્વરૂપાનંદમાં આનંદો! આવી વીતરાગવાણીનું શ્રવણ અને પઠન મળવું તેય રાચવાનો-રાજી થવાનો અવસર છે. પરંતુ નિરપેક્ષવચન સાંભળીને રાજી થવા જેવું નથી.

**દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ કહો કેમ રહે, કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો;**
**શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કરે, છાર પર લીંપણું તેહ જાણો. ધા૨૦પ**

પાઠાંતરે 'શ્રદ્ધાન'ના સ્થાને 'સરધાન',

'લીંપણું તેહ'ના સ્થાને 'લિંપણા સરસી' એવો પાઠફેર છે.

---

બહાર પરમાં સુખ શોધે તે બહિરાત્મા. અંતરમાં સુખ શોધે તે અંતરાત્મા. અને પોતાના સુખમાં લીન રહે તે પરમાત્મા.

**શબ્દાર્થ :** આવા પરમાત્માના વચનથી નિરપેક્ષપણે વ્યવહાર કરનાર દેવ-ગુરુ-ધર્મની શુદ્ધતા-પવિત્રતા-પ્રામાણિકતા કેમ કરીને જાળવી શકે ? અને એવી એકાંતિક વાત કરનારા, કદાગ્રહી દેવ-ગુરુ-ધર્મ ઉપર, શ્રદ્ધા-વિશ્વાસ કેમ કરીને આણી શકાય ?

જ્યાં શ્રદ્ધા-વિશ્વાસ જ નથી, તો પછી એવી, શ્રદ્ધા વિહોણી, કરવામાં આવેલી સર્વ ક્રિયા, એ છાર ઉપર કરેલ લીંપણા જેવી નિરર્થક-નિષ્ફળ છે.

**લક્ષ્યાર્થ-વિવેચન :** ઉપરોક્ત ગાથા ૨ થી ૪માં જણાવ્યા મુજબની, તલવારની ધાર ઉપર ચાલવા કરતાંય, દુષ્કર પરિસ્થિતિ હોય, તો પછી એવા જિનચરણ સેવનના મોક્ષમાર્ગે કેમ કરી ચલાય ? દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ કેમ કરીને જળવાય ? **ગુરુ તત્ત્વ ઉંબરાના દિપક જેવું છે. એ ભીતરમાં રહેલાં, પરમાત્મસ્વરૂપ ઉપર પણ પ્રકાશ પાડે છે અને એ પરમાત્મસ્વરૂપને ભીતરમાંથી ઉજ્જાગર કરવા માટેના, બહારના વ્યવહારપાલનારૂપ ધર્મ ઉપર પણ પ્રકાશ પાડે છે. ગુરુ એ એવું તત્ત્વ છે કે, જે દેવની અને દેવપણાને પામવાના ધર્મની, એમ ઉભયની ઓળખ કરાવે છે. એ સાધ્ય અને સાધન તો પૂરા પાડે છે, પરંતુ સાધનાના માર્ગે ચાલવારૂપ, બળ અને રક્ષણ પૂરા પાડે છે અને સાધ્ય સાથે મેળાપ કરાવવા સુધીનો સથવારો આપે છે.**

**આવું આ મહત્વનું, ગુરુ તત્ત્વ જ, જો એની ગુરુતામાં નહિ હોય અને એના શુદ્ધ ગુરુપણાને ગુમાવી બેઠું હોય, તો શુદ્ધ દેવ તત્ત્વ અને શુદ્ધ ધર્મ તત્ત્વ કેમ કરીને એવા ગુરુની નિશ્રામાં પ્રાપ્ત કરી શકાય?**

ગુરુ એ અરિહંત અને સિદ્ધ ભગવંતના ચાહક એટલે કે ભક્ત છે.

---

કર્મથી કર્મનો નાશ એટલે તીર્થંકર નામકર્મ, આહારક નામકર્મ અને સમ્યક્ત્વ મોહનીયકર્મથી શેષ કર્મપ્રકૃતિનો નાશ કરવાની કર્મ પ્રક્રિયા.

એટલું જ નહિ પણ ગુરુ તત્ત્વ, દેવ તત્ત્વનું વાહક છે અને ધર્મ તત્ત્વનું પ્રરૂપક છે. જો ગુરુ નિર્ગ્રંથ, ગીતાર્થ મળે, તો નિર્બંધ-વીતરાગ દેવ અને એ વીતરાગી દેવનો, વીતરાગીધર્મ મળે. આવી શુદ્ધ તત્ત્વત્રયી મળે તો, શુદ્ધ રત્નત્રયીની આરાધના થાય, તત્ત્વત્રયીની ઉપાસના થાય અને તો જ સંવરમાં રહી નિર્જરા કરીને, સ્વયં નિર્બંધ-વીતરાગ થઈને મુક્ત બની શકાય.

જો ગુરુ શુદ્ધ ન મળે, તો સાધ્ય એવા દેવની, અને સાધનભૂત એવા ધર્મની, જે ધર્મક્રિયા-ધર્મપાલના છે; એની શુદ્ધિ સચવાય નહિ. વળી ગુરુ તત્ત્વ જ જો ગરબડિયું હોય, તો પછી એ વિશ્વસનીય- શ્રદ્ધેય બને નહિ. પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ. પુરુષમાં જ જો વિશ્વાસ નથી તો પછી, એના વચનની ઉપર કેમ વિશ્વાસ બેસશે?

ગુરુમાં અને ગુરુની શુદ્ધિમાં જ જો શ્રદ્ધા નથી, તો પછી ગુરુના વચન ઉપર, કેમ કરીને વિશ્વાસ રાખશે અને ગુરુના ચલાવ્યા માર્ગે કેવી રીતે ચાલશે?

જ્યાં વિશ્વાસ જ નથી, શ્રદ્ધા જ નથી, સમ્યગ્દર્શન જ નથી ત્યાં પછી જ્ઞાન સમ્યગ્ બનશે કેવી રીતે? અને આચરણ (ચારિત્ર) સમ્યગ્ થશે ક્યારે? તત્ત્વત્રયી નથી, તત્ત્વત્રયી પ્રત્યે આદર બહુમાન નથી, તત્ત્વત્રયીની ઉપાસના નથી, તો પછી રત્નત્રયી-સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના, કેમ કરીને થશે અને કેવળદર્શન-કેવળજ્ઞાન-અનંતસુખને કેમ પમાશે?

**અધ્યાત્મક્ષેત્રે ચાલકબળ-Driving Force-પ્રેરકબળ શ્રદ્ધા છે અને નહિ કે બુદ્ધિ.** બુદ્ધિ એ, શ્રદ્ધેયતત્ત્વ મળ્યાં પછી તેમાં પૂર્ણ શ્રદ્ધા થયા પછી, બુદ્ધ થવા માટે બુદ્ધિ એ, શ્રદ્ધેયને સંપૂર્ણપણે સમર્પિત થઈ જવાનું છે. અર્થાત્ **"आणाए धम्मो"** ના ભાવમાં આવી જઈ, બુદ્ધિને બાજુએ રાખીને આજ્ઞાધીન થઈ જવાનું છે. આનું શ્રેષ્ઠ ઉદાહરણ ગણધર ભગવંત

---

તારામાં સુખ ભલે ઉભરાય પરંતુ તું સુખમાં ન ઉભરાતો, કારણકે આ તો બિંદુ પ્રમાણ સુખ છે. હજુ સાગરપ્રમાણ કેવળજ્ઞાનના આનંદવેદનને પામવાનું બાકી છે.

ગૌતમસ્વામીજી છે. આને અનુલક્ષીને જ શાસ્ત્રે ટંકશાળી સૂત્ર આપ્યું છે...

॥ आज्ञाऽऽराद्धा-विराद्धा च, शिवाय च भवाय च॥

શ્રદ્ધા-વિશ્વાસ- સમ્યગ્દર્શન વગરના જ્ઞાન અને આચરણ (ચારિત્ર) નિરર્થક-નિષ્ફળ છે, એ એકડા વગરના મીંડા જેવા છે અથવા તો ભૂમિને સુયોગ્ય બનાવ્યા વિનાનું, છારા-રોડા ઉપર કરવામાં આવેલું લીંપણ જેવું, નિષ્ફળ છે. પાયા વિનાની ઈમારત કેમ કરીને ચણી શકાય? આત્માને આત્માના શુદ્ધ સ્વરૂપના આલંબન વિનાની શ્રદ્ધાવિહોણી, ગતાનુગતિક રીતે કરવામાં આવતી સંમુર્છિમક્રિયા શું ફળ આપે? શ્રીમદ્ દેવચન્દ્રજી પણ મહાવીર સ્તવનામાં ફરમાવે છે....

**"આદર્યું આચરણ લોક ઉપચારથી, શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો;**
**શુદ્ધશ્રદ્ધાન વળી, આત્મ-અવલંબ વિનુ,**
**તેહવો કાર્ય તિણે કો ન સિધ્યો.**
**તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી.જગતમાં આટલું સુજશ લીજે."**

વૈદ્ય સુજાણ હશે અને એની ઉપર, શ્રદ્ધા-વિશ્વાસ હશે તો, એની આપેલી રાખ પણ, ઔષધનું કામ કરશે અને રોગ મટાડશે. પરંતુ જો શ્રદ્ધા નહિ હોય તો, એની આપેલી ઊંચામાં ઊંચી જડીબુટ્ટી પણ, રોગ મટાડવાને બદલે રોગ વધારવાનું કાર્ય કરશે.

કહ્યું છે કે... ॥ यादृशी भावना सिद्धिर्भवति तादृशी॥

ગુરુ તત્ત્વની ગુરુતા એ જ એનું ગૌરવ-ગુરુત્વ છે. ગુરુ સમર્થ હોય તો, શિષ્યને પડવા દે નહિ અને તથાભવ્યતાએ કરીને કદાચ પતન થાય, તો પણ તેવા ગુરુ, તેને પતનના માર્ગેથી ઉત્થાનના માર્ગે વાળે અથવા તો પતનને જ ઉત્થાનમાં પલટાવે. મહાવીરદેવ જ જેને ગુરુ તરીકે મળ્યા હતા,

---

કાર્ય કરતા પૂર્વે કાળજી-વિવેક જરૂરી છે પણ કાર્ય થયા પછી સારું કે નરસું જે થયું તે થવાનું હતું એ પ્રમાણે થયું એમ માનવું અને કર્તાભાવનું ઉન્મૂલન કરી નાંખવું-અળગા થઈ જવું એ જ યોગ્ય છે.

મેઘકુમાર, નંદીષેણ મુનિ અને ચંડકૌશિક નાગનું તે સમર્થ ગુરુના કારણે જ પતનમાંથી ઉત્થાન થયું. તે હેતુથી જ જૈન દર્શન અને ઈતર દર્શનમાં પણ ગુરુનું સ્થાન અદકેરું છે. ગુરુનો મહિમા પાર વિનાનો છે.

સુદેવ-સુગુરૂ-સુધર્મને માનવા માત્રથી કે વાંદવા-ઉપાસવા માત્રથી સમ્યક્ત્વ નથી ! હા ! એ તત્ત્વત્રયીની ઉપાસના, સમ્યક્ત્વ પ્રાપ્તિનું અને સમ્યક્ત્વની નિર્મળતા માટેનું પુષ્ટ આલંબન જરૂર છે.

વાસ્તવિક તો સ્વના અજ્ઞાન અને સ્વના અભાનપણાંથી બેભાન થઈને, જે પરમાં સ્વ-બુદ્ધિ કરવામાં આવે છે, પરમાં સુખબુદ્ધિ સ્થાપવામાં આવે છે, અસત્-વિનાશીને સત્-અવિનાશી માની લેવાની, જે ઊંધાઈ-અવળાઈ કરવામાં આવે છે તે, આત્માની અવળાઈ જ મિથ્યાત્વ છે.

**ખરેખર તો, સ્વના જ્ઞાનથી થતાં, સ્વના ભાન સહિત-સભાનતાપૂર્વક, સ્વના સ્વત્વની સાથે, જે સંધાણ કરીને, સ્વને સ્વમાં ધારણ કરી રાખનાર છે, તે સાચુ સરધાણ-શ્રદ્ધાન છે અને તે જ પારમાર્થિક સમ્યગ્દર્શન છે.** શાસ્ત્રમાં કહ્યું છે કે ।। दंसण-भट्ठो भट्ठो ।। दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।। દર્શનથી જે ભ્રષ્ટ થાય છે તેને ભ્રષ્ટ કહ્યો છે. **કારણ કે દર્શનથી ભ્રષ્ટ થવું એટલે પોતાના આત્માને પરમાત્મ સ્વરૂપે ન માનવો. સ્વત્વનો સ્વીકાર નહિ કરવો. આ જ આસ્તિક્યનો અભાવ તે નાસ્તિકતા છે.** એ સ્વના અસ્તિત્વનો નકાર છે. સમ્યક્ત્વના પાંચ લક્ષણમાં પાયાનું એક લક્ષણ આસ્તિક્ય છે.

પોતાની સાચા સ્વરૂપની જાણ નહોતી, તેથી મળેલાં દેહ-ઈન્દ્રિયાદિ વડે દેહધારી, નામધારી, રૂપધારી થઈને, પારકા-પરાયાને પોતાના માની લીધાં હતાં. આવા આ પરાયાથી, જુદા પડવાપણું-છૂટા પડવાપણું અને અવિનાશી એવા, પોતાના આત્મા સાથે, જે જોડાવાપણું છે, તે સમકિત છે.

---

''કર વિચાર તો પામ !'' આ સૂત્રનો મર્મ એ છે કે એક માત્ર આત્મા જ પામવા જેવો છે, તેથી એક માત્ર આત્માના જ વિચાર કરવા જેવાં છે અને તે વિચાર જ્ઞાનીપુરુષની આજ્ઞાનુસારના હોવા જોઈએ.

સવા રૂપિયો તથા નારિયેળ આપીને, ગોળધાણા ખાઈ, કન્યાની સગાઇ કરવા જેવું છે. સગાઈ થતાં જ કન્યા પિતા-પિયરની મટી, જઈ પતિ અને પતિના ઘરની થઈ જાય છે. એ જ રીતે જડનો મટી, જીવ ચેતન અને ચૈતન્યતાનો થઈ જાય છે, તે સગાઈ-Connection છે. અને પછી સમુળગો જડનો મટી જઇને, ચૈતન્યમય થઈ જાય છે તે લગ્ન-Unification- ઐક્ય-સાયુજ્ય છે. ન થવાનું જે જોડાણ થયું છે, તે જોડાણથી જુદા થઈને, જ્યાં જે જોડાણ થવું જોઈએ, ત્યાં તે જોડાણ થાય નહિ, ત્યાં સુધી મેળાપ થાય નહિ અને અભેદ થવાય નહિ.

No Right connection is possible, without disconnection of wrong. And without Right connection, Unification with Right is not possible.

સમ્યક્ત્વ એ જોડાણ-Connection છે. વિરતિથી વીતરાગતા સુધી સંબંધ-Relation છે. સર્વજ્ઞતા પછી સાયુજ્ય Unification છે.

આ મિથ્યાત્વની જે અવળાઈ છે, તેને સમ્યક્ત્વની સવળાઈમાં પલટાવવા માટેના આશયથી જ, મુહપત્તિના ૫૦ બોલ સહિત મુહપત્તિ પડિલહેણમાં મુહપત્તિને ઉલટી કરીને "મિથ્યાત્વ-શલ્ય પરિહરું?"નો બોલ બોલવામાં આવે છે. પૂર્વ ઋષિપુરુષોએ ખૂબ સુંદર આચારનું આયોજન કર્યું છે.

**પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો, ધર્મ નહીં કોઈ જગસૂત્ર સરિખો;**
**સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરીખો. ॥૨૦૬**

પાઠાંતરે 'સરિખો'ના સ્થાને 'સરિષો' અને 'પરીખો'ના સ્થાને 'પરિષો' એટલો ઉલ્લેખનીય પાઠફરક છે.

---

સાપને પણ દરમાં પેસતા સીધા થવું પડે છે તેમ જીવે મોક્ષ-સ્વધામમાં જવું હશે તો સીધા-સરળ થવું જોઈશે. નિર્વાણ થતાં મુક્તાત્મા સમશ્રેણિએ ઉર્ધ્વગતિથી સિદ્ધશિલાએ પરમપદે સ્થિત થાય છે.

**શબ્દાર્થ :** ઉત્સૂત્ર = સૂત્રનું ઉત્થાપન કરનારું-સૂત્રથી ઊલટું સૂત્રથી વિપરીત. જિસ્યો = જેવો-સરખો.

જગસૂત્ર=જગ માન્ય પ્રમાણભૂત આગમ (શાસ્ત્ર) સૂત્ર-આગમ શાસ્ત્રો એ વીતરાગ, સર્વજ્ઞ પ્રણીત છે, તેથી તેની વિરુદ્ધ સંભાષણ કરવા જેવો, કોઈ અધર્મ-પાપ નથી અને મૂળ આગમસૂત્રને, સુસંગત થાય તે રીતે, સંભાષણ કરવા જેવો કોઈ ધર્મ નથી.

જે ભવ્યાત્મા, આગમસૂત્રને પ્રામાણિક રહીને, સૂત્રમાં કહ્યા અનુસારે ક્રિયા કરતો હોય તેના ચારિત્રને શુદ્ધ જાણવું. શુદ્ધ ચારિત્રની પરખ આગમસૂત્રને સુસંગત ક્રિયા છે.

**લક્ષ્યાર્થ-વિવેચન :** વીતરાગ થયા પછી, કેવળજ્ઞાન પ્રાગટ્યની સાથે, તીર્થંકર નામકર્મના વિપાકોદયને અનુસરીને, એ વીતરાગ-સર્વજ્ઞ-તીર્થંકર ભગવંતે, ભવ્યાત્માઓના પરમાત્મસ્વરૂપને પ્રગટ કરવા માટે, જે આત્મધર્મની સ્થાપના-પ્રરૂપણા કરી, સિદ્ધાંતો આપ્યા, તેને ગણધર ભગવંતોએ, ત્રિપદીના ગ્રહણપૂર્વક, સૂત્રમાં ગૂંથી લઈને સૂત્રબદ્ધ કર્યાં. સંતતિયોગથી ચાલ્યા આવતાં એ હૃદયસ્થ-કંઠસ્થ સૂત્રોને, પડતાકાળને અનુલક્ષી, પૂર્વાચાર્યોએ ગ્રંથસ્થ કરી, આગમગ્રંથોરૂપે આપણા સુધી પહોંચાડ્યા. એવા એ વીતરાગ, સર્વજ્ઞ, શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલાં સિદ્ધાંતસૂત્રોનું ઉત્થાપન થાય, તેવું સૂત્રવિરુદ્ધનું સંભાષણ, એ ઉત્સૂત્ર ભાષણ છે - ઉત્સૂત્ર પ્રરૂપણા છે. એ સિદ્ધાંત વિરુદ્ધની સિદ્ધાંતથી અસંગત વાતો છે. એવું ઉત્સૂત્ર સંભાષણ કરનારની, પોતાની સમજ ઊલટી સમજ છે. એને સાચી સમ્યગ્ સમજણ થાય નહિ ત્યાં સુધી, મૌન ધારણ કરવું ઉચિત છે. તીર્થંકર ભગવંતે પણ, વીતરાગ સર્વજ્ઞ થયા પછી જ, ધર્મની સ્થાપના કરી છે અને તે વીતરાગ બનવા માટે જ કરી છે. **મિથ્યા**

**સમજણવાળો, સંભાષણ કરવા માટે અનધિકારી છે કારણ કે તેવી અનધિકારી ચેષ્ટા કરવા દ્વારા, પોતાની મિથ્યા પ્રરુપણાથી તે, સ્વ અને પરમાં મિથ્યાત્વનો જ વ્યાપ વધારે છે. એ ધર્મ પ્રવર્તનના નામે અધર્મનું પ્રવર્તન કરે છે. પરિણામે પોતે તો, મહાપાપનો ભાગી બને છે પણ સાથે સાથે પોતાની નિશ્રામાં આવેલાં શ્રોતાદિને પણ, પાપના માર્ગે ચઢાવે છે. એ પાપ છે-અધર્મ છે.**

જગતમાન્ય, પ્રમાણભૂત, આગમસૂત્રાનુસારી, સિદ્ધાંતસુસંગત સંભાષણ જેવો કોઈ અન્ય ધર્મ નથી. કારણ કે એવા સમ્યગ્ સંભાષણથી, પોતે મુક્તિગામી થાય છે અને પોતાની નિશ્રામાં આવેલા શ્રોતાદિને પણ મોક્ષમાર્ગે ચડાવે છે. પરમાત્માથી પરાઙ્મુખ (વિમુખ) થયેલાંને પરમાત્મ સન્મુખ કરે છે. એ જ્ઞાનદાન આપવા દ્વારા, આત્મદાન આપી, ભવોભવના દુઃખ દૂર કરી, ભવનો અંત કરે છે અને શાશ્વત, સંપૂર્ણ, સર્વોચ્ચ, સ્વાધીન, શુદ્ધ આત્મસુખદાતા બને છે.

**દર્શન અને જ્ઞાન ઉપયોગાશ્રિત-સ્વાશ્રિત હોવાથી એમાં ભાવાત્મકતા, વ્યાપકતા અને સ્વાધીનતા છે.**

**ચારિત્ર અને તપ કાયાશ્રિત-પરાશ્રિત હોવાથી એમાં ક્રિયાત્મકતા, સીમિતતા અને પરાધીનતા છે.**

**દર્શન અને જ્ઞાન ફરજિયાત છે. ચારિત્ર અને તપ મરજિયાત છે-યથાશક્તિ કરવા જણાવેલ છે.**

**આચરણમાં અધુરાશ ક્ષંતવ્ય છે. પરંતુ પ્રરૂપણામાં વિપરીતતા અક્ષમ્ય છે. ઉત્સૂત્રપ્રરૂપણાથી ઉન્માર્ગ છે. સૂત્રાનુસારી પ્રરૂપણાથી સન્માર્ગ છે. એટલા જ માટે વક્તાઓ, વિદ્વાનો, લેખકો, દેશનેતાઓ,**

---

**સમાજસેવકોની જે જવાબદારી નથી તે જવાબદારી ધર્મોપદેશકોની છે. તે જેવા વિચારો ફેલાવશે તેવું જગત તૈયાર થશે. એક પણ ખોટો વિચાર ફેલાવનાર, આ વિશ્વને જે નુકસાન કરે છે તેવું નુકસાન બીજું કોઈ કરતું નથી. માટે યોગીરાજ ઉન્માર્ગની પ્રરૂપણાને, મહાપાપ તરીકે બતાવી રહ્યા છે.**

ધર્મની વાતો કરી ધર્મ પમાડે તે ધર્મી. પરંતુ અધર્મની વાતો કરી અનેકોને અધર્મ પમાડે તેની, વ્યવહારક્રિયા ગમે તેટલી ઊંચી હોય તો પણ તેને ધર્મી કેમ કહેવાય?

**એહ ઉપદેશનો સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવેં;**
**તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી,**
**નિયત 'આનંદઘન' રાજ પાવે. ધાર૦૭**

પાઠાંતરે 'તે નરા'ના સ્થાને 'તેહ નરા' એ પાઠફેર સિવાય બીજો કોઈ ઉલ્લેખનીય પાઠફરક છે નહિ.

**શબ્દાર્થ :** નિયત=નિશ્ચિત-નક્કી-ચોક્કસ-જરૂર. દિવ્ય= દેવતાઈ.

આ સંક્ષિપ્તમાં કહેલાં ઉપદેશનો સાર છે. તેના મર્મને પામીને જે મનુષ્યો ચિત્તમાં એની ધારણા કરી, નિયમિત એનું ધ્યાન ધરશે અર્થાત્ પાલના કરશે તે મનુષ્યો, દીર્ઘકાળ સુધી, દેવતાઈ સુખ ભોગવતાં ભોગવતા અંતે, આનંદઘન એવા, પરમાત્મસ્વરૂપને નિશ્ચિતપણે પામશે અને શુદ્ધ, સંપૂર્ણ, શાશ્વત, સર્વોચ્ચ, સ્વાધીન શિવસુખને વરશે.

**લક્ષ્યાર્થ-વિવેચન :** ઉપરોક્ત બધી વાતોના ઉપસંહારમાં ટૂંકસાર

આપતા કવિરાજશ્રી આનંદઘનજી મહારાજા ફરમાવે છે....

વીતરાગ અને સર્વજ્ઞ થયા પછી, તીર્થંકર નામકર્મનો વિપાકોદય થતાં, પ્રભુ ધર્મતીર્થની સ્થાપના કરે છે. તેના ચાહક અને વાહક ગણધરાદિ ગુરુ ભગવંતો છે. તેમના વચન ઉપર વિશ્વાસ મૂકીને, જે કોઈ ભવ્ય નરવીરો, સંપ્રદાય અને ગચ્છથી પર થઈને, સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રનું પાલન કરવા સ્વરૂપ, જિનચરણ સેવાનું, તલવારની ધાર ઉપર ચાલવાથીય અદકેરું પરાક્રમ કરી દાખવશે; તે ચોક્કસ, આનંદના ઘન સ્વરૂપ, સુરાજને એટલે કે શિવસુખને પામશે.

એ નિત્ય, શાશ્વત શિવસુખ પામવા પૂર્વે, તથાભવ્યતાનુસારે જેટલો કાળ સંસારમાં રહેવાનું બનશે, તેટલો કાળ પણ મનુષ્યલોકના અને દેવલોકના દિવ્યસુખને પામનારો થશે. છતાં પણ તે તેમાં લેપાશે નહિ અને તે દેવ-મનુષ્ય ગતિમાં પણ પ્રાપ્ત સુખમાં નિર્લેપ રહીને, સ્વરૂપસુખના લક્ષ્યે આત્મસુખને જ માણનારો થશે.

હા! એટલું જરૂર લક્ષમાં રાખજો કે, એ જ નરવીર-ધર્મવીર, આવા દિવ્ય સુખનો અને અંતે પરમસુખ-પરમાનંદનો સ્વામી થશે, કે જે, વીતરાગ પ્રરૂપિત અને નિર્ગ્રંથ, જ્ઞાની, ગીતાર્થ ગુરૂના ઉપદેશને, ચિત્તમાં ધારણા કરવાપૂર્વક, નિત્ય તેનું પાલન કરશે અર્થાત્ પ્રતિસમય નિર્વિકારી પરિણમન કરશે. અનંતની યાત્રાએ નિર્ગમન કરી રહેલાં, આપણા સહુની, આ આનંદઘન ગીતા સ્વરૂપ, અનંતનાથ, જિનેશ્વરદેવની સ્તવના, અનંતાનુબંધી કષાયની ચોકડીને તોડી, સમ્યગ્દર્શનને લાવનારી, કેવળદર્શનને પ્રગટાવનારી અને અનંત આત્મચતુષ્કને પમાડનારી નીવડો ! એ જ એક અભ્યર્થના !

---

શુક્લધ્યાન એટલે સિદ્ધગતિગમનભાવમાં (મુક્તાત્મભાવમાં) વિચરવું.

# 15 શ્રી ધર્મનાથ જિન સ્તવન

ધર્મ [૧]જિનેસર [૨]ગાઉં [૩]રંગશું, ભંગ ન પડશો હો જિનેશ્વર;
દુજો મન મંદિર આણું નહીં, એ અમ કુળવટ રીત।। જિ. ધ.૧

ધરમ ધરમ કરતો [૪]જગ સહુ ફિરે, ધર્મ ન જાણે હો મર્મ; જિ.
ધર્મ જિણેસર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ।। જિ. ધ.૨

પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે, દેખે પરમ નિધાન; જિ.
હૃદય [૫]નયણ નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન।। જિ. ધ.૩

દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ; જિ.
પ્રેમ પ્રતીત વિચારો ઢૂંકડી, ગુરુગમ લેજો રે જોડ।। જિ. ધ.૪

એક પખી કિમ પ્રીતિ પરવડે, ઉભય [૬]મિલ્યા [૭]હુવે [૮]સંધિ; જિ.
હું રાગી હું મોહે ફંદીયો, તું નીરાગી નિરબંધ।। જિ. ધ.૫

પરમનિધાન પ્રગટ મુખ આગળે, જગત [૯]ઉલંઘી હો જાય; જિ.
જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધો અંધ [૧૦]પિલાય।। જિ. ધ.૬

---

જે અવિનાશી છે તેને આવરણભંગ કરીને અવિનાશી બનાવ:
બાકી જે વિનાશી છે એને તો લાખ પ્રયત્ને પણ કોઈ કાળે અવિનાશી બનાવી શકનાર નથી !

D H A R M A N A T H   B H A G W A N



कल्पद्रुम-सधर्माणमिष्ट-प्राप्तौ शरीरिणाम् ।
चतुर्धा धर्म-देष्टारं, धर्मनाथमुपास्महे ।। ॥१५॥

નામ : ૧૫ મા શ્રી ધર્મનાથ

લાંછન : વજ્ર

રાશિ : કર્ક

ગણ : દેવ

માતા : સુવ્રતા

પિતા : ભાનુ

ગર્ભવાસ : ૮-૨૬

દીક્ષા પર્યાય : ૨ાા લાખ વર્ષ

સર્વ આયુષ્ય : ૧૦ લાખ વર્ષ

સમ્યક્ત્વ પામ્યા પછીની ભવ સંખ્યા : ૩ ભવ

ચ્યવન કલ્યાણક નક્ષત્ર સાથે : પુષ્ય વૈ. સુ.૭



# ધર્મનાથજી

15

જન્મ કલ્યાણક નક્ષત્ર સાથે : પુષ્ય મહા સુ.૩

દીક્ષા કલ્યાણક નક્ષત્ર સાથે : પુષ્ય મહા સુ.૧૩

કેવળજ્ઞાન કલ્યાણક નક્ષત્ર સાથે : પુષ્ય પોષ સુ.૧૫

નિર્વાણ કલ્યાણક નક્ષત્ર સાથે : પુષ્ય જેઠ સુ.૫

જન્મનગરી : રત્નપુરી

દીક્ષાનગરી : રત્નપુરી

કેવળજ્ઞાનનગરી : રત્નપુરી

નિર્વાણભૂમિ : સમ્મેતશિખર

નિરમળ ગુણમણિ રોહણ ભૂધરા, મુનિજન માનસહંસ; જિ.
ધન્ય તે નગરી ધન્ય વેળા ઘડી, માત પિતા કુળ વંશ॥ જિ. ધ.૭

મન મધુકરવર કરજોડી કહે, પદકજ નિકટ નિવાસ; જિ.
ઘનનામી આનંદઘન સાંભળો, એ સેવક અરદાસ॥ જિ. ધ.૮

પાઠાંતરે ૧. જિનેશ્વર ૨. ગાવું ૩. રંગસ્યું ૪. કાં સૌ ફીરે ૫. નયન ૬. મળ્યા ૭. હોય ૮. સિદ્ધિ ૯. ઉલ્લંઘી ૧૦. પુલાય

**ધરમ જિનેશ્વર ગાંઉ રંગશું, ભંગમ પડશો હો પ્રીત જિનેશ્વર**
**દુજો મનમંદિર આણું નહીં, એ અમ કુલવટ રીત જિનેશ્વર..**
**ધર્મજિનેશ્વર..૧**

**અર્થ :** હે પ્રભો ! હું અનેરા ઉલ્લાસથી-આનંદથી આપના ગુણગાન કરી રહ્યો છું તેમાં ભંગ ન થાવ તેવું ઈચ્છું છું. જિનેશ્વર દેવ સિવાય બીજા કોઇ પણ સંસારી દેવોને હું મારા મનમંદિરમાં સ્થાન ન આપું એ અમારા જૈન કુળના કુલવટની રીત છે.

**વિવેચન :** આત્મા પોતાનો વિવેક ચૂકી જવાથી અજ્ઞાનવશ અધર્મને ધર્મતત્ત્વ માની, અવિનાશીને વિનાશી માની, તે સંસ્કારને રૂઢ કર્યાથી ચેતનતાને મૂકી જડ પરિણામી થયો છે, તેવા આત્માને માર્ગ પર લાવવા -

૧) દેહ ઉપરથી નજર હટાવી આત્મા ઉપર લઈ જવી અને આગળ વધી પરમલોક ઉપર ઠેરવવી.

૨) આલોક ઉપરથી નજર હટાવી પરલોક ઉપર લઇ જવી અને

---

જે બનાવી શકાય નહિ, જે મિટાવી (ટાળી) શકાય નહિ,
જેનું અસ્તિત્વ ત્રણેકાળમાં હોય જ તેનું નામ 'સ્વભાવ'.

૩) સ્વાર્થ ઉપરથી નજર હટાવી પરોપકાર ઉપર લઈ જવી. આગળ વધતા પરમલોક ઉપર ઠેરવવી અને આગળ વધી પરમાર્થ ઉપર ઠેરવવી.

આના દ્વારા વિચારોનું ઘડતર થાય છે, વિવેકશક્તિ જાગૃત થાય છે અને વિવેકશક્તિ જાગૃત થવાથી જ આત્મા ધર્મપથ ઉપર ડગ માંડી શકે છે.

**(દુજો મન મંદિર આણું નહીં)** - હે નાથ ! મારા મનમંદિરમાં પૂર્વે મારી ભૂલથી આજ સુધી મેં વિકારીભાવોને જ સ્થાન આપ્યું છે. હવે મને ભાન થાય છે કે આ મારી અનંતકાળથી ચાલી આવેલી મોટામાં મોટી ભૂલ છે. રત્નત્રયી અને તત્ત્વત્રયી સિવાય બીજા કોઈને સ્થાન આપવા જેવું નથી એવું મને હવે સમજાય છે. વિકારી ભાવો અને નિર્વિકારી ભાવો એ બન્ને વચ્ચેના ભેદને મેં આજ સુધી જાણ્યો જ નથી.

સર્વથા નિર્વિકારી-વીતરાગી એવા અરિહંત પરમાત્મા કે જે શુદ્ધ દેવતત્ત્વ છે, તે સિવાય અન્યને સ્થાન ન જ આપવું એવો મેં આજથી નિશ્ચય કર્યો છે. અમારા આર્યકુળ અને જૈનકુળની આ મર્યાદા છે. આ કુલવટ છે. સરાગી દેવો-સરાગી એવા સંસારના સંબંધો કે તેનાથી જન્ય વિકારીભાવોને હૃદયમાં સ્થાન ન આપવું. અર્થાત્ તેને આત્મહિતકારી કદી ન માનવા.

દુજોનું અર્થઘટન પર કરીએ તો એવું તાત્પર્ય નીકળે કે 'સ્વ' એટલે 'આત્મા' સિવાય અન્ય 'પર' અનાત્મભાવને મનમંદિરમાં-વિચારમાં લાવવા નહિ.

પૂર્વે આરાધેલ જિનભક્તિથી પુન્યના થોક ઊભા થયા, તેના

---

જેમાં ફેરફાર કરી શકાય તે 'ઉદ્યમ'.

પ્રભાવે માનવ ભવ-જૈનપણું-વીતરાગ દેવ-નિર્ગ્રંથ ગુરુ વગેરે મળ્યા, તો હવે પ્રભુની સાથેની પ્રીતિમાં ભંગ ન પડવા દઉં !

હું બહિર્મુખ વૃત્તિએ કરીને મારો આત્મ ધર્મ-સ્વરૂપ ધર્મ-વીતરાગ દશા ભૂલી જાઉં તો જ પ્રભુની સાથેની પ્રીતમાં ભંગાણ પડે. આત્મત્વ ધર્મે પ્રભુ સાથે મારે તુલ્યતા છે. તેને કારણે પ્રભુ સાથે પ્રીતિ ઉત્પન્ન થઈ છે, તેમાં ભંગાણ ન પડે તેમ ઇચ્છુ છું કારણકે પ્રભુ સાથે પ્રીતિમાં ભંગ પડતાં અર્થાત્ મારો શુદ્ધ આત્મધર્મ ભૂલાઈ જતાં મારે ઘણુ દુઃખ અનુભવવુ પડે છે; તે હવે ન થાવ તેમ યોગીરાજ પ્રભુને પ્રાર્થી રહ્યા છે.

સિસોદિયા વંશમાં થયેલા રાણાપ્રતાપે પોતાની બેન-દીકરીઓને કોઇપણ ભોગે મુસ્લિમ બાદશાહોને ન જ આપી તે ન જ આપી. તે માટે જે સહન કરવુ પડ્યું તે કર્યું પણ પોતાનુ કુળ ન વટલાવ્યું. તેમ હે પ્રભો! હું પણ હવે રાગી-દ્વેષી દેવોને ભજીને કે રાગ-દ્વેષના ભાવોને મનમાં લાવીને મારું ચૈતન્યકુળ કે જે આપ પરમાત્માની તુલ્ય છે તેને નહિ જ વટલાવું. નહિ જ અભડાવું. નિરંતર આત્મભાવમાં રમમાણ રહીને પરમાત્માની સાથે જ અનુસંધાન કરતો રહીશ. તે માટે ભક્તિના રંગે રંગાઈને રહીશ. હે પ્રભો ! મારી તે ભક્તિમાં ભંગ ન થાય, તેવું હું નમ્રભાવે બે હાથ જોડી આપની પાસે માંગુ છું! કારણકે આપની સાથેની પ્રીતિમાં ભંગ પડે તો ભક્તિનો રંગ જ ઊડી જાય તેમ છે.

વિવેક-વૈરાગ્ય-વીતરાગતા, જેવા છે તેવા અતિવિશુદ્ધ પુણ્યના ઉદયે ઓળખાય છે. બધી જ જાતના આગ્રહો-પક્કડો-મત-ગચ્છ-સંપ્રદાય; આ બધાંથી જે મુક્ત થઈ ગુણોના ઉદ્યાનમાં ક્રીડા કરે છે, તે બંધનથી છૂટે છે, તેને વીતરાગતા ઓળખાઈ ગયા પછી પરમાત્માની સાથેની પ્રીતિમાં ભંગ પડતો નથી.

---

જે કરનાર નથી, જે ટળનાર નથી, જે નિશ્ચિત છે તે 'ભવિતવ્યતા'.

વીતરાગતા પ્રત્યેની રૂચિ તીવ્ર-તીવ્રતર-તીવ્રતમ થયાં પછી પ્રભુની સાથે પ્રીતિ પણ તીવ્ર-તીવ્રતર-તીવ્રતમ થવા માંડે છે. શ્રેણિક મહારાજા આમાં દૃષ્ટાંતરૂપ છે. અધ્યાત્મનો માર્ગ એ બળનો માર્ગ નથી, કળનો માર્ગ છે. આપણા સ્વરૂપ ઉપર વિકારી ભાવોનું તાળુ લાગવાથી આત્માનો અનંત વૈભવ લુપ્ત થઈ ગયો છે; તે જ્ઞાનકળા-અધ્યાત્મકળા રૂપી ચાવી લગાવવાથી ખુલી જાય છે. વ્યવહારિક દૃષ્ટાંતથી પણ સમજાય છે કે હથોડો મારવાની કિંમત તો માત્ર એક રૂપિયો જ છે પણ તે ક્યાં મારવો તેની કિંમત ૯૯૯૯ રૂા. છે. તેમ અધ્યાત્મમાં દૃષ્ટિની જ કિંમત મુખ્ય છે. તેનો ઉઘાડ ન થયો તો બાકી જે કાંઈ કરાય છે, તેની કિંમત તો હથોડા મારવા જેટલી જ છે. આ સમજીને આત્માએ અધ્યાત્મપ્રેમી થવું ઘટે પણ વ્યવહાર ધર્મના વિરોધી થવું ન ઘટે. આત્માર્થીને વ્યવહાર માર્ગનું ખંડન કરવું ન જ ગમે પણ તેનો અર્થ એ પણ નથી કે તે આત્મધર્મ ઉપર-નિશ્ચય દૃષ્ટિ ઉપર ભાર ન મૂકે. અર્થાત્ અવશ્ય ભાર મૂકે જ કારણકે તેના વિના સંસારમાંથી જીવનો ઉદ્ધાર થાય જ નહિ. વ્યવહારનું આચરણ પણ આખરે તો નિશ્ચયને પામવા માટે જ છે. ''નિશ્ચયના લક્ષ્ય વગર વ્યવહારની શુદ્ધિ નથી અને વ્યવહારની શુદ્ધિ વગર નિશ્ચયની પ્રાપ્તિ નથી'' બંને એક બીજાના પૂરક છે. નિશ્ચય પમાતો જાય તેમ વ્યવહાર છૂટતો જાય એ પ્રામાણિકતા છે પરંતુ તેથી કરીને તે વ્યવહાર સર્વત્ર અનાદેય બનતો નથી. કક્ષા પ્રમાણે સાધના ફરતી રહે છે. વ્યવહારનો તાળો નિશ્ચયમાં મળતો હોય છે અને નિશ્ચયનો તાળો વ્યવહારમાં મળતો હોય છે. નિશ્ચયનું દૃશ્ય સ્વરૂપ વ્યવહાર છે અને વ્યવહારનું અભ્યંતર પ્રેરકબળ નિશ્ચય છે.

ધરમ ધરમ કરતો જગ સહુ ફીરે,
ધરમ ન જાણે હો મર્મ જિનેશ્વર

---

આત્માના સ્વભાવમાં રહેવું, નિર્મોહિતા-નિષ્કષાય ભાવમાં રહેવું,
તે ઉદ્યમ છે-તે જ આત્મપુરુષાર્થ છે અને એના વડે જ ઘાતિકર્મોનો ક્ષય થાય છે.

**ધરમ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી,**
**કોઈ ન બાંધે હો કર્મ જિનેશ્વર.. ધર્મ જિનેશ્વર..૨**

**અર્થ :** જગત્‌ના સર્વ જીવો 'ધરમ-ધરમ' એમ શબ્દોચ્ચાર કરતા થકા ફરે છે પણ હે પ્રભો ! તેઓ ધર્મનું રહસ્ય જાણતા નથી કારણકે શ્રીધર્મનાથ ભગવાનના ચરણોનું શરણ લીધા પછી કોઇ પણ જીવ ક્લિષ્ટકર્મનો બંધ કરતો નથી.

**વિવેચન :** ધર્મતત્ત્વને પામવા અર્થે હું ધર્મ કરું છું, એમ અનાદિથી જીવ ધર્મ કરણી કર્યાની પ્રસિદ્ધિના ગાણા ગાતો આજ સુધી આવ્યો છે. એમ અનાદિ અનંતકાળથી ધર્મકરણી કરીને આખું વિશ્વ ફરી આવ્યો. ચૌદ રાજલોકમાં બધે જ જઈ આવ્યો પણ ધર્મતત્ત્વની પ્રાપ્તિ ન જ થઇ, મહેનત બધી એળે ગઈ. એનું શું કારણ? (ધરમ ન જાણે હો મર્મ જિનેશ્વર) ધર્મના મર્મને પામ્યો જ નહિ.

**શરીર, ઇન્દ્રિય, વાણી, વિચાર, વર્તન, શ્વાસોશ્વાસ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર આ બધા વિનાશી તત્ત્વો છે. કર્મના ઉદયે વળગેલો વળગાડ છે. તેનાથી ભિન્ન એવો આત્મા, જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણેના અભેદ પરિણમન સ્વરૂપ છે અવિનાશી છે, અખંડ છે. તે અવિનાશી તત્ત્વને પામવામાં આવે-પ્રગટ કરવામાં આવે, તો જ ધર્મ કર્યો કહેવાય. પ્રકૃતિના ધર્મોને પોતાના માનીને તેને અનંતકાળથી ધર્મનું આચરણ કર્યું, છતાં સંસારથી છુટ્યો નહિ પણ બંધાયેલો ને બંધાયેલો જ રહ્યો.**

મોક્ષ પામવા પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞાને આરાધવી જોઈએ. જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થવી જોઇએ. **જ્ઞાનીની** આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં

---

સ્વભાવ, રાગ સહન કરી શકતો નથી. વીતરાગતા, અંધકાર સહન કરી શકતી નથી. માટે જ વીતરાગતા-બારમા ગુણ સ્થાનકના અંતે દર્શનાવરણીય, જ્ઞાનાવરણીય અને અંતરાયકર્મોને ખતમ કરે છે.

પણ કેવળજ્ઞાન પામે. પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞાએ નહિ વર્તાય, ત્યાં સુધી અજ્ઞાનની નિવૃત્તિ થવી સંભવતી નથી. જ્ઞાની પુરુષની આજ્ઞા છે તે ભવમાં જવાને માટે આડા પ્રતિબંધ જેવી છે. **વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ અને તેના પ્રત્યે અવિચલ શ્રદ્ધા, એ સર્વ સંતના હૃદયનો-ઈશ્વરના ઘરનો મર્મ પામવાનો મહામાર્ગ છે. સજીવનમૂર્તિ પ્રાપ્ત થયે છતે સત્ પ્રાપ્ત થાય છે, સત્ સમજાય છે, સત્નો માર્ગ મળે છે અને સત્ પર લક્ષ્ય આવે છે. જ્ઞાનીપુરુષના અવિચલ આશ્રયથી સર્વોત્કૃષ્ટ એવું મોક્ષપદ સુલભ છે.**

પ્રથમ તો સાધકને સંસારનું બંધન ખટકવું જોઈએ-ખૂંચવુ જોઇએ-જન્મ મરણની વિડંબનાનો ત્રાસ છુટવો જોઈએ-તેમાંથી છૂટવાની તાલાવેલી લાગવી જોઈએ. સાધકે હૃદયથી ગદ્‌ગદ્ થઈને પ્રભુ આગળ પોકાર કરવો જોઇએ કે મને મહા આત્મજ્ઞાની પુરુષનો પ્રત્યક્ષ મેળાપ થાય અને તેમાંથી છુટવાનો માર્ગ મને મળો ! આવી ભાવનાના પરિણામે તે ભવે કે ભવાંતરે, વહેલા કે મોડા અવશ્ય તેવો યોગ થાય જ; એવો કુદરતી નિયમ છે.

જ્ઞાન-દર્શન-ચારિત્રની પરિણતિ એ જ ધર્મ છે. તેને કહે છે

**"જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ;**
**તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવ અંત..."**

**જ્ઞાન : છે દેહાદિથી ભિન્ન આત્મા રે, ઉપયોગી સદા અવિનાશ.**
**એમ જાણિયું સદ્‌ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ.**

**દર્શન : જે જ્ઞાને કરીને જાણિયું રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત.**
**કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સંમકિત.**

---

સ્વરૂપને સમજવાનું છે સત્સંગથી અને સ્વભાવમાં રહેતા શીખવાનું છે સ્વયંથી.
સ્વભાવમાં રહેતાં થવું, એ જ અધ્યાત્મ સાધના છે.

**ચારિત્ર : જે આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વથી ભિન્ન અસંગ;**
**તેવો સ્થિર સ્વભાવ જે ઉપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ..**
**મૂળ મારગ સાંભળો જિનનો રે.**

**અહિંયા જ્ઞાન સાથે ખાસ શબ્દ મૂકીને આત્મજ્ઞાન સિવાયના બીજા જ્ઞાનની બહુ/મહત્તા આંકી નથી.** શાસ્ત્રજ્ઞાન પણ જો આત્મસ્વરૂપ પામવાના લક્ષ્યે હોય તો જ તેની કિંમત છે. બાકી તો અભવ્યના નવ પૂર્વના જ્ઞાનની પણ કોઇ કિંમત નથી. ધર્મ જિનેશ્વરના ચરણ ગ્રહવા એટલે તેમના જેવા જ પોતાના શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્ર છે; તેમ શ્રદ્ધા કરી નિરંતર ઉપયોગને શુદ્ધાત્માની દિશામાં વાળતા રહેવું. આ રીતે કરનાર કોઇપણ આત્મા નવા કર્મો બાંધતો નથી પણ જુના કર્મોની સંવર પૂર્વક નિર્જરા કર્યા જ કરે છે.

વ્યવહાર ધર્મમાં આત્માએ નિરંતર સત્સંગ અને પ્રભુભક્તિ કરવાની છે. જ્ઞાનીનું વચન છે કે જ્યાં સુધી શુદ્ધાત્મા ન મળે ત્યાં સુધી સત્સંગના ભીડામાં પડ્યા રહેજો, એક ક્ષણ પણ સત્સંગની બહાર જતા નહિ; તો જ તમારો આત્મા અશુભ કર્મના બંધથી બચશે. **સત્સંગ અને પ્રભુભક્તિ છોડનારને સદ્ગતિ પામવી બહુ મુશ્કેલ છે.** જેમ વ્યવહાર ધર્મમાં સત્સંગ અને પ્રભુભક્તિ, એ અત્યંત બળવાન સાધન છે; તેમ નિશ્ચય ધર્મમાં આત્માએ જ્ઞાનયોગ સાધવાનો છે અર્થાત્ પોતાના જ્ઞાનોપયોગને પોતાના સ્વરૂપ સાથે જોડવાનો છે. **સત્સંગ અને પ્રભુભક્તિ કરવાથી અંદરમાં રહેલ કર્મ પાતળા પડતા જાય છે અને તે પાતળા થયેલા કર્મ જ્ઞાનયોગ સાધતા નિર્જરી જાય છે. જ્ઞાનયોગ એ શુદ્ધ તપ છે અને તે આત્મામાં રમણતા કરવા સ્વરૂપ છે.**

---

ખંડનાત્મક પદ્ધતિને ખતમ કરવા માટે જ્ઞાની ભગવંતે સ્યાદ્વાદ આપેલ છે. કોઈપણ વિકલ્પમાં ન બંધાવા માટે અને નિર્વિકલ્પતાનું લક્ષ્ય રાખવા માટે જ્ઞાની ભગવંતે સ્યાદ્વાદ દર્શન પ્રરૂપેલ છે.

આત્માનો વિશુદ્ધ ધર્મ તે જ વ્યવહારે ધર્મનાથ ભગવાનનો ધર્મ છે. શુદ્ધ આત્મપણું પામેલા ધર્મનાથ ભગવાનમાં બીજો ધર્મ હોઇ શકે નહિ. તેથી ધર્મનાથ ભગવાનના ચરણકમળનું શરણું જેણે લીધું તેણે આત્મધર્મનું અવલંબન લીધું એટલે અંતરાત્મપણું પામી છેવટે તે આત્મા પરમાત્મપણું પામશે જ. તેથી ધર્મનાથ ભગવાનનું શરણ ગ્રહણ કરનાર નવા કર્મો બાંધશે નહિ અર્થાત્ ભવભ્રમણ કરાવનારા કર્મનો બંધ કરશે નહિ. ધર્મનાથ ભગવાન સૂર્ય અને ચંદ્રસમાન તેજસ્વી છે. તેમનામાં પ્રગટ થયેલ પૂર્ણ આત્મધર્મ એ જ્ઞાનપ્રકાશ સ્વરૂપ છે, જે આનંદરસથી ભરપુર છે. તેમનું અવલંબન લેનારને અજ્ઞાનના અંધકારમાં અથડાવાનું હોય નહિ અને દુર્ગતિના ખાડામાં પડવાનું હોય નહિ.

વસ્તુતત્ત્વને પામવા બહુ દલીલો કરવી અને એકલા તર્કથી જ તેની સિદ્ધિમાં રાચવું; તેના કરતાં વસ્તુનો જાતે જ અનુભવ કરવો એમાં ડહાપણ છે. **આત્મ જ્ઞાની લોકોત્તર પુરુષની ઓળખાણ તર્ક અને દલીલો કરવાથી થતી નથી. એ તો ભીતરમાં તીવ્ર મુમુક્ષુતા પ્રગટે પછી જ ઓળખાય છે. આત્મજ્ઞાની લોકોત્તર પુરુષો એ આ જગતનું મુક્તતત્ત્વ છે. તેઓ વીતરાગતાને વરેલા હોય છે. તેને કોઈ પણ મત-ગચ્છ-સંપ્રદાય કે ધર્મની માન્યતા, ક્રિયાકાંડ કે શુભાશુભ-ભાવોમાં પુરી શકાય નહિ..** કેવલજ્ઞાનની પ્રાપ્તિથી આત્મા એબ્સોલ્યુટ (પૂર્ણ) થાય છે અને અઘાતીકર્મના નાશથી અદેહી બને છે. એબ્સોલ્યુટ એટલે માત્ર જ્ઞાન અને આનંદરસથી ભરપુર બને છે એટલે કે પરિપૂર્ણ થાય છે અને અદેહી થવાથી સાદિ અનંતકાળ એક જ સરખી અવસ્થાવાળો સદૃશ પર્યાયી બને છે. આ પરમ સત્ય છે. આના સિવાયનું બધુ રિલેટીવ સાપેક્ષ સત્ય છે. જે પરમ સત્ય છે તેને આપણે કલ્પનાના ચોકઠામાં કે શબ્દોના તોલમાપમાં સમાવી શકતા નથી. એતો એ બધાથી પર છે.

---

નિર્વિકલ્પ ઉપયોગ એટલે મનનું અમન કરવું.

**સાધક પોતે પોતાની માન્યતાઓને ભારપૂર્વક એકાંતે સત્ય માની વળગી રહેશે તો તે અંતિમ સત્ય સુધી પહોંચી શકશે નહિ.**

આત્માના પ્રવાહમાં ઊંડા ઊતરવું કે નહિ એ સાધકે નક્કી કરવાનું છે. મુક્તિ માટે આંતરિક તીવ્ર તાલાવેલી જોઈએ; તે હોય તો જ આત્મા મળે, બાકી નહિ. **તડપન વિના-તર્પણ વિના-તલસાટ વિના-રૂદન વિના પરમનો સ્પર્શ ન થાય. તે માટે ભીગી-ભીગી સાધના જોઈએ. ભીંજાવાપણું જોઈએ.**

વાસ્તવમાં સ્વરૂપ મુક્ત જ છે. સાધકનું કાર્ય તેના પરનું આભાસ સ્વરૂપ આવરણ દૂર કરવાનું છે. તે માટે સ્વરૂપનું અખંડ અનુસંધાન જોઇએ. ખાલી બેસી રહેવાથી કે કલ્પના કરવાથી કાંઈ ન વળે. કલ્પના બહુપ્રસવા છે. અનંત વિશ્વો એમાંથી જન્મ્યા છે પરંતુ તે દેશ અને કાળથી બાધિત અને સીમિત છે. કલ્પનાને સ્વતંત્ર એવું અસ્તિત્વ નથી. **પ્રત્યેક ક્રિયા પ્રતિક્રિયાનું નિર્માણ કરી આપોઆપ ચાલી જાય છે, તેથી તેને આપણે જાણે કશુંજ થયું નથી, એમ માની શાંતિથી નિકાલ કરવાનો છે.** જે દરેક સારા કે ખરાબ સંયોગોનો સમભાવે નિકાલ કરે છે, તેને મોડો કે વહેલો આત્મધર્મ મળી રહે છે. **સંસાર નિકાલી છે. સંસારનો નિકાલ થાય તો અકાલ થવાય.**

વર્તમાનકાળના આત્મજ્ઞાની પુરુષનું આ સૂત્ર છે કે -

"Each and every person (including body) is your file dispose it with Smile."

પ્રત્યેક સંયોગ, વ્યક્તિ અને ધારણ કરેલું શરીર એ સમસ્યા છે, એનો સમભાવે નિકાલ કરો તો સંસાર ઉકલે.

---

પંચ મહાવ્રત-સંયમ લીધા પછી, યોગ સ્થિરતા રૂપ ચારિત્ર આદરવાનું છે. નિર્વિકલ્પ ઉપયોગને પામવાનું છે.

**પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે, દેખે પરમ નિધાન, જિનેશ્વર**
**હૃદય-નયન નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન જિનેશ્વર..**
**ધર્મજિનેશ્વર.. ૩**

**અર્થ :** જો સદ્ગુરુ પ્રવચનરૂપી અંજન કરે, તો પરમનિધાન સ્વરૂપ આત્મદ્રવ્ય મુમુક્ષુના જોવામાં આવે અર્થાત્ પોતાની આંખમાં અંજન થવાથી મુમુક્ષુ આત્મારૂપી ગુપ્ત ખજાનાને જોઈ શકે. હૃદયનયન જગતના ધણી એવા ધર્મનાથ ભગવાનને જુવે છે કે જે પ્રભુ મેરૂ સમાન મહિમાવાળા છે.

**(પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે)** - પ્રવચન એટલે પ્રકૃષ્ટ વચન એટલે કે પરમાત્માના મુખથી ઉચ્ચરાયેલા વચનામૃતો કે જે શાસ્ત્રોમાં ગુંથવામાં આવ્યા છે, તેને આત્મજ્ઞાની પુરુષના મુખથી અહોભાવ-બહુમાન-આદરભાવ પૂર્વક સાંભળવા, તેના ઉપર મનન-ચિંતન કરવું, જેથી તે આત્મામાં સમ્યગ્ પરિણામ પામે. આવા સમ્યગ્ પરિણમનને યોગીરાજ અહિંયા પ્રવચન અંજન તરીકે ઓળખાવી રહ્યા છે. **આત્મજ્ઞાની એવા સદ્ગુરુ દ્વારા જ્યારે આવું પ્રવચન અંજન ભવ્યાત્માઓમાં કરવામાં આવે છે ત્યારે તેઓ પોતાના જ હૃદયમંદિરમાં રહેલ અનંત જ્ઞાન-દર્શન-ચારિત્રના નિધાનને પોતાના વિવેકચક્ષુ ખુલી જવાથી જુએ છે.**

निमिषार्द्धार्द्धपाताद्वा यद्वाक्याद्वै विलोक्यते।
स्वात्मानं स्थिरमादत्ते, तस्मै श्रीगुरवे नमः ।। - ગુરુગીતા

જે શ્રી સદગુરુ ભગવાનના વચનથી એક આંખના પલકારાના અર્ધના અર્ધ સમયમાંજ શિષ્ય પોતાના આત્મસ્વરૂપને કાયમ માટે પ્રાપ્ત કરે છે તે સદ્ગુરુને નમસ્કાર હો !

સ્વાનુભૂતિ સંપન્ન સદ્ગુરુના ઉપદેશથી, તેમના ચરણકમળની

સ્પર્શનાથી, તેમના દૃષ્ટિપાતથી, શક્તિપાતથી, તેમનામાં પ્રગટ થયેલ પ્રેમસ્વરૂપ વીતરાગતાના દર્શનથી, ભવ્યાત્માઓ તેમના પ્રત્યે અહોભાવ-આદરભાવ-બહુમાનભાવવાળા બને છે. અહો-અહોની ચર્યા જેમાં વર્તે છે તેવા અકથનીય આશ્ચર્યભાવને અનુભવે છે. આત્મા અને પરમાત્મા એ જ અંતિમ અહો અહો છે. જ્ઞાનીપુરુષ અને જ્ઞાનાવતાર સમા, તેમની દિવ્ય પ્રભુતામયી, વીતરાગવાણીના શ્રવણ-મનનથી, સાધકની પરિણતિ ઉચ્ચ-ઉચ્ચતર-ઉચ્ચતમ ભાવવાળી બનતાં, સંસારમાં રખડાવનારી નિબિડ-ક્લિષ્ટ ગ્રંથિઓ ભેદાઇ જતાં, અંદરના નિધાન ખૂલી જાય છે. તેથી હું પોતે જ પરમાત્મ સ્વરૂપ છું ! મારો આત્મા જ પરમાત્મા છે ! એ પ્રતીતિ થતાં હૃદયોદ્ગાર થાય છે... **"હૃદય નયન નિહાળે જગધણી"** ત્રણ જગતના નાથનું જે સ્વરૂપ છે; તે સ્વરૂપે જ પોતાના આત્માને પોતાના હૃદયમાં નિહાળે છે. આ કલ્પિત નથી. પણ સત્ય છે. નયસાર અને ધના સાર્થવાહે; આ રીતે સદ્ગુરુના ઉપદેશના બળે, પ્રવચન અંજન થતાં પોતાનાં આત્માને, સમ્યગ્દર્શન પામી પરમાત્મ સ્વરૂપે નિહાળ્યો હતો. મહાક્રોધી અને નરકગામી બનેલા ચંડકૌશિકને પ્રભુવીર મળતા પ્રવચન અંજન થયું હતું અને તે આત્મા સમ્યગ્દર્શન પામી અંતે પંદર દિવસનું અણસણ કરી, ઘોર ઉપસર્ગ સહન કરી સ્વર્ગગામી બન્યો હતો. મહાનાસ્તિક શિરોમણિ એવા પ્રદેશી રાજાને કેશી ગણધરનો યોગ થતાં આવો જ ચમત્કાર સર્જાયો હતો અને એકાવતારી બનવાનું સદ્ભાગ્ય સાંપડ્યું હતું. તે જ રીતે અનંત લબ્ધિનિધાન ગૌતમ ગણધરનો યોગ થતાં ૧૫૦૦ તાપસો એક અંતર્મુહૂર્તમાં કૈવલ્યલક્ષ્મીને વર્યા હતાં. આવા આવા કંઈક દૃષ્ટાન્તોની ઇતિહાસ સાક્ષી પૂરે છે અને તે આજે શાસ્ત્રોના પાને કોતરાયેલા છે.

---

ઉપયોગની અનિત્યતા હોવાના કારણે; પ્રદેશની, લક્ષણની નિત્યતા હોવા છતાં,
જીવ સ્વરૂપનું વેદન નહિ કરતાં અનિત્યતાને વેદે છે.

આ કૃપાસાધ્ય માર્ગ છે, વિહંગમ માર્ગ છે, અક્રમ માર્ગ છે; જેમાં જીવે આંતર મનના સ્તર ઉપર જાગૃત રહેવાનું છે. ઉપયોગમાં એક પણ ખોટો ભાવ ન પેસી જાય તેની સતત કાળજી રાખવાની છે. તે માટે સામાને નિર્દોષ જોવાનો છે. સામી વ્યક્તિ પણ દર અસલ પરમાત્મા છે પણ તેનામાં ખરાબ પરમાણુઓ ઘૂસેલા છે, માટે બિચારો ભૂલ કરી રહ્યો છે. આ જાગૃતિ સતત રહે, તે માટે થઈને કેવલજ્ઞાની પરમાત્મા કે તેની નજીક રહેલ વિશિષ્ટ જ્ઞાની પુરુષના યોગને પામી, તેની કૃપાને ઝીલવાની હોય છે. પોતાના આત્મદ્રવ્યરૂપી ભાજનમાં તેના ઉપદેશને-તેની કૃપાને અહોભાવે ઝીલવાની હોય છે. આ માટે મોટે ભાગે જીવોએ પૂર્વભવમાં પોતાને વિશિષ્ટ જ્ઞાની ગુરુનો કે પરમાત્માનો યોગ થાય, તેમના દ્વારા પોતાનો ઉદ્ધાર થાય; એવી ભાવના હૃદયથી અત્યંત બળવાનપણે કરેલી હોય છે. જેના પરિપાકરૂપે વર્તમાનમાં આવું બનવા પામે છે.

આ કૃપાસાધ્ય માર્ગમાં ઘટના કાંઈક આવી ઘટે છે કે તેઓ અત્યંત વિશુદ્ધિને વરેલા હોવાથી યોગ્ય આત્માઓ તેમના પરિચયમાં આવતાં અત્યંત રોમાંચ અનુભવે છે. આત્મજ્ઞાની પુરુષ પ્રત્યેના વારંવાર અહોભાવપૂર્વકના દર્શનથી તેમજ ઉપદેશશ્રવણથી તેમની સુષુપ્ત ચેતના જાગૃત થાય છે. આત્મજ્ઞાની પુરુષના ઉપયોગનું ફોકસ તેમના મુખારવિંદ પર પડતા, તેમની ચેતના જાગ્રત થયેલી હોવાથી તેમનું આજ્ઞાચક્ર ખૂલે છે. તે આજ્ઞાચક્રના માધ્યમે વિશુદ્ધભાવને સ્પર્શીને નીકળેલી ચેતનવંતી વાણી, તેમના અંતઃસ્તલ સુધી પહોંચે છે. ત્યાં અત્યાર સુધી સુષુપ્ત ભાવે રહેલ અને મૂર્છિતરૂપે રહેલ દેહભાવમાં અહં કરવા ને બદલે સ્વરૂપ અહંકાર-સોહંકાર જાગે છે અને ત્યાં અંતઃસ્તલ સુધી પહોંચેલા આત્મજ્ઞાની પુરુષના વચનથી આ દેહ તે હું નથી. દેહનું નામ અને રૂપ તે મારું નામ

રૂપ નથી, હું તો તેનાથી તદ્દન જુદો ચૈતન્યમય-અરૂપી-ત્રિકાળ શુદ્ધ-ધ્રુવ એવો પરમાત્મા છું; એવો નિશ્ચય નિર્ણય થાય છે. જ્ઞાની પુરુષના વચનના બળે અત્યાર સુધીની, દેહમાં અહં કરવા સ્વરૂપ મિથ્યા માન્યતા-રોંગ બિલીફ નાશ પામે છે અને પોતાના ચૈતન્યમય પરમાત્મસ્વરૂપમાં જ અહં કરવા સ્વરૂપ સમ્યગ્ માન્યતા-રાઈટ બિલીફ-અસ્થિમજ્જા બને છે. આ શ્રદ્ધા અસ્થિમજ્જા બને અને પોતાની ગેરહાજરીમાં પણ તે સમ્યગ્ માન્યતા ટકી રહે તે માટે જ્ઞાની પુરુષ શુદ્ધાત્મતત્ત્વની પુષ્ટિ કારક સૂત્રોનો પ્રઘોષ પણ તેની નાભિમાંથી વારંવાર કરાવે છે તેમજ કેટલીક આજ્ઞાઓનું પ્રદાન પણ કરે છે. જેના પાલનથી જીવ સમ્યગ્દષ્ટિવાળો બને છે અને તેનાથી આગળ જતાં જીવ ગ્રંથિભેદ કરી સમ્યગ્દર્શનાદિ, ઉપર ઉપરના ગુણસ્થાનકોની સ્પર્શના પામે છે.

આ માર્ગ કૃપાસાધ્ય એટલા માટે છે કે તેમાં યોગની છઠ્ઠી દૃષ્ટિ કે સાતમી દૃષ્ટિને પામેલા આત્મજ્ઞાની પુરુષના અંતઃકરણમાં વર્તતી પરમવિશુદ્ધિ, એ જ લાયક જીવને ઉત્થાનનું પ્રબળ કારણ બને છે કે જે અશુભમાંથી શુભમાં આવી, ત્યાં ન રોકાતા તરત જ જીવ શુદ્ધતાને સ્પર્શે છે. એટલે જાણે કે બધું તરત જ થઈ જાય છે. મરુદેવામાતાને પણ ૠષભદેવ પ્રભુના દર્શને તેમજ સમવસરણની ૠદ્ધિના દર્શને-દેવદુંદુભિના શ્રવણે પહેલા ગુણઠાણામાંથી ચૌદમા ગુણઠાણા સુધીની પ્રક્રિયા શીઘ્ર બનવા પામી હતી.

તે જ રીતે સ્વયંવરની રચનામાં યોગ્ય વરને વરતા પહેલાં માંગલિકરૂપે એકહજાર સખીઓ સાથે સુવ્રતા સાધ્વીજીને વંદન કરવા જતાં તેમનો ઉપદેશ સાંભળતા રાજકુંવરી પ્રભંજનાને પણ ત્યાંજ ક્ષપકશ્રેણી મંડાઈ જતાં કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિ ગૃહસ્થવેશમાં જ થઈ હતી.

---

આ બધામાં ઉપાદાન કારણરૂપે જીવની યોગ્યતા અને નિમિત્તકારણની પ્રબળતા એ મુખ્ય કારણ છે પણ આવું કવચિત્ જ બનતું હોય છે. સામાન્યથી મોટાભાગના જીવો મધ્યમ યોગ્યતાવાળા, મધ્યમ પુરુષાર્થવાળા તેમજ મધ્યમ સત્ત્વવાળા અને મધ્યમ પુણ્યવાળા હોય છે એટલે તેઓ પોતાને મળેલા નિમિત્તથી અશુભમાંથી શુભમાં આવી, તેમાંથી ક્રમે કરીને તે ભવે કે ભવાંતરે ૨-૪-૮-૧૦-૧૨ ભવે શુદ્ધિને ક્રમસર વધારતાં વધારતાં દેવ મનુષ્યના ભવો કરી પૃથ્વીચંદ્ર-ગુણસાગરની જેમ મોક્ષે જતાં હોય છે. માટે આવો માર્ગ તે પુરુષાર્થથી સાધિત સાધ્ય માર્ગ છે, જેમાં ક્રમિક વિકાસમાર્ગે આત્મોન્નતિના સોપાનો સર કરવાના હોય છે, જેમાં અંતઃકરણની વિશુદ્ધિ વધારતાં જવાનું હોય છે અને ગુણદૃષ્ટિને વ્યાપક અને તીક્ષ્ણ કરવાની હોય છે, કારણકે ઉપયોગ શીઘ્રતાથી આત્માના શુદ્ધસ્વરૂપને પકડીને આગળ વધી શકવા સમર્થ હોતો નથી. જૈનશાસન નિર્દિષ્ટ આ માર્ગ તે ક્રમિક માર્ગ કહેવાય છે. આ જ માર્ગ એ રાજમાર્ગ છે કારણકે આ માર્ગ પર ચાલીને આગળ વધનારા લાખો-કરોડો અને અબજો હોય છે. આ માર્ગને પિપીલિકા માર્ગ પણ કહેવાય છે કે જેમાં ગોકળગાયની ગતિથી જીવ આગળ વધે છે. જ્યારે પહેલાં બતાવેલ કૃપાસાધ્ય માર્ગ-વિહંગમ માર્ગ-અક્રમમાર્ગ એ રાજમાર્ગ નથી પણ આપવાદિક માર્ગ છે કારણકે તેના ઉપર ચાલીને જ આગળ વધનારા આંગળીના વેઢે ગણી શકાય તેટલા હોય છે. વ્યવહારમાં પણ આવા બે માર્ગો આપણે જોઇ શકીએ છીએ. અનુભવી શકીએ છીએ કે અમદાવાદથી મુંબઈ આવવા પગપાળા વિહાર કરીને જનારને ઘણો સમય લાગે છે અથવા ટ્રેન દ્વારા કે બળદગાડાદ્વારા મુસાફરી કરનારને સારો એવો સમય મુંબઈ પહોંચતા થાય છે જ્યારે પ્લેન કે રોકેટ દ્વારા મુસાફરી કરનાર એકાદ

કલાકમાં મુંબઇ પહોંચી શકે છે. પરંતુ ત્યાં પ્લેનનો માર્ગ શીઘ્રગામી હોવા છતાં રાજમાર્ગ કહેવાતો નથી પણ આપવાદિક જ કહેવાય છે. જ્યારે ટ્રેનનો માર્ગ જ રાજમાર્ગ કહેવાય છે કારણકે તે દ્વારા મુંબઇ પહોંચનારા ઘણા હોય છે.

કૃપાસાધ્ય માર્ગમાં આત્મજ્ઞાની પુરુષની મહત્તા જ વિશેષકારણરૂપ હોવાથી અને તે અપેક્ષાએ જીવનો પુરુષાર્થ અલ્પ હોવાથી જૈનદર્શનમાં અને અન્યદર્શનમાં પણ નિમિત્તકારણરૂપે સદ્ગુરુની મહત્તા આંકવામાં આવી છે. જેમ પારસમણિના સંગે લોઢુ સુવર્ણતાને પામે છે તેમ અતિશય વિશુદ્ધિને વરેલા પરમાત્મા કે સદ્ગુરુના સંગે જીવ સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રધર્મોને પોતાનામાં પ્રગટ કરે છે. ચંડકૌશિક, પ્રદેશીરાજા, ૧૫૦૦ તાપસો આ બધાના દૃષ્ટાંતો અહિંયા ઘટે છે.

આવી જ્યારે અંદરની દિવ્યજ્ઞાનાદિ વિભૂતિઓ ખૂલી જાય છે ત્યારે સાધક પરમાનંદ અનુભવે છે.અને આ વિભુતિઓના ગુણગાન મહાપુરુષોએ મેરૂથી પણ અધિક ગાયા છે. (મહિમા મેરૂ સમાન) કદાચ ધરતીના ધ્રુજવાથી મેરૂ ડગી જાય એમ બને પણ તે દિવ્યવિભૂતિને પામેલા આત્માનું મન ગમે તેવી આપત્તિઓમાં પણ ડગતું નથી માટે તેવી દિવ્યવિભૂતિઓના ખજાનાને પામેલા આત્માઓના મહિમા મેરૂની જેમ અવિચલ હોય છે અર્થાત્ તેઓ જ્યાં જ્યાં જાય છે ત્યાં તે દિવ્યવિભૂતિઓના પ્રભાવે લોકો દ્વારા પુજાય છે. આદર સન્માનને પામે છે.

**મેરૂ ડગેરે એના મન ન ડગેરે, ભલે ભાંગી પડે બ્રહ્માંડ રે** - ગંગાબાઈ મહાસતી

આત્માના જ્ઞાનાદિ ગુણોનું પ્રગટીકરણ એ જ આત્માનો અદ્ભૂત ખજાનો છે. સદ્ગુરુના નેત્રોમાંથી, ચરણોમાંથી તેમજ હાથમાંથી

---

અધ્યાત્મના વિષયમાં ઉધાર નથી અને અધુરું નથી. એમાં તો રોકડું છે.
નગદ ચૂકવવાનું છે અને પૂરેપુરું ચૂકવવાનું છે. અધુરું ચૂકવવાથી અધ્યાત્મક્ષેત્રે કાંઇ પ્રાપ્ત થતું નથી.

શુદ્ધપરમાણુઓનો પુંજ વહેતો હોય છે. તેમની ચેતના અતિશય વિશુદ્ધતાને પામેલ હોવાથી તેમના શરીરમાંથી કે વાણીમાંથી શુદ્ધચેતનભાવને સ્પર્શીને નીકળતા પરમાણુઓ પણ દિવ્યપ્રભાવવાળા હોય છે, જેના પ્રભાવે કેઇ આત્માઓના રોગ-શોક-દુઃખ-દારિદ્ર-દૌર્ભાગ્ય નાશ પામે છે, તો કેઈ આત્માઓ સમ્યગ્દર્શનાદિ ધર્મોને પામી મોક્ષે સિધાવે છે, તો કોઈ એકાવતારી બને છે. આ કારણથી જૈનશાસનમાં તેમજ અન્યદર્શનમાં પણ આત્મજ્ઞાની સદ્ગુરુઓનું સ્થાન અદકેરું છે. તે તે કાળમાં વર્તમાનરૂપે પ્રાપ્ત થયેલા આત્મજ્ઞાની-મહાજ્ઞાની-પરમજ્ઞાની પરમ પુરુષના મુખેથી અહોભાવે વાણીનું શ્રવણ-તેમજ અત્યંત બહુમાનપૂર્વક તેમના ચરણનો સ્પર્શ એ આપણા અહંકારને ઓગાળવાનું સોલ્વન્ટ છે-દ્રાવણ છે. આ ક્રિયાથી અનેક આત્માઓ તર્યા છે અને તરશે.

**પ્રત્યક્ષ સદ્ગુરુસમ નહિ, પરોક્ષ જિન ઉપકાર**
**એ નિશ્ચય આવ્યા વિના, ઉગે ન આત્મ વિચાર**
**પ્રત્યક્ષ સદ્ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર**
**ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર**

**ચૈતન્યપદ દર્શક ગુરુ તો અતિઅતિ દુર્લભ મહા,**
**ચિંતામણિ સમ જ્ઞાન સમ્યગ્ પામવું દુર્ઘટ અહા,**
**જો સ્વરૂપ શુદ્ધ જણાય તો તે શ્રેષ્ઠ સમ્યગ્જ્ઞાન છે.**
**જે કર્મરજ હરતો નિરંતર જ્ઞાન વાયુ ધ્યાન તો છે.**

અન્ય દર્શનમાં પણ લખે છે કે -

યા તન વિષ કી વેલડી, ગુરૂ અમૃતકી ખાણ;
સીસ કટાયે ગુરૂ જો મીલે, તો ભી સસ્તા જાન. - કબીરજી

---

## ध्यान मूलं गुरोर्मूर्ति, मोक्षमूलं गुरोः कृपा

મહાભારતના પ્રસંગમાં અર્જુન જેવા આત્માને પોતાના સારથિ તરીકે નિઃશસ્ત્ર એવા પણ જ્ઞાનાવતાર, ક્ષાયિક સમકિતીના ધણી, યોગની છઠ્ઠી કાન્તાદૃષ્ટિ સુધી પહોંચેલા શ્રીકૃષ્ણ મળ્યા, તો તેમણે કર્તવ્યનું ભાન ભૂલી હતાશ અને નિરાશ થયેલા અને કાયર બની સંન્યાસમાર્ગને સ્વીકારવા તૈયાર થયેલા, કર્તવ્યભ્રષ્ટ થયેલી ચેતનાવાળા અર્જુનને કર્તવ્યનો ખ્યાલ આપી જગાડ્યો; તેના કર્તવ્યનું ભાન કરાવ્યું કે હે અર્જુન ! તું ક્ષત્રિય છે, તારું કર્તવ્ય હાલના તબક્કે સંન્યાસ નહિ પણ આતતાયી બનેલા દુષ્ટ કૌરવોના અન્યાયી અને અમાનુષી વર્તનથી પીડાતી પ્રજાને ઉગારી તેમનું રક્ષણ કરવાનુ છે. શ્રીકૃષ્ણ અર્જુનને એમ નથી કહેતાં કે "તું યુદ્ધ કર!" પણ એમ કહે છે કે "તું કર્તવ્યનું પાલન કર!" **કર્તવ્યનું પાલન કરનાર ક્યારે પણ અશુભકર્મોથી પોતાની જાતને બાંધતો નથી તેમજ ક્યારે પણ દુર્ગતિમાં જતો નથી. દુષ્ટોનાં અન્યાયી વર્તનથી પીડાતી પ્રજાને બચાવવી એ ક્ષત્રિયનો પરમધર્મ છે. એ ધર્મને ચૂકીને સંન્યાસ સ્વીકાર કરવાની વાત કરતા અર્જુનને, શ્રીકૃષ્ણ તેમ કરવાની ના કહે છે અને કર્તવ્ય પાલન પર જ ભાર મૂકે છે; આ તેમનામાં રહેલ મહાવિવેક છે. કર્તવ્ય પાલનની સામે તેને ગૌણ કરીને બીજો કોઇ પણ ધર્મ તે વખતે મહાન બની શકે નહિ.** શ્રીકૃષ્ણના કરૂણાપુત હૃદયમાંથી નીકળેલા વિવેકયુક્ત વચનોને સાંભળતા, અર્જુન પાત્ર હોવાથી તેનો મોહ નાશ પામે છે, તેને કર્તવ્યનો ખ્યાલ આવે છે. શ્રીકૃષ્ણના પ્રભાવે અર્જુન યુદ્ધની ભૂમિપર સમ્યગ્દર્શનને પામે છે. મહાભારતના રચયિતા વ્યાસઋષિ તે પ્રસંગને આ રીતે ઉપસાવે છે કે –

---

મિથ્યાત્વ, અવિરતિ અને કષાયથી કર્મબંધ નહિ કરવો, તે નિશ્ચયથી પંચ મહાવ્રત છે.
સ્વરૂપ ન હણાય તેની, તે શ્રેષ્ઠ સાધના છે.

### नष्टो मोहो स्मृतिर्लब्धा, करिष्ये वचनं त्तव...

સમ્યગ્ દર્શન પામવાથી અર્જુન યોગી કહેવાયો અને તેને સમ્યગ્ દર્શન પમાડનાર શ્રીકૃષ્ણ યોગેશ્વર કહેવાયા.

માનવદેહની આકૃતિ પણ ચૌદ રાજલોક પ્રમાણ છે. તેથી આ દેહની કિંમત રત્નચિંતામણિથી પણ અધિક છે. જ્ઞાની કહે છે કે હે ચેતન! તારા દેહની અંદર તારા જ ભગવાન બિરાજ્યા છે, તેનો પ્રકાશ સૂર્યચંદ્રથી પણ અધિક છે, કર્મના પડલોથી તે અવરાયા છે, તેથી તને તારા પરમાત્મ સ્વરૂપના દર્શન થતા નથી. જેમ બાહ્ય જગતનું દર્શન ચક્ષુ દ્વારા થાય છે તેમ માનવ દેહની અંદર આખું વિશ્વ પથરાયેલું પડ્યું છે; તેને જ્ઞાનીઓએ આંતર જગત તરીકે ઓળખાવ્યું છે. જેમ બહારનું જગત અજાયબીથી ભર્યું છે તેમ આંતર વિશ્વ પણ તેનાથી અધિકતમ અજાયબીથી ભર્યું છે.તે અજાયબીઓની વચ્ચે તારા પરમાત્મા અંદરમાં બિરાજ્યા છે. તેની શોધમાં બહારના ચક્ષુ બીનઉપયોગી છે. આંતર શોધમાં ઉપયોગી થાય તેવા આંતરનયનને ત્રીજું લોચન કહી ઓળખાવ્યું છે. તેનું સ્થાન મસ્તકના મધ્યભાગે જ્યાં તિલક કરીએ છીએ તે ભાગમાં ખોપરીની અંદરમાં એક ઈંચ ઊંડાણમાં છે, જ્યાં તે બીડાયેલી અવસ્થામાં રહેલ છે. તેનું કાર્ય ભીતરમાં નિરીક્ષણ કરવાનું છે. કર્મ અને ધર્મ એમ બે પાસા પણ માનવદેહની રચનામાં કાર્ય કરી રહ્યા છે. હાલ તો આત્મા દિવસરાત કર્મ કાર્યમાંજ છે. ધર્મ જેવી વસ્તુ જ તેને હૈયે બેઠી નથી. અંદરના લોચનને ખૂલવા માટે ધર્મરૂપ શુદ્ધજલનું સિંચન જોઈએ જે આજ સુધી જીવને મળ્યું નથી, તેથી તે બીડાયેલી અવસ્થામાં જ પડ્યું છે.

આજ વાતનું સમર્થન કરતાં આત્મજ્ઞાની-આત્મદર્શી મહાપુરુષ લખે છે કે –

**વહ સત્ય સુધા દરસાવહિંગે, ચતુરાંગુલ હે દગસે મિલહે**
**રસદેવ નિરંજન કો પિવહી, ગહિ જોગ જુગોજુગ સો જીવહી...**

**પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસે**
**વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભવ બતલાઈ દિયે...**

કોઇ ભવ્યાત્માના ભાગ્ય જોર કરતા હોય, પોતાની તે પ્રકારની પાત્રતા પ્રગટી ચૂકી હોય અને તેવા જ સદ્‌ગુરુ ભેટી જાય તો તેનું પ્રવચન શ્રવણ કરવાની-સાથે સાથે આંતરધ્યાનમાં સાધના અભ્યાસ ચાલુ રાખવાથી તે ત્રીજું લોચન-આંતરનયન-હૃદયનયન ખૂલી જાય છે. તે આંખ પોતે પ્રકાશક છે અને આંતર શોધક આત્મા જ્યારે આંતર નિરીક્ષણ, તે આંખ દ્વારા કરે છે, ત્યારે તેમાં આત્મજ્ઞાનનો પ્રકાશ ભળવાથી તે આંખમાંથી સર્ચલાઇટ જેવો પ્રકાશ અંદરમાં પ્રસરે છે. તે પ્રકાશના આધારે આત્મા આંતર શોધમાં પોતાની પુરુષાર્થ શક્તિને કામે લગાડે છે. તે વખતે ઘણી અનુભૂતિઓ થાય છે: તે પ્રકૃતિકૃત હોવાથી એમાં સિદ્ધિ માને તો પતન થવાનું વિશેષ કારણ રહે પણ તે અનુભૂતિઓને મહત્વ ન આપતા અંદરમાં માર્ગ શોધવાનું ચાલુ રાખે તો જરૂર સમ્યગ્‌દર્શનાદિ ધર્મો પ્રગટ થાય.

**તે માટે નિશ્ચયદષ્ટિને હૃદયમાં સ્થાન આપીને શ્રદ્ધા, આદર, બહુમાનપૂર્વક દાન-શીલ-તપ-સામાયિક-પ્રતિક્રમણ-પુજા પ્રભાવનાદિ કાર્યો કરવા જોઈએ કે જેનાથી વિશુદ્ધ પુણ્યનો બંધ થવા પૂર્વક એક પ્રકારની પાત્રતા પ્રગટે છે.**

આંતરચક્ષુથી નિરીક્ષણકાર્ય પૂરૂં થયા પછી તે ચક્ષુ બીન ઉપયોગી થવાથી તેનુ કાર્ય અહીં પૂરું થાય છે. પછી પ્રકાશનો નાશ થાય છે અને

---

ભીતરમાં પાછો અંધકાર છવાઇ જાય છે. અહિંયા શૂન્યતા સિવાય કશું દેખાતું નથી. અહીંથી સાધકને કપરા ચઢાણ પર જવાનું હોવાથી ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે કારણકે હવે શૂન્યમાંથી સર્જન કરવાનું છે. અહિંયા ઢીલાશને સ્થાન ન આપતા શુરવીર થઈને આંતર ખોજ ચાલુ રાખવાની છે.

**હિંમતવાનને ઇશ્વરની ગુપ્ત મદદ મળ્યા કરે છે. અહીં હૃદયનયન ખૂલે છે, તેં દ્વારા હૃદયમંદિરમાં પ્રતિષ્ઠિત થયેલા પરમાત્માના દર્શન થાય છે, ભાવ ચક્ષુ પ્રાપ્ત થાય છે, જેનો પ્રકાશ ફેલાતા ઘણાં પ્રકારની દિવ્યતાથી ભરેલી અનુભૂતિઓ થાય છે. પોતાની આત્મજ્યોતિના દર્શન અહીંથી શરૂ થાય છે. કર્મનો પડદો અને ભગવાન આત્મા વચ્ચે અંધકારમય ગુફા આવેલી છે. તેની પેલે પાર ભગવાન આત્માનો પ્રકાશ ઝળહળી રહ્યો છે. સાધનાના બળે સાધકના કર્મના જથ્થા અદીઠ આંતરતપરૂપ અગ્નિમાં બળીબળીને ભસ્મીભૂત થાય છે. જ્ઞાનના પ્રકાશમાં સાધક આ કર્મ નિર્જરાને સાક્ષાત્ જાણી અને દેખી શકે છે. આત્મામાં અનંતશક્તિ ભરેલી છે, તેનો ખ્યાલ તે વખતે સાધકને આવે છે.**

આવી રીતે આત્મદર્શન કરનારનો મહિમા મેરૂ પર્વત જેટલો થાય છે કેમકે પુદ્ગલથી ભિન્ન જાણી પોતાના સ્વરૂપમાં જ ઉપયોગની એકનિષ્ઠા થતાં સમ્યગ્દર્શનાદિ પ્રગટે છે અને અંતે ભવનો અંત થાય છે; તેથી તેનો મહિમા મેરૂ સમાન કહ્યો છે. માટે હે ભવ્યો! તમે તેને જ પામવામાં ઉદ્યમશીલ બનો !

**પ્રભુ મહાવીરના હૃદયકમળમાં અને દાદા ઋષભદેવના હૃદયમાં જે પરમાત્મ તત્ત્વ પ્રગટ થયું હતું એ જ પરમતત્ત્વ આપણા સૌના**

---

સ્વરૂપાકાર વૃત્તિ એ નિશ્ચયથી ચારિત્ર છે જ્યારે વૃત્તિનો લય એ તપ છે.

હૃદયમાં રહેલું છે; એવું હૃદય એ આપણા જીવનના ચઢાણો દ્વારા પામવાનું ગુરુ શિખર છે. જે હૃદયમાં પરમાત્મા પ્રગટ થયા છે, એવા હૃદય સાથે આપણે અનુસંધાન પામવાનું છે અને તે હૃદય દ્વારા પામવાનું છે. આ કર્મ મન-બુદ્ધિ-ચિત્ત કે અહંકારથી પામી શકાતું નથી. પરંતુ આપણી પાસે જે હૃદય છે, એ હૃદયના સર્વભાવ પ્રગટ આત્મતત્ત્વવાળા વિદ્યમાન જ્ઞાનીપુરુષના હૃદય સાથે જોડવાના છે. તે માટે તે જ્ઞાની પુરુષના ચરણમાં અહોભાવે નમવા દ્વારા મન-બુદ્ધિ-ચિત્ત-અહંકારનું સમર્પણ કરવાનું હોય છે. અર્થાત્ અંતઃકરણથી સમર્પિત થઇ જવાનું છે.

અહંકાર પોતે જ સ્વરૂપના અજ્ઞાનથી બંધાયેલો છે, વળી પોતે બંધાયેલો છે, એવી પણ એને ખબર નથી; એથી જે બંધાયેલો છે તે પોતાને કેવી રીતે છોડાવી શકે? કોઇ એક ખંડમાં બધાજ બંધાયેલા જીવો હોય, પોતાની જ ભીંસથી પોતે અકળાતા હોય, તે બીજાને કેવી રીતે છોડાવી શકે? આપણે ત્યાંના અનેક ઉપદેશકો, વિદ્વાનો, પ્રચારકો, કથાકારો બંધાયેલા જીવોને સાંત્વન આપી શકે પણ છોડાવી શકે નહિ કેમકે તેઓ પોતે જ બંધાયેલા છે.

હવે આવા ખંડમાં બે હાથ હલાવતો, કોઈ મુક્ત વિહાર કરતો દેખાય તો આપણને આશ્ચર્ય થાય. એનો પ્રેમ-એની કરૂણા આપણને પ્રેરણા આપે અને આપણે જો એને પ્રેમભાવે કહીએ કે "મને આપના જેવું મુક્તત્વ આપોને !"

એટલે એ આપણા બંધનના મૂળમાં રહેલી કારણગાંઠ પર કાપો મૂકી દે. ધીમે ધીમે આપણા ધ્યેયલક્ષી અને ભાવનાત્મક પુરુષાર્થથી આપણા બંધન શિથિલ થતાં અનુભવીએ. આવું કોના દ્વારા થઈ શકે?

---

જે કદિ પર હોય નહિ અને અનંતકાળે પણ જે કદિ પર બને નહિ તેને 'સ્વ' કહેવાય.

**તો કહે છે કે એ મહાવીર ભગવાન હોય, ઋષભદેવ ભગવાન હોય કે વર્તમાનમાં સમ્યગ્ દર્શનાદિ દ્વારા આંશિક મુક્તતાને વરેલા હોય તેવા મુક્તવિહારીઓ સાથે આપણું હૃદય જોડાયેલું રહે એ જ આપણો મોટો પુરુષાર્થ છે.**

**આવા મુક્તાત્મા પાસેથી જ આપણને મુક્તિ મળી શકે માટે આપણા જીવનના ધ્યેયને પામવા આપણે સૌથી પહેલાં આવા ભોમિયાને શોધવા જોઈએ. અધ્યાત્મના માર્ગમાં શોધ એ બહુ મહત્વની વસ્તુ છે. જે માર્ગે ડગ માંડવા છે, આગળ વધવું છે તે માર્ગે અહંકારને સાથે રાખીને યાત્રા નહીં કરાય.**

**દોડત દોડત દોડત દોડિયો, જેતી મનનીરે દોડ જિનેશ્વર**
**પ્રેમ પ્રતીત વિચારો ઢૂકડી, ગુરુગમ લેજો રે જોડ જિનેશ્વર.. ૪**

**અર્થ :** દોડતાં દોડતાં હું એટલું દોડ્યો છું કે જેટલી મનની દોડ થઈ શકી અર્થાત્ જ્યાં સુધી પવન વેગી મન દોડે ત્યાં સુધી હું દોડી ચૂક્યો છું. પણ પ્રેમ સ્વરૂપ-વીતરાગ સ્વરૂપ પરમાત્માની પ્રતીતિ-ખાત્રી તો ઢુંકડી અર્થાત્ નજીક જ છે એમ તમે વિચારો અને ગુરુસમીપે રહેવાથી માલમ પડતું તત્ત્વ તમે મેળવી લેજો.

**વિવેચન :** યોગીરાજ કહે છે કે આ આત્માએ અનંતકાળથી દોડ-દોડ-દોડ કર્યું છે પણ કયા હેતુથી તે દોડે છે તેનો વિચાર સુધ્ધાં તેણે કર્યો નથી. અવિવેકી થઈને અભાનતામાં આવીને મન જ્યાં લઇ ગયું ત્યાં તે ગયો. સંસારમાં અર્થ-કામ માટે પણ પાર વિનાની દોડાદોડ કરી તો વળી કોઇક ભવમાં ધર્મના અર્થે પણ ઘણું દોડ્યો. વ્યવહારથી ધર્મ માની બધા અનુષ્ઠાનો આરાધ્યા. પ્રભુ દર્શન, પૂજા, તીર્થયાત્રા, ગુરુની સેવા, દાનાદિ કાર્યો બધા જડ બનીને કર્યા. જો આત્માના હિતને માટે સ્વરૂપ

લક્ષ્યે કર્યા હોત તો ધર્મ ઉગ્યા વિના અને પાંગર્યા વિના રહેત જ નહિ અને તેમ થયું હોત તો જરૂર અમૃતપાનનો રસાસ્વાદ થાત.

આત્માએ પોતાની ભીતરમાં રહેલ ટંકોત્કીર્ણ પ્રેમ સ્વરૂપ પરમાત્માની ખાત્રી કરી, તેને પ્રગટ કરવાના હેતુથી ક્યારે પણ ધર્મ કર્યો નથી, તેમજ દેવ-ગુરુએ બતાવેલ માર્ગ ઉપર દૃઢ વિશ્વાસ રાખી ધર્મ આદર્યો નથી. દરેક બાબતમાં પોતાના ડહાપણનો ડોયો ડહોળ્યો છે. ડખો-ડખલ કરી છે કારણકે એના જ ભગવાન સાથે એનો પ્રેમનો નાતો તૂટી ગયો છે, જે વિચાર કરવાથી સમજાય તેમ છે. **પ્રભુ સાથે - પોતાની ભીતરમાં રહેલ પરમાત્મા સાથે પ્રેમનો સંબંધ હોય તો ક્યારે પણ અનંત સંસારનું પરિભ્રમણ રહે નહિ. સર્વથા એકલી બુદ્ધિથી જીવવામાં સ્વ અને પર એટલેકે આપણે અને આપણા પરિચયમાં આવતી વ્યક્તિ બન્ને વિરાધક બને છે.** બન્નેના ભાવપ્રાણ બગડે છે. જ્યારે હૃદયથી જીવવામાં સ્વ અને પર બન્ને આરાધક બને છે. અનંતભવ ચક્ર ભ્રમણનું કારણ એકજ છે કે જીવ બુદ્ધિથીજ જીવ્યો છે. એને પરમાત્મા સાથેનો નાતો ક્યારે પણ જોડ્યો જ નથી. બુદ્ધિથી તો વસ્તુ તત્ત્વને માત્ર જાણવાનું છે પછી ઉપયોગ હૃદયનો કરવાનો છે. હૃદયનો ઉપયોગ કરવાથી અંતઃકરણ સુધરે છે. **અંતઃકરણનો સુધારો એ ધર્મ છે પણ સુધરેલા અંતઃકરણને પોતાનું માનવાનું નથી પણ તેના દૃષ્ટા બનવાનું છે.**

**અંતઃકરણ દૃશ્ય છે, જ્ઞેય છે જ્યારે આત્મા સ્વરૂપે જ્ઞાતા-દૃષ્ટા પરમાત્મા છે. બન્ને વચ્ચે જ્ઞેય-જ્ઞાતા સંબંધ સ્થાપિત થવો જોઈએ. સંસારની પ્રવૃત્તિ તો ચાલવાની જ છે પણ પ્રભુ સાથે નાતો જોડવાનો લાભ એ થશે કે સંયોગોનો સમભાવે નિકાલ થશે અને તેથી ભીતરના ભગવાન નિરાવરણ થતાં જશે.**

---

બહિરાત્મા માટે જેટલાં મોક્ષના લક્ષ્યવાળા અંતરાત્માઓ છે,
તે સર્વ ગુરૂ છે અને જેટલાં પરમાત્મા છે તેટલાં દેવ છે.

જે વસ્તુની પ્રાપ્તિ અર્થે તેં દોડાદોડ કરી છે, તે વસ્તુ તારાથી દૂર નથી પણ ઢુંકડી અર્થાત્ નજીક જ છે. ઉપનિષદ પણ એને તદ્ દૂરે તદ્ સમીપે કહીને ઓળખાવે છે. તું પોતે જ પ્રેમ સ્વરૂપ છું. પ્રેમ તારો સ્વભાવ છે પણ હે ચેતન ! મિથ્યાત્વ સાથે, રાગ સાથે તારો સંબંધ હોય તો તે તારાથી શક્ય નથી કારણ તારામાં સ્વચ્છંદ પેસી ગયો છે. માટે યોગીરાજ કહે છે કે **(ગુરુગમ લેજો જોડ)** તારી શક્તિથી બહાર નીકળી ચૂકેલ વાતનો સાંધો ગુરુ જ આપી શકે તેમ છે. માટે સદ્ગુરુ સાથે ગમ એટલે સમાગમ, તેમની સેવા, તેમની સાથેનો સત્સંગ; આટલા જોગ મળે તો તારા તૂટેલા પ્રેમનું સંધાન, જાણકાર જ્ઞાની ગુરુદ્વારા ગુરની ગમથી-ગુરુના માર્ગદર્શનથી થઇ શકે તેમ છે.

હે જીવ! હે ચેતન! તારી દોડ ગમે તેટલી હશે. તારી મનની શક્તિ ગમે તેટલી હોય, રેસના ઘોડા જેવી તારી દોડ હોય પણ જો ગુરુ સમાગમ અને જ્ઞાનીગુરુની સેવા-સત્સંગ નહિ કરે તો તને તારો આત્મા, પરમાત્મ સ્વરૂપે મળશે નહિ. અત્યાર સુધીમાં જેને જેને આત્મા મળ્યો છે તેણે ગુરુસેવાના આ રાજમાર્ગ પર ચાલીને જ મેળવ્યો છે માટે તારા મનની દોડ સાથે ગુરુગમ એટલે કે સંત સમાગમ જોડ, જેથી તારી દોડ સાર્થક થાય. યોગીરાજ કહે છે હે જીવ ! ગુરુની ગમ - જાણ પ્રમાણેની તારી જાણ બનાવ અને તે માટે ગુરુના ગમાને તારો ગમો બનાવી તું ગુરુને ગમતો થા એટલે કે ગુરુકૃપા પ્રાપ્ત કર !

**જે આપણા આત્મામાં શ્રદ્ધાનું બીજ રોપે છે અને તેને પોષે છે તે ગુરુ છે. ગુરુ તત્ત્વને તો સર્વ સંપ્રદાય સ્વીકારે છે પણ તેના વિશિષ્ટ ગુણલક્ષણથી ઓળખી તેનો સ્વીકાર કરવો એ વિવેક છે-જાગૃતિ છે-તરવાનો ઉપાય છે.**

---

સંતોષી જીવ સદા સુખી. સંતોષ એ કલ્પવૃક્ષ છે. સંતોષી જીવને પ્રાપ્તમાં તૃપ્તિ છે અને અપ્રાપ્ત (અભાવ)નું દુઃખ નથી.

જેના અહં-મમ ગળી ગયા છે તે ગુરુ છે.

જે ત્રિકાળ તત્ત્વ છે તેમાં અહં હોય નહિ અને જે દેશ તત્ત્વ છે જે દેશ, કાળથી ખંડિત તત્ત્વ છે, તેમાં અહં કરાય નહિ.

**વસ્તુ પોતાના ઓશીકે છે અને હિમાલયમાં શોધવા નીકળ્યો છે. કસ્તુરીયા મૃગ જેવી જીવની સ્થિતિ છે. હિમાલયમાં શોધવા નીકળ્યો છે પણ દેહાલયમાં શોધતો નથી. આત્મા દેહાલયમાં છે એ પણ વ્યવહારનું કથન છે. ખરી રીતે તત્ત્વદષ્ટિથી જોઇએ તો આત્મા આત્મામાં જ છે. સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાળ અને સ્વ-ભાવની અપેક્ષાએ આત્મા અસ્તિ છે. પર દ્રવ્ય, પર ક્ષેત્ર, પર કાળ અને પર ભાવની અપેક્ષાએ આત્મા નાસ્તિ છે. માટે સ્વમાં જ સ્વની ખોજ જગાવવાની છે. પરમાં ક્યાંય સ્વના દર્શન થવાના નથી. પોતાનું પોતાનામાં હોય તે બહાર ફાંફા મારવાથી કેમ મળે? ડોશીમાની સોય ઘરમાં-અંધારામાં ખોવાઇ ગઇ છે અને તેને ઘરની બહાર શેરીની બત્તીના અજવાળામાં શોધવાની મૂર્ખાઇ જેવી મૂર્ખાઈ આપણે કરી રહ્યા છીએ. જ્ઞાનનું અજવાળું આત્મામાં લઇ જઈએ અને ત્યાં શોધીએ તો ત્યાંથી મળે.**

**આત્મા એ સ્વદ્રવ્ય છે. તેના અસંખ્ય પ્રદેશો એ સ્વક્ષેત્ર છે. વર્તમાન એક સમય તે સ્વકાળ છે અને વીતરાગતાની સ્પર્શના એ સ્વભાવ છે. તેની અપેક્ષાએ શરીર-ઈન્દ્રિયો એ પર દ્રવ્ય છે. તે શરીરના પુદ્ગલો જે આકાશ પ્રદેશમાં રહેલાં છે, તે પર ક્ષેત્ર છે, વર્તમાન સમયને છોડીને બાકીનો બધો કાલ એ પરકાળ છે અને શુભાશુભભાવો એ પરભાવ છે.**

---

અધ્યાત્મમાં એક સમયની, એક પરમાણુની જેમ કિંમત છે,
*તેમ એક ભાવની, એક સદ્વિકલ્પની, એક સંકલ્પની પણ કિંમત છે.*

**જેહ ભૂપ આતમ સહજ સંપતિ શક્તિ વ્યક્તિપણે કરી**
**સ્વદ્રવ્ય-ક્ષેત્ર સ્વકાળ-ભાવે ગુણ અનંતા આદરી**
**સુસ્વભાવ ગુણ પર્યાય પરિણતિ, સિદ્ધસાધન પરભણી**
**મુનિરાજ માનસ હંસ સમવડ, નમો સિદ્ધ મહાગુણી**

– દેવચંદ્રજી મહારાજનો ઉલાળો

**એક પખી કિમ પ્રીતિ પરવડે, ઉભય મળ્યા હોય સંધિ જિનેશ્વર**
**હું રાગી હું મોહે ફદીયો, તું નિરાગી નિરબંધ જિનેશ્વર.. ૫**

**અર્થ :** એક પક્ષથી કરવામાં આવતી પ્રીતિ એ કેમ પોસાય ? કેમ પરવડે? કેમકે ઉભય અર્થાત્ બંને પાત્રો મળે ત્યારે જ સંધિ એટલેકે મેળાપ થાય છે. હું રાગી છું. મોહના ફંદામાં ફસાયેલો છું અને તમે તો નિરાગી-રાગરહિત-વીતરાગ તથા નિરબંધ-બંધ રહિત છો !

**વિવેચન :** એક પક્ષીય પ્રીતિ કેવી રીતે થઈ શકે? અને થાય તો ટકે કેમ? કારણ બન્ને પક્ષ મળવાથી જ જોડાણ થાય છે. એક પક્ષ પ્રીતિ કરવા ઈચ્છતો હોય અને અન્ય પક્ષ ન ઈચ્છતો હોય તો પ્રીતિ કેમ થાય ? પ્રીતિ તો બન્નેનો મેળ મળે તો જ થાય. તેમજ ગુણ-દોષની દૃષ્ટિએ બન્ને સરખા હોય તો પ્રીતિનો મેળ બરાબર જામે. હે પ્રભો! હું સંસારી – હું રાગી-મોહમાં ફસાયેલો અને આપ વીતરાગી આપની સાથે મારો મેળ કેમ જામે?

અહિંયા કહેવાનો આશય એ છે કે હે પ્રભો! આપ તો વીતરાગી હોવાના કારણે મારા જેવા રાગી સાથે ત્રણ કાળમાં ય જોડાવાના નથી પણ મારે જ મારી રાગદશા દૂર કરીને આપની સાથે જોડાણ કરવાનું છે. આપની સાથે અંતર્મુખ બનીને મેં મારી ચેતનાને ન જોડી તેના કારણે

બહિર્મુખ બનીને અનંતા જન્મ-મરણના ત્રાસ અનુભવ્યા છે. મેં મારું જીવન સતત ભયમાં જ પસાર કર્યું છે.

જાણે આપની મુખમુદ્રા અને આપનો ઉપદેશ, આપનું સાધનામય જીવન મને કહી રહ્યું છે કે તું તારી બહિરાત્મદશાનો ત્યાગ કર અને અંદરમાં વળ તો તારું પરમાત્મા સાથેનું સંધાન દૂર નથી.

ઉષા પણ ખીલે છે અને સંધ્યા પણ ખીલે છે. એકની પાછળ ઉદય અને એકની પાછળ અસ્ત. સવારે ઉષા ખીલે છે અને સાંજે સંધ્યા ખીલે છે. બંને વખતે આકાશ રંગબેરંગી થઈ જાય છે. તેમ દેવ-ગુરુ સાથે કરેલ જોડાણ ઉષાના રંગ જેવો છે જ્યારે સંસારમાં દેહ-પત્ની-પરિવાર સાથે કરેલ જોડાણ એ સંધ્યાના રંગ જેવો છે. ઉષાના રંગ પાછળ દિવસનો ઉદય છે જ્યારે સંધ્યાના રંગ પાછળ દિવસનો અસ્ત છે. ગૌતમ સ્વામીએ પ્રભુ સાથે સંબંધ જોડ્યો તો કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા. જ્યારે મમ્મણે પરિગ્રહ સાથે સંબંધ જોડ્યો તો મરીને સાતમી નરકે ગયો. સુભમ, બ્રહ્મદત્ત, ધવલ શેઠ બધા નરકગામી બન્યા. દૂર્યોધનના પણ એ જ હાલ થયા. આપણો સંબંધ, કોની સાથે જોડવો તે માટે આપણે સ્વતંત્ર છીએ. તેનો નિર્ણય વિવેકદષ્ટિ વાપરી આપણે જાતે જ કરવાનો છે. કર્મ કંઇ આપણને નરકે નથી લઇ જતા પણ આપણો અવિવેક, અવળી મતિ અને તેના દ્વારા કરાયેલ દુષ્ટ કાર્યોજ આપણને દુર્ગતિમાં લઇ જાય છે. **સાધુને આગ્રહ જેવો કોઈ ગ્રહ નથી. જ્યારે ગૃહસ્થને પરિગ્રહ જેવો કોઇ ગ્રહ નથી. સાધુને પ્રસિદ્ધિનો આગ્રહ છે જ્યારે ગૃહસ્થને પરિગ્રહનો આગ્રહ છે.**

અધ્યાત્મ દૃષ્ટિ એક જ વાત સમજાવે છે કે તું ક્યારે પણ તારા વિકાસમાં કે પતનમાં, નિમિત્તનો દોષ જોઇશ નહિ. **નિમિત્તને દોષિત જોવાની દષ્ટિ અનાદિની છે, તે ટાળવાની છે અને પોતાના ઉપાદાનનો**

---

ધર્મનું મૂળ શું ? ''હું આત્મા પરમાત્મ સ્વરૂપ છું'', એ દષ્ટિ એજ ધર્મનું મૂળ છે.
અધર્મનું મૂળ શું ? ''હું દેહ છું'' જે અપરમ અવસ્થા છે, એ જ અધર્મનું મૂળ છે.

**જ દોષ જોતાં શીખવાનું છે. નિમિત્તો આપણા ઉપર બળાત્કાર નથી કરતા કે તારે આમ કરવું જ પડશે પણ નિમિત્તની અસર નીચે આવીને જીવ પોતે જ દોષને સેવે છે.** રાગથી અનંતીવાર માર ખાધો હોવા છતાં હજુ જીવ રાગ છોડવા તૈયાર નથી. હવે જો જીવને તત્ત્વમાર્ગ સમજાયો હોય તો તેને દઢપણે અંદર સ્થાપન કરવા જેવું છે કે આ વિશ્વના કોઈપણ જડ-ચેતન સાથે મમત્વભાવે જોડાવું તે સુખનો નહિ પણ દુઃખનો જ માર્ગ છે.

આ વિષયમાં આત્મારામજી મહારાજ સ્તવનમાં લખે છે કે -

**પ્રીતિ અનાદિની વિષ ભરી, મેં કીની હો પરપુદગલ સંગ**
**જગત ભમ્યો તિણે પ્રીતશું, સ્વાંગધારી હો નાચ્યો નવનવારંગ.**

દેવચંદ્રજી મહારાજ પણ લેખે છે કે -

**પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહકે**
**પરમપુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણગેહ.**

હે આત્મન્ ! તારા આત્માની જ આસપાસ તારી શાંતિ અને આનંદમય પરિણતિ ફર્યા કરે છે. આત્માના ચૈતન્યચક્રની બહાર તે નીકળતી નથી. ફરતી ફરતી અંદરમાં જ જઈને તે આત્મસાત્ થઇ જાય પછી મુમુક્ષુને સર્વત્ર આનંદ ને શાંતિ જ મળે છે અને તે પરિણતિ પછી બહાર ક્યાંય ઘૂમતી નથી. સ્વરૂપના લક્ષ્યે જિનવાણીનો સ્વાધ્યાય કરતાં તેમાંથી આપણને એવા ચૈતન્ય રત્નો મળે છે કે જે કુબેરના ભંડારમાંથી પણ ન મળે. હે ચેતન ! તું હંસ છો !... તું હંસ છો !.. તું કાગડો નથી ! કાગડો અશુચિ ખાય, વિષ્ટાને ચૂંથે. હંસ તો મીઠું દૂધ પીએ અને મોતીનો ચારો ચરે. તેમ તને આ સ્ત્રીનો દેહ કે જે વિષ્ટાની ઢગલી છે, અશુચિનો કોથળો છે, તેને ચૂંથવાનુ ન હોય. તારે તો ચૈતન્ય સ્વરૂપમાં જ રમવાનું હોય !

---

દ્રવ્યાનુયોગના પાંચ અસ્તિકાયની બહાર વિશ્વમાં કોઈ પદાર્થ નથી અને
જૈન દર્શનની બહાર કોઈ તત્ત્વ નથી.

તું જીવ છો! જડ નથી! અજીવ નથી! અજીવ હોય, તે વિકાર સાથે સંબંધ રાખે; જ્યારે જીવ તો ચૈતન્યનો જ રસાસ્વાદ લે! તું ચૈતન્ય ચક્રવર્તી છું! તારા દરબારમાં અનંતાનંત ગુણરત્નો રહેલાં છે; જેમાંથી કેવળ આનંદ-આનંદ ને આનંદ જ નીકળી રહ્યો છે. આત્માને અત્યંત વહાલો કરીને એકજ લગનથી તેને શોધતાં તને તારામાં જ તે જરૂર દેખાશે, કારણકે **તું પોતે જ આનંદ સ્વરૂપ છો ! "ક્યાંય નથી ગમતું !..." એ જ બતાવે છે કે આ જગતમાં આ બધા સિવાયનું કોઈક એવું તત્ત્વ છે કે જે ગમી જાય તેવું અને પરમશાંતિ દેનારું છે.**

આત્માની સુંદરતા અદ્‌ભૂત છે! મહાન છે! જે રાગથી ઘણી દૂર છે અને સિદ્ધભગવાનની નજીક છે. એની સુંદરતાને જીવ જાણે તો એક ક્ષણ પણ પછી ઉપયોગ બહાર ન રહે, તત્ક્ષણે જ આત્મામાં એકાગ્ર થઈને પરમ તૃપ્તિને પામે. જેની કિંમત ભાસે, જેની વિશેષતા ભાસે, જેમાં સુખભાસે તેમાં એકાગ્ર થાય-લીનતા સાધે એવો જીવના ઉપયોગનો સ્વભાવ છે. તારક તીર્થંકર પરમાત્માની વાણી સાંભળતા જીવ ભૂખ અને તરસ ભૂલી જાય છે. છ-છ મહિના સુધી લાગલગાટ સાંભળે તો પણ ભૂખ-તરસનો ખ્યાલ જ ન રહે અને આનંદ-આનંદ-આનંદ જ વર્તાય; એવું શાસ્ત્ર વચન છે. બસ! તારે તો એક જ કામ કરવાનું છે. શું? તો કહે છે કે તારે પરમને પામવાની લગની લગાડવાની છે. બાકી બધું તારો અંદર રહેલ પરમાત્મા સંભાળી લે એમ છે. ભગવાન ભક્તની આપત્તિ દૂર કરે છે એવો સંવાદ છે. નરસિંહ મહેતાની હુંડી પણ પ્રભુએ સ્વીકારી હતી! "જય-જય-આરતી આદિ જિણંદા..."નો રચયિતા મૂલચંદ ભોજક મૂળ વડનગરનો હતો અને કેશરિયાજીના મંદિરમાં ભોજક તરીકે રહી ભક્તિ કરતો હતો. ઘણી શ્રદ્ધા હતી. દિકરીના લગ્ન આવ્યા. પૈસા

---

નહોતા તો અધિષ્ઠાયક દેવે અદશ્ય રહી દર્શન આપ્યા. માંગવાનુ કહ્યું-પોતાની વાત કરી. દેવે અદશ્ય રીતે સહાય કરી ઉગારી લીધો.

**પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય જિને,**
**જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધોઅંધ પુલાય જિનેશ્વર.. ૬**

**અર્થ :** પરમનિધાન - ચૈતન્યનો અખુટ ભંડાર પોતાની અત્યંત નજીક છે છતાં જગતના મૂઢ પ્રાણીઓ બેદરકાર થઈ તેને ઉલ્લંઘીને આગળ દોડ્યા જાય છે. પરમેશ્વર સમાન આત્માની જે ચૈતન્ય જ્યોતિ છે-જ્ઞાન પ્રકાશ છે તેના વિના આંધળા પાછળ આંધળો દોડે તેવી સ્થિતિ સર્જાય છે.

**વિવેચન :** આત્મા પોતે જ પ્રેમનો મહાસાગર છે. પ્રેમથી જુદો નથી. પ્રેમનો દરિયો છે. કરૂણા-કોમળતા-દયા-નમ્રતા-સરળતા તેના ઝરણાઓ છે. પોતે પાતાળકૂવો છે, જેમાંથી આ બધા ઝરણાઓ વહ્યા કરે છે, સેરો ફુટ્યા કરે છે. છદ્મસ્થ અવસ્થામાં જ્યાં સુધી ચૈતન્યસ્વરૂપમાં ડૂબકી ન મરાય ત્યાં સુધી આ ઝરણાઓ જ તેનું સાચું જીવન છે. પોતે પ્રેમ સ્વરૂપ હોવા છતાં, પ્રેમનો સાગર હોવા છતાં તેણે પોતે જ પ્રેમની આગળ એક દિવાલ ઊભી કરી દીધી છે અને તેમાં તે બંધાયેલો રહે છે. પ્રેમ એ પરમ નિધાન છે, સર્વગુણોમાં શ્રેષ્ઠ છે, તે વૈરીને પણ વશ કરે છે. એ વ્યાપક તત્ત્વ છે જે સર્વ કાંઈ પોતામાં સમાવી લે છે. પ્રેમમાં આત્મા છુપાયો છે.

**(પ્રગટ મુખ આગળે)** - પ્રેમરૂપ પરમનિધાન તારી મુખમુદ્રામાં હાજર જ છે. ધિક્કાર, તિરસ્કાર, વૈર, સ્વાર્થ વગેરેની દિવાલ આડી આવેલી હોવાથી તારું પ્રેમ સ્વરૂપ તારી અત્યંત નજીક મોં સામે-નજર

---

ભવિષ્યની ચિંતા કરવી એટલે દેહભાવ ! ભવિષ્ય દેહને છે. આત્માને નહિ. આત્મા તો અકાલ છે.

સમક્ષ હોવા છતાં, તે તારી નજરે ચઢતું નથી. પાણીમાં રાત'દિ રહેનારો મત્સ્ય પાણીથી તરસ્યો રહે તો તે આશ્ચર્ય જ ગણાયને? **(જગત ઉલ્લંઘી હો જાય)**- આખું વિશ્વ નિકટ રહેલા પ્રેમને ઉલ્લંઘીને વિષયોના આકર્ષણે રાગભોગમાં સુખ માની રહ્યું છે. વિષયોમાંથી સુખ મળશે એમ માનીને પ્રેમસ્વરૂપ આત્માની ઉપેક્ષા કરી રહ્યું છે અને પર તરફ દોટ મુકી રહ્યું છે.

**(જ્યોતિ વિના જુઓ જગદીશની-અંધોઅંધ પુલાય)** - જ્ઞાન-દર્શનની જ્યોત સદા પોતાનામાં જલતી હોવા છતાં તે જ્ઞાન-દર્શનમય પરમાત્મ તત્ત્વની જ્યોતને નહિ જોતાં અજ્ઞાનતાથી અંધ બનીને-વિવેકભ્રષ્ટ બનીને એક આંધળો બીજા આંધળાની પાછળ દોટ મૂકીને દોડે તેમ મનની દોરવણીથી આત્મભાન ભૂલી જીવ વિષયો પાછળ દોડી રહ્યો છે. સમગ્ર વિશ્વ-ચૌદ રાજલોકના તમામે તમામ જીવોની પ્રાયઃ આ દશા છે. આમાંથી મોટામોટા માંધાતાઓ પણ બાકાત નથી. આ કરૂણ કહાની જીવમાત્રની છે. જુઓ તો ખરા! પ્રેમના સાગર સમા અને જ્ઞાન-દર્શનની જ્યોતિવાળા એવા જગદીશની આ હાલત! મન-બુદ્ધિ-ચિત્ત અને અહંકારરૂપી ચોરોએ ભેગા થઈને જીવની કેવી ભૂંડી હાલત કરી છે! જ્ઞાનદષ્ટિથી ઉપયોગને ભીતરમાં વાળ્યા સિવાય પોતાના ઘરના અખૂટ ભંડારને જીવો મેળવી શકતા નથી.

**गिरिमृत्स्नां धनं पश्यन्, धावतीन्द्रिय मोहितः।**
**अनादि निधनं ज्ञानं, धनं पार्श्वे न पश्यति॥** - જ્ઞાનસાર

મોટા પર્વતોની ગિરિ કંદરાઓમાં અને પૃથ્વીની ખાણોમાં નિધાનની વાત સાંભળીને તે મેળવવા મનુષ્ય દોડધામ કરે છે પરંતુ અનાદિ અનંત એવા પોતાનો જ્ઞાનરૂપ ખજાનો પોતાની સમીપે હોવા છતાં જીવો તે તરફ દૃષ્ટિ પણ કરતા નથી.

---

જ્યાં થવાનું મટી જાય, જ્યાં કરવાનું મટી જાય, જ્યાં બનવાનું મટી જાય ત્યાં તેને થયું કહેવાય, કર્યું કહેવાય, બન્યું કહેવાય અને ત્યારે તે વ્યક્તિ કૃતકૃત્ય થઈ કહેવાય.

આપણી શુદ્ધાત્માની જ્યોત જલે એટલે અંદર પ્રકાશ થાય, જેથી કરીને આપણા અંદરના બધાં જ કર્મનો હિસાબ દેખાય-આપણી ભૂલો દેખાય એટલે ભગવત્ ભાવ ખુલતો જાય. નિરંતર આત્મજાગૃતિ અર્થાત્ હું દેહ-ઇન્દ્રિય-નામ-રૂપાદિ સ્વરૂપે નથી પણ જ્ઞાનાનંદથી પરિપૂર્ણ આત્મા છું! આવો નિરંતર ખ્યાલ તેમજ વ્યવહારમાં સર્વત્ર લઘુત્તમભાવથી વર્તન; આ બે આવેથી જ્ઞાનીની આજ્ઞાનું યથાર્થ પાલન થાય છે. તેનાથી જગદીશની જ્યોતિ વધુને વધુ ખૂલે છે. તે ખૂલતા સર્વત્ર પોતાના જ દોષો દેખાતા અને જગત નિર્દોષ જણાતા સંયોગોનો સમભાવે નિકાલ થતો રહે છે એટલે આગળ ઉપર જઇને જે શુક્લધ્યાન પામવાનું છે, ક્ષપકશ્રેણી માંડવાની છે, તેનો પાયો મજબુત થાય છે. જેટલી સભાનતા રહે તેટલું પોતાનામાં પરિણમન થાય છે. **પોતાનામાંથી પોતાનામાં પરિણમન કરવું એ છે શુદ્ધોપયોગ.**

**આજે આપણે બુદ્ધિથી જીવીએ છીએ. સંસાર બુદ્ધિથી ચાલે છે પણ બુદ્ધિ એટલે ઉછીનો લીધેલો આગલા ભવનો પ્રકાશ. તે બુદ્ધિને મિટાવી પ્રજ્ઞાને પ્રગટાવી આત્મઐશ્વર્ય ખીલવવાનું છે. આત્માની અનંતશક્તિઓનું ઉર્ધ્વીકરણ અને પ્રગટીકરણ એ જ આત્મ ઐશ્વર્ય છે એ જ જગદીશની જ્યોતિ છે.**

આ જ્યોતિ જ્યાં સુધી દબાયેલી રહે છે ત્યાં સુધી ઉપયોગ ઉપર સંયોગોની અસર રહે છે અને જેટલી સંયોગોની અસર રહે તેટલો તેનો નિકાલ ના થયો એમ કહેવાય. શુદ્ધાત્મ સ્વરૂપ એ જ પરમાત્મ સ્વરૂપ છે અને તે દુનિયાની તમામ અસરોથી મુક્ત છે, એનો અનુભવ આ મન-વચન અને કાયાના ખોખામાં રહીને જ કરવાનો છે. જગદીશની જ્યોતિને આ દેહરૂપી પિંજરમાં રહીને જ પ્રગટ કરવાની છે. આ જ્યોતિને પ્રગટાવવામાં

દેહ એ બાધક નથી પણ દેહભાવ એ બાધક છે અર્થાત્ ''હું દેહ છું!'' અને ''દેહ મારો છે!'' એવો ખ્યાલ બાધક છે. દેહમાં રહેવા છતાં દેહભાવથી મુક્ત થઈને અનંતા આત્માઓએ પોતાની જ્યોતિ પ્રગટાવી છે અને દેહાલયમાંથી નીકળી સિદ્ધાલયમાં બિરાજ્યા છે.

અધ્યાત્મનો એક જ આદેશ છે. અજ્ઞાનને ઓળખો, બરાબર ઓળખો તેની અજ્ઞાન તરીકેની બરાબર શ્રદ્ધા કરો, વિકારીભાવો આત્માને હિતકર નથી એ બરાબર દૃષ્ટિમાં લ્યો અને પછી અજ્ઞાનને મારી હટાવવા પોતાના જ ત્રિકાળી ધ્રુવ ચૈતન્યમય પરમાત્માનું શરણ લ્યો, એને જ આધાર બનાવો ! **ધ્રુવ તત્ત્વનો આધાર લીધા વિના અધ્રુવના સકંજામાંથી છુટી શકાય નહિ, વિનાશીથી છુટવા અવિનાશીનો જ આધાર લેવાય.** આત્મા અનંતકાળથી આ આધાર લેવાનું ચૂક્યો છે અને જીવવા માટે અધ્રુવ તત્ત્વનો-વિનાશીનો-પર્યાયનો-સંયોગોનો આધાર લીધો છે, તેમાં અહંત્વ અને મમત્વ કર્યું છે. આ તેની અનંતકાળથી ચાલી આવેલી ગંભીર ભૂલ છે. આ ભૂલને જીવે હવે સુધારી જગદીશની જ્યોતિને પ્રગટાવી આંધળાની પાછળ ચાલતી આંધળાની દોડને થંભાવવાની છે અને સદ્ગુરુના અવલંબને તેમાંથી સત્ ખેંચી પોતાની વાસ્તવિક દશાને પ્રગટાવવાની છે.

**નિરમલ ગુણમણી રોહણ ભૂધરા, મુનિ જન માનસ હંસ જિનેશ્વર**
**ધન્ય તે નગરી ધન્ય વેળા ઘડી, માતપિતા કુલ વંશ જિનેશ્વર..૭**

**અર્થ :** નિર્મળ ગુણરૂપી રત્નોને પ્રગટ કરવા માટે હે પ્રભો! આપ રોહણાચલ પર્વત સમાન છો. વળી સાધુઓનાં મનરૂપી માનસરોવરને માટે આપ હંસ પક્ષી જેવા છો. વળી તે શહેર, તે કાળ, તેમના માતા, પિતા, કુળ અને વંશને પણ ધન્ય છે કે જેમાં પરમાત્મા જન્મ પામ્યા છે.

---

દરેક જીવને, પોતાનું સ્વ સ્વરૂપ કેવળજ્ઞાન એ સ્વ સંપત્તિ છે.
જગતના પર પદાર્થો એ જીવની સંપત્તિ નથી.

**વિવેચન :** મણિરત્નો જેમ અંધકારમાં પ્રકાશ પાથરે છે, અંધારી રાત્રે તારલાઓ જેમ પ્રકાશ ફેલાવે છે; તેમ હે પ્રભો! આપ પણ આપના જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ અનંતગુણોથી પ્રકાશ પાથરી રહ્યા છો અથવા તો આપ આપના નિર્મળગુણોથી વિશ્વમાં શોભી રહ્યા છો!

રોહણાચલની ભૂમિ પથરાઓને નથી પકવતી પણ રત્નોને પકવે છે. મણિરત્નોનો અર્થી આત્મા રોહણાચલ પર જઈને અઢળક રત્નો મેળવે છે કારણકે રોહણાચલ પર્વત એ મણિરત્નોની ખાણ છે. તેમ હે પ્રભો! જેને પોતાના નિર્મળ ગુણરૂપી રત્નો જોઈએ છે, જેને એની ભૂખ છે; તેવા જીવને આપની પાસે આવવું જ પડે છે. આપની ઉપાસના કરવી પડે છે. આપની ઉપાસના કરવા દ્વારા અર્થીજનો અઢળક રત્નોને પામીને ઠેઠ કૈવલ્યજ્ઞાન સુધી પહોંચી શકે છે.

પરમાત્મામાં રહેલ નિર્મળ ગુણરૂપી રત્નો આગળ રોહણાચલ પર્વતમાં રહેલા રત્નો તો કોઈ વિસાતમાં નથી કારણ કે તે રત્નો તો જડ છે અને પોતાને જ જાણતા નથી તો પછી બીજાને તો શું જાણે? જ્યારે પરમાત્મા તો ચૈતન્યરત્ન છે. તેનો વૈભવ અનંતો છે. શુદ્ધ ચૈતન્યસત્તાની સામે જગતનો કોઇ પદાર્થ ટકી શકતો નથી. ચૈતન્યરત્નમાંથી મળતો આનંદ અનંત છે. તેવો આનંદ જડ પદાર્થોમાંથી ત્રણેકાળ મેળવી શકાતો નથી.

અનાદિ અનંતકાળથી અજ્ઞાનને વરેલો જીવ, સ્વચૈતન્યસત્તાને ભૂલીને વિપરીત પરિણતિ કરતો જ આવ્યો છે. તેમાં તેને કોઇ અટકાવી શક્યું નથી. પોતાની આવી અજ્ઞાનજનિત પરિણતિમાં, તે તે સમયના કર્મના ઉદયને વ્યવહારથી નિમિત્ત માનવામાં આવ્યું છે પણ મૂળમાં ભૂલતો પોતાની જ છે. અપરાધતો પોતાનો જ છે કે **એણે સ્વપ્રતિ ક્યારે પણ દૃષ્ટિ જ કરી નથી.**

---

પાંચે અનાચારના સેવનથી મતિજ્ઞાનમાં-ઉપયોગમાં, પરભાવ રમણતા રહ્યાં કરે છે; જ્યારે પાંચે આચારની પાલનાથી તેટલા અંશે પર ભાવ રમણતા વિરમે છે અને એ જ બાહ્યધર્મનો પ્રભાવ છે.

હે નાથ ! આપ નિર્મળ ગુણરૂપી રત્નોના રોહણાચલ પર્વત સમાન છો! મુનિઓના મનરૂપી માનસરોવર માટે હંસ સમાન છો! તે નગરી, તે વેળા, તે ઘડીને ધન્ય છે, એટલું જ નહિ પણ આપના જન્મદાતા માત-પિતા અને તે આપનું ઉત્તમકુળ અને ઉત્તમવંશને પણ ધન્ય છે કે જ્યાં આપ અવતર્યા છો !

હિમાલયમાં માન સરોવર છે. તેની શોભા રાજહંસ પક્ષીઓથી છે. અહીં પ્રભુને મુનિજનના મનરૂપી માનસરોવરના હંસ કહ્યા છે. જે મનમાં પ્રભુ વસ્યા હોય તે જ મનરૂપી માનસરોવરની વાસ્તવિક શોભા છે. અન્ય સરોવરના કિનારે પ્રાયઃ રાજહંસ વિચરતા હોતા નથી. પ્રભુ હૃદયમાં આવવાથી મનરૂપી માનસરોવર વધારે દીપી ઊઠે છે. મન રૂપી માનસરોવરની શોભા આપને આભારી છે. આપ જે રત્નપુરી નગરીમાં જનમ્યા તે નગરીને ધન્ય છે. આપને જન્મ આપનાર માતા સુવ્રતાદેવી અને પિતા ભાનુરાજા તેમને પણ ધન્ય છે. આપનું જે ઇક્ષ્વાક કુળ અને કાશ્યપ વંશ તેને પણ ધન્ય છે.

તે સમયે આપ જનમ્યા કે જ્યારે ગ્રહો બધા ઉચ્ચસ્થાને બિરાજતા હતાં. તે વેળા અને તે ઘડીને પણ ધન્ય છે. હે પ્રભો! આપે આપના કુળ અને વંશને દીપાવ્યા છે. આપ કુળદીપક બન્યા છો! આપને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. આપના ગર્ભમાં આવવાથી આપની માતા રત્નકુક્ષિ બની. માતાએ ચૌદ ચૌદ મહાસ્વપ્નો જોયા. આપના આગમનથી માતામાં ધર્મ ભાવના વૃદ્ધિ પામી. આપના જન્મથી નારકીઓ પણ શાતાને પામ્યા. નરકમાં પણ અજવાળાં થયા, આપના જન્મથી કેદીઓ કેદમુક્ત થયા. જગત અનૃણી બન્યુ, લોકો દેવામાંથી મુક્ત થયા. તોલ-માન-માપમાં વૃદ્ધિ થઇ. અચલ એવા ઈન્દ્રોના સિંહાસનો પણ આપના પુણ્યના પ્રભાવે ચલાયમાન થયા, ઈન્દ્રો પણ આપના જન્મને

---

જાણીને મર્ત્યલોક પર દોડી આવ્યા. છપ્પન દિગ્કુમારીઓએ આવીને આપની માતાનું શુચિ કર્મ કર્યું, ઈન્દ્ર પાંચ પાંચ રૂપ કરી આપનો જન્મોત્સવ મનાવવા આપને મેરૂપર્વત પર લઇ ગયા. મેરૂપર્વતની પાંડુકવનની શિલા ઉપર સૌધર્મેન્દ્રના ખોળામાં આપ બેઠા. લાખો અને કરોડો કળશાઓથી ક્ષીર સમુદ્રના પાણીથી દેવોએ આપનો અભિષેક કર્યો. દેવતાઓ આપની ભક્તિમાં ગાંડા બન્યા. આ જગતનું સર્વોત્કૃષ્ટ તત્ત્વ કોઈ પણ હોય તો તે તારક પરમાત્મા છે. જો પરમાત્મા નથી તો કશું જ નથી. પરમાત્માથી ચડિયાતું તત્ત્વ કોઇ જ નથી. તારક પરમાત્માથી જ આ વિશ્વ શોભે છે. પરમાત્મા વિનાનું જીવન એ અમાવાસ્યાની ઘોર અંધારી રાત્રિ જેવું છે જ્યારે પરમાત્માના આશ્રયે જીવાતું જીવન એ પૂર્ણિમાના ચંદ્ર જેવું છે.

હે પ્રભો! આપના જન્મથી તે નગરી, તે વેળા, આપના જાતિ, કુળ, વંશ ગોત્ર પવિત્ર બન્યા છે. મહાસુદત્રીજ મહાન હતી માટે પ્રભુ જનમ્યા એમ નહિ પણ પ્રભુના જન્મથી મહાસુદત્રીજ મહાન બની છે. હે પ્રભો! ચૌદરાજલોકમાં સર્વત્ર આપના જન્મથી આનંદ-આનંદ ને આનંદ છવાયો છે.

આવા વિશ્વના ઉદ્ધારક પુત્રરત્નને જન્મ આપંનારાં આપના માતા-પિતાના તો ઓવારણાં જ લેવા પડે. તેઓ તો આવા પુત્રરત્નને જન્મ આપીને કૃતકૃત્ય બની ગયા. ધન્યાતિધન્ય બની ગયા, ભવ્યાતિભવ્ય બની ગયા. એક જ ભવમાં પોતાનો મોક્ષ નિશ્ચિત કરી દીધો. હે પ્રભો! આપના જન્મથી તો આખું વિશ્વ ધન્યધન્ય બની ગયું.

ઉદયરત્ન મહારાજ લખે છે -

**માતને તાત અવદાત એ જિનતણાં, ગામને ગોત્ર પ્રભુ નામ થુણતાં**
**ઉદય વાચક વદે ઉદય પદ પામીએ, ભાવે જિનરાજની કીર્તિ ભણતાં.**

---

સંજ્વલના કષાયભાવ, આત્માના યથાખ્યાત ચારિત્રને રોકે છે.

અન્યદર્શનકારો પણ બોલે છે -

**રામ નામ સહુ કો જપે, દશરથ જપે ન કોઈ,**
**જો એકવાર દશરથ જપે, તો કોટિયજ્ઞ ફળ હોઈ.**

જો પરમાત્મા છે તો નિશ્ચય અને વ્યવહાર છે. ઉત્સર્ગ અને અપવાદ છે, દ્રવ્ય અને ભાવ છે, નય અને પ્રમાણ છે, જ્ઞાન અને ક્રિયા છે, ત્યાગ અને તપ છે. જો પ્રભુ નથી તો કાંઈ નથી. પરમાત્માથી જ વિશ્વની શોભા છે. પ્રભુની ગેરહાજરીમાં પ્રભુની પ્રતિમા, પ્રભુના આગમો, પ્રભુના સાધુઓ અને પ્રભુના સંઘથી વિશ્વ શ્વાસ લે છે અન્યથા જગત જીવી શકે નહિ.

પરમાત્મા એ સર્વ કાર્યની સિદ્ધિ માટેનું પાવર હાઉસ છે. એમાંથી જ દરેક કાર્યને નિષ્પન્ન થવા માટેનો પાવર મળે છે. આખું અંતઃકરણ કે બહિષ્કરણ એ આત્માના જ્ઞાનપ્રકાશથી જ ચાર્જ થાય છે અને માટે જ ત્રણેયોગનું પ્રવર્તન ઘટે છે. પરમાત્મા વિનાના વિશ્વની કલ્પના જ કરી શકાય નહિ.

જેમ પાવર હાઉસમાંથી આવતો પાવર તો એકજ પ્રકારનો છે પણ તેનું પ્લગીંગ જુદા જુદા સ્થાનોમાં કરવાથી જુદા જુદા કાર્યો નિષ્પન્ન થાય છે; એટલે એકજ પાવર દ્વારા વિજળી, પંખો, ઓવન, મીક્ષર, ફ્રીજ વગેરે અનેક કાર્યો થતાં જોવાય છે; તેમ આ વિશ્વમાં ચાલતી તમામે તમામ એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય જીવની મન-વચન-કાયાની ભિન્નભિન્ન નાનીમોટી ક્રિયામાં જીવની ભીતરમાં રહેલ પરમાત્મ તત્ત્વનો જ યોગ છે. એ ન હોય તો પછી જીવ એ જીવ નથી, મડદુ છે. પરમાત્મતત્ત્વ એ સ્વરૂપે તદ્દન અક્રિય હોવા છતાં એની હાજરી માત્રથી મન-વચન-કાયાના યોગો સ્વયં સંચાલિત થાય છે. અધ્યાત્મના માર્ગમાં કોરી બાહ્ય ક્રિયાથી

---

પ્રત્યાખ્યાન કષાયભાવ આત્માના સર્વવિરતિ ચારિત્રને રોકે છે.

મોક્ષ નથી તેમ શુષ્ક-કોરા વિચારોથી પણ મોક્ષ નથી પણ સમજને પરિપક્વ બનાવવાથી વિકાસ છે. વિકસિત થયેલી સમજ વિચારને સુધારે છે. ક્રિયાને સુધારે છે. આનાથી ધીમેધીમે ઉપયોગમાંથી કષાય તત્ત્વ ઘટતું જાય છે એટલે ઉપયોગ પોતાનું ઘર પકડીને શાંત થાય છે. આ ઉપયોગનું પોતાના ઘરમાં શમાવું- ઉપયોગનું પોતાના ઘરમાં ઠરવું એ આત્માની સમ્યગ્ જ્ઞાન-ક્રિયા છે. આ જ આત્માનું વિજ્ઞાન છે અને આવી જ્ઞાન-ક્રિયા અર્થાત્ આવા વિજ્ઞાનથી આત્માનો મોક્ષ છે. અધ્યાત્મના માર્ગમાં જ્ઞાનને એબ્સોલ્યુટ-ચરમ પરાકાષ્ટાનું પૂર્ણ બનાવવાનું છે. તે માટે જ્ઞાનમાં જે બીજું વિકારી તત્ત્વ ઘૂસી ગયું છે, તેને કાઢી નાંખવાનું છે. તે માટે પ્રતિપળે સમજને ચોક્ખી કરતાં જવાનું છે અને સમજને વિકસિત કરતાં જવાનું છે. માત્ર કોરું જ્ઞાન અને કોરી ક્રિયામાં રાચવાનું નથી કે તેમાં અહં કરવાનો નથી. પોતાથી પોતાને પોતાનાંમાં સમાવવાનો છે. ધર્મનાથ ભગવાને આ રીતે પોતાના આત્માને પરમાત્મા બનાવી મોક્ષ સાધ્યો માટે યોગીરાજ તેમના ગુણ-ગાન ગાઈ રહ્યા છે કારણકે તેમને પોતાને પરમાત્મા થવાની લગન છે.

**મન મધુકર વર કરજોડી કહે, પદકજ નિકટ નિવાસ જિનેશ્વર**
**ધનનામી આનંદઘન સાંભળો, એ સેવક અરદાસ જિનેશ્વર.. ૮**

**અર્થ :** હે નાથ! મારો મન રૂપી ભ્રમર આપને હાથ જોડીને વિનંતી કરે છે કે આપ અનંતગુણોના સમુહ રૂપ છો. ભ્રમર જેમ કમલમાં વાસ કરે તેમ મને આપના ચરણકમલમાં નિવાસ કરવા દેજો. ઘનનામી એટલે જેના અનેકનામો પણ એકજ સ્વરૂપમાં લય પામે છે તેવા હે આનંદઘન પ્રભો! આ સેવકની આટલી અરદાસ આપ જરૂર સ્વીકારજો!

**વિવેચન :** ભ્રમર જેમ પુષ્પની સુગંધ અને મધની મીઠાશને ચાહે

---

અપ્રત્યાખ્યાન કષાયભાવ આત્માના દેશવિરતિ ચારિત્રને રોકે છે.

છે તેમ મારું મન હે પ્રભો! આપના ગુણોનું રસિક બન્યુ છે, આપના અનંતાનંત ગુણોના અભેદ પરિણમન સ્વરૂપ વીતરાગતા પ્રત્યે મારો મનરૂપી ભ્રમર સદા ખેંચાઈને આવે છે, મને તેનું જ આકર્ષણ છે, તેની જ ઇચ્છા છે. આપના ચીંધેલા સાધનાના માર્ગે જવા મારું મન તલસી રહ્યું છે. આપને છોડીને બીજે જઇ શકું, રહી શકું, ઠરી શકું તેવી મારી સ્થિતિ નથી.

હવે તો જ્યાં આપ ત્યાં હું! અનાદિના અજ્ઞાન જનિત સંસારના રાહે જવાની મારી સ્થિતિ નથી. પર પદાર્થોને હવે મારા માનવા કે મારા કહેવા એ મારે માટે ત્રાસરૂપ છે. જે સ્વામીની સેવક ઉપર કૃપા ઉતરે છે તે સેવક સ્વામીના ચરણો છોડવા ઇચ્છતો નથી.

પ્રસ્તુતમાં યોગીરાજ મનરૂપી ભ્રમરનું દૃષ્ટાંત આગળ કરીને ધર્મનાથ પ્રભુ સમક્ષ બે હાથ જોડી પ્રાર્થના કરતા કહે છે કે હે ઘનનામી! એટલે કે આપ તત્ત્વથી એક જ સ્વરૂપવાળા હોવા છતાં સંસારી જીવો પોતપોતાની કલ્પના પ્રમાણે આપનું બાહ્યરૂપ કલ્પી ભિન્નભિન્ન નામથી આપની પુજા, ભક્તિ, સ્તવના કરી રહ્યા છે તો આપ હવે મારી આ અરદાસને-વિનંતીને સાંભળો કે હું આપનાથી અળગો થવા ઇચ્છતો નથી. પદ કજ- આપના ચરણકમળની રજ બનીને આપની સાથે રહેવા ઇચ્છુ છું તો મારી વિનંતીને આપ સ્વીકારો!

ભ્રમર જ્યાં સુગંધ હોય ત્યાં ગુંજારવ કરે, છેવટે ભ્રમર કાષ્ટમાં વાસ કરે પણ દુર્ગંધનું વાતાવરણ હોય ત્યાં ભ્રમર ગુંજારવ ન કરે. તેમ યોગીઓનું મન ભ્રમર જેવું હોય છે. તે પ્રભુના ચરણકમળમાં લીન બને છે. મન જ્યારે પ્રભુભક્તિમાં કે સંતસમાગમમાં લીન બને ત્યારે ભ્રમરની ઉપમા પામે છે અને બીજાના દોષો-નિંદા-કુથલી કરવામાં લીન બને ત્યારે

માખીની ઉપમા પામે છે. માખી ઘડીકમાં વિષ્ટા ઉપર, ઘડીકમાં સાકર ઉપર તો ઘડીકમાં શ્લેષ્મ ઉપર લીન બને છે. સંસારી જીવોના મન માખી જેવા હોય છે. આ સ્તવનની છેલ્લી કડીનો સાર છે કે મનને ભ્રમર જેવું પુષ્પ રસિક એટલેકે ગુણરસિક બનાવો અને પ્રભુભક્તિમાં - આજ્ઞાપાલનમાં લયલીન કરો!

મોક્ષે જવા માટે પ્રભુ એ પ્રકૃષ્ટ અને પુષ્ટ નિમિત્ત કારણ છે. તેનાથી વધારે બીજું કોઇ ચઢિયાતું કારણ નથી. સદ્ગુરુ બીજા નંબરે છે. તેની ભક્તિમાં જો આપણું મન ભ્રમરની જેમ લીન બની જાય તો આખી ઉપયોગની દિશા ફરી જાય છે અને દિશા ફરતા દશા સુધરી જાય છે. દશાને સુધારવા દિશા ફેરવવી અત્યંત આવશ્યક બને છે.

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજા પણ લખે છે કે સમસ્ત શ્રુત સાગરનું અવગાહન કરવા દ્વારા મારા વડે માખણ તુલ્ય સાર એ પ્રાપ્ત કરાયો કે પરમાત્માની ભક્તિ એ પરમાત્મા થવાનું અનન્ય કારણ છે. પ્રભુની ઉપાસનાથી પ્રભુ જ સર્વસ્વ છે, પોતે કાંઇ જ નથી એવો પોતાનામાં લઘુત્તમભાવ આવે છે, તેથી અહંકાર ઓગળવા માંડે છે. સર્વકાર્યની સિદ્ધિ પ્રભુને આધીન સમજાય છે એટલે પોતાની જાત, પોતાનો પ્રયત્ન હોવા છતાં તે અકિંચિત્કર લાગે છે. પરમાત્માને પામવાની તાલાવેલી, નિરંતર તેની સાથેનું અનુસંધાન, નિરંતર એનું સ્મરણ, એને અનુરૂપ જીવન જીવવાની જાગૃતિ એજ સાચી ભક્તિ છે. આ દૃષ્ટિએ વિચારતાં પ્રભુનું એક ક્ષણનું પણ ચિંતન અનંત-અનંત કર્મોની નિર્જરા કરાવનારું છે. જ્ઞાની પુરુષ જ્ઞાન-ભક્તિ અને વૈરાગ્યનું મૂર્તિમંત સ્વરૂપ હોય છે.

**જીવ ગુરુત્તમ અહંકારથી સંસારમાં રખડ્યો છે. હવે લઘુત્તમ અહંકારથી એટલે કે "હું કાંઇજ નથી, પ્રભુ જ સર્વસ્વ છે !" એવા**

---

કેવળજ્ઞાન આત્માનું છે, જેમાંથી શાસ્ત્રજ્ઞાન નીકળે છે. જીવે શાસ્ત્રજ્ઞાન ભણવાનું છે, તે પોતામાં રહેલ કેવળજ્ઞાનને નિરાવરણ કરવા માટે જ.

**ભાવ-દ્વારા સંસાર સાગર તરી જવાનો છે. પરમાનંદ પામવા પ્રભુને પ્યારા કરવાના છે અને સંસારને ખારો સમજવાનો છે. પ્રભુ પ્યારા લાગે તો સંસાર ખારો લાગે અને સંસાર ખારો લાગે તો પ્રભુ પ્યારા લાગે; આમ અન્યોન્ય છે.**

વર્તમાનકાળમાં કે ભૂતકાળમાં જે કોઇ મોટી હસ્તી થઇ ગઈ તેવા પ્રભુઘેલા ભક્તોએ આત્માની મસ્તીને માણવા પોતાના વ્યક્તિત્વને દફનાવી દીધું છે અને પછી પ્રભુના પ્રેમમાં દીવાના બન્યા છે. શરાબીને જેમ શરાબનો નશો ચઢે તેમ પ્રભુ પ્રેમમાં દીવાના બનેલાને પ્રભુપ્રેમનો નશો ચઢે છે. એ નશાની મસ્તીમાં ક્યારેક તે હસે છે તો ક્યારેક રડે છે, ક્યારેક ગાય છે તો ક્યારેક લખે છે, ક્યારેક બોલે છે તો ક્યારેક મૌન રહે છે. તેની બધી જ ચેષ્ટા ન કળી શકાય તેવી કે ન લખી શકાય તેવી અકલ અને અલખ હોય છે.

મુસ્લિમોમાં અનેક સૂફી સંતો થઇ ગયા જેમણે પરમાત્મા પ્રત્યેના પ્રેમને આશક અને માશુકના પ્રેમરૂપે ગાયો (વર્ણવ્યો) છે. અમર આશા નામના પોતાના બનાવેલ કાવ્યમાં કવિશ્રી મણિલાલ નભુરામ દ્વિવેદીએ સાફ દિલના આશક-માશુક વચ્ચે કેવો સફા પ્યાર હોવો જોઇએ તે બહુ રસિક ભાષામાં બતાવ્યું છે. તે લખે છે કે એક ઘડી પણ ખરા મેળાપની ન આવી અને તેટલામાં માશુક ચાલી ગઈ તો પણ શું? હજારો રાતો તેની સાથે વાતોમાં કાઢી તે જ કમાઇ છે. ખુદાને મેળવવાનો પ્રયત્ન કરતા તે ન મળે, આપણે ગોથું ખાઇ જઇએ તેથી શું? તેની બંદગી કરી તે નકામી નહીં જાય, એ જ કમાણી જાણવી.

ખુદાની ઝંખનામાં ઘેલો થઇને રહેતા ખુદા નહિ મળે તો લોક હાંસી જરૂર કરશે. મુશીબતના ખંજર ખાવા પડશે અને કતલ થવા છતાં

---

પણ કદમ બોસી છે એટલે લોકના પગ ચાટવા જેવું છે, એમ માનવું પડશે પણ તે જ ખરો પ્યાર છે કારણકે માશુકને-ખુદાને આપણી કસોટી કરવાનો હક્ક છે. છતાં જે માણસ પાર ઉતરશે તેને કયામતના દિવસે જરૂર ન્યાય મળશે જ.

ખરા પ્રેમની પ્રતીતિ કરાવીને કવિ દાખલાઓ આપે છે કે એ પ્રેમ કેવો છે? તો કહે છે કે શમા એટલે દીવો-બત્તી તેની ઉપર પરવાના એટલે પતંગિયુ પડીને ભસ્મ થાય છે અથવા તો તેને મેળવવા ફના થવા તૈયાર થાય છે. તે ન મળે ત્યારે ઊંચેથી પડી જાન આપી દે છે. તે જ ખરો પ્રેમ છે કારણ કે જે અગમ છે તે સાધારણ પ્રયત્ને ન મળે, ન જણાય તેને ગમ કરવામાં-મેળવવામાં ફના થવું, એમાં જ ખરી મઝા છે. શોધેલું મળે એ મઝા નથી પણ શોધવાની મહેનત એ જ મઝા છે એવો અનુભવ કોને નથી થયો?

વળી જે આપણું છે તેને બીજાની ખાતર ફના કરવું-જતું કરવું અને આપણે ફના થઇ જવું તેમાં જ બાદશાહી છે. દેનાર બાદશાહ છે સંઘરનાર કંજુસમાં ખપે છે. મરવામાં જ જીવવાનો મંત્ર છે. જે ખરો મરશે તે જ ખરો જીવશે એવું જ જાણે દીલબર એટલે માશુકની દુહાઇ એટલે ફરમાન ન હોય એવું લાગે છે !

ઝેરનો પ્યાલો તું ઝટ શોધી લે ! માશુકના હાથથી તેને પીવો તેમાં જ ખરો સાર રહેલો છે કારણકે તેમ કરવાથી જ ખુદા મળે !

હંમેશા માશુકની પાછળ દિલ તડપ્યા કરે એ જ તેને મળવાનો રસ્તો જાહેર કરે છે. કેમકે હે સાંઇ ! **તડપલા કરતાં જ્યારે તુટી પડીએ ત્યારે તેમાં માશુક ખડી થાય છે. મરણતુલ્ય મહેનત કરે પછી જ ખુદા મળે.**

---

અકિંચન બહારથી અને નિરીહ અભ્યંતરથી થવું.

ગુલાબના ઝાડને લાગેલા કાંટાથી તે જ બચે કે જે ગુલાબના જેવો કોમળ છે. તેમાંથી તે જ નીકળી જાય કે જેનું દિલ કઠોર નથી, ને જે કદિ ગુસ્સો કરતો નથી; જે સદાય સત્યવાન, કોમળ ને નીતિવાન છે.

આ બધું કેમ બને ? આવું કરવાથી ખુદા કેવી રીતે મળે ? તેના જવાબમાં કવિ કહે છે કે -

**હજારો ઓલીઆ મુરશીદ, ગયા માશુકમાં ડૂબી,**
**ન ડૂબ્યા તે મુઆ એવી, કલામો સખ્ત ગાઈ છે.**

હજારો ઓલીઆ, મુરશીદ એટલે સાધુ-ફકીરો માશુકમાં=ખુદામાં ડૂબી ગયા છે. ખુદાને મેળવવા તેમાં લીન થઇ ગયા છે અને જે ડૂબ્યા નથી- લીન થઇ શક્યા નથી તે તેની ઝંખનામાં મર્યા છે એવા સખ્ત કલામો એટલે વચનો કહેવાયા છે. દરિયાના મોતી તો મરજીવાઓને જ મળે, બીજાને નહિ મળે અને મળશે તો તેને પારખીને હૈયાનો નવસેરો હાર બનાવશે. ઉપાસનાયોગ કે જ્ઞાનયોગને પામેલા આત્માઓનું સામ્રાજ્ય કાંઈ જુદું જ હોય છે. જગતના સામાન્ય જીવો કરતાં તે જુદા જ તરી આવે છે. જગતને વિવાદમાં રસ હોય છે. યોગીને સંવાદ ગમે છે.

જગત સ્થૂલ અને વિનાશીમાં રાચે છે જ્યારે તેઓ અવિનાશી અને સૂક્ષ્મને ઝંખે છે. **જગતને વાદળાઓ ગમે છે જ્યારે યોગીઓને-ઉપાસકોને આકાશ રૂચિકર બને છે કારણકે મૂળમાં તેઓ સ્વયં ચિદાકાશ છે. ચિદાકાશના ઉપાસકોને આકાશ જ રૂચિકર બને.** વળી ભીતરમાં છલોછલ પ્રેમ ભર્યો છે જે આકાશ જેવો વ્યાપક હોવાથી આકાશની જેમ સર્વત્ર ફેલાઈ જઈને સર્વ કાંઈને સમાવી લેવા ઉત્સાહિત છે.

---

# 16 શ્રી શાંતિનાથ પ્રભુનું સ્તવન

શાંતિ જિન એક મુજ વીનતિ, સુણો ત્રિભુવનરાય રે;
શાંતિ [૧]સરૂપ કિમ જાણીયે, કહો મન [૨]કેમ પરખાયે રે?॥ શાં.૧

ધન્ય તું આત્મા જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે;
ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસ રે॥ શાં.૨

ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે;
તે તિમ [૩]અવિતથ સદ્દહે, પ્રથમ એ શાંતિપદ સેવ રે॥ શાં.૩

આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, [૪]શુચિ અનુભવાધાર રે॥ શાં.૪

શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાળ રે;
તામસી વૃત્તિ સવિ [૫]પરિહરી, ભજે [૬]સાત્વિકી સાલ રે॥ શાં.૫

ફળ વિસંવાદ જેહમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધી રે;
સકળનયવાદ વ્યાપી રહ્યો, તે શિવસાધન [૭]સંધિ રે॥ શાં.૬

---

આંખો બધાંની પાસે છે પણ દૃષ્ટિ થોડાંની પાસે છે.




सुधा-सोदर-वाग्-ज्योत्स्ना-निर्मलीकृत-दिङ्मुखः ।
मृग-लक्ष्मा तमःशान्त्यै, शान्तिनाथजिनोऽस्तु वः ।। ।।१६।।

નામ : ૧૬ મા શ્રી શાંતિનાથ

લાંછન : મૃગ

રાશિ : મેષ

ગણ : માનવ

માતા : અચિરા

પિતા : અશ્વસેન

ગર્ભવાસ : ૯-૬

દીક્ષા પર્યાય : ૨૫ હજાર વર્ષ

સર્વ આયુષ્ય : ૧ લાખ વર્ષ

સમ્યક્ત્વ પામ્યા પછીની ભવ સંખ્યા : ૧૨ ભવ

ચ્યવન કલ્યાણક નક્ષત્ર સાથે : ભરણી શ્રા. વ.૭



# શાંતિનાથજી

16

જન્મ કલ્યાણક નક્ષત્ર સાથે : ભરણી વૈ. વ.૧૩

દીક્ષા કલ્યાણક નક્ષત્ર સાથે : ભરણી વૈ. વ.૧૪

કેવળજ્ઞાન કલ્યાણક નક્ષત્ર સાથે : ભરણી પો. સુ.૯

નિર્વાણ કલ્યાણક નક્ષત્ર સાથે : ભરણી વૈ. વ.૧૩

જન્મનગરી : હસ્તિનાપુર

દીક્ષાનગરી : હસ્તિનાપુર

કેવળજ્ઞાનનગરી : હસ્તિનાપુર

નિર્વાણભૂમિ : સમ્મેતશિખર

વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે;
ગ્રહણવિધિ મહાજને પરિગ્રહ્યો, ઇશ્યો આગમે બોધ રે॥ શાં.૭

દુષ્ટજન સંગતિ પરિહરી, ભજે સુગુરુ સંતાન રે;
જોગસામર્થ્ય ચિત્તભાવ જે, ધરે મુગતિ નિદાન રે॥ શાં.૮

માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક-પાષાણ રે;
વંદક નિંદક સમ ગણે, ઇશ્યો ૮હોય તું જાણ રે॥ શાં.૯

સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ-મણિ ભાવ રે;
મુક્તિ-સંસાર બેહુ સમ ગણે, મુણે ભવજલધિ નાવ રે॥ શાં.૧૦

આપણો આતમભાવ જે, એક ચેતના ધાર રે,
અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે॥ શાં.૧૧

પ્રભુમુખથી ઇમ સાંભળી, કહે આતમરામ રે;
તાહરે દરિસણે નિસ્તર્યો, મુજ ૯સિધ્યાં સવિ કામ રે॥ શાં.૧૨

અહો અહો હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે;
અમિતફળ દાન દાતારની, જેહથી ભેટ થઇ તુજ રે॥ શાં.૧૩

શાંતિસરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ-પર-રૂપ રે;
આગમમાંહિ વિસ્તર ઘણો, શાન્તિજિન ભૂપ રે॥ શાં.૧૪

શાંતિસરૂપ ઇમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાન રે;
'આનંદઘન' પદ પામશે, તે લહેશે બહુ માન રે॥ શાં.૧૫

પાઠાંતરે ૧. સ્વરૂપ ૨. કિમ ૩. અવિતત્થ ૪. સુચી ૫. પરિહરે ૬. સાત્ત્વિક ૭. સિદ્ધરે ૮. હોયે ૯. સિધાં

---

આ સ્તવન પ્રશ્નોત્તર રૂપે છે તેમાં આનંદઘનજી મહારાજા પરમ શાંતિના ભંડાર એવા શાંતિનાથ પ્રભુ આગળ શાંતિનું સ્વરૂપ જાણવા અરજ ગુજારી રહ્યા છે અને શાંતિનું સ્વરૂપ જણાવી રહ્યા છે.

**શાંતિજિન એક મુજ વિનતી, સુણો ત્રિભુવનરાય રે;**
**શાંતિસ્વરૂપ કિમ જાણીએ, કહો મન કિમ પરખાય રે.. ૧**

**અર્થ :** હે પ્રભો! આપ શાંતરસના ભંડાર છો ત્રણભુવનના રાજા છો. મારી આપને એક વિનંતી છે કે આપનામાં રહેલ તે શાંતરસના ભંડાર સ્વરૂપ શાંતિપદ હું કેવી રીતે જાણી શકું ? મારા મન વડે તેની કેવી રીતે પરીક્ષા કરી શકું ? તે આપ કૃપા કરીને મને કહો!

**વિવેચન :** હે પ્રભો! આ સંસાર અનાદિ અનંતકાળથી આધિ-વ્યાધિ અને ઉપાધિથી ભરેલો છે. સમગ્ર સંસારના લોકો તેના ત્રિવિધ તાપથી તપીને ભડથાની જેમ ભૂંજાઇ રહ્યા છે તે તાપમાં તપતા જીવોને શાંતિ શું વસ્તુ છે તેનું સ્વરૂપ કેમ સમજાય? શું શાંતિ આ જગતના બાહ્ય ભૌતિક પદાર્થમાંથી પ્રાપ્ત થાય તેવી વસ્તુ છે? એ બુદ્ધિ કે મનથી જાણી શકાય એવી વસ્તુ છે ખરી ? એની પરીક્ષા કેવી રીતે કરાય? મનનો સહારો લીધા વિના આ માર્ગ હાથ ચડવો પણ અતિમુશ્કેલ છે. પંડિત પુરુષો મન એ જ આત્મા છે એમ કહે છે અને મન તો શાંતિનો વિરોધ ઉભો કરનાર છે કારણકે મન છે માટે જ તો સંકલ્પ-વિકલ્પ છે અને સંકલ્પ-વિકલ્પ એ જ તો સંસાર છે. વળી સંકલ્પ-વિકલ્પ તો પ્રત્યક્ષ શાંતિનો ભંગ કરનારા છે એવું અનુભવાય છે તો પછી હવે હું દ્વિધામાં પડ્યો છું કે આ શાંતિનું સ્વરૂપ કોના બળે જાણી શકાય? અને કેવી રીતે પામી શકાય?

---

પરને જાણવું નહિ, પરનો ઉપયોગ કરવો નહિ, અને
સ્વને જેવો જાણ્યો છે તેવો વેદવો તેનું નામ ધ્યાન છે.

પુણ્યના ઉદયે ગમે તેટલા ભૌતિક પદાર્થો મળે પણ જો શાંતતા ન હોય તો જીવને ચેન પડતું નથી. અશાંત મન એ સદાને માટે અસ્થિર જ હોય છે. શાંતિ વિના એક ક્ષણ પણ ન ચાલે એવી જીવની સ્થિતિ છે અને શાંતિ કેમ મળે? ક્યાંથી મળે? એનો જીવને ખ્યાલ નથી એટલે આખું વિશ્વ મૂંઝવણમાં પડ્યું છે.

યોગીરાજ પોતે તો શાંતરસના ભંડાર સમા છે. તેઓ તો પ્રતિપળે શાંતિ અનુભવી રહ્યા છે પરંતુ આપણા જેવા અજ્ઞાની જીવોને કાંઇક બોધ થાય અને તેઓ વાસ્તવિક તત્ત્વને સમજે તે હેતુથી આપણા વતી પ્રભુને અરજ ગુજારી રહ્યા છે.

મહાપુરુષોના હૃદય અગાધ કરૂણારસથી છલકાતા હોય છે. તેઓ જગતના જીવોના અશાંત હૃદયને જોઈ શકતા નથી માટે તેઓ કોઇ પણ હેતુથી સંસારમાં શાંતિને પામે - સ્વસ્થતાને પામે - પ્રસન્નતાને પામે - અશુભકર્મના બંધથી અટકે' - પરલોકમાં દુર્ગતિ ન પામે; એ માટે થઈને એક માત્ર કરૂણાબુદ્ધિથી તેઓ આ કહી રહ્યા છે.

**'જ્ઞાનીના હારદને જાણે જ્ઞાનીઓ'**. અજ્ઞાની જીવો જ્ઞાનીના હૃદયને કળી શકતા નથી. અંતરમાં વિશુદ્ધિનો જન્મ ન થાય ત્યાં સુધી આત્મતત્ત્વની પ્રાપ્તિ તો દુર્લભ છે જ પણ આત્મતત્ત્વને પામેલા આવા પુરુષની પિછાણ પણ દુર્લભ છે.

પરમ શાંતરસમાં ઝીલતા ચૈતન્યમૂર્તિ વીતરાગ પ્રભુ મળ્યા અને નિર્વાણના પ્રતિનિધિ સમા નિર્ગ્રંથ ગુરુ મળ્યા છતાં આ જીવને હજુ પણ શાંત રસ હાથ લાગતો નથી. એ કેમ પ્રાપ્ત થાય એ સમજાતું નથી. એ જીવની કેવી કફોડી દશા છે? અનાદિ અનંત સંસારમાં પરિભ્રમણ કરતા

---

જાણવું, બીજાને જણાવવું એ જ્ઞાનનું વ્યવહાર કાર્ય છે.
જ્યારે આનંદમાં રહેવું એ જ્ઞાનનું નિશ્ચય કાર્ય છે.

આત્માને સુખ અને દુઃખ બન્ને મળ્યા છે. એકલું દુઃખ જ મળ્યું છે એવું નથી. વચ્ચે વચ્ચે સુખનો સમય પણ આવ્યો છે. ભોગો પણ મળ્યાં છે. તારક દેવ અને ગુરુ પણ ભેટ્યા છે છતાં આશ્ચર્ય એ વાતનું છે કે તેને હજુ શાંતિ મળી નથી અને શાંતિ સમજાઈ નથી. જે વિનાશી હતું તે બધું જ જીવને મળ્યું છે અને સમજાયું છે પણ જે અવિનાશી છે તે સમજાયું પણ નથી અને મળ્યું પણ નથી. આ કડી દ્વારા યોગીરાજનો ભવ્ય જીવોને એ અનુરોધ છે કે હે ભવ્યાત્માઓ! તમે શાંતિને ઓળખો, શાંતિને પામો! સોળમા શાંતિનાથ પ્રભુની ઉપાસના શાંતિ પામવામાં છે કારણકે સૂત્રકૃતાંગમાં પરમાત્મા કહી રહ્યા છે કે -

॥ **संबुज्झहा जंतवो** ॥... હે જીવો! તમે બુઝો! સારી રીતે બુઝો!

કારણ કે મનુષ્યપણું મળવું દુર્લભ છે અને ચારેગતિને વિષે ભય છે એમ જાણો. આખો લોક એકાંત દુઃખે કરી બળે છે એમ સમજો અને સર્વ જીવો પોત-પોતાના કર્મે કરીને દુઃખ અનભવે છે તેનો વિચાર કરો!

આમ સંસારમાં સર્વ જીવોને શાંતિ-સમાધિ દુર્લભ છે માટે તે કેમ મળે? એ હેતુથી આનંદઘનજી હૃદયમાં અપાર કરૂણા લાવી આપણા ઉપકારને અર્થે પ્રભુ આગળ શાંતિપદની પ્રાપ્તિનો ઉપાય પૂછી રહ્યા છે. જે જ્ઞાની પુરુષો ભૂતકાળને વિશે થઈ ગયા અને જે ભાવિમાં થવાના છે, તે સર્વેએ શાંતિને એટલે કે બધા વિભાવોથી થાકવું, પાછા ફરવું અને સ્વમાં ઠરવું; તેને ધર્મનો આધાર કહ્યો છે. પ્રાણી માત્રને જેમ પૃથ્વી એ આધાર છે તેમ સર્વ પ્રકારના કલ્યાણનો આધાર શાંતિ છે. તે જિંદગીનો ધ્રુવકાંટો છે. પછી તે જિંદગી ચાહે તો એકાકી, નિર્ધન અને નિર્વસ્ત્ર હોય તો પણ તે પરમ સમાધિનું સ્થાન છે. જ્યાં સુધી આત્મા આત્મભાવને

સ્વરૂપનું જેવું જ્ઞાન છે તેવું ધ્યાન દ્વારા વેદન કરવાથી જ્ઞાન નિરાવરણ બને છે. પૂર્ણ બને છે.

છોડીને દેહભાવમાં વર્તે છે ત્યાં સુધી તેને સાચી શાંતિ થવી દુર્લભ છે. જીવનમાં જે કાંઇ કરવાનું છે કે જે કાંઇ કહેવાનું છે તે સહજભાવમાં રહીને કરવાનું છે ને કહેવાનું છે.

**ધન્ય તું આતમા જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે;**
**ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસ રે.. શાંતિજિન..૨**

**અર્થ :** હવે આ બીજી કડીમાં આનંદઘનજી મહારાજે પૂછેલા પ્રશ્નનો જાણે સાક્ષાત્ શાંતિનાથ પ્રભુ જવાબ ન આપતા હોય તેમ પ્રત્યુત્તરમાં કહે છે કે, "હે આત્મન્ ! તને ધન્ય છે કે શાંતિનું સ્વરૂપ જાણવા અંગેનો તને પ્રશ્ન ઉદ્ભવ્યો અને તે સ્વરૂપની તને જિજ્ઞાસા જાગી. તો હવે હું તને શાંતિનું પ્રતિભાસ એટલે શાંતિના પ્રતિબિંબ જેવું આબેહુબ યથાર્થ સ્વરૂપ કહું છું, તે તું ધીરજ રાખીને સ્વસ્થ ચિત્તે સાંભળ!

**વિવેચન :** સંસારમાં રખડતા આત્માને શાંતિનું સ્વરૂપ જાણવાની જિજ્ઞાસા જાગવી એ બહુ મુશ્કેલ છે. દર્શનમોહ અર્થાત મિથ્યાત્વ મોહની મંદતા થયા સિવાય જીવને તત્ત્વની જિજ્ઞાસા જાગતી નથી. બધાજ કર્મોમાં સૌથી ભયંકર કર્મ હોય તો તે દર્શનમોહ છે જે જીવની સાચી સમજ ઉપર આવરણ ઉભું કરે છે. સમજરૂપી ચક્ષુ ઉપર પાટા બાંધી જીવને અનંતકાળથી રખડાવે છે. એક જ્ઞાની કહે છે કે **આપણી ખોટી માન્યતા, આપણી ખરી ક્ષમતાને કુંઠિત કરે છે.**

ઘરબાર છોડીને ત્યાગી બનેલા આત્માને પણ આત્મતત્ત્વની રૂચિ ન જાગવા દેનાર અને લોકૈષણા વગેરેમાં ફસાવનાર આ ભયંકરમાં ભયંકર કર્મ દર્શનમોહ છે, જે જીવને પંડિત બનાવે છે છતાં તત્ત્વની રૂચિ જાગવા દેતું નથી.

---

જ્ઞાન આનંદનું લક્ષણ છે. એથી જ સંસારીનું જ્ઞાન સદા સુખને તલસે છે.

આત્મા ઉપરથી પ્રકૃતિનો અર્થાત્ મોહનો અધિકાર ઉઠે છે અને જીવ કાંઈક હળુકર્મી બને છે, પછી જ જીવને તત્ત્વ જાણવાની જિજ્ઞાસા થાય છે. આ જિજ્ઞાસા નામનો ગુણ યોગની આઠ દષ્ટિમાંથી બીજી દષ્ટિમાં પેદા થાય છે અને પછી ક્રમે કરીને તે વિકસે છે. આવી તત્ત્વને જાણવાની જિજ્ઞાસા થાય છે, ત્યારથી માંડીને જીવ અધ્યાત્મના માર્ગમાં પ્રતિ સમયે અસંખ્ય-અસંખ્યગુણ નિર્જરા કરતો આગળ વધે છે. જિજ્ઞાસા એ આત્માના ઉત્થાનની યોનિ છે; માટે આત્મકલ્યાણ કરવા તત્ત્વની જિજ્ઞાસા જાગવી કે શાંતિનું સ્વરૂપ જાણવાની ઈચ્છા થવી તે અતિદુર્લભ છે; માટે તેવા જીવોને પ્રભુ ધન્યવાદ આપે છે. હે આત્મન્! શાંતિના સ્વરૂપને જાણવાની તને જિજ્ઞાસા થઇ, તને એવા ભાવ જાગ્યા, પ્રશ્ન પૂછવાનો અવકાશ મળ્યો, તે માટે તને ધન્ય છે. નિકટ મુક્તિગામી આત્માઓને જ આવી ભાવના જાગે છે, માટે તું તારા ચિત્તને સ્થિર કરીને ધૈર્યપૂર્વક શાંતિનું સ્વરૂપ સાંભળ! શાંતિનું જેવું સ્વરૂપ છે તેવું જ સ્વરૂપ હું તને કહું છું; તે તું સાંભળ!

સાક્ષાત્ શાંતિનાથ ભગવાન જ જાણે ન કહેતા હોય એમ એ શાંતિનાથના પ્રતિબિંબ રૂપ પ્રતિમા કહી રહી છે. પ્રથમ તો શાંતિનો નાશ કરનાર મનની ચંચળતા છે, તેનાથી શાંતિ હણાય છે. વર્તમાનમાં જીવોને પુણ્યનો ઉદય થવાથી જે પ્રકૃતિ જન્ય પદાર્થો ધન, માલ મિલ્કત, ગાડી, વાડી, લાડી, પત્ની, માતા, પિતા, પુત્રાદિમાં જે શાંતિ દેખાય છે, તે વિનાશી શાંતિ અથવા વિયોગી શાંતિ જાણવી. તે માત્ર મનની ભ્રમણા છે.

સંસાર એ અશાંતિનો ધગધગતો ગોળો છે-અગન જાળ છે - ખારા પાણીનો દરિયો છે કે જેમાં શાંતિ કે મીઠાશનું નામ માત્ર નથી. શાંતિનો પ્રતિભાસ એટલે આભાસ માત્ર છે. માટે હે ભવ્યો ! સંસારનું

---

અસાર-અશાંત સ્વરૂપ સમજીને તમે હૃદયમાં ઉતારો !

શાંતિમાં અશાંતિનો અને અશાંતિમાં શાંતિનો ભાસ કરાવનાર મન જ છે. મન જ એવું સમજાવે છે કે હે જીવ! શાંતિનો માર્ગ કાંઇ સહેલો નથી પડ્યો. એ તો તલવારની ધાર પર ચાલવા જેવો કે લોખંડના ચણા ચાવવા જેવો દુષ્કર છે. એ માર્ગે આગળ વધવામાં તો વિઘ્નોની વણઝાર આવે છે અને તું તો સુકોમળ કાયાવાળો છે. તારું એમાં કામ નહિ! એના કરતા પુણ્ય ઉપાર્જનનો માર્ગ ગ્રહણ કર! જેમાં સંસારની બધી સગવડતાઓ મળી રહેશે અને ચિત્તમાં શાંતિ પણ અનુભવાશે. આમ ભૌતિક પદાર્થની પ્રાપ્તિમાં સુખનો અનુભવ કરાવી ખુટ્ટલ અને કુટ્ટલ મન તેમાં શાંતિ પણ દેખાડી દે છે. આ શાંતિ નથી પણ શાંતિનો આભાસ છે. ખુટ્ટલ મન જીવની અજ્ઞાનતાનો બરાબર ગેરલાભ ઉઠાવી જીવને ઊંધે રવાડે ભટકાવી મારે છે.

અનાદિ અનંતકાળથી અનંતાનંત આત્માઓ, આ દર્શનમોહ જન્ય ભ્રમણાના પ્રભાવે જ્યાં શાંતિનો લેશ નથી, એવા ભૌતિક પદાર્થોમાં શાંતિ વિનાં રખડી રહ્યા છે અને સાચી શાંતિ તેમજ તેને પ્રાપ્ત કરાવનાર આધ્યાત્મિક સમજથી વંચિત રહ્યા છે. કોઇ ભવ્યાત્માના ભાગ્ય જોર કરતા હોય તેને જ શાંતિનું સાચું સ્વરૂપ સમજાવનાર સદ્‌ગુરુ મળી જાય છે, તેનો ઉપદેશ સાંભળવા મળે છે અને તેથી તે આત્માનો રાહ પકડી લે છે.

સુખ કે શાંતિ ભૌતિક પદાર્થોમાં નથી તેમ ધર્મની સમજણ વિનાની માત્ર કોરી ધર્મ ક્રિયાઓમાં નથી પણ ભીતરમાંથી પ્રગટેલ સાચી સમજમાં છે. આ વાત જીવને જ્યારે સમજાઇ જાય છે ત્યારે તે દરેકે દરેક પરિસ્થિતિમાં સુખી જ રહે છે. પ્રભુ ઉપસર્ગોની વચ્ચે પણ દુઃખી નથી

થયા પણ પરમશાંતિ અનુભવી કર્મને ખપાવ્યા જ છે. સુખદુઃખ કે શાંતિ-અશાંતિનું કારણ બાહ્ય પદાર્થો કે બાહ્ય પરિસ્થિતિ નહિ, પણ આપણી અંદર પડેલ રાજસ-તામસ-સાત્ત્વિક વૃત્તિ છે. ભૌતિક પદાર્થો કે ધર્મની ક્રિયાઓ થોડા સમય પુરતી શાંતિ આપી શકે પણ કાયમ માટે નહિ. સમજ વિના પ્રતિકૂળ સંયોગોમાં શાંતિ ટકવી મુશ્કેલ છે.

**ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે;**
**તે તેમ અવિતત્થ સદ્દહે, પ્રથમ એ શાન્તિપદ સેવ રે...શાંતિ..૩**

**અર્થ :** સુવિશુદ્ધ અને અવિશુદ્ધ એટલે સારા અને નરસા, જે જે ભાવો જિનેશ્વર પરમાત્માએ, જે રીતે કહ્યા છે; તે તેમ જ છે. તેમાં જરા પણ શંકાને સ્થાન નથી એવી અંતરમાં દૃઢ શ્રદ્ધા કરવી, તે શાંતિ પદને પામવાનો પહેલો ઉપાય છે.

સ્યાદ્વાદ શૈલિએ વિચારીએ તો જે સ્વ સમય છે-જે સ્વભાવ છે, તે સુવિશુદ્ધભાવ છે અને જે પર સમય છે તે વિભાવ ભાવ છે-અશુદ્ધભાવ છે. તેને તેવી જ રીતે તર્ક-વિતર્ક કર્યા વિના માને-સદ્દહે-અનુસરે તે જ શાંતિપદ પ્રાપ્તિની પ્રથમ સેવા છે. શાંતિધારક સમકિતી કેવો હોય તેના લક્ષણ આ ગાથામાં ગૂંથ્યા છે.

**વિવેચન :** આત્માથી ભિન્ન દેહ-ઇન્દ્રિય-સ્વજન-ધન-કુટુંબાદિ પદાર્થોમાં સુખ-શાંત-સમાધિ-આબાદી અને સમૃદ્ધિની કલ્પના જીવને અનાદિકાળથી છે અને તે જીવનો અવિશુદ્ધભાવ છે. તે જ રીતે જીવને અનાદિથી ત્યાગ-તપ-સંયમ-જ્ઞાન-ધ્યાન વગેરેમાં દુઃખબુદ્ધિ છે, ત્યાજ્ય બુદ્ધિ છે તે પણ જીવનો અવિશુદ્ધ ભાવ છે જે આત્મ અહિતકર ભાવ છે.

જ્યારે જ્ઞાન-દર્શન-ચારિત્ર-ક્ષમા-સંતોષ વગેરે આત્માના ક્ષાયિક

અશાતા વેદનીયને ન વેદવી અને શાતાવેદનીયના પુણ્યોદયરૂપ મળેલા સાધનોનો ત્યાગ કરવો તે મોક્ષમાર્ગ છે.

ભાવના ગુણોની જાણ થવી અને તેમાં જ સુખ-શાંતિ-સમાધિની બુદ્ધિ થવી તે વિશુદ્ધભાવ છે. ક્ષાયિકભાવના ગુણો એ જ મારા છે, એ જ આત્માનું સાચું ધન છે અને તેનો ઉપાય ત્યાગ-તપ-સંયમની આચરણા અને જ્ઞાન-ધ્યાન છે તથા તે દ્વારા આત્મામાં માધ્યસ્થ પરિણતિ કેળવવી તે વિશુદ્ધભાવ છે. નવતત્ત્વ, છ દ્રવ્યો, ચૌદ રાજલોકનું સ્વરૂપ, દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ, રસબંધના સ્થાનો, સ્થિતિબંધના સ્થાનો, કષાય, લેશ્યા, ચૌદ ગુણસ્થાનક, અઢાર પાપસ્થાનક આ બધું જિનેશ્વર ભગવાને જેવું કહ્યું છે તે તેવું જ છે, તેવો યથાર્થ નિર્ણય કરી તે જ રીતે શ્રદ્ધાન કરવું. આશ્રવ એ સર્વથા હેય છે અને સંવર એ ઉપાદેય છે એમ દઢ શ્રદ્ધાન કરવું, એ શાંતિપદ પામવાનો પ્રથમ ઉપાય છે.

**સમ્યગ્ દર્શન પામવા માટે વૈરાગ્ય-ઉપશમભાવ-ભક્તિ અને તત્ત્વ નિર્ણય; આ ચાર ચીજ જોઈએ. વૈરાગ્ય-ઉપશમભાવ-ભક્તિ ત્રણ હોય પણ તત્ત્વ નિર્ણય ન હોય તો સમ્યગ્ દર્શન ન થાય. અન્ય દર્શનમાં વૈરાગ્યાદિ ત્રણ હોઈ શકે છે પણ તત્ત્વનિર્ણય - સિદ્ધાંતબોધ નથી, નય વિવક્ષા નથી, તેથી ત્યાં સમ્યકત્વની પ્રાપ્તિ દુષ્કર છે. કોઈક જીવો પૂર્વની જબરજસ્ત આરાધના કરીને કોઈક વિરાધનાથી અન્ય દર્શનમાં જન્મ્યા હોય, સાધનાનું પ્રબળ બળ હોય, આગ્રહો સંપૂર્ણ છૂટી ગયા હોય, ગુણરૂચિ-ગુણ પક્ષપાત દઢ થયો હોય તો સમ્યગ્ દર્શન પામી શકે અને ન પામ્યા હોય તો પતંજલિ, તામલી તાપસ વગેરેની જેમ તે જ ભવે કે ભવાંતરે તત્ત્વબોધ પામી આગળ વધી જાય. એક પણ તત્ત્વ સાચું પકડાયું હોય અને કદાગ્રહ વગેરે ન હોય તો જીવ ક્રમે કરીને આગળ વધે. તત્ત્વનિર્ણય હોય પણ વૈરાગ્યાદિ ન હોય તો પણ ગ્રંથિભેદ થાય નહિ.**

**સમ્યક્ત્વની બાબતમાં હું દેહ નથી, દેહ સંબંધી પદાર્થો મારા**

---

નથી, હું પરનો કર્તા કે ભોકતા નથી; આ ચાર બાબત નિશ્ચિત થાય, તો જ તત્ત્વ નિર્ણય આવ્યો કહેવાય. સાથે તેમાં ઈશ્વર જગતકર્તા નથી વગેરે બાબતનો ખ્યાલ આવવો જોઈએ.

જે જડ ચેતનભાવો અવલોક્યા છે મુનીન્દ્ર સર્વજ્ઞે
તેહવી આંતર આસ્થા પ્રગટે, કહ્યું છે તેહને દર્શન તત્ત્વજ્ઞે

તત્ત્વનિર્ણય દ્વારા ભેદજ્ઞાન કરવાનું છે. જડ-ચેતનને જુદા પાડવાના છે અને પછી આત્મામાં રહેવાનું છે. વેદનીય કર્મનો ઉદય થતાં જીવે અશાતાને આત્મ પ્રદેશે વેદવી પડે છે. તે વખતે જો ભેદજ્ઞાન સંપૂર્ણ પ્રગટ થયું ન હોય તો આત્મા દેહાકારે પરિણમે એટલે દેહને પોતાનો માની લઈ વેદે છે અને તેને લઈને આત્માની શાંતિનો ભંગ થાય છે. દેહથી આત્માને જુદો પાડી પરમ શાંત રસને અનુભવવા મહાપુરુષોએ સઘળા શાસ્ત્રો રચ્યા છે. જેમ તેજાબથી સોનું અને કથીર જુદા પડે છે, તેમ જ્ઞાનીના ભેદ વિજ્ઞાનના જાપ રૂપ તેજાબથી અગુરુલઘુ સ્વભાવવાળું આત્મદ્રવ્ય જુદું પડીને સ્વધર્મમાં આવે છે.

સમકિત આવ્યા વિના કોઈને સહજ સમાધિ કે સાચી શાંતિ થાય નહિ. સમકિત થવાથી તે સહેજે થાય. સહજ સમાધિ એટલે બાહ્ય કારણો વિનાની એટલે અનુકૂળ કારણોના અભાવમાં થતી સમાધિ. જેને શાતા અને અશાતા બન્ને સમાન છે તેને સહજ સમાધિ રહે.

જ્યાં સુધી આત્મા, આત્મભાવને છોડીને દેહભાવે વર્તે છે અને 'હું કરુ છું !' 'મેં કર્યું !' એવી બુદ્ધિમાં રહે છે, ત્યાં સુધી તેને સાચી શાંતિ થવી દુર્લભ છે.

આત્માને ઓળખવો હોય તો આત્માના પરિચયી થવું પડે અને

---

જે દષ્ટિમાં ઉદારતા, કૃતજ્ઞતા, અદીનતા, વિશ્વાસપાત્રતા, પ્રેમ છે તે દષ્ટિ ચૈતન્યદષ્ટિ છે.

પરવસ્તુના ત્યાગી થવું ઘટે. સદ્ગુરુના આશ્રયે રહી મનોનિગ્રહરુપ તપ આચરવું પડે. ધર્મ ધ્યાનનું વારંવાર અવલંબન લેવું ઘટે. તેમ થતાં અનંતાનુબંધીની ચોકડીનો ક્ષયોપશમ થતાં તે જીવમાં સૌમ્યતા, શાંતતા અને ઉદાસીનતા ઝળકે છે. તત્ત્વના યથાર્થ નિર્ણય વિના તત્ત્વનું શ્રદ્ધાન થતું નથી અને તેના વિના ગ્રંથિભેદ થતો નથી-તેના વિના સમ્યગ્ દર્શન થતું નથી, માટે યોગીરાજ આનંદઘનજી મહારાજ સમ્યગ્ દર્શનના કારણભૂત તત્ત્વ શ્રદ્ધાન અને તત્ત્વ નિર્ણય ઉપર ભાર મૂકી રહ્યા છે. અગુપ્ત વીર્યથી રત્નત્રયીને આરાધવાનું કહી રહ્યા છે, રત્નત્રયી આરાધક તત્ત્વજ્ઞ જીવોને પરમશાંતિનો માર્ગ પ્રાપ્ત થવા યોગ્ય છે.

માથાનો વાઢનારો કે કંઠનો છેદનારો પોતાનું જેટલું અહિત નથી કરતો તેટલું અહિત અતત્ત્વમાં તત્ત્વની બુદ્ધિ કરે છે. અતત્ત્વમાં તત્ત્વની માન્યતાથી આખું જગત ભટકી રહ્યું છે. અવળી માન્યતા અવળી ચાલે ચલાવે છે. જગતને પોતાની વિપરીત માન્યતાની ભયાનકતા ભાસતી નથી. વિપરીત માન્યતા એ જ સૌ પ્રથમ અશાંતિ પદનું કારણ છે.

પ્રભુ વીતરાગ છે એમ સમજાય તો પ્રભુની સર્વજ્ઞતાની શ્રદ્ધા આવે અને તો તેના વચન ઉપર વિશ્વાસ બેસે એટલે જ કલ્પસૂત્રના રચયિતા ચૌદ પૂર્વધર શ્રુતકેવળી મહર્ષિ ભદ્રબાહુસૂરિજી પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસની વાત કરે છે.

**સ્વપ્નદશામાં જેમ ન બનવા યોગ્ય એવું પણ પોતાનું મૃત્યુ જીવ જુએ છે તેમ અજ્ઞાનદશારૂપ સ્વપ્નયોગે આ જીવ પોતાને, પોતાના નહીં એવા બીજા દ્રવ્યને સ્વપણે માને છે. જીવની આ અવળી માન્યતા એ જ તો સંસાર છે, તે જ અજ્ઞાન છે. નરકાદિ ગતિનો હેતુ તે જ છે, તે જ જન્મ છે, મરણ છે, તે જ અશાંતિ છે, અશાંતિપદનું કારણ છે.**

---

નિર્વિકલ્પ ધ્યાન એટલે ન તો જાણવું, ન તો વિચારવું, ન તો યાદ કરવું કે ન તો ઈચ્છવું.

**એનાથી વિપરીત સ્વમાં સ્વપણાની માન્યતા તે જ જ્ઞાન છે. સદ્‌ગતિનું કારણ છે, સમકિતનું બીજ છે. તે જ શાંતિ છે અને શાંતિપદનું કારણ છે. સ્વમાં સ્વપણાનું ભાન નહિ અને પરમાં સ્વ બુદ્ધિને જ મિથ્યાત્વ કહેલ છે. જે પોતાનું નથી, પારકું છે તેને પોતાનું માનવું એ અપરાધ છે; એવો જીવન વ્યવહાર છે. એવા અપરાધી ગુનેગારને રાજ્યક્ષેત્રે રાજશાસન દંડે છે તો પછી ધર્મક્ષેત્રે ધર્મશાસન એને દંડે નહિ તેવું બને?**

**આગમધર ગુરુ સમકિતી, ક્રિયા સંવર સાર રે;**
**સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવ ધાર રે... શાન્તિ.. ૪**

**અર્થ :** આગમધર એટલે શાસ્ત્રોના સમ્યગ્ બોધવાળા, સમ્યગ્ દર્શનથી વિભૂષિત, એક માત્ર સંવરની ક્રિયાને જ આચરનારા અર્થાત્ આશ્રવભાવ અને બંધભાવને નહિ સેવનારા એટલે કે સદા સમિતિ-ગુપ્તિમાં રહેનારા, ગુરુપરંપરાથી પ્રાપ્ત સંપ્રદાયમાં ચાલતી શુદ્ધ સામાચારીને અનુસરનારા, પરિચયમાં આવનાર કોઈને પણ પોતાના સ્વાર્થ ખાતર નહિ ઠગનારા, પરમ પવિત્ર એવી આત્માની અનુભૂતિને ધારણ કરનારા, તે લોકોત્તર શાસનના ગુરુપદે બિરાજવા યોગ્ય છે અને આવા ગુરુદ્વારા જીવને શાંતિપદ પ્રાપ્ત થઈ શકે તેમ છે.

**વિવેચન :** જિનાગમોમાં પ્રભુની વાણી શબ્દરૂપે ગૂંથવામાં આવી છે, તે વાણીનું અમૃતપાન જેણે ગુરુપાસે રહીને વિનયભાવે કર્યું છે અને પછી તેને વાગોળી વાગોળીને આત્મસાત કર્યું છે; તેવા ઉત્સર્ગ-અપવાદ, નિશ્ચય-વ્યવહાર, નય-પ્રમાણ, દ્રવ્ય-પર્યાય, જ્ઞાન-ક્રિયા વગેરેના સમ્યગ્ બોધવાળા ગીતાર્થ અને સંવિગ્ન ગુરુ એ આગમધર શબ્દથી વિહિત છે.

સ્વ-પર બન્નેનું એકાંતિક અને આત્યંતિક હિત કરવું હોય તો

માર્ગનો યથાર્થ બોધ જોઈએ. **સાધવો શાસ્ત્રચક્ષુષા** એ વાક્ય દ્વારા સાધુઓ શાસ્ત્રરૂપી ચક્ષુવાળા કહ્યા છે. આત્મા જ્ઞાનમય છે તેની યથાર્થ ઓળખ શાસ્ત્ર દ્વારા થાય છે. શાસ્ત્રના પઠન-પાઠન-ચિંતન મનનથી જ સાધુ સાધુપણામાં રહી શકે છે અને આગળ વધી શકે છે. પોતાની સાધુતાને ચકાસી શકે છે. શાસ્ત્ર એ દર્પણ છે જે તમે કેવા છો? અને ક્યાં છો? તેને બતાડે છે. ગુરુની પાસે વિનય પૂર્વક ભણવાથી વિનયભાવ આરાધાય છે અને તેથી જ્ઞાન સમ્યગ્ પરિણામ પામે છે.

આવા શાસ્ત્રોના સમ્યગ્ પરિણમનથી જેઓ આત્મજ્ઞાની બન્યા છે તે સમ્યગ્ દર્શનથી શોભી રહ્યા છે અર્થાત્ જેઓ માત્ર શાસ્ત્રજ્ઞાની જ નથી પણ આત્મજ્ઞાની પણ છે. **સમ્યગ્દર્શન એ આત્માની વીતરાગ પરિણતિનો અંશ છે. કેવલજ્ઞાનનો બીજાંશ છે માટે સમ્યગ્ દર્શનને સર્વગુણાંશ એવુ વિશેષણ આપવામાં આવ્યું છે.** આત્મજ્ઞાનમાં-આત્માની અનુભૂતિમાં જેટલી નિર્મળતા તેટલા અંશમાં સમકિતને શુદ્ધ કહ્યું છે. પાંચમી સ્થિરાદૃષ્ટિના સમ્યગ્ દર્શન કરતાં છઠ્ઠી કાન્તાદૃષ્ટિનું સમ્યકત્વ વધુ નિર્મળ માનવામાં આવ્યું છે. પાંચમી દૃષ્ટિમાં અનંતાનુબંધી કષાયનો ક્ષયોપશમ હોતે છતે બાકીના ત્રણ પ્રકારના કષાયોના ઉદયમાં અપ્રશસ્તતા આવી શકે છે માટે ત્યાં અતિચાર લાગવાની સંભાવના રહે છે. જ્યારે છઠ્ઠી દૃષ્ટિમાં બાકીના ત્રણ પ્રકારના કષાયોના ઉદયમાં પ્રશસ્તતા હોય છે માટે પ્રાયઃ ત્યાં અતિચારની સંભાવના નથી; માટે છઠ્ઠી કાન્તા દૃષ્ટિના સમ્યક્ત્વને નિર્મળ સમ્યક્ત્વ માનવામાં આવ્યું છે.

આવા નિર્મળ સમ્યક્ત્વને ધારણ કરનારા આત્માની બધી જ ક્રિયાઓ સંવરની પ્રધાનતાવાળી હોય છે અર્થાત્ તેઓની સમગ્ર ચર્યા સમિતિ ગુપ્તિમય હોય છે. આત્મભાવમાં રમમાણતા હોવાના કારણે

આશ્રવની ક્યાંય પ્રધાનતા નથી, અશુભભાવો તેમને સ્પર્શતા જ નથી અને સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકે રહેવાનું સામર્થ્ય ઘટતા, જીવવીર્યની નબળાઈના પ્રભાવે છટ્ઠા પ્રમત્ત ગુણસ્થાનકે આવે ત્યારે પણ ઉપરના જ અધ્યવસાય સ્થાનોની સ્પર્શના હોવાથી ઉત્પન્ન થતાં શુભભાવો પ્રતિ પણ જ્ઞાતાદૃષ્ટાભાવ જ હોય છે. જીવવીર્યની પ્રબળ જાગૃતિથી ક્યાંય પણ શુભભાવોને મારા માનવાપણું કે તેને સારા માની તેમાં ભળવાપણું નથી હોતું માટે તેઓને ધર્મપુરુષાર્થ નહિ પણ મોક્ષપુરુષાર્થ જ હોય છે. **જ્ઞાનયોગમાં જસ મન વરતે તે કિરીયા સોભાગી**-૩૫૦ ગાથા સ્તવન.

આત્મરમણતારૂપ જ્ઞાનયોગ હોવાથી તેમની ક્રિયા પણ સોભાગી એટલે સુંદર હોય છે. બીજાને જોવી ગમે તેવી હોય છે. ક્રિયામાં જ્ઞાનયોગ વણાયેલો હોવાના કારણે ક્રિયા દર્પણના જેવી સ્વચ્છ હોય છે.

ધારણા મેધાવીની સાથે મર્યાદામેધાવી હોવાથી સંપ્રદાયમાં ચાલી આવેલી પવિત્ર પ્રણાલિકાને આચરનારા, સ્વીકારનારા તેમજ માનનારા હોય છે. આત્મ સ્વરૂપમાં રમમાણ હોવાના કારણે ક્યાંય પણ બળવાખોર વૃત્તિ કે પૂર્વ પુરુષોની મર્યાદાને ઉલ્લંઘવા રૂપ વૃત્તિ જન્મ જ પામતી નથી. યથાછંદા નામના શાસ્ત્રમાં બતાવેલ કુગુરુની જેમ ગમે ત્યારે ગમે તેમ બોલનારા કે ગમે તેમ કરનારા નથી હોતા. પરંતુ દરેક કાર્યનો નિર્ણય શાંતચિત્તે અનેક ગીતાર્થ મહાપુરુષોની સાથે સંવાદિતા સર્જાય તે રીતે કરનારા હોય છે. શાસ્ત્રબોધ વિનાના કે શાસ્ત્રબોધની અલ્પતાવાળા જીવોની બુદ્ધિનો ભેદ કરનારા કે લોકોની શ્રદ્ધાને ભાંગનારા ભંજક તેઓ નથી હોતા. પૂર્વપુરુષો દ્વારા ચાલી આવેલી પ્રણાલિકામાં યુક્તિ કે તર્કને આગળ કરીને કે, શાસ્ત્રની કોઈક પંક્તિને આગળ કરીને તેને ખોટી ઠેરવવામાં અનેક આત્માઓનો બુદ્ધિ ભેદ થાય, ધર્મ કરવામાં શંકિત રહે

અને-તેથી ઉત્સાહ ભંગ થાય તો પછી ત્યાં સંપ્રદાયી વિશેષણની સાર્થકતા ન રહે. માટે તેઓ તેવા નથી હોતા અર્થાત્ સંપ્રદાયી વિશેષણને સાર્થક કરનારા હોય છે.

સંપ્રદાયમાં રહેવા છતાં તેમાં તેઓ રાગભાવથી કે મમત્વભાવથી નથી રહેતાં. અમારો સંપ્રદાય સાચો – અમે સાચા-સારા. અમે જે કરીએ છીએ તે જ બરાબર છે, બીજા કરે છે તે બરાબર નથી; ઇત્યાદિ બોલવા દ્વારા તેઓ પોતાના સંપ્રદાયનો ઉત્કર્ષ અને બીજાના સંપ્રદાયનો અપકર્ષ કરનારા હોતા નથી પરંતુ નિરંતર નિજસ્વભાવની પ્રતીતિમાં જ વર્તતા હોય છે. પોતાની પાસે આવનારાઓને એકમાત્ર વિશુદ્ધ મોક્ષમાર્ગ જ બતાવનારા હોય છે. અર્થ કે કામનો ઉપદેશ આપનારા નથી હોતા તેમજ પોતાની પાસે જે કોઇ આવે તેના દ્વારા પોતાનો અંગત સ્વાર્થ સાધવો, પોતાના કામો કરાવવા કે સામા પાસેથી પૈસા કઢાવવા દ્વારા પોતે નક્કી કરેલા કાર્યો વગેરેને કરાવનારા ન હોવાથી તે અવંચક વિશેષણને સાર્થક કરનારા છે. પોતાના દ્વારા પોતાનો આત્મા પણ ઠગાઇ ન જાય તેની પળે પળ સાવધાની રાખનારા અવંચક છે.

**(શુચિ અનુભવ ધાર રે)** સમ્યગ્દર્શન પ્રગટ થવાથી આત્માની અનુભૂતિ લક્ષ્ય કે પ્રતીતિ વર્તવાને કારણે અનુભવ જ્ઞાનદશા જેમને લાધી છે તેવા હોય છે અને તેનો આધાર પકડીને તેઓ પવિત્રતાના પંથે આગળ વધનારા અને આશ્રિતોને પણ એ માર્ગે આગળ વધારનારા હોય છે.

ચિત્તની નિર્મળતા અને સ્વરૂપનું લક્ષ્ય તીવ્ર થતાં આત્માનુભવની દિશા ખૂલતી જાય છે. આત્માની અનુભૂતિ થતાં પહેલાં કે પછી પણ ચિત્તની નિર્મળતા અને આશયશુદ્ધિના કારણે ઘણી બધી લબ્ધિઓ પ્રગટ થાય છે છતાં પણ તે બધી લબ્ધિઓથી ન ઠગાતા તે તેના પુરુષાર્થને જ

વેગ આપનારી બને છે. તેમની સઘળી પ્રવૃત્તિઓ એકાંતે સ્વ-પરનું હિત-કરનારી અને સચ્ચાઈના માર્ગ ભણીની હોય છે. કર્મના ઉદયે ક્યારેક ગમે તેવી પ્રતિકૂળતાઓ આવે તો પણ તેઓ આત્માનુભવની ધારાને ટકાવનારા હોય છે. આવા વિશેષણોથી યુક્ત આત્માઓ જૈન શાસનના ગુરુપદે બિરાજમાન હોય છે અને તેથી તેઓ પોતાના પરિચયમાં આવનાર સૌ કોઈને શાંતિપદ - સમાધિપદનું પ્રદાન કરનારા હોય છે. મોટે ભાગે આવા આત્માઓ યોગની છઠ્ઠી કાન્તાદૃષ્ટિ કે ક્યારેક તેનાથી આગળ વધીને સાતમી પ્રભા દૃષ્ટિના માલિક હોય છે. જિનેશ્વરો કરતાં નીચેના સ્થાને હોય છે માટે તેઓ યોગેશ્વર કહેવાય છે અને પોતાની શુદ્ધિનો યોગ્ય આત્માઓમાં ઉપદેશ દ્વારા, શક્તિપાત દ્વારા કે દૃષ્ટિપાત દ્વારા સંક્રમ કરવા દ્વારા તેઓને ગ્રંથિભેદ કરાવવામાં નિમિત્ત બનનારા હોય છે. જૈન શાસનમાં આવા સર્વોચ્ચ સ્થાને રહેલા ગુરુઓ હોય છે જેનાથી શાંતિપદ પામી શકાય છે. **ગુરુતા એ માત્ર બાહ્યવેશ કે બાહ્ય ક્રિયાકાંડમાં સમાઈ જતી નથી પણ શાસ્ત્રબોધ અને ગુરુકૃપાથી પ્રગટેલ આત્મપરિણતિમાં છે;** એ લક્ષમાં રાખવા જેવું છે.

**શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાળ રે;**
**તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્વિકી સાલ રે.. શાંતિ..૫**

શાંતિપદના પ્રાપક આત્માઓ કેવા હોય છે તે વાતને હવે પાંચમી ગાથામાં કહે છે.

**અર્થ :** બીજી બધી સઘળી જંજાળનો ત્યાગ કરીને શુદ્ધ આલંબનને તેઓ આદરનારા હોય છે. કામ-ક્રોધાદિ તામસી વૃત્તિઓનો પરિહાર કરીને એક માત્ર સાત્વિક વૃત્તિને જ તેઓ ભજનારા હોય છે. સાત્વિકતાને જ જીવનમાં સાલ એટલે વણનારા-ગૂંથનારા હોય છે.

**વિવેચન :** જેને એક માત્ર મારું શાંતિપદ-સમાધિપદ-આત્મપદ કેમ મળે? તેની જ ચાહના અને લગન હોય છે; તેઓ આ સંસારની કોઈપણ ખટપટમાં પડતા નથી. સંસાર આખો બહારથી કદાચ પુણ્યના ઉદયે સોહામણો દેખાતો હોય, તો પણ તત્ત્વથી બિહામણો છે કારણકે તે સંસાર આધિ-વ્યાધિ અને ઉપાધિરૂપ ત્રિવિધ તાપથી તપ્ત એવો દાહક છે. આધિ એટલે મનની ચિંતા, વ્યાધિ એટલે શરીરના રોગો અને ઉપાધિ એટલે આધિ અને વ્યાધિને લાવનાર આત્મ ભિન્ન અન્ય દ્રવ્યનો સંયોગ. અર્થાત્ આત્મભિન્ન વસ્તુ, વ્યકિત, પરિસ્થિતિ, પ્રસંગનો ઘેરાવો-પળોજણ.

એ દૃષ્ટિએ વિચારતાં આઠ કર્મો, તેની ઉત્તર પ્રકૃતિઓ, તેનાથી થતા રાગાદિ ભાવો, શરીર, ઇન્દ્રિય, વાણી, શ્વાસ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, પત્ની, પરિવાર, ધન, ધાન્ય, માલ, મિલ્કત, ગાડી, વાડી, લાડી આ બધું જ ઉપાધિ છે અને તેથી તે જંજાળ છે. કહેવત પણ છે કે ઝાઝા છોયડા, ઝાઝા ખોયડા, ઝાઝા ઢોયડા એને ઝાઝી ઉપાધિ. શાંતિ પદનો ચાહક આત્મા આ બધી જંજાળનો ત્યાગ કરે છે. જ્યારે આત્મા પરમાત્મ સ્વરૂપે ઓળખાય છે, તેની શ્રદ્ધા થાય છે, ત્યારે ઈન્દ્ર અને ચક્રી આદિ પદવીઓ પણ ઉપાધિરૂપ લાગે છે-જંજાળ લાગે છે. ચારગતિ અને ચોર્યાસીલાખ જીવાયોનિમાં રહેલ તમામે તમામ સ્થાનો એ આત્માના પરમાત્મ સ્વરૂપના લક્ષ્યે ઉપાધિરૂપ જ છે; એમાં કોઈ સંશય જ નથી. માટે દ્રવ્ય અને ભાવ બંનેથી તેનો ત્યાગ થવો એ અધ્યાત્મ સાધનાનો નેગેટીવ એપ્રોચ છે. જે આપણું નથી, માત્ર કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલું છે તે આપણાથી ભિન્ન ન સમજાય, શ્રદ્ધામાં ભિન્નરૂપે ન આવે ત્યાં સુધી સાધનાની શરૂઆત જ થતી નથી. ચક્રી સનત અને નમિ રાજર્ષિને પણ શરીરમાં રોગની ઉત્પત્તિ થતાં સંસારની વાસ્તવિકતા સમજાઈ ગઈ હતી;

---

માટે જ તેનો દ્રવ્ય-ભાવ ઉભયથી ત્યાગ કરવા તેઓ કટિબદ્ધ બન્યા હતા. આમ **'તજી અવર જંજાળ રે'** એ પંક્તિદ્વારા યોગીરાજ શાંતિપદની પ્રાપ્તિનું પ્રથમ સોપાન બતાવી રહ્યા છે. અવર એટલે કે બીજું જે પોતા સિવાયનું પર છે એ જંજાળ છે. બીજું આવ્યું એટલે દ્વૈત થયું. દ્વૈત છે ત્યાં દ્વિધા છે અને દ્વન્દ્વ છે. આત્મા અદ્વૈત છે. અદ્વૈત એવાં આત્માને પામવા દ્વૈતથી છુટવાનું છે એટલે જ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજા ગાય છે;

**''ભક્ત વત્સલ પ્રભુ કરૂણા સાગર, ચરણ શરણ સુખદાઈ**
**'જશ' કહે ધ્યાન પ્રભુકા ધ્યાવત, અજર અમર પદ પાઈ**
**દ્વન્દ્વ સકલ મીટવાઈ સખીરી...''**

પુદ્‌ગલની લોથને સાથે રાખીને ચાર ગતિમાં ફરી શકાય પણ અધ્યાત્મના માર્ગે આગળ વધી શકાય નહિ.

**(શુદ્ધ આલંબન આદરે)** - શાંતિપદની પ્રાપ્તિ માટે સાધનાનો નેગેટીવ એપ્રોચ નિષેધાત્મક અભિગમ બતાવ્યા પછી હવે પોઝીટીવ એપ્રોચ-વિધેયાત્મક અભિગમ બતાવે છે. શાંતિપદના ચાહક આત્માઓ વ્યવહારનયે દેવ, ગુરુ શાસ્ત્ર, જિન, પ્રતિમા, સદ્‌ગુરુ વગેરેનું આલંબન લે છે. તેના દ્વારા પોતાના આત્માને અશુભમાંથી બચાવી નિરંતર શુભમાં જ રાખનાર હોય છે. તેમજ નિશ્ચયનયે તત્ત્વદષ્ટિથી તો પરમપારિણામિક ભાવ સ્વરૂપ ત્રિકાળ શુદ્ધ ચૈતન્યમય આત્માનું જ વારંવાર આલંબન લેનાર હોય છે. એકાંત, મૌન, સ્થિરાસન, તત્ત્વનું મનન, ચિંતન દ્વારા અસંગયોગને જ તેઓ સતત સાધવાના લક્ષ્યવાળા હોય છે.

શાંતિપદના ચાહક આત્માઓ ધિક્કાર, દ્વેષ, વૈર, તિરસ્કાર, માત્સર્ય, ઈર્ષ્યા પરાભવ કરવાની વૃત્તિ, બદલો લેવાની વૃત્તિ, નિંદા વગેરે

તામસી વૃત્તિઓનો સતત પરિહાર કરતા હોય છે. તામસી વૃત્તિના ઉપલક્ષણથી મોજ, શોખ, વૈભવ, વિલાસ, એશ, આરામ, ખાન, પાન રૂપ રાજસી પ્રકૃતિનો પણ તેમના અંતરમાં ઉદ્‌ભવ ન થાય તેની તેઓ કાળજી રાખતા હોય છે. આમ તામસી અને રાજસી વૃત્તિઓનો અંત આવતા તેઓ હવે એક માત્ર સાલ એટલે સુંદર-શોભન-સુશોભિત-પ્રશંસનીય એવી સાત્ત્વિકી વૃત્તિઓને જ ધારણ કરનારા હોય છે. સાત્વિકી વૃત્તિઓને જીવનમાં વણી લેનારા-ગૂંથી લેનારા હોય છે. દયા, દાન, સેવા, સહાનુભૂતિ, મૈત્રી, પ્રેમ, કરૂણા, વાત્સલ્ય, નમ્રતા, ઋજુતા, સંતોષ, ક્ષમા એ જીવમાં રહેલ સાત્વિકી વૃત્તિ છે. રાજસી અને તામસી વૃત્તિથી આપણી ચેતના નિરંતર બગડે છે, અશુભ સંસ્કારથી ભાવિત થાય છે, અશુભકર્મના બંધવાળી બને છે એટલે એ ચેતના કુલક્ષણા કહેવાય છે. સાત્ત્વિકી વૃત્તિના સેવનથી સંસ્કારો સુધરે છે, કર્મબંધ શુભ થાય છે એટલે એ ચેતના સુલક્ષણા કહેવાય છે. આવી ચેતનામાં આત્મતત્ત્વ પ્રગટી શકે છે, માટે જ્યારે આવી ચેતના પોતાનું સ્વરૂપ સમજી તેને અભિમુખ થાય છે, તેમ તેમ શુદ્ધિ વધે છે અને તેની તીવ્રતા થતાં ગ્રંથિના ભેદ દ્વારા આત્મા પોતે પોતાને પોતાનામાં પોતાના વડે અનુભવે છે; તે વખતે જે ચેતના હોય છે, તે શુદ્ધલક્ષણા ચેતના કહેવાય છે.

ગુણોની તીવ્ર રૂચિથી કે શુદ્ધાત્માની પ્રાપ્તિની લગનથી આશ્રવ અટકે છે અને વાસ્તવિક સંવર ક્રિયાની શરૂઆત થાય છે. અહિંયાથી અધ્યાત્મની શરૂઆત થાય છે. **જંજાળ એ જમડાની જાલનું અવતરણ છે. એ જંજાળ રાખી એટલે જમડાનુ તેડું આવવાનું જ એને કોઈ પાછું ઠેલી શકે નહિ !** જંજાળ હોય એટલે રાજસી અને તામસીવૃત્તિઓ સહેજે રહે; એટલે અહિંયા યોગીરાજ જંજાળને છોડવા દ્વારા તેના માધ્યમે રાજસી અને તામસીવૃત્તિઓનો પરિહાર બતાવી રહ્યા છે.

---

જેમાં જાણવાની શક્તિ નથી અને જેમાં આનંદ વેદન નથી તે જડ છે.

અજ્ઞાની જીવોને સંસાર જંજાળ નથી લાગતો એટલે એમને શાંતિપદની જિજ્ઞાસા જ જાગતી નથી માટે આવી જેને જિજ્ઞાસા પણ જાગે તેને બીજી કડીમાં ધન્યવાદ આપીને આત્માને આત્મજ્ઞાનના માર્ગે આગળ વધવા પ્રોત્સાહિત કરી રહ્યા છે.

**જે ક્રિયાથી કષાયો કપાય અને સમતા સધાય તે ક્રિયાને જ્ઞાનીઓ સંવર ક્રિયા કહે છે. જ્ઞાન અને ધ્યાનરૂપ અંતરંગભાવોને સાધવાવાળી તે ભલી ક્રિયા છે. આવી ભલી ક્રિયા કરનારને પછીથી કોઈ અનિષ્ટ યોગો છેતરી શકતા નથી.**

**જમડાએ બીછાવેલી મૃત્યુની જાળમાંથી ભલભલા ભડવીરો પણ બચી શક્યા નથી. સંસાર એ દ્વૈતમય છે અને તેથી દ્વંદ્વમય છે, ઈન્દ્રજાળ છે, મોહરાજાની મોહિની છે. રાજા-મહારાજા-ચક્રવર્તીઓ અને દેવોને પણ તે મોહિની મોહ પમાડી રહી છે. તેમાંથી કોઈક વિરલ આત્માઓ જ મુક્તિનો માર્ગ શોધીને મુક્ત દશાને વર્યા છે.**

શાંતિપદના સાધક આત્માઓ કેવા હોય તે હવે છઠ્ઠી ગાથામાં બતાવી રહ્યા છે.

**ફળ વિસંવાદ જેહમાં નહિ, શબ્દ તે અર્થ સંબંધી રે;**
**સકળ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવ સાધન સંધિ રે.. શાંતિ..૬**

**અર્થ :** શાંતિ પદના સાધક આત્માઓ જેના ફળમાં વિસંવાદ હોય તેવી કોઈ પણ ક્રિયા કરતા નથી તેમજ તેમના સઘળા વચન પ્રયોગો સમ્યગ્ અર્થનો બોધ કરાવે તેવા હોય છે. તેમની વાણીમાં નયવાદ વ્યાપેલો હોય છે એટલે એમની બધી ક્રિયાઓ મોક્ષના સાધનભૂત સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની જે પરિણતિ, તેની સાથે અનુસંધાન કરાવનારી સુસંગત હોય છે.

**વિવેચન :** શાંતિ પદનો સાધક આત્મા સાક્ષાત્ કે પરંપરાએ જેમાં મોક્ષ ન સધાતો હોય તેવી કહેવાતી કોઇપણ ધર્મની ક્રિયા કરતો નથી. તેની દરેકે દરેક ધર્મક્રિયાઓ મોક્ષરૂપ ફલની સાથે સાક્ષાત્ કે પરંપરાએ સંવાદી બને તેવી જ હોય છે અર્થાત્ તેની રૂચિમાં માત્ર વ્યવહાર-માત્ર ક્રિયાઓ વણાયેલી હોતી નથી પરંતુ શાસ્ત્રના સમ્યગ્બોધથી ઉત્પન્ન થયેલ પરિણતિપૂર્વકની સઘળી ક્રિયાઓ હોય છે. એ કોઇપણ ક્રિયા કરે પછી તે સંસારની હોય કે ધર્મની હોય, તેનો ધ્રુવકાંટો તો સ્વરૂપ તરફ જ લાગેલો હોય છે. **શાંતિપદના ચાહક અને વાહક આત્માને અજ્ઞાની બનીને, પોતાના સ્વરૂપને એક ક્ષણવાર પણ ભૂલીને કાંઈ પણ કરવું પાલવતું નથી.**

**(શબ્દ તે અર્થ સંબંધી રે)** તેની વાણી પદાર્થનો સમ્યગ્બોધ કરાવનારી હોય છે. મોક્ષની સાથે યોજન ન થાય તેવી નિષ્પ્રયોજન તેની વાણી હોતી નથી. આગમનો અભ્યાસ કરનાર જ્ઞાનીને વાદ કરવાની ઈચ્છા જ હોતી નથી કારણકે તે નિરંતર આત્મામાં જ મગ્ન હોય છે. ઉપશમનું સુખ જ તેને વહાલું હોય છે. નિરંતર તે સુખને જ તેઓ માણતા હોય છે. કદાચ કોઈ સંયોગોમાં વાદ કરવાની પરિસ્થિતિ ઉભી થાય તો આત્મસાક્ષીએ પ્રામાણિક રહી છલ, કપટ વગેરેનો આશ્રય લીધા વિના સ્વ-પરના પરિણામ ન બગડે તેવી રીતે તે વાદ કરે છે. જ્ઞાનીની આશાતના ન થાય તે રીતે વાદ કરે છે. માટે તે વાદ સંવાદમાં પરિણમે છે, સ્વ-પરના હિતમાં પરિણમે છે. તેને હાર જીતની કોઇ કામના હોતી નથી માટે વાદકાલમાં પણ તે સમ પરિણામને ત્યજતો નથી. ફળની કામનાથી થતો વાદ વિસંવાદમાં પરિણમે છે, જેના ફળ સ્વરૂપે વેર, વિરોધ, વૈમનસ્ય, દુર્ભાવ, નિંદા, પરાભવ વગેરે જન્મે છે. તેનાથી સમતા હણાય છે. આવા

---

દશ્ય પ્રમાણે જે દષ્ટિ તે સીમિત છે અને કર્તા-ભોક્તા ભાવ યુક્ત છે.
જેવું દશ્ય તેવી દષ્ટિ હશે તો દશ્ય ફરતાં દષ્ટિ ફરશે.

વાદનું ફળ હળાહળ ઝેર સમજી જ્ઞાની તેનાથી દૂર રહી મૌન ધારણ કરે છે. **જેમના ચિત્તમાં વિષમવૃત્તિઓ ઉઠતી નથી, આત્મશાંતિ હણાતી નથી તેવા જ્ઞાનીને જાગતા જ્ઞાની કહ્યા છે.**

**(સકળ નયવાદ વ્યાપી રહ્યો)** જ્ઞાની પુરુષની વાણીમાં નયવાદ વ્યાપેલો હોય છે. તેમની વાણી પરમાર્થ સંબંધી હોય છે. જેનાથી સ્વ-પરનું હિત ન થાય તેવી વાણી તેઓ બોલતા હોતા નથી એટલે તેઓ દેશ-કાળ-સભા વગેરેને ઓળખનારા હોય છે. કયા દેશ-કાળમાં કેવા લોકોને કેવા પ્રકારના નયથી દેશના આપવામાં આવે તો તેમને લાભ થાય; તેનો પુરેપુરો ખ્યાલ કરીને ઉચિત નયથી દેશના આપે છે. જ્યારે દેશના આપે છે ત્યારે પણ પોતે સાચા છે અને બીજા ખોટા છે એવા દૃષ્ટિકોણથી નહિ પણ સામો આત્મા જ્યાં ઉભો છે ત્યાંથી અધ્યાત્મમાં કેમ આગળ વધે ? તે દૃષ્ટિકોણથી બોલતા હોય છે એટલે તેમની વાણીમાં શાંત રસ, કરૂણા રસ, મધુર રસ, ગંભીરતાદિ ભાવો વહ્યા કરે છે; જે સાંભળતા શ્રોતાઓ આનંદ સાથે આશ્ચર્ય અને અહોભાવને અનુભવે છે. તેમના પરિચયમાં આવનારા શ્રોતાઓને કોઠે ટાઢક થાય છે. કષાયનો તાપાગ્નિ બૂઝાય છે એટલે જ **આધિ-વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપથી તપ્ત બનેલા સંસારી જીવોને માટે અધ્યાત્મને પામેલા મહાપુરુષોની દેશના નદીના ઘાટ સમાન છે. મોટા ઘેઘુર વડલાની છાયા સમાન છે.**

**(તે શિવસાધન સંધિ રે)** નયવાદના યથાર્થ બોધ દ્વારા પોતાના જ્ઞાનને વિપુલ અને સ્વચ્છ બનાવી તે નયોનો ઉપયોગ મોક્ષના સાધનરૂપ સમજીને મોક્ષની સાથે સ્વ-પરનું અનુસંધાન થાય તે રીતે કરે છે. **જે નયથી જ્યારે વસ્તુસ્વરૂપની વિચારણા કરતા વિકલ્પોની પરંપરા વધે તે નય સાધના માટે દુર્નય છે અને જે નયથી પદાર્થની વિચારણા કરતા વિકલ્પોની**

સાધના એટલે આત્માના પોતાના જ્ઞાનને સ્વરૂપનો આકાર આપવો અને નહિ કે જ્ઞેયને.

**પરંપરા ઘટે અને સમતા-સમાધિ જળવાય તે નય અધ્યાત્મમાં સુનય છે.**

**શુદ્ધ ઉપયોગને સમતાધારી, જ્ઞાન, ધ્યાન મનોહારી**
**કર્મ કલંકકું દૂર નિવારી, જીવ વરે શિવનારી...**

જે આત્માઓ શુદ્ધ ઉપયોગ દ્વારા સમતા-સમાધિને સાધતા નથી, જ્ઞાન-ધ્યાનને મનોહર બનાવતા નથી તે આત્માઓ કર્મકલંકને દૂર કરતા નથી; માટે તે શાંતિપદના સાધક નથી. નય એ પણ સાધન છે. એ સાધ્ય નથી માટે નયોની માન્યતાને પણ વળગવાનું નથી પણ છોડતા જવાનું છે અને અંતે તો નયાતીત બની સ્વરૂપમાં સમાઈ જવાનું છે. કેવલજ્ઞાન નયાતીત છે. નય એ તો વિકલ્પ છે, શ્રુતજ્ઞાનનો અંશ છે, પદાર્થને જોવા માટેનો દૃષ્ટિકોણ છે, તેથી તેને સાધનરૂપ સમજીને તેનો ઉપયોગ કરવાનો છે. દરેક નય પોતપોતાના સ્થાનમાં સાચા છે એમ સમજી કોઇ પણ નયના આગ્રહવાળા ન બનાય તો જ સમતા-સમાધિ ટકી રહે ! તો જ મોક્ષમાર્ગે આગળ વધાય એવી ભલામણ શાંતિપદના ચાહકને યોગીરાજ કહી રહ્યા છે.

**મનુષ્યની વિચારધારા, સ્થૂલ જગતના વ્યક્ત પર્યાયોના આધારે ચાલે છે. મનુષ્ય જ્યારે સૂક્ષ્મ જગતના ઊંડાણમાં ઉતરે છે ત્યારે તેને ભેદજ્ઞાન થાય છે કે આપણી ધારણાઓ ખોટી છે. જ્ઞાનીના જ્ઞાનમાં અવ્યક્ત અને અજ્ઞાત જગત જણાય છે. સૂક્ષ્મ જગતના નિયમો, કાર્યકારણભાવો સમજાય છે પછી પૂર્વની કલ્પનાઓ બદલાઇ જાય છે.**

**સત્યનો એક મહાન નિયમ છે કે જગતમાં કંઈપણ સર્વથા સમાન નથી અને સર્વથા અસમાન નથી. આ નિયમના આધારે આપણે ચાલીએ તો આપણને સુંદર રાજમાર્ગ પ્રાપ્ત થાય.**

---

નૈમિત્તિક એટલે દ્વૈત અને અનૈમિત્તિક એટલે અદ્વૈત.

ધ્યાન કરવાથી અંદરમાં જે અવ્યક્ત પર્યાય પડેલા છે, તેને આપણે વ્યક્ત કરીએ છીએ. ચૈતન્ય શક્તિ જાગૃત થાય છે. મોહરૂપી ચોરો નબળા પડે છે. આપણી ભીતરમાં અનંત ચેતના છે. અનંત જ્ઞાન છે, અનંત દર્શન છે, તેને વ્યક્ત કરવા રોજ ધ્યાન કરવાની જરૂર છે. સ્થૂલ ઉપયોગ સંસારનું અને દુઃખનું કારણ છે. સૂક્ષ્મ ઉપયોગ મોક્ષનું અને સુખનું કારણ છે. જો આપણે યથાર્થ તત્ત્વને પામવું હશે તો અનેકાન્તદૃષ્ટિનો વિકાસ કરવો પડશે. અનેકાંતની આંખ છે સમતા, તટસ્થતા, મધ્યસ્થતા. એકાંતની આંખ છે વિષમતા. આ અનેકાંતની આંખ બંધ પડી છે માટે દર્શનકારો, વિદ્વાનો, વક્તાઓ આત્માને સાધવાની સાધના પ્રક્રિયા ભૂલી ગયા છે. ઉત્પાદ અને વ્યય એ બાહ્યદૃષ્ટિથી જોઇ શકાય છે પણ ત્રીજી આંખ છે ધ્રુવતાની તે જાંણવાની ક્રિયા કોઇએ કરી નથી. સૂક્ષ્મ જગતને જાણવાની જરૂર છે. ઉત્પાદ-વ્યય એ વિનાશી સત્ય છે જ્યારે ધ્રુવતા એ અવિનાશી સત્ય છે. આપણી દૃષ્ટિનો ધ્રુવકાંટો ઉત્પાદ-વ્યય ઉપરથી ઉઠીને ધ્રુવના તરફ ચોંટે છે ત્યારે પરમાર્થ સાંપડે છે. આ પરમાર્થની પ્રાપ્તિ અને શાંતિપદ એ બન્ને જુદા નથી.

દેવસેનાચાર્ય કૃત નયચક્રમાં નિશ્ચયનયને નય કહ્યો છે અને વ્યવહારનયને ઉપનય કહ્યો છે. નિશ્ચયનય તો ઉપનયથી રહિત છે. ઉપનય કહો કે વ્યવહાર નય કહો બન્ને એક જ છે. નિશ્ચયનય એ રાજા છે અને વ્યવહારનય પ્રધાન છે-દીવાન છે. રાજાની બાજુમાં બેસે પણ રાજાની ગાદી પર ન બેસી શકે તેને દીવાન કહેવાય. નિશ્ચયનય સમતા-સમાધિનો સર્જક છે જ્યારે વ્યવહારનય એ વિકલ્પનો સર્જક છે. નયની જોડે રહે-બાજુમાં રહે તે ઉપનય કહેવાય. અભેદને જે વિષય કરે છે અને અનુપચાર જેનો સ્વભાવ છે તે નિશ્ચયનય છે તેમજ તે અર્થનો

---

નિદ્રાવસ્થાની જેમ જાગૃત અવસ્થામાં વર્તવું
તેને જાગૃત સુષુપ્તિ કહેવાય છે જે નિર્વિકલ્પદશા છે.

**નિશ્ચય કરાવે છે. ત્રિકાળ સામાન્ય એકરૂપ ધ્રુવતત્ત્વ તેને વિષય કરે છે. શુદ્ધાત્માનો નિશ્ચય કરાવે છે. વ્યવહાર એ યોગશુદ્ધિ રૂપ છે એટલે કે મન-વચન-કાયાની શુદ્ધિરૂપ છે જ્યારે નિશ્ચય આત્મશુદ્ધિરૂપ છે. વ્યવહાર એ રાધાવેધની પૂર્વતૈયારી છે જ્યારે નિશ્ચય એ રાધાવેધ છે, જેમાં રાધાવેધ સિવાયનાં બીજા બધાનું વિસ્મરણ છે અને રાધાવેધમાં જ લક્ષ કેન્દ્રિત છે. રાધાવેધ કરાવીને નિશ્ચય વિરમી જાય છે અને ત્યાર પછી પાછો સહજયોગ પ્રવર્તનરૂપ વ્યવહાર છે. એ સિદ્ધિનો વિનિયોગ છે-પ્રાપ્તનું પ્રવર્તન છે.**

**વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે**
**ગ્રહણવિધિ મહાજને પરિગ્રહ્યો, ઈસ્યો આગમે બોધ રે.. શાંતિ..૭**

**અર્થ :** શાંતિપદનો ચાહક આત્મા વિધિ અને પ્રતિષેધને આચરવા દ્વારા કોઈપણ જાતના વિરોધ વગર આત્મા નામના પદાર્થને પ્રાપ્ત કરે છે. તે આત્માને પ્રાપ્ત કરવાનો વિધિ મહાપુરુષોએ પોતે આચરણમાં મૂકીને બતાવ્યો છે અને આગમોમાં પણ શુદ્ધ આત્માનું સ્વરૂપ અને તેની વિધિનિષેધ યુક્ત પ્રાપ્તિનો માર્ગ બતાવવામાં આવ્યો છે.

**વિવેચન :** જે વિધિ અને નિષેધના માર્ગને આચરવાથી કોઈપણ જાતના વિરોધ વિના આત્માની પ્રાપ્તિ ન થતી હોય તે વિધિ અને પ્રતિષેધ માત્ર નામના છે-કહેવાના છે. શાસ્ત્રોમાં જે ઠામ ઠામ વિધિમાર્ગ અને નિષેધમાર્ગ બતાવવામાં આવ્યા છે અર્થાત્ આમ કરવું જોઈએ, આવું કરવું જોઈએ, આમ ન કરવું જોઈએ, આવું ન કરવું જોઈએ; એમ જે જણાવવામાં આવ્યું છે; તે આત્માની પ્રાપ્તિ માટે છે. જો તેના દ્વારા વિશુદ્ધ આત્માની પ્રાપ્તિના માર્ગે આગળ ન વધાતું હોય તો, તે વિધિ-પ્રતિષેધરૂપ આચરણાને આચરવાનો કોઈ જ અર્થ નથી. વિધિ અને પ્રતિષેધનું આલંબન લઈને

---

પરમાત્મા જ્ઞાનસ્વરૂપ (ચેતન તત્વ), જ્ઞાનેશ્વર (કેવળજ્ઞાન શક્તિરૂપે) અને જ્ઞાનાનંદ (વેદનરૂપ ગુણથી) છે.

આત્મા પોતાના આત્મઘરમાં અર્થાત્ સમતા-સમાધિમાં ઠરવો જોઇએ. વિધિ-પ્રતિષેધનું આલંબન લીધા પછી આત્મા આત્મઘરમાં ઠરવાને બદલે મારા-તારાપણાની, સાચા-ખોટાપણાની, સારા-ખરાબપણાની, કલેશ-સંઘર્ષની ભાવનાઓ-વિચારધારાઓ વ્યાપક બનતી હોય; તો તે વિધિ-પ્રતિષેધ વાસ્તવમાં આત્માને પ્રાપ્ત કરાવનાર ન હોવાથી મુમુક્ષુ માટે સત્વરે ત્યાજ્ય બને છે.

જે બાહ્ય-અભ્યંતર તપનું વિધાન જ્ઞાનીઓએ મોક્ષની પ્રાપ્તિ માટે બતાવ્યું છે, તે તપ દ્વારા માત્ર શરીરનું શોષણ જ થતું હોય તો તે તપ મુમુક્ષુ માટે ઉપયોગી બનતો નથી. એમ જે શાસ્ત્રોનું અધ્યયન, આત્માને ઓળખી સમતાને સાધવા માટે છે, તેના દ્વારા પોતાના નામના, કીર્તિ, યશ, અહંકાર વગેરે વધારાતા હોય, તો તે શાસ્ત્ર અધ્યયન મુમુક્ષુ માટે કાર્ય સાધક થતું નથી.

આ રીતે દરેકે દરેક અનુષ્ઠાન પાછળ એકમાત્ર આત્મ પ્રાપ્તિનું લક્ષ્ય સંકળાયેલું રહેવું જોઇએ. તે સિવાય આલોક કે પરલોક સંબંધી કોઇપણ ભાવ તેમાં ભળવો જોઇએ નહિ. આ લોકમાં યશ, નામના, કીર્તિ, પ્રતિષ્ઠા, પૂજા, પ્રશંસાદિની ઈચ્છા તેમજ પરલોકમાં દૈવી સુખોની કામનાથી કરાતી વિધિ-નિષેધાત્મક ક્રિયાથી અવિરુદ્ધપણે અર્થાત્ સરળપણે આત્મા પ્રાપ્ત થતો નથી એટલે કે વિપરીત આશયથી કરાતી ધર્મની ક્રિયાથી જીવને સંસારમાં ભટકવું પડે છે. મોક્ષની પ્રાપ્તિ અલ્પકાળમાં એટલે કે શીઘ્ર થતી નથી. કોઈપણ વસ્તુની સિદ્ધિમાં આશયશુદ્ધિ એ બહુ મહત્વનું અંગ છે. એ ન જળવાય તો કાર્યસિદ્ધિમાં મુશ્કેલી પડે, વિલંબ થાય.

ત્યાગ, તપ, સંયમ, જ્ઞાન, સત્સંગ, વિનય, ભક્તિ કરવા દ્વારા પોતાના આત્માનો બોધ થાય અને જેવો બોધ થયો છે તેવો જ આત્મા

---

ધ્યાન-સમાધિ દ્વારા અનુભવાય તેને અહિંયા યોગીરાજ વિધિ તરીકે ઓળખાવવા માંગે છે. તે જ રીતે હિંસા-જુઠ-ચોરી-મૈથુન-પરિગ્રહ-ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ-ઇર્ષ્યા-અસુયા વગેરે અઢાર પાપસ્થાનકના ભાવો આત્મપ્રાપ્તિમાં બાધક હોવાથી તેનો આત્માની પરમાત્મસ્વરૂપે પ્રાપ્તિમાં પ્રતિષેધ કરવામાં આવ્યો છે. આ બંને દ્વારા આત્માને પરમાત્મસ્વરૂપે અનુભવીને સંસારથી મુક્ત કરવાનો છે. અનાદિથી આત્મસ્વરૂપ કર્મોથી ઢંકાયેલુ હોવાના કારણે ખોવાયેલા જેવું છે તેને કોઈપણ ભોગે પ્રાપ્ત કરવું એ જ એક કર્તવ્ય છે.

આગમમાં પણ આ જ પ્રમાણે કહ્યું છે અને મોટા સાધુ સંતોએ પણ આ જ રીતે આત્માની પ્રાપ્તિ કરેલ છે; માટે જેમને શાંતિનાથ ભગવાનનું સ્વરૂપ કે પોતાના આત્માના સ્વરૂપને જાણવાની કે પામવાની ઈચ્છા હોય તેઓએ પૂર્વોક્ત વિધિ પ્રતિષેધનો માર્ગ આચરીને આત્માને ગ્રહણ કરવો; એવો ભગવાનનો ઉપદેશ છે અને તે સદ્‌ગુરુની પ્રાપ્તિથી થાય છે; એમ જાણવું. આગમોમાં શુદ્ધ આત્માનું સ્વરૂપ પણ બતાવવામાં આવ્યું છે અને તે સિવાય બીજા અચેતન દ્રવ્યો તેમજ ક્ષેત્ર-કાલ સંબંધી વર્ણન પણ વિસ્તારથી કરવામાં આવ્યું છે. **સાચી મુમુક્ષુતા જાગે છે ત્યારે તે આત્મા સર્વત્ર અનાગ્રહી બનીને ગુણગ્રાહી દૃષ્ટિ અપનાવે છે અને પછી શાસ્ત્રોમાંથી કે તે તે કાળે વિદ્યમાન પ્રત્યક્ષ આત્મજ્ઞાની સદ્‌ગુરુના ઉપદેશથી આત્માને પામવાની સાધના પદ્ધતિ શોધી લે છે અને તે દ્વારા આત્માને પામે છે.**

**જ્યાં સાચી મુમુક્ષુતા જાગતી નથી ત્યાં આત્માઓ ઘરબાર છોડીને ચારિત્ર લેવા છતાં, ઘોર તપ-ત્યાગ-કઠોર ચર્યા આચરવા છતાં, શાસ્ત્રો ભણવા છતાં, ક્ષેત્ર અને કાળના ભેદોમાં અટવાઈ જાય છે. તેને**

---

સંયોગ સંબંધમાં કાળ હોય છે. સંયોગ સંબંધ એનું નામ જ કાળ.

જ પોતાના જીવનનો પ્રાણપ્રશ્ન બનાવી, તેને માટે જ હાર-જીતની બાજી લગાવી જીવનનો કિંમતી સમય વેડફી નાંખે છે અને સાધના કર્યા વિના - શુદ્ધિ અનુભવ્યા વિના મનુષ્યભવમાંથી વિદાય લે છે; તેના જેવી કરૂણ ઘટના બીજી કોઈ નથી. વર્તમાન કાળમાં ચાલતા તિથિના પ્રશ્ને, દેવદ્રવ્યના પ્રશ્ને, ગુરૂપૂજનના પ્રશ્ને આવી જ કાંઈ કરૂણ હાલત જૈન શાસનમાં સર્જી છે. મોટા-મોટા માંધાતાઓ પણ એનો ભોગ બન્યા છે. પોતે માનેલા, વિચારેલા અને કલ્પેલા સિદ્ધાંતોને સાચા ઠેરવવા અને બીજાને ખોટા પાડવા તે એટલી હદ સુધી નીચે ઉતરી રહ્યા છે કે જેમાં સાધુતાનું તો લીલામ થઇ જ રહ્યું છે પણ તેનાથી આગળ વધીને માનવતાનું પણ પૂરેપૂરું ખુન થઈ રહ્યું છે; જેમાં શાસનની અવહેલના થઈ રહી છે. વીતરાગ વિજ્ઞાન અને વીતરાગ પ્રણીત લોકોત્તર માર્ગના શોષણ સિવાય બીજું કાંઇ જ જોવા મળતું નથી.

તારક તીર્થંકર પરમાત્માઓએ ફરી ફરીને સંયોગોથી છૂટવાની ભલામણ કરી છે અને મળેલા સંયોગોના ભરોસે રહી માનવભવ ન હારી જવાય તે માટે ચેતવણી આપી છે. સર્વ જગતના જીવો કંઇને કંઇ મેળવીને જ સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે. મોટા ચક્રવર્તી રાજાઓ પણ વધતા વૈભવ પરિગ્રહમાં જ પોતાની જાતને સુખી માને છે પણ આશ્ચર્યની વાત છે કે જ્ઞાનીઓએ તો તેથી વિપરીત જ સુખનો માર્ગ દીઠો છે કે કાંઈ પણ ગ્રહણ કરવું એ જ દુઃખનો માર્ગ છે અને સ્વરૂપમાં રહેવું તે જ સુખનો માર્ગ છે.

બહારનું બધું તો અનંતાભવોમાં બહારથી મેળવ્યું. જ્યાં જ્યાં જે જે મેળવ્યું, તે મેળવી મેળવીને, મેલી મેલી (મૂકી)ને આવ્યા. ભીતરમાં જે મળેલું અને પડેલું છે, તેને મળેલાને મેળવવાના-આપ્તની આપ્તિના

---

બારમા વીતરાગ-ક્ષીણ મોહ ગુણસ્થાનકને પામવાની સાધનાની શરૂઆત ચોથા ગુણસ્થાનકેથી કરવાની છે.

**કોઈ પ્રયત્નો થયા નથી. સુખ તો આનંદ સ્વરૂપે મહીં જ પડ્યું છે કે જેમાંથી જ તે આજેય ઉદ્‌ભવી રહ્યું છે પણ આપણે તેને બહાર પરપદાર્થમાંથી મળે છે એવું માનીએ છીએ. એવા એ આપણી ભીતરમાં આપણા આત્મદ્રવ્યમાં રહેલાં આનંદને બહાર પર્યાયમાં લાવીને અનુભવવાનો છે.**

નિર્ગ્રંથમુનિપણું એટલે સર્વોત્કૃષ્ટ સાધકદશા જેમાં આત્માને પોષક સાધનાના માર્ગમાં જ અસંગપણે વૃત્તિ રમતી હોય. તેથી નિર્ગ્રંથને પરવસ્તુ તરફ પ્રીતિ હોય નહિ. નિર્ગ્રંથને દેહ પણ પર વસ્તુ છે કારણકે આત્મા દેહથી ભિન્ન છે. દેહ વિનાશી છે, આત્મા શાશ્વત છે; એવી એને સ્વાનુભવપૂર્વકની પ્રતીતિ છે; માટે દેહ ઉપર પર તેને મૂર્છા કે આસક્તિ હોય નહિ, આત્મભિન્ન સઘળા પરપદાર્થો પ્રત્યે ઉદાસીનતા જ હોય.

**વ્યવહારની ભૂમિકા પર પ્રતિકૂળતામાં સહન કરવાની વાત છે પણ તે ભૂમિકા વટાવીને આગળ અધ્યાત્મની ભૂમિકાએ રહેલા આત્માઓ માટે તો સહન કરવાની નહિ પણ સ્વીકારની જ ભૂમિકા છે. પ્રભુએ બહુ દુઃખો સહન કર્યા એવું જે કહેવાય છે; એ બાળ જીવોને સમજાવવા માટેનો એમની બાળભાષામાં કરાતો વ્યવહારનય સંમત વચન પ્રયોગ છે. હકીકતમાં તો પ્રભુએ પ્રેમથી તે સંયોગોને આવકાર્યા છે અને આત્મામાં રહી ચિદાનંદની મસ્તી માણી છે. કર્મોને પ્રેમથી આમંત્રી તેમના દેણા ચૂકવી અલવિદા કહીને પ્રેમથી વિદાય આપી છે અને ઋણમુક્ત થઈને મુક્તિ તરફ પ્રયાણ કર્યું છે; તે વાત ભૂલવા જેવી નથી.**

**દુષ્ટજન સંગતિ પરિહરી, ભજે સુગુરુ સંતાન રે;**
**જોગ સામર્થ્ય ચિત્ત ભાવ જે, ધરે મુગતિ નિદાન રે.. શાંતિ..૮**

**અર્થ :** શાંતિ પદના ચાહક મોક્ષાભિલાષી આત્માએ દુષ્ટ

---

બાહ્યમાં ત્યાગ અવસ્થા એ દશ્ય છે. જ્યારે અભ્યંતરમાં વૈરાગ્ય એ દષ્ટિ છે.
કારણ વૈરાગ્ય એ ભાવ તત્ત્વ પ્રધાન છે.

આત્માઓની સોબતનો ત્યાગ કરવો જોઇએ, સદ્ગુરુની પરંપરાને ભજવી જોઇએ. આવી રીતે કરવાથી ક્રમે કરીને ક્ષપકશ્રેણી અને સામર્થ્યયોગ સુધીના ભાવોને સ્પર્શી શકાય છે જે મુક્તિપદની પ્રાપ્તિનું કારણ બને છે.

**વિવેચન :** પરમાર્થને પ્રાપ્ત કરવાને ઝંખતા આત્માઓએ સૌપ્રથમ હલકી મનોવૃત્તિવાળા તામસી અને રાજસી પ્રકૃતિવાળા, નિંદક સ્વભાવવાળા આત્માઓની સોબતનો ત્યાગ કરવો જોઇએ. હલકા માણસનો સંગ કરવાથી આપણું ચારિત્ર પણ કલંકિત થાય છે. જેવો સંગ તેવો રંગ એ કહેવત લોકમાં પ્રચલિત છે. કેરીના કરંડિયામાં માત્ર એક જ કેરી ખરાબ હોય તો તેને ફેંકી દેવી પડે છે; નહિ તો તે બાકીની બધી કેરીઓને બગાડે છે. ધર્મીને ત્યાં રહેલો પોપટ રામ-રામ બોલે છે અને કસાઇને ત્યાં રહેલો પોપટ મારો-મારો બોલે છે; આ વાત પણ ખ્યાલમાં લેવા જેવી છે. જ્યાં સુધી જીવ નિમિત્તાધીન છે ત્યાં સુધી સારા નિમિત્તોના સંગમાં જ રહેવું.

સાથે સાથે સુગુરુની પરંપરાને ભજવી જોઇએ અર્થાત્ જેઓ ધર્મધ્યાનમાં સદા તત્પર છે, અભ્યંતર તપને તપે છે, અંતરાત્માને સાધે છે, અનુભવદશા જેમની જાગી ચૂકી છે અને તેમાં જેમણે સ્થિરતા પ્રાપ્ત કરી છે, જેમની પ્રજ્ઞા નિર્મળભાવવાળી બનેલી છે, જેઓ પ્રાણીમાત્રના કલ્યાણમાં રત છે, તેવા મહાત્માઓની મન મૂકીને ભક્તિ કરવી જોઈએ અને પછી તેમની સાથે સત્સંગ કરવો જોઇએ. **પોતાને જે કાંઇ પુણ્યના ઉદયે શુભ મળ્યું છે, તે બધું જ ત્યાગીઓના ચરણે સુપ્રત કરવાના ભાવ જાગ્યા વિના સત્સંગ સાચા અર્થમાં ઉપાસી શકાતો નથી. સત્સંગ એ આત્મા ઉપર સત્નો રંગ ચડાવવા માટે છે. તે માટે અનાદિકાળથી લાગેલ અસત્નો રંગ ઉતરવો જરૂરી છે.**

પોતાને જે કાંઇ મળ્યું છે તે સઘળુ સદ્ગુરુના ચરણે અર્પણ

ધર્મ એ ગુણ તત્ત્વ છે. આપણે ગુણના પૂજારી બનવું. માત્ર નામ-લિંગ-વેશના પૂજારી ન બનવું.

કરવાના ભાવ શિષ્યની-સાધકની પાત્રતાનું સૂચક છે. ગુરુબહુમાનનું સૂચક છે. એકલવ્યે ગુરુ દક્ષિણામાં ગુરુદ્રોણાચાર્યને અંગુઠો કાપીને આપી દીધો હતો, તે ખાસ ખ્યાલમાં રહેવું જોઇએ. સદ્‌ગુરુની કૃપાથી સાધક જ્યારે શુદ્ધાત્માને અનુભવે છે ત્યારે તેના મુખમાંથી ગુરુપ્રત્યેના અહોભાવ સૂચક શબ્દો સરી પડે છે.

**અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણા સિંધુ અપાર;**
**આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.**

**શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન**
**તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન..**

**આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન**
**દાસ, દાસ હું દાસ છું, આપ પ્રભુનો દીન...**

**(જોગ સામર્થ્ય ચિત્ત ભાવથી-ધરે મુગતિ નિદાન રે)** ગમે તેવો મહાન સાધક હોય તો પણ તેને સાધુસંતોની ઓથ તો જોઈએ જ; ઓથ વગરનો અનાથ કહેવાય. ધણી વગરના ઢોર હરાયા બની જાય. બૌદ્ધમત ભણવા ગયેલા પોતાના શિષ્ય હંસ અને પરમહંસના બૌદ્ધો દ્વારા રચાયેલા કાવતરાથી મૃત્યુ સમાચાર જાણીને જૈન શાસનના તે કાળના સમર્થ આચાર્ય પૂ.પાદ હરિભદ્રસૂરિજી મહારાજા પણ ક્રોધાવિષ્ટ થઇ ગયા હતા અને બૌદ્ધોને ઉકળતા તેલના કડાયામાં તળી નાંખવા તૈયાર થયા હતા; ત્યારે તેમને બચાવનાર તેમના ગુરુ જ હતા. અગ્નિશર્મા અને ગુણસેનના નવ-નવ ભવોને જણાવનારી ગાથા મોકલીને તેમને પ્રતિબોધ કર્યા હતા. જેના પ્રભાવે ક્રોધના લાવારસમાંથી બહાર નીકળી પશ્ચાતાપના પવિત્ર જલથી પોતાના આત્માને શુદ્ધ કર્યો હતો.

રામકૃષ્ણ પરમહંસ જેવા ઉચ્ચકક્ષાના સાધકને માથે પણ તોતાપુરી જેવા ગુરુ હતા તો તેમણે પરમહંસને "મા કાલી"ની તીવ્ર વાસનામાંથી છોડાવ્યા હતા. પરદેશમાં જઈને આર્યસંસ્કૃતિનો જબરજસ્ત પ્રચાર કરનાર વિવેકાનંદના માથે પણ રામકૃષ્ણ પરમહંસ જેવા ગુરુ હતા. અનંતલબ્ધિના નિધાન ગૌતમ ગણધરના માથે પણ વીર પરમાત્મા જેવા પરમગુરુ હતા. **આત્મજ્ઞાની ગુરુ એ જીવતા જાગતા નાથ છે. જ્યાં આત્મજ્ઞાની ગુરુ રહેલા હોય તેવા સંપ્રદાયની કિંમત ઘણી છે.**

આત્મજ્ઞાની સન્માર્ગદર્શક ગુરુની સહાયથી જીવ ક્રમે કરીને ધર્મ સંન્યાસ અને યોગ સંન્યાસ સ્વરૂપ સામર્થ્યયોગની ભૂમિકા સુધી પહોંચી શકે છે. સામર્થ્ય યોગ એટલે ક્ષપકશ્રેણી. તેમાં ચિત્તનો ભાવ ઉત્કૃષ્ટ અને સુવિશુદ્ધ હોય છે, જે સર્વસંગનો ત્યાગ કરાવી અંતે મુક્તિપદની પ્રાપ્તિનું કારણ બને છે. આમ અધ્યાત્મમાં ગુણસ્થાનક ક્રમારોહની શ્રેણીએ ચઢવા માટે આત્મજ્ઞાની સદ્‌ગુરુની કિંમત ઘણી આંકવામાં આવી છે. મોટા ભાગના જીવો મધ્યમ શક્તિ, સત્ત્વ અને શુદ્ધિવાળા હોય છે; તેથી તેઓ નિમિત્તની અસરને ઝીલીને આગળ વધનારા હોય છે; માટે તેઓને આત્મજ્ઞાની ગુરુ મળે તો તેમનો વિકાસ ઘણો થઇ શકે તેમ છે. તે કારણથી **અધ્યાત્મના માર્ગમાં આત્મજ્ઞાની ગુરુનો યોગ એ અત્યંત જરૂરી છે અને તે મોક્ષની પ્રાપ્તિનો રાજમાર્ગ છે; તેમાં કોઈ શંકાને સ્થાન નથી. પરંતુ ક્યારેક કોઈક આત્માઓ ભૂતકાળની અતિવિશિષ્ટ સાધના દ્વારા કલ્પનાતીત શુદ્ધિને વરેલા હોય અને કોઇ તેવા પ્રકારના સંયોગોને કારણે તેમને કોઇ ગુરુ કરેલા ન દેખાતા હોય, તો તે નિંદા-ટીકા-ટીપ્પણ કરવા યોગ્ય નથી પણ તેમના દ્વારા અનેક આત્માઓ પામી રહ્યા છે; તેમ જાણી તેમની તેવા પ્રકારની જ નિયતિ હતી માટે આમ બનવા પામ્યું છે, એમ સમાધાન કરી શાંત રહેવા જેવું છે. અન્યથા જ્ઞાનીપુરુષની**

---

**આશાતના એ જેવું તેવું પાપ નથી. તેનાથી જીવ દીર્ઘસંસારમાં પણ રૂલી શકે છે. શાસ્ત્રોમાં સ્વયં સંબુદ્ધ અને પ્રત્યેક બુદ્ધની કક્ષાનો ઉલ્લેખ તો સર્વને વિદિત જ છે.**

મોક્ષે જવાનુ લક્ષ્ય સાચું હોય તો પોતાની નિર્વિકારી, નિર્વિકલ્પ દશા સંતત યાદ આવે અને તેવા જીવને સ્વમત અને સ્વવિકલ્પનો આગ્રહ રાખવો પાલવે નહિ અને બીજાનું ખંડન કરવું ગમે નહિ. પોતાનુ ઘર દેખાય પછી ત્યાં પહોંચવાની જ ઉતાવળ હોય! ઘર આવ્યું જણાતા પશુઓની ચાલમાં પણ વેગ આવી જાય છે.

આપણી બુદ્ધિમાં જે ન બેસે તે બધું જ ખંડનને યોગ્ય નથી પણ મૌન ધારણ અને અપેક્ષા વિશેષથી સમાધાન એ જ ત્યાં આગળ વધવાનો માર્ગ છે. ક્યારેક લાયક અને પરિણત શિષ્યને પોતાના ઉપકારી એવા ગુરુની પણ કોઈક વાત ન બેસે, તે યુક્તિથી તોડી શકાય તેવી પણ તેના માટે હોય, તો ત્યાં તે શિષ્ય તેનું ખંડન કરતો નથી પણ મૌન રહે છે; પોતાના ઉપકારી છે, એમ માનીને ચિત્તમાં સમાધાન કરે છે; એ સારી વાત છે. **ગુરુ છદ્મસ્થ છે માટે ગુરુના ભક્ત બનવાનું હોય છે તેમ ગુરુના સાક્ષી પણ બનવાનું છે. જ્યારે ભગવાનના તો માત્ર ભક્ત-અનન્ય ભક્ત જ બની રહેવાનું હોય છે.**

તો જેમ પોતાના ઉપકારી ગુરુની ખોટી લાગતી એવી વાતનું પણ ખંડન ન કરાય તેમ, જે આ ધરતી પર અનેકના ઉપકારી હોય તેવા આત્મજ્ઞાની અને એકાવતારી મહાપુરુષની વાત પણ પોતાની બુદ્ધિમાં ખોટી જણાવા માત્રથી તે ખંડનને યોગ્ય બનતી નથી. અન્યથા મર્યાદા ભંગ થાય. આજે થોડો ઘણો શાસ્ત્રબોધ થયો, કાંઈક લખતા અને પાટ ઉપર બેસીને બોલતા આવડ્યું માટે તે વ્યક્તિ પોતાની સમજ અને બુદ્ધિને

---

ગુરુમાં રહેલ ગુરુતાને લઘુ ભાવે સ્વીકાર કરે તે શિષ્ય અને
ભગવાનમાં રહેલ ભગવદ્‌ભાવનો સ્વીકાર કરે તે ભક્ત !

શાસ્ત્રાનુસારી છે એમ માની લઈ બીજાનું ખંડન કરવા બેસી જાય છે પણ આ અધ્યાત્મનો માર્ગ નથી, મુક્તિનો માર્ગ નથી. **મુક્તિનો માર્ગ પ્રેમપૂરક પદ્ધતિ છે.** જેમાં સામા આત્માની ભૂલ દેખાય તો પ્રેમથી તેને સુધારવાની છે અને તે શક્યતા ન દેખાય અથવા પોતાનું પુણ્ય અલ્પ દેખાય તો ત્યાં મૌન રહેવાનું છે પણ ખંડનમંડનના આટાપાટા ગૂંથીને બુદ્ધિનો વિલાસ વધારવાનો નથી; નાના મોઢે મોટી વાત કરવા મંડી પડવાનું નથી પણ ખૂણામાં બેસીને પોતાને જે સાચું લાગે તે અપનાવી સાધનાના માર્ગે આગળ વધવાનું છે અને મુક્તિપંથે પ્રયાણ કરવાનું છે.

શાસ્ત્રોમાંથી પોતાની વાતને સમર્થન કરનારા દૃષ્ટાંતો મળે તેટલા માત્રથી પોતાની વાતને સાચી ઠેરવી-બીજાને ખોટા ચીતરી પ્રભુ શાસનમાં સંક્લેશનુ વાતાવરણ ઊભું કરવાનું નથી.

**સાંપ્રદાયિક દૃષ્ટિ એ બંધિયાર દૃષ્ટિ છે, તેમાં રહેલો જીવ પોતાની માન્યતા કે પોતાની આચરણાથી વિપરીતતા જોવા મળે ત્યારે તેને માધ્યસ્થ દૃષ્ટિથી-સ્યાદ્‌વાદ દૃષ્ટિથી મુલવી શકતો નથી અને તેનું ખંડન કરવા લાગી જાય છે. કોઈ પણ પદાર્થને ખંડનાત્મક દૃષ્ટિથી જોતાં વીતરાગમાર્ગના વીતરાગી રહસ્યો ખૂલતા નથી. તે માટે તો દૃષ્ટિમાં વીતરાગતાનું, મધ્યસ્થતાનું, સ્યાદ્‌વાદનું, અનેકાંતવાદનું અંજન આંજવુ પડતું હોય છે.**

આપણી માન્યતા, વિચારણા અને આચરણાની બહાર પણ સત્ય હોઇ શકે છે એ વાત સમજ્યા વિના વાસ્તવિક તત્ત્વ પરિણમતું નથી. કલિકાલમાં પંચમકાળના હુંડા અવસર્પિણીકાળમાં બહારથી ત્યાગમાર્ગ ન હોય, કર્મના ઉદયથી ગૃહસ્થપણામાં હોય છતાં અંદરથી વિશુદ્ધિનો પ્રકર્ષ જોવા મળતો હોય તો ત્યાં મહાપુરુષતા હોઈ શકે છે. મહાપુરુષની

---

મહાપુરુષતા એ ક્યાં રહ્યા છે અને શું કરે છે તે જોવામાં નથી પણ તેના અંતઃકરણમાં અને વચનમાં પ્રતિષ્ઠા કોની છે ? તે જોવામાં છે.

**મહાપુરુષની મહાપુરુષતા એ છે કે તેઓ ગચ્છ, મત, સંપ્રદાયના મતભેદોથી હંમેશા દૂર હોય છે. વાડાબંધી, ફિરકાબંધી, કિલ્લેબંધી ઉપર બહુભાર ન આપતા સર્વત્ર વીતરાગ પરિણમન કેમ પ્રગટે ? તેના ઉપર જ તેઓનું લક્ષ્ય વિશેષ હોય છે. દુષમ કાળના પ્રભાવથી મહાપુરુષોએ કહેલી કોઇ વાત બુદ્ધિમાં ન બેસે તો પણ તેનું ખંડન કરનારા હોતા નથી કારણકે આજે જે વાત ન બેસતી હોય તે જ વાત અંતઃકરણની વિશુદ્ધિ વધતા, ઉદાર અને વિશાળ દૃષ્ટિકોણ અપનાવતા, અપેક્ષા વિશેષથી સમાધાન થતાં સમજાઇ જાય છે. માટે મારી બુદ્ધિમાં જે ન બેસે, અથવા તો શાસ્ત્રોમાં જે વાત જોવા ન મળતી હોય તેવી વાત કોઇ પ્રામાણિક અનુભવી પુરુષ વિશેષ કહે તો તે ન સમજાય તો પણ મૌનપણે-ગર્ભિતપણે સ્વીકારનારા હોય છે અથવા તો તત્ત્વ તો જ્ઞાની જાણે, આપણે શું વિશેષ કહી શકીએ ? એમ વિચારી સમાધાન કરનારા હોય છે.**

આ વિષયમાં પુણ્યપાલ નરેશને આવેલા સ્વપ્નોના ફળાદેશમાં ખુદ ભગવાન્ દ્વારા કમળના સ્વપ્નનો અપાયેલો ફળાદેશ વિચારણીય છે. આપણી આંખો ઉઘાડનારો છે. સરોવરોમાં કે ઉપવનોમાં કમળો ઉગશે નહિ, ઉકરડામાં ઉગશે પણ તેની કોઈ કિંમત કરશે નહિ. આવા સ્વપ્નનો ફળાદેશ પ્રભુએ એ કર્યો છે કે ઉત્તમ આત્માઓ, એકાવતારી કે દ્વિ અવતારી કે અલ્પ કાળમાં મોક્ષે જનારા આત્માઓ જૈનકૂળોમાં પ્રાયઃ જન્મશે નહિ. સામાન્ય કૂળોમાં જન્મશે પણ ત્યાગમાર્ગ લઇ શકશે નહિ તેથી લોકો તેને ઓળખી શકશે નહિ. તેના દ્વારા લોકોને જે લાભ થવો જોઇએ તે થશે નહિ. કોઇ વિરલા જ તેને આંતરચક્ષુથી ઓળખી આત્મકલ્યાણ સાધશે.

વર્તમાનકાળમાં થઇ ગયેલા એક આત્મજ્ઞાની પુરુષે પોતાનામાં ક્ષાયિક સમ્યકત્વ હોવાનું જણાવ્યું છે. આગમપ્રધાન શૈલિવાળા જીવોને તો આ વાત ઉપહાસ કરવા જેવી જ લાગે તે સ્વાભાવિક છે પણ અધ્યાત્મ પ્રધાન શૈલિ જેની પાસે છે સમાધાનકારક વલણ અપનાવી વસ્તુને ન્યાય આપી શકે છે અને શોધે છે કે આગમની પ્રધાનતાએ જોતા તો કલિકાલમાં ક્ષાયિક સમ્યકત્વ ન જ હોય કારણકે તે માટે તો પહેલું સંઘયણ જોઇએ, મોક્ષગમન કાળ જોઇએ વગેરે વગેરે.

પણ અધ્યાત્મશૈલિથી વિચારતા એવું સમજાય છે કે જેમ ક્ષાયિક સમ્યકત્વ આવ્યા પછી જતું નથી અને મોક્ષ પામીને જ જીવ રહે છે તેમ કલિકાળમાં અમારામાં જે સમ્યકત્વ પ્રગટ થયું છે તે હવે મોક્ષ પામી ને જ રહેવાનું છે અર્થાત્ ક્ષયોપશમ સમકિત હોવા છતાં તે જવાનું નથી અર્થાત્ અપ્રતિપાતી છે અર્થાત્ ક્ષાયિક નથી પણ ક્ષાયિકવત્ છે. ક્ષાયિક સમકિતનું જે કાર્ય દુર્ગતિપાત વિના શીઘ્રમોક્ષની પ્રાપ્તિ છે તે જ કાર્ય અમારા સમકિત દ્વારા પણ થવાનું છે તે અર્થમાં ક્ષાયિક સમકિતનો પ્રયોગ છે. **વર્તમાનકાળના એક જ્ઞાનીએ આવા સમકિતને જોડણી સમકિત તરીકે પણ ઓળખાવ્યું છે.**

અધ્યાત્મશૈલિ જેને સમજાઈ છે-પરિણમી છે, તે વ્યક્તિ આવું સમાધાન કરીને શાંત-પ્રશાંત-ઉપશાંત બને છે અને મહાપુરુષ પ્રત્યે તેમને વિપરીત પરિણામ થતો નથી. તેમની પ્રત્યેનું બહુમાન યથાવત્ રહે છે. જ્યારે આગમપ્રધાન શૈલિવાળા આગમના શબ્દને જ પકડીને ચાલનારા હોવાથી તેમને આવા વચનોમાં વિસંવાદ જ દેખાતો હોવાના કારણે તરત જ ખંડન કરવા મંડી પડે છે. **આત્મજ્ઞાની-જ્ઞાનાવતાર મહાપુરુષોની વાણીમાં અનંતા આગમો સમાયેલા છે; એ ખ્યાલ હોય**

---

સ્વનો અધ્યાય એટલે સ્વાધ્યાય, જ્યારે પરનો અધ્યાસ કહેલ છે.

**તો તેનું ખંડન કરવાની ભૂલ થાય નહિ.**

ઉત્તમ આત્માઓના ઉત્તમ હૃદયને ઓળખવા માટે હૃદયની ઉત્તમતા જોઈએ, ધીરજ જોઈએ, શાંતતા જોઈએ. સર્વત્ર તર્ક પ્રધાનતા નહિ પણ હૃદય પ્રધાનતા જોઇએ. **એકલી તર્કપ્રધાનતાથી કરાયેલ ઉત્તમ આત્માઓના વચનોનું ખંડન એ અધ્યાત્મની કચાશ સૂચવે છે.** આગમ પ્રધાન શૈલિ યોગની શુદ્ધિ કરવારૂપ ધર્મ બતાવે છે, જે બહારનો માર્ગ છે અને તે વ્યવહારનય સંમત છે. જ્યારે અધ્યાત્મપ્રધાન શૈલિ ઉપયોગ-શુદ્ધિનો માર્ગ બતાવે છે જે ભીતરનો માર્ગ છે અને તે નિશ્ચયનય સંમત છે. આગમશૈલિના નિશ્ચય-વ્યવહાર અને અધ્યાત્મશૈલિના નિશ્ચય-વ્યવહાર ઘણા જુદા છે; જે સમજવા જરૂરી છે.

અધ્યાત્મનો ભીતરી માર્ગ ખૂલે તે જ કટોકટીની પળે સમાધાન શોધી શાંત થઇ શકે. બાકી બીજા બધા તો તર્ક-કુતર્કના વમળમાં ફસાઈને આત્માને વિકલ્પના ભારથી ભારે કરીને - સંસારમાં જ રૂલે છે.

જો ત્રણલોકના નાથ વિશ્વવંદ્ય પ્રભુ પણ કાળના પ્રભાવે બ્રાહ્મણીની કુક્ષીમાં આવી શકતા હોય તો પછી તે જ આ હુંડા અવસર્પિણી કાળના પ્રભાવે જ્ઞાનાવતાર સમા આત્મજ્ઞાની મહાપુરુષો ચારિત્ર ન લઈ શકે અથવા તો જૈનકુળમાં ન અવતરે તો તેમાં આશ્ચર્ય શું છે ? **ઉત્તમ આત્માઓની ઉત્તમતા સર્વત્ર તેમના જન્મસ્થળ, જન્મકૂળ કે તેમની કર્મવશાત્ થતી પ્રવૃત્તિઓથી ન જોતાં - ન તપાસતાં તેમના અંતઃકરણની વિશુદ્ધિ, તેમના અંતઃકરણમાં રહેલ વીતરાગ માર્ગની સર્વોપરિતા, વીતરાગ વિજ્ઞાન ઉપરનો જ ઝોક, આત્માના અકર્તા સ્વભાવની મુખ્યતા, વ્યવહારનયે કર્મના કર્તાભોક્તાપણાનો ઉપદેશ, સંપ્રદાય, મત, મમત્વ, વાડાઓથી મુક્તદૃષ્ટિ વગેરે દ્વારા તપાસવામાં આવે તો જ**

---

જેવું આત્માનુ સ્વરૂપ છે તેવું જ્ઞાન પ્રાપ્ત કરીને તે દશામાં રહેતાં શીખવું તેને ધ્યાન કહેવાય છે.

તેમની વિશેષતા ઓળખી શકાય. તેઓ મતભેદોને ક્યારેય સ્પર્શતા નથી. તેમના જીવન અને ઉપદેશ બધામાં સર્વત્ર આત્માને પરમાત્મ સ્વરૂપે પામવાની જ મુખ્યતા હોય.

વર્તમાનકાળમાં થયેલ એક જ્ઞાનીપુરુષના ઉદ્‌ગારો - જેમાં એમની જૈનમતની શ્રદ્ધાના ભારોભાર દર્શન થાય છે.

**"એક વિષયને અનંતભેદે પરિપૂર્ણ કહેનાર તે જૈનદર્શન છે. પ્રયોજનભૂત તત્ત્વ એના જેવું ક્યાંય નથી. જેમ એક દેહમાં બે આત્મા નથી તેમ આખી સૃષ્ટિમાં બે જૈન એટલે કે જૈનની તુલ્યતાએ આવે એવું એકે દર્શન નથી. આમ કહેવાનું કારણ શું ? તો માત્ર તેની પરિપૂર્ણતા, નિરાગીતા, સત્યતા અને જગત હિતસ્વીતા. બાકીના સર્વ ધર્મમતોના વિચાર જિનપ્રણીત વચનામૃતસિંધુ આગળ એક બિંદુરૂપ પણ નથી. અન્ય પ્રવર્તકો પ્રતિ મારે કંઇ વૈરબુદ્ધિ નથી કે મિથ્યા એનું ખંડન કરું. પ્રિય ભવ્યો! જૈન જેવું એકે પૂર્ણ દર્શન નથી. વીતરાગ જેવો એકે દેવ નથી."**

**"જિનેશ્વરોને એવું કોઈ પણ કારણ નહોતું કે જે નિમિત્તે તેઓ મૃષા કે પક્ષપાતી બોધે, તેમ તેઓ અજ્ઞાની પણ નહોતા કે જેથી મૃષા બોધાઈ જવાય. જૈન પ્રવર્તકોએ મને કંઇ ભૂરશી (ઘણી) દક્ષિણા આપી નથી તેમ એ મારા કાંઈ કુટુંબ પરિવારી પણ નથી કે એ માટે પક્ષપાતે હું કંઈ પણ તમને કહું. પ્રિય ભવ્યો ! તરીને અનંત દુઃખથી પાર પામવું હોય તો એ સર્વજ્ઞ દર્શનરૂપ કલ્પવૃક્ષને સેવો."**

**શાંતિપદના વિષયને પામીને પ્રસંગોપાત આટલું કડવું સત્ય અત્યંત દુઃખ સાથે અત્રે રજુ કરવું પડ્યું છે, જે વર્તમાનકાળની દુર્ભાગ્યપૂર્ણ વાસ્તવિકતા છે. એ ન સ્વીકારીએ તો તે નરી આત્મ વંચના છે. જેને**

---

દુઃખ સાધન છે અને સુખ સાધ્ય છે. સંતો સંયમ-તપ-પરિષહ-ઉપસર્ગ આદિથી આવતા દુઃખોને સાધન બનાવે છે અને સ્વરૂપસુખને સાધ્ય બનાવે છે.

**મોક્ષગામી બની નજીકના ભવિષ્યમાં મોક્ષ પામવાની ભાવના છે, એવા સાધકોએ તો આ બધા દુષણથી છેટા રહેવા જેવું છે. આવા સાધકો માટે જ આટલી રજુઆત થઇ ગઈ છે. આ વાસ્તવિકતાને વ્યક્તિએ સ્વીકારવી કે નહિ તે એની સન્મતિ ઉપર નિર્ભર રહે છે. તે માટે અમારો કોઇ આગ્રહ નથી. કારણકે કોઇ, કોઇનું કાંઇ કરી શકતું નથી એવો દ્રવ્યાનુયોગનો નિયમ છે. દ્રવ્યને કોઇ ફેરવી શકતું નથી અને પર્યાયને ફરતી કોઇ રોકી શકતું નથી.**

**માન અપમાન ચિત્ત સમગણે - સમગણે કનક પાષાણ રે,**
**વંદક નિંદક સમગણે - ઈસ્યો હોય તું જાણ રે.. શાંતિ..૯**

**અર્થ :** જૈન શાસનના મર્મને પામેલા આત્માઓ કેવા હોય ? તે હવે નવમી ગાથામાં કહે છે.

તેઓ પોતાના ચિત્તમાં માન અને અપમાન બન્નેને એક સરખા ગણે છે. સુવર્ણ અને પથ્થરને પણ તુલ્ય ગણે છે. પોતાને વંદન કરે કે પોતાની નિંદા કરે તે બન્નેને પણ સમાન ગણે છે. હે આત્મન્ ! જે આવા હોય તેને તું શાંતિ વાંછુક - શાંતિ સ્વરૂપ યોગી જાણ.

**વિવેચન :** અધ્યાત્મના માર્ગમાં આગળને આગળ વધતાં જ્યારે ચિત્ત અતિનિર્મળ બને છે, સંકલ્પો-વિકલ્પો શાંત થઇ જાય છે ત્યારે તે આત્માઓ અંતરંગ ભાવમાં ઠરી ગયા હોય છે. સ્વરૂપ રમણતા અને સ્વરૂપમાં લીનતાને સાધતા હોય છે ત્યારે તેઓને કોઇ માન આપે કે અપમાન કરે બન્ને વચ્ચે કોઇ જ વિશેષભાવ સ્પર્શતો નથી. માન આપનારો સારો અને અપમાન કરનારો ખરાબ; આવો ભેદભાવ તેમને હોતો નથી. જ્યાં સુધી જીવ માત્ર વ્યવહારની ભૂમિકામાં જ રમે છે ત્યાં

---

કંઈક જોઈએ એ ઈચ્છા ! કંઈક મેળવવું એ લોભ ! અને પર પદાર્થનું ચિત્રામણ એ વિકલ્પ !

સુધી જીવને આવા બધા ભાવો રહે છે. વ્યવહારની ભૂમિકામાં દેહને-નામને-રૂપને પોતાનુ માનવાપણું હોય છે એટલે ત્યાં ઉપર કહેલા ભેદભાવો અડી શકે છે; જ્યારે અધ્યાત્મમાં તો નામ-રૂપ-દેહ ઉપર ચોકડો મૂકીને પોતાના ત્રિકાળ શુદ્ધ પરમાત્મતત્ત્વને પકડવાનું હોય છે એટલે વ્યવહારની ભૂમિકાએ દેહાદિના સ્તરે થતા ભાવો ત્યાં હોતા નથી. આ સ્તવનાના રચયિતા ખુદ યોગીરાજજીએ પોતાના નામ અને રૂપને એટલે સુધી ગૌણ કરી દીધાં કે આજે એમના 'લાભાનંદ' એવા નામ સિવાય બીજી કોઇ હકીકત જાણવા મળતી નથી. જે મળે છે તે કિંવદન્તી-લોક વાયકા છે અને કોઇ સદ્ભાગ્યે આટલા એમના પદો આનંદઘન બહોંતેરી અને આનંદઘન સ્તવન ચોવીશી મળે છે.

**માન અને અપમાન બન્નેને મહાત્માઓ કર્મના ઉદય તરીકે જોતાં હોય છે. માન આપનારો કે અપમાન કરનારો તો નિમિત્તમાત્ર છે. મૂળમાં કર્મનો ઉદય તો મારો છે; એમ સમજીને અધ્યાત્મના ગિરિશિખર ઉપર આરુઢ થયેલા આત્માઓ પોતાના ચિત્તને વિષમ બનવા દેતા નથી. માન આપનાર કે અપમાન કરનાર પોતાનું કર્તવ્ય બજાવી રહ્યા છે. મારો જેવો હિસાબ છે તે પ્રમાણે બધુ મળી રહ્યું છે, તેમાં હું શા માટે મારા ચિત્તને બગાડું ? એમ સમજીને તેઓ તુલ્ય મનોવૃત્તિવાળા રહે છે.**

**તે જ રીતે પોતાની સામે સુવર્ણના ઢગલા થાય કે પથ્થરોના ખડકલા ખડકાય; બન્નેને વિષે તેઓને કાંઇજ ફેર હોતો નથી. તેઓ સમજે કે બન્ને પૃથ્વીના વિકાર છે અને તેથી પુદ્ગલરૂપ છે; તેની સાથે ચૈતન્યમય એવા મારે શું લેવાદેવા છે? પુદ્ગલના પર્યાય પુદ્ગલમાં રહે ત્યારે મારું કર્તવ્ય મારે મારામાં રહેવાનું છે; એમ સમજીને તેઓ સુવર્ણ અને પાષાણમાં તુલ્યભાવવાળા રહે છે.**

---

પર પદાર્થ પ્રતિ (૧) ત્યાગ અને (૨) વૈરાગ્ય તથા સ્વરૂપનું (૩) જ્ઞાન અને (૪) ધ્યાન એ ચાર સાધનાના પાયા છે.

**આવા આત્માઓ વંદક અને નિંદકને પણ સમદૃષ્ટિથી જોતા હોય છે. વંદના અને નિંદા એ તો તેમનો શુભાશુભ પર્યાય છે, જે કર્મના ઉદયજન્ય છે અને તે ક્ષણિક છે, જ્યારે મૂળમાં તો તેઓ પરમાત્મા જ છે. નિંદા કે પ્રશંસા કરનાર જે શબ્દો ઉચ્ચારે છે તે તો ભાષાવર્ગણાના પુદ્ગલો છે; જ્યારે હું તો ચિદાનંદ ભગવાન છું. ચેતન એવા મારે અને ભાષાવર્ગણાના જડ પુદ્ગલોને શું સંબંધ છે ? કાંઈ નહિ !**

વળી વંદક કે નિંદકનો જે સંબંધ છે તે શરીરધારીનો શરીરધારી સાથે સંબંધ છે, જે કર્મના ઉદય જનિત સાંયોગિક સંબંધ છે. શરીરમાં પ્રતિષ્ઠિત આત્મા તો એના અધિષ્ઠાનમાં અધિષ્ઠિત છે; અર્થાત્ એ તો પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે. એ કોઈ અવસ્થામાં અવસ્થિત નહિ થાય તો અવસ્થાથી તદ્દન નિર્લેપ રહી પોતાના અધિષ્ઠાનમાં અધિષ્ઠિત થઈ શકે છે.

મહાપુરુષો આવી જ્ઞાનદષ્ટિના બળે મરણાંત ઉપસર્ગોમાં પણ સમતા ટકાવી શક્યા છે. આવી સમપરિણતિ જેના ચિત્તમાં વર્તે છે તેને તમે યોગી જાણો !

હે ચેતન ! સોનુ અને પથ્થર જડ હોવા છતાં સમભાવે રહે છે રાગ-દ્વેષ કરતા નથી તો પછી તું તો ચેતન છે. ચિદાનંદ ભગવાન છે પછી તારે કયા કારણે ભેદ રાખવો ?

અધ્યાત્મની ઊંચી દશાને પામેલા આત્માઓ રાજગાદીને નીચ પદવી સરખી જાણે છે. કોઈથી સ્નેહ કરવો તેને મરણ સમાન જાણે છે. મોટાઈને લીંપવાની ગાર જેવી જાણે છે.

કીમિયા વગેરે જોગને ઝેર સમાન જાણે છે, સિદ્ધિ વગેરે ઐશ્વર્યને અશાતા સમાન જાણે છે, જગતમાં પૂજાવાદિની હોંશને અનર્થ સમાન જાણે

---

બધું જ એકી સાથે જણાય જાય એનું નામ જ્ઞાન.
જ્યારે કંઈક ને કંઈક જાણવા જવું એનું નામ અજ્ઞાન !

છે, પુદ્ગલની છબી એવી ઔદારિકાદિ કાયાને રાખ જેવી જાણે છે.

જગતના ભોગવિલાસને મુંઝાવારૂપ જાળ સમાન જાણે છે, ઘરવાસને ભાલા સમાન જાણે છે, કુટુંબના કાર્યને કાળ અર્થાત્ મૃત્યુ સમાન જાણે છે, લોકમાં આબરૂ વધારવાની ઈચ્છાને સુખની લાળ સમાન જાણે છે.

કીર્તિની ઈચ્છાને નાકના મેલ જેવી જાણે છે અને પુણ્યના ઉદયને વિષ્ટા સમાન જાણે છે.

સર્વ જીવ પ્રત્યે તેમજ સર્વભાવ પ્રત્યે અખંડ એકરસ એવી વીતરાગદશા રાખવી એ જ સર્વ જ્ઞાનનું ફળ છે. આવી વીતરાગદશા આવ્યા પછી મોક્ષ દૂર નથી. આત્મા એ ત્રિકાળ સત્ય છે, ત્રિકાળ સત્ છે; એની સત્તામાં રહીને સઘળા ઉચિત કાર્યો કરવાના છે. જેટલી સંસારને વિષે સારભૂત પરિણતિ મનાશે તેટલી ત્યાં આત્મજ્ઞાનની ન્યુનતા છે, એમ જ્ઞાની કહે છે. જે અંતર્મુખ થઈ, સ્થિર થઇ આત્મામાં જ રહે છે, તે અપાર અને અનંત એવા આત્માના આનંદને અનુભવે છે. સર્વ પરદ્રવ્ય અને તેના સર્વ પરપર્યાયોથી વૃત્તિ પાછી ફરે છે ત્યારે આત્મા અકલેશને અર્થાત્ સમાધિને પામે છે. અકષાય દૃષ્ટિ વડે કષાય ટાળવાની વાત છે. અપરાધીની અજ્ઞાનદશા જોઈને કરૂણા આવે તો તેને ક્ષમા સહેજે અપાય અને તો ઉપયોગ આત્મામાં સ્થિરતા પામે. સ્થિરતા વધારવાનો આ ઉત્તમ કાળ છે. સઘન બનેલી સ્થિરતા દ્વારા જ ક્ષપકશ્રેણીના શ્રીગણેશ મંડાય છે, તે પહેલા નહિ. એ શ્રદ્ધા જ્વલંત કરીને ભવેભવે સમતા-સમાધિ-જાગૃતિ અને આત્મસ્થિરતા વધારતા જવાનું છે; તે માટે થઈને જ આ અમુલ્ય માનવ ભવની પ્રાપ્તિ થઈ છે.

**સર્વ જગજંતુને સમગણે, સમગણે તૃણમણિભાવ રે,**
**મુક્તિસંસાર બેહુ સમગણે, મુણે ભવજલનિધિ નાવ રે..શાંતિ..૧૦**

---

શુભભાવ એટલે મોહમાં સુધારો, મોહનો ક્ષયોપશમ. જ્યારે શુદ્ધભાવ એટલે મોહનો નાશ (ક્ષય).

**અર્થ :** લોકોત્તર એવા શાંતિપદને વરેલો એવો આત્મા સર્વજગતના પ્રાણીઓને સમાન ગણતો હોય છે. તૃણ અને મણિને પણ સમાન ગણતો હોય છે. ચારિત્રના ઊંચા અધ્યવસાય સ્થાનમાં મુક્તિની પણ ઈચ્છા હોતી નથી એટલે મોક્ષ કે સંસાર બંને એને તુલ્ય લાગે છે તેમજ લોકોત્તર સમતા એ તો સંસાર સાગર તરવા માટે નાવ સમાન છે એમ તે માને છે.

**વિવેચન :** શત્રુ અને મિત્ર બન્ને ઉપર લોકોત્તર સમતાને પામેલા યોગીઓ તુલ્ય પરિણામવાળા હોય છે. પોતાની ઉપર ઘોર ઉપસર્ગ કરનાર કમઠ અને ઉપસર્ગનું નિવારણ કરનાર ધરણેન્દ્ર બન્ને ઉપર પાર્શ્વપ્રભુને છદ્મસ્થ અવસ્થામાં તુલ્ય પરિણામ હતો. તે જ રીતે પોતાને ડંખ મારનાર ચંડકૌશિક સર્પ અને પોતાની ભક્તિ કરનાર - પોતાના પગ ચુમનાર ઇન્દ્ર ઉપર વીરપ્રભુને નિર્વિશેષભાવ હતો અર્થાત્ ચંડકૌશિક ખરાબ અને ઇન્દ્ર સારો આવો ભેદ્ભાવ લેશમાત્ર પ્રભુને ચારિત્ર જીવન દરમ્યાન - સાધનાકાળમાં ન હતો. બન્ને પોતપોતાને ઉચિત કાર્ય કરી રહ્યા છે. તે વખતે પ્રભુ એ જ વિચારે છે કે મારું કાર્ય મારા આત્મામાં રહેવાનું છે. લોકોત્તર સમતાની આ પરાકાષ્ઠા છે. આ અવસ્થા કેવળજ્ઞાનરૂપી સૂર્યોદયને પ્રગટ થવા માટે અરૂણોદય સમાન છે. અરૂણોદય થયા પછી જેમ થોડા સમયમાં જ સૂર્યોદય થાય છે તેમ પરાકાષ્ઠાની સમતા આવ્યા પછી વીતરાગતા અને સર્વજ્ઞતા દૂર નથી. લોકોત્તર સમતાને પામેલા યોગી સર્વજગતના પ્રાણીઓને સમ ગણે છે કારણકે તેને ખબર છે કે શુદ્ધસંગ્રહ નયની અપેક્ષાએ આ જગતના તમામે તમામ નાના મોટા જીવો સિદ્ધભગવંતો જેવા જ છે. સ્વરૂપે બધા જ સિદ્ધ સમાન છે. દરેકે દરેક પ્રાણીમાં સિદ્ધત્વ પડેલું છે. **જીવ જાતિના હોવાથી જાતિ ઐક્યતા તો છે જ પણ સત્તામાં પડેલી સ્વરૂપ સમાનતાથી સ્વરૂપ ઐક્યતા પણ છે.** આના કારણે જ છદ્મસ્થ અવસ્થામાં રહેલા પ્રભુની સ્તુતિ કરાય છે...

---

**કમઠે ધરણેન્દ્રે ચ, સ્વોચિતં કર્મ કુર્વતિ**
**પ્રભુસ્તુલ્ય મનોવૃત્તિઃ પાર્શ્વનાથ શ્રિયેસ્તુ વઃ**
**પન્નગે ચ સુરેન્દ્રે ચ, કૌશિકે પાદ સંશ્રિપ્રશી**
**નિર્વિશેષ મનસ્કાય શ્રીવીરસ્વામિને નમઃ**

જેવી આત્મસત્તા સિદ્ધ પરમાત્માની છે તેવી જ આત્મસત્તા નિગોદમાં રહેલા આત્માની પણ છે; ફેર માત્ર એટલો જ છે કે એકની સત્તા પ્રગટ થયેલી છે જ્યારે બીજાની તે સત્તા ઢંકાયેલી છે. એકની પ્રકૃષ્ટ ચેતના છે તો એકની નિકૃષ્ટ ચેતના છે અને પાછા બંનેને કોઇની સાથે વ્યવહાર હોતો નથી. બાકી સત્તાની દષ્ટિએ તો બંને તુલ્ય જ છે, સંગ્રહનય અભેદગ્રાહી છે. ભેદની દષ્ટિને અપનાવનાર તો વ્યવહાર છે. સાપેક્ષ દષ્ટિથી બન્ને નયો પોતપોતાના સ્થાનમાં સાચા હોવા છતાં મોક્ષ પામવા માટે હૃદયની વિશાળતા અતિ આવશ્યક બને છે અને તે માટે તો અભેદગ્રાહી સંગ્રહ નયની દષ્ટિ જ વધુ ઉપયોગી થઇ પડે છે. ભેદનું કથન તો વ્યવહાર ચલાવવામાં અને વસ્તુતત્ત્વને યથાર્થ જાણવા માટે ઉપયોગી છે પરંતુ જીવનને સારી રીતે જીવવામાં અને મોક્ષે પંહોંચવામાં તો અભેદ દષ્ટિ-વિશાળ દષ્ટિ-ઉદાર દષ્ટિ - ઊંડાણવાળી દષ્ટિ - મૂળને પકડાવનાર દષ્ટિ જ ઉપયોગી છે. યોગીરાજ આનંદઘનજી બારમા વાસુપૂજ્ય સ્વામીના સ્તવનમાં જણાવે છે -

**નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ સંગ્રાહક સાકારો રે**
**દર્શન જ્ઞાન દુ ભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારો રે.. વાસુપૂજ્ય..**

**જગતના એક પણ જીવની સાથે આપણે હૃદયથી જુદા પડ્યા એટલે મોક્ષથી જુદા પડ્યા. આપણને આજે જે કાંઇ મળ્યું છે તે ક્ષણિક**

---

દેહને આવશ્યક વસ્તુઓનો અભાવ તેનું જ નામ દરિદ્રતા.
મનને આવશ્યક લાગતી (જોઈતી) વસ્તુનો અભાવ તેનું નામ આસક્તિ તૃષ્ણા.

**સ્વ છે તેના માટે થઈને આપણે ત્રિકાળ સ્વથી લાખો યોજન દૂર થઈ ગયા છીએ.**

ભેદ દૃષ્ટિ-સંકુચિત દૃષ્ટિ-ક્ષુદ્ર દૃષ્ટિ-તુચ્છ દૃષ્ટિ રાખીને તો જીવ અનંતકાળથી સંસારમાં રખડી રહ્યો છે અને ચારેગતિમાં જન્મમરણની દુઃખદ યાતના અનુભવી રહ્યો છે. તેમાંથી છોડાવવા માટે થઈને જ આ જગતમાં તત્ત્વદૃષ્ટિનું આયોજન છે એટલે તત્ત્વદૃષ્ટિ જીવનમાં પરિણામ પામે તો જ મોક્ષ મળે. સ્થૂલદૃષ્ટિથી જીવનારને સંસાર જ છે. સૌ પ્રથમ જીવે **વ્યવહારકુશળ** બનવાનું છે એટલે કે એકબીજા સાથે પ્રેમથી વર્તવાનું છે. ક્યાંય પણ સંઘર્ષ ન થઇ જાય તેની કાળજી રાખીને જીવવાનું છે. ત્યાર પછી **ધર્મકુશળ** બનવાનું છે એટલે કે જ્ઞાનીઓએ બતાવેલ વિધિ અને નિષેધના માર્ગને યથાવત્ આચરવાના છે. તેમાં ગલ્લા તલ્લા કરવાના નથી. ખોટા બચાવ કરી પોતાની નબળાઈને પોષવાની નથી. દંભનું સેવન કરવાનું નથી અને ત્યાર બાદ **આત્મકુશળ** બનવાનું છે અર્થાત્ આત્માને ઓળખી નિરંતર એક માત્ર શુદ્ધાત્માનું લક્ષ્ય કરી આત્મામાં જ સમાઇ જવાનું છે. **જ્ઞેય-જ્ઞાન અને જ્ઞાતા ત્રણેનો અભેદ કરવાનો છે. પરજ્ઞેયોથી વિમુખ થઈ સ્વજ્ઞેયને પકડવાનું છે અને પછી તેમાં જ રહેવાનું છે.**

**આવી રીતે જ્યારે આત્મા પોતે, પોતાને, પોતાનાવડે પોતાનામાં રાખે છે ત્યારે પોતે, પોતાને, પોતાનાવડે પોતાનામાં અનુભવે છે અને આવી રીતે આત્માને નિરંતર પોતાનામાં અનુભવવો એ જ શાંતિપદ છે. શાંતિ પદને પામવાનો ઉપાય છે. આજ સમતા પદ છે, આ જ સમાધિ પદ છે, આ જ કૈવલ્ય પદ છે, આ જ લોકોત્તર પદ છે આનાથી શ્રેષ્ઠ બીજું કોઇ પદ નથી.**

આવા લોકોત્તર સમતાને પામેલા યોગીઓ તૃણ અને મણિ બન્નેને

---

ચાહે તો ભેદજ્ઞાન કરો કે ચાહે તો અભેદજ્ઞાન કરો. જીવે મોહાદિ ભાવની લેશ પણ અસર ન લેતાં તે સર્વ અસરથી મુક્ત થવું તેનું નામ જ આત્મસાધના છે.

સમાન ગણે છે. તેની દૃષ્ટિમાં મણિ એ અત્યંત કિંમતી દ્રવ્ય છે, ઉપયોગી દ્રવ્ય છે અને તૃણ એ અત્યંત તૂચ્છ અને અનુપયોગી છે, એવું નથી. બન્ને પુદ્ગલ દ્રવ્યના પર્યાયો છે અને બન્ને પર્યાયોના મૂળમાં તો એકેન્દ્રિય એવા પૃથ્વીકાય અને વનસ્પતિકાય જીવની-ચેતનાની હાજરી એક કાળે હતી. પોતાના આત્માથી તો બન્ને ભિન્ન છે એટલે ઈષ્ટ-અનિષ્ટતાથી રહિત છે.

**"રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો..." અપૂર્વ અવસર.**

વૈમાનિક દેવની રિદ્ધિ કે રસ્તામાં રખડતું રજકણ બન્ને પુદ્ગલદ્રવ્યના પરિણામ છે. તેનાથી પોતાનો આત્મા જુદો-જુદો અને જુદો જ છે માટે આવો યોગી પુદ્ગલના ઉત્કર્ષમાં પોતાનો ઉત્કર્ષ જોતો નથી અને પુદ્ગલના અપકર્ષમાં પોતાનો અપકર્ષ જોતો નથી. વ્યવહારમાં પણ કોઈ બીજાના ઉત્કર્ષમાં પોતાનો ઉત્કર્ષ માનતું નથી તો પછી અધ્યાત્મમાં પુદ્ગલના ઉત્કર્ષથી પોતાનો ઉત્કર્ષ કેમ મનાય ?

**उत्कर्ष परपर्यायैश्चिदानंदघनस्य कः !**

વાસ્તવિકતા તો એ છે કે પુદ્ગલ જડ અને રૂપી છે. પણ જ્ઞાયક અને વેદક નથી. એને તો ઉત્કર્ષ કે અપકર્ષ જેવું કાંઈ છે જ નહિ. એ રૂપી હોવાથી એનામાં સહજ જ રૂપ રૂપાંતરતા અને ક્ષેત્ર ક્ષેત્રાંતરતા છે. ઉત્કર્ષ અને અપકર્ષ કે ઈષ્ટ અને અનિષ્ટ એ તો આત્માના વૈભાવિકભાવ છે.

પરદ્રવ્ય અને પરપયાર્યોનો ગમે તેટલો ઉત્કર્ષ થાય તેમાં ચિદાનંદઘન આત્માને શું ? અર્થાત્ આત્માને તેનાથી કોઈ જ લાભ નથી. આત્માને તો આત્મ ભાવની વૃદ્ધિ થાય તો જ લાભ છે, માટે જ સમતાયોગી-તૃણ

---

દૃષ્ટિમાંનો વિકાર દર્શનમોહનીય છે. જ્યારે દૃષ્ટિ પરનું આવરણ દર્શનાવરણીય કર્મ છે.

કે મણિ બન્ને પરદ્રવ્ય હોવાના કારણે તેને સમભાવથી જોતો હોય છે. તૃણ કે મણિ તરીકેનો તેના અંતરમાં ઉચિત વ્યવહાર વિવેક હોય છે પણ બન્નેમાંથી એકમાં રાગ અને બીજામાં દ્વેષ તેને હોતો નથી.

આગળ વધીને આ સમતાયોગી મુક્તિ અને સંસારને પણ સમાન ગણતો હોય છે અર્થાત્ નિરંતર ધ્યાન અને સમતાને સાધવાથી અંદરમાં પરમ શાંતરસની એટલી બધી જમાવટ થયેલી હોય છે કે તેને ખબર જ છે કે હવે વીતરાગતા અને કેવલજ્ઞાન હાથવેંતમાં જ છે, માટે તેને મોક્ષપ્રાપ્તિની પણ ઈચ્છા કે વિકલ્પ હોતો નથી; એટલે તેને મુક્તિ અને સંસાર બન્ને તુલ્ય લાગે છે. **સંસારમાં રહેવા છતાં, હજુ મોક્ષ પ્રાપ્તિ-કૈવલ્ય પ્રાપ્તિ ન થઈ હોવા છતાં મુનિદશામાં નિર્વિકલ્પદશા સઘન બનવાથી ત્યાં પરમ આનંદ અનુભવાય છે અને તેથી મુક્તિ વિષયક કોઈ પણ વિકલ્પ ઉઠતો જ નથી. મોક્ષ એ પણ એક આત્માની શુદ્ધ પર્યાય છે જ્યારે હું તો ત્રિકાળ શુદ્ધ, ધ્રુવ, પરમ પારિણામિક ભાવ સ્વરૂપ ચૈતન્યમય આત્મદ્રવ્ય છું. મોક્ષની પર્યાયને કે કેવલજ્ઞાનની પર્યાયને આવવું હોય તો આવે મારે તે માટેના કોઇ વિકલ્પ કે ઈચ્છા નથી, આવી નિશ્ચિંતતા, નિર્ભયતા અને નિર્મમતા નિસ્પૃહતાને તેઓ અનુભવતા હોય છે. એ ઉચ્ચતમ ભૂમિકાએ રહેલની આત્મપ્રતીતિ તો એવી છે કે હું બંધાયો જ નહોતો. મુક્ત જ હતો, મુક્ત જ છું અને મુક્ત જ રહેવાનો છું !!! બંધન તો મારા પરમાં કરેલા અહંકારને લઈને ભ્રમણા હતી.**

**તે સમતાયોગીને ખબર છે કે સમતા એ તો ભવસાગર તરવા નૌકા સમાન છે. જેમ સ્ફટિકનો નિર્મળતા એ સહજ ગુણ છે, નિરુપાધિક ગુણ છે, તેમ સમતા એ આત્માનો સહજગુણ છે. મમતાને દૂર કરવાથી**

**તે સહજ પ્રગટે છે. તેને પ્રગટ કરવા કશું કરવાનું હોતું નથી. માત્ર ઉપાધિ સ્વરૂપ મમતાને દૂર કરવાની હોય છે.**

સમતાને પામેલા યોગી વાંસીચંદન તુલ્ય હોય છે એટલે કે તેના શરીરને કોઈ વાંસલાથી છોલે કે કોઇ ચંદનથી તેને લેપ કરે બન્ને પ્રત્યે તુલ્ય પરિણામ વર્તતો હોય છે અને છતાં પોતે તો ચંદનની સુવાસની જેમ સમતાની સુવાસ પસરાવે રાખે છે. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજા અધ્યાત્મસારમાં, સમતા અધિકારમાં સમતાનું માહાત્મ્ય બતાવતા લખે છે કે -

"દાન વડે અને તપ વડે કરીને શું ? યમ અને નિયમ વડે કરીને પણ શું ? સંસારરૂપી સમુદ્રને તરવા માટે નૌકા સમાન એવી એક સમતાને જ પ્રાણીએ સેવવી જોઇએ."

"સ્વર્ગનું સુખ તો દૂર છે, મુક્તિની પદવી વધારે દૂર છે જ્યારે મનની નજીક રહેલ એવું સમતાનું સુખ તો સ્પષ્ટ દેખાય છે."

"સમતારૂપી અમૃતમાં નિમજ્જન કરવાથી દૃષ્ટિનું કામરૂપી વિષ શોષાઇ જાય છે. ક્રોધરૂપી તાપ ક્ષય પામે છે અને આત્મા ઉપર રહેલ ઔધત્ય-ઉધ્ધતાઈ રૂપી મલ છે તે નાશ પામે છે."

"જન્મ-મરણરૂપી દાવાનળથી બળેલા એવા ભવરૂપી વનમાં અમૃતના વાદળાની વૃષ્ટિની જેમ સમતા એ જ એક સુખ માટે છે."

"એક સમતાનો આશ્રય કરીને ભરતાદિ ઘરમાં રહેવા છતાં મુક્તિને પામ્યા. તેઓને મુક્તિ પામવા કોઇ કષ્ટકારી અનુષ્ઠાન હતું નહિ."

"નરકના દ્વારમાં સમતા અર્ગલારૂપ છે. મોક્ષમાર્ગને બતાવવા માટે દીપિકા સમાન છે અને ગુણરૂપી રત્નોનો સંગ્રહ કરવામાં રોહણાચલ પર્વત સમાન છે."

---

દેહસુખની ઈચ્છા જે છોડશે તે જ દેહદુઃખમાં પ્રસન્ન રહી શકશે.
પુણ્યના ઉદયમાં જે આત્મસ્વરૂપમાં રહી શકશે તે પુણ્યના ભોગવટાથી દૂર રહી શકશે.

"આત્મસ્વરૂપને નહીં જોનારા એવા મોહથી આચ્છાદિત નેત્રવાળાઓને માટે દિવ્ય અંજન શલાકાની જેમ સમતા દોષનો નાશ કરનાર છે."

**"કરોડો ભવોથી સંચિત થયેલા કર્મોને સમતા એક ક્ષણમાં નાશ કરે છે. અન્યલિંગે જેઓ સિદ્ધ થયા છે તેઓનો આધાર એકમાત્ર સમતા જ હતો." સમતાથી જ રત્નત્રયના ફલની પ્રાપ્તિ તેઓને છે. વ્યવહારથી તેઓને જિનની ઉપાસના ન હોવા છતાં તેઓને મુક્તિરૂપી ફલની પ્રાપ્તિ થાય છે; માટે નક્કી થાય છે કે સમતા વડે ભાવ જૈનત્વની પ્રાપ્તિ થાય છે અને ભાવ જૈનત્વથી મોક્ષ છે.**

સ્યાદ્વાદના બોધથી પ્રાપ્ત થયેલ નયોનું જ્ઞાન પણ તે વ્યક્તિને પોતપોતાના ઉચિત સ્થાનમાં અવતાર કરાવનારું હોય છે. યથાસ્થાને અવતાર પામેલા નયો જીવને સર્વત્ર ભૂમિકા ભેદથી ઉચિત પ્રવૃત્તિ જ કરાવે છે, જે અંતે સમતામાં જ વિશ્રાંત પ્રામે છે. તેથી જે જ્ઞાન સમતારૂપ ફલવાળું ન હોય કે સમતાને અભિમુખભાવવાળું ન હોય તે જ્ઞાન મિથ્યાજ્ઞાન જ છે, ભલે પછી તે જ્ઞાન નવપૂર્વ સુધીનું કેમ ન હોય ? અગ્નિ વડે જેમ ચંદન ભસ્મીભૂત થાય છે તેમ કુનય/દુર્નય વડે તે સમ્યગ્જ્ઞાન ભસ્મીભૂત થાય છે.

**સમતા એ ચારિત્રના પ્રાણ છે, તે જો ચાલ્યા ગયા તો પછી સાધુના વેશમાં રહેલ તે વ્યક્તિ પાસે જે લોકો આવે છે અને ભક્તિ બહુમાન કરે છે, તે તેના માટે મરણોત્સવ સમાન છે.**

મુક્તિનો અનન્ય ઉપાય એક માત્ર સમતા જ છે. અન્ય ક્રિયાઓનો સમુદાય એ તે તે પુરુષના ભેદથી સમતાની પ્રાપ્તિ માટે છે. સમતા એ આત્માનું અત્યંત નિગુઢ તત્ત્વ છે-અત્યંત ગુહ્ય તત્ત્વ છે તે કારણથી ચિત્તની પ્રસન્નતા વડે સમતામાં જ ઉદ્યમ કરવો જોઇએ.

---

સાધન બંધન તોડવા માટે છે. જો સાધન તિરોભૂત ન થાય અને
સાધ્ય આવિર્ભૂત ન થાય તો સાધન બંધનરૂપ બને છે.

**"સમતા વિણ જે અનુસરે, પ્રાણી ધર્મના કાજ,**
**છાર ઉપર તે લીંપણું, કાં ઝાંખર ચિત્રામ્."**

જીવ ગમે તેવા ધર્મના અનુષ્ઠાન કરે પણ તેમાં જો સમતા ન હોય તો તે છાર ઉપર લીંપણ જેવું છે કે જે ઝાંખી ખરબચડી ભીંત ઉપર ચિત્ર દોરવા જેવું છે. 'યોગશાસ્ત્ર'ના ચોથા પ્રકાશમાં કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય પણ ફરમાવે છે કે - કોટિ જન્મના તપ વડે કરીને પણ પ્રાણી તેટલા કર્મ ખપાવતો નથી જેટલા સમતાના આલંબન વડે માત્ર અંતર્મુહૂર્તમાં ખપાવે છે.

માટે તપ સંયમના અનુષ્ઠાનની સાથે જો સમતાભાવની વૃદ્ધિ હોય તો એકાંતે કર્મનિર્જરા છે. દશવૈકાલિક નિર્યુક્તિમાં પૂર્વધર મહર્ષિ પૂ.પાદ ભદ્રબાહુસ્વામીજી ફરમાવે છે કે **સારી રીતે શ્રમણપણાનું પાલન કરનારના પણ જો કષાય ઉત્કટ હોય તો તેનુ શ્રમણપણું શેરડીના પુષ્પની જેમ નિષ્ફળ છે.**

મુક્તિ અને સંસાર બન્નેને સમ ગણવાની વાત ભાવશ્રમણપણાની ઉપરની મહામુનિની ભૂમિકાએ પહોંચ્યા પછી સમજવાની છે, તે પહેલા નહિ. જીવ જો સમતાભાવમાં આવે તો એક ક્ષણમાં કામ કાઢી જાય તેમ છે. સમ્યગ્જ્ઞાન અંતરથી સમાધાન કરે છે, અને અજ્ઞાનભાવ પરમાં સારા-ખોટાની કલ્પના કરે છે. અગ્નિશર્માને ત્રીજું પારણુ નિષ્ફળ જતાં અજ્ઞાનભાવ વ્યાપક થયો. ગુણસેન પ્રત્યે દ્વેષ પ્રગટ્યો, એને કારણે તેના પ્રત્યે બધી વિપરીત વિચારણાં જ થવા માંડી; જ્યારે ગુણસેને પોતાનો જ દોષ જોયો. અગ્નિશર્માને નિર્દોષ જોયો તો ભવે ભવે સમતા સાધી અંતે મુક્તિને પામ્યા.

પ્રસ્તુત કડી **"સર્વ જગજંતુને સમ ગણે"...** માં યોગીરાજે

---

ઉપમા વડે ઉપમેય શું છે તે તપાસવું જોઈએ.
સાધન દ્વારા સાધ્ય શું છે એ તપાસવું જોઈએ.

જીવનો બેહદ સમતામય સ્વભાવ વર્ણવ્યો છે. આ તો સાધનાકાળની વાત છે. તેમાં પણ આવી સમતા હોય કે જ્યાં ચામડા પણ ઉતારી નાંખે તો પણ એક વિકલ્પ જેને સ્પર્શે નહિ તો પછી સમતાના અંતે પ્રાપ્ત થનારી વીતરાગતા કેવી હશે ? તેનો ખ્યાલ કરવા જેવો છે. યોગીરાજ જે કહી રહ્યા છે તે જ વાતને અપૂર્વ અવસરમાં બીજા શબ્દોમાં વર્ણવી છે.

**શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,**
**માન અમાને વર્તે તેજ સ્વભાવ જો,**
**જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,**
**ભવ મોક્ષે પણ વર્તે શુદ્ધ સ્વભાવ જો.**

**દર્શન મોહનો નાશ કરવામાં પણ સમતા ઉપયોગી છે અને ચારિત્રમોહના નાશમાં પણ તે કારણભૂત છે. આમ સમકિત પ્રાપ્તિ પૂર્વે અને પશ્ચાત્ સમતાની અગત્યતા છે.**

જેને સ્વરૂપની યથાર્થ પ્રતીતિ છે, માત્ર મોક્ષ-અભિલાષ જેને વર્તે છે, સ્વરૂપના ભાનની જેને કિંમત છે; તે સ્વરૂપની સાવધાનીથી જાગતું જીવન જીવે છે. **જ્ઞાની ધર્માત્મા અકષાય સ્વરૂપમાં ઉલ્લાસવંત થયા થકા આયુષ્ય પૂર્ણ થતી વખતે અપૂર્વ સમાધિમરણનો ઉત્સાહ લાવે છે. દેહના આયુષ્યનો અંત દેખીને તેને અપૂર્વ ભાવનાનો ધોધ ઉછળે છે. બેહદ્ શ્રદ્ધાનો પુરુષાર્થ તેના સ્વરૂપની એકાગ્રતામાં વર્તે છે. દેહનું ગમે તે થાવ! તેની સંભાળ કોણ રાખી શકે ? આયુષ્યની સ્થિતિ પૂર્ણ થયે જે ક્ષેત્રે, જે કાળે, જેવી રીતે દેહનું છૂટવું નિર્માણ થયેલ હશે તેવી જ રીતે થશે. તેમાં એક સમય માત્રનો પણ ફેર નહીં પડે.** જ્ઞાની દેહના વિયોગને સતત જુએ છે એટલે તેને દેહનું ગમે તે થઇ જાય તો પણ તેને રાખવાનો કે નહિ

---

પોતામાં રહેલ મોહાદિ ભાવને જોઈને જે પીડા પામે અને
સ્વરૂપનુ લક્ષ્ય જે સતત રાખે છે તે અંતરાત્મા છે.

રાખવાનો ભાવ જ નથી કારણે દેહ તેના પોતાના કારણે આયુષ્ય-સ્થિતિ પ્રમાણે ટકવાનો છે; તેથી તેની ચિંતા જ જ્ઞાનીને નથી. ઘાણીમાં પીલી નાંખે છતાં અશરીરી ભાવ ટકાવી રાખવાની આ વાત છે. અહીં ઉત્કૃષ્ટ સાધકદશાની ભાવના છે. સહજ વીતરાગદશાની ભાવના છે. નિર્ગ્રંથ મુનિદશામાં જ્યારે સળંગ આત્મસમાધિ વર્તે છે ત્યારે બહાર શું થાય છે ? તેની કાંઇ ખબર રહેતી નથી. એની દશા ગડગડિયા નારિયેળ જેવી થઈ હોય છે. ભીતરથી છૂટો પડી ગયો હોય છે. આવી વીતરાગ માધ્યસ્થદશાની ભાવનાની રૂચિ અને સ્વીકાર આત્મ-સ્વરૂપની ઓળખાણ થયે છતે આવે છે. દેહ પીલાય છે, એવો વિકલ્પ પણ દૂર કરીને જ્ઞાનઘન વીતરાગ દશા રાખવાની આ ભાવના છે. **અજ્ઞાની બાહ્યસંયોગોને હડસેલવા માંગે છે જ્યારે જ્ઞાની સ્વ-આશ્રિત નિર્વિકાર વીતરાગ પરિણમન વડે સ્વભાવમાં સમાઇ જાય છે.** સ્વ અને પરના ભેદજ્ઞાન વડે કરીને પરને ઉપયોગમાંથી ખસેડતા જવાનું છે અને સ્વમાં રહેવાનો પુરુષાર્થ દૃઢ કરતા જવાનું છે. સ્વમાં રહેવાથી સ્વસ્થતા-શાંતતા અને સ્થિરતાના કારણે જ્ઞાન વધે છે. આત્મસિદ્ધિ માટે દ્વાદશાંગીનું જ્ઞાન જાણતાં ઘણો સમય જાય જ્યારે એક માત્ર શાંતપણું કેળવવાથી તે તરત જ પ્રાપ્ત થાય છે. **વાસ્તવિકમાં જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે જ નહિ. જ્ઞાન તો અંદરમાં પડેલું જ છે અને તે સર્વને સત્તાગત સરખું જ પ્રાપ્ત છે. બધાનું અજ્ઞાન જુદું જુદું છે કારણકે આવરણ જુદા જુદા છે. જે કરવાનું છે તે અજ્ઞાન હઠાવીને જ્ઞાનને પ્રગટ કરવાનું છે. પ્રાપ્તની પ્રાપ્તિ કરવાની છે.** જીવ જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે શાંતપણામાં રહીને સર્વ કાંઇ કરે તો અંતર્મુહૂર્તમાં મોક્ષ થાય છે. જ્યાં જ્યાં જીવ મારાપણું કરે છે ત્યાં ત્યાં તેની ભૂલ છે, તે ટાળવા માટે સઘળા શાસ્ત્રો રચાયા છે કે સર્વ કાંઇ જાણીને અંતે પરમાંથી ખસે અને

---

નિશ્ચયધર્મને લક્ષ્યમાં રાખીને જે વ્યવહારધર્મ આદરે છે
તે વ્યવહારધર્મમાંથી દોષો ટાળી શકે છે અને એનો વ્યવહારધર્મ ફળવંતો બને છે.

સ્વમાં આવીને વસે. પરમાં પરાધીનતા છે. સ્વમાં સ્વાધીનતા છે.

**આપણો આતમ ભાવ જે, એક ચેતનાધાર રે,**
**અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે..શાંતિ..૧૧**

**અર્થ :** આપણો પોતાનો જે આત્મા છે તે માત્ર એક ચૈતન્ય સ્વભાવવાળો છે અને એ જ આત્મા માટે પરમ આધારરૂપ છે. બાકી જે શરીરાદિ બાહ્ય પદાર્થો છે તે તો આત્માની ફરતે માત્ર સંયોગ સંબંધે રહેલા છે. એ કોઇ આત્માનો શાશ્વત્ પરિવાર નથી. પોતાનો સાચો-સારો-ખરો અને સારભૂત પરિવાર તો પોતાનો આત્મા અને પોતાનો આત્મભાવ જ છે. આત્માના અનંત ગુણો જ છે.

**વિવેચન :** આપણામાં રહેલ આત્મતત્ત્વને જગાડવા માટે આધાર જો કોઇ પણ હોય તો તે ચિતિ શક્તિ છે-ચૈતન્ય શક્તિ છે. અનાદિકાળથી પ્રાણીમાત્રની ચેતના સુષુપ્ત છે. નિશ્ચેતન અવસ્થામાં પડેલી છે. તેને યોગદર્શન કુંડલિની શક્તિ તરીકે ઓળખાવે છે, બૌદ્ધો અચેતન શક્તિ તરીકે ઓળખે છે, શૈવો તેને ઇશ્વરીય અંશ કહે છે, જૈનમત એને સ્વતંત્ર જ્ઞાનસત્તા તરીકે ઓળખે છે. તત્ત્વથી તો આ બધું એક જ છે. તેના ભેદ કોઈ વ્યક્તિ કહેવાતા ઈશ્વરે પાડ્યા નથી પણ માનવીએ પોતાની મતિકલ્પનાથી પાડ્યા છે.

આત્મા પોતે સ્વરૂપે જ્ઞાન ચેતનાવાળો હોવા છતાં આજે સંસારી બનેલો હોવાથી અષ્ટકર્મના વળગાડથી તે કર્મચેતના અને કર્મફળ ચેતનાવાળો બન્યો છે. નિગોદના જીવો તો સતત જ આંખના પલકારા જેટલા નાના અંતર્મુહૂર્તમાં સત્તરથી અધિકવાર જન્મ મરણ કરતા હોવાના કારણે સ્પષ્ટપણે કર્મફળ અનુભવતા હોય છે તેથી તેને કર્મફળ ચેતનાવાળા કહી શકાય.

---

સાધકે જેમ મોક્ષનું લક્ષ્ય રાખવાનું છે તેમ તેના અનંતરકારણ રૂપ જે ક્ષપકશ્રેણિ, નિર્વિકલ્પ ધ્યાન, સમાધિનું લક્ષ્ય કરવાનું છે અને પામવાનું છે.

તે જ રીતે જે જીવો સંજ્ઞી હોતે છતે અજ્ઞાની છે અને આત્મભાન ભૂલીને સંસારના માયા પ્રપંચમાં પડ્યા છે તે નિરંતર ક્લિષ્ટ કર્મોની વણઝાર આત્મા ઉપર ઊભી કરી રહ્યા છે, તે અપેક્ષાએ તેઓને કર્મચેતનાવાળા કહી શકાય. જ્યારે ગ્રંથિભેદ કરવા દ્વારા સમ્યગ્દર્શનને તેમજ આગળ જઈને જે આત્માઓ વિરતિભાવને અનુભવી રહ્યા છે તેઓ આંશિક જ્ઞાનચેતનાવાળા કહી શકાય. જ્યારે કેવલી ભગવંતો અને સિદ્ધ ભગવંતો કર્મચેતના રહિત માત્ર સ્પષ્ટ જ્ઞાન ચેતનાવાળા કહી શકાય.

આ અનાદિ સંસારમાં અનંતકાળથી ભટકતો એવો આત્મા, અજ્ઞાનના યોગે પોતાના સ્વરૂપને ભૂલીને કર્મચેતના અને કર્મફળ ચેતનાવાળો બન્યો છે. માટે ચારેગતિમાં-ચોર્યાસી લાખ જીવાયોનિમાં પાર વિનાના. દુઃખ પામ્યો છે. તે હવે જો પોતે પોતાને ઓળખીને પોતાની વિશુદ્ધ જ્ઞાન ચેતનાને પ્રગટ કરે તો તે જ તેનો સાચો આધાર બની શકે કારણકે જેટલું નિર્વિકારી પરિણમન પ્રગટે તેટલી જ જ્ઞાનચેતના ખુલ્લી થાય અને તેટલા અંશમાં ચિત્ત પ્રસન્નતા, શાંતિ, સમાધિ અનુભવાય, તે માટે જ્ઞાનચેતના એ જ આપણો આધાર છે. એ જ્ઞાન ચેતનાને આધાર બનાવ્યા સિવાય આપણે દેહ-ઇન્દ્રિય-પત્ની-પરિવારને આધાર બનાવીને જીવીએ છીએ, માટે પ્રતિ સમયે જીવ આશ્રવ અને બંધ ભાવમાં આવીને કર્મચેતના અને કર્મફળ ચેતનાનું નિર્માણ કરે છે.

અજ્ઞાની પ્રતિ સમયે પોતાની ભીતરમાં રહેલ ત્રિકાળ શુદ્ધ ચૈતન્યમય ભગવાન આત્માને ભૂલીને, તેની શ્રદ્ધા વિના, તેનો આશ્રય કર્યા વિના, તેનો આધાર લીધા વિના, તેને સર્વસ્વ માન્યા વિના જ જીવે છે અને સંસારની બધી જ શુભાશુભ પ્રવૃત્તિ કરે છે એટલે પ્રતિ સમયે મિથ્યાત્વના આકરા બંધથી બંધાય છે. આનાથી તેની જ્ઞાનચેતના સમયે સમયે દબાય

---

છે. આત્માના અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, સુખ વગેરે ગુણો; એ જ આત્માનો સાચો પરિવાર છે. બાકી શરીર પણ આત્માની સાથે સંયોગ સંબંધે છે, તો પછી કુટુંબ-કબીલાની તો વાત જ શું કરવી ?

હે ચેતન ! તું તો આનંદ સ્વરૂપ છો. શરીર, ઇન્દ્રિય, વાણી, રાગ, કુટુંબાદિ જડને અડવા જેવું નથી. તેને શ્રદ્ધામાં રાખી જીવવા જેવું નથી. એનાથી તને આભડછેટ લાગે છે. **તું ભગવાન સ્વરૂપ છો અને તારે ભગવાન થવું પડશે. કંચન-કામીનીના મોહથી તને આભડછેટ લાગે છે.** એનાથી તું અનંતકાળ રખડ્યો છે. હવે તું એને છોડીને તેમજ પશુ સમાન લૌકિક અર્થ-કામની ચેષ્ટાથી મુક્ત થઇને તું દર અસલમાં જેવો છે તેવો થા ! **ત્રણેકાળમાં જે કોઇ આત્માઓ મોક્ષે ગયા છે, જાય છે અને જશે, તે બધાએ પોતાના સ્વરૂપનો જ આધાર-લીધો છે અને લેશે. પૂર્ણના આધારે પૂર્ણ થવાય.**

વિકારના સમયે વિકારનું જ્ઞાન કરવાને બદલે, વિકારથી છુટા પડી વિકારના દૃષ્ટા બનવાને બદલે હે જીવ! તું વિકારમાં ભળી જાય છે એટલે તારું જ્ઞાન વિકારી બનીને અજ્ઞાનરૂપે પરિણમે છે અને એને કારણે રાગાદિ ભાવોનો તું કર્તા બને છે. જ્યારે જ્ઞાની રાગના સમયે રાગમાં ન ભળતા રાગથી છુટા પડી, રાગના દૃષ્ટા રહે છે અને તેથી રાગના અકર્તા બને છે. **દ્રવ્ય સ્વભાવે તો અકર્તા છે જ પણ દૃષ્ટા બનવાથી પર્યાયમાં પણ અકર્તા થાય છે.**

સંતો એમ પોકાર કરીને જાહેર કરે છે કે હે ચેતન ! તું તને જાણી શકે છે. જ્ઞાનની પર્યાયમાં તું તારાથી જણાવા યોગ્ય છો. જે જ્ઞાન પરને જાણવા જાય છે તે પર સંબંધી જ્ઞાન એ કોઈ આત્માનું લક્ષણ નથી. તારા જ્ઞાનને તારી ભીતરમાં વાળ તો તને જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા જણાશે

---

જેને કાંઈ જોઈતું નથી, જે સંતોષી છે તે પોતા માટે અને વિશ્વ માટે કલ્પવૃક્ષ સમાન છે.
જેને કાંઇ જોઇએ છે તે પોતા માટે અને જગત માટે કંટકરૂપ છે.

**અને અનુભવાશે. અધ્યાત્મમાં શક્તિની વ્યક્તિ કરવાની છે. તે માટે શક્તિનો જ આધાર લેવાનો છે અને તેના દ્વારા પર્યાયમાં તે સ્વરૂપને જ પ્રગટ કરવાનું છે.**

પરમ પારિણામિકભાવ રૂપે ત્રિકાળ રહેલ નિજ શુદ્ધ ચૈતન્યમય ધ્રુવ પરમાત્માનું અવલંબન લઈ ઉપયોગમાં થતા વિકારીભાવોથી સતત પોતાને જુદા તારવતા જવાનું છે. વિકારીભાવો સાથે જરાપણ ભળવાનું નથી કે તેને પોતાના માનવાના નથી. આ રીતે રાતદિવસ સતત જાગૃત રહી પોતાના આત્માને પર્યાયમાં પરમાત્મસ્વરૂપે અનુભવવાનો છે. એ જ સારભૂત છે કારણકે તે સહજ છે બાકીનો જે પરિવાર છે તે કાંઇ વિશેષ નથી. એ બધા સંયોગે કરીને ઊભા થયેલા કાલ્પનિક-આરોપિત કર્મજનિત અલ્પકાલીન સાંયોગિક સંબંધો છે.

ઉપા. વિનયવિજયજી મહારાજ પુણ્યપ્રકાશના સ્તવનમાં લખે છે કે -

**પાપ કરીને પોષીયાએ, જનમ જનમ પરિવાર તો...**
**જન્માંતર પહોંચ્યા પછીએ, કોઈએ ન કીધી સાર તો...**

ઉપાધ્યાય ઉદયરત્નજી મહારાજ પણ લખે છે -

**ખેલ ખલકનો બંધ નાટકનો, કુટુંબ કબીલો હું ધારું**
**જ્યાં સુધી સ્વાર્થ ત્યાં સુધી સર્વે, અંત સમય સહુ ન્યારું**
**- હો જિનજી તુજ મૂરતિ મન હરણી.**

પુણ્યકર્મના ઉદયે સંયોગ સંબંધે મળેલા પરિવારને પોષવા જીવે ઘણા પાપ કર્યા છે પણ પોતે પરલોકમાં ગયો કે પરિવાર પરલોક સિધાવ્યો પછી કોઈએ કોઈની સાર રાખી નથી. પૂર્વના સ્વજનોને બધા

---

સંસારીજીવના આત્માના પ્રદેશોનું પોત (જાત) અરૂપીનું છે પણ તેની ભાત રૂપીની છે.

જ પરલોકમાં ગયા પછી ભૂલી જાય છે માટે એ પરિવાર સારભૂત નથી.

અધ્યાત્મમાં માન્યતાની ભૂલને બહુ મોટી માનવામાં આવી છે, તે પાયાની ભૂલ છે, અનાદિની છે; તેને કારણે સંસાર વળગેલો રહે છે. છુટતો જ નથી. સારું જીવવા છતાંય છુટતો નથી કારણકે પોતે જ પોતાને ઓળખતો નથી. આ સંસારમાં આપણો આત્મા એ જ એક સારભૂત છે, તેના અનંતગુણો એ જ આપણો સાચો પરિવાર છે, તે સિવાય લોક સમુદાય કોઈ ભલો થવાનો નથી. લોકો દ્વારા કરાયેલ પ્રશંસાદિથી આપણા આત્માનું ક્યારેપણ ભલુ થવાનું નથી. અંતર્મુખવૃત્તિ વિનાના બાહ્યક્રિયાના વિધિ-નિષેધમાં કાંઇપણ વાસ્તવિક કલ્યાણ નથી. **ગચ્છના મતભેદોમાં રસ લેવો એ આપણા આત્માને આવરણ કરવા બરાબર છે. જ્ઞાનીઓએ બતાવેલ અનેકાંતિક માર્ગ પણ સમ્યગ્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ માટે છે. આત્માના સ્વરૂપનો વિચાર કર્યા વિના એકલી બાહ્ય ક્રિયાથી અંતરમાં રહેલા ભાવકર્મના વિકાર હટતા નથી. જ્ઞાનીઓ ક્યારે પણ બાહ્ય ક્રિયાનો નિષેધ કરતા નથી પણ બાહ્ય ક્રિયામાં આગ્રહનો, મમત્વનો અને તેના કર્તાપણાનો નિષેધ કરે છે. આ જો ખ્યાલ રહે તો કોઈપણ સંયોગોમાં જ્ઞાનીપુરુષના વચનનું ખંડન કરવાનું મન થાય નહિ.**

સમ્યકત્વના ૬૭ બોલ જે ઉપાધ્યાય યશોવિજયજી મહારાજાએ બતાવ્યા છે, તે દર્શનમોહના ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમ થવા માટેના સાધનો છે. એ ૬૭ બોલની આરાધનાથી દેહ અને આત્માનું ભેદજ્ઞાન થઈ વીતરાગતાના અંશનો અનુભવ થવો તે સમકિત છે. **પોતે પોતાને આંશિક શુદ્ધપણે અનુભવવો એ સમ્યગ્દર્શન છે.** જે નિમિત્ત છે તેમાં નૈમિત્તિકનો આરોપ કરીને આગમ, વસ્તુ તત્ત્વને બતાવે છે. દા.ત. સામાયિક તે આત્મા એ નિશ્ચય છે. સામાયિક એટલે સમતા અને તે

સમતા તે જ આત્મા છે એમ નિશ્ચય કહે છે. આ અધ્યાત્મ શૈલિ છે.

હવે આગમ છે તે સમતાનો અર્થ સામાયિક કરશે તથા સાથે સાથે સમતા જેના દ્વારા પ્રાપ્ત થાય તે આચારોને બતાવશે અને તેને પણ એટલે કે તે આચારોને પણ સમતા કહેશે એટલે કે સમતા થવામાં નિમિત્તભૂત એવા આચારોમાં સમતા કે જે નૈમિત્તિક છે, નિમિત્તથી પ્રાપ્ત થનાર છે તે આચારોને પણ સમતા કહેશે તેમજ ચારિત્રમોહના ક્ષયોપશમજન્ય જે સ્વરૂપ સ્થિરતા છે તેને નિશ્ચય ચારિત્ર કહેશે.

આત્મસિદ્ધિમાં આત્મજ્ઞાની પુરુષે મતાર્થીના લક્ષણો બતાવ્યા છે. તેમાં દ્રવ્યશ્રુતજ્ઞાન અને વેષથી મોક્ષ મળે છે, તેમ મતાર્થી માને છે. જ્યારે આત્માર્થી દ્રવ્યશ્રુતજ્ઞાન અને વેષ તે બાહ્યસાધનો છે અને આત્માનુભૂતિ કરવી એ ભાવ શ્રુતજ્ઞાન છે અને તે વીતરાગી લિંગ છે કે જેના દ્વારા મોક્ષ મળે છે, તેમ માને છે. ઉપરાંતમાં બાહ્ય સાધનભૂત એવા દ્રવ્યશ્રુત અને વેષને અંગીકાર કરવાની સાથે સાથે અંતરલક્ષ કરી વીતરાગ અંશ પ્રગટ કરી તેમાં સ્થિરતાનો પુરુષાર્થ પણ ચાલુ રાખે છે. માત્ર દેવાદિગતિના ભાંગા ગણવારૂપ દ્રવ્યશ્રુત કે માત્ર બાહ્યાચાર પર આધાર રાખીને તે નથી ચાલતો પણ અભ્યંતર પુરુષાર્થ જ્વલંત રાખીને સાધના કરે છે અને અંતરંગ ગુણો પ્રગટે તો જ મોક્ષમાર્ગ છે તેમ માને છે.

મતાર્થી અને આત્માર્થી બન્ને બાહ્ય સાધનો તથા આચારો આચરે છે પણ મતાર્થી તો દ્રવ્યશ્રુતજ્ઞાનથી મોક્ષની પ્રાપ્તિ માને છે જ્યારે આત્માર્થી અંદર ભેદજ્ઞાન થાય અને વીતરાગ અંશ પ્રગટે તો જ મોક્ષમાર્ગની શરૂઆત થઈ તેમ માને છે; જ્યારે મતાર્થી તો વેષ મળ્યો તેમજ દેવાદિગતિના ભાંગા ગણતા આવડી ગયું તેટલા માત્રથી મોક્ષમાર્ગ આવી ગયો એમ માને છે. આમ તેની માન્યતામાં ખોટો આધાર પકડીને ચાલે છે માટે તેની

માન્યતા ખોટી છે એમ જણાવવા તેને મતાર્થી તરીકે ઓળખાવેલ છે. બાકી બાહ્ય સાધુવેષ, સાધુપણાના આચાર તેમજ દેવાદિગતિના ભાંગા ગણવા રૂપ દ્રવ્યશ્રુતજ્ઞાન એ પણ પરંપરાએ તો મોક્ષના કારણના કારણ બને છે; તેમાં આત્મજ્ઞાની પુરુષને કોઇ સંશય જ નથી. પરંતુ મતાર્થી તો તેને સીધું જ મોક્ષનું કારણ અર્થાત્ મોક્ષમાર્ગ માની લે છે તે માટે થઇને બતાવ્યું છે કે આવી માન્યતા આત્માર્થીને ના ઘટે. આત્માર્થી તો આત્માનો અંશ પ્રગટે તેમાં જ મોક્ષમાર્ગ માને બાકી તે સિવાયના બીજા કારણો ગમે તેટલા સારા પણ હોય તોય પણ તેમાં મોક્ષમાર્ગ માને નહિ. એને મન પરંપર કારણથી અધિક અનંતર કારણની મહત્તા છે કારણકે શીઘ્રમોક્ષની કામના છે.

આત્માર્થી તો વીતરાગ પરિણતિના અંશને જ મોક્ષમાર્ગ માને છે. તે ન પ્રગટે ત્યાં સુધી ગમે તેવા ઊંચા આચારો પાળવા છતાં, ગમે તેટલા શાસ્ત્રો ભણવા છતાં, તેમજ ખંડનમંડનના આટા-પાટા ગૂંથવા છતાં કે વાદ કરવા દ્વારા અનેક ઉપર વિજય પ્રાપ્ત થવા છતાં ત્યાં મોક્ષમાર્ગની શરૂઆત થઇ છે તેમ માનતો જ નથી. બાહ્ય સાધનો, વેશ તથા દ્રવ્યશ્રુતજ્ઞાન દ્વારા પોતાના લક્ષ્યને આંબવાનો પ્રયત્ન કરે છે પણ તેમાં મોક્ષમાર્ગ માનવાની ભૂલ કરતો નથી. **ભવિતવ્યતા સાનુકૂળ થયે છતે, કાળલબ્ધિનો પરિપાક થયે છતે નિજ પુરુષાર્થ અને યથાર્થ સમજણથી વીતરાગ પરિણતિનો અંશ પ્રગટે છે અને તેને જ તે મોક્ષમાર્ગ માને છે.**

આમ આત્માર્થી અને મતાર્થીનું સુરેખ ચિત્ર જો સ્પષ્ટ થઇ જાય તો પછી મતાર્થીના જે લક્ષણો બતાવ્યા છે તેમાં ખંડન કરવા જેવું કાંઇ રહેશે નહિ. **આત્મજ્ઞાની મહાપુરુષના એક એક વચનમાં અનંતાનંત આગમો સમાયેલા છે એવી જ્યારે શ્રદ્ધા થાય છે ત્યારે તેમના વચન ઉપર ઉહાપોહ કરતા અદ્ભૂત રહસ્યો ખૂલે છે; તે સિવાય નહિ.**

---

પ્રસ્તુત કડીમાં આવેલ 'આધાર' શબ્દને લઈને પ્રસંગોપાત આ ખુલાસો કરવો ઉચિત જણાયો માટે કર્યો છે. આપણે માત્ર આપણા આત્માનો આધાર લઈને જ જીવવાનું છે. બીજા કોઈનો ખોટો આધાર લઈને ન જીવાય તે માટેની કાળજી રાખવાની છે.

**પ્રભુમુખથી એમ સાંભળી, કહે આતમરામ રે,**
**તાહરે દરિસણે નિસ્તર્યો, મુજ સીધાં સવિ કાજ રે.. શાંતિ..૧૨**

**અર્થ :** સાક્ષાત્ જાણે કે પ્રભુના મુખથી આ પ્રમાણે શાંતિનું અનુપમ સ્વરૂપ સાંભળીને અંતરમાં અત્યંત આહ્‌લાદ પ્રગટ્યો અને તેથી આત્મરમણતા થઈ અને પોતાનો આત્મા આતમરામ બન્યો માટે યોગીરાજ કહે છે કે હે નાથ ! આજે હું આપ ત્રિલોકનાથનાં દર્શનથી નિસ્તારને પામી ગયો છું !

હે નાથ! આપના દર્શનથી તો જાણે હું સંસાર સાગર તરી ગયો છું. મારા સર્વ મનોવાંછિત આજે સિદ્ધ થઇ ગયા છે. મારી સર્વ કામનાઓ આજે સિદ્ધ થઈ છે.

**વિવેચન :** સોળમા શ્રી શાંતિનાથ ભગવાનના મુખથી શાંતિપદની પ્રાપ્તિનો ઉપાય સાંભળીને યોગીરાજનો આત્મા અતિભારે હર્ષના આનંદમાં આવી ગયો. તેથી ભાવભીના હૃદયે પ્રભુ આગળ અહોભાવ બતાવી રહ્યો છે કે હે મારા નાથ ! હે કરુણાના સાગર ! હે શાંતિના દૂત ! હે શાંતિના અવતાર ! આપના પ્રત્યક્ષ આત્મસ્વરૂપના દર્શને મારા આંતર પટ પર પરમ શાંતિ છલકાઈ રહી છે. હવે મને ચોક્કસ ખાતરી થઈ છે કે શાંતિસ્વરૂપના દર્શન થયા છે માટે મારો સંસારથી શીઘ્રનિસ્તાર થશે જ. નિસ્તાર પામવાનો માર્ગ મને હાથ ચડી ગયો છે. હું શાંતિપથ પર પ્રયાણ

કરી રહ્યો છું. હવે મારા જ્ઞાન દર્પણમાં મને દેખાઈ ગયું છે કે મારા સઘળા કાર્યો સિદ્ધ થઈ રહ્યા છે. સમ્યગ્ દર્શનની પ્રાપ્તિથી જીવની પ્રભુ પ્રત્યેની, માર્ગ પ્રત્યેની શ્રદ્ધા અતિ બળવત્તર થતી જાય છે અને પછી આત્મા, આત્મભાવમાં સ્થિર થતો જાય છે. **'મેરૂ ડગે પણ એના મન ન ડગે'** આવી ધ્રુવ શક્તિ-અડગતા જેના આત્મામાં પેદા થાય છે; એનો અંતર આત્મા અંદરથી સાખ પુરે છે કે મેં જે પુરુષાર્થ આદર્યો તેથી મારા સઘળા કાર્યો સિદ્ધ થશે, તેમ હું અનુભવી રહ્યો છું.

હે પ્રભો ! સંસારથી નિસ્તાર પામવા સિવાય બીજી કોઇ કામના મારામાં નથી. આપના દર્શનથી મારી તે મનોકામના સફળ થઇ છે. હે નાથ ! આપના દર્શનથી મને આજે આત્મદર્શન થયું છે તેથી મારા અંતરનો આનંદ ક્યાંય સમાતો નથી. **પ્રભુના દર્શને આનંદઘનજીને આત્મદર્શન પ્રગટ્યું તેનો આનંદ તેમના હૃદયમાં સમાતો નથી. જાણે કે એ આનંદ જ ઉભરાઈને-છલકાઈને આ ગાન રૂપે પરિણમ્યો છે!** આપણે પણ પ્રભુદર્શન કરીએ છીએ પણ અંતરમાં આનંદ ઉભરાતો નથી કારણકે અંદરનું આત્મદર્શન જે થવું જોઇએ તે થયું નથી.

**અહો ! જે આત્મા છૂટકારાના માર્ગે ચડ્યો તેના પરિણામ ઉલ્લાસમય હોય છે; તેને છૂટવાના જ વિકલ્પો આવે છે, તેને નિમિત્તો પણ છૂટવાના જ મળે છે, છૂટેલા અને પામેલા દેવ, તથા છૂટકારો પામતાં ગુરૂ તેમજ છૂટવાનું બતાવતાં શાસ્ત્રો મળ્યા પછી વિકલ્પો પણ છૂટવાના ને પામવાના જ આવે. તેમાંયે છૂટકારાનું મૂળ સાધન તો નિજસ્વરૂપનું અવલંબન છે ને દેવ-ગુરુ-શાસ્ત્ર પણ એ જ કરવાનું બતાવે છે એટલે તેવા જીવને સ્વરૂપ સાધનની પ્રધાનતા છૂટતી નથી. સંસારથી છૂટકારો પામતાં જીવની આવી પરિણતી હોય છે. તેને છૂટકારાના**

**માર્ગથી વિરુદ્ધ વિકલ્પો ઊઠતાં નથી. છૂટકારાનો માર્ગ સાધતાં જીવના પરિણામ જરૂર ઉલ્લાસરૂપ હોય છે અને ઉલ્લસિત વીર્યવાળો જીવ જ છૂટકારાનો માર્ગ પામે છે અને પામવાનું છે તે પામે છે.**

સંત તુલસીદાસજી ગાય છે -

**બંધે કો બંધા મિલા છૂટે કૌન ઉપાય,**
**સેવા કર નિર્બંધકી, તો પલમેં દિયે છૂડાય.**

એક સાધક આત્માને વીરસંવત ૨૪૯૭ના અષાઢ વદ-સાતમના રોજ સ્વાનુભવ થયો પછી તે લખે છે કે -

અહો પંચપરમેષ્ઠી ભગવંતો ! આપનો કોઇ અચિંત્ય પરમ અદ્‌ભૂત ઉપકાર છે કે આપે આ જીવને પરમ ઇષ્ટરૂપ એવો આત્માનો સુબોધ આપ્યો. આપના તે ઉપકારને યાદ કરીને ફરીફરીને હું આપને નમસ્કાર કરું છું !!

અહો મહાવીર ભગવાન ! આપના ઉપકારની શી વાત કરું ! સર્વજ્ઞ થયા પછી સમવસરણમાં ચૈતન્યનું અદ્‌ભૂત સ્વરૂપ આપે પ્રકાશ્યું, ગૌતમસ્વામી ગણધર ભગવંતો જેવા અનેક ભવ્યાત્માઓએ તે ઝીલ્યું, તે ઝીલીને તેઓ સ્વયં મોક્ષમાર્ગરૂપ થયા... પોતાના પરમ ઇષ્ટ પદને પામ્યા. તેમના ઉપર આપે જેવો મહાન ઉપકાર કર્યો તેવો જ ઉપકાર આજે આ જીવને પણ સંતો દ્વારા થયો. આપે બતાવેલ શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિ આ આત્મા પણ પામ્યો. અનંત અનંતકાળના પૂર્વના ભયંકર ભવદુઃખ-અજ્ઞાન-મિથ્યાત્વ-કષાયભાવો તેનાથી આ આત્મા છૂટો પડ્યો અને આપે બતાવેલા આનંદ-સુખ-શાંતિ તેને આ જીવ પામ્યો. વીર સંવત ૨૪૯૭ના અષાઢ વદ સાતમના દિવસે સ્વાનુભૂતિથી પ્રાપ્ત

થયેલો જે મોક્ષનો માર્ગ તેમાં મારો આત્મા દાખલ થયો. તેને યાદ કરતાં હે મહાવીર નાથ! આપનો પરમ અચિંત્ય ઉપકાર પણ મને યાદ આવે છે અને તે માટે થઈને સ્વાનુભૂતિની આ પદ રચના કરું છું.

વિ. સં. ૧૯૯૩ના જ્યેઠ વદ છઠ્ઠને દિને બ્રહ્મચારીજીને આત્માનુભવ થયો. તેઓ પોતે ધર્મરાત્રિ નામના કાવ્યમાં નોંધે છે –

**યાત્રાની અંતિમ રાત્રિએ, જાગ્રતભાવ જણાયો રે,**
**માંગલિક શુભ અધ્યવસાયે, અંધકાર ગમાયો રે..**

**ધર્મધ્યાન જે શ્રેયરૂપ છે શ્રેષ્ઠ જ્યેષ્ઠમાં સાધ્યું રે**
**છઠ્ઠી રાત્રિ કૃષ્ણપક્ષની બ્રહ્મચર્ય બળ વાધ્યું રે..**

**આજ ઉગ્યો અનુપમ દિન મારો, તત્ત્વ પ્રકાશ વિકાસે રે**
**સદ્‌ગુરુ સ્વરૂપ અભેદ અંતરે, અતિ-અતિ પ્રગટ પ્રભાસે રે..**

**અહો અહો હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે,**
**અમિત ફલ દાન દાતારની, જેહને ભેટ થઈ તુજ રે.. શાંતિ..૧૩**

**અર્થ :** પ્રભુના શ્રીમુખેથી ઉપદેશ સાંભળવાથી અંતરાત્મદશાને પામેલા યોગીરાજ પોતાને ધન્યાતિધન્ય માને છે અને પ્રભુ તુલ્ય પોતાની પ્રભુતા જણાવાથી અંતરમાં આહ્‌લાદ લાવીને કહે છે – અહો! અહો! હું મને જ કહું છું કે મને નમો! મને નમો! કારણકે નિશ્ચયનયથી હું પરમાત્મા જ છું Real view point થી જોતાં હું પરમાત્મા જ છું. જેનું માપ ન નીકળી શકે તેવા અમાપ-અમિત દાન આપનાર દાતાનો તને ભેટો થયો છે. તે તારા માટે અપૂર્વ વાત બની છે માટે હે આત્મન્ ! હે શુદ્ધાત્મન્ ! તને નમન હો.

---

દેહભાવ જાય એટલે સમકિત આવે. દેહભાન જાય એટલે સમ્યગ્‌ચારિત્ર આવે.
દેહ જાય અને દેહાતીત થવાય એ સિદ્ધાવસ્થા-સ્વરૂપાવસ્થા છે.

**વિવેચન :** પરમાત્માના દર્શને આનંદઘનજી મહારાજને પોતાના નિજ આત્મસ્વરૂપના દર્શન થયા. મિથ્યાત્વનો અંધકાર ઉલેચાયો. સમકિત રવિ ઝળહળ્યો. શાંતસુધારસ ઝીલતી પરમાત્માની મૂર્તિના દર્શને નિજ આત્મસત્તાનું પરમાત્મ સ્વરૂપે ભાન થયું. જેણે પોતાની પ્રભુતાનું ભાન થાય તે શુદ્ધ આત્મપણું પામે જ અને તેની દીનતા દૂર થઇ જાય, ચિંતાના વાદળો વિખરાઇ જાય. પરમાત્માના દર્શને આત્મા ભલે તરતમાં પરમાત્મા ન બની જાય પરંતુ અંતરાત્મભાવને તો પામે જ અને તો જ પ્રભુદર્શન કર્યાં કહેવાય.

આત્મસ્વરૂપ-ચૈતન્ય જ્યોતિ હજારો-લાખો ચંદ્રમાના પ્રકાશને પણ ઝાંખી પાડી દે એવી દિવ્ય જ્યોત યોગીરાજના અંતઃકરણમાં ઝળહળી ઉઠી તેથી આનંદ વિભોર બનીને તેમનો અંતરાત્મા કહી રહ્યો છે કે અહો! અહો! મારા તો ભાગ્ય જ ઉઘડી ગયા ! વીતરાગ પરિણતિનો અંશ મારામાં પ્રગટ્યો ! ચિદાનંદ ભગવાનના અંતરમાં પધરામણા થયા ! મારો આત્મા જ મને આજે પરમાત્મ સ્વરૂપે અનુભવાયો ! તેથી હું મને જ નમું છું, હું પોતે જ મારા પરમાત્મસ્વરૂપને નમસ્કાર કરું છું !

**પરમાત્મ સ્વરૂપની અનુભૂતિ એ અમિતફલવાળી છે. અમાપ ફલવાળી છે, તેનાથી બીજું કોઇ શ્રેષ્ઠ ફળ નથી. કારણકે તે અનંતતા ને અસીમતાની પ્રાપ્તિ કરાવનાર છે. આત્માએ પોતે જ પોતાને પરમાત્મસ્વરૂપનું દાન આપ્યું. આવા અમિત ફલનું દાન આપનાર એવા દાતારનો તને ભેટો થયો તે તારા માટે અપૂર્વ વાત બની છે; માટે હે શુદ્ધાત્મન્ ! તને વારંવાર નમન કરુ છું ! પોતાના આત્માની પરમાત્મસ્વરૂપના અંશરૂપે અનુભૂતિ થઇ તેમાં નિમિત્ત કારણ પણ મૂર્તિ રૂપે રહેલ પ્રભુ જ બન્યા અને ઉપાદાન કારણરૂપે પોતાનો પરમપારિણામિક રૂપે રહેલ ત્રિકાળ શુદ્ધ આત્મા જ બન્યો અને તેથી**

**પર્યાયમાં જે પ્રગટીકરણ થયું તે પણ પ્રભુનું જ થયું. આમ પ્રભુ પોતે જ દાતાર થયા અને દાન પણ પરમાત્માનું-પ્રભુતાનું થયું. આમ પરમાત્માની કૃપા થકી યોગીરાજને પ્રભુની પ્રભુતા ભેટરૂપે મળી માટે યોગીરાજ પોતે પોતાના આત્માને નમસ્કાર કરી રહ્યા છે.**

સાધના કરવા દ્વારા જે પરમહંસ જેવા ગણાય છે તે સુફી સંત મનસુર પણ ભાવવિભોર થઈ પોકારી ઉઠ્યા કે, "હું અનલક છું" અર્થાત્ હું ખુદ જ ખુદા છું ! **अहं ब्रह्माऽस्मि** !

આ ભક્તની ભગવાનમયતા-એકાકારતા-અભેદતા છે. ભક્ત જે પરથી વિભક્ત થઈ ભગવાનના પ્રગટસ્વરૂપ જેવાં જ પોતામાં રહેલા અપ્રગટ સ્વરૂપનું પ્રગટીકરણ થતાં એનાથી જે સંયુક્ત છે એ સ્વરૂપ સંયુક્તતા જ અભેદતા-તુલ્યતા-સમરૂપતા-એકરૂપતા છે.

ભગવાનની પૂજાની પૂર્વે તિલકાદિ કરવા દ્વારા પૂજકની પૂજા કરવાની જે વર્તમાન પ્રણાલિકા છે, તેમાં તે પ્રભુપૂજા પૂર્વેની સ્વપૂજામાં આ જ ભાવો પૂજકે અવશ્ય કરવા જેવા છે.

આ ગાથામાં યોગીરાજની આત્મજ્ઞાનની મસ્તીનો ચિતાર ખડો થાય છે. આવા જ કાંઈક ઉદ્ગાર દેવચંદ્રજી મહારાજના પણ છે.

**ઉપશમ રસ ભરી, સર્વ જન શંકરી, મૂર્તિ જિનરાજની આજ ભેટી।**
**કારણે કાર્ય નિષ્પત્તિ શ્રદ્ધાન છે, તેણેં ભવભ્રમણની ભીડ મેટી... ॥**

**નયર ખંભાયતે પાર્શ્વપ્રભુ દર્શને, વિકસતે હર્ષ ઉત્સાહ વાધ્યો।**
**હેતુ એકત્વતા રમણ પરિણામથી, સિદ્ધિ સાધકપણો આજ સાધ્યો॥**

ઉપશમ રસથી પરિપૂર્ણ અને સર્વજીવોને સુખકારી એવી જિનેશ્વર પ્રભુની મૂર્તિ ભેટી એટલે કે આજ તેમનું દર્શન-વંદન-સેવન અપૂર્વ

---

જે જેવું છે તે તેવું જાણવું તે જ્ઞાન, જે જેવું છે તે તેવું માનવું તે દર્શન,
જે જેવું છે તે તેવું અનુભવવું તે ચારિત્ર આ ત્રણે સમ્યગ્રૂપ છે.

હર્ષોલ્લાસથી કરતાં એવી દઢ પ્રતીતિ થઇ કે, મોક્ષના પ્રબળ નિમિત્ત કારણરૂપ જિનદર્શન અને જિનસેવાનો યોગ મળ્યો છે, તેથી મોક્ષરૂપ કાર્યની સિદ્ધિ અવશ્ય થશે. આવી દઢ પ્રતીતિ થવા સાથે મારો ભવભ્રમણનો ભય પણ પલાયન થઇ ગયો. ભવ ભ્રમણની ભીડ મેટી એ કારણે કાર્યોપચારી વચન છે. જો પ્રભુની પ્રભુતા ઈષ્ટ લાગે છે તો તે આત્મા સિદ્ધતા ને વરશે.

ખંભાતમાં બિરાજમાન સુખસાગર પાર્શ્વપ્રભુના દર્શન-વંદન કરતાં રોમરાજી વિકસ્વર થઇ. અપૂર્વ હર્ષ અને ઉત્સાહની ઊર્મિઓ ઉત્પન્ન થવા લાગી અને ધ્યાન દ્વારા પ્રભુ સાથે તન્મયતા થતાં આત્મરમણતા પ્રાપ્ત થઈ તેથી અનુમાન થાય છે કે સિદ્ધિની સાથકતા મારા આત્મામાં પ્રગટી છે.

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજાનાં પણ ઉદ્‌ગારો આવા છે -

**તૂઠ્યો તૂઠ્યો રે સાહિબ જગનો તૂઠ્યો રે**
**શ્રી શ્રીપાલનો રાસ રચતા, અનુભવ અમૃતરસ વૂઠ્યો રે.**
**મારે તો ગુરુચરણ પસાયે અનુભવ દિલમાંહી પેઠો રે**
**ઋદ્ધિ વૃદ્ધિ સવિ ઘટમાં પ્રગટી આતમરતિ હુઈ બેઠો રે..**
**પાયસમાં વૃદ્ધિનું કારણ જેમ ગોયમનો અંગુઠો રે**
**શ્રુતમાંહે તિમ અનુભવ જાણો, અનુભવ વિણ જાય હેઠો રે..**

ઉપાધ્યાય માનવિજયજી મહારાજા પણ લખે છે -

**પ્રભુની મહેરે તે રસ ચાખ્યો, અંતરંગ સુખ પામ્યો**
**માનવિજય વાચક ઈમ જંપે, હુઓ મુજ મન કામ્યો.**

પ્રભુની કૃપાથી અનુભવ રસ મેં ચાખ્યો છે તેથી હું આત્મિક સુખ પામ્યો છું એટલે મારી મનોકામના સિદ્ધ થઈ છે.

---

વિજ્ઞાનનો હેતુ બાહ્યસમૃદ્ધિ વધારવાનો છે તો ધર્મનો હેતુ આંતરિકસમૃદ્ધિ વધારવાનો છે.

**ચિદાનંદ કેરી પૂજા, નિર્વિકલ્પ ઉપયોગ**
**આતમ પરમાતમને અભેદે, નહિ કોઇ જડનો જોગ.**

- ચંદ્રપ્રભજિન સ્તવન - ઉપા.માનવિજયજી મહારાજા

સ્વાનુભૂતિ પ્રકાશમાં બ્રહ્મચારી હરિભાઇ પણ લખે છે કે -

અનંત ગુણગંભીર છે ચૈતન્યધામ આ
અહો અહો શી વંદન કેરી વાત જો
સુડતાલીસમેં વરસે સમકિત પામીને
થયો છું હું હરિસ્વરૂપ સાક્ષાત્ જો.. ૧
મારું વેદન અંતર મુજમાં સમાય છે
બહારમાં નહીં આવે કોઇ ભાવ જો
કેમ કરીને દેખે બાહિર્ જીવડા
ખોલો ખોલો અદ્ભૂત અંતર નૈન જો.. ૨
દેખ્યોરે દેખ્યો અદ્ભૂત વૈભવ અંતરે
અનંત ગુણનિધિ છું આતમદેવ જો
ચેતનભાવ જ પ્રસરી રહ્યો છે એકલો
સર્વ પ્રદેશે સુખ સુખ બસ સુખ જો.. ૩
શાંતશાંતરસ ઉલસ્યો ગુણના ધામમાં
અનંતગુણના રસમાં ડુબ્યા રામ જો
દરિયો ઊંડો કેવો ચૈતન્ય રસનો,
સ્વયંભૂથી પણ નહીં માપ મપાય જો.. ૪
સીમંધરપ્રભુ સર્વજ્ઞતાએ શોભતા
આશિષ પામ્યો પ્રભુની હું સાક્ષાત્ જો
જ્ઞાનદર્પણમાં દીઠો નિકટ મોક્ષને
અહો પ્રભુ તુજ મંગળજ્ઞાન ઉત્કૃષ્ટ જો.. ૫

---

**ધન્ય ધન્ય છે શાસન શ્રી વીતરાગનું,**
**કરાવે છે ચેતનમય નિજભાવ જો**
**અંતર્મુખ વૃત્તિને વાળી વેગથી,**
**રાગ-દ્વેષને રાખે છે અતિદૂર જો.. ૬**

દેવચંદ્રજી મહારાજ પણ લખે છે કે -

**તીન ભુવન નાયક શુદ્ધાતમ, તત્વામૃતરસ વૂઠ્યો રે,**
**સકલ ભવિક લીલાણો, મારું મન પણ તૂઠ્યો રે.. ૧**
**મનમોહન જિનવરજી મુજને, અમૃત પ્યાલો દીધો રે,**
**પૂર્ણાનંદ, અક્ષય અવિચલ રસ, ભક્તિ પવિત્ર થઈ પીધો રે.. ૨**
**જ્ઞાન સુધા લીલાની લહેરે, અનાદિ વિભાવ વિસાર્યો રે,**
**સમ્યગ્ જ્ઞાન સહજ અનુભવ રસં, શુચિ બોધ સંભાર્યો રે.. ૩**

**શાંતિ સ્વરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ પર રૂપ રે,**
**આગમ માંહે વિસ્તર ઘણો, કહ્યો શાંતિજિન ભૂપ રે.. શાંતિ..૧૪**

**અર્થ :** શ્રી શાંતિ સ્વરૂપની આ સ્તવનામાં જે કાંઇ અંશરૂપ વ્યાખ્યા સંક્ષેપથી મેં કરી છે તે સ્વ અને પર બધા આત્માઓ માટે કલ્યાણકારી નીવડે એ હેતુથી કરી છે. આગમ શાસ્ત્રોમાં તેની વ્યાખ્યા વિસ્તારથી કરવામાં આવી છે. શ્રી શાંતિનાથ પ્રભુએ બતાવેલો અથવા પ્રરૂપેલો શાંતિનો માર્ગ ગુરુગમથી જાણવા યોગ્ય છે.

**ભાવોની શુદ્ધિ થયા વિના પ્રભુ દર્શનની પ્રાપ્તિ કોઈને પણ થઈ નથી માટે ભાવ શુદ્ધ કેમ થાય તે માટે જ સતત લક્ષ્ય અને પ્રયત્ન રાખવા જોઈએ.**

---

આત્મા જ્યાં સુધી પોતાના શાંતરસમય સ્વરૂપને પિછાણીને તેમાં નહિ ડૂબે ત્યાં સુધી બીજા કોટિ ઉપાયોથી પણ શાંતિ મળવાની નથી. શાંતિ એ બહારમાંથી મળનારી ચીજ નથી. શાંતિ પોતાના આત્મામાં જ છે. સંકલ્પ-વિકલ્પનો ત્યાગ કરીને આત્મા જ્યારે પોતાના નિર્વિકલ્પ સ્વરૂપમાં લીન થાય ત્યારે તેને શાંતિની પ્રાપ્તિ થાય છે. આ વિષયમાં જયેન્દ્ર મહેતાના ઉદ્‌ગારો -

**શોધે છે શું કિનારે મોતીઓને શોધનારા**
**વસ્તુ કદીય મોંઘી મળતી નથી સહજમાં**
**મોતીને મેળવે છે મઝધાર ડૂબનારા.**

**શાંતિસરૂપ ઈમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાન રે,**
**આનંદઘન પદ પામશે, તે લહેશે બહુમાન રે.. શાંતિ..૧૫**

**અર્થ :** શાંતિ એ આત્માનો સ્વભાવ છે સ્વરૂપ છે. શાંતિપદની શક્તિ દરેક આત્મામાં ગુપ્તપણે રહેલી છે, એમ સમજીને જે કોઇ આત્મા શાંતિપદની પ્રાપ્તિનું ભાવન ચિત્તની એકાગ્રતાથી કરશે, પોતાના પરમ સ્વરૂપના ધ્યાનમાં તલ્લીન બનશે, શુભ ધ્યાનવડે આંતરપટમાં ખોવાઇ જશે, તે અંતે પોતાના આત્મામાં જ આનંદના સમુહરૂપ એવા મોક્ષપદને પામશે અને જગતમાં ડગલે ને પગલે માન-સન્માનને પ્રાપ્ત કરશે. ભલે એને માન-સન્માનની પડી ન હોય પણ જગત તેને સામેથી માન-સન્માન આપશે. એ વ્યક્તિ જ એની પ્રગટ પ્રભુતાથી એવી પ્રભાવશાળી બની જાય છે કે એની પ્રતિભામાં અંજાઇ જઇ હાથ જોડી દેવાય છે-વંદન થઇ જાય છે. સૌ કોઇ આત્મા શાંતિનાથ પ્રભુના પરમ શાંતરસમય સ્વરૂપને ઓળખીને અખૂટ શાંતિને પામે અને જીવનમાં રસાધિરાજ એવા શાંતરસની ઉપાસના કરે એ જ એકની એક સદાની શુભાભિલાષા.

---

આત્મા માટે જૂઓ તો સમ્યગ્દર્શન, આત્મા વડે જૂઓ તો દિવ્યદર્શન-કેવળદર્શન.

# 17 શ્રી કુંથુનાથ જિન સ્તવન

કુંથુજિન ! મનડું કિમહી ન [1]બાજે, હો કુંથુજિન ! મનડું કિમહી ન બાજે;
જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અલગું ભાજે હો॥ કું.૧
રજની વાસર વસતિ ઉજ્જડ, ગયણ પાયાલે જાય;
સાપ ખાય ને મુખડું થોથું, એહ ઉખાણો ન્યાય હો॥ કું.૨
મુક્તિતણા અભિલાષી તપિયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;
[2]વૈરિડું કાંઇ એહવું ચિંતે, નાખે અવળે પાસે હો॥ કું.૩
આગમ આગમધરને હાથે, નાવે કિણ વિધ આંકું;
કિહાં કણે જો હઠ કરી [3]અટકું તો, વ્યાલતણી પરે વાંકું હો॥ કું.૪
જો ઠગ કહું તો ઠગતો ન દેખું, સાહુકાર પણ નાંહિ;
સર્વ માંહે ને સહુથી અલગું, એ અચરિજ મનમાંહિ હો॥ કું.૫
જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો;
સુર-નર-પંડિતજન સમજાવે, સમજે ન [4]માહરો સાલો હો॥ કું.૬
મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકળ મરદને ઠેલે;
બીજી વાતે સમરથ છે નર, એહને કાંઇ ન [5]ઝેલે હો॥ કું.૭

---

ચાર પ્રકારના ઘાતિકર્મમાં મોહનીયકર્મ એ મળ છે, અંતરાયકર્મ એ વિક્ષેપ છે અને
દર્શનાવરણીયકર્મ તથા જ્ઞાનાવરણીયકર્મ એ આવરણ છે.


K
KUNTHUNATH BHAGWAN
श्रीकुन्थुनाथो भगवान्, सनाथोऽतिशयर्द्धिभिः।
सुरासुर-नृ-नाथानामेकनाथःथोऽस्तु वः श्रिये।। ।।१७।।

નામ : ૧૭ મા શ્રી કુંથુનાથ

લાંછન : બોકડો

રાશિ : વૃશ્ચિક

ગણ : રાક્ષસ

માતા : શ્રી

પિતા : શૂર

ગર્ભવાસ : ૯-૫

દીક્ષા પર્યાય : ૨૩૭૫૦ વર્ષ

સર્વ આયુષ્ય : ૯૫૦૦૦ વર્ષ

સમ્યક્ત્વ પામ્યા પછીની ભવ સંખ્યા : ૩ ભવ

ચ્યવન કલ્યાણક નક્ષત્ર સાથે : કૃતિકા અ. વ.૯



# કુંથુનાથજી

જન્મ કલ્યાણક નક્ષત્ર સાથે : કૃતિકા ચૈ. વ.૧૪

દીક્ષા કલ્યાણક નક્ષત્ર સાથે : કૃતિકા ચૈ. વ.૫

કેવળજ્ઞાન કલ્યાણક નક્ષત્ર સાથે : કૃતિકા ચૈ. સુ.૩

નિર્વાણ કલ્યાણક નક્ષત્ર સાથે : કૃતિકા ચૈ. વ.૧

જન્મનગરી : હસ્તિનાપુર

દીક્ષાનગરી : હસ્તિનાપુર

કેવળજ્ઞાનનગરી : હસ્તિનાપુર

નિર્વાણભૂમિ : સમ્મેતશિખર

મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહીં ખોટી;
ઇમ કહે સાધ્યું તે નવિ માનું, એકહી વાત છે મોટી હો॥ કું.૮
મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું;
**'આનંદઘન'** પ્રભુ ! માહરું આણો, તો સાચું કરી જાણું હો॥ કું.૯

પાઠાંતરે ૧. બાઝે ૨. વયરીડું ૩. હટકું ૪. મારો ૫. મેલે

**મનડું કિમ હી ન બાજે હો કુંથુજિન, મનડું કિમ હી ન બાજે**
**જિમ જિમ જતન કરીને રાખું તિમ તિમ અળગું ભાગે હો.. કુંથુજિન..૧**

**અર્થ :** હે કુંથુનાથ પ્રભો ! આ મનડું કેમે કરીને સ્થિરતાને પામતું નથી. પ્રયત્ન કરીને જેમ જેમ તેને સ્થિર કરવાનો પ્રયત્ન કરું છું તેમ તેમ તે દૂર ને દૂર ભાગતું જાય છે.

**વિવેચન :** આનંદઘનજી મહારાજ પ્રભુને પ્રશ્ન કરવા દ્વારા પૂછે છે કે હે પ્રભો! મુક્તિ અર્થે પ્રયાસ કરવા છતાં મારું મન મને વશ થતું નથી. જેમ જેમ તેને વશ કરવા પ્રયત્ન કરું છું તેમ તેમ તે બાજ પક્ષીની જેમ નજર ચૂકાવીને ખબર ન પડે તેમ છટકી જાય છે. કુંથિત મન અકુંથિત-અસંકુચિત-વ્યાપક બનતું નથી.

મન-વચન-કાયાના યોગો જેને હોય તે સંજ્ઞી કહેવાય અથવા એષણા યુક્ત મન જેને છે તે મનુષ્ય છે. શરીર, ઇન્દ્રિય, પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારથી જીવાતું જીવન તે માનવ જીવન છે.

કાયા સ્થૂલ છે. વચન સૂક્ષ્મ છે અને મન સૂક્ષ્મતર છે અથવા તો શરીર એ સ્થૂલ-સ્થૂલ છે. ઇન્દ્રિયો એ સ્થૂલ છે પ્રાણ એ સ્થૂલસૂક્ષ્મ છે અને મન, બુદ્ધિ-ચિત્ત-અહંકાર એ સૂક્ષ્મ છે. શરીર તથા ઈન્દ્રિયોને મન સાથે જોડનાર કડી પ્રાણ છે. શરીર અને ઈન્દ્રિયો તથા મન અને બુદ્ધિ,

---

ઉપશમ ભાવ વાળો સ્વરૂપને વેદે છે પણ પાછો પડે છે.
ક્ષાયિકભાવ વાળો સ્વરૂપને વેદે છે અને સ્વરૂપસ્થ રહે છે.

એ બેની વચ્ચે પ્રાણ છે. એ પ્રાણ જડ એવા શરીર અને ઈન્દ્રિયો પર પણ અસર કરે છે અને મન, બુદ્ધિ કે જે ચેતનના અંશ છે તેના ઉપર પણ અસર કરે છે.

કોઈ પણ માણસને કહો કે તને પાંચ હજાર રૂા. આપું પણ તારું નાક પાંચ મિનિટ માટે દાબવા દે તો તે ના કહેશે કારણ નાક દબાઈ જતાં શ્વાસ બંધ થઈ જાય અને મૃત્યુ આવે. આમ પ્રાણથી શરીર ચાલે છે. તેથી જ શ્વસન ક્રિયા મંદ અને લયબદ્ધ તો મન શાંત અને શ્વસન ક્રિયા ઝડપી અને વિષમ તો મન અશાંત. મન અશાંત થતાં શરીર અને ઈન્દ્રિયો પણ આકુળ વ્યાકુળ રહે છે. એથી વિપરીત, મન શાંત તો શ્વસન ક્રિયા ધીમી અને તાલબદ્ધ, પરિણામે શરીર અને ઇન્દ્રિયો સ્વસ્થ. પ્રાણનો નિરોધ કરતાં મનનું વિચરણ-વિચારો બંધ થાય છે.

કુંથુઆ એ એક પ્રકારના સૂક્ષ્મ જીવો છે, જે નરી આંખે જોઈ શકાતા નથી. એવા જીવોની ઉત્પત્તિનું પ્રમાણ વધી જતાં શાસનપતિ પ્રભુ વીરના નિર્વાણ સમયે ઘણાંય સાધુ ભગવંતોએ અણસણ સ્વીકારી સ્વેચ્છાએ દેહત્યાગ કરી આત્મ કલ્યાણ સાધ્યું હતું. એ જ પ્રમાણે મન પણ કુંથુઆ જેવું જ સૂક્ષ્મ છે. દેખી શકાતું નથી, પકડી શકાતું નથી. જેમ જેમ જતન કરીને - કાળજી કરીને પકડવાનો અભ્યાસ કરાય તેમ તેમ તે દૂરને દૂર ભાગે છે. જાણે કે તે મન આપણી સાથે સંતાકૂકડી ન રમતું હોય !!

મન બે પ્રકારે છે ૧) દ્રવ્ય મન ૨) ભાવ મન.

દ્રવ્ય મન એ મનોવર્ગણાના પુદગલોનું બનેલું છે. તે સૂક્ષ્મ પુદ્ગલ સ્કંધ હોવાથી ઈન્દ્રિય ગ્રાહ્ય નથી. જ્યારે આત્માની ખાસ પ્રકારની વિશુદ્ધિ તે ભાવમન છે. ક્ષયોપશમભાવ એ ભાવમન છે જેના વડે જીવ શિક્ષા લેવા, કૃત્ય સમજવા, ઉપદેશ દેવા વગેરે માટે યોગ્ય બને છે.

જીવની વિચારાદિ ક્રિયામાં ભાવમન એ ઉપાદાન છે. અને દ્રવ્યમન નિમિત્તમાત્ર છે-સાધનમાત્ર છે. ભાવમન એ મતિજ્ઞાનના ઉપયોગ સ્વરૂપ છે અને તે આત્માનો અંશ છે. તે આત્મામાં રહેવાને બદલે આત્મામાંથી નીકળીને બહાર અનાત્મભાવમાં કૂદાકૂદ કરે છે, સ્વઘર છોડીને પરઘરે-પુદ્ગલના ઘરે ભટકે છે, આત્મામાં ઠરતું નથી. ભાવમન ઈચ્છા અને વિચારોનું પોટલું છે. કર્મથી ખળભળાટ પામેલું અને ખદબદ થનારું છે. આત્માના મૂળસ્વરૂપનો ઘાત કરનારું છે.

**ઇચ્છાથી મોહનીય કર્મની અને વિચારથી જ્ઞાનાવરણીય કર્મની સિદ્ધિ થાય છે. જેની ઇચ્છા છે તે ઇચ્છિત તત્ત્વનો-વસ્તુનો અભાવ એ અંતરાય કર્મ છે. ઇચ્છા એ મોહનીય કર્મ છે. મન જેમ ઇચ્છા કરે છે તેમ તે વિચાર પણ કરે છે. વિચાર એ જ્ઞાનની અપૂર્ણતા સૂચવે છે, જે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન સ્વરૂપ છે, જે પરાધીનતાને પણ સૂચવે છે. આમ વિચારથી જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મની સિદ્ધિ થાય છે. જાણવામાં અપૂર્ણતા હોય ત્યાં જોવામાં પણ અપૂર્ણતા હોય જ. આમ ભાવમન એટલે ઈચ્છા અને વિચારનું બંડલ કે જે ઇચ્છા અને વિચારમાં આખું ઘાતી કર્મ સમાઇ ગયું.**

**ઇચ્છાનો અંત વીતરાગતા અર્થાત્ પૂર્ણકામ થવાથી આવે અને ત્યાર પછી અજ્ઞાન જાય તો એટલે કે વિચાર શમી જાય તો નિર્વિકલ્પ બનાય અને સર્વજ્ઞ-સર્વદર્શી થવાય. ચારેય ઘાતી કર્મોનો નાશ થતાં પરમાત્મા બનાય. દેહ છતાં દેહાતીત દશાને, મન છતાં મનાતીત દશાને, શબ્દ છતાં શબ્દાતીત એટલે નિર્વિકલ્પ દશાને-મૌનને પામી શકાય, જે સહજાત્મ અવસ્થા છે કે જ્યાં સહજ યોગ પ્રવર્તન છે. આવી મનની અમનદશા નમનથી-વંદનથી પ્રાપ્ત કરવાની છે. પ્રથમ ઈચ્છાયોગનું**

**નમન આવે છે પછી શાસ્ત્રયોગનું નમન અને અંતે સામર્થ્યયોગના પરાકાષ્ઠાના નમનરૂપે મન પરિણમે ત્યારે સહજાત્મ સ્વરૂપી થવાતા પરમાત્મા બનાય છે. જ્યાં ઇચ્છાની તૃપ્તિ પૂર્ણકામ-વીતરાગતા છે અને વિચારની તૃપ્તિ નિર્વિકલ્પતા-કેવળજ્ઞાન-કેવળદર્શન છે.**

મનની આ દશાને પામવાની છે પણ મન પકડ્યું પકડાતું નથી, બાંધ્યું બંધાતુ નથી, ઝાલ્યું ઝલાતું નથી, રાખ્યું રહેતું નથી એવું મન મર્કટ જેવું છે. મનરૂપી વાંદરીનું બચ્ચુ એક ઈચ્છા પરથી બીજી ઈચ્છા પર અને એક વિચારથી બીજા વિચાર પર ઠેકડા માર્યા કરે છે. નાચ નાચે છે જેમ વાંદરીનું બચ્ચુ એક જગ્યાએ બેસી ન રહેતા એક વૃક્ષની ડાળ પરથી બીજા વૃક્ષની ડાળ પર કૂદકા મારે છે તેમ આ મન પણ સતત કૂદાકૂદ કર્યા જ કરે છે. મૂળમાં તો તે આત્માનો જ અંશ છે. કહ્યું છે કે મન ચંચલમ્ દુર્ગાહ્યમ્ - મન ચંચળ છે. એને વશ કરવું ઘણું કઠીન છે.

આત્માની શક્તિ અનંત છે. સમયમાત્રમાં સર્વક્ષેત્રના, સર્વકાળના, સર્વદ્રવ્યો તેના ગુણ પર્યાય સહિત જણાઇ જાય તેવી અચિંત્ય જ્ઞાનશક્તિ ધરાવે છે. **સ્વ-પ્રકાશક, સ્વ-પર પ્રકાશક, સર્વોચ્ચ પ્રકાશક અને સર્વપ્રકાશક શક્તિ આત્માની છે.** મન એ આત્માનો અંશ છે તેથી એમાં પૂર્ણની આંશિક ઝલક જોવા મળે છે. સમયમાત્રમાં ક્ષેત્રના બંધનોને તોડીને, સીમાઓને પાર કરીને લંડન, ન્યુયોર્ક, મહાવિદેહ, આકાશ, પાતાળ એમ બધે જ ભટકવા તે સમર્થ છે.

એ જ રીતે વર્તમાનમાંથી ભૂતકાળમાં કે ભાવિમાં મનને વિચરણ કરવામાં વાર લાગતી નથી. આત્મદ્રવ્યમાંથી અન્યદ્રવ્યની વિચારણામાં સરકી જવામાં મનને સમય લાગતો નથી. શાંતરસમાંથી ક્રોધાદિના અશાંતરસમાં પણ બહુ ઝડપથી તે ચાલ્યું જાય છે.

---

આપણા ભાવ સારા યા નરસા છે. પદાર્થ સારા નરસા નથી.

આત્મા અનંત શક્તિનો માલિક છે તેથી ઈચ્છા પણ અનંત છે અને વિચારો પણ અનંત છે. એક પછી એક ઇચ્છા અને વિચારોનો પ્રવાહ ચાલ્યા જ કરે છે. અનંતકાળથી જીવ ઈચ્છા અને વિચાર કરે છે છતાં તે ખૂટતા જ નથી કારણકે ભીતરમાં અનંત જ્ઞાનમય આત્મા રહેલો છે. કોઇ કાચા માલ (Raw Material) ના પૂરવઠાની મનને જરૂર પડતી નથી.

આમ મન સૂક્ષ્મ છે. તેની શક્તિ અગાધ છે અને અગમ છે કેમકે તે આત્માનો-કેવલજ્ઞાનનો અંશ છે. આત્માની શક્તિ અનંત, અગાધ અને અગમ હોવાથી તેના પ્રતિનિધિ સમા મનની શક્તિ પણ અનંત-અગાધ-અગમ છે.

મનની જે આવી શક્તિ મળી છે, તે આત્મામાં ઠરવા માટે અને આત્માને પરમાત્મ સ્વરૂપમાં પરિણમાવવા માટે મળી છે; જેથી તે નિજ વિશાળતા, વ્યાપકતા, વીતરાગતા, વિરાટતા, નિરાલંબીતા, નિર્વિકલ્પતા, અસીમતા અને અનંતતાને પ્રગટ કરી શકે. એ માટે જ મનને પકડવાનું છે અને બહારમાંથી ભીતર તરફ વાળી ભીતરમાં જે નિજસ્વરૂપ છે તેમાં ઢાળવાનું છે. મતિજ્ઞાનના ઉપયોગમાં નિરંતર નિર્લેપતા, નિર્મમતા, નિર્મોહતા, નિર્ભયતા, નિશ્ચિંતતા, વીતરાગતાના આકારો આપવાના છે. આનાથી મતિજ્ઞાનના ઉપયોગમાંથી રાગાદિ વિકારીભાવો નીકળે છે-ટળે છે. અકષાયભાવની સ્પર્શના થાય છે અને મોક્ષમાર્ગ તરફ પ્રયાણ થાય છે. પ્રભુવીરને પામ્યા પછી શ્રેણિક મહારાજાએ પોતાના મતિજ્ઞાનના ઉપયોગમાં સતત વીતરાગતાને ઘૂંટી હતી માટે તેઓ પોતે શીઘ્ર પરમાત્મા બનશે.

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજા સ્તવનમાં લખે છે –

**મન વૈકુંઠ અકુંઠિત ભગતે-યોગી ભાખે અનુભવ જુગતે...**

**રજની વાસર વસતિ ઉજ્જડ, ગયણ પાયાલે જાય**
**સાપ ખાયને મુખડું થોથું, એહ ઉખાણો હો ન્યાય હો... કુંથુ..૨**

---

દશ્ય અને દર્શન ઉભયને સમજાવે તે દર્શન છે. પરંતુ દશ્યથી છોડાવે તે સાચુ દર્શન છે.

**અર્થ :** મનની ચંચળતા કેવી અગમ્ય છે ? તે કવિહૃદયી યોગીરાજ જણાવે છે.

રજની એટલે રાત્રિનો વાસર એટલે અવસર છે, જે સૂનકાર છે, નીરવ છે. વળી તે રાત્રિનો વિસ્તાર પણ વસતિ એટલે લોકોના રહેઠાણ રહિત ઉજ્જડ-વેરાન છે કે, જે રસ્તે કોઇની અવર-જવર નથી. આવા કાળ-રાત્રિના અવસરમાં ઉજ્જડ અને વેરાન સ્થળમાં મન જાય છે. તે જ રીતે આકાશ અને પાતાળમાં પણ મન જાય છે. મનની ગતિ અતિ સૂક્ષ્મ અને શીઘ્ર છે અને તેનુ ભ્રમણ હેતુહીન છે. હિપ્પીની જેમ જ્યાં ત્યાં અને ગમે ત્યારે ગમે તે ઠેકાણે ઉદ્દેશહીનપણે ભટક્યા કરે છે. એમાં નથી પ્રવાસ કે નથી યાત્રા, કેવળ રખડપટ્ટી-રઝળપાટ છે - ભ્રમણ છે.

સાપ કોઈને કરડે ત્યારે લોકમાં સાપે તેને ખાધો એમ કહેવાય છે પણ તેથી સાપના મોઢામાં કાંઇ આવતું નથી. સાપ જેને ડંખ મારે તેનો તો જીવ જાય પણ સાપનું મોઢું તો થોથું ને થોથું અર્થાત્ ખાલીને ખાલી. તેનુ કાંઈ પેટ ભરાતું નથી, તેના જેવું મન છે. ગમે તેટલું ભટકે પણ અંતે શું? કાંઇ નહિ માત્ર ચાર ગતિનું પરિભ્રમણ અને સદાયની અતૃપ્તિ.

**વિવેચન :** ઈષ્ટ પદાર્થો જોઇને મન સંકલ્પ-વિકલ્પ કર્યા કરે છે પણ તેથી તેને કાંઇ વિષયોનો આનંદ મળતો નથી. ઊલટું ખોટા વિચારો કરવાથી નવા નવા કર્મો બંધાય છે. મન જો વિશ્રાંતિને પામે તો જ આનંદ મળવાનો છે. મનને ભટકવામાં ક્ષેત્ર કે કાળનો કોઇ પ્રતિબંધ નડતો નથી. અમાવાસ્યાની કાળી રાત્રે માનવી ઘરમાંથી બહાર નીકળતા ડરે પણ તેનું મન તો ત્યારે પણ ભમવા નીકળી પડે છે. રાત્રે નિદ્રામાં પણ મનનું ભ્રમણ ચાલુ હોય છે. બહારની સૃષ્ટિમાં રખડવાનું ન મળે તો સ્વપ્નાની સૃષ્ટિમાં ભમવા તે નીકળી પડે છે. કાપડિયા સ્વપ્નામાં કાપડના તાકા ફાડે છે,

---

ભગવાનની મૂર્તિ (જડ)ને ચૈતન્ય માનશો તો તરી જશો. જ્યારે દેહને ચૈતન્ય માનશો તો ડૂબી જશો.

સટોડિયા ઇતના લિયા-ઇતના દિયાનો બબડાટ કરે છે.

મનનું કેવળ ભ્રમણ જ હોય છે, પ્રવાસ કે યાત્રા નહિ. પ્રકૃતિના સાનિધ્યને માણવા પ્રાકૃતિક સ્થળોની મુલાકાત હોય કે પછી અતીતમાં ડોકિયું કરવારૂપ ઐતિહાસિક સ્થળોની મુલાકાત હોય તો તે પ્રવાસ કહેવાય અને યાતના-વેદનામાંથી છુટકારો થતો હોય અથવા આધિ-વ્યાધિ અને ઉપાધિમાં સમાધિ રખાવી જન્મ-જરા-મૃત્યુના અંત લાવનાર તારક તીર્થંકર પરમાત્માઓની કલ્યાણક ભૂમિઓની સ્પર્શના હોય કે જ્યાં કાંકરે કાંકરે અનંતા આત્માઓ મુક્તિને વર્યા હોય, જ્યાં વિશુદ્ધિ અનુભવાતી હોય તેવા તીર્થોની સ્પર્શનાને યાત્રા કહેવાય. પણ મનને તે નથી. તેને તો કેવળ ભ્રમણ છે. **મનની અસ્થિરતા-ચંચળતા-અશાંતતા અને તેનુ ભ્રમણ એ અજ્ઞાનનો વિલાસ છે, જ્યારે મનની સ્થિરતા-શાંતતા-સમાધિ એ જ્ઞાનનું ફળ છે.**

હેતુહીન-પરિણામ વગરનું શૂન્ય ભ્રમણ કેવું છે તે યોગીરાજ સાપના ઉદાહરણથી સમજાવે છે. સાપ દૂધ તો પીએ છે પણ તેને ઝેર રૂપે પરિણમાવે છે. સાપને દાંત નથી હોતા પણ તે મોઢાથી કરડે છે ત્યારે લોકમાં એવી કહેવત છે કે સાપે તેને ખાધો પણ તેથી સાપના મોંમાં કાંઇ આવતું નથી. સાપે જેને ડંખ માર્યો તેનો તો જીવ ગયો; તે તો મરી ગયો પણ તેના મોંમાં કાંઇ આવ્યું ? કાંઈ નહિ, સાપનું મોં તો ખાલીને ખાલી! વળી સાપણ એક સાથે ૧૦૮ સાપોલિયાને જન્મ આપે છે ત્યારે તેને દૂધ વગેરેનો ખોરાક ન મળતાં પોતાના જ બચ્ચાઓને ખાઇને તે ભૂખ ભાંગે છે. આમે ય સાપનો સ્વભાવ ક્રોધિષ્ટ ગણાય છે. જરા-જરામાં તે ફેણ ચઢાવે અને ફુંફાડા મારે. પોતાના જ જણેલા સાપોલિયાને તે ખાય. તેમાંથી એકાદ સાપોલિયુ આઘુંપાછું થઇ નજર બહાર ચાલી જાય તો બચી જાય. બાકી બધાય સાપોલિયાને તે સાપણ ખાઇ જાય તેમાં

---

પોત પોતાને નડે એ અજ્ઞાની-અવિવેકી, પોતે બીજાઓને નડે તે દુર્જન.

તેને કયો આનંદ આવે? અથવા તો અમુક સાપો પોતાનાથી નાના સાપોલિયાને ખાઈ જાય જે ઝેરી હોય. તે ઝેરી નાના સાપોલિયાને દાંત ન હોવાથી ચાવી ન જતાં ગળી જવા પડે અને તેથી એ સાપોલિયાનું ઝેર પોતાના શરીરમાં વ્યાપી જતાં પોતાને પણ મોતને શરણ થવું પડે; આમ સાપ ખાય છતાં મુખડું તો થોથું એટલે ખાલી ને ખાલી રહે. આમ આ દૃષ્ટાંત આપીને જણાવે છે કે મન જ્યાં ત્યાં ભટક્યા કરે પણ તેમાં તેને કાંઈ આનંદ મળે નહિ અને ઉપરથી વધારામાં અશુભ કર્મ બંધાય. મનના કારણે તો પ્રસન્નચંદ્ર રાજર્ષિએ સાતમી નરકગતિના દળિયા બાંધ્યા હતા. ક્ષાયિક સમકિતના ધણી શ્રીકૃષ્ણ અંતિમ સમયે દ્વૈપાયન ઋષિને યાદ કરી પોતાની લેશ્યા બગાડી નરકે ગયા, તેમાં પણ કારણ તો મન જ છે ને ? મનના પાપે જ તંદુલિયો મત્સ્ વિણ ખાધે-વિણ ભોગવે સાતમી નરકે જાય છે.

ફુટબોલના મેદાનમાં ખેલાડીઓના પગની કીકથી ફંગોળાતા ફુટબોલ જેવી મનની દશા આ ચૌદ રાજલોકમાં છે. કર્મની કીક (લાત) વાગે અને ફંગોળાઇ જવું પડે.

મન અને બુદ્ધિનો આત્મા સાથે સજાતીય સંબંધ છે અને આત્મા તો પરમાત્માની જાતિનો છે. મન અને બુદ્ધિએ લગ્ન પરમાત્મા સાથે કરવા જોઇએ. મન અને બુદ્ધિ એ સૂક્ષ્મતત્ત્વ છે પરંતુ મોહ અને અજ્ઞાનવશ મન અને બુદ્ધિએ વિજાતીય એવા શરીર, ઇન્દ્રિય અને પ્રાણ સાથે લગ્ન કરેલ છે.

જ્યારે મન અને બુદ્ધિ શરીરાદિને બદલે આત્મા-પરમાત્મા સાથે સંબંધ બાંધશે ત્યારે મન અમન થશે અને બુદ્ધિ શાંત થઇ જશે. જેમ મૂળ વગર વૃક્ષ ટકી શકે નહિ તેમ બુદ્ધિનું મૂળ આત્મા છે. આત્માના આધારે મન અને બુદ્ધિ નીકળે છે એ આત્માનો અંશ છે. તેને પાછા આત્મામાં

સમાવી દેવાના છે. પ્રાણને સમ કરવાના છે અર્થાત્ શ્વાસને લયબદ્ધ કરવાના છે. શરીર અને ઇન્દ્રિયોનું શોષણ કે દમન નહિ કરતાં તેને આપણે વશ એટલે કે તાબે કરવાના છે. આમ કરવાથી મન શાંત, સ્થિર, એકાગ્ર થઈ અંતે અમન થશે અને તેમ થતાં આત્મા વીતરાગ-સર્વજ્ઞ બની મોક્ષ પામશે.

મેતારજ મુનિ, ગજસુકુમાલ, સ્કંધક સૂરિ વગેરેએ ઉપસર્ગોમાં આ રીતે મન અને બુદ્ધિને શાંત કર્યાં હતાં, તો તેમને શીઘ્ર મોક્ષની પ્રાપ્તિ થઇ હતી. **ગમે તેવો કાતિલ ઘાતક દુશ્મન હોય છતાં તેના માટે લેશમાત્ર અશુભભાવ ન આવે, તેનું પણ ભલુ કરવાની જ વૃત્તિ રહે ત્યારે સમજવું કે મન વશ થયું છે. ધર્મ પામવા માટે શ્રીપાલ જેવું ચિત્ત બનાવવું જોઇએ. ધવલે શ્રીપાલને હેરાન કરવામાં અને મારી નાખવામાં કાંઇ બાકી રાખ્યું નહિ છતાં શ્રીપાલે લેશમાત્ર પોતાના મનને બગડવા દીધું હતું નહિ. જીવનમાં ધર્મની પ્રવૃત્તિ આવવી સહેલી છે પણ ધર્મની પરિણતિ આવવી બહુ કઠિન છે. ભીતરમાં કર્મની વખારોની વખારો ભરી છે. ગંજાવર સ્ટોક પડ્યો છે. કુસંસ્કારોનો જાલિમ દારૂગોળો પડ્યો છે. તે ઘટે-વિપુલ પ્રમાણમાં ઓછો થાય પછી જ ચિત્તવિશુદ્ધિનો જન્મ થાય છે. તે થતાં જગત નિર્દોષ જણાય છે. પોતાની ભૂલ પકડાય છે, પોતાની ભૂલ સમજાય છે એટલે અંદરમાં સમાધાન થતાં ધર્મની પરિણતિ પ્રગટે છે. ધર્મની પરિણતિ પ્રગટતા વીતરાગ પરિણતિના અંશ રૂપ ઉપશમ સમ્યકત્વ શું ચીજ છે? તે તેને ખ્યાલ આવે છે. તેની શ્રદ્ધા થાય છે. આત્મા પોતાનો લાગે છે. જ્યારે આત્મામાં પોતાપણું સ્થપાય છે ત્યારે આત્મા જ સાચો લાગે છે અને સારો લાગે છે. આ પોતાપણું એ શ્રદ્ધા એટલે કે દર્શન છે. સાચાપણું એ જ્ઞાન છે અને સારાપણું એ ચારિત્ર છે. જ્યાં પોતાપણું હોય છે ત્યાં પછી થાક કે કંટાળો નથી આવતા. છતાં જ્યાં સુધી ગ્રંથિભેદ થતો નથી ત્યાં સુધી વીતરાગ**

---

**પરિણતિનો અંશ પ્રગટ થતો નથી. વીતરાગ પરિણતિનો અંશ પ્રગટાવવા માટે ક્ષમાદિગુણોની પરિણતિ સ્વરૂપ ધર્મની પરિણતિ પ્રગટાવવાની છે.**

**મુગતિતણા અભિલાષી તપિયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે,**
**વયરીડું કાંઇ એહવું ચિંતે, નાંખે અવળે પાસે હો.. કુંથુ..૩**

**અર્થ :** મનને વશ કરવું એ ઘણું દુષ્કર છે, તેને બતાવતાં યોગીરાજ કહે છે કે મોક્ષ પ્રાપ્તિની અભિલાષાથી જીવો તપને તપતા હોય, ઘોર સાધના કરતા હોય, વળી જ્ઞાન અને ધ્યાનના અભ્યાસમાં સતત લીન રહેતા હોય તો પણ ક્યારેક આ મન વૈરીડું બનીને એવું ઊંધુ ચિંતવી નાખે છે કે સીધી બાજી પલટી નાખે છે અને અવળા માર્ગે ચડાવી દે છે. પાટા પર ચાલતી ગાડીને ઉતારી નાખે છે.

**વિવેચન :** યોગીરાજની આ કડીનો ભાવ શ્રી હેમચંદ્રાચાર્ય રચિત યોગશાસ્ત્રના ચોથા પ્રકાશમાં આવતી છત્રીસમી ગાથા સાથે મળતો આવે છે. તે ગાથા આ પ્રકારે છે.

तप्यमानांस्तपो मुक्तौ गन्तुकामान् शरीरीणः ।
वात्येव तरलं चेतः, क्षिपत्यन्यत्र कुत्रचित् ।।

મુક્તિને પામવાની ઇચ્છાથી તપને તપતાં એવા પ્રાણીઓને વાયુના જેવું ચપળ અને ચંચળ એવું ચિત્ત અન્ય કોઇ સ્થળે ફેંકી દે છે.

મોક્ષપદને પામવાની અભિલાષાથી કેટલાય આત્માઓ ઉગ્રપણે તપને તપતા હોય છે અને તે તપ પણ પાછો લાંઘણરૂપ કે અજ્ઞાન તપ નહિ પણ જ્ઞાન અને ધ્યાનના અભ્યાસપૂર્વકનો હોય છે. એકલા જ તપને તપનારા અને જ્ઞાનધ્યાનને બાજુ પર મુકનારા આત્માઓના તપની તો કોઇ કિંમત જૈન શાસન આંકતુ નથી. અજ્ઞાન અને અવિવેકપૂર્વક કરાતા તપને

જ્ઞાનીઓ કાયકલેશ તરીકે ઓળખાવે છે. એને માટે તામલી તાપસના દૃષ્ટાંતને વિચારવા જેવું છે.

**જો કષ્ટે મુનિ મારગ પાવે, બળદ થાય તો સારું રે,**
**ભાર વહે જે તાવડે ભમતો, ખમતો ગાઢ પ્રહારો રે...**

- ૩૫૦ ગાથા સ્તવન ઢાળ પહેલી. ઉપા. યશોવિજયજી

આ તો જ્ઞાન અને ધ્યાનના અભ્યાસપૂર્વક તપ તપતા હોવા છતાં પણ ક્યારેક તેવા ઉગ્ર તપસ્વીઓનું મન પણ એવા દુર્ધ્યાનમાં ચડી જાય છે અને અંદરથી એવું ચિંતવન કરી નાખે છે કે તેવા તપસ્વીઓ પણ ક્ષણવારમાં મોહના પાશમાં પટકાઈ જાય છે. સાધ્યની સમીપમાં પહોંચેલો હોવા છતાં લાખો યોજન દૂર ફેંકાઈ જાય છે.

કમલપ્રભ આચાર્યે ચૈત્યવાસીઓની સામે મંદિર બંધાવવાના વિષયમાં સન્માર્ગની પ્રરૂપણા કરી અને તીર્થંકરનામકર્મના દલિકો એકઠા કર્યા. એક ભવ વેદ્ય સંસાર કર્યો પણ સાધ્વીજીની બાબતમાં ચૈત્યવાસીઓ આગળ ઉત્સૂત્ર પ્રરૂપણા કરી, જ્યાં અનેકાંત નહોતો ત્યાં અનેકાંત સ્થાપન કર્યો તો તીર્થંકરનામકર્મના દલિકો વિખરાઈ ગયા. સમ્યકત્વ ચાલ્યું ગયું અને અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી જેટલો સંસાર વધારી દીધો. એક ક્ષણ વારમાં તો મન એવું ચિંતવી નાખે છે કે અધ્યાત્મના ગિરિ શિખરે રહેલાને ઠેઠ પાતાળમાં ફેંકી દે છે. મોટા મોટા માંધાંતાઓને પણ એક ક્ષણવારમાં નીચે પટકનાર. પછાડનાર વૈરીડું આ મન છે. જંગલમાં રહીને ઘોર તપને તપતા એવા વિશ્વામિત્ર જેવા ઋષિઓ પણ દેવલોકમાં રહેલી રંભા, ઉર્વશી અને મેનકાના કટાક્ષે ભ્રષ્ટ થઇ સંન્યાસ હારી ગયાના તેમજ દુર્ગતિમાં ગયાના દૃષ્ટાંતોની ઈતિહાસ સાક્ષી પુરે છે. ઉત્કૃષ્ટ વૈરાગ્યથી ચારિત્ર લઈ આત્મકલ્યાણને સાધતા નંદિષેણમુનિ પણ ગોચરી માટે

ભૂલથી વેશ્યાને ત્યાં જઈ ચડ્યા અને પછી વેશ્યાને જવાબ આપવામાં ભૂલ્યા તો ચારિત્ર મૂકીને બાર-બાર વર્ષ તે જ વેશ્યાને ત્યાં રહ્યા. પાંચસો શિષ્યોને નિર્યામણા કરાવી મોક્ષ પમાડનારા એવા ખંધક મુનિ પોતે ચૂક્યા તો પડ્યા અને પાલકના વૈરી બનીને પાલકની સાથે આખા નગરને બાળનારા બન્યા. સિંહગુફાવાસી મુનિ પણ ચૂકી ગયા તો એક વાર ખોટે માર્ગે ચઢી ગયા.

પૂ. વીર વિજયજી મહારાજ પૂજાની ઢાળમાં લખે છે -

**એમ અનેક તે ચૂક્યા, તપ બળ વને મૂક્યા**
**શક્યા નહિ વેદ છુપાય રે, મન માન્યા મોહનને.**

વેદ મોહનીયના ઉદયે કઇક આત્માઓ પોતાના લક્ષ્યને ચૂકી ગયા. અને પોતાના તપોબળને વનમાં મૂકીને ફરી પાછા ઘરબારી થયા પણ વેદોદયને કાબૂમાં રાખી શક્યા નહિ.

**જીવ પોતે પોતાનામાં રહીને ન જાગે તો કર્મસત્તાની સામે ટકવું અતિકઠિન છે. ત્રિકાળી ધ્રુવ પરમાત્માનું આલંબન લઈને-નિજ ચૈતન્ય સત્તાનું અવલંબન લઈને કર્મની શક્તિને હણી નાખવાની છે. જ્યારે જીવ સ્વરૂપમાં જાગી જાય છે ત્યારે કર્મોની ફોજને, તેના તાણેલા તંબુને સંકેલી લેવા પડે છે. કર્મોની જોહુકમી જાગૃત ચૈતન્ય આગળ ટકી શકતી નથી. જીવ જો પરાક્રમી બને તો કર્મસત્તાને ઉચાળા ભરવા પડે છે. સ્વરૂપમાં જે જાગ્યો તે બધેય જાગ્યો. પછી તેને કોઇ રખડાવી શકતું નથી. કર્મને સત્તા આપનાર આત્મા સ્વયં છે, બીજું કોઇ નથી. આત્માની આપેલી સત્તાથી કર્મની સત્તા છે, માટે કર્મના બળ કરતાં આત્માનું બળ-આત્મ શક્તિ-આત્મ વીર્ય અનંતગણું ચડિયાતું છે. જરૂર છે માત્ર આપેલી સત્તાને પાછી ખેંચી લેવાની. કર્મ પ્રેરક છે પણ કારક નથી.**

---

**એ જો ગુરુગમથી અહંતાની આગ અને મમતાની બેડીથી મુક્ત થઈને આવતા અને જતા શ્વાસ પર ચોકી પહેરો રાખતો થાય, તો નિશ્ચયના મહેલ-સ્વરૂપ વિલાસના પહેરગીરથી પરિચીત થતાં એની મહેરબાની થઈ જાય, તો એ સ્વરૂપ મહેલના આતમરાજ સાથે મુલાકાત થઈ જાય તેમ છે.**

આત્મા અનંત શક્તિનો માલિક છે, સ્વરૂપે પરમાત્મા છે અને તેનું પર્યાયમાં પ્રગટીકરણ કરવા આ જન્મમાં આવ્યો છે એવું તેને ભાન નથી. તેથી તે સોનાની જાળને પાણીમાં નાખવાની ભૂલ કરે છે. પોતાના સ્વરૂપને ભૂલીને એણે જે કાંઇ કર્યું તેમાં તેને અનંત દુઃખની પરંપરા અનુભવી છે. હજુ પણ જો તે નહિ જાગે તો બીજા અનંતકાળ દુઃખ ભોગવવા પડશે. અજ્ઞાનીના લલાટે દુઃખ-દુઃખ ને દુઃખ જ છે એ વાત ભૂલવા જેવી નથી. અજ્ઞાની મનને આધીન બનીને જીવે છે. એ કર્મના ઉદય સામે ઝૂકી જાય છે. પ્રતિકૂળતામાં તે સત્વ ગુમાવી બેસે છે. ખોટી વિચારણામાં ચડેલું મન શત્રુનું કામ કરે છે. એ જ મન જો ધર્મધ્યાનમાં જોડાય તો મિત્રનું કામ કરે છે: મન એ તલવાર જેવું છે. વાપરતા આવડે તો રક્ષક અને ઉત્કર્ષક બને. જો વાપરતા નહિ આવડે તો તે મારક અને પાતક બને.

મન જીવને વિકલ્પોના રવાડે ચડાવે છે ત્યારે તેનામાં જીવભાવ હોય છે અને નિર્વિકલ્પ દશામાં બ્રહ્મભાવ રહે છે. વિચારવાની શક્તિ મળી છે એવા મને વિચારક થઈ આત્માનો વિચાર કરી આત્માના વીતરાગ-પૂર્ણકામ સ્વરૂપને લક્ષ્યમાં લઈ નિરીહ એટલે કે ઇચ્છારહિત વીતરાગ થવું જોઈએ. એમ થતાં વીતરાગ બનેલો આત્મા નિર્વિકલ્પ થશે અને ઉપયોગવંત બની જશે. પછી વિચારવાની જરૂર રહેશે નહિ. બધું સ્વયં આપોઆપ દેખાઇ જશે અને જણાઈ જશે. વિચાર્યા વિના વિચારણીય જ્ઞાન અને

---

વાણીનો સ્વામી થશે. વચનસિદ્ધિને વરશે. પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવ ઉપર ઉપયોગ સ્થિર થતાં મન નિરાધાર થાય છે અને તેથી વિકલ્પનો પણ ત્યાગ થાય છે. તેમ થતાં જે બાકી રહે છે તે માત્ર જ્ઞાન સ્વરૂપ છે જે કેવળજ્ઞાન છે.

"હું જ્ઞાન સ્વરૂપ છું ! પરમાત્મા સ્વરૂપ છું !" આ દઢ નિશ્ચય જ્યારે સાધકના ચિત્તમાં ઊંડો ઉતરી જાય છે ત્યારે સાધક પરમાત્મા બની જાય છે અને એવું થતાં જગતના સર્વ પ્રપંચો તેના ચિત્તમાં કોઈ વિકાર પેદા કરી શકતા નથી. કારણકે બધી અવસ્થાઓમાં એની નજર નિરંતર પરમાત્મ સ્વરૂપ તરફ જ ઝૂકેલી-ઢળેલી રહે છે. પછી એ ચિત્ત, ચિત્ત ન રહેતા ચિદ્ બની જાય છે.

આ સમસ્ત જગત, તેના ભેદો-પ્રભેદો-વિકારો-સંયોગ-વિયોગ બધું અતત્ત્વ છે - સારહીન છે. જાદુગરના જાદુ જેવું માયાવી છે. જાદુગર હાથ ચાલાકીથી કરામત કરી વસ્તુનું જે સ્વરૂપ દેખાડે છે, તેની વાસ્તવિક કોઈ સત્તા હોતી નથી. એ જ પ્રમાણે મન અને બુદ્ધિ દ્વારા જણાતા સંયોગ અને વિયોગ સ્વરૂપ વસ્તુની પણ કોઈ વાસ્તવિક સત્તા નથી. આ પરમાર્થદષ્ટિથી જે સાધક પોતાની ભાવનાને દઢ કરે છે, તે શાંત સમાધિમાં લીન થઈ જાય છે. પારમાર્થિક સત્ તત્ત્વ ત્રિકાળ છે, તે ઈન્દ્રજાળ તુલ્ય સંસારથી ભિન્ન એટલે કે વિભક્ત છે અને સ્વથી સંયુક્ત છે.

**આગમ આગમધરને હાથે-નાવે કિણ વિધ આંકુ**
**કિહા કણે જો હઠ કરી હટકું-તો વ્યાલ તણી પરે વાંકુ હો.. કુંથુ..૪**

**અર્થ :** આગમ એટલે જ્ઞાન. આગમધર=જ્ઞાની. આંકુ=અંકુશમાં. વ્યાલ=સાપ-દાતરડું.

---

આગમોના ઊંડા અભ્યાસી, ચૌદ પૂર્વ જેણે કંઠસ્થ કર્યા છે તેવા, પણ હજી જેને પચાવી શક્યા નથી એવા, શ્રી સ્થૂલભદ્રસૂરિ કે જે ૧૦ પૂર્વ ભણ્યા હતા અને ચાર પૂર્વ ભણવાના બાકી હતા, તેમને પણ જ્ઞાન પચ્યું નહોતું, તેથી પોતાની બહેનો આગળ સિંહનુ રૂપ વિકુર્વ્યું હતું. આવા આગમધર જ્ઞાનીના અંકુશમાં પણ મન રહેતું નથી. મનને કોઈના અંકુશમાં રહેવું ગમતું નથી. અને બળાત્કારે હઠયોગના પ્રયોગથી જો મનને અંકુશમાં લેવા જાઉં તો તે સર્પની જેમ વક્રગતિને ધારણ કરે છે. દાતરડા કે કૂતરાની પૂંછડી જેવું વાંકુને વાંકુ રહે છે.

**વિવેચન :** ભલભલા આગમધર જ્ઞાનીઓ પણ મનને વશ કરી શક્યા નથી. મનની ચંચળતાને વશ થઈ પ્રમાદી બનીને પૂર્વધરો પણ આજે અનંતા નિગોદમાં ગયા છે. નેમીનાથ પ્રભુના ભાઈ રહનેમિ જેવા સાધુ પુરુષ ચારિત્ર લીધા પછી પણ રાજીમતિને વસ્ત્રરહિત અવસ્થામાં ગુફામાં રહેલ જોઈને ચંચળ પરિણામવાળા બન્યા હતા અને ભોગની માંગણી કરતા પણ લજ્જા પામ્યા નહોતા. તે જ રીતે સિંહની ગુફા પાસે ચાર ચાર મહિના સુધીના ચોવિહારા ઉપવાસ કરીને સિંહને પણ જેણે શાંત કરેલ તે સિંહ ગુફાવાસી મુનિ, કોશા વેશ્યાના એક જ વારના દર્શને પતિત પરિણામી બની ભોગની માંગણી કરી, ચારિત્રને મૂકવા તૈયાર થયા હતા. આ અંગે આર્દ્રકુમાર, નંદિષેણ મુનિ તથા અષાઢાભૂતિના કથાનક પણ વિચારી જવા જેવા છે. આ મન જ્યાં સુધી વિપરીત નિમિત્તો ન મળે ત્યાં સુધી જ સીધું ચાલતું દેખાય છે પણ જ્યાં વિપરીત નિમિત્ત મળે પછી તરત જ તેની અસલ જાત છતી કરે છે. જેને ચોર્યાસીના ચક્કરના ગમનાગમનમાં જ રાજીપો છે, તેને આગમ સમસ્તની ગમ હોય, તો પણ તેના આવા ચોરાસીના આવાગમન-આંટાફેરાને દુષ્ટ મન અટકાવી શકતું નથી.

---

चरणयोगघटान् प्रविलोकयन्, शमरसं सकलं विकिरत्यधः।
चपल एष मनः कयिरुच्चकैः, रसवणिग् विदधातु मुनिस्तु किम्

– અધ્યાત્મસાર ૧૧/૪

મનરૂપી વાંદરો ચારિત્ર અને યોગરૂપી ઘડાઓને ધબાધબ ઉંધા વાળી નાંખીને સઘળો શમરૂપી રસ ઢોળી નાખે છે ત્યારે મુનિરૂપી રસના વહેપારીઓ શું કરી શકે ?

આ મન કોઇપણ પ્રકારે અંકુશમાં રહેતું નથી અને જો બળાત્કારે તેને વશ કરવામાં આવે તો સર્પની જેમ છંછેડાય છે. સર્પની ચાલ હંમેશા વાંકી હોય છે. તેને જો છંછેડવામાં આવે તો તે વિશેષ વક્રતાને ધારણં કરે છે. માટે જ સર્પ જે રસ્તે જતો હોય તે રસ્તે તેને શાંતિથી જવા દેવો જોઈએ પણ છંછેડવો જોઇએ નહિ. જો જરાપણ તેને છંછેડવામાં આવે તો તે ડંખ માર્યા વિના રહે નહિ. તેમ મનનું પણ તેવું જ છે. એ ચંચળ હોવાના કારણે વાંદરાની જેમ કૂદાકૂદ કરે છે, તે વખતે જો તેની પાસે સમજાવટથી કામ ન લેવાય અને બળાત્કાર કરાય તો ઘણું નુકસાન કરનારું બને છે. ન તો મનને દબાવવાનું છે કે ન તો મનને મારવાનું છે. મનને મનાવવાનું છે અને સન્માર્ગે વાળવાનું છે. મનને પલોટવાનું છે – કેળવવાનું છે.

**તોફાની મનને નાથવાનો ઉપાય બળાત્કાર નથી પણ જ્ઞાનયોગ છે.** જ્ઞાનયોગથી આત્માનું–પરમાત્માનું સ્વરૂપ જેમ જેમ વિચારવામાં આવે છે, તેમ તેમ તોફાની મન શાંત થતું જાય છે. મદોન્મત હાથીને વારવાથી તે અધિક તોફાને ચડે છે. પરંતુ જો તેને બળાત્કારે રોકવામાં ન આવે તો ઇષ્ટ વિષયને પામીને તે પોતાની મેળે શાંત થઇ જાય છે. મનની પણ એ જ સ્થિતિ છે. યોગશાસ્ત્રના બારમા સ્વાનુભવ પ્રકાશમાં કલિકાલ સર્વજ્ઞ કહે છે કે ઇન્દ્રિયોને વિષયો પ્રત્યે પ્રેરવી નહિ અને પોતાના વિષયને

ગ્રહણ કરતી ઇન્દ્રિયોને એકદમ બળાત્કારે રોકવી નહિ; એના માત્ર દૃષ્ટા બની રહેવું. એમ કરવાથી મન અને ઇન્દ્રિયો એની મેળે શાંત પડી જાય છે. જો કે આતો ઘણી ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલા આત્માઓ માટે છે. સામાન્ય કક્ષાના જીવો માટે તો અનિત્યાદિ ભાવનાયોગ દ્વારા ઇન્દ્રિયોને વિષયોમાં જતી અટકાવવાની છે અને સંયમના માર્ગમાં ઇન્દ્રિયોને વાળવાની છે-પલોટવાની છે.

પ્રાણાયામ વગેરે હઠયોગ દ્વારા પવનનો નિરોધ કરવા દ્વારા મનનો નિરોધ કરાય છે પણ જો તેના સમર્થ જાણકાર સિવાય હઠયોગના પ્રયોગ કરવામાં આવે, તો લાભ કરતા નુકસાન થવાની સંભાવના વધારે છે. બીજું હઠયોગ દ્વારા કાયમ માટે મન અંકુશમાં આવે જ એમ કહી શકાય નહિ. પ્રાણાયામ કરીએ ત્યાં સુધી મન શાંત થતું દેખાય પણ જ્યાં તે છુટી જાય એટલે મનનો અંકુશ પણ નીકળી જાય. દબાવેલી સ્પ્રીંગની જેમ તે ક્યારેક વધુ જોરથી પણ ઉછળે. જ્યારે જ્ઞાનયોગ એ એક પ્રકારનું ઊંચામાં ઊંચુ શિક્ષણ છે, ઉપયોગની કેળવણી છે. શિક્ષણ આપવાથી મન કેળવાઇ જાય છે. માટે જ્ઞાનયોગથી જ મનને સહેલાઈથી જીતી શકાય છે. **જ્ઞાનયોગમાં ઉપયોગને સમ્યગ્ ઘાટ આપવામાં આવે છે. એ ઘાટમાં ઉપયોગ વારંવાર પરમાત્મ સ્વરૂપને ધ્યાવે છે, તેથી ઉપયોગમાંથી વિષયો સહેલાયથી છુટી જાય છે.**

જ્ઞાનયોગમાં ઉપયોગથી પરમાત્માને-પરમાત્મ સ્વરૂપને પકડવાનું હોવાથી વિષયો છોડવા નથી પડતા પણ સહેલાઈથી છુટી જાય છે. કર્મયોગ, ઉપાસના યોગ કે હઠયોગથી આગળ વધેલા જીવોને પણ અંતે તો જ્ઞાનયોગમાં આવવું પડે છે કારણકે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકની ચારિત્ર દશા અને ક્ષપકશ્રેણીમાં સ્વરૂપ રમણતા-સ્વરૂપ લીનતા-સ્વરૂપ

---

જીવ કાં તો કર્મના ઉદયને વેદે છે કાં તો જીવ પોતાના સ્વરૂપને વેદે છે.

તન્મયતા રૂપ જ્ઞાનયોગ જ છે. જ્ઞાનયોગમાંથી ધ્યાનયોગમાં જવા દ્વારા જ સામર્થ્યયોગ-મુક્તિયોગ સાંપડે છે.

મનને વશ કરતા આપણા ચિત્તમાંથી સંસારનું ચિંતન નીકળી જવું જોઈએ. જો તે ચાલુ હશે તો સાક્ષાત્ પરમાત્મા પણ આપણને શું લાભ કરશે ? સંસાર સાચો લાગ્યા વિના અને સારો લાગ્યા વિના સંસારનું ચિંતન ચાલી શકતું નથી. સંસારમાં પોતાપણું આરોપિત કર્યું છે તેથી સંસાર સાચો અને સારો લાગે છે. જ્યારે આત્મજ્ઞાન-આત્મભાન થશે ત્યારે આત્મામાં જ પોતાપણું આવશે. ત્યારે આત્મા જ સાચો અને સારો લાગશે એટલે આત્મા સિવાયનું બધું અસત્ ને અસાર લાગશે.

**બીજાની વાતને ચિત્તમાં લાવવી તે અહંકાર છે, અજ્ઞાન છે, માયા છે કારણ કે સ્વ-ભૂલાય ત્યારે જ પર વસ્તુ ચિત્તમાં આવે છે; માટે તે માયાને- ઠેઠ એના પગ સુધી જોઈ લેવા જેવી છે. પ્રકૃતિનું સમસ્ત તંત્ર એ માયા છે જ્યારે પુરુષ તંત્ર પરમાત્મા છે. જે ઉપયોગમાં માયા આવે તે ઉપયોગમાં પરમાત્મા પ્રગટ થઈ શકતા નથી અને જે ઉપયોગમાં પરમાત્મા પ્રગટે છે તે ઉપયોગમાં માયા ટકી શકતી નથી. ''જ્યાં રામ ત્યાં કામ નહિ અને જ્યાં કામ ત્યાં રામ નહિ'' એ ઉક્તિ જેવી આ વાત છે.**

પરમાત્મા તો સદા પ્રાપ્ત જ છે છતાં આપણને તેની ઓળખ ન હોવાના કારણે તેના ઉપર પ્રીતિ, અહોભાવ, આદર થતો નથી; માટે તેવા જીવો આગળ જઇ પરમાત્મતત્ત્વને ઓળખીને તેને પામી શકે તે હેતુથી ભક્તિયોગ-ઉપાસના યોગ બતાવે છે. ઉપાસનાથી કર્મો પાતળા પડે છે તેથી પરમાત્મતત્ત્વને પામવું સુગમ બને છે.

---

સાપેક્ષ મારું માનેલું ટળી શકે છે અને નિરપેક્ષ મારું કદિ ટળતું નથી.

જ્ઞાનયોગ દ્વારા પરમાત્માને પામવા ભીતરમાં દૃઢ રહેવાનું છે. સંસારમાં બહારનો વ્યવહાર યથાયોગ્ય કરતા રહેવાનું છે પરંતુ ભીતરમાં એ સતત જોવાનું છે કે હું કેટલો તટસ્થ રહ્યો છું? **તત્ત્વથી કોઇ જ આપણું નથી અને વ્યવહારથી બધાં જ આપણા છે. વ્યવહાર જો વ્યવહાર પૂરતો જ રહે તો નિશ્ચય ટકે, પણ વ્યવહારને જો નિશ્ચય માની લેવામાં આવે તો પછી ત્યાં નિશ્ચય એ નિશ્ચય સ્વરૂપે રહે નહિ.** કહ્યું છે કે કોઈ ઉપર રાગ કરવો નહિ. અને જો કરવો જ હોય તો બધાં જ ઉપર રાગ કરવો; એ પાછો બધાં ઉપર ભેદભાવ વગર એક સરખો રાગ કરવો. આ જ તો પ્રેમ છે અને વીતરાગતા છે. એટલે જ કહ્યું છે કે **રાગી કોઈનો નહિ-રાગી માત્ર એના રાગનો. વીતરાગ સર્વના. વીતરાગ જન માત્રને જૈન બનાવી જિન બનાવે.**

શાસ્ત્રો પણ આત્માના સ્વરૂપને તેના યથાર્થ પરિપ્રેક્ષ્યમાં બતાવી શકતા નથી માટે નેતિ નેતિથી સમજાવે છે. પરમાત્માના વિધેયાત્મક વિશેષણો કરતાં નિષેધાત્મક વિશેષણો વધુ છે. શાસ્ત્રોમાં જે વર્ણન મળે છે તે મોટે ભાગે પ્રકૃતિનું છે. આડે અવળે ચડી ગયેલા મનને સ્થિર કરવા-શાંત કરવા-સમતામાં લાવવા જ્ઞાનીઓએ બતાવેલ સામાયિક વિધિ આવશ્યક છે. વિધિપૂર્વક સામાયિક કરવાથી, કરેમિ ભંતે ઉચ્ચરવાથી મન શાંત થતું આવે છે 'હું સામાયિકમાં છું !' એ ખ્યાલ આવે તો મન ધીમે ધીમે શાંત થાય છે. એમાં પચ્ચખ્ખાણ એટલે કે ટેક-પ્રતિજ્ઞાનું બળ ભળે છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિએ 'હું રાજા છું !' એમ માની એકવાર માનસિક યુદ્ધ કર્યું. શસ્ત્રો ખૂટી ગયા, માથા પરનો મુગટ લઈ મારવા હાથ માથા પર મૂક્યો ત્યાં માથું મુંડાવેલુ જોતાં સાધુપણાનો ખ્યાલ આવ્યો, કે 'હું તો સાધુ છું !' તો મન ત્યાંથી પાછુ ફરી સાધુતામાં આવ્યું હતું.

---

**જો ઠગ કહું તો ઠગતો ન દેખું, શાહુકાર પણ નાંહી;**
**સર્વ માંહે ને સહુથી અળગું, એ અચરિજ મન માંહી હો.. કુંથુ..૫**

**અર્થ :** જો મનને કદાચ ઠગનાર કહું તો તેને ઠગાઇ કરતાં હું દેખી શકતો નથી. તેમ તેને શાહુકાર - પ્રામાણિક કહું તો તેમ પણ મને લાગતું નથી. તે મન તો સર્વ ઇન્દ્રિયોની અંદર અને સર્વ ઇન્દ્રિયોથી જુદું પણ છે. આ પરસ્પર વિરુદ્ધ વાત છે અને તે મારા મનને આશ્ચર્ય પમાડે છે.

**વિવેચન :** જો મનને ઠગ કહેવામાં આવે તો મન સીધેસીધું ક્યાંય ઠગાઇ કરતું હોય તેવું જોઇ શકાતું નથી કારણકે મન તો પ્રેરક છે. તેની પ્રેરણાને પામીને ઇન્દ્રિયો જ વિષયોમાં પ્રવર્તે છે અને તેનાથી આત્મા કર્મથી બંધાય છે. મન તો ઇન્દ્રિયોને પ્રેરણા આપીને બાજુ પર ખસી જાય છે. મન તો પડદા પાછળ જ રહે છે. મુખ્ય રોલ ભજવનાર તો ઇન્દ્રિયો છે. મનની પ્રેરણાને ઇન્દ્રિયો ઝીલે છે.

વ્યવહારમાં પણ કેટલાક તમાશા પ્રિય લોકો એવા હોય છે કે જે બીજાને ખોટી સલાહ આપીને બાજુ પર ખસી જાય. પછી તે જ્યારે બીજા સાથે લડે ત્યારે ઠંડે કલેજે એને જોયા કરે અને મનમાં આનંદ પામે. પોતાની ચાલાકીથી ફુલાઇને મૂછ પર હાથ દે. આવા નારદ વૃત્તિના આત્માઓ સજ્જન કહેવાતા નથી. તેમ મન પણ આત્મા સાથે મેલી રમત રમનારું છે. એ આત્માનો પક્ષ કરવાના બદલે ઇન્દ્રિયો સાથે જોડાઇ જાય છે એટલે જ જીવને સંસારમાં રખડવું પડે છે. એક જ્ઞાનીએ એના આધ્યાત્મિક પદમાં ગાયું છે...

**ગોખે બૈઠો નાટિક નિરખે, તરૂણી રસ લલચાવે;**
**એક દિન જંગલ હોગા ડેરા, નહિં તુજ સંગ કછું જાવે,**
**ક્યોં કર મહિલ બનાવે પિયારે...**

યોગીરાજ કહે છે કે મનને ઠગ કહેવા જાઉં તો તે સાક્ષાત્-પ્રત્યક્ષ કોઈને ઠગતું હોય તેમ દેખી શકાતું નથી એટલે આ મનને ઠગ કહી શકાતું નથી. તેમ મનને શાહુકાર-સજ્જન-પ્રામાણિક પણ કહી શકાય તેવું નથી કારણકે જે ઇન્દ્રિયોને ઉશ્કેરીને બાજુ પર ખસી જાય તેને શાહુકાર પણ કેમ કહી શકાય? ઇન્દ્રિયો પોતે સ્વયં જડ છે, તે મનની પ્રેરણા વિના પોતે પોતાની મેળે કાંઇ પણ કરી શકતી નથી. મન એ ઇન્દ્રિય નથી પણ નોઇન્દ્રિય છે અને આખા શરીરમાં વ્યાપક છે. એટલે મન એ પાંચે ઇન્દ્રિયોને પ્રેરણા આપનારું છે. તેથી મનને છઠ્ઠી ઇન્દ્રિય કહી છે. એ Sixth Sense કહેવાય છે.

પાંચ ઇન્દ્રિયોમાંથી કોઇપણ ઇન્દ્રિય મનની સહાય વિના કાંઇ પણ કરી શકતી નથી, તે અપેક્ષાએ વિચારીએ તો મન એ સર્વ ઇન્દ્રિયોમાં ભળેલું હોવાથી તે સર્વમાં છે એમ કહેવાય છે અને તેમ છતાં પોતે સીધેસીધું કાંઇ કરતું નથી તેથી સર્વથી અળગું પણ છે. આ બાબત અંગે ભલભલાને આશ્ચર્ય ઉત્પન્ન થાય તેમ છે. બધો કંટ્રોલ પોતાના હાથમાં રાખે છે અને છતાં ચપળ મન પાછું બધાથી અળગું પડી જાય છે. એ મન પાછું ઇન્દ્રિયો પાસેથી જેમ, જેવું ને જેટલું કામ લેવું હોય તેમાં સક્ષમ છે.

વળી મન સહુ કોઇ મનુષ્યને મળ્યું હોય છે પરંતુ સહુના મન અળગાં ને વેગળા અલગ અલગ હોય છે. **"मुंडे मुंडे मतिर्भिन्ना"**.

કોઇનાં મન એક સરખા નથી, બધાના મોહ-ઇચ્છા જુદા જુદા હોય છે પણ બધાની નિર્મોહીતા-વીતરાગતા એક સરખી છે. **સ્વરૂપમાં સમત્વ હોય પણ વિરુપમાં વિષમતા હોય.** દુનિયાની ત્રણેક અબજની વસતિમાં પ્રત્યેકના અવાજ અને પ્રત્યેકના અંગૂઠાની છાપ વેગવેગળી પોતપોતાની આગવી હોય છે. આ નામકર્મની વિવિધતા અને વિચિત્રતાની

---

દ્યોતક છે. સહુના રસ અને રુચિ ભિન્ન-ભિન્ન છે. કોઇ બે માનવીના મન એક સરખું વિચારી શકતા નથી એ મનના વિષયમાં ખૂબ આશ્ચર્ય પમાય એવી વિસ્મયતા છે.

યોગશાસ્ત્રમાં કલિકાલ સર્વજ્ઞ લખે છે -

નિરંતર ઉદાસીનતામાં મગ્ન થયેલ આત્મા જ્યારે મનને પ્રેરણા કરતો નથી અને મન જ્યારે ઇન્દ્રિયોને પ્રેરણા કરતું નથી ત્યારે બન્ને તરફથી ભ્રષ્ટ થએલું મન પોતાની મેળે જ વિનાશને પામે છે. અર્થાત્ આત્મા જ્યારે પોતે પોતાને ઓળખીને ઉપયોગની લીલાને જગતમાંથી સંકેલી લે છે, ભેદ વિજ્ઞાનના પ્રયોગ દ્વારા પોતે પોતાનામાં સમાઈ જાય છે; ત્યારે મન જેવું કોઇ તત્ત્વ સ્વતંત્રપણે ત્યાં અસ્તિત્વ ધરાવી શકતું નથી. જ્ઞાનોપયોગ-જ્ઞાનચેતના જ્યારે પોતાનું ઘર ભૂલીને વિનાશી તત્ત્વો સાથે ઈન્દ્રિયોના માધ્યમે કે સ્મૃતિના માધ્યમે જોડાય છે ત્યારે મનનો જન્મ થાય છે. પરદ્રવ્યો તરફથી ઉપયોગને હટાવીને જીવ જ્યારે પોતાના સ્વભાવ તરફ-પોતાના ઘર તરફ પાછો વળે છે ત્યારે મનના સંકલ્પ-વિકલ્પરૂપ વ્યાપારનો અંત આવે છે.

શરીર, ઇન્દ્રિય, મન, વચન, પુદ્ગલ, કર્મ, કર્મજન્ય શુભાશુભભાવો; આ બધાથી ચૈતન્યમય આત્મા તો ખરેખર જુદો છે. આત્મા જ્ઞાન-દર્શન-ચારિત્રમય છે, જ્યારે પુદ્ગલ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ સ્વરૂપ છે. જ્ઞાન-દર્શન-ચારિત્રની પૂર્ણતા જ્યારે અભેદમાં પરિણમે છે ત્યારે તેવા વીતરાગ-સર્વજ્ઞ આત્મામાંથી એકલો આનંદ ઝરે છે. પુદ્ગલ પોતે સડણ-પડણ-વિધ્વંસન ધર્મવાળું છે. સંકલ્પ-વિકલ્પ એ મનનો ધર્મ છે, મનનો સ્વભાવ છે. જ્યારે આત્મા એ જ્ઞાતા-દ્દષ્ટા નિર્વિકલ્પી અને પરમાનંદી છે. જ્યારે ભેદવિજ્ઞાન પરાકાષ્ઠાએ પહોંચે છે

ત્યારે મન પોતે સંકલ્પ વિકલ્પનો ત્યાગ કરી આત્મામાં-સ્વરૂપમાં સમાઇ જાય છે અને ત્યારે તે અવસ્થાને વીતરાગતા, નિર્વિકલ્પતા અને સર્વજ્ઞતાથી ઓળખવામાં આવે છે.

સંકલ્પ-વિકલ્પ-વિચાર-ચિંતન-મનન એ ચેતનના અશુદ્ધ પર્યાય છે-ચેતનની અશુદ્ધ અવસ્થા છે. અશુદ્ધ અવસ્થામાં દ્રવ્યથી પર્યાય જુદી પડે છે જ્યારે વીતરાગતા-સર્વજ્ઞતા એ ચેતનની શુદ્ધ પર્યાય છે. શુદ્ધ અવસ્થામાં દ્રવ્ય અને પર્યાયની સંધિ શોધવી બહુ મુશ્કેલ છે. જેમ મલિન પાણીમાં પાણી એ દ્રવ્ય અને મલિનતા એ પર્યાય; તે બેને જુદા તારવી શકાય છે પણ સ્વચ્છ પાણીમાં પાણી રૂપ દ્રવ્યથી તેનો સ્વચ્છત્વ પર્યાય જુદો તારવી શકાતો નથી, તેમ બતાવી શકાતો નથી. એ તો સોનુ અને સોનાની પીળાશ, પુષ્પ અને તેની સુવાસ, ચંદન અને તેની સુવાસની જેમ એકમેક છે. દ્રવ્ય-ગુણ-પર્યાયની અભેદતા છે.

પવનના તોફાનને લીધે જેમ સમુદ્રમાં ભરતી આવે તેમ આત્માની સાથે કર્મનો યોગ થવાથી અનેક પ્રકારની કલ્પનાઓ ઉત્પન્ન થાય છે. જીવની સાથે આજે જે તન અને મનનો સંબંધ જોવા મળે છે તેનું કારણ પણ જીવને વળગેલ કર્મનો યોગ છે. દૃષ્ટિને પરપદાર્થ તરફથી ખસેડી લઇને જો ઉપયોગને પોતાના ઘર તરફ વાળવામાં આવે તો પોતાનું સહજ સ્વરૂપ પ્રગટ થાય છે. જ્ઞાન અને આનંદ એ જીવનું સહજ સ્વરૂપ છે. **આત્મા પોતે ચિદાનંદ ભગવાન છે-ચિદાકાશ ભગવાન છે-ચિદાદિત્ય ભગવાન છે-ચિદાદર્શ ભગવાન છે. કર્મના યોગે સ્વસ્વરૂપના વિસ્મરણના યોગે ચિદાનંદ ભગવાન દબાયો છે પણ નાશ નથી પામ્યો. ભીતરમાં જે પરમાત્મ સ્વરૂપ છે તે આજે બહાર નથી આવતું તેનું કારણ જીવને પોતાને પોતાના સ્વરૂપનું અજ્ઞાન વર્તે છે.**

**પોતે સ્વરૂપે પરમાત્મા હોવા છતાં તે સ્વરૂપે પોતાને ન ઓળખવો, તે શાશ્વત સ્વરૂપની શ્રદ્ધા ન કરવી અને નાશવંત નામધારી-રૂપધારી-દેહધારી તરીકે પોતાને ઓળખવો અને તેની શ્રદ્ધા કરવી; એ જેવો તેવો પાપોદય નથી. એ પાપોદય અજ્ઞાનના ઘરનો છે-મિથ્યાત્વના ઘરનો છે અને અધ્યાત્મમાં આ પાપોદયને જ મુખ્ય માનવામાં આવ્યો છે. મિથ્યાત્વના પાપોદય આગળ અવિરતિના પાપોદયને અલ્પ માનવામાં આવ્યો છે. એ બધાં પાપનો બાપ એવું અઢારમું પાપ છે.**

કોઠીમાં જેમ ઘઉં કોઠીથી ભિન્ન છે તેમ આત્મામાં આત્માના ગુણો આત્માથી ભિન્ન નથી. આત્મા તો જ્ઞાન-આનંદાદિ અનંતગુણોથી ભરપૂર, ગુણથી અભિન્ન સગુણ પદાર્થ છે. તેમાં જો અધુરાશ માનવામાં આવે તો દૃષ્ટિમાં-શ્રદ્ધામાં પૂર્ણ સ્વભાવનો સ્વીકાર નહિ આવે. આજે પર્યાયમાં અપૂર્ણતા વર્તાય છે માટે વસ્તુ સ્વભાવ પણ અપૂર્ણ છે; એમ જો માનવામાં આવશે તો દૃષ્ટિમાં મિથ્યાત્વ અને અજ્ઞાન જ ઝળકશે. પોતાના સ્વરૂપને નહિ ઓળખનાર અને તેની શ્રદ્ધા નહિ કરનાર અજ્ઞાનીને બહારથી ગમે તેટલું સારું કરવા છતાં દેહમાં અહં અને મમ રૂપ મિથ્યાત્વ જ જોવા મળે છે. એના દેહમય જીવનમાં ક્ષણિક સત્, કાલ પર એવી પર્યાયની મહત્તા વસેલી છે પણ અનંત-અનંત પર્યાયોનો આધાર ત્રિકાળ સત્ એવા આત્મદ્રવ્યનો મહિમા ક્યારેય આવ્યો નથી અને આવવાનો નથી. **એની અજ્ઞાનજનિત દૃષ્ટિ પર્યાયના ક્ષણેક્ષણે પલટાતા નાચને જોઈ શકે છે પણ ત્રિકાળ ધ્રુવ પ્રત્યક્ષ પ્રતિભાસમય સ્વસંવેદન સિદ્ધ એવા આત્મદ્રવ્યને જોઈ શકતી નથી, તેની શ્રદ્ધા કરી શકતી નથી. જ્યાં સુધી દૃષ્ટિમાં મિથ્યાત્વ છે ત્યાં સુધી જીવમાં શુદ્ધતા નહિ પ્રગટે. હે ચેતન! તું સ્વભાવે પુરો છે. તું કાંઈ અધુરો નથી. જેમ કંચનને કાટ લાગતો નથી, અગ્નિને ઊધઈ લાગતી નથી તેમ તારા ત્રિકાળ ધ્રુવ**

જ્ઞાયક સ્વભાવમાં આવરણ, ઊણપ કે અશુદ્ધિ આવતી નથી. હે જીવ! તું તને ઓળખીને તું તારા પોતામાં લીન થાય તો સર્વગુણોની ચમક તારી પૂર્ણ પર્યાયમાં અભેદરૂપે પ્રગટ થશે. આત્માને ઓળખ્યા વિના કોઇ કાળે ભવનો અંત નહિ આવે. આત્માને ઓળખવો એટલે પોતે પોતાને ઓળખવો. પોતાને ઓળખે, પોતાના પોતને-પોતાપણાને જાણે તો પોતાપણું આવે, પોતાપણું પામે અને પોતાપણાને માણે.

**જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો**
**સુર નર પંડિત જન સમજાવે, સમજે ન મારો સાલો હો..કુંથુ..૬**

**અર્થ :** મારા મનને હું જે જે સારી વાત કહું છું તેને તે સાંભળતું નથી અને પોતાની અશુભ વિચારણામાં જ કાલો એટલે મલિન રહે છે અથવા તો દોઢડાહ્યું થઇને રહે છે.

વળી તેને દેવો, મનુષ્યો કે પંડિતો, જો કે ઘણું સમજાવે છે, તો પણ મન એ મારી કુમતિરૂપી સ્ત્રીનો ભાઈ હોવાના નાતે મારો સાળો થયો, તે મનરૂપી સાળો સમજતો જ નથી અર્થાત્ હે પ્રભો! મારું મન આપની સાથે જામતું નથી.

**વિવેચન :** આ દુઃખમય-પાપમય અસાર સંસારથી નિવૃત થવા અથવા તો પ્રભુની સાથે લીનતા સાધવા હું મનને સમજાવું છું અને તેને ઠેકાણે લાવવા પ્રયત્ન કરું છું, તે સર્વને આ દુષ્ટ મન સાંભળતું નથી. જેમ બહેરા માણસ આગળ ગમે તેવું સારું સંગીત વગાડવામાં આવે તો તેનો કોઈ અર્થ સરતો નથી, તેમ આ મનને ગમે તેટલું સમજાવવામાં આવે તો પણ તે તેના તોરમાં ને તોરમાં રહે છે, તેની જીદ છોડતું નથી, તેના અહમ્ ને મુકતું નથી. તે પોતે છે મલિન, છતાં તે મલિનતાને છોડવા પણ

તૈયાર નથી અને મલિનતાને સ્વીકારવા પણ તૈયાર નથી. રાત-દિવસ ખોટા ભાવો કરી, સંકલ્પ વિકલ્પો કરી મલિન રહે છે છતાં પોતાનો તોર છોડવા તૈયાર નથી.

'કાલો' શબ્દ મારવાડી પ્રયોગ છે - ''તને આટલું પણ સમજાતું નથી ! તું તો સાવ કાલો લાગે છે'' અર્થાત્ તું તો સાવ બુદ્ધુ-અજ્ઞાની-મુર્ખ લાગે છે અથવા તું તો તારી ઇચ્છા મુજબ જ વર્તન કરે છે. જ્ઞાનીની આજ્ઞામાં વર્તતો નથી. જાણે કોઈ વચનને કાનમાં પડવા દેતો જ નથી ! સારા, બોધના વચનો જે સાંભળે નહિ. તેને સમજ પ્રગટે ક્યાંથી ?! સમજ એ કાંઇ બજારમાં વેચાતી નથી મળતી, એ કાંઇ કરિયાણુ નથી કે પૈસાથી ખરીદી શકાય ! એ તો વિનયભાવે જ્ઞાની પુરુષના બોધમય હિતકારી વચનો સાંભળવાથી મળે છે. વિનય અને બહુમાન પૂર્વક ગુરુના વચનને સાંભળવાથી જીવમાં આત્મા-અનાત્માનો ભેદ પ્રગટે છે. પુણ્ય-પાપનો વિવેક પ્રગટે છે અને આ વિવેક એ જ અજવાળું છે. જેના જીવનમાં વિવેકરૂપી દીપક પ્રગટતો નથી તેના જીવનમાં અજ્ઞાનનું ઘોર અંધારું છે.

સુર, નર, પંડિત વગેરે આ મનને સમજાવવા માટે લાખ-લાખ પ્રયત્નો કરે છે પણ આ મન કોઈ રીતે સમજવા જ તૈયાર નથી. મારી કુમતિરૂપી સ્ત્રીનો ભાઈ મન છે એટલે તે સંબંધે મન મારો સાળો થયો. તે કોઇ રીતે સમજવા તૈયાર નથી. આ મન લાખ વાતે સમજવા તૈયાર નથી ત્યારે તેના ઉપર એકદમ ઉગ્ર થઇને આનંદઘનજી જેવા યોગીરાજે પણ ''સમજે ન મારો સાલો' એવો પ્રયોગ કરી નાંખ્યો. એક મહાન પુરુષે આવી આકરી ભાષાનો પ્રયોગ કર્યો. બીજા કોઇને માટે થઈને આવા શબ્દો વાપરીએ તો તેને એમ લાગે કે આણે મને ગાળ દીધી પણ આ તો મનને ઉદ્દેશીને જ આવા શબ્દો વપરાયા છે એટલે કોઈને કાંઇ કહેવાપણું રહેતું નથી.

---

પોતાની જાતને ઠપકારવા અને ઢંઢોળવા માટે થઈને આવી આકરી અશિષ્ટ ભાષાનો પ્રયોગ થતો હોય છે.

પોતાની કુમતિરુપ સ્ત્રીના ભાઇ તરીકે મનને ઠરાવીને **"સમજે ન મારો સાલો"** શબ્દનો પ્રયોગ કર્યો છે. **"સમજે ન મારો સાલો"** પંક્તિનુ અર્થઘટન શ્રીયુત્ પંડિત પ્રભુદાસ બેચરદાસ આ પ્રમાણે કરે છે–

**"સમજે ન મહા રોસાલો"** એમ પણ પંક્તિ છે એમ સમજીને પંક્તિનું **"સમજે ન મહા-રોસાળો"** વિઘટન કરતાં મહારોષવાળો-મહાક્રોધી આ બધું સમજાવવા જતાં ક્રોધમાં અંધ બનેલો એ ક્રોધાંધ કશુંય સમજવા તૈયાર નથી. મનને વશ કરવું એ કેટલું બધું કઠિન છે તે માટે શાસ્ત્રમાં તંદુલિયા મત્સ્ય વગેરેના દૃષ્ટાંતો અપાયેલાં છે. સમુદ્રમાં મોટા મગરમચ્છની આંખની પાંપણમાં તંદુલિયો મત્સ્ય ઉત્પન્ન થાય છે, તેનું નામ તંદુલિયો એટલા માટે છે કે તેનું શરીર તંદુલ એટલે ચોખાના દાણા જેટલું જ છે. આયુષ્ય માત્ર બે'ઘડીનું જ છે. શરીર ચોખા જેટલું છે પણ પહેલું સંઘયણ છે. શરીર બળ નથી પણ મનોબળ ઘણું છે. શરીરથી કાંઇ કરી શકે તેમ નથી પણ મન એટલું પાવરફુલ છે કે સંકિલષ્ટ ભાવો કરી શકે છે. સમુદ્રમાં મોટો મગરમચ્છ મોં ખોલીને રહ્યો હોય છે; તેના પેટમાં પાણી ખૂબ ભરાઇ જાય એટલે તે મોં પહોળુ કરી પાણી બહાર કાઢે તે વખતે તેની સાથે માછલાં પણ બહાર નીકળી જાય ત્યારે તંદુલિયો મત્સ્ય આંખની પાંપણ પર બેઠો બેઠો એવું દુર્ધ્યાન કરતો હોય છે કે આ મગરમચ્છની જગ્યાએ જો હું હોઉં તો મારા મોંમા પેઠેલા એક એકને જડબાથી ચાવી નાખુ. એકને પણ જીવતો ન છોડું. શરીરથી તેનામાં કોઈનો વધ કરવાની શક્તિ નથી પણ મનથી તે પરાકાષ્ટાનું દુર્ધ્યાન કરી શકે છે. આ રીતે સતત દુર્ધ્યાન ચાલુ રાખે છે અને બે ઘડીનું આયુષ્ય

---

બહારના બનતા બનાવો આપણા હાથમાં-વશમાં નથી.
પરંતુ તે બનાવો ઉપર ભાવ કેવાં રાખવા-જાળવવા એ આપણાં હાથની વાત છે.

પૂરુ થઇ જતાં કાંઇ પણ ખાધા પીધા કે ભોગવ્યા વિના માત્ર મનના પાપે કરીને મરીને સાતમી નરકે જાય છે.

મનથી કેવા ઘોર પાપકર્મો બંધાઇ જાય છે અને તેને ભોગવવા જીવને ક્યાં જવું પડે છે તે માટે આ દૃષ્ટાંત ખૂબ જ મનન કરવા જેવું છે. એક ક્ષણ માટે કરેલા અશુભ વિચારોનું પણ ફળ આ, કે તેને ભોગવવા અસંખ્ય-અસંખ્ય કાળ નરકના કારમા દુઃખો ભોગવવા પડે. ચારે ગતિમાંથી ઉત્કૃષ્ટ દુઃખ નરક ગતિમાં છે અને તેમાં પણ સાતમી નરકમાં પરાકાષ્ટાનું અશાતાનું દુઃખ છે. આપણી કલ્પનામાં પણ ન આવે, તેવા નરકગતિના દુઃખ છે, જેને ઉપમા આપી સમજાવી શકાય તેવી કોઇ વસ્તુ આ મનુષ્ય લોકમાં નથી. અજ્ઞાની જીવો અજ્ઞાનના પ્રભાવે, કષાયની તીવ્રતાના કારણે, દુરાગ્રહ અને પકડના કારણે, એવા રૌદ્રધ્યાનમાં ફસાઇ જાય છે કે જેથી તેને નરકમાં જવું બહુ સહેલું થઇ પડે છે. એક ક્ષણ માટે કરેલ અશુભ વિચાર અને તેમાં નાંખેલ તીવ્ર રસ, જીવને નરકમાં લઈ જઈ શકે છે, જ્યાં જીવને નિરાધારપણે કલ્પનાતીત દુઃખો વેઠવા પડે છે. આમ જ જીવો અજ્ઞાનના યોગે અનંતકાળથી સંસારમાં ભટકી રહ્યા છે માટે યોગીરાજનો આપણને એ ઉપદેશ છે કે હે ભવ્યો ! તમે કોઇ પણ સંયોગોમાં મનથી અશુભ ન વિચારો, દુર્ધ્યાન ન કરો, નહિ તો પછીથી તમને કોઈ બચાવી શકશે નહિ. એક વખત આયુષ્ય પૂરૂં થઇ ગયું અને દુર્ગતિ આવીને ઉભી રહી ગઇ પછી તમને તેમાંથી કોઇ માઈનો લાલ છોડાવી શકશે નહિ.

કાલ સૌકરિક કસાઇને શ્રેણિક મહારાજાએ હિંસા અટકાવવા માટે અંધારિયા કૂવામાં ઊંધે માથે લટકાવ્યો, છતાં પણ તેણે તનથી નહિ તો મનથી તો પાંચસો પાડાના વધનો રોજિંદો નિત્યક્રમ ચાલુ જ રાખ્યો.

---

બુદ્ધિ એ જ્ઞાન તત્વ છે. હૃદય એ દર્શન તત્વ છે.

કૂવાની દિવાલ ઉપર પાડાની આકૃતિ દોરી-દોરીને એણે પાંચસો પાડાને માર્યા. ભયંકર દુર્ધ્યાનની પરંપરા ચલાવી. કૂવામાં ઊંધે માથે લટકવા છતાં તે પોતાના મનને કાબુમાં રાખી શક્યો નહિ અને અંતે મરીને સાતમી નરકના ઘોર દુઃખો ભોગવવા ત્યાં ગયો. બીજાની હિંસા કરવાથી મળતું સુખ કેટલું? અને કેવું ? જ્યારે તેનાથી બંધાતા કર્મો અને તેના ઉદયે આવતા દુઃખો કેવાં ? મનુષ્યભવમાં પાપ કરવામાં પાવરધો બનેલો અને સિંહની જેમ ગાજતો નરકમાં બકરીની જેમ રહે છે. માટે યોગીરાજ મનની ચંચળતા, અસ્થિરતા સમજાવવા દ્વારા મનથી થતાં નુકસાનથી બચવાનો ઉપદેશ આપણને આપી રહ્યા છે.

મન એ મનોવર્ગણાના પુદ્‌ગલોનું બનેલ હોવાથી સંપૂર્ણતઃ ભૌતિક છે - Physical છે પણ સૂક્ષ્મ રીતે વિચારીએ તો 'મન' એ પૂર્વના સંસ્કારો રૂપ-ગાંઠો રૂપ અજ્ઞાનથી ભરેલો માલ છે. પોતાની જાતને સમજવા માટે અને પોતાને સુધારવા માટે 'મન' સાથેની દોસ્તી અને ગોષ્ઠિ માનવીને ખૂબ જ ઉપયોગી અને ઉપકારક બને છે. જેને મન સાથે વાત કરતા આવડે છે તે મનને પોતાનું મિત્ર બનાવીને સંસાર સાગર તરી જાય છે. મનના નાવડામાં બેસીને મનનો સ્વાધ્યાય કરતાં-મનની સાથે વાત કરતાં કરતાં સંસાર-સાગર તરી જવાનો છે મનને દબાવવાનું ય નથી, મનને મારવાનું પણ નથી. પરંતુ મનને મનાવવાનું-વાળવાનું છે - સમજાવવાનું છે - સુધારવાનું છે, કૈવલ્યની પ્રાપ્તિ માટે કેળવવાનું છે, કુમનને સુમન બનાવવાનું છે. તે માટે કુમતિને સુમતિ બનાવવાની છે. સુમતિ જ મનને સમજાવીને 'કુ'માંથી 'સુ' બનાવીને સુમન રૂપે પરિણમાવશે.

કહ્યું છે કે ''જ્ઞાને બાંધ્યું મન રહે''

**Mind is a wonderful spacious Mall.**

---

સ્યાદ્‌વાદનો એકાંતવાદ એ જ કે તમે તમારા મોહનીય ભાવોને શોધો અને ખતમ કરો તે જ મોક્ષમાર્ગ છે.

મન એ વિશદ્, વૈવિધ્યપૂર્ણ વસ્તુઓ વેચનારું બજાર છે – કૃત્રિકાપણ છે, મોલ છે જેમાં ગ્રાહક બની ઉપભોક્તા પ્રવેશે છે, બધી વસ્તુઓ પર નજર કરે છે પણ 'એ' ખરીદે છે માત્ર પોતાના ખપની જ વસ્તુઓને; તેના ભાવ-તાલ જાણી એની ગુણવત્તા વિશે પૂછપરછ કરી, પોતાને કામમાં આવે, તે જ વસ્તુ એ ખરીદે છે.

તેવી રીતે મનના 'મોલ'માં અનેક વૈવિધ્યપૂર્ણ સામગ્રીઓ પડેલી હોય, એમાંથી માત્ર પોતાના ખપની વસ્તુઓ ઉપર જ 'ધ્યાન' આપવામાં આવે, તેનો જ ઉપયોગ કરવામાં આવે અને તે સિવાયની તમામ બીજી વસ્તુઓ પરત્વે માત્ર 'જોવા-જાણવા'ની જ દશામાં નિરંતર રહે; તો 'મન' પોતાના મૈત્રીભાવને સંપૂર્ણતઃ પ્રગટ કરી આત્યંતિક મુક્તિ તરફ પ્રયાણ કરવા માટે પ્રકાશ પાથરે છે.

"મન" એટલે આપણો ઘનીભૂત થયેલો ભૂતકાળ, જે વર્તમાન જ્ઞાનની સાથે સંઘર્ષ ન કરે અને પોતાના જ્ઞાન પ્રકાશથી સ્વરૂપ સાથે એકરૂપ બને તો સઘળી સમસ્યાઓમાં 'સમાધાન' સાંપડી શકે તેમ છે અને જે ભૂતકાળ વર્તમાનમાં મનના માધ્યમે વિલસી રહ્યો છે. તે મન જ જાગૃત ઉપયોગ દ્વારા મુક્તિનું કારણ બને છે.

પરદેશના પ્રજ્ઞાચક્ષુ મહાકવિ મિલ્ટને કહ્યું છે કે –

**Mind can make Heaven of Hell and Hell of Heaven**

સવળા મનોવ્યાપાર દ્વારા 'નરક'ને (વિપરીત સંયોગોને) સ્વર્ગમાં પરિવર્તિત કરી શકાય છે. જો કે આમાં તો માત્ર લૌકિક સુખદુઃખનો સંકેત છે જ્યારે આપણે તો તેનાથી આગળ વધીને મતિજ્ઞાનના ઉપયોગ સ્વરૂપ ભાવમનને સાધનાના માધ્યમે ઓગાળીને, મનનું વિલીનીકરણ

---

*નિમિત્ત સાધન નિમિત્ત રહેશે પણ અભેદ નહિ થશે. જ્યારે ઉપાદાન-અસાધારણ કારણ અભેદ થશે.*

કરીને, વીતરાગ સર્વજ્ઞ બની પરમાત્મા બનવાનું છે. અર્થાત્ મતિજ્ઞાન સ્વરૂપ બિંદુમાંથી કેવલજ્ઞાન સ્વરૂપ સિંધુ તરફ જવાનું છે.

પરમાણુઓ અને પુદ્‌ગલની મોહકતા એટલી બધી તીવ્રતમ અને સૂક્ષ્મતમ છે કે, આ જીવ મોહાવેશ અને અજ્ઞાનથી હિતાહિતના ભાન વગરનો બન્યો છે અને તેથી રાગ-દ્વેષ અને વિષય-કષાયમાં આંધળો બનીને અથડાયા કરે છે, કૂટાયા કરે છે.

સંસાર એ સંસરણ માર્ગ છે, જેમાં એક ગતિમાંથી બીજી ગતિમાં સરકવાનું છે. એક ભવમાંથી બીજા ભવમાં, એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં, એક કાળમાંથી બીજા કાળમાં અને એક ભાવમાંથી બીજા ભાવમાં પલટાવાનું છે. એટલે આ જીવડો સંસારના ધ્યાનમાં નવા-નવા પ્લેટફોર્મ કર્મ રૂપે રચતો જાય છે. જે જે સ્ટેશનોએ આ સંસરણ માર્ગની ટ્રેન એના નિયમ પ્રમાણે ઊભી રહે એટલે આ જીવડો, તે તે પ્લેટફોર્મ પર આયુષ્યબંધના હિસાબે અંદર હિજરાયા કરે છે-મૂરઝાયા કરે છે અને દુ:ખી થાય છે. તેનાથી બચવા યોગીરાજ મનને ઓળખી તેના નુકસાનથી બચવાની વાત કરી રહ્યા છે, જે આપણે સૌએ ખાસ લક્ષમાં લેવા જેવી છે.

**મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે;**
**બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન જેલે હો.. કુંથુ..૭**

**અર્થ :** યોગીરાજશ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે મેં એમ માન્યું હતું કે મન એ નપુંસક છે, નાન્યતર જાતિનું છે પણ એ તો ઘણા પુરુષોને પાછા ઠેલે છે-હરાવે છે. અર્થાત્ જીતે છે. બીજી બધી વાતોમાં પુરુષો ઘણા સામર્થ્યવાળા જોવામાં આવે છે પણ આ મનને જીતે એવા પુરુષો તો થોડા જ હોય છે. મનને કોઈ જીતી શકતું નથી અર્થાત્ મનના વેગને કોઈ રોકી શકતું નથી.

---

**વિવેચન :** વ્યાકરણની દૃષ્ટિએ, ભાષા પ્રયોગની અપેક્ષાએ મન નપુંસકલિંગી છે જેમકે મનઃ-મનસી-મનાંસિ એવા નપુંસકલિંગ પ્રમાણે તેના રૂપો ચાલે છે માટે મન નપુંસકલિંગી છે. ગુજરાતી ભાષામાં પણ ''મન'' કેવું એવો નપુંસકલિંગી ભાષા પ્રયોગ થાય છે. છતાં ભલભલા મરદાનગીવાળા કહેવાતા મરદો પણ આ નપુંસકલિંગી કહેવાતા મન આગળ પીછેહઠ કરી જાય છે. જેનામાં પુરુષાતન હોય તેને પુરુષ કહેવાય. જે કાયર, નમાલા, સત્વહીન હોય તેને નપુંસક કહેવાય. છતાં આ મનની બાબતમાં તો તેથી ઊલટું દેખાય છે કે મન નપુંસકલિંગી છે છતાં ભલભલા પુરુષોને તે પોતાના સપાટામાં લઇને દૂર ફંગોળી દે છે.

બીજી બધી બાબતોમાં મનુષ્યો ઘણા સામર્થ્યશાળી જોવામાં આવે છે પણ આ મન ઉપર તેઓ વિજય મેળવી શંકતા નથી; એવું દેખાય છે. અર્થાત્ મરદ કહેવાતા મનુષ્યોમાં પણ મનને જીતી લેનારા વિરલા હોય છે. આખા વિશ્વને જીતનારો નેપોલિયન પણ પત્નીનુ નામ સાંભળતાં ઢીલો થઈ જતો હતો.

ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ કહ્યું છે -

**अप्पाणमेव जुज्झाई किं ते जुज्झेण बज्झओ !**

હે આત્મન્ ! તારી પોતાની સાથે જ યુદ્ધ કર ! બહારના જીવો સાથે યુદ્ધ કરવાનું તારે શું પ્રયોજન છે ? **પોતાને પોતે જીતવાનો છે અર્થાત્ પોતાને પોતે પામવાનો છે.**

જ્ઞાની ભગવંતો આત્માને શિખામણ આપે છે કે હે ચેતન ! તારા માટે તારું કુરુક્ષેત્ર એ તારું મન છે. તેની સાથે જ તારે યુદ્ધ કરવા યોગ્ય છે. બહારના સાથે યુદ્ધ કરવાથી તને શું લાભ થશે ? તારા મન સાથે

તું યુદ્ધ કરીશ અને વિજેતા થઇશ તો કાળ વિજેતા બનીશ અને પરમાત્મા થઈશ. જ્યારે બહારના સાથે યુદ્ધ કરીશ અને વિજેતા બનીશ તો ક્ષેત્ર વિજેતા થઇશ. તેનાથી બહુબહુ તો ચક્રવર્તી થઇશ પણ પછી નરકાદિમાં સુભુમ અને બ્રહ્મદત્તની જેમ ભટકવું પડશે. માટે આંતર શત્રુઓ સાથે જ યુદ્ધ કરવા યોગ્ય છે. **બહારના સાથે સંઘર્ષ ન કરીએ તો દુર્ગતિ ટળે, સદ્ગતિ મળે પણ આંતર શત્રુ સાથે સંઘર્ષ કરીએ તો, અંતરંગ અરિઓને હણીએ તો, અરિહતમાંથી અરિહન્ત થઇએ અને તો આપણને મુક્તિ મળે. યુગલિકોને બાહ્ય સંઘર્ષ કરતા આવડતો નથી તો મરીને દેવલોકમાં જાય છે જ્યારે પ્રભુ મહાવીરે પળે પળે આંતર સંઘર્ષ કર્યો તો મુક્તિમાં ગયા.**

જ્યારે ભરતે પોતાના ૯૮ ભાઇઓ ઉપર દૂત મોકલી પોતાની આજ્ઞા સ્વીકારવા જણાવ્યું, ત્યારે તે ભરતના ૯૮ ભાઈઓ પોતાના પિતા ઋષભદેવ પ્રભુ પાસે ગયાં અને ભરતની અન્યાયી માંગણી સામે અમારે શું કરવું ? એમ પૂછ્યું, ત્યારે પ્રભુએ પણ યુદ્ધ કરવા માટે જણાવ્યું છે પણ સાથે કહ્યું કે યુદ્ધ તો શત્રુ સાથે કરાય અને ભરત એ કાંઇ તમારો શત્રુ નથી. શત્રુ તો તમારા કર્મ છે. તમારું અજ્ઞાન તમને ભરતને શત્રુ દેખાડે છે. એમ કહી ઉપદેશ આપ્યો તો ૯૮ પુત્રોએ ચારિત્ર સ્વીકાર્યું. કર્મ શત્રુઓને પરાસ્ત કરવા માટેનો જંગ ખેલ્યો અને તે જ ભવમાં મુક્તિએ ગયા. મોહને હણીને મોહન થયા !

રણક્ષેત્રમાં એકલા હાથે દશ-દશ લાખ ધુરંધર મહારથી એવા યોદ્ધાઓને જીતનારો ખરેખરો વિજેતા નથી પણ પોતાના મનને જીતનારો એ જ ખરો વિજેતા છે. આ વાણી ઉત્તરાધ્યયન સૂત્રની છે. રણક્ષેત્રમાં અનેકોને હંફાવનારા પણ મનને અંકુશમાં લઈ શકતા નથી. યુદ્ધની ભૂમિ

---

પર કોટિશિલાને પણ રૂના પુમડાની જેમ ઉંચકીને ફેંકી દેનારા વાસુદેવો-પ્રતિવાસુદેવો-ચક્રવર્તીઓ પણ એક રાગના તાંતણાને તોડી શકતા નથી; એવી સંસારની વિચિત્રતા છે અને મનની નિર્બળતા છે.

અઢાર પાપ સ્થાનકમાં દશમા રાગ પાપસ્થાનકની સજ્ઝાયમાં ઉપાધ્યાય યશોવિજયજી મહારાજા લખે છે -

**બાવીસ જિન પણ રહી ઘરવાસે, વર્ત્યા પુરવ ભવ રાગ અભ્યાસે**
**વજબંધ પણ જેહથી તૂટે, નેહ તંતુથી તે નવિ છુટે રે..**

**'એહ ને કોઈ ન જેલે'** બાહ્ય વિજય મેળવનારા પણ મન ઉપર વિજય મેળવી શકતા નથી. અનાર્યદેશમાં જન્મેલા આર્દ્રકુમારે, અભયકુમારે મોકલેલ પ્રભુપ્રતિમાની ભેટથી જાતિસ્મરણ પામી ચારિત્ર લીધું અને પછી પોતાની પૂર્વભવની પત્નીનો આ ભવમાં યોગ થયો. આર્દ્રકુમારને મુનિ અવસ્થામાં જોવા છતાં તેણીને મુનિ ઉપર રાગ થયો. તેણીએ પોતાના પતિ તરીકે હૃદયમાં તેમને સ્થાપ્યા. અંતે મહાત્મા ચૂક્યા, સંયમથી પતિત થઈ તેની સાથે સંસાર માંડ્યો - એક પુત્ર થયો અને પછી સંસારમાંથી નીકળવા ઈચ્છતા હોવા છતાં પુત્રમોહથી બાર-બાર વર્ષ સુધી સુતરના તાંતણે બંધાયેલા રહ્યા. લગ્નમાં પણ વર-વધુ સુતરની બનેલી વરમાળાએ સંસારમાં બંધાય છે. સૂતરને તાંતણે બંધાયેલા એ બંધન કાચા છે. તોડવા, ધારશો તો, તોડી શકશો અને જાતે થઈને નહિ તોડશો તો મરણ તો એ બંધનને તોડનારું બનશે જ ! જ્ઞાની પુરુષો મન ઉપર વિજય મેળવવા દ્વારા સંસાર સાગર તરી જવાનું કહે છે. જ્ઞાનીઓએ ઉચ્ચારેલા આગમવચનોને વિધિપૂર્વક રસાયણની જેમ સેવન કરવાથી ભવ-વ્યાધિનો અંત આવી જાય છે. ભવરોગ મટે છે અને આત્માનું આરોગ્ય પ્રાપ્ત થાય છે. જિનવાણી એ સુમધુર રસાયણ હોવા છતાં જે આત્માઓ પ્રમાદના યોગે

---

તેનું સેવન કરતા નથી, તે આત્માઓ પોતાનું હિત કરી શકતા નથી. જ્ઞાનયોગ દ્વારા જ આ મન ઉપર વિજય મેળવી શકાય છે; બીજી રીતે નહિ. આત્માના ત્રિકાળ શુદ્ધ ચૈતન્યમય સ્વરૂપને ઓળખીને તેની જ વારંવાર શ્રદ્ધા કરવાથી, તેમાં જ ઉપયોગને રમતો રાખવાથી માંકડાની જેમ બહાર ભટકતું મર્કટ મન શાંત થઇ જાય છે. તેની દોડધામ અટકી જાય છે એટલે કર્મના ઉદય સાથે ઉપયોગનું જોડાણ થતાં જે અલ્પ એવા શુભ વિકલ્પો આવે છે તેમાં ઉપયોગનું ભળવાપણું રહેતું નથી. વિચરવાપણું રહેતું નથી. તેથી વિચારની ભૂમિકા ઉભી થતી નથી પણ જે વિકલ્પ ઉઠે છે તેના આરામથી જ્ઞાતા-દૃષ્ટા રહેવાય છે; આ મન ઉપરનો વિજય છે. **અહિંયા વિકલ્પ છે એટલે મન છે પણ તેમાં ભળવાપણું નથી માટે મનોજય છે,** જ્યારે સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકે ઉદયકર્મ સાથે તો વ્યવહારનયે ઉપયોગનું જોડાણ જ થતું નથી માટે ત્યાં મન જ ઊભુ થતું નથી. વિકલ્પજ નથી એટલે ત્યાં મનનું અમન છે, સમાધિ છે.

મનનું અમન કરવા માટે અર્થાત્ મન સમાધિભાવને પામે તે માટે આધ્યાત્મિક સંત સ્વામી-રામસુખદાસ **'ચૂપ સાધના'**નો ઉપાય બતાવે છે-

અગર મન અને બુદ્ધિમાં કોઈ દોષ પેદા થઈ જાય તો તેને વશ નહિ થવું જોઈએ. **तयोः न वशमागच्छेत** (ગીતા ૩/૩૪) અર્થાત્ તે મન અને બુદ્ધિને અનુસારે કોઈ ક્રિયા નહિ કરવી જોઇએ. તેને વશ થઈને ક્રિયા કરવાથી તે દોષ દૃઢ થઇ જાય છે; પરંતુ વશ ન થઈને ક્રિયા કરવાથી એક ઉત્સાહ પેદા થાય છે.

કોઈકે આપણને કોઈ કડવી વાત કહી દીધી પરંતુ આપણને ભીતરમાં કોઈ ક્રોધ પેદા ન થયો, તો આપણને ભીતરમાં એક ઉત્સાહ-પ્રસન્નતા રહે છે કે ચાલો, આજે આપણે બચી ગયા ! સંવરમાં રહેવાયું

---

દેહભાવ એ મોહનીયકર્મ છે અને ચારે અઘાતિકર્મ એ એને રમવાના રમકડાં છે.
ચારે અઘાતિકર્મમાં થતાં મોહભાવો-દેહભાવોને છોડવા તે અધ્યાત્મમાર્ગ-મોક્ષમાર્ગ છે.

અને પાછી સંવરપૂર્વકની નિર્જરા થઈ. પરંતુ તેમાં પોતાનો પુરુષાર્થ ન માનતા પરમાત્માની કૃપા જ માનવી જોઈએ.

પ્રકૃતિના સંબંધ વિના તત્ત્વનું ચિંતન-મનન થઇ શકતું નથી. આથી તત્ત્વનું ચિંતન કરશું તો મન સાથમાં રહેશે. નિશ્ચય-નિર્ણય કરશું તો બુદ્ધિ સાથે રહેશે. શ્રવણ કરશું તો શ્રવણેન્દ્રિય સાથમાં રહેશે, કથન કરશું તો વાણી સાથમાં રહેશે.

તેવી જ રીતે કરેલા નિશ્ચયને સારો કે મારો માનશું તો માન્યતા સાથે રહેશે તેમજ માનવાવાળો પણ સાથે રહેશે. નિષેધ કરશું તો નિષેધ કરવાવાળો સાથે રહી જશે.. કર્તૃત્વના અભિમાનનો ત્યાગ કરશું તો, હું કર્તા નથી એવો સૂક્ષ્મ અહંકાર સાથે રહી જશે અર્થાત્ ત્યાગ કરવાથી ત્યાગી રહી જશે અને ત્યાજ્યનું વિસ્મરણ થઈ જશે.

એટલા માટે ન કોઇ માન્યતા કરીએ, ન નિષેધ કરીએ, ન ત્યાગ કરીએ, ન ગ્રહણ કરીએ, ચૂપ થઇ જઇએ. ચૂપ થઇએ પરંતુ ચૂપ થવું છે તેવો આગ્રહ પણ ન રાખીએ અન્યથા કર્તાપણું આવી જશે; કારણકે ચૂપ-મૌન સ્વતઃ સિદ્ધ છે, તેના માટે કોઇ ક્રિયાની જરૂર નથી.

હું-તું, મારું-તારું, સાચું-ખોટું, સારું-ખરાબ; આ બધાંને છોડી દઇએ તો પછી જે બાકી રહે છે તે પરમાત્મા જ છે. જેની સત્તા માત્ર છે, જેમાં કાંઈ કરવાપણું નથી. કરવાપણું, બનવાપણું, થવાપણું તેનાથી ઉપર ઉઠીને હોવાપણામાં સ્થિર થવાનું છે.

आत्मसंस्थं मनःकृत्वा न किंचिदपि चिन्तयेत् (ગીતા ૬/૨૫)

જો પ્રયત્ન કરવા છતાં આપોઆપ ચિંતન થઇ જાય તો ન તેનાથી રાગ કરે, ન દ્વેષ કરે, ન રાજી થાય કે ન નારાજ થાય. ન તેને સારું માને,

ન ખરાબ માને, ન પોતાનું માને, ન પારકું માને પરંતુ એની ઉપેક્ષા કરીને તેનાથી ઉદાસીન થઈ જાય કારણકે હકીકતમાં તો તે આત્મામાં છે જ નહિ.

**સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકે સ્વરૂપ લીનતા રૂપ તપ છે, જે નિર્વિકલ્પ આનંદવેદનરૂપ છે, જ્યારે છઠ્ઠા પ્રમત્ત ગુણસ્થાનકે વિકલ્પના દૃષ્ટા રહેવારૂપ ચારિત્ર છે.** છઠ્ઠા ગુણસ્થાનકના ઉપરના અધ્યવસાય સ્થાનોમાં સ્વરૂપ સ્થિરતા રૂપ ચારિત્ર છે. સ્વરૂપ સ્થિરતારૂપ ચારિત્ર હોય ત્યાં સ્વરૂપ લીનતારૂપ તપ વિકલ્પે છે જ્યારે સ્વરૂપ લીનતારૂપ તપમાં સ્વરૂપ સ્થિરતારૂપ ચારિત્ર નિયમા છે અને આ બન્ને સ્વરૂપ સ્થિરતારૂપ ચારિત્ર અને સ્વરૂપ લીનતા રૂપ તપ એ બન્ને મોક્ષ પુરુષાર્થ છે. તારક તીર્થંકર પરમાત્માઓને દીક્ષા લીધા પછી કેવલજ્ઞાનની પ્રાપ્તિ સુધી આવો મોક્ષ પુરુષાર્થ જ હોય છે માટે તે ભવમાં કેવલજ્ઞાનની પ્રાપ્તિરૂપ ભાવમોક્ષ અને સિદ્ધત્વની પ્રાપ્તિરૂપ દ્રવ્યમોક્ષ પામે છે.

જ્યારે બીજા અલ્પ સત્ત્વવાળા જીવોને આવો અખંડ અને સળંગ મોક્ષ પુરુષાર્થ નથી હોતો પણ તત્ત્વની વિચારણા રૂપ ધર્મ પુરુષાર્થ પણ હોય છે. ઉત્તરાધ્યયન સૂત્રનું વાક્ય - **"अप्पामेव जुज्झाइ किंत्ते जुज्झेण बज्झओ!"** એ આપણને આવો મોક્ષ પુરુષાર્થ કરવા જણાવે છે અને તેમાં રહેવાનું સામર્થ્ય ન હોય તો જ ધર્મ પુરુષાર્થ કરવાની પ્રેરણા કરે છે. કારણ કે મોક્ષ પુરુષાર્થ શીઘ્ર મોક્ષ આપે છે જ્યારે ધર્મ પુરુષાર્થ સદ્‌ગતિ દાયક છે. **ધર્મ પુરુષાર્થથી મન એ સુમન બને છે જ્યારે મોક્ષ પુરુષાર્થથી તો મન એ અમન બને છે.** અધ્યાત્મના માર્ગમાં મનનો નાશ નથી કરવાનો, મનના ટૂકડા નથી કરવાના પણ મનનું વિલીનીકરણ કરવાનું છે. સ્વરૂપની સાધના કરવા દ્વારા મતિજ્ઞાનના ઉપયોગ સ્વરૂપ ભાવમનમાંથી વિકારીભાવોને કાઢતા જવાનું છે. એ વિકારીભાવોનું કાઢવું એ મનનું વિલીનીકરણ છે

---

અને જ્યારે સંપૂર્ણ વિકારીભાવો નીકળી જતાં મન વીતરાગ બને છે અને વીતરાગભાવને પામેલ મતિજ્ઞાનના ઉપયોગ સ્વરૂપ ભાવમન એક આંખના પલકારામાં મતિજ્ઞાનમાંથી કેવલજ્ઞાનમાં પલટાઇ જાય છે. આ જ ભાવ મોક્ષ છે. એ સૌ કોઈ ભવ્યાત્માઓએ વહેલો મોડો પામવાનો જ છે.

**વિકલ્પની સાથે ઉપયોગનું ભળવું એ મનનો વિહાર છે. મનનું એ વિચરણ જ વિચાર છે જ્યારે વિકલ્પનું માત્ર દર્શન એ મનનું સ્થંભન છે અને વિચારનું નિર્ગમન છે. મન એ રડાર જેવું છે. તે કાંઈ જ કરતું નથી માત્ર સારું કે ખરાબ દેખાડે છે, તે વખતે આપણે તેમાં ન ભળતા માત્ર તેનો સ્વીકાર કરવાનો છે. મનના તરંગો - મનના વિકલ્પોના દૃષ્ટા બનવાનું છે. વિચાર સ્થગિતતા એ મન સ્થગિતતા છે. એ તરંગી મનની નિષ્તરંગતા છે.**

**જેને જીવતે જીવ મરી જતા આવડે તે મનથી છૂટો થઈ જાય એટલે જ જ્ઞાની કહે છે... "જે મરીને જીવે તે જીવતા મરે" આત્મા સ્વરૂપે પોતે કોઇ દહાડો મરતો જ નથી. માત્ર માન્યતાઓ જ જન્મે છે અને માન્યતાઓ જ મરે છે એટલે જ્ઞાનીઓએ યથાર્થ કહ્યું છે કે જે જીવતા મરે છે તેને પછી મરણ આવતું નથી કારણકે એ મૃત્યુ નથી પણ નિર્વાણ છે. એ માટે પહેલાના અવતારોમાં ઊંઘતા જીવવું પડે એટલે કે આંખ મીંચામણા કરો, જોયું ન જોયું કરો અને જાગતા મરવું પડે એટલે પરની અસર વિનાના બનીને રહેવું પડે !**

**આવતા-ઉદ્‌ભવતા વિકલ્પોમાં વિચરવું તે વિચાર છે જ્યારે ગમતા એવા પણ વિકલ્પોમાં છૂટા રહ્યા તો એ વીર્યવાન કહેવાય. દૃષ્ટિ દૃષ્ટામાં પડે એટલે જોનારો પોતાને જોતો જાય. આ આત્મદૃષ્ટિ છે. જ્યાં આત્મદૃષ્ટિ ત્યાં નિરાકૂળતા. જ્યાં દેહદૃષ્ટિ છે, મનો દૃષ્ટિ છે ત્યાં સંસારનું સર્જન છે.**

આ વીતરાગોનું સાયન્સ છે. જેમાં એક માત્ર શુદ્ધાત્મા જેવો છે તેવો જાણવાનો છે અને પછી તેમાં રહેવાનું છે. **અવસ્થામાં (પર્યાયમાં) અવસ્થિત નથી થવાનું પણ અધિષ્ઠાતા-દ્રવ્યમાં અધિષ્ઠિત થવાનું છે.** જેને આ કરતાં આવડ્યું તેને પછી કાંઇ જ કરવાનું રહેતું નથી અને જેને આ ન આવડ્યું તેને બધું જ કરવાનું રહે છે. **વીતરાગ વિજ્ઞાન આત્મા અને અનાત્માનું એકઝેક્ટ ભેદાંકન કરી આત્માની રમણતા પ્રગટાવે છે કે જે કાળે પ્રકૃતિ પ્રકૃતિમાં વર્તે છે અને પુરુષ પુરુષમાં રહે છે; બન્નેની ધારા અલગ અલગ વર્તે છે, તેથી દર અસલ વીતરાગ ચારિત્ર ઉત્પન્ન થાય છે. વસ્તુતંત્ર અને પુરુષતંત્ર બંને જુદા પડી જાય છે.**

મન એ તો મોક્ષે જવાનું નાવડું છે. મન વગર માણસ જીવી ના શકે. મોક્ષે જતા પહેલાં મન તો જોઈશે. સંસારમાં ઊંધે રસ્તે લઇ જનારું પણ મન છે અને સીધે રસ્તે લઈ જનારું પણ મન છે, માટે જ્યાં સુધી સામા કિનારે ન પહોંચાય ત્યાં સુધી મનને ભાંગી નંખાય નહિ. નાવડું ઊંધે રસ્તે જતું હોય તો નાવિક શું તેને ભાંગી નાંખે છે? ના, ઊલટાનું એને સાવધાની પૂર્વક હોકાયંત્રની મદદથી સુકાન ફેરવીને એને કિનારા તરફ વાળે છે. કિનારે પહોંચ્યા પછી એને છોડી દેવાનું, અલવિદા આપવાની. પછી એને કહેવાનું કે તું અને હું જુદા. મન તો એના ધર્મમાં જ છે પણ તે વખતે આપણે આપણા જ્ઞાતા દૃષ્ટારૂપ આત્મધર્મમાં રહેવાનું છે.

મનની નાત અને જાત બ્રહ્મની છે પરંતુ અજ્ઞાન અને મોહવશે મન પુદ્ગલાનંદી બની ગયું છે તેથી તે જડવત્ બની ગયું છે. પુદ્ગલના ચાર ગુણો ૧) અનિત્ય ૨) અસ્થિર ૩) રૂપી અને ૪) જડ છે. મન પુદ્ગલમય બનવાથી આ ચાર ગુણો ઉપચારથી જીવના બની ગયેલ છે. અનિત્યતાથી જીવ જન્મ-મરણ પામે છે. અસ્થિરતાથી જીવ ચૌદ રાજલોકમાં ભટકે છે.

---

ધર્મ એટલે બહારમાં કાયાની વ્યવસ્થા અને અભ્યંતરમાં મનની કસરત.

ક્ષપકશ્રેણિ બધાની સરખી. પરંતુ કાયયોગમાં ભેદો હોય.

રૂપીપણાથી જીવ અરૂપી હોવા છતાં નવા નવા સ્વાંગ સજી નાટક કરે છે. જડપણાથી જીવ શુદ્ધ ચૈતન્યસ્વરૂપને ન વેદતાં જડ એવા પુદ્‌ગલના ગુણોને વેદે છે. જીવમાત્રની જાત-કુલ-વંશ પરમાત્માના છે. જડ એવા પુદ્‌ગલની જાતના નથી. પરંતુ જીવ પોતાનો જે સચ્ચિદાનંદપણાનો જે ભાવ છે તે પોતાના આત્મામાં ન શોધતાં પુદ્‌ગલ દ્રવ્યમાં આરોપે છે અને ત્યાં સુખને ઇચ્છે છે તેથી તે ચૈતન્ય હોવા છતાં ઉપચારથી પુદ્‌ગલનો બની જાય છે.

મન-વચન-કાયા-ધન અને સમય એ જીવની સંપત્તિરૂપ છે. **જે સમયનો સદુપયોગ કરે છે તે બાકીના બધાનો સદુપયોગ કરે છે.** સમયની-આયુષ્યની કિંમત મનુષ્યભવમાં સાધના કરવા માટે છે. ।।**समयं गोयम मा पमायए**।। એમ ભગવાન કહે છે.

આયુષ્ય પ્રમાણ કાળનો સમયથી સદુપયોગ કરો તો સર્વથી સદુપયોગ થયો કહેવાય એટલે મહાવ્રત ઉચ્ચરનારને જાવજ્જીવના પચ્ચક્ખાણ હોય છે. સર્વકાળથી જે જીવ સાધના ન કરે તે દેશથી અર્થાત્ મન, વચન, કાયા અને ધનથી કરે છે. **મહાવ્રત એ બીનશરતી પચ્ચક્ખાણ છે જ્યારે અણુવ્રત એ શરતી પચ્ચક્ખાણ છે.**

**મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી;**
**એમ કહે સાધ્યું તે નવિ માનું, એકહી વાત છે મોટી હો..કુંથુ..૮**

**અર્થ :** જેણે મનને વશ કર્યું તેણે તપ, જપ, સંયમ વગેરે સઘળું સાધ્યું એમ જાણવું અર્થાત્ એ વાત કાંઇ ખોટી નથી પણ કોઇપણ જાતના આધાર વિના કોઇ એમ કહે કે અમે અમારું મન વશ કર્યું છે તો તે કહેલી વાત હું માની શકતો જ નથી. કારણકે એ કહેલી વાત તો મોટી છે અર્થાત્ અતિ દુષ્કર છે અર્થાત્ વિરલા માણસો જ મનને વશ કરી શકે છે અને જે વશ કરે છે તે મોંથી બોલતા નથી.

**વિવેચન :** જેણે મનને વશ કર્યું તેને સઘળી આત્મિક શક્તિ પ્રાપ્ત થઇ છે એમ સમજવું. મનને જીતનારે જગત જીત્યું છે, ઈડરિયો ગઢ જીત્યો છે એમ જાણવું. એ વાત બરાબર છે; અનુભવથી વિચારતાં તે ખોટી જણાતી નથી.

મન ઉપર વિજય મેળવનાર ચૌદ રાજલોકમાં અમારિ પડહ વગડાવે છે. સર્વજગતના જીવોને અભયદાન આપે છે. વિશ્વ માત્રના જીવોની સાથે મૈત્રીના કોલકરાર કરે છે. જગતના જીવોને આત્મીયભાવે સ્વીકારે છે, બંધુભાવે ચાહે છે, તપ-જપ-જ્ઞાન-ધ્યાન વગેરે સર્વ અનુષ્ઠાનો મનોનિગ્રહ વિના વૃથા છે; આવા વચનો અધ્યાત્મ કલ્પદ્રુમમાં આચાર્યશ્રી મુનિસુંદરસૂરિજી મહારાજાએ ઉચ્ચાર્યા છે અને જણાવ્યું કે **મનને વશ કરવું એ મહાયોગ છે અને ત્યાં સુધી કહ્યું છે કે -**

**જપ કરવાથી કે તપ કરવાથી મોક્ષ મળતો નથી તેમ ચારિત્ર, દમ કે મૌન ધારણ કરવાથી પણ મોક્ષ મળતો નથી પણ સારી રીતે વશ થયેલું મન જ મોક્ષ આપે છે.** મનને વશ કરવાના લક્ષ્યે તપ-જપાદિ કરવામાં આવે તો તે સાર્થક છે. બાકી એકલા રાગદ્વેષથી જ કે વિકારોથી મન ઘેરાયેલું હોય તો તપનું શું પ્રયોજન છે ? સાધ્યની સિદ્ધિ થયે છતે સાધન છૂટી જાય છે તેમ સાધના જેમ જેમ આગળ વધે છે તેમ તેમ સાધનો ઘટતા જાય છે. પરંતુ જો સાધ્યનું લક્ષ્ય જ ન હોય અને સાધન પકડી રાખવામાં આવે તો તેનો કોઇ અર્થ પણ નથી.

આનંદઘનજી કહે છે કે જેણે મનને સાધી લીધું તેણે સઘળું સાધી લીધું એ વાત જરાયે ખોટી નથી

मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः।
बन्धाय विषयासिद्धि, मोक्षे निर्विषय स्मृतम्।। - મૈત્ર્યોપનિષદ્

મન જ મનુષ્યને બંધન કે મુક્તિનું કારણ છે. મનને વશ કર્યું, તેણે સઘળુ સાધ્યું અર્થાત્ તેની જ મુક્તિ છે. જેને ઈચ્છા નથી, વિચાર નથી તેને મન નથી. વ્યવહારમાં આપણે બોલીએ છીએ કે, ''આને તો કાંઈ મન થતું નથી''.

અધ્યાત્મ ક્ષેત્રે તો જેને ઈચ્છા નથી અને વિચાર નથી તેને મન નથી એટલે કે દ્રવ્ય મન હોવા છતાં ભાવ મન નથી. આ વાત તો શત પ્રતિશત સાચી જ છે. યોગીરાજ કહે છે કે અમે એને ખોટી કહેતા નથી. પણ મનને સાધી લેવું એ કાંઈ બચ્ચાના ખેલ નથી. નાની સુની વાત નથી. એ તો રાધાવેધ સાધવા જેવું છે. અપેક્ષાએ તો એમ કહેવાય કે રાધાવેધ સાધવો ય હજુ સહેલો છે પણ મનને સાધવું કઠિન છે.

કોઈ એમ કહે કે મેં મારા મનને વશ કરી લીધું છે, હવે મારે તપ-જપ-સંયમ-જ્ઞાન-ધ્યાનની કોઈ જરૂર નથી, અમારે આ બધા આલંબનની જરૂર નથી, અમારું મન નિષ્કલંક છે. જેમનું મન કાબુમાં ન હોય તેણે તપ-જપ કરવાના હોય. 'મન ચંગા તો કથરોટમેં ગંગા' આવું પણ આજે બોલનારા છે પણ તેઓએ સમજવું જોઈએ કે ''મન ચંગા તો કથરોટમેં ગંગા'' મગર મન લફંગા તો ફિર કિધર ગંગા ?

યોગીરાજ કહે છે કે જે આવા બણગા ફુંકે છે તેઓની વાતને હું માનવા તૈયાર નથી. જે લોકો એમ કહે છે કે અમે મન સાધી લીધું છે તેથી હવે અમારે બાહ્ય અભ્યંતર સાધનની જરૂર નથી, તો ખરેખર તેઓએ મનને સાધેલું હોતું નથી અને જેઓ ખરેખર મનને સાધીને બેઠા છે તેઓ ક્યારે પણ ખોટા બાહ્ય બણગા ફુંકનારા હોતા નથી તેમજ તેઓ વ્યવહાર ધર્મનો અપલાપ કરનારા પણ હોતા નથી. કહેવત પણ છે કે, ''હીરા મુખસે ન કહે લાખ હમારા મોલ''

---

"મેં મન સાધ્યું છે !" એમ જે કહે છે તે અહંકાર છે. અહંકાર હોય, તો પછી મન સાધ્યું કેમ કહેવાય ? જેણે મન સાધી લીધું હોય તે તો ભાવમનથી મુક્ત અમન થઈ અમન-નિર્વિકલ્પ થયેલને પછી માત્ર હોવાપણું હોય પરંતુ હું અમુક છું કે તમુક છું અને મેં આ કર્યું કે તે કર્યું કે મન સાધી લીધું !" એવું કહેવાપણું હરગીજ ન હોય ! નિર્વિશેષ થયેલ હોય તેને વિશેષભાવ હોય નહિ. બાકી મન સાધીને અમન થઈ જવું, એ તો મહાસિદ્ધિ છે. કારણકે અમન થવું એટલે ઈચ્છારહિત થઈ વીતરાગ થવું અને વિચાર-વિકલ્પરહિત થઈ નિર્વિકલ્પ-સર્વજ્ઞ થવું. અર્થાત્ ચાર ઘાતિકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાની થવું એટલે કે ભાવમોક્ષ પામવો. આમ મન સધાય તો બધું જ સધાય અને બધું જ પમાય, એ વાત તો નક્કર સત્ય છે પણ એ થવાની ને હોવાની વાત છે. પણ કંઈ કહેવાની વાત નથી.

**સાચો જ્ઞાની, સાચો આત્માર્થી, સાચો આરાધક, તે છે કે જે સ્વરૂપની દિશામાં આગળ વધીને સ્વરૂપમાં ઠરેલો હોય, તે વ્યવહાર માર્ગનો-સાધન માર્ગનો અપલાપ ન કરે પણ સાધન દ્વારા સાધ્ય કેમ પ્રાપ્ત થાય ? તે માટે સાધ્યનું સ્વરૂપ સમજાવે, સાધ્યનું લક્ષ્ય કરાવે, સાધ્યની મહત્તા સમજાવે. સાધ્યને સમજ્યા વિના તેનું લક્ષ્ય કર્યા વિના એકલા સાધનને પકડી રાખવાથી ચકરાવો જ ઊભો રહે. અને એકલા સાધ્યનું લક્ષ્ય કરીને બેસી રહીએ પણ તેને પામવા માટેના અનુકૂળ સાધનને ન પકડીએ તો પણ આગળ વધાતું નથી.**

આંખથી જોવાનું છે અને પગથી ચાલવાનું છે. નિશ્ચય એ આંખ છે. વ્યવહાર એ પગ છે. બન્ને દ્વારા પંથ કાપવાનો છે. જાણીએ ખરા પણ ચાલીએ નહિ તો શું કામનું? અને માત્ર ચાલ ચાલ કરીએ પણ ક્યાં જવું છે? ક્યાં પહોંચવું છે? કેમ જવાય ને કેમ પહોંચાય? એની

જાણ-સુઝબુઝ જ નથી તો પછી ચાલેલું શું કામનું ? જ્ઞાની કહે છે...

**જો ઈચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ**
**ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ**
**નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નો'ય**
**નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવા સોય.**

મનને સાધી લેવું એ વાત ઘણી મોટી છે-ઘણી કઠિન છે-ઘણી આકરી છે. એ મોઢાથી બોલવાની વાત નથી. **જ્ઞાન અને ધ્યાનના માર્ગમાં રાત'દિ ભગીરથ પુરુષાર્થ કર્યા વિના મનને સાધી શકાતું નથી. એકલા કોરા શાસ્ત્ર અભ્યાસ કે કોરા તપ-જપથી મન સાધી શકાતું નથી. તે માટે તો જ્ઞાન-ધ્યાનની સાધના જોઈએ અને જબરજસ્ત ગુરુકૃપાનું બળ જોઈએ. આ બન્ને વિના મનને સાધી શકાતું નથી અને મનને સાધ્યા વિના વીતરાગ-સર્વજ્ઞ બની શકાતું નથી.**

આ પાંચમા આરાના હુંડા અવસર્પિણી કાળમાં સંસાર સાગરથી તારનારા દેવ-ગુરુ-શાસ્ત્ર-સત્સંગના આલંબનનો ત્યાગ કરવો અને પોતાની મતિકલ્પનાથી ધર્મ કરવો; એ મધદરિયે વહાણનો ત્યાગ કરવા બરાબર છે-એ સ્વચ્છંદ છે.

**આજે પ્રભુની પૂજામાં થતી સ્થાવરકાયજીવોની હિંસાને આગળ કરનારાઓએ પ્રભુ પૂજા ઉડાડવા દ્વારા સંસાર સાગરથી તારનારા પ્રબળ આલંબનનો લોપ કર્યો છે. આખો ભક્તિયોગ ઉડાડ્યો છે. તેમ પ્રભુના ૪૫ આગમોને ન માનનારાઓએ આચારમાર્ગથી શરૂ થતી અને પરિણતિના માર્ગે આગળ વધતી અને અંતે સ્વરૂપ સાગરમાં ભળી જતી મહાયાત્રાના માર્ગનો લોપ કર્યો છે. "અશુભમાંથી શુભમાં આવો અને**

---

પછી શુભમાં ન અટકતા શુદ્ધ તરફ આગળ વધી સ્વરૂપમાં સમાઈ જાવા" આ પ્રભુએ બતાવેલ અખંડ અને સળંગ મોક્ષમાર્ગ છે. પ્રતિકૃતિ, પ્રતીક અને પ્રતિનિધિથી તો આપણો રોજબરોજનો વ્યવહાર ચાલે છે. જો વ્યવહારમાં એનો નિષેધ નથી કરતાં તો અધ્યાત્મ ક્ષેત્રે એનો નિષેધ કેવી રીતે કરી શકાય ? કોઈ પણ વસ્તુનુ ખંડન કરતાં પહેલા લાખ-લાખ વિચાર કરવા જોઈએ અને જરા પણ પદાર્થમાં સંશય રહે તો ખંડન ન કરતાં મૌન રહેવું જોઈએ.

આચારગ્રંથોને ન માનતા, તેને ન સ્વીકારતા તેઓ અધ્યાત્મના ક્રમિક વિકાસ માર્ગને ઉત્થાપે છે. આચારને ન પકડીએ તો પણ ન જ ચાલે. પકડ્યા પછી પરિણતિનું લક્ષ્ય ના રાખીએ તો પણ ન જ ચાલે અને પરિણતિનું લક્ષ્ય રાખવા છતાં પ્રમાદી બનીને જીવીએ અને સ્વરૂપ તરફ આગળ ન વધીએ તો પણ ન જ ચાલે.

આટલેથી જ નહિ અટકતા જૈન શાસનના એક ફિરકાએ તો દયા અને દાન જેવા પાયાના ધર્મોને ઉડાડીને માનવતાની કબર ખોદી નાખી છે અને વીતરાગ શાસનના વીતરાગ માર્ગની અને વીતરાગ વિજ્ઞાનની ભારેમાં ભારે ઠેકડી ઉડાડી છે. એ ખ્યાલમાં હોવું જરૂરી છે કે કોઇ પણ ધર્મે દયા અને દાનનો નિષેધ કર્યો નથી. જે આ કરે છે તે ખરેખર વીતરાગ ધર્મની બહાર છે અને પોતાને જૈન કહેવડાવવાને લાયક પણ નથી. વીતરાગ ધર્મના અનુયાયી તરીકે ઓળખાવવું અને દયા-દાનનો નિષેધ કરવો એ કોઇ રીતે બને તેમ નથી. જે પોતાને વીતરાગધર્મના અનુયાયી કહેવડાવતા નથી તે પણ જો દયા-દાનનો વિરોધ ન કરતા હોય તો પછી એમનાથી કેવી રીતે થઈ શકે ? હૈયુ કેટલું બધું ધીઠ્ઠ અને કઠોર બને ત્યારે આવા અનેકને તારનારા તારક

સાધનોનો લોપ કરવાનું મન થાય અને તે પણ પાછું ધર્મના નામે !! આ જેવું તેવું અજ્ઞાન નથી !! જેવું તેવું પાપ નથી !! જેવું તેવું મિથ્યાત્વ નથી !! આ મહા મહા અજ્ઞાન છે !!! મહા પાપ છે !!! મહા મિથ્યાત્વ છે !!! એક તો જીવો પોતાના અનાદિકાલીન અજ્ઞાનનો ભોગ બનીને અનંતકાળથી સંસારમાં ભટકી રહ્યા છે અને વળી હવે તમે તેમને તારક આલંબનો હિંસાના નામે કે અધર્મના નામે છોડાવો તો આ મધદરિયે સંસાર સાગરમાં ડૂબતા એવા જીવોને કોણ બચાવશે ?! કોણ ઉગારશે?!! કોણ તારશે ?!! આ ખરેખર સાધુતા નથી, ગુરુતા નથી પણ સાધુતા અને ગુરુતાનો દ્રોહ છે. આ નિન્હવપણું છે. આ ઉત્સૂત્ર પ્રરૂપણા છે. આ માર્ગ ભંજકતા છે. આનાથી મન ક્યારેય વશ થાય નહિ એવા ઘોર પાપો જ બંધાય.

આ જૈન શાસનની સામે ખેડાયેલુ બહારવટિયાપણું છે, જૈન શાસનની સામે ઉભું થયેલ નક્ષલવાદીપણું છે, આતંકવાદીપણું છે. આજે આતંકવાદીઓ સર્વત્ર ફેલાયેલા છે. ધર્મના ક્ષેત્રમાંથી પણ ધર્મ અને ધર્મીઓ આતંકવાદીપણાથી બચી શક્યા નથી. આ કલિકાલની દુર્ભાગ્યપૂર્ણ કાલીમા છે.

પ્રભુશાસનના એક એક અંગો વિશ્વમાત્રનું હિત કરનારા છે. જ્ઞાનીઓએ આખો જે વિધિમાર્ગ બતાવ્યો છે જેમાં પ્રભુપૂજા, ગુરુવંદન, સત્કાર, સન્માન, સાધર્મિક વાત્સલ્ય, સાધર્મિક ભક્તિ, જિનવાણી શ્રવણ, સુપાત્ર દાન, મહાવ્રતો, અણુવ્રતો, ગુણવ્રતો, શિક્ષાવ્રતો, દાન, શીલ, તપ, ભાવ, ભાવના યોગ, પ્રતિક્રમણ, તીર્થયાત્રા, નિશ્ચય-વ્યવહાર, ઉત્સર્ગ-અપવાદ એ નીચે રહેલા જીવોને ઉપર ચઢવા માટેના આલંબનો છે. સંસારરૂપી કૂવામાં પડેલા જીવોને માટે તે દોરડા સમાન

છે. જેનો આધાર લઈને આજ સુધી અનંતા તર્યા છે અને અનંતા તરશે માટે તેનો અપલાપ કરાય નહિ. પ્રભુ શાસનમાં જીવો કક્ષાભેદે અનેક પ્રકારના છે, તેથી કયા જીવને કયું આલંબન ક્યારે ઉપકારક બની આગળ લઈ જશે એ કહેવાય નહિ. માટે એક પણ આલંબનનો અપલાપ કરવો એ પ્રભુશાસનના અંગનો અપલાપ છે અને અંગનો અપલાપ એ અંગીના અપલાપમાં પરિણમે છે. એ ન્યાયે એ પ્રભુ શાસનનો અપલાપ છે. માટે મૂર્તિનો અપલાપ, મૂર્તિપૂજાનો અપલાપ, દયા-દાનનો અપલાપ કે આગમોનો અપલાપ કે પંચાંગીનો અપલાપ કે તીર્થ યાત્રાનો અપલાપ એ અંતે તો પ્રભુ શાસનનો જ અપલાપ છે. કૂવામાં પડેલા આત્માને બહાર નીકળવા માટે દોરડુ એ આલંબન છે. જેના આધારે બહાર નીકળવા પ્રયત્ન કરતા જીવોના હાથમાંનું દોરડુ કાપી નાંખવામાં આવે તો તે કેવું કહેવાય ? તેને શેની ઉપમા અપાય? તેમ તરવાના આલંબનોનો જે અપલાપ કરે, ખંડન કરે તેને શું કહેવાય? અને તે પણ સજ્જનના વેશમાં રહી કરે ત્યારે તેને માટે શું કરાય? જ્ઞાની કહે છે કે તમારાથી બીજા આત્માઓ નહિ તરે તો ચાલશે પણ તમારા નિમિત્તે, તમારી ભૂલે, તમારા અજ્ઞાન-અવિવેકના કારણે એક પણ આત્મા ડૂબશે તો તે નહિ ચાલે. કુદરતની સૃષ્ટિમાં એ અક્ષમ્ય અપરાધ ગણાશે. કોઈ પણ વ્યક્તિનું અહિત કરવાનો હક કોઈને પણ ક્યારે પણ આપવામાં આવતો નથી. તમે જીવો અને બીજાને જીવવા દ્યો! તમે સુખી થાવ અને બીજાને સુખી રહેવા દ્યો. તમે તરો અને બીજાને તરવામાં નિમિત્ત બનો! આવી સંગીન વ્યવસ્થા અનાદિ અનંતકાળથી ચાલી આવેલી છે. તેમાં આપણે આપણો સૂર પુરાવવાનો છે અને વિશ્વના એ મહાસંગીતને તાલબદ્ધ-લયબદ્ધ કરતા રહેવાનું છે, સંતતિયોગ ચાલુ રાખવાનો છે. એ માટે થઈને જ પ્રભુનું તિન્નાણં-

---

કાળ એટલે પુદ્ગલદ્રવ્યમાં થતો સંયોગ-વિયોગ, ઉત્પાદ-વ્યય, ગતિ-સ્થિતિ; પરિવર્તનતા અને પરિભ્રમણતા.

**તારયાણં અને જિણાણં જાવયાણં આદિ વિશેષણ છે, જેને આપણે સૌએ આપણી શક્તિમુજબ સાર્થક કરવાના છે.**

**મનડું દુરારાધ્ય તેં વશ આણ્યુ, આગમથી મતિ આણું,**
**આનંદઘન પ્રભુ માહરું આણો, તો સાચું કરી જાણું હો.. કુંથુ..૯**

**અર્થ :** દુઃખે કરીને વશમાં આવે તેવું જે મન છે તેને હે ભગવન્! આપે વશ કર્યું છે; એ વાત શાસ્ત્રના માધ્યમે મેં જાણી છે. આ સ્તવનના રચયિતા યોગીરાજ આનંદઘનજી કહે છે કે -

હે આનંદના સમુહરૂપ પ્રભો ! જો આપ મારું મન મારા વશમાં આણો તો "આપે મનને વશ આણ્યું છે" એ વાત સત્ય કરીને જાણું!

**વિવેચન :** હે પ્રભો! આવું દુઃસાધ્ય મન પણ આપે વશમાં આણ્યું છે એ વાત મેં શાસ્ત્ર દ્વારા જાણી છે અને તેથી માન્ય કરી છે પણ જો આપ કૃપા કરીને મારું મન કે જેને હું આપની સાથે જોડવા ઇચ્છું છું તેને ઠેકાણે લાવી આપો અને આપના સ્વરૂપમાં લીન કરવા દ્યો તો "આપે મનને વશ આણ્યું" એ વાતને હું ખરી માનું!

હે પ્રભો! ગમે તેમ કરીને પણ મારા મનને આપ ઠેકાણે લાવો તો પ્રત્યક્ષ પ્રમાણથી પણ આપે મન વશ કર્યાની વાત સિદ્ધ થાય અને મારું કામ થઇ જાય.

આનંદઘનજી પરમાત્માને વિનવે છે કે હે નાથ! મન અત્યંત દુરારાધ્ય છે, દુઃખે કરીને સાધી શકાય તેવું છે. છતાં હે નાથ! આપે તેને વશ કર્યું છે, એવો પાકો-અફર નિર્ણય મને થયેલો છે. આગમ પ્રમાણથી તે વાત સિદ્ધ થયેલી છે પણ હે નાથ! જો આપ કૃપા કરીને મારું મન પણ વશ કરી આપો તો તે વાતને હું અનુભવ પ્રમાણથી સિદ્ધ થયેલી માનું!

---

માનસિક દુઃખ એ મોહભાવ છે. કાયિક દુઃખ એ અશાતાવેદનીય છે.

આ ભગવાન અને ભક્તના આત્મિક સૌખ્ય સંબંધોના હૃદયોદ્‌ગાર છે.

આ પણ એક ભક્તિનો પ્રકાર છે. ભક્ત પરમાત્માને ઓલંભા પણ આપતા હોય છે. આપ તરણ તારણહાર કહેવાઓ છો પણ આ સેવકને તારતા નથી, તો આવું ભવોદધિતારક જૂઠું બિરૂદ કેમ ધરાવો છો? મોહનવિજયજી લટકાળાની તો આખી સ્તવન ચોવીશી ઉપાલંભથી જ ભરેલી છે.

પ્રશમરતિમાં ભગવાન ઉમાસ્વાતિજી મહારાજ તથા જ્ઞાનસારમાં ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે; મન બીજાના ગુણ કે દોષને જોવામાં પ્રવૃત્ત થાય. તેના કરતાં તો તે મનને વિશુદ્ધ ધ્યાનમાં-વિશુદ્ધ આત્મભાવમાં જોડી દેવું એ વધારે સારું છે. મનના નિગ્રહ માટેના જે જે ઉપાયો અત્યાર સુધી જોયા તેમાં સૌથી શ્રેષ્ઠ ઉપાય આ છે. અહિંયા કોઈને શંકા થાય કે બીજાના દોષ જોવામાં મન પ્રવર્તે તેના કરતાં તો મનને શુભ ધ્યાનમાં જોડી દેવું એ તો જાણે બરાબર છે પરંતુ મન બીજાના ગુણકીર્તનમાં જોડાય તેમાં શું વાંધો ? તેના જવાબમાં કહે છે કે- બીજાના ગુણનું કીર્તન એ નિંદ્ય નથી પણ અધ્યાત્મમાં મગ્ન થયેલાઓને તેના વડે કોઈ પ્રયોજન નથી. તેઓ સ્વરૂપમાં રમણતા કરનારા હોય છે. **બીજાના ગુણોનું અનુમોદન હોઈ શકે પણ અનુભવન તો સ્વગુણનું જ હોય છે.**

અધ્યાત્મની ઘણી ઊંચી ભૂમિકાએ પહોંચેલા મહાપુરુષોને ઉદ્દેશીને આવા વિધાનો કરાયેલા છે. સામાન્ય જીવો માટે તો ગુણકીર્તન નવધા ભક્તિ જરૂરી છે. આત્મજ્ઞાનની ઉચ્ચભૂમિકાએ પહોંચેલા પુરુષો માટે ગુણકીર્તનનું કોઈ પ્રયોજન રહેતું નથી.

મહાપુરુષોને આંખ સામે અનંતાનંત જન્મ-મરણનો ભય હોય છે માટે તેઓનું મન સતત આત્મામાં રહે છે. તેઓને ખ્યાલ છે કે આ

વિષયોમાં જરાપણ આસક્ત બન્યા તો અનંતીવાર મરવું પડશે અને અનંતીવાર જન્મવું પડશે.

શરૂઆતની ભૂમિકામાં તો સ્વદોષ દર્શન અને પરના ગુણોની અનુમોદના, એ આગળ વધવા માટેનો ધોરી માર્ગ છે. એ માટે થઈને જ પંચસૂત્રકારે તથાભવ્યત્વના પરિપાકરૂપે સુકૃત અનુમોદના, દુષ્કૃત ગર્હા, અરિહંતાદિ શરણ વગેરે બતાવ્યા છે. આ ત્રણના અવલંબને જ જીવ અશુભમાંથી નીકળી શુભમાં આવે છે અને શુભને આત્મસાત કરી શુદ્ધમાં જવાની ભૂમિકા રચે છે. દોષની પકડમાંથી છૂટવા માટે દોષની અરૂચિ, નિંદા, ગર્હા જરૂરી બને છે તેમજ ગુણો દ્વારા આત્માને પામવા ગુણ પક્ષપાત, ગુણ બહુમાન, પરના ગુણોની અનુમોદના-પ્રશંસા પણ અતિ આવશ્યક છે. **સ્વદર્શનમાં રહેલ હોય કે અન્ય દર્શનમાં રહેલ હોય તેઓના શુદ્ધગુણોની અનુમોદના અને પ્રશંસાને ઉપાધ્યાયજી મહારાજે સમ્યકત્વ પ્રાપ્તિનું બીજ કહ્યું છે તેમજ સ્વરચિત ધર્મપરીક્ષાગ્રંથમાં જ્યાં અનુમોદના હોય ત્યાં પ્રશંસા હોય જ અને જ્યાં પ્રશંસા હોય; ત્યાં અનુમોદના હોય એમ બન્ને વચ્ચે સમનિયત વ્યાપ્ય વ્યાપકભાવ બતાવ્યો છે માટે કલિકાલમાં પણ અન્યદર્શનમાં થઈ ગયેલા મીરાંબાઈ, નરસિંહ મહેતા, કબીર, સંત તુકારામ, સંત જ્ઞાનેશ્વર, અખો, સંત તુલસીદાસ, ચૈતન્ય મહાપ્રભુ, રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિ તેમ આવા જ કોઈ બીજા આત્માઓના શુદ્ધ ગુણોની પ્રશંસા એ સમકિત પ્રાપ્તિનું બીજ છે. અન્યદર્શનમાં રહેલા ઉત્તમ આત્માઓના ગુણોની તો અનુમોદના જ થાય, પ્રશંસા નહિ, કારણકે તેઓ એકાંત દર્શનમાં રહેલા હોવાના કારણે તેમની પ્રશંસા કરતા તેમના મિથ્યામતની પણ પ્રશંસા થઈ જાય અને તેથી પ્રશંસા કરનારનું સમ્યકત્વ દૂષિત થાય; આવું જે આજે પાટ ઉપરથી બોલાઈ રહ્યું છે, તેના જવાબમાં ઉપાધ્યાયજી મહારાજ**

ધર્મપરીક્ષામાં લખે છે કે તો તો પછી ચતુર્થ ગુણસ્થાનકે રહેલા અવિરતિ સમ્યગ્દૃષ્ટિના સમ્યકત્વ ગુણની પણ અનુમોદના-પ્રશંસા નહિ થઇ શકે કારણકે તેમ કરવા જતાં તેના અવિરતિ ધર્મની પણ અનુમોદના-પ્રશંસા થઇ જવાની આપત્તિ આવશે અને તેના દ્વારા ત્યાં પણ અનુમોદકનું-પ્રશંસકનું સમ્યકત્વ દૂષિત થવાની આપત્તિ આવશે.

વળી યોગદૃષ્ટિ સમુચ્ચયમાં હરિભદ્રસૂરિજી મહારાજાએ ચોથી દીપ્રાદૃષ્ટિમાં રહેલા અન્યદર્શનના ઉપાસકોને પણ સર્વજ્ઞના ઉપાસક તરીકે બતાવ્યા છે, પછી ભલે તે વ્યવહારથી અરિહંતને ન માનતા હોય અને કૃષ્ણ કે રામને માનતા હોય તો પણ.

કોઇ પણ વ્યક્તિ ક્યાં જન્મી છે? કયા દેવને માને છે? કયા ગુરુને માને છે? એની મહત્તા વ્યવહારનયે છે પણ તત્ત્વદૃષ્ટિથી તો તેના અંતઃકરણની વિશુદ્ધિ અને તેનામાં રહેલ ગુણોનો વિકાસ એ જ મહત્વની ચીજ છે. અધ્યાત્મના માર્ગમાં ભણતર કરતાં સરળતાદિ ગુણોનો વિકાસ આત્મોન્નતિમાં વધુ ઉપયોગી મનાયો છે. સમાધિનું કારણ બુદ્ધિનો વિકાસ, બુદ્ધિના દાવપેચ વગેરે નહિ પણ હૃદયની સરળતા છે. જ્યાં સરળતા હોય છે ત્યાં પ્રભુનો વાસ હોય છે. હરિજન પુત્ર પણ એના માબાપની સેવા કરે તો તે હરિજન હોવા છતાં સપુત જ કહેવાય છે અને કોઇ સારા કુળમાં જન્મવા છતાં માબાપની સેવા ન કરે તો તે સપુત ન કહેવાતા કપુત જ કહેવાય છે.

કબીર, નરસિંહ મેહતા, મીરાંબાઈ, તુકારામ, જ્ઞાનેશ્વર, અખો, ચૈતન્ય મહાપ્રભુ, રામકૃષ્ણ પરમહંસ વગેરે આવી સરળતાના સ્વામી હતા. તેઓ ગચ્છ, મત, સંપ્રદાય, વાદ, વિવાદ, મતભેદોથી હંમેશા દૂર રહેતા હોય છે. તેઓના હૃદયમાં જીવસૃષ્ટિ પ્રત્યે પવિત્ર પ્રેમનું

ઝરણુ વહેતું હોય છે. આ મારો કે આ પારકો એવી ભેદ રેખા તેમનામાં હોતી નથી. પોતાની પાસે આવનારને તેઓ ક્યારેય પણ પોતાનો બનાવવાની વૃત્તિવાળા હોતા નથી એટલે આવનાર વ્યક્તિ ગમે તેને માનતી હોય, ગમે તેની ઉપાસના કરતી હોય તેની સાથે તેઓને કોઈ મતલબ હોતો નથી.

પોતાનો ઉપહાસ કરનારા કે પોતાના વિચારોનું ખંડન કરનારા જીવો પ્રત્યે પણ તેઓ કરૂણાની જ એક દૃષ્ટિવાળા હોય છે. તેઓ સર્વદા નિરાગ્રહી હોય છે તેમજ ગુણગ્રાહીદૃષ્ટિને જ અપનાવનારા હોય છે. તેમના અંતઃકરણમાં વીતરાગસ્વરૂપની જ પ્રતિષ્ઠા હોય છે અને તેમના ઉપદેશમાં ગુણોની પ્રાપ્તિ તરફનો જ ઝોક હોય છે અને વીતરાગપ્રણીત વિજ્ઞાન ઉપર જ ભાર હોય છે. તેમના કોઈક વિચારો, રીતભાત કે રહેણી કરણી આપણા વિચારો વગેરે સાથે મળતા ન આવે તેટલા માત્રથી તેઓના ગુણો કાંઈ દોષરૂપે થઈ જતા નથી. તેટલા માત્રથી તેઓ મોક્ષમાર્ગના આરાધક મટી જતા નથી. આપણે માનીએ તેવું જ બીજાએ માનવું જોઈએ અને આપણે જેવું કરીએ તેવું જ બીજાએ કરવું જોઈએ; એવો આગ્રહ કોઈપણ સ્થળે રહેલા કોઈ પણ કાળમાં વર્તતા સાચા જ્ઞાનીને હોતો નથી. હા ! સર્વજ્ઞ વીતરાગ પ્રરૂપિત વીતરાગ માર્ગ એ રાજમાર્ગ છે, તેની ના નથી. પરંતુ આના સિવાય બીજા કેડી માર્ગો પણ ન હોય તેમ કહી શકાય નહિ. અન્યલિંગે પણ સિદ્ધ માનનાર તો આ જ સર્વજ્ઞ પ્રણીત વીતરાગ દર્શન જ છે ને?!

જેના હૃદયમાં વિશુદ્ધિનો જન્મ થયેલો હોય અને જેના હૃદયમાં પ્રભુનો વાસ હોય-ગુણોનો વાસ હોય તે હૃદય ક્યારે પણ કોઈનું પણ બુરું કરી શકતું જ નથી પણ શક્ય હોય તેટલું સૌનું ભલું કરીને જ રહે

**છે. આવા આત્માઓને મોક્ષે પહોંચવા માટે તેમજ મોક્ષમાર્ગે આગળ વધવા જરૂરી સામગ્રીઓ સહજ રીતે મળતી રહે છે. બાહ્ય ક્રિયાકાંડ અને તપ-જપ ઉપર આજે જેટલો ભાર મૂકવામાં આવે છે, તેની અપેક્ષાએ હૃદયની આવી સરળતા ઉપર તેટલો ભાર મૂકવામાં આવે તો જીવ જલ્દીથી પરમાત્મા થવાના માર્ગે આગળ વધી શકે.**

અનંત-અનંત કાળથી ધર્મ કરવા છતાં જીવો કેમ મોક્ષે જતા નથી? એ પ્રશ્નના સમાધાનમાં એમ કહી શકાય કે આરાધના કરવા છતાં જે સરળતાદિ ગુણો કેળવાવા જોઈએ તેના ઉપરની રુચિ, બહુમાન જે જાગવા જોઇએ તે જાગતા નથી તેમજ દોષદષ્ટિ-કદાગ્રહ વગેરે જે નીકળવા જોઇએ તે નીકળતા નથી માટે જીવો મોક્ષમાર્ગે આગળ વધતા નથી.

સ્વદર્શનમાં પણ કલિકાલમાં તેમજ નજીકના જ ભૂતકાળમાં થઇ ગયેલા અજાતશત્રુ પંન્યાસ ભદ્રંકરવિજયજી મહારાજા, અધ્યાત્મયોગી આ.દેવ. શ્રીમદ્‌વિજય કલાપૂર્ણસૂરિજી મહારાજા તેમજ વર્તમાનમાં વિદ્યમાન સિદ્ધાંત દિવાકર આચાર્યદેવ શ્રી જયઘોષસૂરિજી મહારાજા અને નિજાનંદની મસ્તીમાં મસ્ત આ.દેવ શ્રી યશોવિજયજી મહારાજા એ મોક્ષમાર્ગના ઉત્કૃષ્ટ આરાધક કહી શકાય તેમજ નિકટ મોક્ષગામી તરીકે કલ્પી શકાય. કારણકે આ આત્માઓ વર્તમાનકાળમાં ચાલતા વાદ-વિવાદ-વિખવાદ-નિંદા-કુથલી વગેરે દોષોથી અત્યંત મુક્ત હતા અને હોય છે તેમજ અનાગ્રહી સ્વભાવને વરેલા અને ગુણગ્રાહી દૃષ્ટિના પરમ ઉપાસક હતા અને વર્તમાનમાં છે.

યોગીરાજ આનંદઘનજી મહારાજ આ સ્તવનની છેલ્લી કડીમાં મનને કાબુમાં લેવા માટે આવું સાધનામય-ઉપાસનામય જીવન જીવવાનો સંકેત આડકતરી રીતે અણસારી રહ્યા છે, જેનો આપણે સૌ સ્વીકાર કરીએ એ જ એક શુભભાવના !

---


ઉપશમ સમકિત મોહને દબાવે છે. ક્ષયોપશમ સમકિત મોહને સુધારે છે.
ક્ષાયિક સમકિત મોહને ખતમ કરે છે.

# 18 શ્રી અરનાથ ભગવાનનો સ્તવન

ધરમ પરમ અરનાથનો, કિમ જાણું ભગવંત રે;
સ્વપર સમય [1]સમજાવીયે, મહિમાવંત મહંત રે॥ ધ.૧
[2]શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય એહ વિલાસ રે;
પરબડી છાંહડી જિહાં પડે, તે પર સમય નિવાસ રે॥ ધ.૨
તારા નક્ષત્ર ગ્રહ ચંદ્રની, જ્યોતિ દિનેશ [3]મોઝાર રે;
દર્શન જ્ઞાન ચરણ થકી, શક્તિ નિજાતમ ધાર રે॥ ધ.૩
ભારી પીળો ચીકણો, કનક અનેક તરંગ રે;
પર્યાય દૃષ્ટિ ન દીજીયે, એક જ કનક અભંગ રે॥ ધ.૪
દર્શન જ્ઞાન ચરણથકી, અલખ [4]સરૂપ અનેક રે;
નિર્વિકલ્પ રસ [5]પીજિએ, શુદ્ધ નિરંજન એક રે॥ ધ.૫
પરમારથ પંથ જે કહે. તે રંજે એક તંત રે;
વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે॥ ધ.૬
વ્યવહારે લખ દોહિલો, કોઇ ન આવે હાથ રે;
શુદ્ધ નય થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે॥ ધ.૭

---

આત્મા જ્ઞાનદશામાં જાગૃત છે એની નિશાની રૂપે મોહનીય ભાવો ન થાય તો સમજવું કે આત્મા સજાગ છે.




अरनाथस्तु भगवान्, चतुर्थार-नभो-रविः।
चतुर्थ-पुरुषार्थ-श्री-विलासं वितनोतु वः।। ।।१८।।

નામ : ૧૮ મા શ્રી અરનાથ

લાંછન : નન્દાવર્ત

રાશિ : મીન

ગણ : દેવ

માતા : દેવી

પિતા : સુદર્શન

ગર્ભવાસ : ૯-૮

દીક્ષા પર્યાય : ૨૧૦૦૦ વર્ષ

સર્વ આયુષ્ય : ૮૪૦૦૦ વર્ષ

સમ્યક્ત્વ પામ્યા પછીની ભવ સંખ્યા : ૩ ભવ

ચ્યવન કલ્યાણક નક્ષત્ર સાથે : રેવતી ફા. સુ.૨



# અરનાથજી

18

જન્મ કલ્યાણક નક્ષત્ર સાથે : રેવતી માગ. સુ.૧૦

દીક્ષા કલ્યાણક નક્ષત્ર સાથે : રેવતી માગ. સુ.૧૧

કેવળજ્ઞાન કલ્યાણક નક્ષત્ર સાથે : રેવતી કા. સુ.૧૨

નિર્વાણ કલ્યાણક નક્ષત્ર સાથે : રેવતી માગ. સુ.૧૦

જન્મનગરી : હસ્તિનાપુર

દીક્ષાનગરી : હસ્તિનાપુર

કેવળજ્ઞાનનગરી : હસ્તિનાપુર

નિર્વાણભૂમિ : સમ્મેતશિખર

. એક પખી લખ્ય[1]પ્રીતની, તુમ સાથે જગનાથ રે;
કૃપા કરીને રાખજો, ચરણ તલે ગ્રહી હાથ રે॥ ધ.૮
ચક્રી ધરમ તીરથ તણો, તીરથફળ તતસાર રે;
તીરથ સેવે તે લહે, **'આનંદઘન'** નિરધાર રે॥ ધ.૯

પાઠાંતરે ૧. સમજાવીએ ૨. સુધાતમ ૩. મોજાર ૪. સ્વરૂપ ૫. પીજિયે

સત્તરમા શ્રીકુંથુનાથ ભગવાનના સ્તવનમાં મન કેટલું ચંચળ છે તે જણાવ્યા પછી, આવા ચંચળમનને દ્રવ્યાનુયોગના વિષયથી અથવા અધ્યાત્મ યોગના વિષયથી મહાત્ કરી સ્થિર કરી શકાય છે; તેથી હવે આ સ્તવનમાં દ્રવ્યાનુયોગના માધ્યમે યોગીરાજ અધ્યાત્મ ફરમાવી રહ્યા છે. સ્વભાવ ધર્મ - વસ્તુ સ્વભાવની ઓળખ કરાવી રહ્યા છે. આત્માનો શમતા-સ્થિરતા-અક્રિયતા ધર્મ સમજાવી રહ્યા છે.

**ધરમ પરમ અરનાથની, કેમ જાણું ભગવંત રે**
**સ્વ-પર સમય સમજાવીએ, મહિમાવંત મહંત રે.. ધરમ પરમ..૧**

**શુદ્ધાતમ અનુભવ સદા, સ્વ-સમય એહ વિલાસ રે..**
**પરબડી છાંહડી જે પડે, તે પર-સમય નિવાસ રે.. ધરમ પરમ..૨**

**અર્થ :** યોગીરાજ આનંદઘનજી મહારાજા અરનાથ પ્રભુને વિનંતી કરીને પૂછી રહ્યા છે કે, આપનો પરમ ઉત્કૃષ્ટ એવો મહિમાવંત આત્મધર્મ હે મહિમાવંત અતિશયોથી પ્રતિભાવંત મહાપ્રભુ! હું કેવી રીતે જાણી શકું? સ્વ-સમય અને પર-સમયને સમજાવવાની હે પ્રભો! આપ કૃપા કરો! હું અજ્ઞાની, રાગ-દ્વેષથી ભરેલો હોવાથી આપનો પરમ ધર્મ કેમ સમજી શકું? તેથી આપ મને સમજાવો. અહીં અરનાથ શબ્દનો કવિશ્રીએ શ્લેષ પણ

---

દરેક પદાર્થ પોતાનામાં નિશ્ચય સ્વરૂપે છે.
પરંતુ અન્ય પદાર્થના સંબંધમાં આવે છે તે વ્યવહાર રૂપે છે.

પ્રયોજ્યો છે. અરનાથમાં અર-અરુ એ ઓરા-નજીક-સમીપ-નિકટ અર્થને સૂચવતો હોવાથી અરનાથનો ધર્મ કહેવા દ્વારા યોગીરાજે પોતામાં રહેલ સ્વધર્મ-આત્મધર્મ-વસ્તુધર્મ જાણવાની જિજ્ઞાસા પણ વ્યક્ત કરી છે.

આનંદઘનજી મહારાજે પૂછેલા પ્રશ્નનો પ્રભુ જવાબ આપતા હોય તેવી શૈલિમાં કહી રહ્યા છે કે નિરંતર શુદ્ધાત્માનો અનુભવ કરવો-નિરંતર સ્વરૂપમાં રમણતા કરવી, તેને સ્વ-સમય કહેવામાં આવે છે અને પરભાવનો કાળો પડછાયો, જે અંતરમાં પડ્યા કરે છે તેને પર-સમય કહે છે. અથવા તો રાગ-દ્વેષાદિ વિભાવદશામાં જે રમણતા રહ્યા કરે છે, તેને પર-સમય કહેવામાં આવે છે.

**વિવેચન :** હે પ્રભો! હે મહંત! હે મહામહિમાવંત પ્રભો! આપનો આ ઉત્કૃષ્ટ એવો પરમધર્મ અજ્ઞાની એવો હું કેવી રીતે જાણી શકું? સ્વ-સમય અને પર-સમયના આંતર રહસ્યને ખોલીને તેને જણાવવાની હે પ્રભો! આપ આ સેવક ઉપર કૃપા કરો !

અરનાથ પ્રભુના કેવલજ્ઞાનરૂપી દર્પણમાં યોગીરાજનો આ પ્રશ્ન ઝળકવાથી પ્રભુની જ્ઞાનાતિશય યુક્ત પાંત્રીસ ગુણથી અલંકૃત દિવ્ય વાણી ગંભીરનાદ પૂર્વક જણાવી રહી છે કે હે દેવાનુપ્રિય! હે આયુષ્યમન્! પરમ શુદ્ધાતમ ધર્મ તો તું તારા શુદ્ધચૈતન્ય સ્વરૂપમાં રમણતા કરવા દ્વારા, લીનતા સાધવા દ્વારા પ્રાપ્ત કર! અને તેને જ તું સ્વ-સમય જાણ! સ્વથી સ્વને વેદવો અને પછી સ્વમાં જ લીન થઇ જઇ તેમાંથી બહાર નીકળીને પરમાં ન જવું તે સ્વ સમય છે. છ એ કારકો જ્યારે પોતાનામાં પ્રવર્તે છે, ત્યારે જે સ્થિરતા, રમણતા, તલ્લીનતા, તદાકારતા, આનંદવેદન પ્રગટ થાય છે, તે સ્વ સમય છે. કહેવત છે કે -

**"સમય સમય બલવાન હૈ, નહીં મનુષ્ય બલવાન**
**કાબે અર્જુન લૂંટીઓ, વહી ધનુષ્ય વહી બાન (બાણ)"**

સ્વમય એવો સમય (આત્મા) બળવાન છે, નહીં કે ચંચળ મન ધરાવનાર મનુષ્ય. ભીલ કોમના છોકરા કાબાએ સ્વમય થઈ પ્રત્યક્ષ ગુરુ યોગ નહિ હોવા છતાં પરોક્ષ ગુરુયોગથી બાણ વિદ્યા શીખી સ્વમય થયો તો અર્જુનને જ બાણવિદ્યામાં હરાવ્યો હતો.

નિશ્ચયથી છ એ કારકો એક જ દ્રવ્યના છે અને તે પોતાનામાં જ પ્રવર્તે છે. પરમાર્થથી એક દ્રવ્ય બીજા દ્રવ્યને સહાય કરી શકતું નથી. **દ્રવ્ય પોતે જ અનંતશક્તિરૂપ સંપદાથી પરિપૂર્ણ હોવાથી પોતાનું કાર્ય, પોતાના વડે જ પોતાનામાં નિપજાવવા સમર્થ છે; તેમાં તેને પરદ્રવ્યની અપેક્ષા રહેતી નથી. સાપેક્ષમ્ અસમર્થમ્, જો પોતે અન્યની અપેક્ષા રાખે તો તે અસમર્થ ઠરે છે. સ્વયંભૂ હોય તે સ્વતઃસિદ્ધ-સ્વયંસિદ્ધ જ હોય.**

સર્વદ્રવ્યોના પ્રત્યેક પર્યાયમાં આ છ કારકો એક સાથે પ્રવર્તે છે, તેથી આત્મા અને પુદ્ગલ શુદ્ધ દશામાં કે અશુદ્ધ દશામાં સ્વયં, છ એ કારકરૂપે પરિણમન કરે છે અને બીજા કારકોની અપેક્ષા રાખતા નથી.

નિશ્ચયથી પરની સાથે આત્માને કારકપણાનો સંબંધ નથી કે જેથી શુદ્ધાત્મ સ્વભાવની પ્રાપ્તિ માટે બાહ્ય સાધનો શોધવાની વ્યગ્રતા કરવી પડે. જીવો (પોતાના સ્વભાવને ઓળખતા નથી તેથી) નકામા પરતંત્ર થાય છે.

આ છ એ કારકો વ્યવહાર અને નિશ્ચય એમ બે પ્રકારના છે. જ્યાં પરના નિમિત્તે કાર્યની સિદ્ધિ બતાવવામાં આવે ત્યારે ત્યાં વ્યવહાર કારકો છે અને જ્યાં પોતાના જ ઉપાદાન કારણથી કાર્યની સિદ્ધિ બતાવવામાં આવે ત્યાં નિશ્ચય કારકો પ્રવર્તે છે.

---

ઉપરોક્ત બાબતને વધુ સ્પષ્ટ કરતાં ભગવાન કહે છે કે

કેવલજ્ઞાન પ્રાપ્ત કરવા ઇચ્છનાર આત્માએ બાહ્ય સામગ્રીની અપેક્ષા રાખી પરતંત્ર થવું નિરર્થક છે. (બાહ્ય સામગ્રીનો સ્વીકાર કરવો એ જુદી ચીજ છે અને તેની અપેક્ષા રાખીને પરાધીનપણે જીવવું એ બીજી વાત છે) શુદ્ધોપયોગમાં લીન આત્મા પોતે જ છ કારકરૂપ થઇને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. આત્મા પોતે અનંત શક્તિમાન જ્ઞાયક સ્વભાવ વડે સ્વતંત્ર હોવાથી પોતે જ **"કર્તા"** છે. પોતે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરતો હોવાથી કેવળજ્ઞાન એ **"કર્મ"** છે અથવા તો કેવળજ્ઞાનથી પોતે અભિન્ન હોવાથી આત્મા પોતે જ **"કર્મ"** છે. પોતાના અનંત શક્તિવાળા પરિણમન સ્વભાવરૂપ ઉત્કૃષ્ટ સાધન વડે કેવલજ્ઞાન પ્રાપ્ત કરતો હોવાથી આત્મા પોતે જ **"કરણ"** છે. પ્રાપ્ત થયેલ કેવલજ્ઞાનનું દાન પોતાને જ કરતો હોવાથી પોતે જ **"સંપ્રદાન"** છે. પોતાનામાંથી મતિ-શ્રુતાદિ અપૂર્ણજ્ઞાન દૂર કરીને કેવલજ્ઞાનને પોતાનામાંથી જ પ્રગટાવતો હોવાથી તેમજ સહજ જ્ઞાનસ્વભાવ વડે ધ્રુવ રહેતો હોવાથી પોતે જ **"અપાદાન"** છે અને પોતાનો આધાર લઈને પોતાનામાં જ કેવલજ્ઞાન પ્રગટતુ હોવાથી પોતે જ **"અધિકરણ"** છે, આમ સ્વયં પોતે જ છ કારકરૂપ થતો હોવાથી સ્વયંભૂ પણ કહેવાય છે.

**સ્વયંભૂ-સ્વતઃ હોવાથી, સંબંધોથી છૂટવાપણું છે માટે છઠ્ઠી વિભક્તિ "સંબંધ" અર્થમાં છે તે અહિંયા કારકની વ્યાખ્યામાં અપ્રસ્તુત છે. આત્માનું પરમાત્મા સ્વરૂપે પરિણમન એ નિર્બંધ થવારૂપ છે એટલે ત્યાં કોઈ સંબંધને અવકાશ નથી.**

હવે 'સ્વ-સમય'માં 'સમય' શબ્દને ઓળખીએ. સમય એટલે જીવ નામનો પદાર્થ, તેમાં સાર જે દ્રવ્યકર્મ-ભાવકર્મ અને નો-કર્મથી

રહિત જે શુદ્ધ છે જે સ્ફુરાયમાન ચૈતન્ય છે તે આત્મા છે-તે સમય છે. એ સ્વમય છે તેથી સમય છે.

જે શુદ્ધ સત્તા સ્વરૂપ વસ્તુ છે, જેનો સ્વભાવ ચેતના ગુણ છે અને પોતાની અનુભવન ક્રિયાથી જે પ્રકાશે છે અર્થાત્ પોતે પોતાથી જ પોતાને જાણે છે અને પોતે પોતાથી જ પોતાને પ્રગટ કરે છે. પોતાને તથા પોતાનાથી ભિન્ન તમામ ચરાચર પદાર્થોને સર્વ ક્ષેત્ર અને સર્વકાળ સંબંધી સર્વ વિશેષણો સહિત એટલે કે સર્વ ગુણ પર્યાય સહિત એક જ સમયે જે જાણનારો છે, તે આવા પ્રકારના વિશેષણો (ગુણો)થી સહિત, જે તારો ઈષ્ટ દેવ શુદ્ધાત્માં છે તેને તું 'સમય' જાણ !

જે પોતે સ્વયંભુ છે, પોતાથી જ પોતાની સત્તા છે અને બીજા થકી પોતાની સત્તા નથી એવા આત્માનો મોક્ષ પણ પોતાનાથી જ થાય પણ બીજાથી નહિ અર્થાત્ તે સ્વયંસિદ્ધ જ થાય પણ બીજા તેને સિદ્ધ કરી શકે નહિ. **છએ દ્રવ્યોની સ્વતંત્રતાનો ઢંઢેરો, જિનાગમોમાં અનંતજ્ઞાની પુરૂષોએ ડંકાની ચોટ પર ઢોલ પીટીને ગાઈ બજાવ્યો છે; તેનો હૃદયથી સ્વીકાર કરી સ્વાધીન અને સ્વાવલંબી જીવન જીવવાનું છે અને પરાધીન-પરાવલંબી મટવાનું છે. જે સ્વયંભૂ છે તેનું સ્વતઃ સિદ્ધ-સ્વયં સિદ્ધ ન થવું તે તેના સ્વયંભૂપણાનો અપલાપ છે.**

પાર્શ્વપ્રભુ, વીરપ્રભુ તેમજ દૃઢપ્રહારી જેવા આત્માઓ અત્યંત ઘોર અને આકરા ઉપસર્ગોની વચ્ચે પણ જરાય વિચલિત થયા નહોતા અને કોઈની પણ મનથી સુદ્ધા અપેક્ષા રાખી નહોતી; તેમજ વિકલ્પના વાવાઝોડામાં પોતાના ઉપયોગને ફંગોળાવા દીધો નહોતો. માત્ર પોતાના સ્વરૂપમાં જ-સ્વયંથી સ્વયંમાં લીનતા સાધી હતી, **તે તેમનો સ્થિર ઉપયોગ એ સાધના કાળનો, છદ્મસ્થપણાનો, ક્ષયોપશમ ભાવનો સ્વ સમય હતો.**

---

વાસ્તવિકપણે ઈષ્ટદેવનું સામાન્ય સ્વરૂપ સર્વકર્મરહિત સર્વજ્ઞ, વીતરાગ શુદ્ધ આત્મા જ છે. સ્યાદ્‌વાદી એવા જૈનોને તો તે સ્વરૂપ જ ઈષ્ટદેવ તરીકે ઈષ્ટ છે. પછી ભલેને તે ઈષ્ટદેવને તમે પરમાત્મા કહો, પરમ જ્યોતિ, પરમેશ્વર, પરબ્રહ્મ, શિવ, નિરંજન, નિષ્કલંક, અક્ષય, અવ્યય, શુદ્ધ, બુદ્ધ, અવિનાશી, અનુપમ, અચ્છેદ્ય, અભેધ્ય, પરમ પુરુષ, નિરાબાધ, નિર્વિકાર, નિર્મળ, નિરાકુળ, નિર્ગુણ, નિષ્ક્રિય, નિત્યમુક્ત, નિર્વિકલ્પ, સિદ્ધ, સત્યાત્મા, ચિદાનંદ, સર્વજ્ઞ, વીતરાગ, અર્હન્, જિન, આપ્ત, ભગવાન, સમયસાર, ઈત્યાદિ હજારો નામોથી કહો; તે સર્વ નામો સત્યાર્થ છે અને હે ચેતન! એ તારા જ શુદ્ધાત્માના વિશેષણો છે-સર્વનામ છે તેની તું ઓળખ કર, જાણ, તેને આત્મસાત કર, તેમાં લીનતા કર તો તને તારા સર્વજ્ઞપણાની પ્રતીતિ થાય !!!

**આ સ્તવનની પહેલી કડીમાં અરનાથ ભગવાનનો પરમધર્મ સ્વસમયથી પ્રામાણિત કર્યો છે; તેને હે શુદ્ધાત્મન્ ! તું જાણ !** સર્વજ્ઞ ભગવાનનો પરમ ધર્મ શું છે તેને તું જાણ !

અરનાથ ભગવાન પણ શાંતિનાથ ભગવાન અને કુંથુનાથ ભગવાનની જેમ તીર્થંકર અને ચક્રવર્તીપણાની બે પદવીઓ ધરાવનાર હતા અને તેથી તીર્થંકરપણાનો સ્વધર્મ-આત્મધર્મ અને ચક્રવર્તીપણાનો રાજ્યધર્મ એ બંને ધર્મના જાણકાર હતા અર્થાત્ રાજ્યધર્મના ત્યાગી અને સ્વધર્મ-આત્મધર્મના રાગી હોવાથી યોગીરાજ અરનાથ ભગવાનને બંને ધર્મની સમજ આપવા આદરપૂર્વક વિનંતી કરે છે.

મોક્ષમાર્ગના મૂળ ઉપદેશક શ્રી સર્વજ્ઞદેવ છે, તેથી જેને ધર્મ કરવો હોય તેણે સર્વજ્ઞને ઓળખવા જોઈએ. નિશ્ચયથી જેવો સર્વજ્ઞ ભગવાનનો સ્વભાવ છે, તેવો જ સ્વભાવ આપણા આત્માનો છે, તેથી સર્વજ્ઞ પ્રભુને

---

ઓળખતાં પોતાનો આત્મા ઓળખાય છે. જે જીવ સર્વજ્ઞને ઓળખતો નથી તે પોતાના આત્માને પણ ઓળખતો નથી.

સમસ્ત પદાર્થોને જાણવાના સામર્થ્યરૂપ સર્વજ્ઞત્વ શક્તિ આત્મામાં ત્રિકાળ રહેલી છે, પણ પરમાં કાંઈ ફેરફાર કરી શકે એવી શક્તિ આત્મામાં કદી નથી. સમસ્ત પદાર્થોને જાણવાની તાકાત આત્મામાં સદાય પડી છે, તેની પ્રતીતિ કરનાર જીવ ધર્મી છે. **આત્મા સ્વની સાથે પરને જોનારો ને જાણનારો છે પણ પરને કરનારો નથી. દ્રવ્યાનુયોગનો સિદ્ધાંત એ છે કે ધ્રુવ એવા દ્રવ્યમાં ફેરફારી કરી શકાતી નથી. ફરતી-પલટાતી એવી પર્યાયને ફરતી કોઈ રોકી શકતું નથી. વિશ્વ ષડ્દ્રવ્યાત્મક હોવાથી વિશ્વમાં કોઈ કશું કરવા શક્તિમાન નથી.**

સાધકને પર્યાયમાં સર્વજ્ઞતા પ્રગટી ન હોવા છતાં તે પોતાની સર્વજ્ઞશક્તિની પ્રતીતિ કરે છે, તે પ્રતીતિ પર્યાયની સામે જોઈને નથી કરતો પણ પોતાના સ્વભાવ સામે જોઇને કરે છે. વર્તમાન પર્યાયમાં તો પોતે અલ્પજ્ઞ છે. તે અલ્પજ્ઞતાના આશ્રયે સર્વજ્ઞતાની પ્રતીતિ કેમ થાય ? અલ્પજ્ઞ પર્યાયના આશ્રયે સર્વજ્ઞતાની પ્રતીતિ ન થાય. **પોતાના સત્તાગત ત્રિકાળી સ્વભાવના આશ્રયે જ સર્વજ્ઞતાની પ્રતીતિ થાય છે. જ્યારે પુષ્ટાલંબન રૂપ પરમાત્માનું શુદ્ધ સ્વરૂપ શ્રદ્ધામાં બેસે છે ત્યારે કૃતજ્ઞતા, અહોભાવ, બહુમાનની છોળો ઉછળે છે અને પોતાના ત્રિકાળી સ્વભાવની શ્રદ્ધા થતાં આશ્ચર્યતા અને તદ્‌વિરહકાતરતાનો ભાવ આત્મામાં ઝળકે છે.**

**પ્રતીતિ કરનાર તો પર્યાય છે પણ તેને આશ્રય-આધાર તો દ્રવ્યનો છે.** ત્રિકાળી ધ્રુવ દ્રવ્યના આશ્રયે સર્વજ્ઞતાની પ્રતીતિ કરનાર જીવને અંશે અંશે પણ સમ્યગ્ પરિણમન થયા વિના રહે નહિ કારણકે

---

**અલ્પજ્ઞ પર્યાય વખતે પણ પોતાનામાં સર્વજ્ઞત્વ શક્તિ હોવાનો જેણે નિર્ણય કર્યો છે તેની રૂચિનું જોર અલ્પજ્ઞ પર્યાય ઉપરથી ખસીને અખંડ સ્વભાવ તરફ વળી ગયું છે એટલે તે જીવ સર્વજ્ઞ ભગવાન (અરનાથ)નો લઘુનંદન થયો છે.**

જેને જાણ થઈ ગઈ છે કે ઘરમાં ધનના ચરુ દટાયેલા પડ્યા છે, તે નિર્ધન એની દૃષ્ટિ સ્વગૃહે દટાયેલા ચરુ ઉપર કેન્દ્રિત કરશે, તો જ પોતાના દારિદ્રયને ફેડી શકશે. જીવન વ્યવહારમાં પણ એ નિયમ છે કે જેને જે મેળવવું હોય, તે જેણે મેળવ્યું છે, તેને આદર્શ બનાવે તો એને એ મેળવી શકે છે. દરિદ્રી દરિદ્રતાના વર્તમાન પર્યાયના રોદણા રડ્યા કરે તો કાંઇ શ્રીમંત નહિ થાય. શ્રીમંતાઈના સપના સેવે અર્થાત્ શ્રીમંતાઇને લક્ષમાં રાખી પ્રવૃત્તિ કરે તો શ્રીમંત થાય. **એમ સર્વજ્ઞતાના લક્ષે અને સર્વજ્ઞતાના આધારે સર્વજ્ઞ બનાય.**

**શ્રી અરનાથ પ્રભુની ભવદુઃખ વારણ, શીવસુખ કારણ સરવાણી જ્ઞાન ચૈતન્યમાંથી ઉદ્ભવ પામે છે અને તે સ્વ-સમય અને પર-સમયનો વિસ્ફોટ કરી રહી છે. તે કહે છે કે હે પ્રાજ્ઞ પુરુષ ! તું તારા ત્રિકાળ જ્ઞાયક સ્વભાવને પૂર્ણપણે જાણ ! ઓળખ ! તેમાં ઓતપ્રોત થા !**

હજુ પોતાનામાં સર્વજ્ઞપણું પ્રગટ્યું નથી. તે પહેલા પણ મારો આત્મા સર્વજ્ઞપણે પરિણમવાની તાકાતવાળો છે એમ જેણે સ્વ સન્મુખ થઇ નક્કી કર્યું, તે જીવ અલ્પજ્ઞતાને કે રાગને પોતાનું સ્વરૂપ ન જ માને. પોતાના પૂર્ણ જ્ઞાન સ્વરૂપ ઉપર જ તેની દૃષ્ટિ હોય. જે આત્મા પોતાની પૂર્ણ જ્ઞાનશક્તિની દૃઢપણે પ્રતીતિ કરે છે તે જ સાચો જૈન છે, તે જ ખરો જૈન છે, અને તે સર્વજ્ઞ દેવનો ભક્ત છે !

આત્મા પરને લ્યે કે મૂકે અગર તેમાં કાંઈ ફેરફાર કરે છે એમ જે

---

સુખ આત્માના ઘરનું છે અને છતાં જીવ અજ્ઞાન, મોહવશ થઈ પરપદાર્થમાં સુખ માનીને તેમાં સુખ મેળવવાના જે ફાંફા મારે છે તેને જ રાગ કહેલ છે.

માને, તે જીવ આત્માની અનંત શક્તિને ઓળખતો નથી, સર્વજ્ઞદેવની શ્રદ્ધા કરતો નથી અને જૈન શાસનને માનતો નથી; તેથી તે ખરેખર જૈન નથી.

હે પ્રાજ્ઞ ! આત્માનો સ્વભાવ જ સર્વજ્ઞ છે. સર્વજ્ઞત્વ શક્તિ બધા આત્મામાં સુષુપ્ત રહેલી છે. સર્વજ્ઞ એટલે બધાને જાણનાર એવો મહંત અર્થાત્ મોટો કે મહિમાવંત એટલે કે મહિમાવાળો તું છો ! તું આવો મહાન હોવા છતાં તું તને નામધારી, રૂપધારી, વિકારી માનીને જીવી રહ્યો છું, તે તારા આત્માની મોટી હિંસા છે ! તું મોટો ભગવાન છે ! તારી મોટાઈના આ ગાણા ગવાય છે. **તું સર્વનો જાણનાર પણ પરમાં ફેરફાર કરનાર તું નથી. તું જ્ઞાતા-દૃષ્ટા છે પણ કર્તા-હર્તા ધર્તા નથી. દરેકે દરેક દ્રવ્યો જુદા છે, સ્વતંત્ર છે અને તું પણ સ્વતંત્ર છે. અહો ! આવી સ્વતંત્રતાની પ્રતીતિમાં તો એકલી વીતરાગતા જ નીતરી રહી છે. હે વત્સ! તું તેને કેમ ધ્યાનમાં લેતો નથી ?**

હું મારા જ્ઞાન સ્વભાવવડે કરીને છું અને પર પણે નથી એમ નક્કી થતાં જીવ અર્થાત્ મિશ્રચેતન-વ્યવહાર આત્મા છે તે સ્વ સમયમાં આવી ગયો અને અનંત એવા પરતત્ત્વોથી અને પરસમયથી ઉદાસીન થઈ ગયો. **આ રીતે અનેકાંતમાં વીતરાગતા આવી જાય છે.** સંથારા પોરિસીની ગાથાઓ તેમજ અશરણભાવનાની વિચારણા અત્રે સંગત થઈ શકે છે.

સ્વ-સમય અને પર-સમયના ભેદજ્ઞાન વગર વીતરાગતા આવે નહિ. પોતાના જ્ઞાનસ્વભાવને-વીતરાગ સ્વભાવને ભૂલીને "હું પરનું કરું!" એમ માનવું એ નર્યું અજ્ઞાન છે, મિથ્યાત્વ છે અને તે જ સંસાર પરિભ્રમણનું મૂળ છે. પરને પોતાનું માનીને જીવનારો કદી પણ વીતરાગ વિજ્ઞાનનો કે સ્વ-સ્વરૂપનો આદર કરી શકતો નથી. **જેને પોતાનો વીતરાગ સ્વભાવ-પરથી અલિપ્ત સ્વભાવ વારંવાર યાદ આવતો નથી, તે અધ્યાત્મના ક્ષેત્રમાં ખરેખર દરિદ્રી છે.**

---

આ બધું છે અને હું નથી એ સંસાર છે. મિથ્યા ભાવ છે.
આ બધું કાંઈ નથી અને બધે હું જ છું એ બ્રહ્મભાવ છે.

હે પ્રાજ્ઞ! તારામાં સર્વજ્ઞત્વ શક્તિ ઠાંસી ઠાંસીને ભરેલી છે. તેનાથી તારું જ્ઞાન સમ્યગ્ પરિણમે છે. તેમ હોવા છતાં તેનો સ્વીકાર ન કરતાં પરને લીધે તારું જ્ઞાન પરિણમે છે એવું માને છે એટલે તેં સંયોગથી લાભ માન્યો અને તેથી તું પર-સમયમાં રહ્યો. એટલે તને સંયોગમાં સુખ બુદ્ધિ છે એમ નક્કી થયું અને સંયોગ તો અધ્યાત્મશૈલિમાં જડ અને પૌદ્ગલિક છે. જે જેનાથી લાભ માને તેમાં તેને સુખબુદ્ધિ હોય જ. **ચૈતન્ય મૂર્તિ એવા સ્વતત્ત્વ (સ્વ-સમય) સિવાય બીજાથી લાભ માનવો, તે મિથ્યાબુદ્ધિ છે.**

આમ સર્વજ્ઞપણે પરિણમવાની પોતાના આત્માની શક્તિ છે, તેનો આશ્રય કરવાને બદલે પરના આશ્રયે મને લાભ છે એમ જે માને છે, તેને પાંચ ઇન્દ્રિયોના સમસ્ત વિષયોમાં સુખબુદ્ધિ ટળી નથી અને તેથી તેઓ પરની સાથે એકત્વ કરનારા છે અને તેથી પર સમયમાં રાચનારા છે.

**પરની સાથેની એકરાગતા-એકત્વતા જીવને મિથ્યાત્વના બંધમાં નાખે છે.** ત્રણે યોગ દ્વારા મિશ્રચેતન એવા જીવાત્માના આત્મપ્રદેશોમાં નિરંતર કંપન થાય છે. માટે આત્માને ગતિ અને આયુષ્ય સાથે સંબંધ છે, જે પૌદ્ગલિક છે અને તેથી કષાય સમુહનું વિષચક્ર ટળતું નથી. તેથી જ સ્વ-સમયમાં, (સ્વ-તત્ત્વમાં) રમણતા કરવાની દેશના જ્ઞાનીઓ આપે છે. જેઓ આત્મ સ્વભાવનો આશ્રય કરીને પરિણમતા નથી પણ સંયોગોનો આશ્રય કરીને પરિણમી રહ્યા છે તે ભલે શુભભાવમાં હોય તો પણ તેમને વિષયોની રૂચિ ટળી નથી ને સ્વભાવમાં અતીન્દ્રિય સુખની રૂચિ થઈ નથી. તેઓએ પોતાના આત્માને નહિ પણ વિષયોને ધ્યેયરૂપ બનાવ્યા છે. પર સમયમાં રાચી રહ્યા છે અને તે જ મિથ્યાત્વ છે. વસ્તુતઃ શુદ્ધ આત્મામાં કંપન નથી અને એના શુદ્ધસ્વરૂપમાં આત્મ પ્રદેશો મેરૂની જેમ

સ્થિર છે જેથી કાળ પણ ત્યાં અસર કરતો નથી. સાધનાની પ્રક્રિયામાં પ્રથમ શુક્લધ્યાનના બે પાયાથી ઉપયોગકંપનનો નિરોધ થતાં ઉપયોગ સ્થૈર્ય આવે છે, જે કૈવલ્ય અવસ્થા છે અને તેરમા ગુણસ્થાનકના અંતે શુક્લધ્યાનના ત્રીજા ચોથા પાયાથી યોગકંપનનો નિરોધ કરી આત્મપ્રદેશોની સ્થિરતારૂપ અયોગીપણાની પ્રાપ્તિ થાય છે.

હે પ્રાજ્ઞ! સર્વજ્ઞ સ્વભાવવાળા પોતાના આત્મા સામે જોવામાં આવે તો સર્વજ્ઞતા મળે તેમ છે. પર સમયમાં રાચવાથી આત્માનું કાંઇ કલ્યાણ થાય નહિ; ત્યાંથી કાંઈ સર્વજ્ઞતા મળવાની નથી ને નિજ સ્વભાવ સામે જોઈને સ્થિર થતાં ક્ષણમાત્રમાં સર્વજ્ઞતા પ્રગટી જાય તેમ છે. **આત્મા સ્વપણે છે અને પરપણે નથી એમ માનવું એ સમ્યગ્ અનેકાન્ત છે.**

**સમયસાર ગાથા-૨માં કહ્યું છે કે જે જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈને રહ્યો છે, તેને નિશ્ચયથી તું સ્વ-સમય જાણ અને પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે, તેને પર-સમય જાણ.**

ઉપરોક્ત સ્વ સમય અને પર-સમયની વ્યાખ્યા દ્વારા એ વિદિત થાય છે કે, પરદ્રવ્ય ત્રણે કાળ પરદ્રવ્ય જ રહે છે અને સ્વદ્રવ્ય સદાકાળ સ્વદ્રવ્ય જ રહે છે. સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય અથવા તો સ્વસમય અને પર સમયને બન્નેને કાંઇપણ સંબંધ નથી; તેથી આત્મા અને શરીરાદિ પરદ્રવ્ય બન્ને સર્વથા ભિન્ન છે. **શુદ્ધચેતનનો એક પણ અંશ મિશ્રચેતન-નિશ્ચેતન ચેતનમાં નથી અને નિશ્ચેતન ચેતનનો એક પણ અંશ શુદ્ધ ચેતનમાં નથી. મિશ્રચેતન એ પ્રકૃતિતત્ત્વ છે. શુદ્ધચેતન એ પરમાત્મ તત્ત્વ છે. વ્યવહારનયની દૃષ્ટિથી શુદ્ધચેતન અવસ્થાથી વિકૃત થયું છે માટે શુદ્ધચેતનનો અંશ મિશ્રચેતન છે એમ કહી શકાય પરંતુ તત્ત્વદૃષ્ટિથી જોતાં શુદ્ધચેતન માત્ર દબાયું છે; તેનું સ્વરૂપ એવું ને એવું જ છે માટે**

**શુદ્ધચેતનની છાયા એ મિશ્રચેતન કહેવાય. તેથી આવો સ્વતંત્ર વસ્તુ સ્વભાવ જે સમજે તે જ સ્વપરનો ભેદ કરી સ્વસન્મુખ થઈ નિશ્ચિતપણે અંતરંગ સુખનો સાચો ઉપાય કરી શકે.**

**જે આવી રીતે આત્માનું સ્વરૂપ સમજે છે તેને સંયોગની પૃથક્ત્વતા, વિભાવની વિપરીતતા અને સ્વભાવના સામર્થ્યનું ભાન હોવાથી સ્વ સન્મુખતા પ્રાપ્ત થાય છે અને શુદ્ધાતમ રસની ધારાથી પ્લાવિત થઈને નિશ્ચય સમ્યગ્ દર્શનની અનુભૂતિ કરે છે. તેને પછી "પરબડી છાંહડી જે પડે" એટલે કે પર-સમયમાં રાચવાપણું રહેતું નથી.** તેને માટે હવે સંસારના વળતા પાણી છે. સંસારરૂપી સૂર્ય **અસ્તાચલ** તરફ જઈ રહ્યો છે, પર સમયનો ઓળો પણ તેને રૂચતો નથી. પુદ્ગલભાવમાં ઉદાસીનતા જ તેને રહે છે. શુદ્ધ નિરુપાધિક એવા આત્માનો જે પોતાનો ભાવ છે તે સ્વભાવ અને તેમાં વિહાર કરવો તે સ્વૈર વિહાર છે-સ્વ વિલાસ છે-સ્વધામ છે-સ્વ નિવાસ છે.

જ્યાં જે પર છે-પારકુ છે એવાં પુદ્ગલની બડાઈ-વડાઈ હાંકવી, તેનો મહિમા ગાવો, એની છાયામાં રહેવું એ પોતાના આત્મા ઉપર પુદ્ગલની છાયા-પડછાયો પડવાથી પોતાના પ્રકાશને આવરવા જેવું થાય છે. અંધારાનો ઓછાયો લેવા જેવું થાય છે તે જ **"પરબડી છાંયડી"** એટલે પર વિલાસ છે અને તે જ પરનિવાસ છે. પોતાનું ઘર છોડીને ધર્મશાળામાં વાસ કરવા જેવું છે. પરદેશથી સ્વદેશમાં આવવું તે જ પર સમયમાંથી સ્વ-સમયમાં આવવા જેવું છે.

ટૂંકમાં એટલું જ કહેવું છે કે પરનો તો પડછાયો પણ લેવા જેવો નથી. શુદ્ધાત્મરસની અમૃતધારામાં પ્લાવિત થવાથી પરદ્રવ્ય સાથેનો સંપર્ક

---

જેને છૂટી ગયો છે અને તેથી પરદ્રવ્યના નિમિત્તે થતી પર્યાયો જેનામાં અટકી ગઈ છે એવો આત્મા જ શુદ્ધ આત્માને પામે છે. પરદ્રવ્યને નિમિત્ત બનાવીને- પરદ્રવ્યને આગળ કરીને - તેને સર્વસ્વ માનીને તેનાથી ધર્મ થાય એમ માનતો હતો ત્યારે શુભભાવોરૂપી પરબડીની છાયા પોતાનામાં પડતી હતી પણ હવે તેને સમજાયું કે તે તો પર-સમય છે માટે મારે તેની છાયામાં પણ જવું કલ્પે નહિ, એનો પડછાયો લેવો પણ કલ્પે નહિ.

આમ હે પ્રાજ્ઞ! જે આત્મા પોતાના સ્વરૂપનો નિશ્ચય કરીને- નિર્ણય કરીને છ એ કારકોને પોતાનામાં પ્રવર્તાવે છે, તે ખરેખર નિર્વિકાર પરિણમન સ્વરૂપ મોક્ષમાર્ગને પામે છે અને તેથી દ્રવ્ય-પર્યાયની એકાત્મતા સ્વરૂપ શુદ્ધાત્માનો અનુભવ કરે છે; પરંતુ તેને છોડીને અન્ય કોઇ આત્મા શુદ્ધાત્માને પામતો નથી. **ઉપાદાન એવા આત્માને તૈયાર કરવા પૂરતા- સ્વરૂપ સભાનતાની જાગૃત્તિ લાવવા પૂરતા એટલે કે ઉપાદાન કારણની કારણતા પ્રગટ કરવા સ્વરૂપ બાહ્ય પરિબળો, પુષ્ટાલંબન રૂપ શ્રી અરિહંત પરમાત્માદિ બાહ્ય નિમિત્તોની આવશ્યકતા રહે છે. તેથી જ સમયસારાદિ ગ્રંથની રચના અને તે આધારીત ગુરુના પ્રવચનો હોય છે. પડ્યું પડ્યું કાંઇ પાણી બરફ થઈ જતું નથી કે બરફ પાણી થઇ જતું નથી. બાહ્ય પરિબળ-પર્યાવરણની અસરનો પ્રભાવ છે એટલે જ ફ્રીજ કે ઠંડી વગેરેનું નિમિત્ત મળતાં પાણી થીજીને બરફ થાય છે અને વાતાવરણમાં ઉષ્ણતાના પ્રભાવે બરફ ઓગળીને પાણી થાય છે.**

જેમ બરફ અને પાણી વાતાવરણની અસરને ઝીલીને પોતાનામાં પરિવર્તન પામે છે તેમ પરમોપકારક, મહાસાર્થવાહ, મહાગોપ, મહા નિર્યામક એવા શુદ્ધ પરમાત્માનું અવલંબન લઈને ઉપાદાનમાં પલટો લાવવો એ અત્યંત જરૂરી છે. **માત્ર નિમિત્તની ઉપસ્થિતિ એ કાર્યસાધક**

**નથી પણ નિમિત્તનું તે તે ભાવે અવલંબન જ નિમિત્ત કારણમાં કારણતા લાવી શકે છે.**

**માટે નિમિત્તનું આત્માર્થભાવે અવલંબન લેવું જરૂરી છે. નિમિત્ત પણ નિમિત્તકારણ ત્યારે જ કહેવાય છે કે જ્યારે એ નિમિત્તને પામીને કર્તા કાર્યસિદ્ધિ કરે છે. અન્યથા નહિ. આગમમાં કહ્યા મુજબ આશાતના ટાળી પુદ્ગલાશંસા રહિતપણે કેવલજ્ઞાનાદિ ગુણની ઓળખાણ સહિત પ્રભુને સેવે તો ઉપાદાન કારણમાં કારણતા પ્રગટતાં ઠેઠ અંતિમ કાર્ય સુધીની સિદ્ધિ સાંપડે છે.**

**પદાર્થના સ્પષ્ટ બોધથી લાભ એ થાય છે કે જીવ ક્રિયાને છોડી પણ દેતો નથી તેમ ક્રિયામાં અટકી પણ જતો નથી પણ સયોગી ગુણસ્થાનક સુધી મન, વચન, કાયાની યોગની પ્રવૃત્તિ દ્વારા ઉપયોગ શુદ્ધ કરી ગુણપ્રાપ્તિમાં જ સાધકની સાધના પર્યવસાન પામે છે.**

**શુદ્ધાત્મા તો આકાશના જેવો નિર્લેપ છે. તેને કાળ અને માયા અડતા નથી. કાળ તો જ્ઞેયને અડે છે પણ જ્ઞાતાને નહિ! જો 'હું' 'હું' છું તો 'જગત' 'જગત' છે; બન્ને તદ્દન જુદા છે. 'હું'ને 'જગત' સ્પર્શતું નથી. 'હું'માં રહીને 'જગત'ને જોઈ લેવાથી સંસારની ફિલ્મનો અંત આવે છે. જો 'વ્યવહાર' એ 'વ્યવહાર' છે તો 'નિશ્ચય' એ 'નિશ્ચય' છે.**

જીવને જે સંસાર અનુભવવામાં આવે છે તે પર્યાયમાં છે. અઢાર પાપ સ્થાનકની પરિણતિરૂપ સંસાર જીવની પર્યાયમાં છે પણ પર્યાયથી ભિન્ન એવા આત્મદ્રવ્યનો જ જો વિચાર કરીએ તો આત્મદ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ છે. તેને બંધ નથી કે મોક્ષ નથી અને કર્મનો સંગ પણ નથી. હા! સાવરણતા-નિરાવરણતા અર્થાત્ આવૃતતા – અનાવૃતતા છે. સંગ હોયતો આત્મદ્રવ્ય મલિન, અપવિત્ર બની જાય. આત્મદ્રવ્યનો સાચો સંગ તો તેના

---

દોષો ટાળીને, ગુણો પ્રાપ્ત કરીને અને આગળ ઉપર નિર્ગુણી બનીને આપણે પરમાત્મા બનવાનું છે.

અસંખ્ય પ્રદેશો અને અનંતગુણો સાથે છે. તેમાંનો એકાદ પ્રદેશ કે એકાદ ગુણ કદી પણ આત્મ દ્રવ્યથી છૂટો પડતો નથી અને આત્માનો સંગ છોડતો નથી; તેથી આ સંગ ત્રિકાળ ધ્રુવ, નૈસર્ગિક અને અનાદિ અનંત છે; એ જ એનો અગુરુલઘુ ગુણ છે. કર્મોનું ઉદયરૂપ પરિણમન પુદ્ગલની તે તે સમયની યોગ્યતાથી થાય છે. ઉદય આવીને નિર્જરી જાય છે. આત્માના પર્યાય સાથેનો સંગ છોડી દે છે. તે બધાનો હું જ્ઞાતા-દષ્ટા અને સાક્ષી માત્ર છું. આમ આત્મા કર્મનો સંગ ન કરતાં, તેનો આશ્રય ન કરતાં ક્રમશઃ કર્મોથી અને આનુષાંગિક અન્ય બાહ્ય પદાર્થોના સંગથી નિવૃત થઈ અંતે એકમાત્ર ચૈતન્યં ધાતુરૂપ બની મોક્ષપદ પ્રાપ્ત કરી લે છે.

જીવને જે કર્મ સાથે સંબંધ છે, તે પણ પર્યાય સાથે છે. પરંતુ તે સંગ પણ છૂટે છે અને વળી નવા કર્મો બંધાય છે, તેની સાથે સંગ થાય છે પણ તે સંગ વ્યવહારે છે. તે સંગ એવો નથી કે આત્માના પર્યાય સાથે તદ્રુપ થઈ જાય અને ક્યારે પણ ન છૂટે. કર્મોનું જે પુદ્ગલ પરિણમન તે પરમાર્થે આત્માના પર્યાયથી ભિન્ન છે. તેથી દરઅસલ આત્મા શુદ્ધાત્મા છે અને અસંગ છે. અને આવો આત્મા તે સ્વ સમય છે જ્યારે શુભાશુભ ભાવે પરિણમતો આત્મા એ અશુદ્ધ આત્મા છે અને તે પર-સમય છે.

**जं जं समयंमि जीवो, आविसइ जेण जेण भावेण।**
**सो तंमि तंमि समये, सुहासुहं कम्मं बंधए।।** - ઉપદેશ માલા

જે સમયે આત્મા, આત્મધર્મની બહાર જઈ પરભાવમાં, જે જે ભાવે પ્રવર્તન કરે છે, તેનાથી તે આત્મા શુભાશુભ કર્મને બાંધે છે. આમ જ્યાં કર્મબંધ છે ત્યાં સ્વમાં ઠરવાપણું નથી. પરંતુ પરમાં જવાપણું છે અને તેથી તે સ્વ સમય નહિ પણ પર સમય છે, પછી તે શુભકર્મબંધ પણ કેમ ન હોય!

---

માત્ર યોગક્રિયાની પાલના હોય પરંતુ ઉપયોગક્રિયા-અંતરક્રિયા ન હોય તો કેવળજ્ઞાન નિરાવરણ થતું નથી.

પર્યાય પણ દ્રવ્યની જ છે. પર્યાય કાંઈ દ્રવ્યથી જુદી નથી. જેવું દ્રવ્ય છે તેવી જ જો પર્યાય છે; તો તે નિર્મળ શુદ્ધ પર્યાય છે અન્યથા મલિન છે. કપડું એના સ્વરૂપમાં શુદ્ધ જ છે માત્ર તેના ઉપર મેલ લાગવાથી તે મેલું કપડું કહેવાય છે અને મેલા કપડા તરીકેનો વ્યવહાર થાય છે. જ્યારે તે મેલ નીકળી જાય છે ત્યારે તે સ્વચ્છ-ઉજળું કપડું કહેવાય છે કારણ કે જેવું તે શુદ્ધ મુળમાં હતું તેવું હવે દેખાવમાં આવ્યું. કપડું તો શુદ્ધ ઉજળું જ હતું પણ મેલથી તેની શુદ્ધતા ઢંકાઈ-આવરાઈ ગઈ હતી. એમ મહીં ભીતરમાં આત્મા તો શુદ્ધ જ છે. આત્માની એ શુદ્ધતા કર્મથી આવરાઈ ગઈ છે, તેને આવરણો હઠાવીને પ્રગટ કરવાની છે.

**તારા નક્ષત્રગ્રહ ચંદ્રની - જ્યોતિ દિનેશ મોઝાર રે,**
**દર્શન-જ્ઞાન-ચરણ થકી, શક્તિ નિજાતમ ધાર રે.. ધરમ પરમ..૩**

**અર્થ :** તારા, નક્ષત્ર, ગ્રહ અને ચંદ્રમાની જ્યોતિ જેમ સૂર્યની કાંતિમાં સમાય છે તેવી રીતે જ્ઞાન-દર્શન-ચારિત્ર એ પણ આત્માની શક્તિરૂપ હોવાથી-આત્માના જ ગુણો હોવાથી તે આત્મામાં જ સમાય છે કારણકે ગુણ અને ગુણી જુદા નથી હોતા.

**વિવેચન :** આ વિશ્વમાં જ્યોતિ ત્રણ પ્રકારે મનાયેલી છે. દ્રવ્ય જ્યોતિ, ભાવજ્યોતિ અને પરમ જ્યોતિ. તેમાં દ્રવ્ય જ્યોતિથી તારા-નક્ષત્ર-ગ્રહ-ચંદ્ર-સૂર્ય-દીપક-વીજળી વગેરેનું ગ્રહણ થાય છે. તારા, નક્ષત્ર, ગ્રહ, ચંદ્ર વગેરેની જ્યોતિ જેમ સૂર્યની તેજસ્વીતામાં સમાય છે તેમ ભાવજ્યોતિ એ શુદ્ધાત્મામાં લીન થાય છે.

દરેક જ્યોતિ પોતે સ્વતંત્ર પરિણમન કરતી હોવાથી તેની તેજકલા સૂર્યમાં ભળી જતી જણાય છે પણ તેમાં એકરૂપ થતી નથી. સૂર્યમાં ભળવા

---

ધ્યાનમાં મનોવર્ગણાના ઉચ્ચ પુદ્ગલો હોય છે અને
સત્સંગમાં મનોવર્ગણા ઉપરાંત ભાષાવર્ગણાના ઉચ્ચ પુદ્ગલો હોય છે.

છતાં પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવી રાખે છે. ભાવજ્યોતિ શુદ્ધાત્મામાં લીન થાય છે તેવા પ્રકારના ધ્યાનાભ્યાસીઓને ધ્યાનાભ્યાસકાલે આત્માની વિશુદ્ધિ વધતાં આત્માને અનાહત નાદ, સુધારસ તેમજ બીજા પણ અનેક પ્રકારના પૌદ્ગલિક ચમત્કારો, જેવાં કે દૂરદર્શન, ભાવિમાં થનારી વસ્તુઓની આગાહી વગેરે ત્રણેકાળ સંબંધી પાર્થિવ વસ્તુઓને સૂચવનારો જે વિષય પ્રકાશ ઉત્પન્ન થાય છે, તે આત્મા પોતે આત્મસાધનામાં આગળ વધી રહ્યો છે તેને સૂચવનારો આંતર પ્રકાશ છે.

ભાવજ્યોતિ એ જ્ઞાનજ્યોતિ છે અને તે ધ્યાની, બ્રહ્મવિદ્ આત્મસ્થ યોગીઓને સહજ અનુભવગમ્ય છે, જે નિર્વિકલ્પ સમાધિમાં અનુભવાય છે. ચારિત્રમાં રમણતા કરતા મુનિ પ્રવરોને ચારિત્રપર્યાયની વૃદ્ધિથી વિશુદ્ધિ વધતાં તેજોલેશ્યા, શીતલેશ્યા વગેરે લબ્ધિઓ પ્રગટે છે તે આત્મિક નિર્મળ સુખને તે અનુભવી રહ્યા છે તેનું સૂચક છે.

યોગદૃષ્ટિ સમુચ્ચયમાં ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજાએ જે આઠ યોગની દૃષ્ટિઓ વર્ણવિલ છે, તે પૈકી સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વેની તૃણાગ્નિ, છાણાગ્નિ, કાષ્ટાગ્નિ અને દીપકના જેવી પ્રકાશમાન જ્ઞાનજ્યોતિનું જે નિર્દેશન કરેલ છે તે આત્માના ગુણ પ્રત્યયનો અંશ છે. આગળ વધતાં ધ્યાનારૂઢ યોગીઓને અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન રૂપે આ જ દિવ્ય આત્મજ્યોતિ જ પ્રકાશે છે. જ્યારે પરમ જ્યોતિ માટે કહ્યું છે કે -

ઉપર કહેલ જ્યોતિ કરતાં ચિરકાળ સુધી ટકનારો પ્રકાશ પ્રયત્ન વિના ધ્યાનજન્ય સમાધિમાં જે ઉત્પન્ન થાય છે તે પરમજ્યોતિ કહેવાય છે. આત્માની આ પરમ જ્યોતિ કે જે પરિમિત ક્ષેત્રને પ્રકાશનારી છે, તે દ્રવ્યજ્યોતિ અને ભાવજ્યોતિ કરતાં નિરાળી અને નિરુપમ છે. એને કોઇ બાહ્ય આલંબન કે આકાર નથી. એ નિરાકાર સ્વરૂપમયી છે. એ નિર્વિકલ્પ

---

દૃષ્ટિને દૃશ્યમાં સમાવવી તે બહિરાત્મ ભાવ છે.
દૃષ્ટિને દૃષ્ટામાં સમાવવી તે અંતરાત્મ ભાવ છે જે સાચી સાધના છે.

સમાધિમાં અનુભવગમ્ય છે. તે પરમજ્યોતિ ઘાતીકર્મનો સર્વથા ક્ષય થતાં કેવલજ્ઞાનની નિર્મળ પરમ જ્યોતિને પણ ખેંચી લાવે છે કે જે પૂર્ણ શુદ્ધાતમ યોગીઓને ગુણસ્થાનક ક્રમારોહના તેરમા અને ચૌદમા ગુણસ્થાનકના અંતિમ ચરણમાં ગમ્ય થાય છે. તેને અનુક્રમે સયોગી સ્થિતિ અને અયોગી સ્થિતિનો યોગ કહે છે.

દ્રવ્ય જ્યોતિઓ જેમ સૂર્યની તેજસ્વીતામાં સમાય છે તેમ આત્માના દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વીર્ય વગેરે અનંત ગુણો કે જેને આત્માની શક્તિ પણ કહેવાય છે, તે આત્મામાં જ સમાય છે અર્થાત્ આત્મા તેના અનંત જ્ઞાન-દર્શનાદિ ગુણોથી ભિન્ન નથી. જેમ જેમ આત્માનો ઉપયોગ વિષયોમાંથી નીકળીને આત્મામાં સમાતો જાય છે તેમ તેમ આ પરમ જ્યોતિનું પ્રગટીકરણ આત્મસ્થ યોગીઓને તેની વિશુદ્ધ પર્યાયમાં અનુભવાય છે.

**બદામ, પિસ્તા, ઈલાયચી, કેશર, મિશ્રિત બનાવાયેલ હલવામાં હલવાનો જ સ્વાદ છે પણ બદામાદિનો ભિન્ન ભિન્ન સ્વાદ નથી. અથવા તો તુવરદાળ, મીઠું, મરચું, હળદર, રાઈ, કોકમ આદિ ઘટકોમાંથી બનાવેલી દાળમાં દાળનો જ સ્વાદ છે પણ મીઠા મરચાદિનો ભિન્ન ભિન્ન સ્વાદ નથી. તેવી જ રીતે આત્માના શુદ્ધ પરમાત્મસ્વરૂપમાં દર્શન જ્ઞાનાદિ અનંતગુણોના એક પિંડરૂપે આત્માનું વેદન હોય છે.**

**"તારા, નક્ષત્ર, ગ્રહ, ચંદ્રની જ્યોતિ દિનેશ મોઝાર રે"** એના દ્વારા એ વિદિત થાય છે કે સૂર્યની તેજસ્વીતાની અપેક્ષાએ નાના નાના ઘટકો જેવા નક્ષત્ર, ગ્રહ, તારા, ચંદ્ર, દીપક, મણિ, વીજળી આદિની તેજ કલા ક્ષીણ-હીન ભાસે છે. વળી જે કાંઇ કિંચિત્ પ્રકાશ છે તે સૂર્યના પ્રકાશમાંથી મેળવાયેલો પ્રકાશ છે. તેથી એ વિચારી શકાય કે આત્મામાં

ઉઠતા વૈભાવિક પરિણામો એટલે કે રાગ-દ્વેષાદિ ભાવકર્મો એ આત્મામાં એકરૂપ થતાં નથી. જેમ પાણીના કુંડમાં પડેલ તેલબિંદુઓ પાણીમાં પ્રસરે છે પણ તેમાં એકમેક થતા નથી પરંતુ પાણીની ઉપર ઉપર તરે છે; તેમ રાગાદિ વિભાવભાવો આત્માના ચૈતન્યસ્વરૂપ સાથે એકમેક-એકરસ થતા નથી અને તેથી એ નક્કી થાય છે કે એ રાગાદિ વિભાવભાવો એ આત્માથી ભિન્ન છે અને આત્માનું સ્વરૂપ નથી. એ એકમેકતા છે પણ એકરૂપતા કે તદ્‌રૂપતા નથી.

પંચાસ્તિકાય ગા.૬૬ ની હિંદી ટીકામાં આ રીતે પણ વર્ણવેલ છે કે જેમ ચંદ્ર અથવા સૂર્યના પ્રકાશનું નિમિત્ત પામીને સંધ્યાના સમયે આકાશમાં અનેક વર્ણવાળા વાદળાઓ, ઈન્દ્રધનુષ, મંડલાદિક નાના પ્રકારના પુદ્‌ગલ સ્કંધો બીજા કોઈ કર્તાની અપેક્ષા રાખ્યા સિવાય (એટલે કે પોતાની શક્તિથી)જ અનેક પ્રકારે થઇને પરિણમે છે, તે જ પ્રમાણે જીવદ્રવ્યના અશુદ્ધ ચેતનાત્મક ભાવોનું નિમિત્ત પામીને કાર્મણાદિ વર્ગણાઓ પોતાની જ ઉપાદાન શક્તિથી જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મ તેમજ ઔદારિકાદિ શરીરરૂપે પરિણમે છે. જીવ કર્તૃત્વ ધર્મ વડે કારક ચક્રના યોગે પરિણામ પામે છે જ્યારે પુદ્‌ગલાદિ સર્વ અજીવ દ્રવ્યો સ્વતઃ, પરતઃ, ઉભયતઃ પરિણામ પામે છે, તેમાં કર્તૃત્વ પરિણમન નથી. તથાપ્રકારની પરમાણુની રચના (ગોઠવણી) પોતા થકી, પર થકી કે ઉભય થકી થઈ જતી હોય છે.

આત્માને જે રાગાદિક ઉપજે છે તે પોતાના જ અશુદ્ધ પરિણામ છે-દોષ છે. નિશ્ચયનયથી વિચારવામાં આવે તો અન્યદ્રવ્ય રાગાદિકનું ઉપજાવનાર નથી. અન્યદ્રવ્ય તેમનું નિમિત્તમાત્ર છે કારણકે અન્યદ્રવ્ય, અન્ય દ્રવ્યના ગુણ પર્યાયને ઉપજાવતું નથી એવો નિયમ છે એટલે જેઓ

વ્યવહાર કથનને એટલેકે નિમિત્ત કથનને આગળ કરીને એમ કહે છે કે કર્મો મને રાગાદિક ઉપજાવે છે, સંયોગો મને રાગાદિ ઉપજાવે છે તેઓ નયવિભાગને સમજ્યા જ નથી, તેથી તેઓ મિથ્યાદષ્ટિ જ છે. હકીકતમાં તો રાગાદિ જીવની પર્યાયમાં ઉત્પન્ન થાય છે. અને જીવનો ઉપયોગ નિમિત્ત સાથે-કર્મના ઉદય સાથે-સંયોગ સાથે જોડાય છે; માટે તે રાગાદિ જીવની પર્યાયમાં ઝળકે છે. પર દ્રવ્ય તો નિમિત્ત માત્ર છે. એ કાંઈ રાગાદિ ઉપજાવતા નથી પણ જીવનો ઉપયોગ તેમાં જોડાય છે માટે રાગાદિ થાય છે એટલે મૂળમાં તો ભૂલ જીવની જ છે. જો પર દ્રવ્ય જ રાગાદિ ઉપજાવતા હોય તો જીવ ક્યારેય વીતરાગ થઇ શકે નહિ. રાગ એ તો વીતરાગતાની જ વિકૃતિ છે કે વૈભાવિક શક્તિ છે.

જો કે નિશ્ચયથી તો પોતાના નિજરસથી જ સર્વ વસ્તુઓનું પોતાના સ્વભાવભૂત એવા સ્વરૂપ પરિણમનમાં સમર્થપણું છે. તો પણ આત્માને અનાદિથી અન્યવસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણું હોવાથી આત્માના ઉપયોગમાં મિથ્યાદર્શન-અજ્ઞાન અને અવિરતિ એમ ત્રણ પ્રકારનો પરિણામ વિકાર છે.

પરમાર્થથી તો આત્મા પોતાના પરિણામ સ્વરૂપ એવા તે ભાવકર્મનો જ કર્તા છે અને પુદ્ગલ પોતાના પરિણામ સ્વરૂપ દ્રવ્યકર્મનું જ કર્તા છે પણ આત્માના પરિણામ સ્વરૂપ-ભાવ કર્મનું નહિ.

**જ્યાં સુધી સ્વરૂપનું ભેદજ્ઞાન ન થયું હોય ત્યાં સુધી વ્યવહારથી આત્માને રાગાદિકનો એટલે ભાવ કર્મનો કર્તા માનો અને ભેદવિજ્ઞાન થયા પછી તો આત્માને શુદ્ધ વિજ્ઞાનઘન, સમસ્ત કર્તાપણાના ભાવથી રહિત એક માત્ર જ્ઞાતા જ જાણો. આમ એક જ આત્મામાં કર્તાપણું અને અકર્તાપણું, એમ બન્ને ભાવો તે તે વિવક્ષતાથી સિદ્ધ થાય છે. આવો સ્યાદ્વાદ જૈનોનો છે. આવું માનવાથી પુરુષને સંસાર-મોક્ષ આદિની**

---

'લય' એ સાધના છે. જે ધ્યાનની પરાકાષ્ટા છે. જ્યારે 'મય' એ સિદ્ધિ છે.

**સિદ્ધિ થાય છે. સર્વથા એકાન્ત માનવાથી નિશ્ચય-વ્યવહારનો લોપ થાય છે.**

વિકાર તે આત્મદ્રવ્યનો ત્રિકાળી સ્વભાવ નથી પણ ક્ષણિક યોગ્યતારૂપ પર્યાય સ્વભાવ છે. તે ઉદયભાવ હોવાથી પર્યાય અપેક્ષાએ જીવનું સ્વતત્ત્વ છે.

તેથી આત્માની વૈભાવિક રમણતા - રાગ પરિણામ આત્માનું કાર્ય છે અને તે જ પુણ્ય-પાપ રૂપ છે. રાગાદિ પરિણામનો આત્મા કર્તા છે. તેને જ ગ્રહનાર અને છોડનાર છે; આવું નિરૂપણ અશુદ્ધ નિશ્ચય નયનું છે. અનુપચરિત વ્યવહાર નયે આત્મા દ્રવ્યકર્મનો તથા ઉપચરિત વ્યવહાર નયે નગરાદિકનો કર્તા છે.

તેથી જ સભાનતાપૂર્વકની આત્મ જાગૃતિ દ્વારા, જ્ઞાયકપણે રહીને, હેય-જ્ઞેય ને ઉપાદેયનો વિવેક કરી, દર્શન-જ્ઞાન-ચારિત્રના પૂર્ણ શ્રદ્ધાન સાથે આત્માની સ્વયંની અનંત શક્તિનો જે સ્ત્રોત છે, તેને અવધારવાનો છે અને નિજાતમની મસ્તીને માણવાની છે. સ્વમાં ઉપયોગવંત રહીને પર-સમય, પર દ્રવ્ય, પર ક્ષેત્ર, પર કાળ અને પર ભાવનું વિલીનીકરણ કરવાનું છે અને વિકાર રહિત શુદ્ધજ્ઞાન-દર્શનરૂપ આત્માનું પ્રગટીકરણ કરવાનું છે અને તે આત્માનો ધર્મ છે. આ ધર્મથી આત્માને આગામી કર્મોનો આશ્રવ રોકાઇ સંવર થાય છે એટલે કે પુણ્ય પાપરૂપ અશુદ્ધ ભાવને-આશ્રવ ભાવને આત્માના શુદ્ધભાવદ્વારા રોકવા તે ભાવ સંવર કહેવાય અને તદનુસારે કર્મોનું અટકવું તે દ્રવ્ય સંવર છે. આત્માના અખંડ આનંદ સ્વભાવની વૃદ્ધિ થવી, તે ભાવનિર્જરા કહેવાય અને તેનું નિમિત્ત પામીને જડ-પૌદ્‌ગલિક કર્મોનું આત્મા પરથી ખરી જવું, તે દ્રવ્યનિર્જરા કહેવાય. ઘાતીકર્મોનો સંપૂર્ણ ક્ષય થઇ પૂર્ણ શુદ્ધ કેવલજ્ઞાન પર્યાયનું પ્રગટ થવું તેને ભાવમોક્ષ કહેવાય

---

સ્વ-પરનું ભાન ભૂલી જવું એ 'લય' છે.
જ્યારે પરથી પર(દૂર) થઇ જઈ સ્વમાં સ્થિર થઈ જવું તે 'મય' છે.

અને તે વખતે દ્રવ્યકર્મોનો આત્મપ્રદેશોથી અત્યંત અભાવ થવો, તેને દ્રવ્યમોક્ષ કહ્યો છે. આવા મોક્ષમાં આકુળતાનો સંપૂર્ણ અભાવ છે.

હકીકતમાં પૂર્ણ, સ્વાધીન, નિરાકુલતા તે સુખ છે. પરંતુ અજ્ઞાની જનો એવુ નહીં માનતા શરીરમાં, સ્થાવરસંપત્તિમાં, પરિવારમાં સુખ માને છે. મોક્ષમાં દેહ-ઈન્દ્રિય, ખાવું-પીવું કાંઇ હોતું નથી, તેથી અજ્ઞાની લોકો મોક્ષ સુખને માનતા નથી. આ જ મોક્ષ સંબંધી ખોટી માન્યતા છે. નિદ્રામાં કશું ય સાથે કે પાસે નથી અને તે પણ ત્યાં સુધી કે સ્વની પણ અભાનતા હોય છે તો ય સુખ છે. અનિદ્રાના રોગીને નિદ્રા માટે ગોળીઓ લેવી પડતી હોય છે. ચક્રવર્તીને પણ પોતાના સ્ત્રીરત્નસહિત રાણીવાસની બધીય રાણીઓને ભૂલીને નિદ્રારાણીને શરણે જવું પડતું હોય છે. જો આવી દર્શનાવરણીય કર્મ જનિત અવસ્થામાં પણ વસ્તુ અને વ્યક્તિ વિના સુખ હોય; તો પછી કર્મરહિત એવી નિરપેક્ષ મોક્ષ અવસ્થામાં કશું ન હોવા છતાં સુખ કેમ ન હોય ? હોય જ ! એ સંપૂર્ણ, સ્વાધીન, શુદ્ધ, સર્વોચ્ચ, શાશ્વત સુખ જ મુક્તિસુખ છે. એ તો Pure, Perfect, Personal, Paramount, Permanent Happiness છે. આ તત્ત્વસંબંધી ભૂલના કારણે અજ્ઞાની જીવો અનંતકાળથી સંસારમાં ભટકી રહ્યા છે. તેથી જ આત્મતત્ત્વનું શુદ્ધ શ્રદ્ધાન કરવા દ્વારા દર્શન શુદ્ધિ અને જ્ઞાન શુદ્ધિથી **"દર્શન-જ્ઞાન-ચરણ થકી, શક્તિ નિજાતમ ધાર રે"** આ કડી અવલંબાઈ છે. **'દર્શન-જ્ઞાન-ચરણ થકી'માં ચરણ શબ્દનો અર્થ પરમ શરણભાવ છે. નિજ શુદ્ધાત્મામાં વસવું-સ્થિતિ કરવી એ જ ચારિત્ર છે અને સ્વયંમાં વસવા રૂપ ચારિત્ર આત્માની અનંત શક્તિનો ઉઘાડ કરી દે છે.**

નિજ પરમાત્મતત્ત્વના સમ્યગ્ શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ શુદ્ધ રત્નત્રયાત્મક માર્ગ, એ પરથી અત્યંત નિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે

---

મનથી દિગમ્બર થવું એટલે મનોવર્ગણાના વસ્ત્રો મન ઉપરથી ઉતારવા.
વિકલ્પોથી રહિત થવું તે મનનું દિગમ્બરપણું છે.

અને તે સ્વથી અત્યંત સાપેક્ષ છે; તેમ જાણવું તે સમ્યગ્ અનેકાંત છે.

સૂત્રાત્મક રીતે કહી શકાય કે –

मिथ्यादर्शनज्ञानचारित्राणि संसारमार्गः
सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः
पूर्णदर्शनज्ञानचारित्राणि मोक्षः

આમ દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માના ગુણો હોવાથી આત્માથી અભિન્ન છે. વ્યવહારથી ભેદકથનદ્વારા વિશેષ અર્થ વિસ્તાર કરેલ છે કેમ કે જીવનું કર્તવ્ય તો તત્ત્વજ્ઞાનનો અભ્યાસ જ છે અને તેનાથી દર્શનમોહનો ઉપશમ સ્વયં થાય છે. દર્શનમોહના ઉપશમાદિમાં કર્તાભાવે જીવનું કર્તવ્ય કાંઈ નથી. વળી ત્યાર પછી જીવ જેમ જેમ સ્વસન્મુખતા વડે વીતરાગતા વધારે છે તેમ તેમ તેને ચારિત્રમોહનો અભાવ થાય છે અને તેમ થતાં તે જીવને ભાવલિંગી મુનિપણું પ્રગટ થાય છે. તે દશામાં પણ જીવ પોતાના જ્ઞાયક સ્વભાવમાં રમણતારૂપ પુરુષાર્થ વડે ધર્મપરિણતિને વધારે છે અને ત્યાં પરિણામ સર્વથા શુદ્ધ થતાં કેવળજ્ઞાન અને મોક્ષદશારૂપ સ્વપદ એવાં સિદ્ધપદને પામે છે.

**(શક્તિ નિજાતમ ધાર રે) – આ પંક્તિ ઉપર વિહંગાવલોકનદ્વારા તાત્ત્વિક સમાલોચના કરશું તો જણાશે કે આત્મા અનંતશક્તિનો પિંડ છે. તેમાં એક એક શક્તિનું વિવરણ કરી શકાય તેમ નથી કિંતુ અત્રે શક્તિ શબ્દ અનંતની પરિભાષામાં મૂકાયો છે; જેનો શાસ્ત્રમાં બહોળો અભિગમ સૂચવાયો છે. તેમાંની ૪૭ શક્તિઓ આત્માનો વૈભવ છે, જેને સમયસારના ટીકાકાર અમૃતચંદ્રાચાર્યે સમયસારમાં બતાવ્યો છે. આવા વૈભવશાળી ભગવાન આત્માનું ધ્યાન કરવાથી જ્ઞાન અને આનંદરૂપી**

**વૈભવ પ્રગટ થાય છે, જેમાંથી આપણે થોડો પણ પ્રસાદ (એટલે પ્રકૃષ્ટ સાદ, આંતરનાદ) ગ્રહણ કરીએ અને આપણા શુદ્ધાત્મના રસમાં ભેળવી દઈએ તો "દર્શન-જ્ઞાન-ચરણ થકી, શક્તિ નિજાતમ ધાર રે" એ યોગીરાજ આનંદઘનજીની ભાવનાને સાર્થક કરી કહેવાય.**

જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ
કેવળી એમ બોલે...
પ્રગટ અનુભવ આત્મનો
નિર્મળ કરો સપ્રેમ...
ચૈતન્ય પ્રભુ ! પ્રભુતા તમારી ચૈતન્ય ધામમાં...

૪૭ શક્તિમાંથી એક વીર્યશક્તિ' છે. તે બ્રહ્મસ્વરૂપ આત્માનાં આનંદમાં ચરે છે-સ્વરૂપમાં નિમગ્ન રહે છે અને શક્તિથી વ્યાપક છે; તેથી તે બ્રહ્મચારી છે. આકાશમાં જેમ ક્ષેત્ર સામર્થ્ય-અવગાહન શક્તિ અનંત-અમાપ છે તેમ ભગવાન આત્મામાં ભાવ સામર્થ્ય એટલે જ્ઞાન-આનંદ વગેરેની શક્તિ અમાપ છે. આકાશ સર્વવ્યાપક છે તો આત્મા સર્વપ્રકાશક છે. આ જગતમાં આત્મા એક એવું તત્ત્વ છે, જેને જાણતા આનંદ થાય છે. પ્રભુની પ્રભુતાના ભાન વડે પર્યાયમાં પ્રભુતા પ્રગટે છે.

જ્ઞાનમાં જ્ઞાનની સ્વતંત્ર પ્રભુતા છે
દર્શનમાં દર્શનની સ્વતંત્ર પ્રભુતા છે.
શ્રદ્ધામાં શ્રદ્ધાની સ્વતંત્ર પ્રભુતા છે.
આનંદમાં આનંદની સ્વતંત્ર પ્રભુતા છે.
અને આત્મામાં અનંતગુણની સ્વતંત્ર પ્રભુતા છે.

અનંતગુણના અનંત પ્રતાપથી સ્વાધીનપણે શોભતા એવા આત્માને

---

સ્વાનુભવ વડે પ્રસિદ્ધ કરવાની આ વાત છે. યોગીરાજશ્રી આનંદઘનજીએ **"શક્તિ નિજાતમ ધાર રે"** આ પંક્તિ દ્વારા લોકોત્તર શક્તિના દ્વારને ઉઘાડવા પ્રતિ રહસ્યમયી રીતે અંગુલિ નિર્દેશ કરેલ છે કે **જે આત્મા અનંત ચતુષ્કમય અનંત શક્તિઓનો ધારક છે, તેને તું ધાર એટલેકે તારી પર્યાયમાં શ્રદ્ધા કર-પ્રગટ કર!**

**ભારી પીળો ચીકણો, કનક અનેક તરંગ રે;**
**પર્યાયદષ્ટિ ન દીજીએ, એકજ કનક અભંગ રે.. ધરમ પરમ..૪**

**અર્થ :** વજનમાં ઘનતામાં ભારે, રંગે પીળું, ગુણોમાં ચીકાશદાર - ટકાઉ એમ સોનાનાં ઘણા તરંગ એટલે પ્રકારો અથવા વિશેષણો છે. જો ઉપર કહેલા સુવર્ણના પર્યાયો પર દૃષ્ટિ ન કરીએ તો દ્રવ્ય રૂપે ફક્ત એક અખંડ સોનું જ દેખાઈ રહે છે.

**વિવેચન :** જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે ગુણો ઉપર દૃષ્ટિ રાખીએ છીએ, તો આત્માના ગુણો જુદા જુદા ભાસે છે પણ જેમ સોનામાં ભારીપણું, પીળાશ, ચીકાશ, ચળકાટ, અકાટ્યતા વગેરે જે ગુણો છે તે સોનારૂપ છે એટલે સોનાથી ભિન્ન નથી, તેથી તે તરફ નજર ન રાખીએ તો માત્ર એક સુવર્ણ જ દેખાય છે. તેમ દર્શન, જ્ઞાન, ચારિત્ર એ પણ આત્મા રૂપે જ છે. આત્માના અનુભવથી તે ગુણો ભિન્ન નથી. આત્માના અનંતુ ગુણોનું અભેદાત્મક વીતરાગ પરિણમન તે આત્માનો અનુભવ છે અને તે આત્માનો આનંદ છે.

પ્રત્યેક આત્માઓ, જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ અનેક ગુણોના ઔપશમિક, ક્ષાયિક કે ક્ષાયોપશમિકાદિ અનેકવિધ ભાવોમાં ઉપયોગ સ્વરૂપે તો એક જ હોવાથી, આત્માર્થી આત્માઓ તે તે વિવિધ પર્યાયોને-વિવિધ અવસ્થાઓને મહત્વ નહિ આપતાં, આત્મદ્રવ્યની જે જ્ઞાન ચેતના

---

છે તેવા ઉપયોગની શુદ્ધાશુદ્ધતાને લક્ષમાં લેતા હોય છે, અને તેથી જ શાસ્ત્રમાં **ઉપયોગે ધર્મઃ** નું સૂત્ર આપ્યું છે. ક્રિયાએ કર્મ, પરિણામે બંધ અને ઉપયોગે ધર્મ એમ શાસ્ત્રો જણાવે છે.

"સોના જેવો !" કહીએ તેટલા માત્રમાં બધું જ જે સોનામાં છે તે આવી જાય છે. શુદ્ધાત્મા ! પરમાત્મા ! કહેવામાં બધાં સર્વજ્ઞતા, સર્વદર્શીતા, વીતરાગતા, નિર્વિકલ્પતા ઈત્યાદિ અનંતગુણો સમાવિષ્ટ થઈ જાય છે. એક માત્ર 'મરદ' છે એટલું કહેવામાં પુરુષત્વ, મરદાનગી, બળવત્તરતા, હિંમત, પુરુષ ચિહ્નો જેવા કે મૂછાળાપણું આદિનો સમાવેશ થઈ જાય છે.

પ્રસ્તુત સ્તવનની ચોથી કડીમાં પર્યાયદષ્ટિ (પર્યાયાર્થિક નય) અને દ્રવ્યદષ્ટિ (દ્રવ્યાર્થિકનય)નું સ્વરૂપ બતાવ્યું છે. જીવો અનાદિ-અનંતકાળથી પયાર્યદષ્ટિ-પર સમય-પર દ્રવ્યમાં રાચે છે અને તેમાં રાચવા વડે તે પ્રત્યેનો અભિગમ ન છોડવાથી અનંતો કાળ સંસાર ચક્રમાં રખડપટ્ટીમાં ગુમાવ્યો છે. દ્રવ્યદષ્ટિ અપનાવવા દ્વારા સ્વયંની શુદ્ધતામાં-ઉપયોગમય પરિણતિમાં રહેવાનો પ્રયાસ, આ જીવે એક સમયં માત્ર પણ કર્યો નથી. પરિણામે મોહનીયકર્મના ઉદયની અવસ્થામાં બંધ પરિણામથી સતત બંધાતો રહ્યો છે. મિથ્યાત્વ, અજ્ઞાન, કષાય, રાગાદિ પરિણામ દ્વારા અનાદિ અનંત સ્થિતિને વધારતો રહ્યો છે. કેવળ અજ્ઞાન અને રાગાદિ ભાવથી જીવ્યો છે, અનંતકાળ અજ્ઞાન અને રાગાદિ ભાવમાં પસાર કર્યો છે, તેમાંથી છુટવાનો પ્રયત્ન કરવાને બદલે તેના પ્રતિ ઉદાસીન જ રહ્યો છે, તેમાં લયલીન જ રહ્યો છે.

ત્રણલોકના નાથ તારક પ્રભુ, વીતરાગ અને સર્વજ્ઞ હોવાથી તેને રાગભાવ લેશમાત્ર નથી, તેથી બંધનો સર્વથા અભાવ છે અને તેથી મોક્ષ

---

રસબંધ અને સ્થિતિબંધ કષાયથી થાય છે. પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગથી થાય છે.

જ છે. એમ લક્ષ્યમાં ન લેવાથી, દૃષ્ટિમાં મિથ્યાભાવ અને પુદ્ગલ રમણતા જ રહેવાથી જીવ મિથ્યાત્વના આકરા-ગાઢ બંધને કરતો રહ્યો છે. પુદ્ગલ પ્રત્યેના ગાઢ રાગ અને ગાઢ મમત્વથી જીવને મિથ્યાત્વનો આકરો બંધ થાય છે. આમ મિથ્યાત્વ મોહ અર્થાત્ દર્શન મોહના ઉદયથી ઊંધી માન્યતા અને ચારિત્ર મોહ એટલે પુદ્ગલ પ્રત્યે રાગભાવ રહેવાથી કષાયનો અભાવ કરવા પ્રતિ લક્ષ ન રહ્યું. સમ્યગ્ દર્શન અને સમ્યગ્ ચારિત્ર પ્રતિ વિકાસ અટક્યો. દર્શન મોહના નાશથી સમ્યગ્દર્શન અને ચારિત્ર મોહસ્વરૂપ કષાયના નાશથી સ્વરૂપ આચરણરૂપ ચારિત્ર પ્રાપ્ત થાય છે. કષાયથી થતા નુકસાનથી બચવા મોહનીય કર્મના નાશ પ્રતિ ઉદ્યમ કરવો જોઈએ અને સમ્યગ્દર્શનાદિ આત્મ ગુણોને પ્રગટ કરવા જોઇએ.

આ કડીમાં યોગીવર્યશ્રી આનંદઘનજી મહારાજે પર્યાયદૃષ્ટિથી થતા નુક્સાનને સુવર્ણના દૃષ્ટાંતથી સમજાવવા પ્રયત્ન કર્યો છે અને તે દ્વારા પર્યાય દૃષ્ટિ છોડાવવા પૂર્વક દ્રવ્યદૃષ્ટિ અપનાવવાનો અનુરોધ કરવા સહિત દ્રવ્ય દૃષ્ટિથી થતા લાભને પણ બતાવેલ છે.

પર્યાય દૃષ્ટિવાળો પર્યાયમાં થતા ભાવોને પોતાના માને છે કારણ કે પર્યાયમાં તાદાત્મ્ય છે અને તેથી પોતાને ક્રોધી-માની-માયી-લોભી માને છે. સમ્યગ્દર્શન થતાં જીવને સમજાય છે કે **અનંતા દ્રવ્યોને જોવામાં અને જાણવામાં પરિણમેલી અનંતી અવસ્થાઓમાં પણ હું તો સર્વાંગ શુદ્ધ છું! સંપૂર્ણ શુદ્ધ છું! આ દ્રવ્ય દૃષ્ટિ છે. આ દૃષ્ટિને પામેલો સાધક પર્યાયના પલટનભાવને પોતાના વાસ્તવિક સ્વરૂપ રૂપે સ્વીકારતો નથી.**

સોનાને પરદ્રવ્યનો ભેળ થવાથી તેમાંથી દાગીના બનાવવા અગ્નિમાં તપવું પડે છે, હથોડીના ઘા ખાવા પડે છે અને તેથી સોનું દાગીનાની અવસ્થામાં પોતાના શુદ્ધસ્વરુપથી પ્રત્યેક સમયે ચ્યૂત થાય છે. તેમ જીવને

ચારગતિ રૂપ સંસારી પર્યાયમાં કર્મના માર ખાવા પડે છે છતાં સંસારથી છૂટકારો થતો નથી.

ઉપરોક્ત દૃષ્ટાંતથી આત્મજાગૃતિ પ્રત્યે સભાનતા લાવવાનો નિર્દેશ કરેલ છે. સોનું સ્વભાવથી ભારે, ચીકણું, પીતવર્ણવાળું છે; જે અગ્નિના સંયોગથી પણ પોતાના સ્વભાવથી અલગ થતું નથી. પ્રત્યેક અવસ્થામાં તે સો ટચનું સોનું જ રહે છે. દાગીના બનાવવાની અવસ્થામાં જ્યારે અન્ય ધાતુઓ સાથે તેનો ભેળ થાય છે અને અલંકારોરૂપી પર્યાયમાં રૂપાંતરિત થાય છે ત્યારે પર્યાયમાં પણ દ્રવ્ય રૂપે સોનું જ રહે છે. નામ અને રૂપ બદલાય છે પણ દ્રવ્યરૂપે-સોનારૂપે તો તે કાયમ રહે છે; તેમ જીવ જ્યારે મોહનીયકર્મની ગાઢ અવસ્થામાં કર્મથી લેપાય છે ત્યારે તેની પર્યાયમાં પોતાના જીવત્વ અને દ્રવ્યત્વને ગુમાવતો નથી. જીવાત્મામાં થતા ક્રોધાદિ વિભાવો એ ભારે, ચીકણા, વગેરે અનેક તરંગ સમાન છે; જે જીવના વિભાવ પર્યાય સ્વરૂપ છે.

આવી રીતે વિપાકોદયથી કર્મોને ભોગવતાં ભોગવતાં અનંતકાળ પસાર કરે છે. એમ કરતાં જીવને જ્યારે દ્રવ્યદૃષ્ટિની સ્પર્શના થાય છે ત્યારે કર્મોને ખપાવતાં ખપાવતાં ગ્રંથિભેદ દ્વારા સમ્યક્ત્વને પામે છે. આ ગ્રંથિભેદ અને સમ્યક્ત્વ એ કાળલબ્ધિના પરિપાકથી થનારી ચીજ છે. એટલે આપણે તો શુદ્ધ આત્મતત્ત્વ ઉપર દૃષ્ટિને રાખીને કર્મોને ખપાવતા જવાનું છે. પછી કાળલબ્ધિનો પરિપાક થતાં જીવનો ઉપયોગ ઓટોમેટિક-સ્વયમેવ ભીતરમાં ચાલ્યો જાય છે અને તેથી ગ્રંથિ ભેદાતાં જીવ સમ્યગ્દર્શન પામે છે.

**જેમ સોનાના દાગીનાને એટલે બંગડી-વીંટી આદિ નામ અને તેના ઘાટ-આકાર-રૂપને ભાંગ્યા વિના તેમાંથી શુદ્ધ સુવર્ણ મેળવી શકાતું નથી તેમ જીવના નામધારી અને રૂપધારી બનેલા પર્યાયમાંથી**

મૂળ કારણ તે ઉપાદાન કારણ અને વચલી અવસ્થાઓ તે અસાધારણ કારણ.

**નામ અને રૂપને ભાંગ્યા વિના - ભૂલ્યા વિના પરમાત્મા પ્રાપ્ત કરી શકાતા નથી.** ગ્રંથિભેદ દ્વારા જ્યારે સ્વયંની શુદ્ધતામાં આવવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેને સમજાય છે કે તત્ત્વ એ તો પરથી નિવૃત્તિરૂપ અને સ્વમાં સમાવારૂપ છે એટલે દરેક વસ્તુ એ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વ-ભાવથી પરિપૂર્ણ જ છે અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી શૂન્ય છે અર્થાત્ નિવૃત્તિરૂપ છે, અસરના અભાવરૂપ અવ્યાબાધ સ્વરૂપ છે.

અશુદ્ધ દશામાં પર દ્રવ્યના આલંબન વડે રાગી જીવને બાહ્યસામગ્રી પ્રત્યે મમત્વરૂપ રાગ, ભૂમિકા અનુસારે હોય છે; તેનો દ્રવ્યદષ્ટિના આશ્રયે ત્યાગ કરાવવા માટે બાહ્યપદાર્થોના ત્યાગનો ઉપદેશ કરાય છે. વાસ્તવમાં તો આત્માને પર વસ્તુમાત્રનો ત્યાગ જ હોવો જોઈએ, કેમકે જે પર છે તે પર છે પણ સ્વ નથી. પરંતુ પર્યાયમાં જે કાંઈ રાગ, મમત્વભાવ વગેરે છે, તેના ત્યાગરૂપ નિર્મળ પરિણામ જેટલા જેટલા અંશે થાય છે તેટલા તેટલા અંશે રાગાદિની ઉત્પત્તિ થતી નથી. જ્યાં આવું હોય ત્યાં જીવને પરવસ્તુના ત્યાગનો કર્તા કહેવો એ અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે કેમકે નિશ્ચય સમ્યગ્દર્શન વિના અજ્ઞાનીના હઠરૂપ ત્યાગને વ્યવહારે પણ ધર્મસંજ્ઞા નથી.

આમ દ્રવ્યદષ્ટિની સ્પર્શના દ્વારા પરિણતિની શુદ્ધતા વધતા ઉપયોગ ઉપયોગમાં સમાતા કર્મબંધ થતો નથી. પરંતુ ચિદાનંદ સ્વરૂપમાં લયલીનતા સધાતા પરમાત્મા અનુભવાય છે. આને સમ્યક્ તપ કહેવાય છે. આને જ પુરુષાર્થ કહેવાય છે. દઢપ્રહારીની ચારિત્ર લીધા પછીની જે સાધના હતી તે દ્રવ્યદષ્ટિની સાધના હતી. 'પુરુષ' એટલે પૂર્ણ જ્ઞાનઘન ચેતના અને અર્થ એટલે તેમાં ઉપયોગવંત સ્થિતિ. આ જ શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ કહેવાય.

નિજ પરમાત્માના આશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ

---

જે સ્થિર (આસન) છે તેની નજીક(ઉપ) જવાની ક્રિયા તે ઉપ+આસન=ઉપાસના !

શુદ્ધિ વડે શુભાશુભ ઇચ્છાઓનો નિરોધ કરવો અને આત્મામાં સ્થિતિ કરવી, આત્માના આનંદને અનુભવવો, અખંડિત પ્રતાપવંત રહેવું અને નિસ્તરંગ ચૈતન્યરૂપે શોભિત થવું તે તપ છે. આવો નૈશ્ચયિક તપ સાધકને ભૂમિકાને અનુસારે હોય છે.

વાદળોથી સૂર્ય ઢંકાવા છતાં સૂર્ય પોતાની તેજસ્વીતાને ક્યારે પણ ગુમાવતો નથી અને વાદળોથી ઢંકાવા છતાં સૂર્ય વાદળરૂપ થતો નથી તેમજ વાદળો સૂર્યરૂપ થતાં નથી. બન્ને પોતાની સ્વતંત્ર પરિણમન શક્તિથી શોભે છે; તેમ કર્મથી આવરણ આવવા છતાં જીવાત્મા પોતાના ત્રિકાળી અબાધિત સ્વરૂપમાં નિરંતર પરિણમન કરી રહ્યો છે.

અનાદિ અનંતકાળથી જડ અને ચેતન પદાર્થો પોતાની સ્વયંની શક્તિના કારણે સ્વતંત્ર પરિણમન કર્યા જ કરે છે તે જ વસ્તુ સ્વભાવની અભંગતા દર્શાવે છે.

**ભાગવત્ કથામાં કૃષ્ણના દેહનું તેમજ તેના શરીર પરના અલંકારોનું વર્ણન સાંભળતાં અબુઝ ગામડિયો બુઝી ગયો હતો કારણકે એની દૃષ્ટિ કૃષ્ણમય બની ગઈ હતી. તેમ આંખમાં શ્રદ્ધાનું અંજન આંજ્યુ હશે તો ચોમેર પરમાત્મા જ દેખાશે. દ્રવ્યદૃષ્ટિ તીક્ષ્ણ બને છે પછી ગમે તેવા પર્યાય આવે તોય તેમાં નિર્લેપતા-નિર્મમતા રહે છે. દરેકે દરેક તીર્થંકર પરમાત્માઓની સાધના છેલ્લા ભવમાં દ્રવ્યદૃષ્ટિ પ્રધાન હોય છે. ગુણસેનની છેલ્લા ભવની સાધના દ્રવ્યદૃષ્ટિપ્રધાન હતી.**

પ્રસ્તુત સ્તવનની કડી દ્વારા નિજાનંદી અવધૂત યોગીશ્રી આનંદઘનજી મહારાજાનો એ અંગુલિ નિર્દેશ છે કે સ્વયંના સ્વતંત્ર પુરુષાર્થ દ્વારા સ્વ સમય-સ્વ દ્રવ્યમાં ધ્રુવતા, અભંગતા, અખંડતા પ્રાપ્ત કરવી તેમજ પર

---

જેમ મદીરાને જોતાં શરાબી અને મહિલાને જોતાં કામી ભાન ભૂલી જાય છે
તેમ પરમાત્માને જોતાં ભાન ખોઈ બેસે તે સાચો ભક્ત !

સમય-પરદ્રવ્યમાં રહેવાથી ઉપયોગ ભંગપણાને, ખંડપણાને પામે છે માટે તે પર-સમય, પર્યાયદૃષ્ટિ છોડવા યોગ્ય છે. પર્યાય દૃષ્ટિ એ જીવની વૈભાવિક સ્થિતિને સૂચવે છે. પુદ્ગલ દ્રવ્યનો સ્વભાવ ગુરુલઘુ છે, આત્મા અગુરુલઘુ સ્વભાવવાળો છે. આત્મા અનંત ગુણથી યુક્ત છે. અનંત શક્તિથી યુક્ત છે. આમ દ્રવ્યમાં ધ્રુવપણું કાયમ રહે છે માટે દ્રવ્યદૃષ્ટિને કેળવીને ઉપયોગની અભંગ સ્થિતિને પામવું એ ચારિત્ર છે.

એકાન્તમાં આંતર અવલોકન કરતાં મનના વિરાટ સાગરમાં જાત જાતના વિકલ્પો, વૃત્તિઓ, વ્યાકુળતાઓ, અશાંતિ અને વ્યગ્રતા દેખાય છે. શા માટે ? કર્મસત્તાએ ચૈતન્ય સત્તા ઉપર કોઇ સીલ માર્યું નથી. પાંચે ભાવોમાં પરમ શ્રેષ્ઠ એવો પરમ પારિણામિકભાવ છે તેની ઉદ્‌ઘોષણા છે કે જગતની કોઈ સત્તા અમને બદલાવી ન શકે, પલટાવી ન શકે, રોકી ન શકે. આ સમગ્ર તત્ત્વ પ્રગટ જ છે. આપણે પરાધીન, પરતંત્ર, દીન, હીન અને કંગાળ ન બનવું જોઇએ. એક અલૌકિક આનંદ આપણી ભીતરમાં વહી રહ્યો છે. આપણે ભીતરમા ઊંડા ઉતરીને દૃષ્ટિ કરતા નથી - તન્મય થતાં નથી એના કારણે સ્વરૂપ સાથે આપણું અનુસંધાન થતું નથી. આપણે આપણા કરતાં કર્મોને વધારે મહત્વ આપ્યું છે તે જ આપણા દુઃખનું કારણ છે.

ચેતન દ્રવ્ય સ્વયં અક્રિય છે, જેમાં સ્વભાવે કાંઇ પણ કરવાપણું નથી; તેની પ્રાપ્તિ કાંઇક કરવાથી કેવી રીતે થાય ? ચેતન દ્રવ્યે શું કર્યું છે કે જેથી એ કર્મબદ્ધ છે, રાગ-દ્વેષથી લિપ્ત છે, ચાર ગતિમાં રખડનાર છે, એના અનુભવમાં દુઃખ છે, સંતાપ છે, અશાંતિ છે, વ્યગ્રતા છે, વ્યાકુળતા છે ? તેનું સમાધાન એ છે કે ચેતન દ્રવ્યે કાંઇ જ કર્યું નથી. **એને માત્ર પોતાના ચૈતન્યમય - જ્ઞાન અને આનંદમય સ્વરૂપનું વિસ્મરણ**

---

સમ્યગ્ વિકલ્પો કે આત્મભાવો ઉપર કોઈ નામ-લિંગ-વેષની છાપ નથી.
નામ-લિંગ-વેશની છાપ તો દેહ ઉપર છે.

**થયું છે, એથી એના માટે પ્રકૃતિ રચાઇ છે. પોતાને પોતાનું વિસ્મરણ થતાં અન્ય દ્રવ્યો, અન્ય દ્રવ્યસંબંધી ભાવો અને તેના પર્યાયો તરફ ઢળવું થયું છે, તેથી પ્રકૃતિદ્વારા કર્મોની રચના થઈ છે અને તેથી તેના ઉદયે સુખદુઃખ થાય છે. યાદશક્તિ ખોઈ બેસનાર વ્યક્તિની કલ્પના કરો કે એની કેવી દશા થાય છે ? એ પોતાની ઓળખ-આઈડેન્ટીટી, પોતાનું વજુદ ખોઈ બેસે છે. આપણે પણ આત્મસ્વરૂપનું વિસ્મરણ થવાથી આપણી આગવી ઓળખ અને વજુદ ગુમાવી બેઠા છીએ. ચેતન દ્વન્દ્વોમાં અટવાઇ ગયો છે. અજ્ઞાનના કારણે ચેતન પ્રકૃતિને પોતાનો સ્વભાવ માની બેઠો છે એટલે એ બીજાની પ્રકૃતિ સાથે લડે છે, સંઘર્ષ કરે છે, ક્યારેક તે પોતાની પ્રકૃતિને બગાડે છે તો ક્યારેક સુધારે છે અને તેમાં ધર્મ માને છે પણ ખરેખર તે સાધના નથી. તો હવે સાધના શું ?**

**સ્વભાવ અને પ્રકૃતિ બન્નેને પ્રજ્ઞા છીણીથી જુદા પાડી બન્ને વચ્ચે સૂક્ષ્મતમ ભેદ કરી, અંતરના સમ્યગ્ જ્ઞાનની તીક્ષ્ણધારાથી એ સંધિ ઉપર ઘા કરી બન્નેને બરાબર જુદા કરી પ્રકૃતિથી ભિન્ન એવા સ્વભાવમાં ઠરવું એજ સાધના છે.**

મજબૂત હથોડાના ઘાથી હીરો તૂટતો નથી પણ પાતળી, ઝીણી, સૂક્ષ્મ હીરાકણી મજબૂત હીરાને કાપે છે. આવું જ કામ તીક્ષ્ણ જ્ઞાનની ધારા કરે છે. પ્રકૃતિનો સ્વભાવ તરીકેનો સ્વીકાર એ જ ભ્રમ છે, એ જ અજ્ઞાન છે. સ્વભાવની મર્યાદા અર્થાત્ લક્ષ્મણરેખા વટાવી પ્રકૃતિમાં ન જવું, તેની સતત કાળજી રાખવી તે જ ધર્મ છે. પ્રકૃતિમાંથી છલાંગ મારી સ્વભાવમાં ઠરવાનું છે. **કર્મના ઉદયની ધારામાં ઉપયોગને ન જોડતાં જ્ઞાનધારા-ચેતનાની ધારામાં ઉપયોગને ઢાળી દેવાનો છે.**

શાસ્ત્રો વાંચવા, તત્ત્વ ચર્ચાઓ કરવી આ બધા ઉપાયો તો જીવે

---

જેટલાં જોનારા તેટલાં જગત ! જોનાર જેવું જગત જૂએ છે તેવું તેનું જગત હોય છે.

કર્યા છે પણ કર્મના ઉદયના સાગરમાંથી બહાર નીકળીને ચેતનાના સાગરમાં ડૂબ્યો નથી. બસ એમાં ડૂબી જવું એ જ સાધનાનો મર્મ છે. કોઇ સાધન, કોઇ ક્રિયા, કોઇ કર્મ, કોઇ અનુષ્ઠાન, કોઇ આલંબન અહીં કામમાં આવતા નથી. નિરુપાયતા છે અને તે સાધન પક્ષે છે અને તેથી જ આના માટેનું સાધન સાધ્યથી જુદુ ન હોઇ શકે. અહીં સાધન-સાધ્ય વચ્ચેનો ભેદ ન હોઇ શકે. સમગ્ર ઉપયોગ, સમગ્ર લક્ષ્ય અને સમગ્ર ચેતનાની ધારા, એ ધારા જ્યાંથી ઉઠે છે તે તરફ, તેમાં વાળવાની છે. આ સ્વાભાવિક પ્રક્રિયા છે. કરવાની ક્રિયા નથી. એ પ્રમાદ પણ નથી અને બાહ્યપ્રવૃતિની દોડધામ પણ નથી એ અંતરની પરમ જાગૃતિ છે, મોક્ષ પુરુષાર્થ છે.

સમાધિ મરણ એટલે મૃત્યુ નહિ પણ જન્મ મરણથી મુક્ત શુદ્ધાત્માનો અનુભવ. જે પદાર્થો જેવા છે તેને માત્ર તેવા જાણવા અને તેનો તે રીતે સ્વીકાર કરવો એ જ ધર્મ છે. એટલે કે આપણે જાણવા સ્વરૂપે જ રહેવાનું છે. એની Boundary-લક્ષ્મણરેખા ના ચૂકાય તે ખ્યાલમાં રાખવાનું છે, નહિં તો પ્રકૃતિ શરમાઇ જાય છે અને કહેશે કે આ કેવા છે? અમારી આબંરુ લે છે. દેહ હોવા છતાં દેહાતીત દશામાં રહેવું, સંકલ્પ-વિકલ્પ રહિત થવાનો પ્રયત્ન કરવો તે માટે વિકાર રહિત થવું તે ધર્મ છે.

**દરસન જ્ઞાન ચરણથકી, અલખ સ્વરૂપ અનેક રે**
**નિર્વિકલ્પ રસ પીજીયે, શુદ્ધ નિરંજન એક રે.. ધરમ પરમ..૫**

**અર્થ :** દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપે આત્મા ન લખી શકાય - ન કળી શકાય તેવા અનેકરૂપે છે (અને જો) નિર્વિકલ્પ રસનું પાન કરવામાં આવે તો શુદ્ધ, નિરંજન એવો એક પરમાત્મા દેખાય છે.

**વિવેચન :** કવિવર્યશ્રી આનંદઘનજી મહારાજે આ પાંચમી કડીમાં

---

ઉત્પાદ-વ્યય અવસ્થા અનિત્ય છે. પરંતુ મૂળાધાર દ્રવ્ય પદાર્થ તો નિત્ય છે.

પણ સ્વ સમય અને પર સમયની જ પુષ્ટિ કરી છે અને તેના દ્વારા દ્રવ્યદૃષ્ટિમાં એકરૂપ થવાનું અને પર્યાયદૃષ્ટિને ત્યાગવાનું જ જણાવેલ છે. દ્રવ્યદૃષ્ટિથી જોતાં કેન્દ્રમાં એકલો ત્રિકાળી, ધ્રુવ એવો શુદ્ધાત્મા જ છે, જ્યારે પર્યાયદૃષ્ટિ ભેદરૂપ હોવાથી પર્યાયો અનેકતા ઉત્પન્ન કરે છે અને તેથી તે પર્યાયો એ પરિઘમાં છે.

સમુદ્રમાં ઉત્પન્ન થયેલા મોજાઓ-તરંગો, જેમ સમુદ્રમાં સમાય છે તેમ ઉત્પન્ન થયેલા આ પર્યાયો પુનઃ તે દ્રવ્યમાં જ સમાય છે. ભેદ કથનથી દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પર્યાયો અનેકરૂપ છે, અલખ સ્વરૂપ છે. અલખ એવો આત્મા પોતે જ જ્ઞાન-દર્શન-ચારિત્ર થકી અનેક સ્વરૂપ વાળો છે. જ્ઞાન-દર્શન અને ચારિત્ર દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય કેવળ આત્મા જ છે.

ભેદ કથનથી તેની વિવક્ષા અનેક રીતે કરી શકાય છે, જે અંતે તો કેવળ એક પરમાત્મ દ્રવ્યને જ ઓળખાવે છે. અંતે તો દ્રવ્યદૃષ્ટિ-સ્વસમયમાં તદ્રૂપ થવું તે જ લક્ષ્યાર્થ છે. ઉપયોગવંત આત્મા સ્વરૂપમાં લીનતા સાધવા દ્વારા લક્ષ્યને ભેદે છે, તે જ મનુષ્ય જીવનની સાર્થકતા છે. નિર્વિકલ્પ ઉપયોગમાં રહેવું તે લક્ષ્ય છે. જ્યાં સુધી પર્યાય દૃષ્ટિ છે, પર્યાયોમાં જ વિશેષતા છે, પર્યાયોમાં જ રાચવાપણું છે, ત્યાં સુધી તે લક્ષ્ય હસ્તગત થતું નથી. ખાવા પહેલાં ખાદ્ય વાનગી વિષેના અને એને તૈયાર કરવામાં અનેક સંકલ્પ વિકલ્પો છે પણ તૈયાર કરાયેલી વાનગી આરોગતા વાનગીમયતા નિર્વિકલ્પદશા છે. એનું માત્ર આસ્વાદન છે.

નિર્વિકલ્પ અવસ્થાને પામવા તૈલધારાવત્ ઉપયોગ બનાવવાનો છે. તે માટે પર સમય-પર દૃષ્ટિ-પર્યાયદૃષ્ટિમાં જે અનાદિકાલીન રમણતા છે તેને છોડવાની છે. પોતાના સ્વરૂપને વારંવાર યાદ કરી, તેની રૂચિ

---

સઘન કરી ઉપયોગને પોતાના સ્વરૂપના બીબામાં સતત ઢાળતા રહેવાનું છે. **પોતાનું સ્વરૂપ કેવું છે તેને વારંવાર યાદ કરવું તે જ્ઞાન છે. સ્વરૂપ જ યાદ આવે બીજુ કાંઇ યાદ ન આવે તે રૂચિ છે અને ઉપયોગ સ્વરૂપમય બનીને રહે તે ચારિત્ર છે અને આ ત્રણે જ્યારે અભેદરૂપતાને પામે છે ત્યારે ઉપયોગમાં સ્વરૂપ રમણતા સધાતા તે શુદ્ધોપયોગ કહેવાય છે. આ ઉત્કૃષ્ટ સાધ્વાચાર છે. આ અભ્યંતર સાધ્વાચાર છે. આ પરમ સાધ્વાચાર એવો સ્વરૂપાચાર છે જે શીઘ્ર મોક્ષ આપે છે.**

આત્મા અલખ સ્વરૂપ છે, અગોચર છે, જે જડ ઈન્દ્રિયોથી, વિકલ્પથી કે પરાશ્રયથી તસુમાત્ર પણ પામી શકાય તેવો નથી પણ તે આત્મામાં રહેલ જ્ઞાન, દર્શન, ચારિત્ર, અગુરુલઘુ, પ્રમેયત્વ, પ્રદેશત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, અસ્તિત્વ વગેરે ગુણોથી યુક્ત હોવાથી સ્વસંવેદન જ્ઞાનથી અવશ્ય અનુભવ કરી શકાય-આસ્વાદી શકાય તેવો છે.

વિશેષમાં જ્યારે જીવાત્માંનો ઉપયોગ વિપરીત પુરુષાર્થ કરે ત્યારે તેનું વીર્ય કર્મબંધ કરવા તરફ પ્રેરાય છે અને ત્યારે તે પર્યાયદષ્ટિવાળો કહેવાય છે. પરંતુ જ્યારે પોતાના જ્ઞાયક સ્વરૂપને ઓળખીને આત્મજાગૃતિને વિકસાવે છે ત્યારે તે પોતાનું બળ પોતાનામાં વધારતો વધારતો અંતે નિર્વિકલ્પતામાં લીન થાય છે.

વિકાર એ આત્માનો ત્રિકાળી સ્વભાવ નથી પણ ક્ષણિક યોગ્યતારૂપ સાંયોગિક વિભાવ છે. વર્તમાન પર્યાયમાં સ્વને ચૂકીને પરદ્રવ્યનું અવલંબન લેવામાં આવે ત્યારે પર્યાયમાં વિકાર પેદા થાય છે. તેથી જ તેવી કર્મના ઉદયજનિત સાંયોગિક અવસ્થાને આત્મસ્વરૂપમાં સ્થિરતા-રમણતા-તન્મયતા દ્વારા ટાળી શકાય છે. નિર્વિકલ્પ રસનું પાન કરવા દ્વારા અભેદતાને વરી શકાય છે.

---

જેને દેહનું સુખ જોઇતું નથી તેને દેહનું કોઇ દુઃખ નથી.

આવા અલખ સ્વરૂપ આત્માની ઓળખ વિસ્તારથી અધ્યાત્મગ્રંથોમાં યોગીશ્વરોએ કહેલી છે તે આ પ્રમાણે છે –

આત્મા તો શુદ્ધ ચૈતન્યરૂપે પરિણમે છે પણ તેને દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ ની ઉપાધિ વળગી છે. ઉપાધિમાં ઉપયોગ અટક્યો છે. અશુદ્ધિમાં રમણતા થઈ ગઈ છે તે જ મોહ છે. એના કારણે કષાયની કાલિમા દેખાય છે. **જ્યારે સંપૂર્ણ ઉપયોગ ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ પરમ પારિણામિકભાવાત્મક દ્રવ્ય ઉપર કેન્દ્રિત થાય છે ત્યારે સ્વાનુભૂતિનો જન્મ થાય છે. યોગ અને ધ્યાનની પ્રક્રિયા અંતઃકરણ સ્વરૂપ મનની શુદ્ધિ માટે છે પણ વલણ બદલવા માટે તો માત્ર જ્ઞાન, માત્ર સમજ, માત્ર વિવેક એ જ સાધન છે. શુદ્ધાત્મા તરફી થયેલું વલણ જેમ જેમ જોર પકડે છે તેમ તેમ સાધનામાં ઊંડાણ આવે છે. સાધના પરિણામ સ્વરૂપી સઘન બનતી જાય છે.**

શુદ્ધ આત્મદ્રવ્ય અખંડ છે, ત્રિકાળ છે, સહજ વિદ્યમાન છે. એને જોનારું જ્ઞાન પણ પ્રત્યક્ષ હાજર છે. તે જ્ઞાન આજે દેહાદિ પરજ્ઞેયો તરફ વળીને તેમાં અટકીને ઊભું છે. આ અટકણે જ ભટકણ ઊભી કરી છે. એ જ્ઞાન પરજ્ઞેયોમાંથી છૂટીને સ્વજ્ઞેય એવો આત્મા કે જે જ્ઞાતા છે, તેના તરફ જો વળી જાય અને જ્ઞાતામાં ઢળી જાય, તો જ્ઞાન અને જ્ઞાતા વચ્ચેનો દ્વૈતભાવ વિલીન થઈ જાય તેમ છે અને તેમ થતાં જ્ઞાન-જ્ઞાતાના અદ્વૈતભાવથી અનુભવની અવસ્થા પ્રગટે તેમ છે, જે નિર્વિકલ્પરસનું પાન કરવા સ્વરૂપ છે.

**જ્ઞાતા વચનાતીત છે-શબ્દાતીત છે-પરમ મૌન સ્વરૂપ છે. જ્ઞાતામાં ભાષા નથી. જ્ઞેયમાં શબ્દ છે પણ પ્રયોગ નથી. પ્રયોગ જ્ઞાતાના ભાવમાં છે. જ્ઞાતા જ્યારે જ્ઞેય તરફ જઈને એની પ્રશંસા કે નિંદા કરે છે ત્યારે**

---

પહેલું ભેદજ્ઞાન છે. પછી અભેદજ્ઞાન છે. પહેલાં ત્યાગ-વૈરાગ્ય છે અને પછી જ્ઞાન-ધ્યાન છે.

**ત્યાં મૌનની ધારા તૂટે છે અને તેથી ત્યાં મૌનનો ભંગ થાય છે. સ્વરૂપ રમણતામાં હાનિ પહોંચે છે અને તેથી ત્યાં નિશ્ચયનયનું અપ્રમત્ત ગુણસ્થાનકનું ચારિત્ર ન રહેતાં ત્યાં તે નય સંમત સમ્યક્ત્વ પણ રહેતું નથી અને તેથી જ આચારાંગ તેમજ જ્ઞાનસારમાં મૌન એ જ સમ્યક્ત્વ અને સમ્યક્ત્વ તે જ મૌન છે; એમ જણાવ્યું છે.**

**સ્વયં પરિણમવું અને સ્વમાં પરિણમવું એ દરેક દ્રવ્યનો ત્રિકાળાબાધિત સ્વભાવ છે.** દરેક જડ દ્રવ્યો પોતાની નિયતિ મુજબ સહજપણે અનાદિ અનંતકાળથી પરિણમી રહ્યા છે પણ તેમાં કર્તાભાવ નથી. કર્તાભાવમાં અહંકારની છાંટ છે. આ અહંકાર એ અજ્ઞાનની પેદાશ છે અને અજ્ઞાન એ ચૈતન્યનો સ્વભાવ નથી પણ વિભાવ છે. અજ્ઞાન એ જ્ઞાનગુણનો વિભાવ છે. એ વિભાવભાવથી ભાવિત ચેતન, પુદ્ગલને જોતાં ડામાડોળ થાય છે અને તે તરફના વિકલ્પો અંદરમાં ઉભરાય છે, તેમાંથી વિકારો જન્મે છે, જે સંગ છે. આ સંગ એ સમગ્ર સંસારનું મૂળ છે.

સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદા-લક્ષ્મણરેખા ઓળંગી પરદ્રવ્યાદિની હદમાં ચેતન જાય છે ત્યારે સંગ દોષ ઉત્પન્ન થાય છે. પછી એ સંગ દોષ ઉપયોગની ધારામાં, વૃત્તિની ધારામાં અને પ્રવૃત્તિની ધારામાં ફેલાય છે.

**ઉપયોગની ધારાનો સંગ દોષ એનું નામ મિથ્યાત્વ-અવળી મતિ-અવળી માન્યતા.**

**વૃત્તિની ધારાનો સંગ દોષ એનું નામ અવિરતિ-મમત્વ**

**પ્રવૃત્તિની ધારાનો સંગ દોષ એનું નામ કષાય-પર પરિણામિકતા**

આ ધારાને પ્રત્યેક ક્ષણે તોડવાની છે. એનું મુખ્ય સાધન તે

---

બાહ્ય સાધન (ઉપકરણ) દ્વારા સાધના કરવાની છે અને
અભ્યંતર અસાધારણ કારણ દ્વારા ભાવમાં આરોહણ કરવાનું છે.

વૈરાગ્ય. સંસાર અસાર છે એમ કહેવું અને માનવું તે વૈરાગ્ય નથી. તમે ન કહો અને ન માનો તો પણ સંસાર અસાર છે પણ એમાં રસપૂર્વક ન પરિણમવું, ગાઢ આસક્તિ પૂર્વક ન પ્રવર્તવુ, **સંસારને સારો ન માનવો પરંતુ તેને ઉકેલવાની દૃષ્ટિએ પ્રવર્તવું તે વૈરાગ્ય છે.** રાગને આત્માનો વૈરી માનવો તે વૈરાગ્ય છે. રાગના વૈરી હોવું તે વૈરાગ્ય છે.

**परसंगेण बंधो, मोक्खो परभाव चायणे होइ।**
**सव्व दोसाण मूलं, परभावाणुभाव परिणामो॥**

આત્મા જ્યાં સુધી પર વસ્તુનો સંગી હોય છે ત્યાં સુધી આત્માને કર્મબંધ થતો રહે છે પરંતુ જેમ જેમ આત્મા સકળ પરભાવ પરિણમનનો ત્યાગ કરે છે, તેમ તેમ તે આત્મા કર્મ રહિત થતો જાય છે અર્થાત્ મોક્ષ પામે છે. કેમકે આત્મા વડે જે જે પરવસ્તુનો અનુભવ કરાય છે તે જ સર્વ દોષોનું એટલે કે પરભાવ આશંસાનું મૂલ છે.

પોતાના દેહમાં પરમાત્મા બિરાજમાન છે પણ જીવાત્મા તેનો સતત ઈન્કાર કરતો આવ્યો છે. આ અસ્તિત્વ તરફનું નકારાત્મક વલણ એ જ દર્શન મોહ છે. એ જ નાસ્તિકતા છે. મોહ એટલા માટે કે જેની સ્વયંસિદ્ધ સત્તા છે તે હોવા છતાં તેનો ઈન્કાર થાય છે. આ ભૂલ ન સુધરે ત્યાં સુધી કોઈ વ્રત, તપ, જપ, નિયમ, શાસ્ત્ર, સાર્થક નહિ બને. **પરમાત્મ સ્વરૂપ આત્માના અસ્તિત્વના સ્વીકારરૂપ ''આસ્તિક્ય''એ સમ્યકત્વનું પાયાનું લક્ષણ છે.**

आत्मनि एव सुखमस्ति इति धीः आस्तिक्यम्

**પરમાત્મ સ્વરૂપ આત્મામાં જ સુખ છે એવી બુદ્ધિ એ આસ્તિકતા છે.**

**જીવાત્મા ભોગમાંથી બહાર નીકળ્યો પણ સંપ્રદાયોમાં પ્રચલિત**

ક્રિયાકાંડોમાં ધર્મ માનીને ત્યાં અટક્યો છે. આ સોનાનું ઢાંકણું છે, જે ખોલવાનું તેને મન થતું નથી કારણકે તે સુવર્ણમય છે. સત્ય, પરમ સત્ય એની નીચે ઢંકાયેલું છે. એને દૂર કરવું પડશે. સોનાના ઢાંકણામાં એને સંતોષ છે. મજા છે. હું ધર્મ કરું છું! સાધના કરું છું! એવો અહંકાર તૃપ્ત થાય છે પણ એ છેતરાય છે. એક પરમ સત્યથી તે વંચિત રહે છે.

આનંદઘનજી મહારાજ આ બિંદુ ઉપરથી જીવને આગળની યાત્રા કરવાનું કહે છે. જીવને અજ્ઞાનતા વશ એવી સમજ છે કે સ્વાનુભૂતિ માટે બહારમાં કાંઇક કરવું પડે. એ કારણે એનો ઝોક સ્થૂલ સાધનો તરફ જાય છે, જેનો અનુભવ કરવો છે, તે સ્થૂલ નથી, સૂક્ષ્મ નથી પણ સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છે. અતિસૂક્ષ્મ છે. એ ક્યારે પણ સ્થૂલથી પકડાતો નથી.

વિવેક બુદ્ધિથી વિચારતા એમ લાગે છે કે જ્યારે સ્વાનુભવ થશે ત્યારે માત્ર અનુભવી જ હાજર હશે. પોતાના દ્વારા જ પોતાનો એ અનુભવ કરશે. તે વખતે સ્વરૂપથી ભિન્ન બીજા કોઇ પણ સાધનો ત્યાં હાજર નહિ હોય. જ્ઞાન વિવિધ જ્ઞેયોમાં ફેલાયું છે, જેથી કરીને તે જ્ઞાન, જ્ઞાતાથી દૂર રહે છે. પર જ્ઞેયોમાં ચેતના અટવાઇ જવાથી મૂળ વસ્તુનો અનુભવ શક્ય બનતો નથી. તે જ્ઞાનોપયોગ મૂળ વસ્તુની સમીપમાં આવતા તેને જ્ઞાતામાં ઢળી જતાં વિલંબ થતો નથી. જ્ઞાતાને કોઈ સહાયની જરૂર નથી માત્ર મૌલિક સમજની જરૂર છે.

આત્માની અનુભૂતિ કરવી છે એવો ભાવ જેને ઉઠે છે, જ્યાંથી ઉઠે છે, તે તરફ દૃષ્ટિ જાય તો જોનાર અને અનુભવનાર બન્ને એક થઇ જાય. અને આ બન્નેનું એક થઇ જવું તે જ અનુભવ છે પણ આ અવસ્થા કોઇ વિચારથી, કોઇ ક્રિયાથી સિદ્ધ થતી નથી. પરંતુ તે માટે જીવને

---

એક વેદનામાંથી - અનુભવના વિરહની વ્યથામાંથી પસાર થવું પડે છે. સ્વને પામવાની વેદના તીવ્ર બને પછી જ તે શક્ય બને છે.

**સમ્યગ્દર્શન એ જીવનની એક મૌલિક ઘટના છે, જેમાં તે પોતે સ્વયં જેવો છે તેવો સમગ્રપણે પોતાને જાણી લે છે. તે માટે ઉપયોગને સ્વરૂપના ખલમાં ઘૂંટવો પડે છે. ઉપયોગનું મુખ વૃત્તિ તરફ કે પ્રવૃત્તિ તરફ નહિ પણ સ્વરૂપ તરફ સતત રહે ત્યારે એ રસ ધ્યાનમાં સિદ્ધ થાય છે. ધ્યાનમાં એ રસ સિદ્ધ થયા પછી ઉપયોગ અખંડપણે સ્વરૂપાકારે વર્તે છે. કલાકો-દિવસો-મહિનાઓ અને વર્ષો સુધી ઉપયોગને અવિક્ષેપપણે ધ્યાનમાં ઘૂંટ્યા પછી એ ધારા સિદ્ધ થાય છે અને પછી ઉપયોગ સ્વરસમાં ઝબોળાયેલો રહે છે. પ્રસન્નરસ નિમગ્ન રહે છે અને અંતે બ્રહ્મરસને પામેલો પ્રેમરસ ને કરુણારસ વહાવતો-રેલાવતો સિદ્ધરસને પામે છે. પછી સિદ્ધરસમાં તરબતર રહે છે.**

મોહનીયના કર્મોના ક્ષય, ઉપશમાદિ દ્વારા નિશ્ચયથી સમ્યગ્દર્શનાદિ ગુણોનું પ્રગટીકરણ કરવાનું છે એટલે કે પર્યાયમાં આત્મગુણોનો સંપૂર્ણ ઉઘાડ કરવાનો છે, તે ન થાય ત્યાં સુધી સ્વયંના પૂર્ણ આનંદમય સ્વભાવને પામી શકાતો નથી. તેથી જ મહામહિમાવંત જ્ઞાની પુરુષો તે આત્મતત્ત્વને પકડવાની વાત કરે છે. તેને જો ન સ્પર્શો તો આત્માની વાતો વાણી વિલાસનું કારણ બને છે. શબ્દોની માયાજાળથી આત્મા ક્યારે પણ પામી શકાતો નથી. પૂર્ણ મૌન બની જવાનું છે એટલે કે સ્વયંનો શરણ્યભાવ જ સ્વયંને ઓગાળે છે અર્થાત્ છ એ કારકોને અભ્યંતરમાં પ્રવર્તાવી સ્વયંમાં ઓગળી જવાનું છે. પૂર્ણદ્રવ્યમય બનીને પૂર્ણ પર્યાયનું પ્રગટીકરણ કરવાનું છે, આ જ અરનાથ ભગવાનનો પરમધર્મ છે.

---

**પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંત રે,**
**વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે.. ધરમ પરમ..૬**

**અર્થ :** પરમારથનો પંથ એટલે નિશ્ચયનયનો માર્ગ જે કહે છે તેઓ એકમાત્ર શુદ્ધાત્મ તત્ત્વની તંત એટલે વિચારણામાં જ રીઝે છે અને તેમાં જ ખુશી અનુભવે છે.

જ્યારે વ્યવહારની દૃષ્ટિએ જોતાં તો આત્માના દર્શન, જ્ઞાન, ચારિત્ર, અવ્યાબાધ વગેરે અનંતભેદો થાય છે.

**વિવેચન :** આ કડીમાં વ્યવહારનયથી વિચારનાર અને નિશ્ચયનયથી વિચારનાર એમ બે ભેદો બતાવી, તેઓ કેવી રીતે આત્માને વિચારે છે, તે બતાવ્યું છે. નિશ્ચયનયની દૃષ્ટિએ જોતાં વિકલ્પ રહિત, ભેદની કલ્પના રહિત એક એવો શુદ્ધાત્મા જ ભાસે છે અને વ્યવહારથી ગુણપર્યાયની અપેક્ષાએ અનંતભેદોયુક્ત આત્મા ભાસે છે.

જેઓ એકાંતે આત્માંના જ – શુદ્ધાત્માના જ રાગી છે, તેની જ રૂચિવાળા છે, તેઓ હંમેશા ઉત્સર્ગ માર્ગ અને ઉત્કૃષ્ટ માર્ગને કહે છે. આ ઉત્કૃષ્ટ માર્ગના બતાવનારને નિશ્ચયનયની રૂચિવાળા જાણવા. એમને મન પરંપર કારણ કરતાં કાર્યસિદ્ધિ કરાવનાર અનંતર કારણનું માહાત્મ્ય અદકેરૂં છે.

જ્યારે જેઓ વ્યવહાર પર લક્ષ્ય રાખનાર છે, તેવા વ્યવહારનયવાદીના મતે અનંતભેદો છે અર્થાત્ તેઓ આત્માનું સ્વરૂપ જ્ઞાન-દર્શન-ચારિત્ર-પ્રમેયત્વ, વસ્તુત્વ, અસ્તિત્વ, દ્રવ્યત્વ વગેરે અનંત ભેદે બતાવે છે. **ભેદ સ્વરૂપ, ભેદ-પ્રભેદથી અનેક પ્રકારનું હોય છે પરંતુ અભેદ સ્વરૂપ એકરૂપ જ હોય; તેથી બહુરૂપી પુદ્ગલની બહુરૂપતા સમજવી અને સમજાવવી**

**અધરી છે જ્યારે આત્મા એકરૂપ હોવાથી તેને સમજવો અને સમજાવવો સહેલો છે. છતાં એ નથી સમજાતો તેનું કારણ એ છે કે તે શબ્દ ગમ્ય નથી-બુદ્ધિ ગમ્ય નથી પણ અનુભવ ગમ્ય છે.** નિશ્ચય-નિર્ણય એટલે કે મંઝીલ એક જ હોય પણ ત્યાં સુધી પહોંચવાના રસ્તા-માર્ગો-સાધનો ગાડાથી લઇ વિમાન સુધીના અનેક હોય.

એમ અનુભવની ધરી પર રહી જ્ઞાન, ભક્તિ, વૈયાવચ્ચ વગેરે અનેક યોગથી આત્મા પામી શકાય છે.

**દરેક દ્રવ્ય એક સમયમાં પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ ત્રિસ્વભાવને સ્પર્શે છે. જ્યારે પર્યાયમાં સમ્યગ્દર્શન થાય છે ત્યારે તે સમ્યગ્દર્શનનો ઉત્પાદ, મિથ્યાત્વનો વ્યય અને શ્રદ્ધાપણે પોતાની ધ્રુવતાને સ્પર્શે છે અને આ ત્રણેય પાછા આત્મામાં જ સમાય છે પણ આત્માને છોડીને બહારમાં સમાતા નથી. આવું સમજનારં જ્ઞાનીને પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવતા સિવાય બહારમાં કિંચિત્ પણ કાર્ય પોતાનું ભાસતું નથી. પોતાના ત્રિકાળી શુદ્ધ એવા આત્માના અવલંબને નિર્મળતાનો ઉત્પાદ, મલિનતાનો વ્યય થતો જાય છે અને તે વખતે ધ્રુવતાનું અવલંબન રહ્યા જ કરે છે આનું નામ જ અરનાથ ભગવાનનો પરમ ધર્મ જણાય છે.**

લોકમાં છ એ દ્રવ્યો એકજ ક્ષેત્રે અડોઅડ રહેલા હોવા છતાં કોઇ દ્રવ્ય બીજા દ્રવ્યના સ્વભાવને સ્પર્શતું નથી પરંતુ અસ્તિત્વ વગેરે ગુણોથી પોતાના સ્વભાવને જ સ્પર્શે છે. જો આ રીતે બધા જ પદાર્થોના ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવને બરાબર ઓળખી લેવામાં આવે, તો શીઘ્ર ભેદજ્ઞાન થાય. પર દ્રવ્યમાંથી આપણો હસ્તક્ષેપ નીકળી જાય એટલે સ્વભાવની મર્યાદામાં જ રહેવાય અને તેમ થતાં, ગ્રંથિભેદ થતાં, સમ્યગ્ દર્શનાદિ ગુણો પ્રગટ થાય.

**સઘળા પદાર્થો પોતપોતાના ગુણ-પર્યાયોમાં જ રહે છે. અંશે પણ અન્ય દ્રવ્યના ગુણ-પર્યાયરૂપે થતાં નથી. આવી પદાર્થોની સ્થિતિ મોહક્ષયના કારણભૂત પવિત્ર એવા જિનાગમોમાં કહી છે.**

નિશ્ચયનય અને વ્યવહારનય દ્વારા આત્મતત્ત્વનું સ્વરૂપ બતાવીને ભેદજ્ઞાનનો પ્રયોગ કરી આત્મતત્ત્વને પોતાની પર્યાયમાં કેમ પ્રગટ કરવું; તે વાત બતાવી રહ્યા છે. પરદ્રવ્ય-પરક્ષેત્ર-પરકાળ અને પરભાવ કહો કે મોહનો ઉદય કહો, તેને છોડવાનો છે અને વર્તમાન સમયમાં સ્વયંમાં ઉપયોગવંત બનીને રહેવાનું છે. જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ નિર્મળ પર્યાયનો ઉઘાડ થતાં જ મહામહિમ એવા આત્મદ્રવ્યનો મહિમા સમજાય છે.

દ્રવ્યદૃષ્ટિએ તો જીવ માત્ર સિદ્ધ સમાન છે. સિદ્ધોને કેવળજ્ઞાનની પર્યાયનો પૂર્ણ ઉઘાડ છે એટલે એમને તો મહામહિમ એવા આત્મદ્રવ્યનો મહિમા સતત અનુભવમાં આવ્યા કરે છે; જ્યારે સંસારવર્તી જીવોને પર્યાયમાં ગુણોનું પ્રગટીકરણ કરવાનું બાકી છે, તેથી તે જીવોને આત્માનો મહિમા સમજાયો જ નથી; માટે પર્યાય દૃષ્ટિનું ભટકણ છૂટ્યું જ નથી. કર્મના ઉદયથી પ્રાપ્ત થતાં વિનાશી સંયોગો અને સંબંધો, જીવને પોતાના લાગ્યા જ કરે છે, એક ક્ષણ પણ પોતાના નથી એવું અનુભવાતું નથી; એ પર્યાયદૃષ્ટિનું અજ્ઞાન છે. **એકલી પર્યાયદૃષ્ટિમાં-એકલા કોરા વ્યવહારમાં જીવને ભીતરમાં અપેક્ષાઓના અને અહંકારના ઝુંડના ઝુંડ વળગેલા હોય છે કારણકે તે પર્યાયથી પોતાને મોટો માને છે. એને પોતાના ત્રિકાળી ધ્રુવ આત્મતત્ત્વની મહાનતા સમજાયેલી હોતી નથી એટલે પોતે કલ્પેલા, માનેલા, ઈચ્છેલા, વિચારેલા પર્યાયોમાં જ્યારે ઉથલપાથલ થાય છે ત્યારે તેના સંકલેશ અને અસમાધિનો પાર રહેતો નથી. પોતાની ઈચ્છાથી વિરુદ્ધ જ્યારે થાય ત્યારે પર્યાયદૃષ્ટિના મોહમાં અને વમળમાં**

---

તે જ ધર્મસંપ્રદાયનો ઉદય થાય છે જે ધર્મમાં નીંદા ન હોય, ટીકા ન હોય, વિશાળતા હોય, ઉદારતા હોય.

**તણાયેલો હોવાથી તે સમાધાન કરી શકતો નથી. વિપરીત સંયોગોમાં સમભાવે નિકાલ તે જ કરી શકે કે જેને તે સંયોગોમાં પોતે ભૂતકાળમાં કરેલી ભૂલ દેખાય અને તે ભૂલના પ્રભાવે વર્તમાન સંયોગ પ્રાપ્ત થયેલો દેખાય. આવેલા વિપરીત સંયોગોમાં નિમિત્ત બનનાર સર્વથા નિર્દોષ દેખાય તો જ ત્યાં સમાધાન, સમભાવે નિકાલ, સમાધિ વગેરે ટકી શકે, એ માટે આ બધામાં પોતાના શુદ્ધાત્મ સ્વરૂપનો ખ્યાલ, રૂચિ વગેરે હોવા ખૂબ જરૂરી છે.**

પરમારથનો પંથ એટલે નિશ્ચય નયનો માર્ગ. તેને કહેનારા એકમાત્ર આત્મતત્ત્વની જ રૂચિવાળા હોય છે. આત્મતત્ત્વની રૂચિ તીવ્ર બનતાં જીવ ગ્રંથિભેદ દ્વારા સમ્યકત્વને પામે છે. આત્મતત્ત્વને અનુભવે છે. સમ્યગ્દર્શન એ જીવનની એક મૌલિક ઘટના છે, જેમાં તે પોતે સ્વયં જેવો છે તેવો સમગ્રપણે પોતાને જાણી લે છે. તે માટે ઉપયોગને સ્વરૂપના ખલમાં ઘૂંટવો પડે છે. વૃત્તિઓના વંટોળ જીવના ઉપયોગને ડહોળી રહ્યા છે. વૃત્તિઓના વંટોળ ભલે રહ્યા પણ તું વૃત્તિ નથી, વૃત્તિનો સ્રષ્ટા નથી, વૃત્તિનો ભોક્તા નથી, વૃત્તિનો સ્વામી નથી. વૃત્તિ એટલે અંતઃકરણનો પરિણામ. એ તારી હાજરીમાં ઉઠે છે, એ વાત સાચી પણ એ વૃત્તિ તારું સ્વરૂપ નથી. તું સ્વરૂપમાં ડૂબકી માર તો વૃત્તિઓ બહાર રહી જશે. સ્વ એટલે ચૈતન્ય, ચિતિ શક્તિ તેમાંથી વહેતો રસ તે શુદ્ધ જ્ઞાન અને શુદ્ધ આનંદ. તેને વહેતો કરનારી જે ઉપયોગની ધારા તેજ સ્વરસવાહિતા છે-આત્મરસ વાહિતા છે.

**જ્યારે ચેતના પ્રવાહ પોતાના સ્વામી ચૈતન્યદેવને ગાઢ આલિંગે છે ત્યારે સંસાર નિરાધાર બની તૂટી પડે છે. કાંઈક થવાની અને કાંઈક કરવાની જે તીવ્ર ઇચ્છા છે તે જ વૃત્તિ છે.** અહંકારમાંથી જન્મેલી આ

---

અજ્ઞાન એટલે જ્ઞાનની વિકૃતિ ! અર્થાત્ પ્રકૃતિની વિકૃતિ. વૃત્તિને પલટાવવાથી અજ્ઞાન જાય છે.

વૃત્તિ પ્રબળ બને છે ત્યારે થવાની અને કરવાની ઇચ્છા જોરદાર બને છે. પુત્ર, પિતા, માતા, પિતા, પતિ, પત્ની, ગુરુ, શિક્ષક, સાધુ, ત્યાગી, સંન્યાસી, યોગી, ભોગી, ધ્યાની, વિજ્ઞાની, શ્રીમંત થવું છે અને થવા માટે કરવું છે. જીવનમાં આ પ્રબળ બને છે ત્યારે ચેતના એમાં અટવાય છે. **અધ્યાત્મ ક્ષેત્રે કરવાપણું નથી. પર્યાયમાં થવાપણું છે. દ્રવ્યમાં હોવાપણું છે. જ્યાં પોતામાં જ કરવાપણું નથી ત્યાં અન્યમાં કરવાપણું કે અન્યને પમાડવાપણાનો કે બનાવવાપણાનો પ્રશ્ન રહેતો જ નથી.**

**ધર્મ એ ક્રિયા નથી, વિચાર નથી, વ્યવહાર નથી, એ સ્વભાવ છે. વસ્તુનો સહજ સ્વભાવ એ જ ધર્મ. ।। वत्थु सहावो धम्मो ।। સ્વની ઓળખ તે જ્ઞાન અને સ્વનું અવિસ્મરણ તે ધ્યાન છે. ધ્યાનમાં સ્વભાવનો આવિર્ભાવ થાય છે. સ્વભાવનું વિસ્મરણ એ વિભાવ છે કે જેના કારણે જ કર્મનો બંધ થાય છે.**

પ્રવૃત્તિ કરતાં કરતાં વૃત્તિઓનું ઉત્થાન ન થાય, એને તક ન મળે એ જોયા કરવું અને ચેતના એ વૃત્તિઓમાં અટવાઈ ન જાય ગૂંચવાઇ ન જાય. એનું ધ્યાન રાખવું એ જાગૃતિ છે. અંદરથી કર્તાભાવ સંપૂર્ણ છૂટી ગયો હશે અને પ્રવૃત્તિ માટેના પરિણામનો આગ્રહ છૂટી ગયો હશે પછી પ્રવૃત્તિ બાધક નહિ બને. પરિણામનો આગ્રહ જ આવેશમાં તાણી જાય છે. વાસના, વૃત્તિ, વિકલ્પ અને વિચારથી ચેતનાને ઉપર ઉઠાવવાની છે.

સાધનામાં સંઘર્ષ અનિવાર્ય છે કારણકે વર્તમાનમાં જે અવસ્થા નિર્માણ થઇ છે તેમાં આપણી ભૂતકાળની કરણીથી આપણો જ સો ટકા ફાળો છે. આપણી સમગ્ર ચેતના એ પ્રક્રિયામાં સામેલ થયેલી છે, જે ભાવાત્મક સર્જન છે અને તે સ્વનું છે. એમાંથી મુક્ત થવું હશે તો સંઘર્ષ જોઇશે જ. **સંઘર્ષ એટલે સ્વરૂપનો સંપૂર્ણ સ્વીકાર. એક વખત સમગ્ર**

**ચેતનામાંથી શુદ્ધ ચૈતન્યત્વનો સંપૂર્ણ ઝંકાર ઉઠવો જોઈએ. પોતાના ત્રિકાળ શુદ્ધચૈતન્યમય સ્વરૂપનો અંદરથી પોકાર ઉઠવો જોઇએ.**

વૃત્તિઓના વમળમાંથી બહાર આવવા, આપણે જે કાંઈ પણ પ્રક્રિયાઓ કરીએ છીએ, તેનાથી આત્માની પ્રાપ્તિનો અનુભવ કાંઇક જુદો જ છે. માનસિક સંઘર્ષ, તણાવ, હઠ, બળાત્કાર વગેરે દ્વારા વૃત્તિઓના વમળમાંથી બહાર નીકળાતું નથી. નીકળવાનો ભાસ થાય છે-ભ્રમ થાય છે અને જડતાપૂર્વક એની પુનરાવૃત્તિ થાય છે. એનાથી આપણું સમગ્ર તંત્ર જડ બની જાય છે અને જીવન એક ઘરેડ બની જાય છે. ધ્યાનમાં ઊંડાને ઊંડા ઉતરવાથી વૃત્તિઓના વમળો શાંત થાય છે અને ચૈતન્ય તત્ત્વ ખૂલે છે-ખીલે છે-મહોરે છે.

**જે ખરેખર પૂર્ણ છે તેને આપણે અપૂર્ણ માની પૂર્ણ કરવાની ઈચ્છા રાખીએ છીએ, તે અગાધ સમુદ્રમાં બે લોટા પાણી નાંખી સમુદ્રને પૂર્ણ કરવા જેવું છે. ચૈતન્યનું અવિનાશી, પૂર્ણ, અરૂપી, અવ્યાબાધ સ્વરૂપ સમજાતું નથી માટે દૃષ્ટિ પૂર્ણતત્ત્વ ઉપર ઠરતી નથી. જ્યાં સુધી ભીતરમાં કરવાપણાનો અભિપ્રાય વર્તે છે ત્યાં સુધી પરમાત્માને યથાર્થ સ્વરૂપમાં માન્યા ન કહેવાય. દૃષ્ટિને દૃશ્ય ઉપરથી ઉઠાવી લઇ દૃષ્ટામાં સમાવી દેવાની છે કારણકે આત્મા એના મૌલિક સ્વરૂપમાં અક્રિય છે અને અકર્તા છે.**

**'પરમારથ પંથ જે કહે'** - જ્ઞાનમાંથી વિકારીભાવોને દૂર કરી જ્ઞાનને નિર્મળ કરવાનું છે. જ્ઞાનને માટે પ્રાકૃતમાં 'नाणं' કે 'णाणं' બ્રાહ્મિ લીપીના શબ્દનો પ્રયોગ થાય છે. તેમાં 'णं' અક્ષર પર વિચારણા કરતા કોઇ નવી જ અનુપ્રેક્ષા પ્રાપ્ત થાય છે. 'णं' વર્ણાક્ષરનો છેદ કરતાં ત્રણ

---

હૃદય અનુરાગી, બુદ્ધિ વિવેકવંતી, ઈન્દ્રિયો અંતર્મુખી અને
મન સંયમી થયા વગર લોકોત્તર જીવનમાં આગળ વધાતું નથી.

ઉભી રેખાઓ અને અનુસ્વાર '૦' ની પ્રાપ્તિ થાય છે; તેમાં પ્રથમની |||=(णं) રેખાને યોગ્ય રીતે સમજવી જોઇએ. શાસ્ત્રોમાં મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવલજ્ઞાન એમ પાંચ પ્રકારે જ્ઞાન કહ્યું છે. ત્રણ ઉભી રેખામાંથી પ્રથમ । રેખા મતિ અને શ્રુતજ્ઞાન સાથે સંબંધ ધરાવે છે, જે મન અને ઇન્દ્રિયોને આશ્રિત હોવાથી પરાશ્રિત-પરોક્ષ ગણાય. મતિ અને શ્રુતના ભેદો-પ્રભેદો સુક્ષ્મદષ્ટિથી અનંતા છે, જેને પૂર્વધરો જાણે છે.

જ્યારે બીજી ઉભી રેખા (।) અવધિ અને મનપર્યવજ્ઞાનને સૂચવે છે. જેમાં કોઇ મન કે ઇન્દ્રિયોનો આધાર નથી. એ આત્મપ્રત્યક્ષ છે એટલે કે 'સ્વાશ્રિત' છે. તે ચેતનાનો નિર્મળ પ્રકાશ છે, જેને 'ભાવ જ્યોતિ' કહેવાય છે. જે પ્રાપ્ત થતાં આત્મામાં કર્મરજની નિર્મૂલન અવસ્થા પ્રગટે છે.

ત્રીજી જે ઉર્ધ્વરેખા (।) છે તેને વિચારતા તે કેવળજ્ઞાન પર્યાયમાં પ્રગટેલો પરમ જ્યોતિરૂપ જ્ઞાન પ્રકાશ છે, જે સ્વયંની પૂર્ણશક્તિનું પ્રગટીકરણ છે, જે સંપૂર્ણ ઘાતીકર્મોના નિર્જરણનું પરિણામ છે. પહેલી અને બીજી ઉર્ધ્વરેખામાં જે આશ્રિતતા હતી તે આશ્રિતતા નીકળી જતાં ત્રીજી ઉર્ધ્વરેખામાં કેવળ માત્ર 'સ્વ'જ રહે છે. વળી આ 'णाणं' માં માથે જે અનુસ્વાર '૦' છે તે ''સિદ્ધિગતિનામધેયં''ની પૂર્ણતાને અવલંબે છે. એ આત્માના શૂન્યત્વ સ્વરૂપ અસર અભાવના અવ્યાબાધ સ્વરૂપને સૂચવે છે. **આમ માત્ર 'णाणं' શબ્દ પોતાના શુદ્ધાત્મ ઉપયોગવંત સ્વરૂપમાં લીનતા વધતાં કેવળજ્ઞાન સ્વરૂપથી ઝળકી ઉઠે છે. અર્થાત્ પ્રાકૃતભાષામાં રહેલ આ 'णाणं' શબ્દ, પરસમયમાંથી સ્વસમયમાં, પર્યાયદષ્ટિમાંથી દ્રવ્યદષ્ટિમાં, ભેદમાંથી અભેદમાં, અપૂર્ણમાંથી પૂર્ણમાં જવાની પ્રેરણા કરે છે અને તેના દ્વારા પોતાના શુદ્ધ ચિદાનંદ સ્વરૂપમાં લીનતા સાધવાની પ્રેરણા આપે છે.**

---

જેણે મોહને સર્વથા હણી નાખ્યો છે તે વીતરાગી છે.
જે મોહને હણી રહ્યો છે તે વૈરાગી છે.

નમસ્કાર મહામંત્રમાં પંચ પરમેષ્ઠિનો નમસ્કાર 'णं'થી શરૂ થઈ 'णं'માં વિરામ પામે છે. એ મંત્રમાં ૧૪ વખત 'णं' વર્ણાક્ષરનો ઉપયોગ થયો છે અને શક્રસ્તવમાં ૫૫ વખત 'णं' વર્ણાક્ષરનું ઉચ્ચરણ આવે છે. કલ્પસૂત્રની ગેયતા, રમ્યતા तेणं कालेण तेणं समयेण ના ઉચ્ચારણમાંની ઝંકૃતતાથી છે.

પ્રાકૃતમાં-અર્ધમાગધી ભાષામાં 'न'ને સ્થાને 'ण'નું જ ચલણ છે. 'ण'ના ઉચ્ચારણમાં ઝણકાર છે.

એટલા માટે થઇને જ યોગીરાજ આ સ્તવનમાં **"નિર્વિકલ્પ રસ પીજીયે, શુદ્ધ નિરંજન એક રે"** તેમજ **"પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંત રે"** વગેરે કડીઓનો ઉલ્લેખ કરે છે અને તે દ્વારા આપણી ચેતનાને ઉર્ધ્વગામી બનાવવાની પ્રેરણા આપે છે. **જેને પોતાનુ તત્ત્વ ઓળખાય એ પરની પંચાતમાં કદી પડે નહિ. અને જે પરની પંચાતમાં પડે તે કદી 'સ્વ'ને પામે નહિ. જેને પોતાનો આત્મા જ રૂચિકર બન્યો તેના માટે આખો સંસાર ખારા પાણી જેવો અસાર થઇ ગયો.** તે હંમેશા હવે સર્વત્ર આત્માના નિર્વિકલ્પ આનંદને જ શોધશે અને જ્યાં પરમાર્થ સધાતો હશે તેમાં જ ખુશી અનુભવશે. સંસારની ફાલતુ વાતોમાં તે ક્યારે પણ રસ નહિ લે. એને એક માત્ર આત્મરસ-પરમાત્મરસ-સિદ્ધરસનો જ તંત એટલે કે છંદ હોય છે.

તદુપરાંત 'જ્ઞાન'માં રહેલ 'ન' કારને નિષેધાત્મક કહ્યો છે, જે લૌકિક સરસ્વતીને ઓળખાવે છે. તે મુમુક્ષુ જીવો માટે ત્યાજ્ય છે અને બુભુક્ષુ જીવો માટે ઉપાદેય છે. જ્યારે 'नाणं'માં રહેલ 'णं' વર્ણાક્ષર વિધેયાત્મક છે અને જે લોકોત્તર સરસ્વતીને ઓળખાવે છે, જેમાં લોકોત્તર શાસ્ત્રો, અંગ-ઉપાંગનો સમાવેશ થાય છે અને તે મુમુક્ષુને મોક્ષમાર્ગ

---

પામવા ઉપયોગી હોવાથી આવકાર્ય છે. બુભુક્ષુ એટલે ઇચ્છાઓથી બળબળતો અને ભભુકતો એવા સંસારનો રસિયો જીવ, લૌકિક સરસ્વતી કે જેમાં એકાન્ત દર્શનના શાસ્ત્રો તેમજ વેપાર-વાણિજ્ય-કળા વગેરેને લગતા ગ્રંથો છે તેનો આદર કરે છે જ્યારે અધ્યાત્મરૂચિવાળા જીવો લોકોત્તર સરસ્વતીને આવકારે છે. આમ 'णं' વર્ણાક્ષર ઘણા માર્મિક અર્થથી ભરેલો છે. આ 'णं' આધારિત એક મંત્ર છે. **॥ ॐ णमो णं वंदणं आणंद वेयणं ॥** "પંચ પરમેષ્ઠિને (ॐ ને) નમસ્કાર કરવા પૂર્વક 'णं' એટલે કેવળજ્ઞાનના આનંદ વેદનને વંદન કરું છું !"

આમ 'જ્ઞાન' શબ્દમાં રહેલ નિષેધાત્મક 'ન'થી લૌકિક સરસ્વતીને જાણીને તેનો ત્યાગ કરતાં આવવાનું છે અને અજ્ઞમાંથી પ્રાજ્ઞ બની જ્ઞાતપુત્રના અનુયાયીએ જ્ઞાતા થવાનું છે. આજના છાપાઓ, મેગેઝીનો, વગેરે દ્વારા આખા જગતનું જ્ઞાન આપવામાં આવે છે પણ પોતે કોણ છે? તેનો ખ્યાલ સુદ્ધા ય જેમાં નથી તે બધાને લૌકિક સરસ્વતી સમજી છોડતાં આવવાનું છે અને नाणं માં રહેલ 'णं'થી લોકોત્તર સરસ્વતી સમજી તેનો આદર કરી મોક્ષમાર્ગ સાધવાનો છે. આવો ગર્ભિત ઉલ્લેખ યોગીરાજ ઉપરની બે કડીઓ દ્વારા કહી રહ્યા હોય એવું જણાય છે.

**જે જીવાત્મા નિરંતર દ્રવ્યદૃષ્ટિ કેળવી મોક્ષમાર્ગ સાધવાનો પુરુષાર્થ કરે છે તેને કાળલબ્ધિ, ભવિતવ્યતા વગેરે કારણો મેળવવા પડતા નથી પણ તેને બાકીના ખૂટતા કારણો પોતાની યોગ્યતાથી મળી રહે છે અને જે સ્વયં સાધના કરતો નથી તેને કોઇ પણ કારણો મળતા નથી અને તેથી "અરનાથ પ્રભુનો પરમ ધરમ" પણ પ્રાપ્ત થતો નથી.**

**વ્યવહારે લખ દોહિલો, કાંઇ ન આવે હાથ રે,**
**શુદ્ધ નય થાપનાં સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે.. ધરમ પરમ..૭**

---

દેહના ભાને દેહનું વેદન હોય. દેહનું ભાન ન હોય તો દેહનું વેદન ન લાગે.

**અર્થ :** પૂર્વની છઠ્ઠી કડીમાં વ્યવહાર નયે અને નિશ્ચયનયે આત્માને જાણનારા કેવા હોય તે બતાવ્યું; તો હવે મુમુક્ષુએ કયા પ્રકારે વર્તવું તે જણાવે છે કે વ્યવહારનયે સચ્ચિદાનંદસ્વરૂપ આત્માને પ્રાપ્ત કરવો તે દુષ્કર છે અર્થાત્ તેનાથી કાંઇપણ સંગીન લાભ હાથમાં આવતો નથી પરંતુ જો હૃદયમાં શુદ્ધનિશ્ચય નયને સ્થાપવામાં આવે અર્થાત્ દૃઢપણે તે નયના અનુસારે તત્ત્વ વિચારવામાં આવે તો આત્મા જડ એવા કર્મોથી અલગ થઇ શુદ્ધાત્મભાવ પામે એટલે કે પ્રભુ સાથે પોતાની જુદાઈ ન રહે.

**વિવેચન :** કોઇ પણ મુમુક્ષુ આત્મતત્ત્વ શું છે તે સમજે નહિ અને આખી જિંદગી સુધી, એકલી ત્યાગ, તપ, સંયમ, લોચ, વિહાર, નિર્દોષચર્યા વગેરે કષ્ટકારી ક્રિયા કર્યા કરે અને તેમ કરતાં આખો ભવ-આખી જીદંગી વીતી જાય, તો પણ તેટલાથી આત્મસ્વરૂપંની પ્રાપ્તિ થતી નથી. ફક્ત વ્યવહારની જ કડાકૂટ કર્યા કરે તો જન્મારા સુધી કાંઇપણ તત્ત્વ મળે નહિ.

તો હવે શું કરવું? એવા પ્રશ્નના ઉત્તરરૂપે કહે છે કે નિશ્ચયનયનું સેવન કરવું. નિશ્ચયનય એ શુદ્ધનય છે. શુદ્ધ નયે આત્મામાં ભેદ નથી. શુદ્ધનય કર્મોપાધિથી રહિત, મન-વચન-કાયાના યોગોથી રહિત એવા શુદ્ધ આત્મતત્ત્વને જ ગ્રહણ કરે છે અર્થાત્ શુદ્ધનયના અનુસારે આત્મતત્ત્વની સમ્યગ્ ચિંતવના કરવામાં આવે, તેને સતત લક્ષ્યરૂપે જારી રાખવામાં આવે, તો જ વ્યવહારનય સંમત તપ, ત્યાગ, સંયમાદિ કષ્ટકારી ક્રિયા લેખે લાગે. તે સિવાય નહિ. અરનાથ પ્રભુનો પરમ ધર્મ એ શુદ્ધઆત્મતત્ત્વને જ ગ્રહણ કરવાનું બતાવે છે અને અરનાથ પ્રભુ પોતે પણ શુદ્ધાત્મતત્ત્વમાં સાદિ અનંતકાળ સુધી રમણતા કરી રહેલ છે. આ જ સંદર્ભમાં જરૂર પડે તો આધાકર્મીનો દોષ સેવીને પણ દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવા જણાવ્યું છે.

શુદ્ધનય એટલે અંતર્મુખ જ્ઞાનદશા, જેમાં સાધક પોતાના આત્માને એકમાત્ર વિકલ્પ રહિત શુદ્ધસ્વભાવે દેખે છે, તે પોતાના શુદ્ધસ્વભાવનો નિરંતર આશ્રય કરે છે અને તેના આશ્રયે સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. સમ્યગ્દષ્ટિ કાંઇ સદાય નિર્વિકલ્પ અનુભવમાં ન રહે પરંતુ સવિકલ્પ દશા વખતેય તેનું સમ્યગ્દર્શન કે ભેદજ્ઞાન ખસતું નથી. શુભ કે અશુભ બન્ને વખતે તેની જ્ઞાનધારા તો જુદી જ વર્તે છે. સમ્યગ્દષ્ટિ દરેક ઘટનાઓ પ્રતિ તટસ્થ દષ્ટિકોણ રાખે છે. પલટાતી ઘટનાઓ અને ભાવો વચ્ચે પણ તે અચળ તત્ત્વનો બોધ પામે છે. પલટાતી બધી અવસ્થાઓમાં પણ જે ન્યારો રહે છે તે જ હું છું! અને બાકીનું બીજું બધું મારું પાડોશી છે. આવી નિરંતર જાગૃતિ એ જ સમ્યગ્જ્ઞાન છે જ્યારે અંતરમાં અચળ અને અપરિવર્તનશીલ ધ્રુવતત્ત્વનો બોધ જાગે છે ત્યારે તેનો પ્રકાશ પ્રત્યેક આચરણમાં પ્રગટ થાય છે.

**ઉપાધ્યાય યશોવિજયજી મહારાજા પણ યોગગ્રંથોના અંતે લખે છે કે નિશ્ચયથી પરાઙ્મુખ જીવોને ધર્મ હોતો નથી. એકલા વ્યવહારધર્મમાં રાચનારાઓને વ્યવહાર ધર્મના બળે બહુબહુ તો કષાયોની મંદતા હોય છે પણ કષાયોનો ઘટાડો થતો નથી. વ્યવહારમાં રાચનારાઓને વિકલ્પની પરંપરા સિવાય બીજું કાંઇ હાથમાં આવતું નથી. એકલા વ્યવહારમાં જ ધર્મ માનનારાઓ હંમેશા પરાશ્રિત અને પરાધીન હોય છે, એ પોતાના આત્મબળ પર જીવનારા હોતા નથી કારણકે શુદ્ધ આત્મતત્ત્વ તેની દૃષ્ટિમાં આવ્યું હોતું નથી. તેની દૃષ્ટિમાં દેહ, ઇન્દ્રિયાદિથી યુક્ત અશુદ્ધ ચેતન કે જે નામધારી અને રૂપધારી છે તે જ આવેલ હોય છે અને આ સાંયોગિક તત્ત્વમાં જ તેની બુદ્ધિ અને વિચારધારા અટવાયેલી ગૂંચવાયેલી હોવાથી તે બહારથી ગમે તેટલો ઊંચી કોટિનો ધર્મ કરે તો પણ તેની બુદ્ધિમાં હું, મેં, મને, મારું, તું, તેં, તને, તારું, સાચું-ખોટું,**

શુભ અને શુદ્ધ રસોની અસર લેવા જવું તેનું નામ તીર્થયાત્રા.

સારુ-ખરાબ આ બધા ભાવો રમતા હોવાથી નિર્વિકલ્પ, પરમ શાંતરસપૂર્ણ શુદ્ધ ચૈતન્યતત્ત્વ કેવું હોય તેનો એને અણસાર પણ આવતો નથી.

નિશ્ચયના લક્ષ્ય વિનાનો-નિશ્ચયની રૂચિ વિનાનો વ્યવહાર ધર્મ એ તો શુભાશુભભાવરૂપ છે અને શુભાશુભભાવ તો શુભાશુભકર્મનો બંધ કરાવીને અટકી જાય છે. પછી જીવને ચારગતિનો ચકરાવો જ રહે છે. એ ચકરાવામાંથી બહાર કાઢીને સાચી દિશામાં આગળ વધારનાર નિશ્ચયદૃષ્ટિ છે-તત્ત્વદૃષ્ટિ છે. તેનાથી જીવ કેન્દ્રગામી પ્રગતિ કરે છે. એકલા વ્યવહાર ધર્મમાં તો પરિઘ ઉપર ભ્રમણ કરવારૂપ માત્ર ગતિ જ છે માટે યોગીરાજ જે કહી રહ્યા છે કે – "વ્યવહારે લખ દોહિલો, કાંઈ ન આવે હાથ રે" તે સંપૂર્ણ સત્ય છે પણ એકલા વ્યવહારની રુચિવાળાને આ તત્ત્વ સમજાતું જ નથી. અનંતકાળથી એની રૂચિનો ભાર કરવા ઉપર છે એટલે અકર્તા સ્વભાવવાળું આત્મતત્ત્વ કેવું હોય તે સમજવું તેને માટે ઘણું કઠિન છે. સાધનાના માર્ગે મોડા કે વહેલા આ નક્કર સત્યને સ્વીકાર્યા વિના આરોવારો નથી. બાકી જેને નાચવું નથી તેને માટે તો આંગણું વાંકું જ છે.

સાધનાને પામેલાં, સાધના કરી રહેલાં અને સાધ્યથી અભેદ થવાના લક્ષ્યવાળા મુમુક્ષુ સાધકને લક્ષમાં રાખી આટલું કડવું પણ સ્વાસ્થ્યદાયી સત્ય ઔષધરૂપે જણાવ્યું છે.

પ્રામાણિકપણે વિચારતાં આમાં કડવાશ નથી પણ શ્રમની સાર્થકતા છે. વ્યવહારમાં પણ જીવ સાધન વડે સાધ્યથી અભેદ થઈ તૃપ્તિ અનુભવે છે. જો કે આ તૃપ્તિ કામચલાઉ, આભાસિક, દુઃખાનુબંધી છે એ બીજી વાત છે. પણ જીવ સાધનથી તૃપ્ત થતો નથી એ હકીકત છે. સાધનની પ્રાપ્તિમાં સાધ્યની રમમાણતા દેખાતી હોવાથી હર્ષ

**અનુભવાય પણ તૃપ્તિ તો સાધ્યથી અભેદ થવામાં જ છે.**

આની સામે કોઈ આપત્તિ આપે કે મમ્મણને તો સાધનભૂત એવા ધનસંગ્રહમાં તૃપ્તિ હતી ને ? તો એનો જવાબ એ છે કે તેને મન ધનસંગ્રહ એ જ સાધ્ય હતું તેથી તે ઓછું થતાં તેને દુઃખ થાય એ સ્વાભાવિક છે, અંતે તો સાધ્યની અભેદતા જ આવીને ઊભી રહી. **એ સાધન, પર સાધન હતું, તેથી એ સાધન વડે જે પ્રાપ્તિ હતી તે પણ પરની હતી, જેની સાથે સ્થાયી અભેદતા થતી નથી, તેથી જે તૃપ્તિ થાય છે તે અસ્થાયી હોય છે. અધ્યાત્મમાં જે અભેદ થવાનું છે તે તત્ત્વ સ્વ છે અને સ્વની સાથેની અભેદતા સ્થાયી હોય માટે ત્યાં સંતૃપ્તતા-પૂર્ણકામ હોય.**

ધર્મમાર્ગમાં પણ પ્રતિક્ષણે જીવે મન, વચન, કાયાના યોગને દ્રવ્યથી તથા ભાવથી સ્વગુણ રમણતામાં અરાગી-અદ્વેષીપણે પ્રવર્તાવવાના છે તે જ આત્મસમાધિ છે.

**(શુદ્ધનય થાપનાં સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે) - ૧) શુદ્ધનયના અનુસારે આત્મતત્ત્વને ચિંતવવામાં આવે તો રાગથી જુદા પડેલા જ્ઞાનવડે આત્માનો અનુભવ થાય છે. રાગથી ભિન્ન જ્ઞાનલક્ષણસ્વરૂપ આત્મા છે એવો દૃઢ નિશ્ચય કરીને ભેદજ્ઞાન વડે આત્માનો અનુભવ કરવો તે સંવર ધર્મ છે. રાગની ધારાથી તદ્દન જુદી એવી પવિત્ર જ્ઞાનધારા વડે જે સતત આત્માને અનુભવે છે, તે શુદ્ધ જ્ઞાન-આનંદ સ્વરૂપ મોક્ષને પામે છે.**

**૨) જેમ પર્વત ઉપર વીજળી પડી અને બે કટકા થયા પછી તે સંધાય નહિ તેમ નિર્વિકલ્પ અનુભવરૂપી વીજળી પડવાથી રાગ અને જ્ઞાનની એકતા તૂટીને બે કટકા થયા તે ફરીથી એક થાય નહિ. ભેદજ્ઞાન**

---

થયા પછી ફરીથી એકત્વ બુદ્ધિ થાય નહિ. આ ભેદજ્ઞાનની અવિચ્છિન્નધારા વડે કેવળજ્ઞાન થાય છે.

૩) હે જીવ! પ્રજ્ઞા છીણી વડે એકવાર રાગને મારી નાખ અને જ્ઞાનને જીવતું કર; રાગની સાથે એકત્વ બુદ્ધિથી તારા ભાવમરણો થાય છે. રાગ સાથે એકતા કરાવનાર મિથ્યાત્વરૂપી યોદ્ધો છે, તેને ભેદજ્ઞાનરૂપી બાણ વડે મારી નાખ-હણી નાખ.

૪) ધ્રુવ ચિદાનંદ તરફ વળેલું ધારાવાહી જ્ઞાન, શુદ્ધ આત્માને અનુભવતું થકું, નિજ સ્વરૂપમાં વિશ્રામ પામે છે-વિરામ પામે છે.

૫) હિમાલયમાંથી નીકળેલો ગંગાનદીનો પ્રવાહ સતત અવિચ્છિન્નધારાએ સદાય ચાલ્યા કરે છે, તેમ ભેદજ્ઞાનરૂપી પવિત્ર ગંગાનદીનો પ્રવાહ ચૈતન્ય પહાડમાંથી નીકળેલો તે અવિચ્છિન્નધારાએ આગળ વધતો વધતો કેવળજ્ઞાનરૂપ સમુદ્રમાં જઈને ભળશે.

૬) એકલા શુદ્ધાત્માને જ સ્વજ્ઞેય તરીકે પકડીને જો નિર્વિકલ્પ ઉપયોગ ધારાવાહીપણે ટકી રહે છે, તો અંતર્મુહૂર્તના અલ્પકાળમાં કેવળજ્ઞાન પામી જાય. પરંતુ નીચલી કક્ષામાં સાધકને ઉપયોગની નિર્વિકલ્પધારા ચાલુ રહેતી નથી પણ ભેદજ્ઞાનની અખંડધારા તો ચાલુ રહે છે જ. સવિકલ્પદશામાં પણ તેને ભેદજ્ઞાનની ધારા તો ચાલુ જ છે. આ રીતે શુદ્ધનયનું સેવન કરતાં અવિચ્છિન્નધારાથી અલ્પ સમયમાં જીવને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

આત્મધર્મ-નિશ્ચયધર્મના અવલંબને મોક્ષને પ્રાપ્ત કરી શકાય છે. તે આત્મધર્મ જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી પ્રાથમિક કક્ષામાં દુર્ગતિથી પડતા બચવા વ્યવહારધર્મ-આચારધર્મનું અવલંબન જરૂરી છે.

---

ગુણોને દબાવીને દોષ જોર કરે છે. દોષને દૂર કરવો તે સાધનાધર્મ છે.
જ્યારે ગુણોમાં સ્થિર થઈ જવું-સ્થિત થઈ જવું એ સાધ્ય છે-સિદ્ધિ છે.

ક્રિયા અને ભાવની સાંકળ છે; તેમાં ભાવનું પ્રાધાન્ય છે. ક્રિયામાં કૃત્રિમતા હોઈ શકે છે પણ ભાવમાં નહિ. હા ! ભાવની અભિવ્યક્તિમાં ક્યારેક કૃત્રિમતા હોઈ શકે છે.

સાધકને એ ખ્યાલ હોવો જોઈએ કે ક્રિયા એ પૂર્વકર્મના વર્તમાન ઉદયથી છે. ક્રિયા એ પર સત્તા છે, ક્રિયા એ પુદ્ગલની સત્તામાં છે જ્યારે ભાવ એ તો વર્તમાનની જાગૃતિથી છે. ક્રિયામાં પરાધીનતા ને સીમિતતા છે જ્યારે ભાવમાં સ્વાધીનતા ને વ્યાપકતા છે. જીવ ભાવ કરવા સમર્થ છે. ભાવોને બદલવા સમર્થ છે માટે જ જ્ઞાનીઓએ અશુભભાવમાંથી બચવા અને શુભમાં રહેવા આખો ભાવનાયોગ મૂક્યો છે.

સતત ભાવનાથી ભાવિત રહેવું એ ધર્મ પુરુષાર્થ છે. એ રિલેટીવ (સાપેક્ષ) પુરુષાર્થ છે. ક્રિયા અને ભાવનો ગાઢ સંબંધ છે માટે તે તે ભાવની વૃદ્ધિમાં તે-તે ક્રિયાઓ બતાવવામાં આવી છે. તેને આચરવા આપણે પ્રયત્ન કરવાનો છે પણ જે ક્રિયા કે ભાવ થાય તેમાં કર્તાભાવ કે અહમ્ નથી કરવાનો પણ ક્રિયા કે ભાવ થયા પછી શાંતચિત્તે તેનો સ્વીકાર કરવાનો છે.

કોઈપણ કાર્ય કરતા પહેલા અત્યંત જાગૃત્તિ અને કાર્ય થયા પછી તેનો સહજ સ્વીકાર એ અધ્યાત્મનો નિચોડ છે. કારણકે વિકલ્પ ગમે તેવો સારો અને ઊંચો હોય તો પણ તે ક્ષણિક સ્વ છે અન્ય કાલે પર છે. તે એક સમય પૂરતો સ્વ છે પણ બીજા જ સમયે તે પર થઈ જાય છે અને સ્મૃતિનો વિષય બની જાય છે.

અહીં જ્ઞાન પદની પૂજા યાદ કરી જવા જેવી છે.

**ભવ્ય નમો ગુણજ્ઞાનને, સ્વ-પર પ્રકાશક ભાવેજી**
**પરજાય ધર્મ અનંતતા, ભેદાભેદ સ્વભાવે જી.**

---

રાગ અને વિરાગ એ પર પદાર્થ પ્રત્યેનો ભાવ છે.
જ્યારે ગ્રહણ અને ત્યાગ એ પરપદાર્થ પ્રત્યેની ક્રિયા છે.

**જે મુખ્ય પરિણતિ સકલ જ્ઞાયક બોધ ભાવ વિલચ્છના**
**મતિ આદિ પંચ પ્રકાર નિર્મળ, સિદ્ધિ સાધન લચ્છના**

**સ્યાદ્વાદ સંગી તત્ત્વરંગી, પ્રથમ ભેદાભેદતા**
**સવિકલ્પને અવિકલ્પ વસ્તુ, સકલ સંશય છેદતા.**

માત્ર બહારની શાંતિ એ સમતા નથી. માત્ર કષાયની મંદતા તે પણ સમતા નથી. પણ ભેદજ્ઞાનની તીક્ષ્ણ પ્રજ્ઞાથી પોતાના ભાવમાં એકત્વ બુદ્ધિરૂપે સ્વીકારેલ પરદ્રવ્ય મારાથી તદ્દન ભિન્ન છે, એનો નિર્ણય કરી જ્યારે પર દ્રવ્યની ઉપેક્ષા કરાય છે, એની અપેક્ષા નિવારાય છે ને સ્વદ્રવ્યમાં ઠરણ થાય છે, તે વખતની અનુભૂતિ તે જ સમતા છે.

આત્મતત્ત્વના યથાર્થ નિર્ણય ઉપર જ પરદ્રવ્યની ઉપેક્ષા થાય છે. એમાંથી સમત્વનું માધુર્ય પ્રગટ થાય છે, રસ ઝરે છે. **પોતાના ઘરે જવા નીકળેલા આપણે વચ્ચે વિસામા કરીએ તે બને પણ ક્યાંય કાયમનો વાસ નથી કરવાનો. નિવાસ તો નિર્વાણમાં અર્થાત્ લોકાગ્રે કરવાનો છે. એ માટે જડનો સહવાસ તોડવાનો છે. કાર્મણ વર્ગણાઓ આપણી સાથેનો સંબંધ તોડે એ પહેલા જ આપણે આ પરમાણુઓનો પિંડ જેનો છે તેને સોંપી દઈએ, તેના ઉપરનું આપણું આધિપત્ય-મમત્વ ઉઠાવી લઈએ. પરથી ખસી જઈએ અને સ્વમાં વસી જઈએ.**

જડથી અને જડના કાર્યોથી જુદો હું જ્ઞાનાનંદ સ્વરૂપ છું ! એમ પોતાના સ્વભાવનો નિર્ણય જીવે પૂર્વમાં એક સેકંડ પણ કર્યો નથી. એ સિવાય બીજુ બધું જ એ પૂર્વમાં કરી ચૂક્યો છે પણ તેનાથી ચારગતિનું પરિભ્રમણ અટક્યું નથી. તેથી તે કાંઈ અપૂર્વ નથી. હે ચેતન ! એક વાર તારા ચૈતન્યતત્ત્વને સંભારીને તેનો અપૂર્વ નિર્ણય કર ! તારી આંતરશક્તિમાં

---

સંસાર અસાર છે. એ નિર્ણય કર્યા પછી સંસારનો વિચ્છેદ-સંબંધ અભાવ કરવો તે જ એકમાત્ર સારરૂપ છે.

વિરાટ સર્વજ્ઞપણું પડેલું છે; તેને ભૂલીને પોતાને રાગાદિ વિકાર જેટલો કે શુભાશુભભાવ જેટલો તુચ્છ માને છે અને જડના કાર્યો 'હું' કરું છું ! એવું મિથ્યાભિમાન કરે છે, તે પાપ અને દુઃખનું કારણ છે. અંતર્મુખ થઈને પોતાના પરિપૂર્ણ ચિદાનંદ સ્વભાવનો નિર્ણય કરવો તે ધર્મ છે - ધર્મનું કારણ છે - સુખનું કારણ છે.

**પ્રજ્ઞાની પ્રાપ્તિ ભગવત્ કૃપાથી અને સત્પુરુષના ચરણો ઉપાસવાથી થાય છે. એ માટે અહંની દિવાલ ભેદી સર્વ પ્રકારથી, સર્વ ભાવથી સત્પુરુષ સાથે અભેદ અનુસંધાન કરવાનું છે. માત્ર નમ્રતા નહિ, માત્ર દાસભાવ નહિ, માત્ર અનન્ય પ્રેમ નહિ, માત્ર પરમ ભક્તિ નહિ પણ અહંનો પૂર્ણ લય એ જ સત્પુરુષના ચરણોની ઉપાસના છે.**

**સાધનામાં વેગ વધવો જોઈએ. તીવ્રતાથી વેગ વધે છે. તાલાવેલીથી તીવ્રતા વધે છે. વેદનાથી તાલાવેલી જન્મે છે. વિયોગ છે પણ જો વિયોગની વેદના નથી તો સ્વરૂપ માટેની મથામણ નથી હોતી. ઉપેય માટે ઉપાય થતા નથી. મિથ્યાત્વનો અંધકાર દૂર થતાં વાસ્તવિક સંબંધ કોની સાથે છે એનું ભાન થાય છે. અનંતાનુબંધી કષાયનો દાવાનળ શાંત થતાં સંબંધ કરનારનું સાચું સ્વરૂપ સમજાય છે. એ સમજથી જ તો દૃષ્ટિ ફરે છે. દૃષ્ટિ ફરે છે એટલે દિશા ફરે છે અને દિશા ફરે છે એટલે દશા ફરે છે.**

**સાધના કરવા માટે શાંત મન, ભાવનાશીલ હૃદય, સ્થિર બુદ્ધિ, જાગ્રત શ્રદ્ધા ને અંતરનો તલસાટ જોઈએ છે. જીવનમાં પ્રચંડ આગ પ્રગટવી જોઈએ. એ આગમાં તપ્યા સિવાય સાધક બનાતું નથી.**

Desire should be burning desire so that you rush to fulfil it.

---

પુદ્ગલદ્રવ્ય એ સંયોગ પદાર્થ છે. આત્મા સ્વભાવ પદાર્થ છે.

વિરૂપની આગથી જો આત્મા બળબળતો હશે તો જ તે સ્વરૂપની શીતળતા માટે ધસશે-દોડશે.

**"સંસાર દાવાનલ દાહ નીરં, સંમોહ ધૂલી હરણે સમીરં,**
**માયા રસા દારણ સાર સીરં, નમામિ વીરં ગિરિ સાર ધીરં."**

**સાધના કરવાથી જીવન રળિયામણું બને છે. હૃદય મૈત્રીના અમૃતથી છલકાય છે. આંખો કરૂણાથી ઉભરાય છે. બુદ્ધિ પ્રજ્ઞાના પ્રકાશથી ચમકે છે. મન સંશય મુક્ત અર્થાત્ નિઃશંક બને છે. જીવનમાં પ્રસાદ પ્રાપ્ત થાય છે; તેમાંથી પ્રસન્નતા જન્મે છે. નિરાશા, ગમગીની, વિષાદ, વ્યગ્રતા, ભય, સંકોચ, સ્વાર્થ, ગુસ્સો, ઉતાવળ, અહં, ક્ષોભ ચંચળતા ટકી શકતા નથી. જીવન આનંદથી છલકાય છે. શુદ્ધનયના અનુસારે આત્મતત્ત્વની અનુભૂતિ થતાં પછીથી કોઈ દુવિધા એટલે સંશય રહેતા નથી. પ્રભુ સાથે અભેદ થઈ જાય છે.**

**એક પખી લખ પ્રીતડી, તુમ સાથે જગનાથ રે,**
**કૃપા કરીને રાખજો, ચરણ તળે ગ્રહી હાથ રે.. ધરમ પરમ..૮**

**અર્થ :** હે ત્રણ જગતના નાથ અરનાથ પ્રભો! તમારી સાથે એકપક્ષીય પ્રીતિ કરવાની લખ એટલે ઉત્કંઠા-અભિલાષા જાણીને મારા ઉપર કૃપા કરજો અને આપના ચરણ નીચે મારો હાથ ગ્રહણ કરીને રાખજો.

**વિવેચન :** ઉપર કહ્યા પ્રમાણે શુદ્ધનયની દૃષ્ટિથી વિચારતાં તો હે પ્રભો! આપ પ્રગટ શુદ્ધાત્મા છો. આપે આપની પર્યાયમાં કૈવલ્ય અને સિદ્ધત્વ પ્રગટ કર્યું છે. જ્યારે હું તો પ્રચ્છન્ન શુદ્ધાત્મા છું! દ્રવ્યદૃષ્ટિથી શુદ્ધાત્મા છું! પર્યાયદૃષ્ટિથી જોતાં તો મારે મારી પર્યાયમાં કૈવલ્યદશા અને

અસત્-ખોટી-વિનાશી-મિથ્યા ચીજ એને કહેવાય કે જે બદલાય જાય અને જેને બદલવી પડે.

સિદ્ધત્વદશા પ્રગટ કરવાની બાકી છે એટલે આપનામાં અને મારામાં ઘણું અંતર છે.

આપ સંપૂર્ણપણે નિર્મોહી, વીતરાગી, નિરીચ્છક અને પરમાનંદમયી છો! જ્યારે હું તો રાગી, દ્વેષી, માની, માયી, લોભી છું. વિકારી છું! ચારેગતિમાં વિષયસુખની ભીખ માંગતો ભીખારી છું! મારી અને આપની પ્રીતિ કેમ સંભવે ?!!! કારણકે પ્રીતિ તો સરખે સરખાની હોય છે. સમાન વય, સમાન રૂચિ અને સમાન ગતિવાળાની પ્રીતિ હોય છે.

હું પ્રીતિ કરવાને ઇચ્છુક છું જ્યારે આપ નિરીચ્છક છો! એટલે આ તો એક પાક્ષિક પ્રીતિ થઇ તે કેમ બને ?! આનંદઘનજીને પ્રભુપ્રત્યે અનહદ પ્રીતિ ઉભરાઇ રહી છે, તેથી પ્રભુને વિનંતી કરે છે કે **હે નાથ! આપનો સેવક નિશ્ચય કે વ્યવહારના એકાંતવાદમાં ખેંચાઇ ન જાય, તેની પરિણતિમાં આગ્રહ, કઠોરતા, અજ્ઞાન વગેરે ન આવી જાય, માટે આપ ભવસાગરમાં તણાતા એવા મને, મારો હાથ પકડી આપના ચરણ નીચે રાખજો અર્થાત્ મને આપના ચરણ કમળનું શરણ આપજો !! હું નિરંતર આપની આજ્ઞામાં રહું તેવી કૃપા કરજો! આપની આજ્ઞાના પાલન થકી જ હું આ ભવસાગર તરી શકીશ !!**

ભક્તિયોગમાં ભક્તને પરમાત્મા પ્રત્યે અત્યંત પ્રીતિ અને ભક્તિ હોય છે. પરમાત્મા વિના ન રહી શકાય તેવી તેમની સ્થિતિ હોય છે એટલે તેઓ ગાંડી ઘેલી ભાષામાં પણ પોતાના અંતરની વેદના પ્રભુ આગળ ઠાલવતા હોય છે અને જેને આપણે પોતાના માનીએ તેની આગળ હૃદય ઠાલવવું, અંતરની વાત કરવી એ બધું તો સહજ હોય છે. **દરેક સ્તવનની છેલ્લી કડીમાં આનંદઘનજીનો પ્રભુ પ્રત્યે શરણ્યભાવ**

---

સુખનો સદુપયોગ એટલે સુખને બીજા દીન દુઃખીઓમાં વહેંચી આપવું.
દુઃખનો સદુપયોગ એટલે સમભાવે સહન કરી લઈ-વેઠી લઈ પરમાત્મા બનવું.

**જોવા મળે છે. તેના વિના કષાયો અને અહંકાર નીકળતા નથી. પરમાત્મભક્તિ દ્વારા અત્યંત લઘુ બનીને સંસારસાગર તરી જવાની કળા યોગીરાજ બતાવી રહ્યા છે. જાણે કે એઓ સાધનાયોગના શિખર ઉપર ઉપાસનાયોગનો સુવર્ણ કળશ ચઢાવી રહ્યા છે.**

**ચક્રી ધરમ તીરથતણો, તીરથ ફલ તત્ સાર રે,**
**તીરથ સેવે તે લહે, આનંદઘન નિરધાર રે.. ધરમ પરમ..૯**

**અર્થ :** હે અરનાથ પ્રભો! આપ ધર્મરૂપી તીર્થના ચક્રવર્તી છો. (હવે) તીર્થનું ફળ શું છે? તો કહે છે કે તત્ત્વસાર એટલે ઉત્તમ વસ્તુની પ્રાપ્તિ એ તીર્થનું ફળ છે. હે પ્રભો! આપે સ્થાપેલ ધર્મતીર્થને જે સેવે છે તે નિશ્ચિતપણે આનંદઘનરસથી ભરપુર એવા મોક્ષને પામે છે.

**વિવેચન :** તારે તે તીર્થ! સંસાર સાગરથી પાર ઉતારીને જે મુક્તિરૂપી કિનારે-મુક્તિરૂપી બંદરે હેમખેમ પાર ઉતારે તે તીર્થ છે. વ્યવહારથી ચતુર્વિધ સંઘ એ તીર્થ છે જ્યારે નિશ્ચયથી તો સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ એ તીર્થ છે કારણકે તેના અવલંબને સંસાર સાગર તરાય છે.

હે અરનાથ પ્રભો! આપ તો સમસ્ત ધર્મરૂપી તીર્થના ચક્રવર્તી છો! આપે સમસ્ત બાહ્ય-અભ્યંતર શત્રુઓનો પરાભવ કરી ચક્રવર્તી અને તીર્થંકર એમ બંને પદવી પ્રાપ્ત કરી છે! આપ સંસાર સમુદ્રથી તારનારા છો! આપે ધર્મતીર્થની સ્થાપના કરીને આ ભરતક્ષેત્રમાં સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રવર્તાવ્યો છે! અરનાથ પ્રભુથી પૂર્વના ત્રીજાભવમાં આપે જગતના જીવ માત્રને તારવા માટે અનહદ કરુણાથી જિનનામકર્મની નિકાચના કરી, તેના ફળસ્વરૂપે આપે આજે કૃતકૃત્યદશાને વરીને ધર્મતીર્થ પ્રવર્તાવ્યું છે!

---

આપે પ્રવર્તાવેલ આ ધર્મતીર્થનું જે સેવન કરશે તે નિશ્ચિતપણે શાશ્વત એવું મુક્તિસુખ પ્રાપ્ત કરશે, એમાં કોઈ સંશય જ નથી. મુક્તિને પામવા અને સંસારની જન્મમરણની પરંપરાની વિટંબણાથી મુક્ત થવા ધર્મતીર્થના સેવન સિવાય બીજો કોઇ ઉપાય નથી. અનંતાનંત આત્માઓ અનંતકાળમાં આ ધર્મતીર્થના સેવનથી જ મુક્તિને વર્યા છે. **ત્રણેકાળમાં અભ્યંતર રત્નત્રયીથી જ મોક્ષ મળે. તે અભ્યંતર રત્નત્રયીને જ્ઞાનની પર્યાયમાં પ્રગટાવવાની છે. તે માટે વ્યવહાર રત્નત્રયીનો આદર કરવાનો છે. સંયમના કષ્ટો કરતાં નરકના દુઃખો અનંતગુણા છે. વિષયોના સુખો કરતાં મોક્ષના સુખ અનંતગુણા છે. કોઈ હારતોરા પહેરાવે તો કહેવું કે કેવલજ્ઞાન થાય પછી હારતોરા પહેરાવજો હમણા નહિ! હાર પહેરતા સૂક્ષ્મ માન કષાય અડી જાય તો ય આત્માને સંસારમાં રખડવું પડે છે. અનંતકાળથી કાર્મણ વર્ગણાનો કોથળો અને તૈજસ શરીરની સગડી લઈને ચૌદરાજલોક ફર્યા છીએ. તેનાથી છુટવા ધર્મતીર્થનું સેવન એ જ એક માત્ર ઉપાય છે તેના વિના મુક્તિ મળે તેમ નથી.**

કોઇ પણ દશ્ય પદાર્થ સાથે અલ્પ કે અધિક રાગાદિભાવે ઉપયોગનું જોડાણ-ઉપયોગનું ચોંટવું તે વિકલ્પ છે. તેનાથી રહિત દશા તે નિર્વિકલ્પદશા છે અને તે આત્માનું શુદ્ધસ્વરૂપ છે. અંતર્મુખી સાધના કરવા દ્વારા આત્માએ વિકલ્પમાંથી નિર્વિકલ્પદશાને વરવાનું છે. કેવલજ્ઞાન એ પરમાર્થથી નિર્વિકલ્પ છે. પરમાર્થથી શુદ્ધોપયોગ છે. ધર્મતીર્થનુ સેવન આવા ઉપયોગને પામવા માટે છે. કારણકે પૂર્ણ શુદ્ધ ઉપયોગમાં પૂર્ણ આનંદ છે અને તે હંમેશનો છે-સ્થાયી છે. અરનાથ ભગવાનના પરમ ધર્મને પામીને આત્માના પરમ આત્મધર્મ સ્વરૂપ પરમાત્મત્વને સહુ કોઈ પામે એ અભ્યર્થના !

---

સૃષ્ટિ એવી સૃષ્ટિ એ સંસાર છે-જગત છે.

# 19 શ્રી મલ્લિનાથ જિન સ્તવન

સેવક કિમ [1]અવગણિયે, હો મલ્લિજિન એહ અબ શોભા સારી;
અવર જેહને આદર અતિ [2]દિયે, તેહને મૂલ નિવારી હો॥ મ.૧
[3]જ્ઞાન સ્વરૂપ અનાદિ [4]તમ્હારૂં, તે લીધું તમે તાણી;
જુઓ અજ્ઞાન દશા રીસાણી, જાતાં કાણ ન આણી હો॥ મ.૨
નિદ્રા સુપન જાગર ઉજાગરતા, તુરિય અવસ્થા આવી;
નિદ્રા સુપનદશા રીસાણી, જાણી ન નાથ મનાવી હો॥ મ.૩
સમકિત સાથે સગાઈ કીધી, સપરિવારશું ગાઢી;
મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી હો॥ મ.૪
હાસ્ય અરતિ રતિ શોક દુગંછા; ભય પામર [5]કરસાલી;
નોકષાય શ્રેણિ ગજ ચઢતાં, શ્વાન તણી ગતિ ઝાલી હો॥ મ.૫
રાગ દ્વેષ અવિરતિની પરિણતિ, એ ચરણ મોહના [6]યોધા;
વીતરાગ પરિણતિ પરિણમતાં, ઊઠી નાઠા બોધા હો॥ મ.૬
વેદોદય કામા પરિણામા, [7]કામ કરમ સહુ ત્યાગી;
નિષ્કામી કરુણારસ સાગર, અનંત ચતુષ્ક પદ પાગી હો॥ મ.૭

M A L L I N A T H   B H A G W A N



सुरासुर - नराधीश - मयुर - नव - वारिदम् ।
कर्मद्रून्मूलने हस्ति-मल्लं मल्लिमभिष्टुमः ।। ।।१९।।

નામ : ૧૯ મા શ્રી મલ્લિનાથ

લાંછન : કુંભ

રાશિ : મેષ

ગણ : દેવ

માતા : પ્રભાવતી

પિતા : કુંભ

ગર્ભવાસ : ૯-૭

દીક્ષા પર્યાય : ૫૪૯૦૦ વર્ષ

સર્વ આયુષ્ય : ૫૫૦૦૦ વર્ષ

સમ્યક્ત્વ પામ્યા પછીની ભવ સંખ્યા : ૩ ભવ

ચ્યવન કલ્યાણક નક્ષત્ર સાથે : અશ્વિની ફા. સુ.૪



# મલ્લિનાથજી

19

જન્મ કલ્યાણક નક્ષત્ર સાથે : અશ્વિની માગ. સુ.૧૧

દીક્ષા કલ્યાણક નક્ષત્ર સાથે : અશ્વિની માગ. સુ.૧૧

કેવળજ્ઞાન કલ્યાણક નક્ષત્ર સાથે : અશ્વિની માગ. સુ.૧૧

નિર્વાણ કલ્યાણક નક્ષત્ર સાથે : અશ્વિની ફા. સુ.૧૨

જન્મનગરી : મિથિલા

દીક્ષાનગરી : મિથિલા

કેવળજ્ઞાનનગરી : મિથિલા

નિર્વાણભૂમિ : સમ્મેતશિખર

દાનવિઘન વારી સહુ જનને, અભયદાન પદદાતા;
દાનવિઘન જગવિઘન નિવારક, પરમ લાભરસ માતા હો।। મ.૮
વીર્યવિઘન પંડિત [8]વીર્યે હણી, પૂરણ પદવી યોગી;
ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ [9]ભોગ સુભોગી હો।। મ.૯
ઇમ અઢાર દૂષણ [10]વર્જિત તનુ, મુનિજન વૃંદે ગાયા;
અવિરતિ રૂપક દોષ નિરૂપણ, નિરદૂષણ મન ભાયા હો।। મ.૧૦
ઇણ વિધ પરખી મન વિસરામી, જિનવર ગુણ જે ગાવે;
દીનબંધુની [11]મહેર નજરથી, **આનંદઘન** પદ પાવે હો।। મ.૧૧

પાઠાંતરે ૧. અવગણીએ ૨. દીએ ૩. જ્ઞાનસુરૂપ ૪. તુમારું ૫. ધુરસાલી ૬. જોધા ૭. કામ કરમ-કામ્યકરસ્ ૮. વિરજ ૯. ભોગરસ ભોગી ૧૦. વરજિત ૧૧. મહિર.

અઢારમા ભગવાનના સ્તવનમાં જ્ઞાનયોગના માધ્યમે અરનાથ પ્રભુનો પરમધર્મ કેવો છે, તે બતાવ્યું અને તે માટે પરસમયનો ત્યાગ કરવા દ્વારા સ્વ સમયમાં રહેવું અર્થાત્ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં રહેવું, શુદ્ધાત્માની અનુભૂતિ કરવી એ જ અરનાથ ભગવાનનો પરમ ધર્મ છે તેમ જણાવ્યું. હવે આ મલ્લિનાથ ભગવાનના સ્તવનમાં પ્રભુની શુદ્ધ અવસ્થાનું વર્ણન ઉપાસના યોગના માધ્યમે ભાવવાહી શૈલિમાં કરે છે. **હું કાંઇ જ નથી પણ પ્રભુ જ સર્વસ્વ છે, આવો નીતરતો સમર્પણભાવ એ ઉપાસનાયોગનું હાર્દ છે.**

**સેવક કિમ અવગણીએ હો, મલ્લિજિન ! એ અબ શોભા સારી;**
**અવર જેહને આદર અતિ દીએ, તેહને મૂળ નિવારી હો.. મલ્લિજિન..૧**

**અર્થ :** હે નાથ! હે પ્રભો! પૂર્વભવના આપના છ મિત્રો, જે આ

ભવમાં જુદા જુદા દેશોમાં રાજકુમાર તરીકે જન્મેલા હતા અને સ્વયંવર મંડપમાં લગ્ન પ્રસંગે આપને વરવાના હેતુથી તો તેઓ આવેલા હતા પરંતુ આપ તો અત્યંત વિરક્ત હતા. જન્મતા જ ત્રણ-ત્રણ જ્ઞાનના ધણી હતા. તેથી એ આવેલા રાજકુમારોને પ્રતિબોધવા, આપે આપના જેવી જ આબેહુબ ધાતુની મૂર્તિ બનાવી. તેનું મોં ઉપરથી ખૂલી શકે તેમ રચના કરી અને દરરોજ ભોજનનો એક એક કોળિયો તેમાં નંખાવ્યો. પછી જ્યારે રાજકુમારો સ્વયંવરમાં આવ્યા ત્યારે તેમની આગળ સેવકો દ્વારા તે મૂર્તિનું મોં ઉપરથી ખોલાવ્યું. પડ્યા પડ્યા સૂકાઈ ગયેલા અન્નની અતિશય દુર્ગંધ આવવાથી તેઓ તે સહન ન કરી શક્યા અને તરત જ બહાર નીકળી ગયા. પછી આપે તેઓને પ્રતિબોધ્યા.

બોધ આપ્યો કે જેનું રૂપ જોઇને તમે મોહી પડ્યા છો, એ શરીરનું સ્વરૂપ આવું છે. શરીર પુદ્ગલનું બનેલું હોવાથી એ સડન, પડન, વિદ્ધંસન સ્વભાવવાળું છે. માટે તમારા અજ્ઞાનને હટાવો અને તમારી ભીતરમાં જુવો! ભીતરમાં બેઠેલા તમારા ભગવાનને ઓળખો! આ બોધના પરિણામે તે છયેને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવનો સંબંધ યાદ આવ્યો. અજ્ઞાન હટ્યું અને એ છએ આત્માઓએ આપની સાથે દીક્ષા ગ્રહણ કરી.

હે નાથ! આપના સંબંધથી આપના છએ મિત્રોની અજ્ઞાનની ગાંઠ ભેદાઇ ગઇ ! આપના આશ્રયે આવેલાનું આપે કલ્યાણ કર્યું! તો હે નાથ! હું પણ પરમાર્થનો પથિક છું! તેની પ્રાપ્તિ અર્થે હું પુરુષાર્થ કરી રહ્યો છું! સત્યના રાહે ચડાવનાર કોઇ ન હોવાથી મેં આપના પર પૂર્ણ શ્રદ્ધા રાખી છે તો આપ મારી વિનંતીને કેમ અવગણી રહ્યા છો ?!! હે પ્રભો! **(એહ અબ શોભા સારી)** - આપના જેવા માટે શું આ સારું દેખાય છે? અથવા તો આપને છાજે તેવી દષ્ટિ રાખો, એમાં જ આપની શોભા રહેશે.

---

દષ્ટિ એવી દષ્ટિ એ નિર્મોહીતા-વીતરાગતા છે.

**(અવર જેહને આદર અતિ દીએ-તેહને મૂળ નિવારી)** બીજા સંસારી જીવો જે મોહભાવને મંગલ કાર્ય સમજી અતિઆદર આપે છે, તેને તો આપે મૂળમાંથી એક જ ઝાટકે છેદી નાંખેલ છે. યોગીરાજ કહે છે કે હે પ્રભો! મારે પણ લક્ષ્યરૂપે તો તે જ છે. તેથી હવે મને આપનો આધાર જોઇએ છે. માટે મારી વિનંતીને અવગણશો નહિ.

**વિવેચન : તું જગતને જાણે છે માટે જ્ઞાતા નથી પણ ભીતરના જાણનાર તત્ત્વને તું જાણે છે માટે તું જ્ઞાતા છે. ભીતરના જાણનારને જાણવા માટે જ્યારે ઉપયોગ જોડાય છે ત્યારે જગત વચ્ચે નથી આવતું. જગત ત્યારે જ્ઞેય બની જાય છે. જગત પરજ્ઞેય છે જ્યારે આત્મા સ્વજ્ઞેય છે. સ્વજ્ઞેય એવા આત્માને શુદ્ધોપયોગથી જાણતાં આત્મા પોતે જ જ્ઞાતા બને છે. અંતર્મુખ જ્ઞાનોપયોગમાં આત્મા જ જણાતો હોવાથી આત્મા જ્ઞેય પણ છે અને આત્મા જ્ઞાનથી જુદો ન હોવાથી આત્મા જ્ઞાનસ્વરૂપ પણ છે. આમ જ્ઞેય-જ્ઞાતા અને જ્ઞાનની અભેદ અનુભૂતિ તે પરમાર્થથી જિનશાસન છે. સ્વજ્ઞેય એટલે પોતાને પોતાની શ્રદ્ધા-સ્વદર્શન. એ પોતાના પોતાપણાનું ભાન છે. જ્ઞાતા એટલે જ્ઞાનમય આત્મા એ પોતામાં સાચાપણું છે. અને જ્ઞાન એટલે સ્વજ્ઞેયમાં રમણતા-જ્ઞાન દશા-ચારિત્ર જે પોતાપણાને સાચાપણાનું સારાપણું છે. આ જ જૈન શાસન ઉપદિષ્ટ દર્શન-જ્ઞાન-ચારિત્રની અભેદતા છે. અર્થાત્ પોતામયતા-સ્વમયતા છે.**

આવી ઊંચી વાતો અઢારમા ભગવાન સ્તવનમાં કર્યા પછી હવે યોગીરાજ ઉપાસના ખંડમાં પ્રવેશ કરી રહ્યા છે અને શ્રીમલ્લિનાથ પ્રભુને નમ્રભાવે વિનંતી કરતાં કહે છે કે -

"જ્ઞાનાદિ અનંતગુણોનો વૈભવ આપે પ્રગટ કર્યો છે! હે પ્રભો! બીજા બધા તીર્થંકર પરમાત્માઓ કરતાં પણ આપે તો શીઘ્ર કેવલજ્ઞાન

---

કંઈકમાં શક્તિ નથી. જ્યાં કાંઈ નથી અને શૂન્યતા છે ત્યાં અનંતશક્તિ છે.

પ્રાપ્ત કર્યું છે ! જે દિવસે આપે ચારિત્ર ગ્રહણ કર્યું તે જ દિવસે આપને કેવલજ્ઞાન પ્રગટ થયું છે ! સ્ત્રી દેહે પુરુષનું પૌરુષત્વ દાખવવાનું પરાક્રમ કર્યું છે ! ખોળિયું ભલે સ્ત્રીનું હોય પણ માંહી રહેલો આત્મા તો પુરુષ છે એવું આપે પુરવાર કર્યું છે ! આપના અનંતગુણોનું અભેદાત્મક વીતરાગભાવે પરિણમન એ જ આપની શોભા છે ! એ જ આપની સમૃદ્ધિ છે ! એ જ આપનો વૈભવ છે ! આપની શોભા અનંત છે ! મને પણ તે ગમી ગઇ છે. મારે તે જોઇએ છે! તો હે પ્રભો ! આપના શરણે આવેલાની ઉપેક્ષા કેમ કરો છો ? આપને માટે તે શોભાસ્પદ નથી !"

ભક્તિના માધ્યમે આનંદઘનજી પ્રભુને ઓલંભો આપે છે **"સેવક કેમ અવગણીએ"** આમાં તરવાની મુખ્યતાનો ભાવ છલકાય છે. જ્યારે પ્રભુ બરાબર ઓળખાઈ જાય છે ત્યારે સંસાર સહેજે છુટવા માંડે છે. પછી તેને છોડવો નથી પડતો. સેવક પોતામાં રહેલી પ્રભુતાને પ્રગટ કરવા થનગની રહ્યો છે.

**(અવર જેહને આદર અતિદીયે તેહને મૂળ નિવારી)** – હે પ્રભો! આપનો પંથ નિરાળો છે ! જગતમાં સામાન્ય જીવો રાગ, દ્વેષ મોહ, આશા, તૃષ્ણા વગેરેને પંપાળે છે, પોષે છે; જાણે કે કમાઉ દીકરો હોય તેમ આદર આપે છે; તે અવગુણને-દોષને, ગુણ ગણીને આદર આપી આદરે છે. તેને હે નાથ ! આપે મૂળથી ઉખેડી દીધા છે.

**પ્રભુ જેવા છે તેવા ઓળખાવા અને પછી તે ગમવા તે પ્રભુ પ્રત્યેનો પ્રેમ છે, લગાવ છે. જે ગમે છે તેને પોતાના બનાવી દેવા, તેનાથી અભેદ થઈ જવું, તે પ્રીતિ છે અને તેનો ઉપભોગ કરવો તે ભક્તિ છે. પ્રથમ પરિચય હોય છે પછી તે પ્રેમમાં પરિણમે છે અને તે પ્રીતિરુપે દૃઢ બને છે. પુજા-ભક્તિરૂપે અભિવ્યક્ત થાય છે અને અંતે સમર્પિતતા-**

---

જ્ઞાન ફર્યા કરે તેનું નામ ભ્રમજ્ઞાન. જ્ઞાન નિત્ય એવું ને એવું રહે તે બ્રહ્મજ્ઞાન.

સર્વોપરિતામાં લય પામે છે. માટે જ પ્રભુની પ્રભુતાનો-અર્હમ્‌ના આર્હંત્યનો પરિચય કરી લેવો જોઇએ, જેથી મુક્તિ સુગમ બને.

પ્રભુ તો નિર્વિકાર છે, નિરાકાર છે, નિરંજન છે એટલે જ તેમાં પ્રીતિ કરવાની છે. પ્રીતિમાંથી નિષ્પન્ન થતી ભક્તિ નિરાકારને આકાર આપે છે. નિરાકારને આપેલો આકાર જ ભક્તને નિર્વિકારી, નિરંજન બનાવે છે. જ્ઞાની એવો ભક્ત ચાલે છે તો જ્ઞાનની આંગળી પકડીને પણ તે જ્ઞાન શૂષ્ક ન થઇ જાય, જ્ઞાનમાં અહમ્ ન આવી જાય, ભક્તિનો પાલવ છૂટી ન જાય તેની કાળજી રાખીને ચાલે છે.

તેના હૃદયમાંથી પોકાર ઉઠે છે કે હે પ્રભો ! અનાદિથી આજ'દિ સુધી સાકારરૂપે ભવભ્રમણ કરતાં કરતાં પુદ્ગલને નીરનિરાળા આકાર આપી જીવન જીવતો આવ્યો છું. આકારોની વચ્ચે અને આકારોની સાથે જ એકાકાર બની જીવ્યો છું. આજે હવે હે પ્રભો ! તારી પ્રીતે મારા પ્રાણ બંધાણા છે, તો પછી તું મારી ઉપેક્ષા કરે તે કેમ ચાલે ? હું તને છોડીને બીજે ક્યાં જાઉં ? હે અશરણ શરણ ! હે ભવોદધિ તારક ! તને મેં ટાંકણા મારી મારીને ઘડ્યો! નિરાકાર એવા તને સાકાર કર્યો! હવે તારી સમક્ષ હું છું. ટાંકણા મારી મારીને હવે તું મને ઘડ ! મારામાં રહેલ અશુદ્ધિ-દોષોને તું દૂર કર ! આકારમાંથી નિરાકાર બનાવ ! મારા સ્વરૂપને હવે તું ઉપસાવ ! મને ઘડવા માટે તને ઘડ્યો છે! તું મને તારા જેવો નિરાકાર બનાવે તે હેતુથી મેં તને સાકાર બનાવ્યો છે ! તો હવે હે નાથ ! મારા ઉપર તું કૃપા કર ! મારું ઘડતર કર ! તારામય તું મને બનાવ તો હું મારામય થાઉં ! સાકાર સ્વરૂપવાળા એવા તારી સાથે એકાકાર થવાય તો નિરાકાર થઈ શૂન્યાકાર બનાય અને સર્વાકાર થવાય.

---

જ્ઞાનનું ફળ વિરતિ અને વિરતિનું ફળ જ્ઞાન (કેવળજ્ઞાન).
મૂળમાં જ્ઞાન અને ફળમાં જ્ઞાન (કેવળજ્ઞાન).

**પ્રભુમાં પ્રીતિ હોય તો પ્રભુની સન્મુખ થવાય, પ્રભુને હૃદયમાં સ્થાન અપાય, પ્રભુના નામમાં રમાય, પ્રભુના ગુણમાં ગદ્‌ગદિત બનાય અને અંતે સ્વરૂપમાં રમમાણ થઈ જવાય.**

**પરમાત્માએ રાગાદિ શત્રુઓને મૂળમાંથી ઉખેડી કાઢીને ધૂળ ચાટતા કર્યાં છે. જગત જેની પાછળ પાગલ બન્યું છે, તેની પ્રભુએ સર્વથા ઉપેક્ષા કરી છે. પરમાત્માના ભક્તની પરમાત્મામાં જ ગતિ અને મતિ છે, તેથી તે અર્થ-કામથી દૂર રહી શકે છે. તે તો ત્રણલોકના નાથને જ પોતાની સાચી મૂડી સમજે છે. એ માને છે કે જેને પ્રભુ સાથે પ્રીત નથી અને સ્વનું ભાન નથી, એના જેવો જગતમાં કોઈ દરિદ્રી નથી; પછી ભલેને તે સંપત્તિથી ધનવાન કેમ ન હોય ? કારણકે ખોવાઈ ગયેલા આત્મ-ધનને મેળવી આપનાર તો ભગવાન છે-ભગવાનની પ્રીતિ-ભક્તિ છે. આત્મ ઐશ્વર્ય મેળવ્યા પછીથી જગતમાં કાંઈ પણ મેળવવા યોગ્ય રહેતું નથી.**

**ભગવાનની કરૂણા બનાવે છે સંસારના પરોણા...**
**ભગવાનની ભક્તિ તો આપે છે મુક્તિની આસક્તિ...**

ભગવાનની મૂર્તિ નૈગમનયથી પરમાત્મા કહેવાય છે પણ આપણે સાધના નૈગમનયથી અર્થાત્ મૂર્તિ માનીને નથી કરવાની. પરંતુ સાધના તો એવંભૂતનયથી અર્થાત્ સાક્ષાત્ પરમાત્મા માનીને કરવાની છે. જીવિતસ્વામીની આરાધના કરવાની છે.

આત્માની દોષમય અવસ્થાનો નાશ કરવા અને લોકોત્તમ ગુણસંપત્તિને વરવા પ્રભુ પ્રત્યે પ્રીતિ-ભક્તિ આવશ્યક છે; એ વાત આ સ્તવનની પહેલી કડીમાં યોગીરાજશ્રી આનંદઘનજી જણાવી રહ્યા છે.

---

પરમાર્હત્ કુમારપાળ મહારાજાના હૃદયોદ્ગાર -

"जिनधर्म विनिर्मुक्तो मा भूवं चक्रवर्त्यपि।
स्याम् चेटोऽपि दरिद्रोऽपि, जिनधर्माधिवासितः ॥"

હે પ્રભો! ભવાંતરમાં તારો ધર્મ-તારું શાસન ન મળતું હોય અને ચક્રવર્તીપણું મળતું હોય તો મારે તે જોઈતું નથી અને જો જિનધર્મથી ભાવિતતા મળતી હોય તો પછી હું નોકર બનું કે દરિદ્ર થાઉં તો પણ મને મંજુર છે.

સ્વરચિત આત્મનિંદા સ્તોત્રના ગુજરાતી કાવ્યાનુવાદમાં પણ લખે છે-

છંદ : હરિગીત

**સમર્થ છો સ્વામી તમે આ સર્વ જગને તારવા,**
**ને મુજ સમા પાપીજનોની દુર્ગતિને વારવા,**
**આ ચરણ વળગ્યો પાંગળો તુમ દાસ દીન દુભાય છે,**
**હે શરણ ! શું સિદ્ધિ વિષે સંકોચ મુજથી થાય છે ?**

**તુમ પાદપદ્મ રમે પ્રભો નિત જે જનોના ચિત્તમાં**
**સુર ઈન્દ્ર કે નર ઈન્દ્રની પણ એ જનોને શી તમા ?**
**ત્રણ લોકની પણ લક્ષ્મી એને સહચરી પેઠે ચહે,**
**સદ્ગુણોની શુભગન્ધ એના આત્મમાંહે મહમહે.**

**ભવજલધિમાંથી હે પ્રભો ! કરૂણા કરીને તારજો**
**ને નિર્ગુણીને શિવનગરના શુભસદનમાં ધારજો**
**આ ગુણીને આ નિર્ગુણી એમ ભેદ મોટા નવિ કરે**
**શશી સૂર્ય મેઘ પરે દયાળુ સર્વના દુઃખો હરે.**

---

ધર્મમાં ગુણ કેળવવાના છે. કળા નહિ. ધર્મમાં હૃદય કેળવવાનું છે બુદ્ધિ નહિ.

છંદ : શાર્દૂલ વિક્રીડિતમ્

**પામ્યો છું બહુ પુણ્યથી પ્રભુ તને ત્રૈલોક્યના નાથને**
**હેમાચાર્ય સમાન સાક્ષી શિવના નેતા મળ્યા છે મને,**
**એથી ઉત્તમ વસ્તુ કોઇ ન ગણું, જેની કરું માંગણી,**
**માંગુ આદર વૃદ્ધિ તો ય તુજમાં, એ હાર્દની લાગણી.**

**જ્ઞાન સ્વરૂપ અનાદિ તમારું, તે લીધું તમે તાણી;**
**જુઓ અજ્ઞાન દશા રિસાણી, જાતાં કાણ ન આણી હો.. મલ્લિજિન..૨**

**અર્થ :** હે પ્રભો ! જે કેવલજ્ઞાન અનાદિકાળથી સત્તામાં પડેલું હોવા છતાં કર્મોથી તે દબાયેલું હતું, તેને તમે ઘન એવા ઘાતિકર્મોનો છેદ કરીને પર્યાયમાં પ્રગટ કરી દીધું. તેમ કરવા જતાં અનાદિકાલથી આપની સહચારિણી બનેલી અજ્ઞાનદશા રિસાઈ ગઈ અને ખેદ પામીને ચાલી ગઈ, તેને જતી વેળાએ આપે પાછી ન બોલાવી. કાણ એટલે કથા વિશેષ ન કરી. કેમ જાય છે? ક્યાં જાય છે? તેની પૃચ્છા પણ ન કરી અથવા તો કાણ પણ ન માંડી. તે જતીને તો જવા દીધી પણ જતી એવી તેણીને પાછી બોલાવવાની વાત ન કરી.

**વિવેચન :** તારક તીર્થંકર પરમાત્માઓ ચારિત્ર લીધા પછી કેવલજ્ઞાન ન પ્રગટે ત્યાં સુધી ખડે પગે કાયોત્સર્ગની સાધના કરે છે. ઉપસર્ગો અને પરિષહોની વચ્ચે પણ અડોલ રહે છે. પલાઠી વાળીને ભૂમિ પર બેસતા નથી. ઘાતિકર્મોથી કેવલજ્ઞાન દબાયું છે, એ તો વ્યવહારનયનો વચન પ્રયોગ છે. હકીકતમાં તો સ્વરૂપ તરફ દૃષ્ટિ ન કરવાથી, રુચિ ન કરવાથી, સ્વરૂપમાં રમણતા ન કરવાથી, કેવલજ્ઞાન દબાયું છે. અનાદિ ભવ ચક્રમાં ભટકતાં તેણે ક્યારે ય પોતાની ભીતરમાં રહેલા પરમાત્માને ભાવ્યા જ

---

સ્વભાવ (ભગવાન-પરમાત્મા)નો પ્રભાવ છે. પ્રભાવનો સ્વભાવ નથી.
બળવાન વસ્તુ પ્રભાવ નથી પણ સ્વભાવ છે.

નથી, ઓળખ્યા જ નથી માટે જીવને સંસારના રંગમંચ ઉપર નાટકિયા બનીને કર્મના નચાવ્યા નાચવું પડે છે. **"કર્મ નચાવત તિમ હી નાચત, માયા વશ નટ ચેરી."** જે દિવસે તે પોતાના સ્વરૂપમાં ઠરશે તે દિવસે કર્મો તો ઉભી પૂંછડીએ ભાગવા માંડશે.

જ્યારે આત્માનું જ્ઞાન સ્વરૂપ બરાબર સમજાય છે ત્યારે અજ્ઞાનની પકડો છુટી જાય છે. ખોટી માન્યતા અને ખોટા અભિપ્રાયોથી આત્મામાં અજ્ઞાન-મિથ્યાત્વ અસ્થિમજ્જા બન્યું છે.

પુરુષ માને કે 'હું કમાવી ને લાવુ છું માટે ઘર ચાલે છે!'

સ્ત્રી માને કે 'હું રસોઈ કરુ છું માટે ઘર ચાલે છે!'

આ બંને, અભિપ્રાયની મોટી ભૂલો છે. હકીકતમાં તારા એવા કમાવાના સંયોગો હતા અને એના રસોઈ કરવાના સંયોગો હતા માટે તે બન્યું છે. સંયોગોએ ભેળા કરેલા અરસપરસ એક બીજાનુ લેણું દેણું ચૂકવી રહ્યા છે.

**કુદરતી વૈજ્ઞાનિક સંયોગો એકઠા થવાથી તે તે કાર્ય થાય છે ત્યારે જીવ એમ માને છે કે હું કરુ છું માટે થાય છે. કરવાનો ભાવ આવ્યો એટલે જ્ઞાયક દૃષ્ટિમાંથી ખસી ગયો. આપણી દૃષ્ટિમાં જ્ઞાયક થાંભલાની જેમ પકડાયેલો રહેવો જોઈએ.** જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયકની, ધ્રુવની એક લય લાગે છે, ધૂન જાગે છે ત્યારે દૃષ્ટિનું જોર જ્ઞાયક પર સ્થિર થતાં દૃષ્ટિ પરમાંથી-અધ્રુવમાંથી પાછી ફરે છે અને ઉપયોગ Rebound થઈ ધ્રુવ સ્વરૂપમાં ભળી જાય છે ત્યારે અભિપ્રાય સંબંધી બધી ભૂલો નીકળી જાય છે.

---

દીક્ષા એટલે.....

નામનું પરિવર્તન...
સ્થાનનું પરિવર્તન...
ક્રિયાનું પરિવર્તન...
વેષનું પરિવર્તન...
સંબંધનું પરિવર્તન...
વાણીનું પરિવર્તન...
ભાવનું પરિવર્તન...

આ બધું થવા છતાં પણ દૃષ્ટિનું પરિવર્તન થયું છે ? જો હા, તો આ બધું કામનું છે. અભિપ્રાય સંબંધી ભૂલો કાઢ્યા પછી જ જ્ઞાયક પર જોર આવે છે. જો દૃષ્ટિનું પરિવર્તન નથી આવ્યું તો પછી આ બધું કાંઇ વિશેષ કામનું નથી. **મૂળમાં દૃષ્ટિનું પરિવર્તન તે સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વના એકડાથી જ આ બધા શૂન્યોની કિંમત છે. બાકી તો એકડા વગરના મીંડાના પરિણામમાં મીંડા જ છે.**

**જબ જાન્યો નિજરૂપકો, તબ જાન્યો સબ લોક;**
**નહિ જાન્યો નિજરૂપકો, સબ જાન્યો સો ફોક.**

"હું મનુષ્ય છું, હું પુરુષ છું, હું સાધુ છું, હું જૈન છું, હું દેહધારી, નામધારી, રૂપધારી છું, હું બીજાને સુખી કરનારો છું, મારાથી ઘર ચાલે છે, હું બધાને સાચવું છું!" આ બધી અભિપ્રાયની ભૂલો છે અને તેનાથી જ જ્ઞાયક દબાયો છે. **ખોટા, અવળા, પર 'હું' એટલે અહંકાર તળે સાચો, સવળો, સ્વ 'હું' એટલે સ્વરૂપનો હુંકાર જે સોડહંકાર છે તે દબાઇ ગયો છે.**

---

જ્ઞાયકની જાગૃતિમાં જગતનું તત્ત્વ લય પામે છે ત્યારે અંદરના જ્ઞાનનો વિસ્ફોટ થાય છે. સ્વરૂપનો વિસ્ફોટ થતાં જગતને જાણવાનો રસ રહેતો નથી. જ્ઞાન, જ્ઞાયકમાં ઠરે ત્યારે સમકિત થાય છે. જ્ઞાન, જ્ઞાયકમાં ઠરે ક્યારે? ચોવીસે કલાક હું જ્ઞાયક છું એવું પ્રતીતિમાં-શ્રદ્ધામાં રહે ત્યારે! જ્યારે જે વસ્તુની જરૂર પડે ત્યારે તેનો ઉપયોગ કરી લેવો પણ તેને માટે સારો કે ખરાબ અભિપ્રાય બાંધવો નહિ.

આચારાંગમાં પ્રભુની ૧૨॥ વર્ષની સાધનાનું વર્ણન છે. પ્રભુ ક્યારે કયા વિષય પરથી ધ્યાનની ગોદમાં સરી પડી ઉજ્જવલ ધ્યાનની શૃંગે બિરાજતાં તેનો કોઈ નિયમ ન હતો. એક પુદ્‌ગલ પરમાણુ પર પણ ધ્યાન કેન્દ્રિત કરી તેઓ પરમ એકાગ્ર થઈ તત્ત્વમંથનની સીમા પર્યંત પહોંચી જતા ને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના સીમાડા ભેદી ક્યાં ખોવાઇ જતાં તે અનંત ભાવ નિધાન સામર્થ્ય તેઓ સ્વયં જ જાણે.

એક પુદ્‌ગલ પરમાણુ ઉપરથી દ્રવ્ય-ગુણ-પર્યાયના અનંત મોહનાશક અનુપ્રેક્ષણ પર સહજ રીતે તેઓ આરોહણ કરતા. તેઓનો સ્વજ્ઞેય, ગ્રહણનો પૂર્વઘૂંટીત અભ્યાસ એવો તો સઘન હોય છે કે પર જ્ઞેય વિષયક તત્ત્વોદધિનું તીવ્રમંથન-શોધન છતાં સ્વજ્ઞેય એટલે કે જ્ઞાયક એમની પકડમાંથી એક ક્ષણ પણ છૂટતો નથી. બલ્કે સઘન થાય છે. એનું એક કારણ એ પણ છે કે નિર્મળ દર્શનયોગમાંથી ઉત્પન્ન થયેલ એમનું વિશ્વદર્શન રાગોત્પાદક નહિ પણ તીવ્ર વૈરાગ્યોત્પાદક હોય છે. જ્ઞાન જેમ જેમ એકાગ્ર, સ્થિર, શાંત થતું જાય છે, તેમ તેમ તરંગ શમાતા જાય છે. જ્ઞાન નિર્મળ થતું જાય છે. તેમાં સ્વનું પરમોજ્જવલ પ્રતિબિંબ પડે છે કારણકે તેમાં સ્વના વેદનની ઉત્કટ રતિ હોય છે. સ્વરૂપ ગ્રહણના આશ્રયે ક્ષયોપશમ જ્ઞાન પણ અફાટ ઉછળે

**છે. આ બધું સ્વાભાવિક બને છે.**

વસ્તુતઃ જ્ઞાન એ કાંઇ પુદ્ગલ પરમાણુ કે વિશ્વના બીજા પદાર્થોમાંથી ઉડીને નથી આવતું, તે તો ભીતરમાંથીજ આવે છે. આવરણ હટે-ઘટે તેમ વસ્તુબોધ પણ વધે પણ વસ્તુના બોધથી યોગ્ય આત્માને વૈરાગ્યની વૃદ્ધિ સંભવે છે. નિત્ય-અનિત્યનો વિવેક વધુ ગાઢ બને છે. **સત્ય વિવાદથી નહિ પણ વિમળ અનુભવથી સમજાય છે. તે અનુભવને પામવા માટે તારક તીર્થંકર પરમાત્મા જેવી ઘોર કઠિન સઘન સાધના જોઈએ.**

હે પ્રભો! આપે ઘોરાતિઘોર સાધના કરવા દ્વારા જે કેવલજ્ઞાન-કેવલદર્શન સ્વરૂપ સત્તામાં પડ્યું હતું **(તે લીધું તમે તાણી)** તેને પર્યાયમાં પ્રગટ કરી દીધું. તેથી આપ ભાવનિક્ષેપે પરમાત્મા બન્યા. પછી આપની અનાદિની સહચારિણી અજ્ઞાનદશા, જે રિસાઈને આપના ઘરમાંથી ચાલી ગઈ ત્યારે આપે તેને સુમધુર વચન સંભળાવવા વડે પાછી અસલ સ્થિતિમાં ન આણી કારણકે ફરીથી તે આપના આત્મઘરમાં ન આવે તે જ આપને ઇષ્ટ હતું. 'કાણ ન આણી'માં કાણનો અર્થ કાણ-મોકાણ જે મરણ પાછળ માંડવામાં આવે છે, એવો લૌકિક વ્યવહાર કે ઉત્તર ક્રિયા પણ આપે તે ચાલી જતાં-મરણ પામતાં અજ્ઞાન પાછળ ન કર્યા. અનંતજ્ઞાન-દર્શન પ્રગટતા આનંદની આડેના અંતરાયો હટી જતાં તે જ સમયે અનંત આનંદવેદન પણ પ્રગટ થઇ ગયું. તીર્થંકરનામકર્મના વિપાકોદયથી પ્રગટેલ ચોત્રીસ અતિશયો અને પાંત્રીસ વાણીના ગુણો આદિ બધાયના આપ દૃષ્ટા બન્યા. જે વૈરાગ્યની પરાકાષ્ટા સ્વરૂપ આપની વીતરાગતા છે. ઘાતિ કર્મોના નાશે આપ વીતરાગ-સર્વજ્ઞ બન્યા. જીવન મુક્ત વિદેહી બન્યા.

**જહાં રાગ અને વળી દ્વેષ, તહાં સર્વદા માનો ક્લેશ;**
**ઉદાસીનતાનો જ્યાં વાસ, સકળ દુઃખનો છે ત્યાં નાશ.**

---

**સર્વકાલનું છે ત્યાં જ્ઞાન, દેહ છતાં ત્યાં છે નિર્વાણ;**
**ભવ છેવટની છે એ દશા, રામ ધામ આવીને વસ્યા.**

**નિદ્રા સુપન જાગર ઉજાગર દશા, તુરિયાવસ્થા આવી**
**નિદ્રા સુપન દશા રિસાણી, જાણી ન નાથ મનાવી હો..મલ્લિજિન..૩**

**અર્થ :** નિદ્રા, સ્વપ્ન, જાગૃત અને ઉજ્જાગર આ ચાર દશા જીવની છે જેને બીજા શબ્દોમાં મિથ્યાત્વ, અવિરત, સુયત અને ચોથી કેવલજ્ઞાન એમ ચાર દશા પણ કહેવામાં આવી છે. હે નાથ ! આપે જ્યારે ક્ષપકશ્રેણી માંડી નવમા ગુણસ્થાનકથી દશમાં ગુણસ્થાનકે આવી આગળ વધ્યા ત્યારે નિદ્રા, સ્વપ્નં વગેરે દશાઓ જાણે આપનાથી રિસાઇ ગઇ હોય તેમ ચાલી ગઈ; તે જ્યારે ચાલી ગઈ છતાં આપે તેને પાછી આવવા માટે મનાવી નહિ તેને જવા દીધી.

**વિવેચન :** નિદ્રા, સ્વપ્ન, જાગૃત અને તુરિયા એટલે ચોથી ઉજ્જાગર, એવી ચાર ચેતનાની અવસ્થાઓ માનવામાં આવી છે. તેમાં નિદ્રાવસ્થા પહેલે મિથ્યાત્વ ગુણઠાણે હોય છે. ચોથે અવિરત સમ્યગ્દષ્ટિ ગુણઠાણે સ્વપ્નાવસ્થા બતાવેલી છે. જો કે સમ્યગ્દષ્ટિ આત્મા સ્વમાં જાગૃત હોય છે છતાં અવિરતિની અપેક્ષાએ તે ગુણઠાણે તેને શયન અર્થાત્ સ્વપ્ન દશા કહી છે કારણકે ત્યાં ચરણ અર્થાત્ ચારિત્રરૂપી ચાલના નથી. અપ્રમત્તતા (જાગૃતિ) ન હોવાથી પાંચમા છઠ્ઠા ગુણઠાણાને પણ સ્વપ્નદશા ગણાવી છે. અહિંયા આત્મા આત્મદશા-પરમાત્મ સ્વરૂપના સપના જુએ છે.

મિથ્યાત્વદશા એ પથારીમાં પોઢી ગયેલાની નિદ્રાધીનદશા છે. એ મોહનિદ્રા છે.

સમ્યકત્વદશા એ જાગી ગયેલ પણ પથારીમાં પડી રહેલાની દશા છે.

---

સાત્વિકભાવ એ વળાવિયો છે, જે તામસ-રાજસ ભાવથી બચાવે છે અને શુદ્ધ ભાવ સુધી પહોંચાડે છે.

દેશવિરતિ એ જાગી જઈને પથારીમાં ઊભા થયેલાની દશા છે.

સર્વવિરતિ એ પથારી એટલે કે સંસાર-ગૃહસ્થાવાસ છોડી દીધેલાની દશા છે.

અપ્રમત્તદશા એ પરમાત્મદશા તરફ ચાલવા માંડેલાની દશા છે.

ક્ષપકશ્રેણિ એ પરમાત્મદશા ભણી દોડવા માંડેલાની દશા છે.

વીતરાગદશા સર્વજ્ઞતા સર્વદર્શીતા, નિર્વિકલ્પતા એ ઉજ્જાગરદશા છે. એ પરિપૂર્ણ જાગૃતદશા છે.

ત્રીજી જાગૃત દશા સુયત એવા મુનિને સાતમા ગુણઠાણાથી માંડીને બારમા ગુણઠાણા સુધી હોય છે, જેમાં પૂર્ણ જાગૃતિ હોય છે કારણકે તે અપ્રમત્ત દશા છે. આત્મા આત્મામાં જાગી ગયો હોય છે. આંશિક પરમાત્મ દશામાં આવી ગયો હોય છે. જ્યારે ચોથી ઉજ્જાગર દશા એટલે સ્વરૂપમાં સંપૂર્ણપણે રહેવારૂપ સ્વરૂપસ્થ દશા તેરમા-ચૌદમા ગુણસ્થાનકે તેમજ સિદ્ધના જીવોમાં હોય છે.

નિદ્રા અને સ્વપ્ન અવસ્થા દર્શનાવરણીય કર્મના દોષથી છે. ત્રીજી જાગૃત અવસ્થામાં મુનિને નિદ્રા હોય તો છે પણ તે શ્વાન જેવી અને અત્યંત અલ્પ નહિવત્ નામની જ હોય છે, તેથી ત્યાં દર્શનાવરણીય કર્મનો અત્યંત અલ્પ રસોદય હોય છે. જ્યારે ચોથી ઉજ્જાગર અવસ્થા તો દર્શનાવરણીય કર્મના ક્ષયથી છે; તેને હે નાથ! આપે પ્રગટ કરી એટલે અનાદિકાલથી સાથે રહેલી નિદ્રા, સ્વપ્નાવસ્થા વગેરે પૂર્વની અવસ્થાઓ રિસાઇ ગઇ. એને આપનાથી છુટા પડવું નહોતું કારણકે એને આપની સાથે અત્યંત મેળ મળી ગયેલો હતો. પરંતુ આપ તો સ્વરૂપમાં સંપૂર્ણપણે લીન થઇ ગયા એટલે તેઓને અનિચ્છાએ પણ ઉચાળા ભરવા પડ્યા.

---

વીતરાગ પુરુષો-સર્વજ્ઞ ભગવંતો તમારા વખાણ કરે એમ ઈચ્છજો.
રાગીના વખાણને ન ઈચ્છશો. એમ કરશો તો લોકૈષણાના ભાવો ટળશે.

જ્યારે તેઓએ વિદાય લીધી ત્યારે આપે તેની સાથે મનામણાં ન કર્યા કારણકે તે અવસ્થાઓ આપને સ્વરૂપ રમણતામાં અંતરાય રૂપ હતી તેથી આપે તેઓની ઉપેક્ષા કરી.

કર્મ બંધના મુખ્ય હેતુ રાગ અને દ્વેષ છે. જ્ઞાન-દર્શન એ તો આત્માનું સ્વરૂપ છે. કોઇપણ પદાર્થને જાણતાં જીવ સ્વરૂપમાં રહે તો ત્યાં તેને કર્મબંધ થતો નથી. શાસ્ત્રોમાં ઘાતિકર્મના બંધને જ મુખ્ય બંધ કહ્યો છે. સ્વરૂપમાં લીનતા સધાતા કર્મો નિર્જરી જાય છે પણ નવા ચોંટતા નથી. આ કડી પણ પૂર્વની કડીનો જ પડઘો પાડે છે.

આત્મા પોતાના સ્વરૂપમાં લીન નથી થતો તેથી જ જ્યારે પદાર્થ આંખ સામે આવે ત્યારે તેના સંબંધી કોઈને કોઇ સારો કે ખરાબ ભાવ થાય છે. આ ભાવ તે વિકલ્પ છે. વસ્તુને જોયા પછી ઉપયોગ કર્મના ઉદય સાથે જોડાયેલો હોય છે માટે પદાર્થ વિષયક સ્ફુરણ થાય છે. આ સ્ફુરણ તે વિકલ્પ છે. **એ સ્ફુરાયમાન વિકલ્પમાં જો તન્મયતા આવે તો તે વિચાર છે. વિકલ્પમાં ચરવું તે વિચાર છે અને વિકલ્પને જોવો-માત્ર જોવો તે સ્થિરતારૂપ ચારિત્ર છે.**

**પદાર્થ જ્યારે સંપૂર્ણપણે પોતાનામાં રહે છે ત્યારે આપણે પણ સંપૂર્ણપણે આપણામાં રહીએ તો વિકલ્પ ઉભો ન થાય અને તો સ્વરૂપ લીનતા રૂપ તપ પ્રગટે પણ જીવ પોતાનામાં લીન થઈ શકતો નથી માટે વિકલ્પ ઉભો થાય છે. હવે આ વિકલ્પના પણ દૃષ્ટા બનીને રહીએ તો આત્માએ આત્માને સાધ્યો કહેવાય પણ તે વિકલ્પ ઉપર પણ નવા નવા વિકલ્પો કરીએ તો ત્યાં દૃષ્ટાભાવ ન રહેતાં શુભાશુભભાવ રૂપ બંધમાર્ગમાં આવી જવાનું થાય છે.**

ચેતનાની ચાર અવસ્થાને બરાબર સમજીને પૂર્વ પૂર્વની અવસ્થા

---

આત્માને સ્વતંત્ર નહિ માનનાર નાસ્તિક દેહ દ્વારા આત્માને વેદે છે.
જ્યારે આત્માના અસ્તિત્વને માનનાર આસ્તિક સાધક આત્મા દ્વારા આત્માને વેદે છે.

છોડતા જવાનું છે અને ઉત્તર ઉત્તરની અવસ્થાને પામવાનું છે. જ્યાં સુધી ચોથી ઉજ્જાગર દશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કોઇ અવસ્થામાં ઠરવાનું નથી. ચોથી દશા એ મંઝિલ છે અને પૂર્વની ત્રણ દશા મુકામ છે; એમ સમજીને આગળ વધવાનું છે.

અધ્યાત્મના માર્ગમાં આગળ વધવા જીવને વિકલ્પો જેટલા નથી નડતા, તેના કરતાં વધારે વિકારો નડે છે. માટે સાધકે વિકારીભાવોને કાઢવાનું લક્ષ્ય રાખવું જોઇએ. અઢાર પાપસ્થાનકની પરિણતિ એ ભયંકર વિકાર છે. તેના નાશના લક્ષ્યે સાધના કરવી જોઇએ. અને સોળ(૧૬) સંજ્ઞાના નાશમાં તેનો તાળો મેળવવો જોઈએ.

**સાધના કાળે ચારિત્ર અને તપનો આનંદ એ નિરૂપાધિક આનંદ છે; એ સ્વાધીન સહજાનંદ છે અને નિઃશંકતાનો આનંદ, એ જ્ઞાનાચારનો આનંદ છે. રાગમાં અંધકાર અને ઉપાધિનો પ્રશ્ન ઉભો રહે છે જ્યારે વીતરાગતામાં તે નથી. જ્ઞાનને વિકારી બનાવીને વેદવું તેનું નામ જ અસ્થિરતા, અશાંતતા, વ્યાકુળતા છે. આ બધા જ્ઞાનના વિકારો છે જ્યારે વીતરાગતા એ જ સાચું સુખ છે, જે પ્રશાંતરસ વેદન સ્વરૂપ છે.**

**આપણે જ્ઞાનનો મહિમા ''જ્ઞેયને જાણનાર'' તરીકે જ ગાયો છે પણ જ્ઞાન તો સ્વક્ષેત્રે જ્ઞાનના રસ રૂપ આનંદવેદન સ્વરૂપ છે; તે રૂપે તો આપણે જાણતા જ નથી. પરને જાણે તે જ્ઞાન આવો જ અર્થ કરશું ત્યાં સુધી વિકલ્પો રહ્યા જ કરશે. પરંતુ જ્ઞાનનો અર્થ આનંદ કરશું અને તેને અનુભવશું તો વિકલ્પ રહિત થઇશું. જ્ઞાન જેમ નિર્વિકલ્પ છે તેમ આનંદ પણ નિર્વિકલ્પ છે; માટે જ્ઞાનનો અર્થ જેમ આત્મા કરીએ છીએ તેમ જ્ઞાનનો અર્થ આનંદ એવો કરવો જોઇએ. જ્ઞાન જે પરક્ષેત્રે પ્રકાશક છે અને જાણવાનું કામ કરે છે તે જ્ઞાન શક્તિરૂપ છે. જ્યારે જ્ઞાન જે**

---

બુદ્ધિ-વિચાર એટલે જ્ઞાનાવરણીય તત્વ. ઈચ્છા એટલે જ્ઞાનાવરણીય તત્વ તથા મોહનીય તત્વ.

**સ્વક્ષેત્રે વેદનરૂપ છે તે જ્ઞાન રસરૂપ એટલે કે આનંદ સ્વરૂપ છે. જ્ઞાની હોવું તે જ્ઞાનશક્તિરૂપ જ્ઞાનયુક્તતા છે જ્યારે જ્ઞાનાનંદી હોવું તે જ્ઞાનદશા એટલે કે જ્ઞાનરસરૂપતા છે.**

**કેવળજ્ઞાનની સર્વજ્ઞતા જ્ઞેય સાપેક્ષ છે પણ કેવળજ્ઞાનનો આનંદ નિરપેક્ષ છે.** પર પદાર્થ સાથે ઈષ્ટ બુદ્ધિથી જોડાવું તેનું નામ રાગ ! રાગ એ વિકાર છે-બગાડ છે, જ્યારે આવરણ એ અશુદ્ધિ છે. દા.ત. મીઠાઇ બગડી જવી તે મીઠાઈમાં બગાડ છે જ્યારી મીઠાઇ ઉપરનું પેકિંગ એ આવરણ છે. વિકાર હોય ત્યાં આવરણ હોય જ. **જ્ઞાનમાંથી વિકાર નીકળી જતાં વીતરાગતાનો પ્રશાંતરસ આનંદ પ્રાપ્ત થાય છે.**

જ્ઞેયને જાણવા જવું તે જ જ્ઞાનમાં વિકલ્પ છે. આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવો હોય તેણે સંકલ્પ વિકલ્પ છોડી દેવા જોઈએ. દુન્યવી પદાર્થનો ભોગવટો કરીએ છીએ ત્યારે ભોગ્ય પદાર્થની પ્રાપ્તિ સંબંધના વિકલ્પો છોડી દઇએ છીએ તો અસ્થાયી ક્ષણિક અભેદતાથી ક્ષણિક તૃપ્તિ અનુભવીએ છીએ. તે જ રીતે વિકલ્પ માત્રને છોડીને આત્મામાં લીન બનીએ તો ધ્યાન-સમાધિનો આનંદ અનુભવાય.

**પ્રભુ અંતરમાં કેવલજ્ઞાનથી પૂર્ણ હોવાને કારણે તેમજ બહારથી તીર્થંકરનામકર્મથી યુક્ત હોવાના કારણે એમના દર્શનથી શ્રદ્ધાને બળ મળે છે. બુદ્ધિને યુક્તિ મળે છે. ચારિત્રને સ્થિતિ અને શક્તિ મળે છે અને તપને નિષ્કામભાવ મળે છે.**

વિશ્વની મહાસત્તાને અંતરમાં કાર્ય કરવા દો! એનું કાર્ય સહજ છે; તેમાં તમારું પ્રત્યેક કરણ અવરોધ કર્યા વગર સહજ અનુસરણ કરતું થાય તે ભૂમિકા પર આવો! સમગ્ર ચેતનાને કેન્દ્રિત કરવાની છે. ત્રિકાળી ધ્રુવ દ્રવ્યમાં ચેતનાને સ્થિર કરવાની છે. ચેતનાનું વિઘટન થયું છે.

---

સર્વ સમર્થ પાસે દીન બનવું જોઈએ કેમકે તે અદીન બનાવનાર દીનાનાથ છે.

અરિહંત બનીને અરિહંત થવા સાધના કરવાની છે અર્થાત્ "હું જ અરિહંત છું! હું જ અરિહંત છું!" એ વાત યાદ કરી અરિહંત સ્વરૂપને ઉપયોગમાં ખૂબ ઘુંટવાનું છે.

**કરીને જે કાંઇ મળે છે તે પ્રાપ્તિ નથી. ક્રિયાનું પરિણામ છે, તે ક્ષણજીવી છે; કરવાની રીતમાં મનની મર્યાદા છે. એના દ્વારા જે મળે છે તે વિનાશી છે. નહિ કરવા દ્વારા જે મળે છે તે ચિરંજીવી છે. તે આત્માનો સહજ આનંદ છે. અધ્યાત્મના માર્ગમાં ઉભરાવાનું નથી પણ શમાવાનું છે. અક્રિયતા, ઉપશાંતતા-પ્રશાંતતા એ સ્વભાવ છે. એ નિરપેક્ષ પરિણમન છે અને તેથી તેમાં સદૃશતા છે. ક્રિયા પુદ્ગલના માધ્યમથી છે તેથી પર સાપેક્ષ પરિણમન છે અને તેથી તેમાં વિસદૃશતા છે.**

આવી તુરિયાવસ્થા એટલે કે ચતુર્થ ઉજ્જાગરદશા-પરિપૂર્ણ જાગૃતાવસ્થા-ઉપયોગવંતતા આવતા નિદ્રા ને સ્વપ્નાવસ્થા રીસાઇ ગઈ અને સદાને માટે આપનો સાથ ત્યાગીને ચાલી ગઇ. એ જાણવા છતાં એને ચાલી જતી રોકી નહિ અને એના મનામણા પણ કર્યા નહિ. કારણકે એ પોતાની હતી જ નહિ. એ પારકી જણસ હતી. પરને તો વળાવવાનું હોય. એને તો વિદાય જ આપવાની હોય. પરને વળગવાનું અને ગળે લગાડવાનું નથી હોતું. એને આવજો! પણ કહેવાનું હોતું નથી. એને તો સુખે સીધાવો! એમ જ કહેવાનું હોય છે.

**સમકિત સાથે સગાઈ કીધી, સપરિવાર શું ગાઢી;**
**મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી હો..મલ્લિજિન..૪**

**અર્થ :** હે નાથ! આપે સમકિત સાથે સગાઈ કીધી છે. એકલા સમકિત સાથે નહિ પણ શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય વગેરે

---

અહમ્ એ ત્રિકાળ અસ્તિરૂપ છે. દોષ વડે ખંડિત વિકૃત જે અવળો હુંકાર અહંકાર છે અને ગુણ વડે અખંડિત સ્વભાવિક જે સવળો હુંકાર સોઽહંકાર-ઓમકાર છે.

તેના પરિવાર સહિત સમ્યકત્વની સાથે આપે મજબૂત સંબંધ બાંધ્યો છે અને મિથ્યામતિને અપરાધણ જાણીને આપે તેને આપના આત્મઘરમાંથી બહાર કાઢી મૂકી છે.

**વિવેચન :** સમ્યકત્વના ૬૭ બોલ; તે બધો જ સમકિતનો પરિવાર છે. સમ્યકત્વના પાંચ લક્ષણોમાં સૌથી કિંમતી લક્ષણ શમ છે. શમ-પ્રશમ-ઉપશમ એ સમ્યકત્વનું લક્ષણ છે. જીવને એ ખ્યાલ આવવો જોઈએ કે સમકિતને પામવું હોય કે પામ્યા પછી ટકાવવું હોય તો પરિણતિને ક્યાંય બગડવા દેવી જોઈએ નહિ.

પરિણતિને શાંત જ રાખવી જોઈએ. તે માટે નિષ્પ્રયોજન વાણી, વિચાર, વર્તન, ચર્ચા, વિકથા, નિંદા, કુથલી વગેરેનો ત્યાગ જ કરવો જોઈએ. **સંસારમાં શુભપરિણતિ અને શુદ્ધપરિણતિથી અધિક કોઈજ ચીજ નથી માટે એનું કોઈપણ ભોગે રક્ષણ જ કરવું જોઈએ. પરિણતિ એ અભ્યંતર ચીજ છે, તે બગડ્યા પછી સંસારમાં કશું સારું નથી.** સમ્યકત્વની પ્રાપ્તિથી આત્મામાં વીતરાગ પરિણતિનો અંશ પ્રગટે છે માટે તે શુદ્ધ પરિણતિ છે. તે પહેલાં સાધકને ગુણો અને સ્વરૂપની જ રુચિ અને પક્ષ હોવાથી શુભપરિણતિ હોય છે. રાજસ, તામસ ભાવોની જ જ્યાં મુખ્યતા હોય છે ત્યાં અશુભ પરિણતિ મનાયેલી છે.

મમ્મણને અશુભ પરિણતિ હતી. પંદરસો તાપસોને ગૌતમ મહારાજા મળ્યા તે પહેલા શુભ પરિણતિ હતી, જ્યારે પુણિયા શ્રાવકને, શ્રેણિકને શુદ્ધ પરિણતિ હતી.

યોગીરાજ આનંદઘનજી કહે છે કે હે નાથ! આપે સમકિત સાથે સગાઈ કરી છે, જ્યારે જગતના જીવો પુદ્ગલ સાથે પ્રીતિ માંડીને બેઠા

---

આશય અને લક્ષ્ય ઊંચા હોય તો તે સાધનામાં થતી ભૂલ સુધારી આપે.

છે. પુદ્ગલના વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ સાથે સગાઇ કરીને બેઠા છે. આત્મા અને આત્માના ગુણો એ જ ખરેખર વસ્તુ છે, જ્યારે બાકીની બધી વસ્તુ હોવા છતાં તત્ત્વથી અવસ્તુ છે.

**આ સંસારમાં રખડાવનાર જો કોઇ પણ હોય તો તે મિથ્યામતિ છે-વિપરીત બુદ્ધિ છે-મિથ્યાત્વ છે-અજ્ઞાન છે. અજ્ઞાન એટલે અવળી દૃષ્ટિ, ઊંધી દૃષ્ટિ. જ્યારે મિથ્યાત્વ એટલે અવળી માન્યતા, ખોટી માન્યતા, ઊંધી માન્યતા. જ્યાં ઊંધી દૃષ્ટિ હોય ત્યાં ઊંધી માન્યતા હોય જ. ઊંધી દૃષ્ટિ કારણ છે. ઊંધી માન્યતા એ કાર્ય છે. ઉપમિતિમાં ચોથા પ્રસ્તાવમાં મોહરાજા અને તેના પરિવારનું વર્ણન છે; તેમાં અજ્ઞાનને મોહરાજાની ગાત્રયષ્ટિ અર્થાત્ Body બતાવી છે જ્યારે વિપર્યાસ અર્થાત્ મિથ્યાત્વ-ઊંધી માન્યતાને મોહરાજાને બેસવાનું સિંહાસન બતાવ્યું છે. અજ્ઞાન અને મિથ્યાત્વ બંને એકબીજાના પૂરક છે.**

દેહાદિ વિનાશી હોવા છતાં તે અવિનાશી હોય તેવા લાગે છે, તે અજ્ઞાન છે અને દેહ તે હું, દેહ મારો, દેહ સંબંધી પદાર્થો તે મારા; એવી જે ભીતરમાં માન્યતા વર્તે છે, તે મિથ્યાત્વ છે.

**આ મિથ્યાત્વનો સંવર કર્યા વિના અવિરતિનો કે કષાયનો સંવર કરવાના પ્રયત્નોમાં જીવે અનંતકાળ ગુમાવ્યો પણ તે પ્રયત્નો સફળ થયા નહિ. જીવ અને બંધ વચ્ચેનો ભેદ જાણ્યા વિના, જડ અને ચેતન વચ્ચેનો ભેદ જાણ્યા વિના, શુદ્ધ ચેતન અને મિશ્રચેતન વચ્ચેનો ભેદ જાણ્યા વિના, જીવે અનંતીવાર રાજપાટ છોડ્યા અને વનમાં જઈ વસ્યો પણ તેનું કાર્ય સફળ થયું નહિ. તેથી સૌ પ્રથમ મિથ્યાત્વને જ ટાળવાનું લક્ષ રાખવું જોઇએ. કારણના નાશે કાર્યનો નાશ છે. મૂળના નાશથી ઝાડનો નાશ છે.**

---

એકાંત દ્રવ્ય, એકાંત ક્ષેત્ર, એકાંત કાળ અને એકાંત ભાવ સ્વરૂપ આરાધ્યા વિના ચિત્તની સાચી શાંતિ નહિ પ્રગટે એમ લાગે છે. આત્મા નામના પદાર્થને તીર્થંકર પરમાત્માએ જેવો ઓળખાવ્યો છે; તે પદાર્થની તે જ સ્વરૂપે પ્રતીતિ થાય, તે જ પરિણામે આત્મા સાક્ષાત્ ભાસે ત્યારે તેને પરમાર્થ સમ્યકત્વ છે; એવો શ્રી તીર્થંકરદેવનો અભિપ્રાય છે.

સર્વ કલેશ અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક માત્ર આત્મજ્ઞાન છે. સદ્વિચાર વિના આત્મજ્ઞાન થાય નહિ. અસત્ સંગ તથા અસત્ પ્રસંગથી જીવનું વિચાર બળ પ્રવર્તતું નથી.

બંધાયેલાને જે પ્રકારે બાંધ્યો તેથી ઉલટી રીતે વર્તો એટલે છૂટશે. બંધના કારણો મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ; તે જે ક્રમથી આપ્યા છે, તે જ ક્રમથી તે ટળે છે. પૂર્વનું કારણ વિદ્યમાન હોય અને ત્યાર પછીનું કારણ ટળી જાય એમ ક્રમભંગ થતો નથી. એટલે કે મિથ્યાત્વ ટળ્યા વિના મુખ્ય બંધના કારણો ટળે નહિ એવો અબાધિત સિદ્ધાંત છે.

જ્ઞાની કહે છે કે વ્યવહારની ગાડી આગળ નિશ્ચયનો ઘોડો જોડી દે, તો તારી ગાડી મોક્ષમાર્ગે સડસડાટ ચાલી જશે! આ કળિયુગ આડાઈથી ભરેલો છે માટે જ્ઞાનીપુરુષની બે ને બે ચાર જેવી વાતો પણ સમજાતી નથી. સંસારી જીવોની રોંગ બીલીફ- ખોટી માન્યતાને બદલવી અને તેને શુદ્ધાત્માની બીલીફ બેસાડવી એ મહાન ભગીરથ કાર્ય છે. હું કોણ છું? એ જાણવું તેમાં સૂઝની જરૂર છે અને તે માટે બૂઝ જોઇએ. **કોઇની સાથે આપણે વિચારમાં જુદા ન પડીએ તો આપણે સાચા અર્થમાં સિદ્ધાંતી કહેવાઇએ, શાસ્ત્રજ્ઞ કહેવાઇએ. જેટલી મૂર્છા ઘટે તેટલો આનંદ ખૂલે. સાચો સિદ્ધાંતી અને સાચો શાસ્ત્રજ્ઞ તે છે કે જે વીતરાગતાના**

---

સેન્ટરમાં રહી પરિઘ પર રહેલાના ભાવોને-વિચારોને સ્વીકારે અને સમાધાન કરે અને સમાધાન આપે, ત્રૂટિની પૂર્તિ કરી આપે.

મનમાં પડેલી કોઈપણ જાતની છાપ કે એ છાપને આકાર આપવાનો પુરુષાર્થ એ સાધના નથી. મન છાપ વગરનું બને, એના પર કોઇ પણ જાતની છાપો ન રહે, છાપોને સાકાર કરવાની પ્રક્રિયા ન રહે એ સાધના છે - મન ચિત્રામણ વિનાનું સાફ સ્વચ્છ હોવું જોઈએ.

ચિત્તમાં ઊઠતી તરહ તરહની વૃત્તિઓથી ચૈતન્યતત્ત્વ એ ભિન્ન છે; એવી સ્વસંવેદન સભર પ્રત્યક્ષ અનુભૂતિ એ વીતરાગદેવનો ગુહ્યતમ માર્ગ છે. જીવનમાં બનતી પ્રત્યેક ઘટના તટસ્થપણે શાંતિથી સાક્ષીભાવે જોવામાં આવે, તો પ્રત્યેક પ્રસંગ કાંઇ ને કાંઇ બોધ આપીને જાય છે. જીવન દ્વન્દ્વોથી ભરેલું છે પણ સાથે સાથે જ્યાં કોઇ દ્વન્દ્વ નથી એવું એક નિર્દ્વંદ્વ કેન્દ્ર પણ અંતરમાં છે, તેનું નામ જ ચૈતન્ય કેન્દ્ર છે. તેમાં ઠરવાનું છે. પર્યાય જ્ઞાયકમાં ભળી જાય અને જ્ઞાયકમય બની જાય ત્યારે ચૈતન્ય જ્યોતિના દર્શન થાય છે.

અહંકારના કારણે જીવને કરવા પર ભાર પડે છે એટલે એને ધર્મનું ક્રિયાત્મક સ્વરૂપ સમજાય છે. ધર્મનું અસલી સ્વરૂપ હોવામાં છે માટે તેમાં ઉપયોગનું સ્થિર થવું તે પરમ ધર્મ છે. મૂળભૂત અસ્તિત્વ તો પરમ પારિણામિકભાવે વર્તમાન જે ત્રિકાળી છે એમાં તમે શું કરી શકશો? અસ્તિત્વ અક્રિય છે એ અર્થમાં જોઇએ તો અસ્તિત્વમાં કોઈ પણ ક્રિયા ન હોવા બરાબર છે. આત્માના શુદ્ધ સ્વરૂપનું ભારોભાર અજ્ઞાન હોવાના કારણે જીવને આ તથ્ય બરાબર સમજાતું નથી.

અંદરમાં જ્યારે વિષય-કષાયના બળથી પ્રેરિત વૃત્તિઓ ઉઠે

**ત્યારે એ વૃત્તિઓને જોવી પણ એને પોષવી નહિ. એને સાકાર ન બનવા દેવી, એની રચના જ ન થવા દેવી. તો જ એ વૃત્તિઓ વિદાય લેશે અને તો જ સ્વરૂપમાં સ્થિરતા થશે. આ સ્થિરતા સઘન થતાં એક વખત ગ્રંથિ ભેદાઈ જશે; સમ્યગ્દર્શન-આત્માનો અનુભવ થશે. તે થતાં તેનો સઘળો પરિવાર પણ ઓટોમેટિક-સ્વયમેવ આવી મળશે અને ત્યારે મિથ્યામતિ એની મેળે ભાગી જશે. એને ભગાડવી નહિ પડે.**

અંધકારને ભગાડવા માટે કશું કરવાની જરૂર નથી, માત્ર દીવો જ સળગાવવાની જરૂર છે. સમ્યગ્દર્શન થતાં વીતરાગ પરિણતિનો અંશ પ્રગટે છે. તે થતાં મિથ્યામતિ પોતાની જાતને ચૈતન્યનો અપરાધ કરનારી જાણીને ત્યાંથી વિદાય થઈ જાય છે.

પ્રસ્તુત કડીમાં યોગીરાજજીએ **"મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી"** એવો જે વચન પ્રયોગ કર્યો છે તે વ્યવહાર નય સંમત છે. લોકમાં તો મિથ્યામતિને ઘરમાંથી કાઢી મૂકી એમ જ કહેવાય પણ તત્વદષ્ટિ-નિશ્ચય દષ્ટિ એ છે કે સમકિત સાથે સંબંધ થતા મિથ્યામતિ છૂટી ગઈ. અવળી માન્યતા જ સવળી થઈ જાય છે. મિથ્યાત્વના અશુદ્ધ દલિક જ સમ્યકત્વના શુદ્ધ દલિક થઇ જાય છે. એટલે કે ઉત્કૃષ્ટ દ્વિસ્થાનિક તેમજ ત્રિસ્થાનિક અને ચતુસ્થાનિક રસરૂપે વેદાઇ રહેલા મિથ્યાત્વના દલિકોમાંથી જ્યારે ભોગાસક્તિની ઉપાદેયતા તૂટવાના કારણે ગ્રંથિભેદ, અનિવૃત્તિકરણ અને અંતરકરણની (ઉપશમસમ્યકત્વની) વિશુદ્ધિથી મધ્યમ દ્વિસ્થાનિક કે તેનાથી અલ્પ રસ શેષ રહે છે ત્યારે તે મિથ્યાત્વના દલિકો "શુદ્ધપુંજ" તરીકે ઓળખાય છે અને સમ્યકત્વ મોહનીય તરીકેની સંજ્ઞાને પામે છે; જેના ઉદયથી જીવને આત્માનું તાત્ત્વિક શ્રદ્ધાન થાય છે. સમ્યકત્વ મોહનીયના ઉદયકાલમાં મિથ્યાત્વના અતિ મંદ રસવાળા દલિકો

---

હોય છે તેથી ક્યારેક અતિચાર વગેરે લાગવાની સંભાવના રહે છે જેને આત્મ સાક્ષીએ તેમજ ગુરુ સાક્ષીએ નિંદા ગર્હા કરીને સાધકે નિઃશંક અને નિર્મળ બનવાનું છે.

અઢાર દોષોમાંથી અજ્ઞાન-નિદ્રા-મિથ્યાત્વ એ ત્રણે દોષોનું વર્ણન કર્યા પછી હવે આગળના દોષોનું વર્ણન કરતા કહે છે -

**હાસ્ય, અરતિ, રતિ, શોક, દુગંછા, ભય પામર કરસાલી;**
**નો કષાય શ્રેણી ગજ ચડતાં, શ્વાનતણી ગતિ ઝાલી હો.. મલ્લિજિન..૫**

**અર્થ :** હવે આ કડીમાં ચારિત્રમોહજનિત દોષોનું વર્ણન કરે છે.

હાસ્ય, અરતિ, રતિ, શોક, ભય, દુગંચ્છા એ બધા ચારિત્રમોહજનિત દોષો છે, જેની ગણના નોકષાયમાં થાય છે. કષાયને ઉદ્દીપ્ત કરનારા catalystic agent (ઉદ્દીપક) હોવાથી તેની ગણના નોકષાયમાં કરી છે. કષાયો તેનાથી વધારે બળવાન હોવાથી નોકષાયને પામર કહ્યા છે. તેઓ આત્મા ઉપર કર્મરૂપ કરસણ (ખેતી) થવામાં દંતાળી વગેરેની જેમ મદદગાર હોવાથી કરસાલી કહેવાય છે. હે નાથ! આપ જ્યારે ક્ષપકશ્રેણી રૂપી ગજરાજ ઉપર આરૂઢ થયા ત્યારે, આ નવ નોકષાયરૂપ દોષોની હાલત ઊભી બજારે શાનથી રાજવી ઠાઠમાં ચાલી જતાં હાથીની પાછળ ભસતા-વિરોધ-કરતાં-નાસભાગ કરી રહેલ લાચાર કૂતરાઓ જેવી થઇ ગઈ.

હે નાથ! આપને ક્ષપકશ્રેણિરૂપી ગજરાજ ઉપર સવાર થયેલાં જોઈને નોકષાયો એક પછી એક હાથીની પાછળ ભસતા અને વિરોધ નોંધાવતાં લાચાર કૂતરાઓની જેમ ભાગી ગયા-પલાયન થઈ ગયા.

**વિવેચન :** પૂર્વની કડીના અનુસંધાનમાં મિથ્યાત્વમોહનીયના નાશ

---

પરને સ્વ માનવું તે મિથ્યા છે. અનિત્યને નિત્ય માનવું તે મિથ્યા છે.

અંતર્ગત દર્શનમોહનીયના ક્ષય પછી હવે ચારિત્રમોહનીયના ક્ષયની વાત અત્રે કરે છે. મોહનીયની પ્રકૃતિ બે વિભાગમાં વહેંચાયેલી છે. એક દર્શનમોહ, જેને મિથ્યાત્વમોહ પણ કહેવાય છે અને બીજો ચારિત્રમોહ; આમ બે પ્રકાર છે. **દર્શનમોહ દૃષ્ટિ ઉપર અંધાપો લાવે છે જ્યારે ચારિત્રમોહ સમ્યગ્ આચરણા-આત્મસ્થિરતામાં અંતરાય ઉભો કરે છે.** કષાયો અને નોકષાયો એ ચારિત્રમોહ વિભાગમાં આવે છે. હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, દુગંછા આ બધા નોકષાયો છે. ત્રણ વેદ પણ નોકષાયમાં આવે છે. એ ત્રણ વેદરૂપ સ્ત્રી-પુરુષ-નપુંસક વેદને ત્રણ દાંત વાળી દંતાળી એટલે કે પામર કરસાલી કહીને સંબોધેલ છે. અથવા તો સમ્યગ્ મતિ-શ્રુતજ્ઞાન રૂપી દંતાળી એટલે કરસાલી કર્મમલરૂપી કચરાને આત્મદ્રવ્યરૂપી ધાન્યથી જુદો પાડીને દૂર કરે છે.

જો ભીતરમાં કષાયો બળવાન હોય તો નોકષાયો કષાયોને ઉદ્દીપ્ત કરવામાં સહાયક બની શકે. તો નોકષાયો કર્મબંધરૂપ ખેતીની વૃદ્ધિ કરવા સમર્થ બની શકે પણ હે પ્રભો! આપે તો પહેલેથી જ કષાયોનો નાશ કર્યો છે એટલે તેના વિના પામર બનેલા આ નોકષાયોનું આપની આગળ કાંઇ ચાલતું નથી. એ હાથી પાછળ ભસતા કૂતરા જેવા છે.

નોકષાય સંબંધમાં શાસ્ત્રપાઠ છે -

कषाय सहचरित्वात्, कषाय प्रेरणादपि।
कषाय परिणामाच्च, नोकषाये कषायता ।।

કષાયના સહચારી હોવાથી, કષાયને પ્રેરણા કરનાર હોવાથી તેમજ કષાય પરિણામ રૂપ જ હોવાથી નોકષાયને કષાયો જાણવા, નોકષાય એ કષાયોને પ્રદીપ્ત કરનાર ઉદ્દીપક-catalystic agent છે.

---

જેમ કોઇ રાજા વગેરે ગજારુઢ થઇ જતો હોય તેની પાછળ કુતરાઓ ભસે પણ તે હાથી પર આરૂઢ થયેલા રાજા વગેરેને કાંઇ કરી શકે નહિ. તેમ જ્યારે આપ ક્ષપકશ્રેણીરૂપી હાથી પર આરૂઢ થયા ત્યારે આ નોકષાયરૂપી કૂતરાઓ આપના કર્મક્ષયરૂપ કાર્યમાં અટકાયત કરી શક્યા નહિ.

હે નાથ! આપ કેવલજ્ઞાનની ભૂમિકાએ પહોંચી ગયા અને આ નોકષાયરૂપી કૂતરાઓ ભસતા જ રહ્યા પણ આપે તેની તરફ પાછું વળીને પણ જોયું નહિ. આપે આપના ઉપયોગને ક્ષપકશ્રેણીમાં એટલો તીક્ષ્ણ બનાવ્યો કે જેથી નોકષાયો આપના આત્મા ઉપર ટકી શક્યા નહિ. તેઓએ પોતાની હાર સ્વીકારી અને ભાગી ગયા.

હાસ્યાદિ નવ નોકષાયો આત્માના શાંતરસનો ભંગ કરનાર છે માટે તેને કોઈ પણ રીતે પોષવા જોઈએ નહિ. ગુણસેન રાજકુમારમાં ઘણા બધા ગુણો હતા પણ એક માત્ર કૂતુહલ વૃત્તિ બાલ્યકાળમાં હતી, જેથી તે અગ્નિશર્માની મશ્કરી કરવામાં નિમિત્ત બન્યો હતો. માત્ર આ એક જ દોષના કારણે તે ભવોભવ અગ્નિશર્માનો વૈરી બન્યો અને પાર વિનાના દુઃખો ભોગવવા પડ્યા.

લોકમાં પણ કહેવાય છે કે **"રોગનું મૂળ ખાંસી, કજિયાનું મૂળ હાંસી."** કોઈ પણ જીવે પોતાના જીવનમાં હાસ્યાદિ ભાવોને પોષવા જોઇએ નહિ.

અનુકૂળ સંયોગો મળતાં ચિત્તમાં જે આનંદ અનુભવાય તે રતિ છે અને પ્રતિકૂળ સંયોગો મળતાં ચિત્તમાં જે આકુળ-વ્યાકુળતા, ખેદ પ્રવર્તે તે અરતિ છે. ઈષ્ટનો વિયોગ થતાં મનમાં પીડા થાય તે શોક કહેવાય. તે જ રીતે ભયમોહનીયના ઉદયે કાંઇ ન હોય તો પણ ડર લાગ્યાં કરે,

---

અસુરક્ષા અનુભવાય તે ભય કહેવાય. મહાપુરુષોના મેલથી ખરડાયેલા દેહને જોઈને કે કોઈ બીભત્સ દૃશ્યને જોઇને ચીતરી ચડે ઘૃણા થાય તે જુગુપ્સા કહેવાય. તેનાથી નીચગોત્રનો બંધ થાય પરિણામે હલકા કૂળમાં જન્મ મળે.

આ નોકષાયો, કષાયોને ઉત્તેજિત કરે છે માટે જેને કષાયોથી બચવું હોય તેણે નોકષાયો ઉપર કંટ્રોલ મૂકી દેવો જોઇએ. નોકષાયોથી ઉત્તેજિત થયેલા કષાયો જીવને પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ કરે છે. શાંતરસનો ભંગ કરે છે. તારક તીર્થંકર પરમાત્માઓ સાધનાકાળ દરમ્યાન એકપણ કષાય કે નોકષાયને ઉઠવા દેતા નથી માટે આગળ ઉપર ક્ષપકશ્રેણી માંડવા સમર્થ બને છે.

**જડ અને ચેતનના સામીપ્યભાવથી ઉભા થયેલા સંસારમાં માત્ર સામીપ્યભાવને જોવાનો છે - જાણવાનો છે કે જેથી કરીને વિભાવભાવ-વિશેષભાવ ઉભો થશે નહિ. જડ-ચેતન બંને તત્ત્વો એકમેક થયા છે તેને આજે ખસેડી શકાશે નહિ.પણ બંને જુદા છે એમ સમજી તો જરૂર શકાશે. એ સમજવાનો પ્રયત્ન જે કરે છે તે પછીથી સર્વત્ર શાંત થઈ જાય છે અને પોતાનામાં સમાઈ જાય છે.**

ચારિત્રમોહ એટલે કષાયો અને નોકષાયો. એ જેમ છે તેમ સમજાય-જોવાય પછી દરેક પ્રસંગમાં સમતા રહે છે. દૃષ્ટાભાવ રહે છે. દૃષ્ટાભાવ રહેવાથી પોતે નિર્દોષ થઈ આખું જગત નિર્દોષ જોવાય છે. ક્ષણે ક્ષણે કષાયો નીકળતા જ જાય છે, તેનાથી હળવાશ અને સંતોષ રહે છે. ગ્રહણ અને ત્યાગમાં આખું જગત ફસાયું છે. સ્વરૂપે પોતે શુદ્ધાત્મા છે, એવી પ્રતીતિ થતી નથી માટે ગ્રહણત્યાગમાં ફસાઇ જઈ વિભાવભાવે નવા નવા સંસારનું સર્જન થઇ રહ્યું છે. જે ગ્રહણ અને ત્યાગ કરે છે તે અશુદ્ધ ચેતન છે-મિશ્ર ચેતન છે-મન-વચન-કાયાના યોગો છે. શુદ્ધચેતન

---

જે વસ્તુ અનિત્ય હોય તે પર અને દુઃખરૂપ હોય.

તો યોગ વિનાનું કેવળ ઉપયોગ સ્વરૂપ છે. જ્ઞાતા-દષ્ટા અને પરમાનંદી છે. આ ભેદજ્ઞાન ક્ષણે ક્ષણે વર્તવું જોઇએ. આ ભેદજ્ઞાનથી પ્રત્યેક ક્ષણે દર્શનમોહ નબળો પડે છે. આ ભેદજ્ઞાનની ધારા તીક્ષ્ણ થતાં ગ્રંથિ ભેદાય છે. આત્મા એના શુદ્ધ સ્વરૂપમાં-અકર્તાભાવમાં અનુભવાય છે. પછી જે બાકી રહે છે તે ચારિત્રમોહ છે. તેના ઉદયે જે પરિસ્થિતિનું નિર્માણ થાય તેના દૃષ્ટા બની સંસારને ખાલી કરવાનો છે. **દર્શનમોહને ખતમ કરવા માટે સતત, સતત, સતત ભેદજ્ઞાનનો તીક્ષ્ણ પ્રયોગ ચાલુ રહેવો જોઇએ અને ચારિત્રમોહને ખતમ કરવા દૃષ્ટાભાવનો પ્રયોગ કરવો જોઇએ.**

**જીવને આ સંસારમાં સારૂં કરતા આવડે છે, ખોટું છોડતા આવડે છે પણ તેને સાચું સમજતા અને ખોટી સમજણનો ત્યાગ કરતાં નથી આવડતું. અનુષ્ઠાનનો પ્રચંડ પ્રવાહ વહી રહ્યો છે પણ અનુભવનું દ્વાર-ધ્યાન અને સ્વરૂપની તીવ્રરુચિનો આજે અભાવ વર્તાય છે એટલે જીવની વેદના, મૂંઝવણ કેમેય કરીને ટળતી નથી. હજુ તો વ્યવહાર, પ્રસંગ, વ્રત, નિયમ, તપ, જપમાં જીવ ઢળેલો છે; એમાં ધર્મ માનીને ઊભો છે માટે કોરો રહી જાય છે. ઘણી દુ:ખદ પરિસ્થિતિ છે કે કરવા છતાં પણ જે પામવાનું છે તે પામતા નથી.**

**ત્રસ થાવર કી દયા કીની, જીવ ન એક વિરાધ્યોં;**
**દેવચંદ્ર કહે યા વિધ તો હમ, બહુત વાર કર લીનો** - દેવચંદ્રજી

**આ બધું તો ઘણીવાર કરી લીધું પણ જીવ અંદરમાં ઢળ્યો નથી. કામનાઓ શરીરમાં નથી. ઈન્દ્રિયોમાં નથી પણ મનના ઊંડાણમાં પ્રવેશી ગઈ છે, એ પ્રસંગ પ્રાપ્ત થતાં બહાર આવે છે અને ચૈતન્ય પ્રવાહમાં ઢળે છે કારણકે આત્માની અનુભૂતિ જે ચૈતન્ય કેન્દ્ર ઉપર રહીને કરવાની છે, તે ચૈતન્ય કેન્દ્રનું વિસ્મરણ થયું છે. એ જ ભૂલ છે**

**અને એ જ અજ્ઞાન છે. ચૈતન્યનું અસ્તિત્વ હોવા છતાં તેનું વિસ્મરણ થવાથી આજે તેની અનુભૂતિ થતી નથી. અનુભવ વિના સમાધાન રહેતું નથી એટલે ઉપયોગ ચૈતન્ય ઉપરથી ખસી જતાં પર્યાયમાં-અવસ્થામાં વિહ્વળતા અનુભવાય છે. કેન્દ્ર ઉપરથી ખસેલો ઉપયોગ અન્યમાં સુખ શોધે છે; એ જ કામના છે-વિકલ્પો છે. હું કંઇક કરું ! કંઇક થાઉં ! કંઇક મેળવું! કંઇક ભોગવું ! એ બધાં કામનાના વિકલ્પો છે અને એમાં જ ચેતના મૂંઝાય છે. એ મૂંઝવણ ટાળવા અનેક ઉપાયો કરે છે પણ તે ટળતી નથી. તે ટાળવા સત્પુરુષ-આત્મજ્ઞાની પુરુષ મળવા, તે ઓળખાવા અને તેના ઉપર બહુમાન થવું જરૂરી છે. સત્પુરુષના શબ્દ વિના મોહ ટળતો નથી. જીવ પાસે શબ્દોનો સંગ્રહ છે પણ તેનાથી સત્પુરુષના શબ્દો જુદા છે, અપૂર્વ છે. ચેતના એ શબ્દોની અનન્યતા અને અપૂર્વતાથી અસ્પર્શિત રહી જાય છે.**

અઢાર દોષોમાંથી કુલ નવ દોષોનું વર્ણન કર્યું, હવે રાગ-દ્વેષ-અવિરતિ ત્રણ દોષનું વર્ણન છે.

**રાગદ્વેષ અવિરતિની પરિણતિ એ, ચરણમોહના યોધા;**
**વીતરાગ પરિણતિ પરિણમતાં, ઉઠી નાઠા બોધા હો..મલ્લિજિન..૬**

**અર્થ :** રાગ, દ્વેષ અને અવિરતિની પરિણતિ તે ત્રણ દોષો જીવના ચારિત્રના પરિણામનો ઘાત કરનારા હોવાથી તે ચરણ મોહના યોદ્ધાઓ છે પણ હે પ્રભો! આપ જ્યારે વીતરાગ ભાવની પરિણતિએ ચડ્યા ત્યારે તે ચારિત્ર મોહના સુભટો બોધા એટલે સમજુ હોવાનું ડોળ કરનારા પણ ઉઠીને નાસવા માંડ્યા.

**વિવેચન :** રાગ એટલે અનુકૂળ વસ્તુ તરફનું ખેંચાણ, દ્વેષ એટલે

---

રાગના પદાર્થોનો માત્ર ત્યાગ એ વૈરાગ્ય નથી. પરંતુ રાગની અરુચિ એ વૈરાગ્ય છે.

પ્રતિકૂળ વસ્તુ ઉપર અનાદર-અરૂચિ-અણગમો અને અવિરતિ એટલે આત્મસ્વરૂપમાં નહિ ઠરવાપણું. આ ચારિત્રમોહના યોદ્ધાઓ છે-બળવાન સુભટો છે.

આત્માના શુદ્ધ સ્વરૂપનું ભાન ભુલાવનાર દર્શન મોહ છે. દર્શનમોહ દષ્ટિમાં ભ્રમ ઉત્પન્ન કરે છે એટલે પદાર્થનું-આત્માનું યથાર્થ દર્શન થતું નથી. આત્માના વિષયમાં મતિભ્રમ થયા કરે છે જ્યારે ચારિત્રમોહ આત્મામાં સ્થિરતા, રમણતા, તન્મયતા કરવા દેતો નથી. જ્યાં સુધી અવિરતિ છે અર્થાત્ આત્મસ્વરૂપમાં ઠરવાપણું નથી ત્યાં સુધી અચારિત્ર છે. આ રાગ-દ્વેષ અને અવિરતિ પરિણામ ચારિત્રમોહ રાજાના સુભટો છે; તેના પક્ષને મજબુત કરનારા છે અને સંયમના- ચારિત્રના દુશ્મનો છે. આવા પણ પોતાને સુભટ તરીકે ગણાવતા રાગ-દ્વેષ અને અવિરતિ પરિણામ પણ હે પ્રભો! આપ જ્યારે વીતરાગ પરિણતિએ પરિણમ્યા ત્યારે ડાહ્યા ગણાતા એવા પણ દોષો ઉઠીને ભાગવા માંડ્યા. આપની આગળ તેમનું જરાપણ જોર ચાલ્યું નહિ.

ક્ષપકશ્રેણીમાં આત્માનો શુદ્ધ ઉપયોગ, દાવાંનળ જેવો પ્રચંડપણે પ્રજ્વલે છે. એ ઉપયોગ જેમ જેમ વ્યાપક બનતો જાય છે તેમ તેમ વધુને વધુ ઊંડાણ પણ પકડે છે. જેમ ફેલાયેલી આગ, ઘાસની સંખ્યાબંધ ગંજીઓને સાફ કરી નાંખે છે. તેમ આ ફેલાયેલો પ્રચંડ ઉપયોગ, અસંખ્યભવોના ભેગા કરેલા કર્મોના ગંજેગંજ કાચી બે ઘડીમાં ખતમ કરી આત્માના આકાશપ્રદેશે વીતરાગતા અને કેવલજ્ઞાનનો વિજયધ્વજ ફરકાવે છે.

**શુદ્ધતા, એકતા, તીક્ષ્ણતા ભાવથી**
**મોહરિપુ જીતી જય, પડહ વાયો.**

**- પાર્શ્વનાથ જિન સ્તવન દેવચંદ્રજી મહારાજ**

---

માત્ર દષ્ટાભાવ રાખવાથી કર્મસ્થિતિબંધ અને રસબંધ ઉભય હઠે છે.

પાર્શ્વનાથ ભગવાને શુદ્ધતા એટલે સમ્યગ્ જ્ઞાનની નિર્મળતા, એકતા એટલે સ્વરૂપ તન્મયતા અને તીક્ષ્ણતા એટલે વીર્યગુણની તીવ્રતાના ભાવ વડે મોહશત્રુને જીતીને જય પડહ અર્થાત્ વિજય ડંકો બજાવ્યો છે.

વીર્યની તીક્ષ્ણતા એ ધાર છે, ચારિત્રની એકતા એ પાછળથી થતી પ્રેરણા છે. તથા જ્ઞાન તે પ્રકાશ છે-દેખાડનાર છે. આ ત્રણ અભેદરૂપે પરિણમે ત્યારે જ જીવને કેવલજ્ઞાન થાય છે. ચારિત્રથી આવતી શુદ્ધતા, જ્ઞાનમયતાથી સધાતી એકતા અને એ ઉભયમાં વીર્યોલ્લાસથી ઊભી થતી ધારની તીક્ષ્ણતારુપ ત્રિશુળથી મોહરુપી શત્રુને હણીને આપે આપના આતમના આકાશે કેવલજ્ઞાનનો જયપડહ વગાડ્યો છે.

સંસારી જીવો વિભાવથી રંગાયેલા છે એટલે તેની મૂલ-પરિણતિ તે ચારિત્રમોહના ઉદયે ઢંકાઇ ગઇ છે. તેથી રાગી-દ્વેષી બનીને પુદ્ગલને ભોગવવા રૂપે પ્રર્વર્તી રહી છે. પ્રભુએ તે પ્રવૃત્તિ ત્યજી દીધી છે અને સ્વરૂપ તરફ પ્રવૃત્તિ કરી છે. તેથી પ્રભુની પ્રવૃત્તિ અને પરિણતિ બન્નેનું એકજં પ્રવર્તન થયું. જે પરિણતિ તે જ પ્રવૃત્તિ રહી પણ ઔપાધિક પ્રવૃત્તિનો અંશ પણ રહ્યો નથી.

વળી જ્ઞાનાવરણીયાદિ કર્મનો ઉદય સંયોગ સંબંધે છે જ્યારે શુદ્ધ ક્ષાયિક વીર્યાદિક સ્વ-ગુણ તાદાત્મ્ય સંબંધે છે; તેથી તાદાત્મ્ય સંબંધ રુપે રહેલ આત્મિક શક્તિ, ક્ષાયિક વીર્યના ઉલ્લાસથી કર્મ સંયોગની પરંપરાનો ઉચ્છેદ કરે છે.

હે નાથ! આમ જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્યના બળે આપે અનાદિ કર્મ સંબંધનો વિચ્છેદ કર્યો. એ શક્તિ હે પ્રભુ! આપનામાં જ છે બીજામાં નહિ માટે આપ જ પરમાત્માના નામને સાર્થક કરનારા છો!

---

હે નાથ! શુભ અને અશુભ ભાવની આપે યથાર્થ ઓળખ કરી અને તેથી સાધનાકાળમાં જ્યારે શુભાશુભ નિમિત્તો મળ્યા ત્યારે આપે તે નિમિત્તોમાં જોડાઈને સામાન્ય જીવો, જે રીતે શુભાશુભભાવો કરે છે તે રીતે આપે શુભ કે અશુભ ભાવ ન કર્યા પરંતુ આપે તો આપના વીર્યને ત્રિકાળ શુદ્ધ પરમ-પારિણામિક ભાવમાં પ્રવર્તાવીને ઉત્કૃષ્ટ અક્રિયતારૂપ અમૃત-રસનું પાન કર્યું છે. એટલે આપને વિભાવ કર્તૃત્વતા કે સાધક કર્તૃત્વતા કશું જ અડયું નહિ. આપે અગુપ્ત વીર્યથી સ્વરૂપ તલ્લીનતા સાધી છે. ઉપસર્ગો અને પરિષહોમાં આપ અડોલ રહ્યા છો! મેરૂની જેમ નિષ્પ્રકંપ રહ્યાં છે !

છઠ્ઠા ગુણસ્થાનક સુધી જ્ઞાન-દર્શન-ચારિત્રની ભિન્નતા હતી, વિકલ્પ યુક્ત દશા હતી તે જ ત્રિગુણ રત્નત્રયીનું એકત્વ-અભેદપણું આપે ક્ષપકશ્રેણીમાં સાધ્યું એટલે ચારિત્રરાજાના દુશ્મન ગણાતા. ચારિત્રમોહના શાણા સુભટો બાઘા બનીને નાસી ગયા. શુક્લધ્યાનમાં જ્ઞાન-દર્શનધારા અને સ્થિરતારૂપ ચારિત્ર ધારા બંને અભેદ થઈ ગઈ. જ્ઞાનનો જ નિર્ધાર તે દર્શન અને જ્ઞાનગુણની જ જે સ્વરૂપમાં રમણતા તે ચારિત્ર; તેનો અભેદ થતાં કેવલજ્ઞાન થયે છતે સંપૂર્ણ પણે સાદિ-અનંત ભાંગે ઉપયોગ એકરૂપતાને પામ્યો.

સાદિ અનંત અનંત સમાધિ સુખમાં
અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો

હવે અઢાર દોષમાંથી એક દોષ વેદોદયને યોગીરાજ બતાવે છે.

**વેદોદય કામા પરિણામા, કામ્યક રસ સહુ ત્યાગી**
**નિઃકામી કરૂણારસ સાગર, અનંત ચતુષ્ક પદ પાગી હો..મલ્લિનાથ..૭**

---

**અર્થ :** વેદનો ઉદય, સ્ત્રીસંબંધી કામા એટલે કામના-વાંછા પરિણામ અથવા તો કામા એટલે કંદર્પને લગતા પરિણામો. કામ્યક રસ એટલે કામરસ; એ બધાને છોડીને હે પ્રભો! આપ કામના રહિત નિષ્કામી થયેલા છો. કરૂણારસના સાગર છો! અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્યના સ્થાન સ્વરૂપ મોક્ષપદ-સ્વપદ તેના આપ પાગી અર્થાત્ શોધક છો!

**વિવેચન :** જેને પુરુષ વેદનો ઉદય હોય તેને સ્ત્રીની સાથે ભોગ ભોગવવાની ઈચ્છા થાય અને તેજ પ્રમાણે સ્ત્રી વેદનો ઉદય હોય તેને પુરુષ સાથે ભોગ ભોગવવાની ઈચ્છા થાય જ્યારે નપુંસકવેદના ઉદયવાળાને બંને સાથે ભોગ ભોગવવાની ઈચ્છા થાય છે. આવી ઈચ્છાને શાસ્ત્રમાં વેદના ઉદય તરીકે ઓળખાવી છે. તે ઉપરાંત જે અન્ય કામના-વાંછા તે પણ હે પ્રભો! આપને નથી. તેથી આપ ખરેખર નિઃકામી છો! વળી આપ કરુણારસ સાગર છો! વળી અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય રૂપ જે અનંત ચતુષ્કમય જે મોક્ષપદ તેમાં આપ લીન થયા છો!

શ્રી ઉત્તરાધ્યનસૂત્રના તેરમાં અધ્યયનમાં આવે છે -

**न तं सुहं कामगुणेसु रयं, जं भिक्खुणं सीलगुणे रयाणं।।**

શબ્દ, રુપ, રસ, ગંધ અને સ્પર્શ સ્વરૂપ કામગુણમાં રક્ત બનેલા અજ્ઞાનીને, તે સુખ નથી જે સુખ શીલગુણમાં રક્ત બનેલા ભિક્ષુક-તપોધનને છે. કામગુણ ગમે તેવા મનોહર હોય, તો પણ પરિણામે ભયંકર છે. જ્યારે ક્ષમા, ઋજુતા, મૃદુતા, સંતોષ, સત્ય, બ્રહ્મચર્ય વગેરે શીલગુણ, આલોક અને પરલોક બંનેમાં હિતકારી છે. શીલગુણના સેવનથી આલોકમાં શરીરનું આરોગ્ય, ચિત્તની પ્રસન્નતા, કુટુંબનો પ્રેમ, આબરૂ મળે છે, જ્યારે મૃત્યુ સમયે સુંદર સમાધિ અને પરલોકમાં

---

આંતરિક સાધનામાં રસ વધારે રેડો, તે વીર્યાંતરનો ક્ષયોપશમ છે, અને
તેનો સમય-કાળ વધે, તે ચરણકરણાનુયોગ (ચારિત્ર) છે.

સદ્ગતિ મળે છે, જે પરંપરાએ પરમલોકને પમાડનારી છે.

રાવણ ત્રણ ખંડના સામ્રાજ્યનો માલિક પ્રતિવાસુદેવ હતો. તેના અંતેપુરમાં મંદોદરી જેવી પટરાણી હતી તેમજ બીજી અનેક રાણીઓ હતી. છતાં એક સીતાની પાછળ કામલંપટ બનીને લક્ષ્મણજી અને રામચંદ્રજી સાથે ભયંકર યુદ્ધ કર્યું. અનેક માનવોનો યુદ્ધમાં સંહાર થયો, અનેક પશુઓ મૃત્યુ પામ્યા છતાં તે સીતાને ભોગવી શક્યો નહિ અને અંતે નરકનો અતિથિ બન્યો.

વેદના ઉદયથી મળતું કામભોગનું સુખ; પરાધીન, અસ્થાયી, ક્ષણિક છે અને આપાત મધુર છે પણ વિપાકમાં અતિ દારૂણ હોય છે. જ્યારે ગુણોથી ઉત્પન્ન થતું ચિત્તપ્રસન્નતા અને સમતાનું સુખ આદિ-મધ્ય અને અંત ત્રણેમાં સુખદાયક છે. એ સ્વાધીન, સ્થાયી અને શાશ્વત છે.

વેદના ઉદયની ભયંકરતા સમજાવતાં આદિ શંકરાચાર્ય સ્વરચિત ભજ ગોવિન્દમ્માં લખે છે -

**नारीस्तनभरनाभिनिवेशं, मिथ्यामायामोहावेशम्।**
**एतन्मांसवसादिविकारं, मनसि विचिन्तय वारंवारम्॥**

નારીના ભરાવદાર સ્તન અને મનોહર નાભિ વગેરેનું સૌંદર્ય માયામોહના મિથ્યા આવેશને જન્માવનાર છે. ભલા! આ નારીદેહ તો માંસ અને ચરબી વગેરેનું હાડપિંજર-જ છે. એમ મનમાં વારંવાર વિચાર કર અને ગોવિંદને ભજ, ગોવિંદને ભજ!

તૃષ્ણાની જેમ કામ પણ માણસની સુખશાંતિનો પરમ શત્રુ છે. કામ શબ્દના ઘટક બે અવયવો છે; 'ક' અને 'આમ'. તેમાં 'ક' એટલે સુખ અને 'આમ' એટલે રોગ અથવા કાચું. જે ભોગ સુખરૂપે પ્રતીત થાય

---

છે, તે વાસ્તવમાં રોગ હોય છે, જે સુખ કાચું હોય તેને કામ કહે છે. કાચું સુખ પરાધીન, અસ્થાયી અને ક્ષણિક હોય છે. આ કામનો ઉદ્ભવ મોહને લીધે થાય છે. વિજાતીય વ્યક્તિના આકર્ષણમાંથી કામ પ્રગટે છે, તે સ્વરૂપનો વિઘાતક છે. કામ કદી તૃપ્ત થતો નથી. તેની અતૃપ્તિમાંથી ક્રોધ જન્મે છે. કામ પ્રગટ્યા પછી તેને રોકવાનું કઠણ છે માટે એને જન્માવનાર દૃષ્ટિનો જ સંયમ થવો ઘટે. અનુચિત વસ્તુઓને ન જોવી તેમજ અસદાચારીઓની સોબત ન કરવી, જેથી કામ જ્વરથી બચી શકાય છે. કામ મુખ્યત્વે જાતીય વાસનાના અર્થમાં વપરાય છે પરંતુ એનો સામાન્ય અર્થ કામના-વાંછા માત્ર છે. કોઇ પણ પ્રકારની સંસારની ઈચ્છા તે જ કામના છે. તેથીજ કામની-જાતિય વાસનાની ઈચ્છાને કામેચ્છા કહેવાય છે.

કામનાના વમળમાં ફસાનાર એમાંથી નીકળી શકતો નથી એટલા માટે શંકરાચાર્ય લખે છે.

**पुनरपि जननं, पुनरपि मरणं, पुनरपि जननीजठरे शयनम्।**
**इह संसारे बहुदुस्तारे, कृपयाऽपारे पाहि मुरारे॥**

કામ અને તૃષ્ણાના બળે પ્રાણી આ સંસારમાં ફરી ફરીને જન્મે છે અને મરે છે. આ અત્યંત દુસ્તર અને અપાર સંસારમાં આવું વારંવાર થયા જ કરે છે. ઓ મુરારિ! ઓ કૃષ્ણ! કૃપા કરીને મને ઉગારો.

**वयसि गते कः कामविकारः? शुष्के नीरे कः कासारः?।**
**क्षीणे वित्ते कः परिवारः? ज्ञाते तत्त्वे कः संसार?॥**

યુવાની વીતી જતાં કામવિકારો ક્યાં રહેશે? પાણી સૂકાઇ જતાં તળાવ કેવી રીતે હશે? ધન નાશ થતાં પરિવાર ક્યાં હશે? ને તત્ત્વજ્ઞાન

---

બાળકને પ્રથમ ધર્મપુરુષાર્થ અપાય છે. બાળકને અર્થ અને કામ પુરુષાર્થ નથી અપાતો.

થઇ જાય તો પછી સંસાર ક્યાં ટકી શકશે? આત્મજ્ઞાન થતાં સંસાર આપોઆપ નિર્જરી જાય છે.

હે નાથ! આપે જેમ સ્વરૂપમાં ડૂબકી મારી આપના આંતર શત્રુઓનો નાશ કર્યો, તેજ રીતે અમારા પણ આંતરશત્રુઓના નાશ થાય, તે માટે આપ બળ આપો! આપ અમારી ઉપર કરૂણાનો ધોધ વરસાવો ! હે નાથ! આપ અનંત અનંત કરૂણારસના સાગર છો! પ્રાણી માત્ર પ્રત્યે આપ કરૂણા વહાવી રહ્યા છો! આપ અનંત ચતુષ્કમાં લીન થયા છો! તેવીજ રીતે અમને પણ અનંત ચતુષ્કમાં લીન કરો!

અઢાર દોષોમાંથી તેર દોષોનું વર્ણન કર્યા પછી છેલ્લા પાંચ અંતરાય દોષોનું વર્ણન કરે છે

**દાન વિઘન વારી સહુ જનને, અભયદાન પદ દાતા;**
**લાભ વિઘન જગ વિઘન નિવારક, પરમ લાભરસ માતા હો.. મલ્લિજિન..૮**

**અર્થ :** હે પ્રભુ! આપ દાનાંતરાય કર્મને નિવારીને સઘળા ભવ્ય જીવોને જેનાથી ડર ન થાય તેવી અભયદાનની પંદવીને આપનારા છો! વળી લાભાંતરાય કર્મનું નિવારણ કરીને જગતના વિઘ્નોને નિવારનારા છો, તેમ અજરામર થવારૂપ જે ઉત્કૃષ્ટ લાભ તે રૂપી રસાસ્વાદમાં આપ પુષ્ટ બનેલા છો!

**વિવેચન :** દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય એ પાંચ અંતરાય કર્મની ઉત્તર પ્રકૃતિઓ છે. માણસની પાસે આપવાની વસ્તુ હોય, આપવાનું મન પણ થઇ જાય, સામે લેનાર પાત્ર પણ હોય; છતાં આપી ન શકે તે દાનાંતરાય કહેવાય. જે ચીજ જોઇતી હોય તેને માટે પ્રયત્ન પણ કરવામાં આવે છતાં ન મળે તે

---

સુસંસ્કાર, વિનય, વિવેક, પ્રભુદર્શન, પ્રભુનામસ્મરણ, આદિ બાળકોને પ્રથમ શીખડાવાય છે.

લાભાંતરાય કહેવાય. મમ્મણને સખત દાનાંતરાય હતો. અઢળક સંપત્તિ હોવા છતાં એક પાઈનો પણ સદુપયોગ કરી શકતો નહોતો.

જે વ્યક્તિ અઢળક સંપત્તિ મળવા છતાં દાન દેતી નથી અને હું શું કરું ? મને દાનાંતરાયનો ઉદય છે એમ કહીને બચાવ કરે છે, તે પ્રત્યેક સમયે લાભાંતરાયને બાંધી રહી છે; જેનાથી ભવાંતરે ભિખારી થવાનો વારો આવે છે. દાનાંતરાય ન તૂટતો હોય તો તેની પાછળ લોહીના આંસુ પાડવા જોઇએ અને બળાત્કારે અનિચ્છાએ પણ દાન આપવાનો પ્રયત્ન કરવો જોઇએ; આ જ દાનાંતરાયને તોડવાનો ઉપાય છે.

અહીં પૂ. આનંદઘનજી કહે છે, "હે નાથ! આપે દાનાંતરાયને મૂળમાંથી નિવાર્યો છે. ચારિત્ર લેતા પહેલા રોજનું એકક્રોડ અને આઠલાખ સોનામહોરનું વરસીદાન આપ્યું, તેથી આખા વર્ષમાં ૩ અબજ - ૮૮ ક્રોડ - ૮૦ લાખ સોનામહોરનું દાન આપે આપ્યું.

**જગતના દ્રવ્યપિતા અને ભાવપિતા બનવાનો યશ તારક તીર્થંકરોના ફાળે જાય છે; અન્યથા ક્યારે પણ કોઈ એવું બન્યું નથી અને બનશે પણ નહિ. અત્યારે સામાન્યથી એક માણસનું આયુષ્ય ૪૦,૦૦૦ દિવસથી વધારે નથી અને છ ખંડની પૃથ્વી ઘણી મોટી છે માટે કોઈપણ માણસ જગતના બધા જીવોનું દ્રવ્યદારિદ્ર ફેડી શકે નહિ. તે પુણ્ય પરમાત્માનું જ છે. છતાં તીર્થંકરોને દીક્ષા લીધા વિના ઘરમાં રહે છતે કેવલજ્ઞાન થાય નહિ અને પાછું દીક્ષા લેતા પહેલાં એક વર્ષ સુધી તેમને દ્રવ્યદાન કરવું જ પડે એવો તીર્થંકર ભગવંતોનો કલ્પ-આચાર છે. ત્યાર પછી તરત જ દીક્ષા લે. પછી જ કેવલજ્ઞાન થાય. અને પછી જ્ઞાનદાન-ભાવદાન દેવા દ્વારા ભાવપિતાનું બિરુદ પામે છે. ભાવદાન નિર્વાણ પામતા સુધીની અંતિમ ઘડી સુધી આપતા હોય છે માટે તીર્થંકરોનું**

## આયુષ્ય જેટલું દીર્ઘ તેટલું જગકલ્યાણ-જનકલ્યાણ વધુ.

હે પ્રભુ ! આપે આપના આત્માને સ્વરૂપમાં રમમાણ કર્યો માટે આપ પોતાને અભયદાન આપનારા છો ! તેમ કેવલજ્ઞાન પામી ધર્મ તીર્થ પ્રવર્તાવ્યું, જગતને મોક્ષ માર્ગ સમજાવ્યો, તેથી સર્વ જીવોને પણ અભયદાન આપનારા છો !

વળી આપે લાભાંતરાય કર્મનું નિવારણ કર્યું ! આખા જગતનાં વિઘ્નોને પણ આપે નિવાર્યા ! લાભાંતરાયને હણીને આપે આપના આત્માને જ અનંતા ક્ષાયિક ગુણોનું દાન કર્યું !

અન્યાય અને અનીતિથી વર્તનારને લાભાંતરાય કર્મનો બંધ પડે છે. લાભમાં અંતરાય થાય એ કોઈને ગમે નહિ પણ લાભાંતરાયના ઉદયે ઢંઢણ અણગાર જેવા મુનિ પુંગવોને પણ ચારિત્ર લીધા પછી છ-છ મહિના સુધી નિર્દોષ ભિક્ષાનો લાભ થયો નથી ! ભવાંતરમાં પશુઓને ચારાપાણીનો અંતરાય કરેલો એટલે એવો લાભાંતરાય - બંધાયો કે જેના ઉદયે દ્વારિકા જેવી નગરીમાં પોતે સંસારીપણે કૃષ્ણ વાસુદેવ જેવાના પુત્ર હોવા છતાં અને નેમિપ્રભુના શિષ્ય હોવા છતાં નિર્દોષ ભિક્ષા લાગલગાટ છ મહિના સુધી મળી નહિ. સામે ઢંઢણ અણગાર પણ એવા ઉચ્ચ મહાત્મા હતા કે ઉદયમાં આવેલા કર્મને સમતાભાવે ભોગવતાં કેવલજ્ઞાન ઉપાર્જન કર્યું. છ છ મહિના સુધી આહાર ન મળવા છતાં મનને જરાપણ બગડવા દીધું નહિ. સમતા અખંડિત રાખી તો અંતે કૈવલ્યદશાને વર્યા.

જ્ઞાની કહે છે કે **સંસારમાં આપત્તિઓ તો આવવાની. સંસાર જ આપત્તિઓનો ભંડાર છે પણ જો તેમાં સમતા-સમાધિ ટકાવી રાખવામાં આવે તો થોડા સમયમાં આપત્તિઓનાં વાદળો વિખરાઈ જશે. સંપત્તિનો સૂર્ય ઉગી નીકળશે.** કસોટી સોનાની થાય, લોઢાની નહિ. ભલે અગ્નિ

પરીક્ષામાંથી પાર ઉતરવું પડે પણ મનુષ્યે જીવનમાં એક ક્ષણમાટે પણ સમતાને છોડવી જોઇએ નહિ. જો આપણે સમતાને કેળવવા દ્વારા આપણા આત્મામાં ધર્મની રક્ષા કરશું, તો તે રક્ષાયેલો ધર્મ મૃત્યુ સમયે સમાધિ અને મર્યા પછી સદ્ગતિ આપવા દ્વારા પરલોકમાં દુર્ગતિથી આપણી રક્ષા કરશે અને આમ કરતાં એક દિવસ જરૂર આપણે મોક્ષે પહોંચી જઇશુ. **સમકિત પામવા સમતા જરૂરી છે અને સમકિત પામ્યા પછી વીતરાગ થવા માટે પણ સમતા જરૂરી છે.**

પ્રાણીમાત્રમાં એક સરખો ભગવાન રહેલો છે જે સર્વથા નિર્દોષ છે. જીવને ભુલાવનાર કર્મસત્તા છે માટે તેની તો દયા જ ખાવા જેવી છે. આ વાત જચી જાય તો પછી કોઈપણ સંયોગોમાં સમતા ટકાવવી સહેલી છે. વસુ એટલે ધન કરતાં વ્યક્તિ ચઢે. વ્યક્તિ કરતાં વિવેક ચઢે અને વિવેક કરતાં પરમાત્મા ચઢે. આવો પરમાત્મા દરેકમાં રહેલો છે એમ સમજી દરેક સાથે મૈત્રી-પ્રેમ-વાત્સલ્ય પૂર્વક વર્તવા જેવું છે, જેથી ભાવિમાં દુઃખી થવાનો વારો જ ન આવે. બધામાં જેને ભગવાન દેખાવા માંડ્યા, બ્રહ્મ-દષ્ટિ થઇ, તે એક દિવસ ભગવાન થઇને જ રહેવાનો છે, તેને ભગવાન બનતા આ જગતની કોઇ સત્તા અટકાવી શકવાની નથી.

ઉપરોક્ત અંતરાય કર્મના જ પેટાભેદોને હવે યોગીરાજ આગળ જણાવી રહ્યા છે.

**વીર્ય વિઘન પંડિત વીર્યે હણી, પૂરણ પદવી યોગી;**
**ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગસુ ભોગી હો.. મલ્લિજિન..૯**

**અર્થ :** વીર્યાંતરાય કર્મને પંડિતવીર્ય વડે હણીને હે નાથ ! આપ પૂરણ પદવી એટલે પરમપદ-મોક્ષપદ તેના યોગી અર્થાત્ ભોક્તા બન્યા

---

ક્ષયોપશમભાવના ગુણો, દોષ ટાળવા માટે સેવવાના છે; કેમકે
ક્ષાયોપશમિકભાવના ગુણો દોષ સાપેક્ષ ગુણો છે.

છો ! ભોગાંતરાય અને ઉપભોગાંતરાય, એ બંનેને નિવારીને આપ પૂરણ ભોગના ભોગી બન્યા છો ! આપ પરમાનંદી-પૂર્ણાનંદી થયા છો!

**વિવેચન :** આત્મામાં અનંત શક્તિ છે, તેને અનંતવીર્ય એવું નામ અપાય છે. હે પ્રભુ! આપે તે અનંતવીર્યને અટકાવનાર વીર્યાંતરાય કર્મ, તેને પંડિતવીર્યથી હણી નાખ્યું અને અનંતવીર્ય પર્યાયમાં પ્રગટ કર્યું. આપનું અનંતવીર્ય અનંત ગુણોમાં પૂર્ણ પણે વહી રહ્યું છે માટે આપ પ્રત્યેક ગુણોમાંથી પ્રગટ થતાં અનંત આનંદને વેદો છો! દરેક ગુણો પૂર્ણપણે પ્રગટ થયા છે અને દરેક ગુણમાંથી અનંત આનંદ આવે છે માટે હે પ્રભુ! આપ પ્રતિ સમયે અનંત-અનંત-અનંત આનંદના ભોક્તા છો!

છઠ્ઠા-સાતમા ગુણઠાણે રહેલા શ્રમણ ભગવંતો પંડિત વીર્યવાળા હોય છે કારણકે તેઓ આરંભ-સમારંભાદિથી નિવૃત થયેલા હોય છે અને ઉપયોગ વીર્યને નિરંતર સ્વરૂપ સાથે જોડનારા હોય છે. શ્રેણીમાં તે પંડિતવીર્ય વર્ધમાન ભાવે પ્રવર્તે છે અને કૈવલ્યજ્ઞાન અને સિદ્ધાવસ્થામાં તો અપ્રયાસી વીર્ય જ હોય છે.

જ્યારે સમકિતી એવા દેશવિરતિધર શ્રાવકને મિશ્રવીર્યવાળા મનાયા છે. તેઓ જેટલા સમય સુધી ઉપયોગને સ્વરૂપની દિશામાં વાળે તેટલો સમય પંડિત વીર્ય હોય છે અને આરંભ સમારંભાદિમાં જોડે ત્યારે બાળવીર્ય હોય છે અથવા તો દેશવિરતિની પરિણતિ જ એવી છે કે જેમાં જીવવીર્ય સ્વરૂપની દિશામાં સર્વવિરતિધરની જેમ વિશેષરુપે ભળી શકતું નથી; માટે તેમને મિશ્ર વીર્યવાળા કહ્યા છે. જ્યારે આરંભ સમારંભાદિ અઢાર પાપસ્થાનકોના સેવનમાં વીર્ય ફોરવનારને બાળવીર્ય હોય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ સંબંધી આચારોમાં વીર્ય ફોરવવાથી વીર્યાંતરાયનો ક્ષયોપશમ અથવા ક્ષય થાય છે. આત્મામાં અનંતજ્ઞાન છે તેમ અનંતવીર્ય પણ છે.

♦ જ્ઞેય અનંત છે માટે જ્ઞાન અનંત છે. ♦ દૃશ્યો અનંત છે માટે દર્શન અનંત છે. ♦ ગુણો અનંત છે માટે સુખ અનંત છે. એ અનંતની અનંતતાને ટકાવવા-સંરક્ષવા, જે અનંતશક્તિ જોઇએ છે તે અનંત વીર્ય છે.

સંસારી આત્માઓ જેમ ભોગાંતરાયના ક્ષયોપશમથી સાંસારિક સુખો સ્વેચ્છા મુજબ ભોગવી શકે છે, તેમ તે બંને પ્રકૃતિનો ક્ષય થઇ જતાં હે નાથ! આપ આપના અનંતગુણોના ભોક્તા બન્યા છો ! પવનંજય અને અંજનાસુંદરી બંનેનો યોગ સુંદર હોવા છતાં બંનેને બાવીસ વર્ષનો વિયોગ રહ્યો. બસ, એ જ ભોગાંતરાય અને ઉપભોગાંતરાયનો ઉદય છે. આજના શ્રીમંતો પાસે અઢળક સંપત્તિ છે, તેથી ધનની પ્રાપ્તિના વિષયમાં લાભાંતરાયનો ક્ષયોપશમ છે પણ શરીર રોગોથી ઘેરાયેલું છે માટે ખાવાપીવામાં ડોકટર દ્વારા જબરજસ્ત કંટ્રોલ છે. મગનું પાણી, દાળ અને ભાત સિવાય બીજું કાંઇ ખાવાનું નહિ આ ભોગાંતરાય અને ઉપભોગાંતરાય નો ઉદય છે; જેમાં મેળવાય ખરું પણ ભોગવાય નહિ.

સુવિધિનાથ ભગવાનના સ્તવનમાં દેવચંદ્રજી મહારાજ લખે છે કે- દાનાદિ પાંચેય લબ્ધિઓ ક્ષાયિકભાવની છે અને તે આત્માના સ્વરૂપમાં વિશ્રાંત થનારી છે. પહેલા તે દાનાદિ લબ્ધિઓ પુદ્‌ગલભાવમાં જતી હતી. મેં દાન આપ્યું, ફલાણાને આપ્યું, આટલું આપ્યું, મેં શીલ પાળ્યું, આટલી તિથિ પાળ્યું, આટલા ભાંગાથી પાળ્યું; આવા ભાવમાં તે દાનાદિ શક્તિઓ જતી હતી; તે હવે અરિહંત ઉપરના અવલંબને અરિહંતાવલંબની થઈ અને પછી તે સ્વરૂપાવલંબની થઈ.

પ્રભુના દર્શને પરમાત્મ સ્વરૂપ યાદ આવ્યું. પરમાત્માના યોગની એટલે કે રત્નત્રયીના સ્વરૂપની ભૂમિકા જોતા ખ્યાલ આવ્યો કે અહો! આમાં તો કોઇ વિકાર નથી, કોઈની સહાય નથી, કોઈ પ્રયત્ન નથી છતાં

સ્વ એ પરનું નહિ હોય. જ્યારે પર એ એક કે એકથી અધિકનું હોય.

તે નિર્મળ છે, નિર્મોહી છે, નિર્મમ છે, અખંડ છે. આવા પ્રભુના અવલંબને હું પણ મારી સ્વસત્તા પ્રગટ કરું તે માટે પ્રભુનું શરણ સ્વીકારું.

**"વિમલાચલ મંડણ, આદિ દેવ જિણંદ, નિર્મળ નિર્મોહી, કેવલજ્ઞાન દિણંદ પૂર્વ નવ્વાણુ આવ્યા, ધરી આણંદ, શત્રુંજય શિખર સમોસર્યા સુખકંદ."**

અનંતકાળથી અજ્ઞાન વશ ચેતના પુદ્ગલ અનુયાયી બની, પરમાં જ શક્તિ-રસ રેડી, અનંત અનંત કર્મના જથ્થાને એકઠી કરતી હતી, તે હવે પ્રભુદર્શને, તેમની અદ્ભૂત ભૂમિકા ખ્યાલમાં આવતા પ્રભુ અનુયાયી બનીને સ્વરૂપ અનુયાયી બની એટલે પ્રભુનો યોગ એ સ્વરૂપ પ્રાપ્તિનો યોગ બની ગયો. પ્રભુના દર્શને સ્વરૂપનો નિર્ધાર થયો, નિર્ણય થયો અને ખ્યાલ આવ્યો કે આત્મસ્વરૂપ તો નિઃશંક છે, નિર્મળ છે, પૂર્ણ છે, વિકાર રહિત છે.

**પરમાત્માને વિશે જે રત્નત્રયી અભેદરૂપે, પરિપૂર્ણ રૂપે પ્રગટી છે, પરિણમી છે; તેની યથાર્થ ઓળખ, તેનો અંશ જેનામાં પ્રગટ્યો છે, તેવા સમ્યગ્દૃષ્ટિને થાય છે. મિથ્યાદૃષ્ટિ પ્રભુના ગુણોને-પ્રભુની પરિણતિને-પ્રભુના આનંદને-પ્રભુની અસંગ વીતરાગ દશાને ઓળખવા માટે અસમર્થ છે અને તેની સંપૂર્ણ ઓળખ તો જે સ્વયં પરમાત્મા બને તેને જ થાય છે કારણકે પોતે પરમાત્મા બન્યા સિવાય પરમાત્મ પદ સંપૂર્ણ અનુભવમાં આવતું નથી. પરમાત્માનું જેવું પૂર્ણ, અખંડ, અવિનાશી, વીતરાગ સ્વરૂપ છે તેવું જ સ્વરૂપ માહરું છે; એવી અખંડ શ્રદ્ધા નિરંતર ટકાવવા દ્વારા આપણા મતિજ્ઞાનના ઉપયોગમાં નિરંતર પરમાત્મ સ્વરૂપના આકારો આપવાના છે. આત્માના અસંખ્ય પ્રદેશો પરમાત્મ સ્વરૂપ આત્મસાત્ થતાં મોહની પરિણતિ-મોહનું વર્તુળ-મોહનું સામ્રાજ્ય નાશ પામે છે અને આત્મપ્રદેશો ઉપર એક અનુપમ શાંતિ-સમાધિનો અનુભવ થાય છે.**

---

કાળના ભેદ છે તે ક્રમના છે. જ્યારે ક્ષેત્રના ભેદ છે એ દેશના ભેદ છે જે સ્કંધ-દેશ-પ્રદેશ આદિ છે.

અરિહંત પરમાત્માની સહજ સુખમય પૂર્ણ શુદ્ધ સ્વભાવ દશાનું સાધકને જેમ જેમ વિશેષ વિશેષ જ્ઞાન થાય છે તેમ તેમ તે સાધકની આત્મ શક્તિઓ પરાનુયાયીપણું છોડીને આત્મ સ્વભાવની સન્મુખ થાય છે. રાજશાસન, ધર્મશાસન, જિનશાસનથી આગળ વધી સ્વરૂપશાસનમાં પ્રવેશ કરે છે.

હવે છેલ્લી બે કડીઓમાં યોગીરાજ ઉપસંહાર કરે છે -

**એ અઢાર દૂષણ વર્જિત તનુ, મુનિજન વૃંદે ગાયા;**
**અવિરતિ રૂપક દોષ નિરૂપણ, નિરદૂષણ મન ભાયા હો.. મલ્લિજિન..૧૦**

**અર્થ :** હે નાથ! આપ ઉપર વર્ણવ્યા પ્રમાણેના અઢાર દોષોથી રહિત છો! અને એટલા માટે જ આપ મુનિજનના સમુદાયથી સ્તવાએલા છો! એ અઢાર દોષો અવિરતિ અર્થાત્ અત્યાગના સ્વરૂપવાળા છે; એવું આપે નિરૂપણ કરેલું છે. તેથી આપ દોષ રહિત છો! એવી મારી ખાત્રી થઈ છે અને તેટલા માટે આપ મારા મનમાં સુહાયા છો! અર્થાત્ મને ગમો છો! તમે મારા મન ભાવન છો!

**વિવેચન :** આ સંસારમાં દોષો કોઇનેય ગમતા નથી. ગુણ અને દોષની વચ્ચે પસંદગી કરવાનો વખત આવે ત્યારે માનવી ગુણોને જ પસંદ કરે છે. ગમે તેવી ક્રોધી કે અહંકારી વ્યક્તિ પણ પોતાના જેવા ક્રોધી કે અહંકારીનો સહવાસ ઇચ્છતી નથી. કંજુસ અને કૃપણને પણ ઉદાર સાથે જ રહેવું ગમે છે. આ બતાવે છે કે તેના હૃદયમાં પ્રતિષ્ઠા તો ગુણોની જ છે પણ જીવ બિચારો કર્મથી પરવશ બનેલો છે, તેથી જે દોષ તે બીજામાં ઈચ્છતો નથી છતાં તેને તે પોતાનામાંથી કાઢી શકતો નથી તેમજ પોતે અજ્ઞાન અને મિથ્યાત્વથી ઘેરાયેલો હોવાના કારણે તે દોષો પોતાનામાં હોવા છતાં તેને ઓળખીને તેનો સ્વીકાર કરવા જેટલી ખેલદીલી પણ

---

પદાર્થના કાર્યથી પદાર્થ મહાન છે. માત્ર પદાર્થના ક્ષેત્રથી તેને મહાન ન સમજવો.

બતાવી શકતો નથી. આ જ છે જીવના અનંત સંસાર પરિભ્રમણનું મૂળ. બધા નાયક થવાનું જ પસંદ કરે છે, ખલનાયક થવું કોઈને ગમતું નથી.

યોગીરાજ પ્રસ્તુત સ્તવનમાં ૧) અજ્ઞાન ૨) નિદ્રા ૩) મિથ્યાત્વ ૪) અવિરતિ ૫) રાગ ૬) દ્વેષ ૭) હાસ્ય ૮) રતિ ૯) અરતિ ૧૦) શોક ૧૧) ભય ૧૨) જુગુપ્સા ૧૩) વેદોદય ૧૪) દાનાંતરાય ૧૫) લાભાંતરાય ૧૬) ભોગાંતરાય ૧૭) ઉપભોગાંતરાય ૧૮) વીર્યાંતરાય આમ અઢાર દોષો બતાવી રહ્યા છે અને તે સર્વ દોષો પ્રભુએ સાધના કરવા દ્વારા દૂર કર્યા માટે અઢાર દોષથી રહિત અને સર્વ ગુણોથી પરિપૂર્ણ રૂપે પ્રભુની ઓળખ આપી રહ્યા છે.

આ અઢારે દોષો અવિરતિ અર્થાત્ પાપ સ્વરૂપવાળા છે અર્થાત્ એના સેવનથી જીવને નિશ્ચિત પણે પાપ કર્મનો બંધ થાય છે માટે સત્વરે છોડવા યોગ્ય છે. હે નાથ! આપ દોષ રહિત છો, નિર્દોષ છો માટે મુનિઓનો સમુદાય આપની સ્તવના કરે છે. ભક્તિ કરે છે, બહુમાન કરે છે. આપને આદરની નજરે જુએ છે. નિર્દોષને સહુ ચાહે છે. એક બાળક જે અજ્ઞાની છે છતાં નિર્દોષ છે તો સૌને તે પ્રિય લાગે છે. જ્યારે ભગવાન તો નિર્દોષ હોતે છતે પૂર્ણ જ્ઞાની છે, વીતરાગ હોતે છતે સર્વજ્ઞ છે તો પછી પ્રભુ સૌના હૃદયમાં આદરભાવે સ્થાન કેમ ન પામે ? અર્થાત્ આવા ત્રણ લોકના નાથ, વિશ્વમાત્રના જીવોનું એકાંતે હિત કરનાર, અકારણ વત્સલ, પતિત પાવન, તરણ તારણ, દેવેન્દ્રો, નરેન્દ્રોથી પૂજ્ય એવા પ્રભુની ભક્તિ કરવાનું મન કોને ન થાય ? અર્થાત્ દરેકને થાય!

**આમ હે પ્રભુ ! આપ મુનિઓના વૃંદથી સ્તવાએલા છો માટે મારા મનમાં સુહાયા છો. અર્થાત્ આપ મારી પ્રીતિના વિષય બન્યા છો! તીર્થંકર પરમાત્મામાં સર્વસ્વપણે જેની ગતિ છે, તે અર્થ પુરુષાર્થથી દૂર**

---

ઈન્દ્રિયના વિષયનું જરાય સ્ફુરણ નથી; તે દશા પ્રત્યાહાર છે.

રહેવા શક્તિમાન છે કારણકે જેની પાસે પ્રભુની પ્રીતિ-ભક્તિરૂપ મૂડી છે તે અર્થ વિના પણ ધનવાન છે.

હૃદયમાંથી નિષ્પન્ન થતાં પ્રેમ-લાગણી-હેત-હૈયા-હુંફને અવિનાશીની સાથે જોડવાં એટલે હૃદયને મંદિર બનાવવું અને તેમાં પરમાત્માને પ્રતિષ્ઠિત કરવા અર્થાત્ પરમાત્મા આપણા પ્રાણ બની જવા!

પરમાત્માની ભક્તિથી આપણા આત્મામાં સાચું પ્રતિબિંબ પડે છે, જે આપણું સ્વ બિંબ તૈયાર કરે છે એટલે કે આત્માના ક્ષાયોપશમિક ભાવને ક્ષાયિકરૂપે પરિણમાવે છે. આનું નામ જિનપુજાથી નિજપુજા છે. પૂજ્યની પૂજા, પૂજ્ય બનવા માટે છે પણ પુણ્યની વૃદ્ધિ માટે નથી. પરંતુ જ્યાં સુધી આપણે પૂજ્ય ન બનીએ ત્યાં સુધી જરૂરી અનુકૂળતાઓ મેળવી આપે એવા પુણ્યનો બંધ જરૂર ઉભો કરે છે, જેના ઉદય કાળમાં વળી પૂજ્ય અને પૂજનના ભાવનો સંયોગ બન્યો રહે છે.

પુણ્યના ઉદયકાળમાં પુણ્યનો ભોગવટો કરીએ તો ડૂબીએ પણ પૂજ્યની પુજામાં પુણ્યને પ્રયોજીએ તો ભોગી મટી યોગી બની ભવસાગર પાર ઉતરીએ ! ભક્તિથી વિરતિ અને વિરતિથી મુક્તિ, એવો ક્રમ છે.

**ઇણ વિધ પરખી મન વિસરામી, જિનવર ગુણ જે ગાવે;**
**દીનબંધુની મહેર નજરથી, આનંદઘન પદ પાવે હો..મલ્લિજિન..૧૧**

**અર્થ :** આ પ્રમાણે દેવતત્ત્વની પરીક્ષા કરીને મનની વિશ્રાંતિ માટે જે કોઈ જિનેશ્વર પરમાત્માના ગુણોને ગાય છે તે દીનબંધુ એવા મલ્લિનાથ પ્રભુની કૃપાથી આનંદઘનપદ અર્થાત્ મોક્ષપદને પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** ઉત્તમ આત્માઓના ગુણ ગાવાથી તે ગુણ આપણામાં આવે છે અને પરંપરાએ આપણો આત્મા પણ ગુણોનું ભાજન બને છે.

---

સમ્યગ્ પ્રકારે સ્વ(આત્મા)માં જેને તોષ હોય તેને સંતોષ કહેવાય.

પ્રભુ અનંતગુણોથી પરિપૂર્ણ છે માટે આપણે ગુણોનું ભાજન બન્યા તે જ તેમનો આપણા ઉપરનો અનુગ્રહ છે. પ્રભુને જે ઈષ્ટ હતું તે આપણને ગમ્યું તે જ પ્રભુની આપણા ઉપરની કરુણા છે. તે જ એમની આપણા ઉપરની મહેર નજર છે. અધ્યાત્મના માર્ગમાં પ્રભુ કર્તા બનીને કે ઇચ્છાવાળા બનીને આપણા ઉપર કાંઈ જ કરતા નથી. તેઓ પોતે કૃતકૃત્ય થયા છે. તેમના સઘળા પ્રયોજનો સિદ્ધ થયા છે. હવે તેમને કાંઇ કરવાનું રહેતું નથી. તેઓ સાદિ-અનંત ભાંગે અનંત સુખમાં લીન બન્યા છે માટે જગતના જીવો કાંઇક આપવા રૂપે બીજા ઉપર ઉપકાર કરે છે, તેવો ઉપકાર અહિંયા નથી. અહિંયા તો પ્રભુની પ્રભુતા ઓળખાઇ ગઈ અને પ્રભુ જેવા બનવાનું મન થયું તે માટે ઉચિત વીર્યનું સ્ફુરણ થવા માંડ્યું એટલે પ્રભુનો અનુગ્રહ સાધક પર થયો એમ કહેવાય. પ્રભુ અનુગ્રહ કરતા નથી પણ યોગ્ય આત્મા ઉપર પ્રભુનો અનુગ્રહ થાય છે. એ તો ધ્રુવતારક બની સાચી દિશા જે ઉત્તર દિશા કે જે બધા સવાલ-બધી સમસ્યાના ઉત્તર છે તે તરફ દોરી જાય છે.

**"પ્રભુપણે પ્રભુ ઓળખી રે, અમલ, વિમલ ગુણ ગેહ**
**સાધ્યદૃષ્ટિ સાધકપણે રે, વંદે ધન્ય નર તેહ.."**

**- દેવચંદ્રજી મહારાજ**

શ્રી અરિહંત દેવ અમલ અર્થાત્ સર્વ કર્મમળથી રહિત છે અને વિમલ - અર્થાત્ મળ વિનાના નિર્મળ ઉજ્જવળ ગુણોના ભંડાર છે. આ પ્રમાણે તેમની પ્રભુતાનું સ્વરૂપ જાણી પોતાની પ્રભુતા પ્રગટાવવા રૂપ સાધ્યને સિદ્ધ કરવા માટે સાધક પ્રભુને વંદન કરે છે, તે ધન્ય છે.

પોતાની ગુણહીનતા અને નિરાધારતાનો વિચાર કરવાથી અરિહંત પ્રભુની પ્રભુતા પ્રત્યે વાસ્તવિક બહુમાન પ્રગટે છે; જેમ કે હે નાથ! હું તો મહામોહાધીન થઈને મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાયોની કારમી

પીડા ભોગવી રહ્યો છું. મારી ભૌતિક સુખોની તૃષ્ણા કેમ છીપતી નથી. હે પ્રભુ! આપના વિના મારો ઉદ્ધાર કોણ કરશે ? આપ વિના મારી જીવન-નૈયાને સંસાર સમુદ્રની પેલે પાર કોણ પહોંચાડશે?

આ રીતે અંતરના ઉમળકાથી કરેલી આદર-બહુમાન- પૂર્વકની પ્રભુ સેવા મુક્તિને આપવા સમર્થ બને છે.

**"જિમ જિનવર આલંબને, વધે સધે એકતાન હો મિત્ત ।**
**તિમ તિમ આત્માલંબની, ગ્રહે સ્વરૂપ નિદાન હો મિત્ત ॥"**

**- દેવચંદ્રજી**

જિનેશ્વર પરમાત્માના આલંબને સાધકની એકાગ્રતા જેમ જેમ વધતી જાય છે તેમ તેમ પ્રભુ સાથે તન્મયતા સધાય છે અને તેના દ્વારા સાધક સ્વરૂપાવલંબની બનીને સ્વરૂપ પ્રાપ્તિના મૂળ કારણ સમ્યગ્ દર્શનાદિ ગુણોને પ્રાપ્ત કરે છે.

પોતાની પ્રભુતાને પ્રગટ કરવા સંપૂર્ણ પ્રભુતામય અરિહંત પરમાત્માનું આલંબન લેવું પડે છે. જડના સંગને છોડીને જેમ જેમ જીવ પ્રભુના ધ્યાનમાં એકાગ્ર બને છે અર્થાત્ પોતાની ક્ષયોપશમભાવની ચેતના જેમ જેમ અરિહંતની શુદ્ધતાના આલંબને સ્વરૂપમાં લીનતા સાધે છે તેમ તેમ પોતાનામાં અનંત જ્ઞાનાદિ ગુણો પ્રગટ થાય છે પછી આત્મા તેમાં જ રમણતા કરતો અનંતકાળ પસાર કરે છે.

આ જ દીનબંધુની મહેર નજર છે. ઈશાનુગ્રહથી આવતો સ્વાનુગ્રહ છે. ઉપાસના યોગે સધાતો સાધનાયોગ છે. પ્રભુના આલંબનયોગથી પ્રાપ્ત સ્વાનુગ્રહ જ પ્રભુભક્તને પ્રભુપદ એટલેકે આનંદઘનપદ પમાડવામાં કારણભૂત બને છે. સૌ કોઈ આત્મા દીનબંધુની મહેર નજર પામીને પોતાનું આનંદઘન સ્વરૂપ પ્રગટાવે એ જ એક અભ્યર્થના.

---

# 20 શ્રી મુનિસુવ્રત સ્વામી જિન સ્તવન

મુનિસુવ્રત [1]જિનરાય, એક મુજ વિનતી નિસુણો।
આતમતત્ત્વ ક્યું [2]જાણું જગદ્ગુરુ, એહ વિચાર મુજ કહીયો;
આતમતત્ત્વ જાણ્યા વિણ નિરમલ, ચિત્તસમાધિ નવિ લહિયો॥ મુ.૧
કોઈ અબંધ આતમતત્ત માને, કિરિયા કરતો દીસે;
ક્રિયાતણું ફળ કહો કુણ ભોગવે, ઇમ પૂછ્યું ચિત્ત રીસે॥ મુ.૨
જડ ચેતન એ આતમ એક જ, થાવર જંગમ સરિખો;
[3]દુઃખ-સુખ-શંકર દૂષણ આવે, ચિત્ત [4]વિચારી જો પરિખો॥ મુ.૩
એક કહે નિત્ય જ આતમતત્ત આતમ [5]દરિસણ લીણો;
કૃતવિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિહીણો॥ મુ.૪
[6]સુગત મતરાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;
બંધ-મોક્ષ સુખ-દુઃખ [7]ન ઘટે, એહ વિચાર મન આણો॥ મુ.૫
ભૂત ચતુષ્ક વરજિત આતમતત્ત, સત્તા અલગી ન ઘટે;
અંધ શકટ જો [8]નજરે ન દેખે, તો શું કીજે શકટે?॥ મું.૬

---

બાહ્યપંચાચારથી નરક અને તિર્યંચ ગતિ ટળે છે. જ્યારે અભ્યંતર પંચાચારથી નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ એમ ચારે ય ગતિ ટળે છે અને મોક્ષ-પરમગતિ-પંચમગતિ પ્રાપ્ત થાય છે.

MUNISUVRAT *M* SWAMIJI



जगन्महामोह-निद्रा-प्रत्यूष-समयोपमम् ।
मुनिसुव्रतनाथस्य, देशना-वचनं स्तुमः ।।  ।।२०।।

નામ : ૨૦ મા શ્રી મુનિસુવ્રત સ્વામી

લાંછન : કાચબો

રાશિ : મકર

ગણ : દેવ

માતા : પદ્માવતી

પિતા : સુમિત્ર

ગર્ભવાસ : ૯-૮

દીક્ષા પર્યાય : ૭૫૦૦ વર્ષ

સર્વ આયુષ્ય : ૩૦૦૦૦ વર્ષ

સમ્યક્ત્વ પામ્યા પછીની ભવ સંખ્યા : ૩ ભવ

ચ્યવન કલ્યાણક નક્ષત્ર સાથે : શ્રવણ શ્રા. સુ.૧૫



20

# મુનિસુવ્રત સ્વામીજી

જન્મ કલ્યાણક નક્ષત્ર સાથે : શ્રવણ વૈ. વ.૮

દીક્ષા કલ્યાણક નક્ષત્ર સાથે : શ્રવણ ફા. સુ.૧૨

કેવળજ્ઞાન કલ્યાણક નક્ષત્ર સાથે : શ્રવણ મહા વ.૧૨

નિર્વાણ કલ્યાણક નક્ષત્ર સાથે : શ્રવણ વૈ. વ.૯

જન્મનગરી : રાજગ્રહી

દીક્ષાનગરી : રાજગ્રહી

કેવળજ્ઞાનનગરી : રાજગ્રહી

નિર્વાણભૂમિ : સમ્મેતશિખર

ઇમ અનેક વાદી મતિવિભ્રમ, સંકટ પડિયો ન લહે;
[9]ચિત્તસમાધિ તે માટે પૂછું, તુમ વિણ તત્ત કોઇ ન કહે॥ મુ.૭

[10]વલતું જગગુરુ ઇણિપરે ભાખે, પક્ષપાત [11]સવિ છંડી;
રાગ દ્વેષ મોહ પખ વર્જિત, આતમશું રઢ મંડી॥ મુ.૮

આતમધ્યાન કરે જો કોઉ, સો ફિર ઇણમેં નાવે;
વાગ્જાળ બીજું સહુ જાણે, એહ તત્વ ચિત્ત ચાવે॥ મુ.૯

જેણે વિવેક ધરી એ પખ ગ્રહિયે, તે [12]તત્ત્વજ્ઞાની કહિયે;
શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો, **'આનંદઘન'** પદ લહિયે॥ મુ.૧૦

પાઠાંતરે ૧. જિનરાજ ૨. જાણ્યું ૩. સુખ-દુઃખ-સંકર ૪. વિચાર ૫. દરસણ ૬. સૌગત ૭. નવિ ૮. નજર ૯. ચિત્ત સમાધિ ૧૦. વળતું ૧૧. સબ ૧૨. તતજ્ઞાની

પાંચમા, અગિયારમા, બારમા અને પંદરમા ભગવાનના સ્તવનમાંથી આત્મતત્ત્વની વિચારણા આગળ વધારતાં અઢારમા અરનાથ ભગવાનના સ્તવનમાં સ્વ સમય અને પર સમયથી આત્મ તત્વની વિચારણા કરી, દ્રવ્ય-ગુણ-પર્યાયથી નિશ્ચય નયપ્રધાન નૈશ્ચયિક આત્મ સ્વરૂપ ઓળખાવ્યું, ઓગણીસમા ભગવાનના સ્તવનમાં અઢાર દોષની પ્રરુપણા કરી અને પરમાત્મામાં તેનો અભાવ છે, એ વાત કહી. હવે આ વીસમા ભગવાનના સ્તવનમાં કેવા સ્વરૂપવાળો આત્મા માનીએ તો સુખ-દુઃખ, બંધ-મોક્ષ વગેરે ઘટી શકે? અને વેદાંત, સાંખ્ય, બૌદ્ધ વગેરે અન્ય દર્શનવાળાઓ આત્માને કેવા સ્વરૂપે માને છે ? તેમજ એકાંતે આત્માને એક સ્વરૂપવાળો માનતા કેવા દોષો આવે છે? તેનું વર્ણન કરવામાં આવ્યું છે; જેથી જીવના ઘણા બધા સંશયો છેદાઈ જાય છે અને ચિત્ત સમાધિ ભાવને પામે છે.

---

જેણે પોતાના દેહ માટે કાંઇ જ ન રાખતાં, પોતાનું બધું જ દુનિયાને દઇ દીધું છે તેને સંન્યાસી કહેવાય છે.

**શ્રી મુનિસુવ્રત જિનરાજ એક મુજ વિનતી નિસુણો,**
**આતમ તત્ત્વ ક્યું જાણું ! જગદ્‌ગુરુ, એહ વિચાર મુજ કહીઓ,**
**આતમ તત્ત્વ જાણ્યા વિણ નિર્મળ, ચિત્ત સમાધિ ન લહીયે..મુનિ સુવ્રત..૧**

**અર્થ :** હે મુનિસુવ્રત જિનરાજ ! મારી એક વિનંતી સાંભળો ! આત્માનું સ્વરૂપ કેવું છે ? તે હું કેમ જાણી શકું ? તે સ્વરૂપ કેવા પ્રકારનું છે? તે હે જગદ્‌ગુરુ ! મને સમજાવો ! કારણકે આત્માના સ્વરૂપને જાણ્યા વિના ચિત્ત નિર્મળ સમાધિને પામી શકતું નથી.

**વિવેચન :** જે વિષયમાં કાર્ય સિદ્ધિ કરવી હોય, તે વિષયમાં ચિત્ત નિઃશંક અર્થાત્ સંશય રહિત જોઇએ. સંશય યુક્ત ચિત્ત કાર્યની સફળતાને પામતું નથી. કુંભારને માટીમાં ઘડો છે, એવો નિશ્ચય છે માટે જ તે માટીમાંથી ઘડો બનાવવા પ્રયત્ન કરે છે. તેમ આત્મતત્ત્વના વિષયમાં દૃઢ નિર્ણય ન હોય, આત્મસ્વરૂપ કેવું છે ? એમાં નિઃશંકતા ન હોય, તો ક્યારે પણ અસ્થિર ચિત્તથી સાધના થઇ શકતી નથી. સ્થિર ચિત્તથી કરાયેલી સાધના જ સમાધિ આપી શકે છે. ચિત્તની સ્થિરતા માટે આત્મતત્ત્વનો નિર્ણય અતિ ઉપયોગી મનાયો છે. વળી જેને આત્મસ્વરૂપનો નિર્ણય થયો છે, તે જ તેને પામવા પ્રયત્નશીલ થાય છે.

આત્મા કેવો હશે? નિત્ય હશે કે અનિત્ય? એક કે અનેક? મોક્ષમાં આત્મા શું કરતો હશે? મોક્ષમાં કાંઇ જ કરવાનું ન હોય તો પછી ત્યાં અનંતકાળ કેમ જાય? મોક્ષમાં એકલા એકલા શું કરવાનું? અહિંયા ખાવા પીવામાં, બોલવા ચાલવામાં, હરવા-ફરવામાં પ્રત્યક્ષપણે સુખ અનુભવાય છે અને મોક્ષમાં જો આમાનું કાંઇ જ ન હોય, તો ત્યાં અનંત આનંદ કેમ હોય ? શરીર ન હોય, ઇન્દ્રિયો ન હોય, તો પછી

શરીર અને ઈન્દ્રિયો વિના સુખ કેમ અનુભવાય? વગેરે સંશયો જો ચિત્તમાં રમ્યા કરતા હોય, તો પછી તે જીવ વાસ્તવિક ધર્મ કેમ કરી શકે ?

॥ संशयात्मा विनश्यति ॥ - ભગવદ્ ગીતા.

આત્માનું અસ્તિત્વ એ શ્રદ્ધાનો વિષય છે. એ અસ્તિત્વને ગ્રહણ કરવું, તે શ્રદ્ધાનુ કાર્ય છે. **શ્રદ્ધા અસ્તિત્વને વળગે છે.** આત્મા છે એવી શ્રદ્ધા સમજણથી થાય છે. સમ્યગ્જ્ઞાનથી આત્મતત્ત્વ જેવું છે તેવું ઓળખાય છે અને આત્મતત્ત્વ ઓળખાવાથી તેની શ્રદ્ધા થાય છે.

સ્વ-પરપ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે, તે ગુણ, આત્મા હોવા માટેનું પ્રમાણ છે. **યોગ અને ધ્યાનની પ્રક્રિયા અંતઃકરણ સ્વરૂપ મનની શુદ્ધિ માટે છે પણ વલણ બદલવા માટે તો માત્ર જ્ઞાન એ જ સાધન છે. શુદ્ધાત્મા તરફી થયેલું વલણ જેમ જેમ જોર પકડે છે, તેમ તેમ સાધનામાં ઊંડાણ આવે છે. વીતરાગ પરમાત્માના શાસનમાં ધ્યાનને શ્રેષ્ઠતમ સાધન ગણ્યું છે કારણકે ધ્યાનમાં આત્માના અસ્તિત્વમાં હોવાનું ઘટે છે. આ જે ઘટે છે તે જ ધ્યાન છે. ધ્યાનમાં ચૈતન્ય જ્યોતિના દર્શન થાય છે, તેથી જ્ઞાનીઓ ધ્યાનને સર્વોત્કૃષ્ટ તપ કહે છે.**

ઉપમિતિમાં સિદ્ધર્ષિ ગણિ મહારાજે આઠમા પ્રસ્તાવમાં સમસ્ત દ્વાદશાંગના સાર તરીકે ધ્યાનને ઓળખાવેલ છે. તે ધ્યાનને માટે આત્મા કેવો છે? નિશ્ચયથી વ્યવહારથી આત્માનું સ્વરૂપ કેવું છે ? તે જાણવું અતિ આવશ્યક છે **આત્મતત્ત્વના યથાર્થ જ્ઞાન વિના આત્મતત્ત્વનું યર્થાથ ધ્યાન થઈ શકતું નથી. તમામ પ્રકારના અનુષ્ઠાનો, વ્રતો ને નિયમો એ ધ્યાનને માટે છે. પ્રત્યેક કાયોત્સર્ગ-કાઉસગ્ગની પૂર્વે "તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં"ની પ્રતિજ્ઞા હોય છે**

---

નિરાકાર એટલે નિત્ય એક આકાર. સાકાર એટલે અનેક આકાર.

જીવનમાં જાગવાનું છે. જાગીને જીવવાનું છે. આ જાગૃત દશા એ ધ્યાન છે. આચારંગ સૂત્રમાં "उत्तिठ्ठ"નું ફરમાન છે. **સ્વરૂપમાં જાગૃતતા, તે જ અપ્રમત્તતા છે, જે સાતમું ગુણઠાણું છે. જાગવું-નિરંતર જાગવું એ જ સૂક્ષ્મ ક્રિયા છે. આત્મતત્ત્વ જેવું છે તેવું જાણવાથી તે સ્વરૂપને ધ્યાનમાં ઉતારી શકાય છે. તેનાથી તે આત્મતત્ત્વ અનુભવમાં આવે છે. અનુભૂતિથી વીતરાગી આનંદનો અંશ અનુભવાય છે. તેના આસ્વાદથી ધર્મીને સમસ્ત પરભાવો અને પરદ્રવ્યોનો અનુરાગ છૂટી જાય છે એટલે સાધક પરદ્રવ્ય અને પરભાવોથી છૂટીને વારંવાર શુદ્ધાત્માને જ ચિંતવે છે, તેથી સંસાર છૂટી જાય છે. માટે ભેદજ્ઞાન કરવા પૂર્વક શુદ્ધ આત્મધ્યાન એ જ કર્તવ્ય છે. તે માટે આત્મતત્ત્વનું નય-નિક્ષેપ-પ્રમાણ-સપ્તભંગી ગર્ભિત સમ્યગ્ જ્ઞાન અતિ આવશ્યક મનાયું છે.**

**જૈનદર્શનનો ઉપદેશ વિજ્ઞાનના આધારે છે. "વત્થુ સહાવો ધમ્મો"- વસ્તુનો જે સ્વભાવ છે, એ જ વસ્તુનો ધર્મ છે, તે સ્વભાવને પ્રગટ કરવો તે જ ધર્મ છે એટલે આત્માના વિષયમાં જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણો મુખ્ય બની જાય છે. આમ ધર્મની પરિભાષા જ વૈજ્ઞાનિક રીતે કરી છે. ઉપદેશબોધની અસર નીચે કરાતા ધર્મથી સરળતા, નમ્રતા, મધ્યસ્થતા, જિતેન્દ્રિયતાદિ ગુણો પ્રગટે છે પણ તે ગુણોમાં-પરિણામમાં ટકવા માટે સિદ્ધાંત બોધ પૂરક બને છે અને તે સિદ્ધાંતબોધ થવામાં-પરિણમવામાં ઉપદેશ બોધ કારણભૂત મનાયો છે. ઉપદેશ બોધ પરિણમ્યા સિવાય અર્થાત્ ઉપરોક્ત ગુણો પ્રગટ્યા સિવાય સિદ્ધાંત બોધ સમ્યગ્ પરિણમે નહિ.**

**પ્રસ્તુત સ્તવનમાં યોગીરાજ સિદ્ધાંત બોધની મહત્તા બતાવી રહ્યા છે. સિદ્ધાંત બોધ, જો સમ્યગ્ પરિણમે તો તેનાથી આત્મતત્ત્વની શ્રદ્ધા સચોટ થાય છે. તેનાથી આત્મા ગમે તેવા નાસ્તિકવાદના**

---

સ્વભાવ ઉપર સ્વતંત્ર દષ્ટિ કરવાથી અને તે ભાવને અનુરૂપ ભાવ કરવાથી, સ્વભાવને પમાય છે.

વાવાઝોડામાં પણ અણનમ રહી શકે છે. સમ્યકત્વની પ્રાપ્તિના ષટ્સ્થાનમાં પણ સૌ પ્રથમ "આત્મા છે-છે અને છે" એ રૂપે તેના અસ્તિત્વના સ્વીકાર ઉપર જ ભાર મૂકવામાં આવ્યો છે અને બાકીના પાંચ સ્થાનોમાં તે કેવો છે તેનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. આત્માના ષટ્સ્થાનમાં પ્રથમ બે સ્થાનમાં સિદ્ધાંત સ્થાપન છે. પછીના બે સ્થાનમાં આત્માની અનાત્મ અવસ્થાનું ઉત્થાપન છે અને છેલ્લા બે સ્થાન પ્રસ્થાનના છે. એ આત્માની પરમાત્મદશા તરફ પ્રસ્થાનતા છે.

અસ્તિત્વ તો છ એ દ્રવ્યોમાં છે એટલે અસ્તિત્વ ગુણ સામાન્ય છે (એટલા માટે જ તો સપ્રદેશી દ્રવ્યો અસ્તિકાય તરીકે ઓળખાય છે.) પરંતુ પ્રસ્તુત આત્માના વિષયમાં જડ-ચેતનની જે એકતા વર્તાય છે, જેના કારણે અજ્ઞાન અને મિથ્યાત્વ ઊભા થયા છે, તેનાથી છૂટકારો પામવા જડથી ભિન્ન એવી સ્વતંત્ર ચૈતન્ય સત્તાનો સ્વીકાર થવો જરૂરી છે. તે ક્યારે થાય? તેનો કોઈ વિશેષ ગુણ લક્ષિત થાય તો ! એટલે ચૈતન્ય સત્તાને 'Specify'-નિર્દિષ્ઠ કરવી જરૂરી છે. તો જ એનો યથાર્થ સ્વીકાર થાય, નહિતર ભેળસેળિયો સ્વીકાર તો છે જ !

હું શરીરવાળો છું! ઇન્દ્રિયવાળો છું! રૂપાળો છું! ધનવાન છું! ગાડીવાળો છું! બંગલાવાળો છું! એ રૂપે એટલે કે અન્ય સંયોગ સંબંધથી બદ્ધરૂપે-બંધ સ્વરૂપે તો તેણે આત્માને માન્યો જ છે પણ આ બધા તો ચૈતન્યસત્તાથી ભિન્ન મિશ્રચેતનાના સાંયોગિક-ઔદયિક અનાત્મભાવો છે. પોતાની શુદ્ધ ચૈતન્ય સત્તાથી ચૂક્યો એટલે એ વણઝારમાં આવી ગયો. પછી એ વણઝારમાં જેટલો આગળ ગયો એટલો તે વધારે દુઃખી થયો. પ્રયત્ન-ઈચ્છા બધું સુખને માટે હતું, છતાં દિશા ઊંધી હતી માટે દશા પણ ખોટી ને ખોટી જ રહી. જ્ઞાનીઓ દશા બદલવા માટે દિશા બદલવાનું કહે છે. જ્યારે આપણે દશા બદલવા ક્રિયા બદલી રહ્યા

**છીએ અને એના આધારે આપણી કાયમી દશા બદલાઈ જશે એમ આશ્વાસન લઈએ છીએ પણ તે જીવનું ઘોર અજ્ઞાન છે.**

ચૈતન્ય સત્તા સ્વ-પર પ્રકાશક હોવાને લીધે તેનો ગુણ પ્રત્યક્ષતાને પામેલો છે. જ્યાં પ્રત્યક્ષતા હોય ત્યાં અન્ય પ્રમાણોની અપેક્ષાની આવશ્યકતા રહેતી નથી, માટે શુદ્ધ ચૈતન્યસત્તાનો હૃદયથી સ્વીકાર કરવો એ અધ્યાત્મનું પ્રથમ સોપાન છે. મુનિ અને સુવ્રત શબ્દમાંથી એવો ધ્વનિ નિષ્પન્ન થાય છે કે, રાગ-દ્વેષ-મોહ કે નયાદિના પક્ષ વિના કેવળ આત્મતત્ત્વમાં લીન થવામાં મુનિપણાની અને સુવ્રતની પાલના છે, જે કૈવલ્યાવસ્થા-પરમાત્માવસ્થાની પ્રાપ્તિનું કારણ છે. કવિશ્રી 'મુનિસુવ્રત' શબ્દનો શ્લેષ કરી ફરમાવી રહ્યા છે કે વીસમા મુનિસુવ્રત સ્વામીએ જણાવ્યા પ્રમાણેના, આવા મુનિપણા અને સુવ્રતના પાલનથી આપણે મુનિસુવ્રત ભગવાન જેવા થવાનું છે.

હવે સાંખ્યાદિ દર્શનવાળા આત્માને કયા સ્વરૂપે માને છે તે જણાવે છે -

**કોઈ અબંધ આતમ તત્ત માને, કિરિયા કરતો દીસે;**
**કિરિયા તણું ફલ કહો કુણ ભોગવે, ઈમ પૂછ્યું ચિત્ત રીસે.. મુનિ સુવ્રત..૨**

**અર્થ :** કોઈક મતવાળા આત્માને બંધ વિનાનો માને છે અને તે જ આત્મા ક્રિયા કરતો દેખાય છે; ત્યારે જે ક્રિયા કરે છે તેનું ફળ કહો કે કોણ ભોગવશે? એમ પૂછવાથી તે મનમાં રોષે ભરાય છે.'

**વિવેચન :** કેટલાક સાંખ્ય મતવાળા અને વેદાંતીઓ આત્માને અબંધ માને છે. સાંખ્ય કહે છે "।। विगुणो न बध्यते न मुच्यते ।।"

સત્ત્વ, રજ અને તમો ગુણથી રહિત આત્મા બંધાતો નથી અને

---

ક્ષાયિકભાવના લક્ષ્યે, ક્ષયોપશમ ભાવ થાય. કાર્ય કરવામાં-સાધનામાં ધરી અર્થાત્ કેન્દ્ર કે જે લક્ષ્ય છે એ ક્ષાયિકભાવને જ કેન્દ્ર બનાવી, તેની ફરતે પરિધ એટલે ક્ષયોપશમભાવની સાધના બનાવાય છે.

મુકાતો નથી અર્થાત્ બંધ પણ નથી અને મોક્ષ પણ નથી. આવી પ્રરૂપણા સાંખ્ય કરે છે અને પાછા પોતાના સંપ્રદાયના ધાર્મિક અનુષ્ઠાનો તો તેઓ કરે છે. વેદાંત પણ એમ કહે છે કે બ્રહ્મમાં બંધનો સંભવ નથી. એક બાજુ આત્માને અબંધ અને નિર્લેપ માને છે અને બીજી બાજુ ક્રિયાઓ તો બધી જ કરે છે. હવે તેમને પૂછવામાં આવે કે આત્માને અબંધ અને નિર્લેપ માનો છો, તો જે આ ક્રિયાઓ કરો છો, તેનું ફળ કોણ ભોગવશે ? એમ પૂછવામાં આવે એટલે તેઓ ગુસ્સે ભરાય છે.

સાંખ્ય દર્શન આત્માને અકર્તા અને અભોક્તા માને છે અને તેઓ સત્ત્વ, રજ અને તમં સ્વરૂપ પ્રકૃતિને જ કર્તા માને છે. સાંખ્ય દર્શનની માન્યતા મુજબ પ્રકૃતિમાંથી બુદ્ધિ ઉત્પન્ન થાય અને તેમાંથી અહંકાર ઉત્પન્ન થાય અને તેમાંથી આખો સંસાર ઉત્પન્ન થાય છે. બુદ્ધિને તેઓ ઉભય મુખ દર્પણાકાર માને છે. તેમાં એકબાજુ સુખ-દુઃખાદિ પ્રતિબિંબિત થાય છે અને બીજી બાજુ આત્મા પોતે પણ તેમાં પ્રતિબિંબિત થાય છે. સુખ દુઃખાદિનો ઉપભોગ બુદ્ધિ પોતે કરતી હોય છે, છતાં તેમાં પોતાનું પ્રતિબિંબ પડવાને લીધે આત્માને એવો ભ્રમ થાય છે કે હું સુખ દુઃખાદિને ભોગવી રહ્યો છું. સાંખ્ય દર્શનમાં આને પુરુષ અને પ્રકૃતિ અંગેનું અજ્ઞાન કહેવામાં આવે છે. જ્યારે પુરુષ સ્વરૂપ આત્માને એવું ભેદજ્ઞાન થઈ જાય કે "સુખ-દુઃખાદિનો ઉપભોગ પ્રકૃતિ કરે છે પણ હું આત્મા પોતે તો અકર્તા અને અભોક્તા છું!" તેને તેઓ વિવેક ખ્યાતિ કહે છે અર્થાત્ ભેદજ્ઞાન કહે છે-સાચી દૃષ્ટિ કહે છે.

સાંખ્ય પુરુષને ચેતન માને છે અને પ્રકૃતિને સર્વથા જડ કહે છે અને પાછો પ્રકૃતિના વિકાર તરીકે બુદ્ધિને બતાવે છે. હવે પ્રશ્ન એ થાય કે જે સર્વથા જડ હોય તેનો વિકાર બુદ્ધિ, અહંકાર વગેરે કેમ હોય? જેમાં

---

પોતાની ભવિતવ્યતા માટે કદી વિચાર ન કરવો. પોતાનો પુરુષાર્થ અને પોતાની ભવિતવ્યતા પોતાને આધીન છે. બીજાનો પુરુષાર્થ અને બીજાની ભવિતવ્યતા આપણને સ્વાધીન નથી.

ચૈતન્યની છાંટ ન હોય તો તેમાંથી બુદ્ધિ, અહંકાર વગેરે કેમ ઉત્પન્ન થઈ શકે? સમયે સમયે જે કામક્રોધાદિ વિકારો અનુભવાય છે, તે એકલી જડ એવી પ્રકૃતિનું પરિણમન કેમ હોઈ શકે ? સર્વથા જડ એવી પ્રકૃતિનું આ પરિણમન કેમ ઘટી શકે ? જડમાં સંવેદનશીલતા જ ક્યાં છે ? જ્યારે બુદ્ધિ અને અહંકારમાં તો સ્ફુરાયમાનતા, ચૈતન્યતા, સંવેદનશીલતા અનુભવાય છે ! સાંખ્ય બુદ્ધિશાળીઓમાં મુખ્ય હોવા છતાં પ્રકૃતિને સર્વથા જડ માને છે માટે તેના મતમાં કરેલી ક્રિયાનું ફળ ઘટી શકતું નથી.

સાંખ્ય એ સર્વથા એટલે નિશ્ચય-વ્યવહાર બધી દૃષ્ટિએ આત્માને અકર્તા અભોક્તા માને છે એટલે તે નિશ્ચય મતાર્થી કહેવાય પણ આત્માર્થી ન કહેવાય. તત્ત્વદૃષ્ટિએ-નિશ્ચયદૃષ્ટિએ આત્મા તદ્દન નિરાળો છે, અબંધક છે, એ વાત સાચી છે. છતાં પુણ્યપાપ બંને પ્રકારની ક્રિયા કરી રહ્યો છે; એવું જાણવા છતાં તે પોતાના વિચારોને ત્યજતો નથી, યોગીરાજ તેને પ્રશ્ન કરે છે કે તો પછી આ જે સારી કે ખરાબ ક્રિયા કરતો નજરે ચઢે છે, તેના આધાર પર જે સારાખોટા ભાવો પણ થતાં દેખાય છે તેમજ તેના વિપાકરૂપે સુખદુઃખાદિ જે અનુભવતો દેખાય છે; તે વિપાકને અનુભવનાર કોણ છે ? તમે તેને શું કહેશો ? જો આત્મા સર્વથા અબંધક છે તો પછી સુખદુઃખાદિ કોણ ભોગવશે ?

સાંખ્ય દ્રવ્યદૃષ્ટિને માન્ય કરે છે; અપર સંગ્રહનયની દૃષ્ટિ સ્વીકારે છે. તેથી તે અપેક્ષાએ, તે સાચો હોવા છતાં બીજા નયની દૃષ્ટિથી એટલે કે વ્યવહારનયે આત્મા સુખદુઃખાદિનો કર્તા-ભોક્તા છે એમ તે સ્વીકારતો નથી માટે કરેલી ક્રિયાના ફળને ભોગવનાર તરીકે પ્રકૃતિને ઘટાડવા જાય છે પણ પાછો પ્રકૃતિને તો સર્વથા જડ માનતો હોવાથી તે ન્યાય આપી શકતો નથી. વદતો વ્યાઘાતનો દોષ લાગે છે.

---

સાંખ્ય, આત્માને એકાંત નિત્ય માને છે. આત્મસત્તાનું સાંગોપાંગ વિવરણ કરે છે. પ્રત્યેક શરીરે ભિન્નભિન્ન આત્મા માને છે. આત્માને અકર્તા અને અભોક્તા માને છે અને સાક્ષીભાવે સર્વને જોનારો છે, તેમ પણ માને છે.

**ચેતનની હાજરી વિના પુદ્ગલની આ દેખાતી એક પણ ક્રિયા બની શકે નહિ. આ ક્રિયા માત્ર ચેતનની હાજરીમાં જ થાય છે માટે નિશ્ચયથી શુદ્ધ ચેતન અકર્તા છે જ્યારે વ્યવહારથી ચેતન કર્તા છે. શુદ્ધ ચેતન કર્તા છે કેવી રીતે ? તો કહે છે માત્ર હાજરીથી. નિશ્ચયથી તો પુદ્ગલ શક્તિ જ કર્તા છે અને વ્યવહારથી પુદ્ગલ શક્તિ-વ્યવસ્થિત શક્તિ અકર્તા છે.**

**સંસારમાં એકલા શુદ્ધાત્માની હાજરી હોઈ શકે નહિ; સાથે પુદ્ગલદ્રવ્યનું જોડાણ હોય જ એટલે નિશ્ચય વ્યવહારનું જોઈન્ટ equation સંયુક્ત સમીકરણ-અન્યોન્ય નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. તે આખું, આ રીતે Complete થાય.**

**ચૈતન્યમય આત્મા પોતે પોતાને શુદ્ધ ચૈતન્યમય આત્મા તરીકે ઓળખીને તેનો સ્વીકાર કરતો નથી અને પોતાને અનાદિકાળથી મન-વચન-કાયાનું તત્ત્વ જે પ્રકૃતિરૂપે વળગ્યું છે, કે જે વસ્તુતંત્ર છે, તેમાં ભળી જઈને શુભાશુભ ક્રિયાઓ અને શુભાશુભ ભાવો કરે છે એટલે પ્રકૃતિનું તંત્ર દરેક ભવે ભવે દેહ-ઈન્દ્રિયાદિ રૂપે અને પ્રતિસમયે કર્મના બંધ રૂપે પુરુષ તંત્રને વળગ્યા જ કરે છે. આમ વસ્તુતંત્ર-પ્રકૃતિ એ તો પુરુષતંત્રને વળગેલો વળગાડ છે.**

**સાંખ્ય જે પ્રકૃતિને સર્વથા જડ માને છે, તે બરાબર નથી પણ પ્રકૃતિ તે શુદ્ધચેતનના સંસર્ગમાં અનાદિ અનંતકાળથી હોવાને કારણે તે**

---

મન-વચન-કાયાના ત્રણે યોગની શુભાશુભ પ્રવૃત્તિનું નામ લેશ્યા.

**મિશ્ર ચેતન છે-મિકેનિકલ ચેતન છે-પાવર ચેતન છે-નિશ્ચેતન ચેતન છે-અશુદ્ધ ચેતન છે એટલે કે પોતે ચેતન નથી પણ ચેતનના સંયોગે ચેતનની ચેતના જેવી જણાય છે. અર્થાત્ ચેતનના સંનિધાનથી તેનામાં પાવર પુરાય છે એટલે તે મન-વચન-કાયા રૂપે કામ કરે છે. એકલો આત્મા કે એકલું પુદ્ગલ વિચારવાની, બોલવાની કે હલનચલનાદિ ક્રિયા કરી શકતું નથી. પણ શુદ્ધચેતન અને જડપુદ્ગલ બંનેનો સામીપ્યભાવ થવાથી- બંને એકમેક થવાથી મિશ્રચેતન ઊભું થયું છે. મિશ્રચેતન એ વૈભાવિક પુદ્ગલ કહેવાય છે. વિભાવિક એટલે વિશેષભાવે પરિણામ પામેલું પુદ્ગલ, ચેતનની હાજરીથી ચાર્જ થયેલ પુદ્ગલ. આત્માનો વિશેષભાવ અને પુદ્ગલનો વિશેષભાવ બે ભેગા થઈને ત્રીજું પ્રકૃતિસ્વરૂપ થયું છે. આ તો એના જેવું છે કે સૂર્ય કાંઈ કરતો નથી છતાં સૃષ્ટિ આખી સ્ફૂરાયમાન, પલ્લવિત તો સૂર્યની હાજરીથી જ થાય છે.**

શુદ્ધચેતન અનાદિકાળથી જડના સંસર્ગમાં આવીને પ્રકૃતિના પેંગડામાં પગ નાંખીને રહ્યું છે. શુદ્ધચેતન પોતે કાંઈ પણ બોલવા-ચાલવાની, હરવા-ફરવાની, વિચારવાની ક્રિયા કરતું નથી પણ તેની હાજરીમાં તેને વળગેલ પ્રકૃતિનું તંત્ર આ બધું કરે છે. **આમ ચેતન પોતે સ્વરૂપે શુદ્ધ હોવા છતાં અશુદ્ધ એવી પ્રકૃતિના સંસર્ગમાં રહ્યું છે, એ જ તેનો દોષ છે અને તેથી નિશ્ચયથી પોતે કાંઇ જ કરતું ન હોવા છતાં પોતાની હાજરી માત્રથી તે દોષિત ઠરે છે અને તેથી વ્યવહારે કર્તાપણાનો આરોપ તેનામાં ઠોકાઈ જાય છે. સાંખ્ય વ્યવહારે પણ શુદ્ધ ચેતનને કર્તા માનવા તૈયાર નથી. તેના મતે પુરુષ સર્વથા અકર્તા છે અને પ્રકૃતિ સર્વથા કર્તા છે. આ તેનો એકાંત આગ્રહ છે અને તેથી તેની માન્યતા નિશ્ચયથી-તત્ત્વદૃષ્ટિથી સાવ સાચી હોવા છતાં નિશ્ચય નયાભાસમાં જાય છે અને તે દ્વારા પોતે નિશ્ચય મતાર્થીની ગણનામાં આવે છે.**

---

**જો વ્યવહારે પુરુષને-શુદ્ધ ચેતનને કર્તા ન માનો, તો સમગ્ર વિશ્વમાં લોકોને ખોટા કામ કરવાનો છૂટો દોર મળે. લોક એમ જ કહે કે હું શું કરું? હું કાંઇ થોડા હિંસાદિ પાપો કરું છું ? મારી પ્રકૃતિ કરે છે. હું તો માત્ર પ્રકૃતિ જે કરે તેને જોઈ રહ્યો છું! આમ પાપમાં પ્રવર્તે છતાં પોતે ખોટું કરે છે એમ ન માને તો ધીઠ્ઠ બનીને લોકો દુર્ગતિમાં જાય. આખા દેશ અને વિશ્વમાં અરાજકતા, અવ્યવસ્થા, અમાનવતા, અસદાચાર, ઉન્માર્ગ ફેલાય. લોકો ત્રાહિમામ્ પોકારે. મર્યાદા ભંગ થાય. સન્માર્ગ નાશ પામે.**

સાંખ્યના મતે પ્રકૃતિને સર્વથા જડ અને પુરુષને સર્વથા અકર્તા માનતા આ મોટો દોષ આવે છે માટે **સાંખ્યની દૃષ્ટિ આધ્યાત્મિક શૈલિથી સાચી હોવા છતાં વ્યવહારુ ન હોવાથી એટલે કે અન્ય નય સાપેક્ષ ન હોવાથી નયાભાસમાં જાય છે અને તેથી પ્રમાણ રૂપ પણ ન બનતાં પ્રમાણાભાસ રૂપ બને છે.**

વ્યવહારમાં પણ રસ્તામાં બે માણસો લડતા હોય અને તમે માત્ર જોવા માટે જ ઊભા રહો તો તેટલા માત્રથી તમે દોષિત ઠરો છો. તમે જોવા ઊભા રહ્યા એટલા માત્રથી લડનારા તમને કોર્ટમાં ઢસડી જાય અને સાક્ષી તરીકે ઊભા રાખી શકે છે. તે વખતે તમે ના કહી શકો નહિ. જો કોર્ટમાં સાક્ષી તરીકે ન ઢસડાવું હોય તો ત્યાં ઊભા જ ન રહો. જોવાનું પણ ન રાખો તો તમે સર્વથા નિર્દોષ કહેવાઓ. **તેમ પુરુષે પ્રકૃતિના પીંજડામાં પગ નાંખ્યો એટલા માત્રથી તે પ્રકૃતિના જે જે કાર્યો હોય તેમાં પોતે દોષિત તરીકે ગણના પામે અને તેથી પ્રકૃતિએ કરેલું કાર્ય તેનાથી બંધાયેલુ કર્મ જ્યારે ઉદયમાં આવે ત્યારે તે જ આત્માને પ્રકૃતિનો સ્વાંગ સજીને બીજા ભવોમાં ભોગવવું પડે.**

---

માટે જો સંસારમાં કોઈ પણ જાતના દુઃખ ન ભોગવવા હોય, અને દુઃખ મુક્તિ જોઈતી હોય, તો પુરુષે પ્રકૃતિના પંજામાંથી છૂટવું જોઈએ. તે માટે પુરુષ અને પ્રકૃતિનું ભેદજ્ઞાન સતત કરતા રહેવું જોઈએ અને તે માટેનું જરૂરી જ્ઞાન પણ આત્મજ્ઞાની પુરુષ પાસેથી મેળવેલું હોવું જોઈએ.

જેણે આત્મજ્ઞાની પુરુષ પાસેથી વિધિપૂર્વક આત્મજ્ઞાન મેળવ્યું હોય અને જે એક માત્ર આત્માને પામવાની તીવ્ર રુચિવાળો હોય, તે જ વ્યક્તિ નિશ્ચય નય સંમત માન્યતાનો સદુપયોગ કરી પ્રકૃતિના વસ્તુ તંત્રથી છુટો પડી પોતાને શુદ્ધ, બુદ્ધ, અકર્તા-અભોક્તા માની શકે છે, પુરુષતંત્રમાં ઠરી શકે છે. તેવા આત્માઓ નિશ્ચયનયના વિકલ્પોનો દુરુપયોગ નથી કરતાં. તેઓ આત્મસાક્ષીએ પ્રામાણિક રહીને પ્રકૃતિથી છુટા પડી પોતાને ભિન્ન રૂપે જુવે છે અને જાણે છે માટે આવા પ્રામાણિક પુરુષો આગળ વધતાં આત્માને અનુભવી શકે છે. જેણે વિધિપૂર્વક જ્ઞાની પુરુષ પાસેથી આત્માનું જ્ઞાન મેળવ્યું નથી અને જે આત્મહિત કરવાની ભાવનાવાળો નથી, તેણે નિશ્ચયનય સંમત સાધનાના વિકલ્પોનો દુરુપયોગ કરવાની કોઈ જરૂર નથી કારણકે તેમ કરવા જતાં તે દીર્ઘ સંસાર ઉપાર્જન કરી સંસારમાં રુલે છે. તેના કરતા તો તેવા નિશ્ચયની રુચિ વિનાના જીવો માનવતાના-પરોપકારના કાર્યો કરીને કર્મયોગથી જીવે એ તેના માટે વધારે સારું છે.

દેખતો એવો આત્મા આંધળા એવા પુદ્ગલના ખભે ચઢેલો પુદ્ગલનો ચલાવ્યો ચાલે છે અને પુદ્ગલનો દોરવાયો દોરવાય છે. આંધળે બહેરું કુટાય છે. પુદ્ગલ આંધળુ છે અને આત્મા માત્ર જોનારો-જાણનારો છે પણ સાંભળનારો નથી એટલે બહેરો છે. આમ આંધળો

**અને બહેરો બે ભેગા થવાથી બધું ખોટે ખોટું જ કામ થાય છે. જે પોતાનું નથી તેને પોતાનું માનીને ખોટો વ્યવહાર થાય છે.**

સમજણ કેળવાય તો કેળવાયેલી સમજણ જ આખરે કેવળરૂપે પરિણમે છે. બધી ભાંજગડ આરોપિતભાવની છે. **પરમાં પોતાપણાનો આરોપ કરવાથી કર્મનું રોપણ થાય છે, જે આગળ જતાં ફુટે છે. પરમાં પોતાપણાનો આરોપ તે જ ભ્રાંતિ છે-Blunder છે-મૂર્ખામી છે.**

**મૂળમાં આત્મા વિજ્ઞાન સ્વરૂપે છે. Science માં કોઈ ભાંજગડ નથી પણ આજે Science દબાઈ ગયું અને Sense (મન અને ઈન્દ્રિયો) ઊભી થઈ, તેમાં જ બધી ભાંજગડ છે. જીવ આજે ઠેકડા મારે છે તેથી ઠેકાણું નથી પડતું. સ્થિર હોય તો તે શા માટે ઠેકડા મારે ? સુઝ ઊભી થાય તો બુઝ આવે. બુઝે તો પ્રતિકાર ન કરે પણ આવિષ્કાર કરે ! બંનેની વચ્ચે સ્વીકારની ભૂમિકા રહેલી છે.**

જૈન દર્શન પુરુષ અને પ્રકૃતિ બન્ને તત્ત્વો માને છે. તેનાથી ઊભો થયેલ સંસાર પણ માને છે. પરંતુ જૈનદર્શન આત્માની અશુદ્ધ અવસ્થાને પ્રકૃતિ કહે છે એટલે તેના મતે ચેતનની જેટલી જેટલી અશુદ્ધ પર્યાય છે, એ બધો પ્રકૃતિ વિભાગ છે; જે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. જે સમયે સમયે બદલાય છે-પલટાય છે-પળે પળે પલટાય છે-પરિવર્તન પામે છે તે પર્યાય છે. તે પ્રકૃતિથી છે કારણકે પલટાવું એ પ્રકૃતિનો સ્વભાવ છે. શરીર, ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ, વાણી, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, વિચાર, વર્તન, સંયોગ, વિયોગ, સંકોચ-વિસ્તાર, ઉત્પાદ-વ્યય એ બધું પ્રકૃતિનુ તંત્ર છે. આ ચેતનની પ્રકૃતિ દત્ત અશુદ્ધ અવસ્થા છે-અશુદ્ધ પર્યાય છે અને તે પ્રકૃતિ છે. આખો સંસાર પર્યાયમાં છે.

**હકીકતમાં તો સંસાર માન્યતામાં છે અને શુભાશુભ માન્યતા**

---

ક્ષાયિકગુણ આવેથી ગુણાતીત થવાય છે. ગુણની પૂર્ણતા આવેથી ગુણને જાળવવાપણું અને દોષને ટાળવાપણું રહેતું નથી; તેથી તે સ્થિતિને ગુણાતીત કહેવાય છે.

**એ પર્યાયમાં રહે છે માટે પર્યાયમાં સંસાર છે એમ કહેવાય છે. ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય તરફ ઉપયોગનો પલટો મારી પર્યાયમાં રહેલ અશુદ્ધિને દૂર કરી પર્યાયમાં વીતરાગતા અને કેવળજ્ઞાન પ્રગટ કરવાના છે અને તેમ થતાં જેવું ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય છે, તેવી જ શુદ્ધ પર્યાય થતાં આત્મા પ્રતિ સમયે અનંત આનંદવેદનને અનુભવે છે. આ જ કૃતકૃત્યતા છે-આ જ ભાવમોક્ષ છે-આ જ અનંત મુક્તત્વ છે.**

આત્માના યથાર્થ સ્વરૂપને જાણ્યા પછી જ ચિત્ત સમાધિ શક્ય બને છે અને તે આત્માનું યથાર્થ સ્વરૂપ જૈન દર્શનની દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયની વ્યવસ્થાથી વૈયકિતક અને વૈશ્વિક ઉભય કક્ષાએ ઘટી શકે છે. એકાંત દર્શનની માન્યતામાં આત્માનું યથાર્થ સ્વરૂપ ઘટી શકતું નથી. તે માટે આત્માને એકાંતે નિત્ય માનનાર સાંખ્યદર્શનની વાત કર્યા પછી હવે અદ્વૈતવાદી એવું વેદાંત દર્શન કે જે એક બ્રહ્મને જ સત્ય માને છે અને બાકી જગતને મિથ્યા માને છે; તેની વાત કરતાં યોગીરાજ કહે છે -

**જડ ચેતન એ આતમ એક જ, થાવર જંગમ સરિખો;**
**સુખદુઃખ સંકર દૂષણ આવે, ચિત્ત વિચારજો પરીખો.. મુનિસુવ્રત..૩**

**અર્થ :** વેદાંત દર્શનમાં શ્રી શંકરસ્વામીનો એટલે કે શંકરાચાર્યનો જે અદ્વૈત મત કહેવાય છે, તેઓ જગતમાં જે કાંઈ પણ જડ, ચેતન, સજીવ, નિર્જીવ પદાર્થો દેખાય છે, તે સઘળાને એક આત્મરૂપ માને છે, એક બ્રહ્મરુપ માને છે. એટલું જ નહિ પણ તે ઉપરાંત સ્થાવર-જંગમ પદાર્થો સુદ્ધા સરખા છે એમ માને છે. જે સ્થિર પદાર્થો હોય તે સ્થાવર કહેવાય અને જે હાલતાં-ચાલતાં પ્રાણીઓ હોય તે જંગમ કહેવાય. અદ્વૈતમતવાળા આ સ્થાવર-જંગમ જે કાંઈ દેખાય છે અને પરમાણુ વગેરે જે નથી દેખાતા તે બધાને એક બ્રહ્મસ્વરૂપ જ માને છે. 'જ'કાર પૂર્વક એકાન્તે માને છે.

---

આનંદઘનજી મહારાજ કહે છે કે, જો જડ અને ચેતન બંનેમાં એક સરખો આત્મા માનતા હો, તો સુખદુઃખ અંગેનું સંકર નામનું દૂષણ આવીને તમારા મતમાં ઊભુ રહેશે. સુખ અને દુઃખનો અનુભવ આત્માને જ હોય છે. એ લક્ષણ આત્મામાં જ ઘટે છે. કારણકે વેદન એક માત્ર જીવ-આત્માને જ હોય છે. હવે તમે જો જડ ચેતનને એકાત્મ સ્વરૂપ માનશો, તો તે લક્ષણ જડમાં પ્રવેશી જશે. તેથી જડમાં પણ ચેતનની જેમ સુખ-દુઃખ માનવા પડશે અથવા તો ચેતનને પણ જડની જેમ સુખ-દુઃખાદિથી રહિત માનવો પડશે. આમ એકનું લક્ષણ બીજામાં પેસવા રૂપ સંકર નામનો દોષ આવશે. દ્રવ્યનું દ્રવ્યત્વ, અકબંધ-ધ્રુવ નહિ રહેતાં તેનું દ્રવ્યાંતર થઇ જવાનો મહાદોષ આવશે.

**વિવેચન : "બ્રહ્મ સત્ય જગત મિથ્યા"**એ વેદાંતનુ સૂત્ર છે, વેદાંતનું દીક્ષા વાક્ય છે. વેદાંતનો આ મૌલિક સિદ્ધાંત છે. વેદાંત કહે છે કે આ તમને ઘટ, પટ, મકાન; સ્ત્રી, પુરુષ જે કાંઇ આ બધું દેખાય છે-જણાય છે તે તમારી અનાદિ કાલીન મિથ્યા વાસનાના કારણે છે. વેદાંત જગતને માયા કહે છે. અસત્ કહે છે-મિથ્યા કહે છે-ભ્રમ કહે છે. હકીકતમાં તો આ બધું બ્રહ્મ સ્વરૂપ જ છે. બ્રહ્મ એટલે વ્યાપક તત્ત્વ. વાસ્તવિક રીતે જોતા તો આ જગતમાં વ્યાપક તત્ત્વ બે જ છે. એક આકાશ અને બીજું કેવળજ્ઞાનમય આત્મા. આકાશ ક્ષેત્રથી વ્યાપક છે જ્યારે આત્મા જ્ઞાનથી વ્યાપક છે પરંતુ વેદાંત દર્શન આત્માને મહતોડપિ મહીયાન કહે છે. સર્વગત-સર્વ વ્યાપી કહીને આત્માને આકાશથી પણ મહાન ગણે છે.

વેદાંતનું આ સૂત્ર ખરેખર સાધના સૂત્ર છે. સાધના માટે ઉપયોગી છે પણ તે વિશ્વ વ્યવસ્થા માટે નથી કારણકે જગતમાં અનાદિકાળથી જડ અને ચેતન બંને પદાર્થનું સ્વતંત્ર અસ્તિત્વ છે અને બંને દ્રવ્યોનું સ્વતંત્ર પરિણમન છે.

---

જો દેખાતું આ જગત વંધ્યાપુત્ર અને આકાશ કુસુમની જેમ સર્વથા અસત્ હોય, તો વેદાંતીના એ સિદ્ધાંત પ્રમાણે અગ્નિ પણ અસત્ છે, તો પછી તેને અગ્નિમાં હાથ નાંખતા અચકાવું જોઇએ નહિ. અગ્નિમાં હાથ નાંખતા હાથ બળી જાય છે, જે સર્વના અનુભવમાં આવતી નક્કર વાસ્તવિકતા છે; તેથી એ પ્રત્યક્ષ સિદ્ધ છે તો પછી અગ્નિને મિથ્યા કેમ કહેવાય ?

પદાર્થને એકાન્તે નિત્ય માનવાથી સર્વવાદી સંમત અને પ્રત્યક્ષાદિથી જણાઇ રહેલો કાર્યકારણ ભાવ જ ઘટી શકે નહિ. સોનુ એક પદાર્થ છે. એ સોનામાંથી તાર બનાવીએ ત્યારે સુવર્ણરૂપ કારણમાંથી સુવર્ણતાર રૂપ કાર્ય પરિણમે છે. એ જ સુવર્ણતાર સુવર્ણના અલંકાર રૂપ કાર્યનું પાછું કારણ બને છે. સુવર્ણતાર અને સુવર્ણ બંને સોનાના પર્યાય છે. આમ દ્રવ્યનું દ્રવ્યત્વ અકબંધ-ધ્રુવ (સ્થિર) રહેવા પૂર્વક એના પર્યાય એટલે હાલત કે અવસ્થા યા દશામાં ફેરફારો થાય છે. જે ફરે છે તે ફેરફાર એ પર્યાય છે અને જેમાં ફેરફાર થાય છે તે દ્રવ્ય છે.

એટલે જ જૈન દર્શન ॥ उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत् ॥ એવી દ્રવ્યની વ્યાખ્યા કરે છે. એને જ અજૈન દર્શનો ઉત્પત્તિ-સ્થિતિ-લય કહે છે અને તેને બ્રહ્મા-વિષ્ણુ-મહેશના રૂપકથી ઘટાવે છે. પરંતુ ઉત્પત્તિ-સ્થિતિ-લય એ ત્રણ ને જુદી જુદી સ્વતંત્ર અવસ્થા તરીકે ઘટાવે છે. તેથી તેમાં દ્રવ્યની સંલગ્નતા-અખંડતતા ઘટતી નથી. ધ્રુવતાથી યુક્ત જે પદાર્થ છે, તે ધ્રુવ દ્રવ્યની અવસ્થા-પર્યાયમાં થતી ફેરફારી-ઉત્પાદ-વ્યયને, ''ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્''થી ઘટાવી શકાય છે.

આ બધી ફેરફારીને વેદાંતી આભાસી, કાલ્પનિક, સ્વપ્નવત્ કહે છે અને તે મનની ભ્રમણા છે અને અવિદ્યા-અજ્ઞાનથી સત્ય ભાસે છે; એમ કહે છે. તો વેદાંતીના એ બચાવની સામે પ્રશ્નો ખડા થાય છે કે....

મનમાં ભ્રમણા કેમ થઇ ? બ્રહ્મ જ સત્ય છે અને બીજું બધું મિથ્યા છે, તો પછી મન આવ્યું ક્યાંથી ? એ મન અને મનની ભ્રમણાને અવિદ્યા-અજ્ઞાન કહેતા હો, તો તે અવિદ્યા અને અજ્ઞાન ક્યાંથી આવ્યા ?

જગતને મિથ્યા માનનારા અને બ્રહ્મને જ સત્ય ગણનારા બ્રહ્મવાદીઓ જગતમાં જીવે છે, તે તેમનું જીવાતું જીવન અને એમાં થતી સારી-નરસી અનુભૂતિ એ બધું શું ખોટું-અસત્ય છે ? હા ! એટલો ભેદ પાડી શકાય કે બ્રહ્મ એ રીયલ સત્ય છે જ્યારે જગત એ સાપેક્ષ સત્ય છે-વ્યવહાર સત્ય છે.

દરેક પદાર્થ માત્ર અનંત ધર્માત્મક હોવાના કારણે એકાન્તવાદ ત્યાગી અનેકાન્તવાદને સ્વીકારી સ્યાદ્‌વાદ શૈલિથી વસ્તુ તત્ત્વનું નિરૂપણ કરવામાં આવે તો જ સમાધાનકારી સાચું સ્વરૂપ નિરૂપણ થઇ શકે અને વસ્તુને યથાર્થ ન્યાય આપી શકાય. આત્મા નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. તેવી જ રીતે જગત્ નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. આ પ્રમાણ વાક્ય છે. આત્મા દ્રવ્યથી નિત્ય જ છે અને પર્યાયથી-અવસ્થાથી અનિત્ય જ છે. જગત પ્રવાહથી અનાદિ-અનંત (નિત્ય) જ છે અને જગત એની અવસ્થા-ઘટનાથી અનિત્ય જ છે. આ નય વાક્ય છે. હા પ્રમાણ વાક્યમાં એમ કહેવાય કે જગત સાદિ-સાન્તપૂર્વક અનાદિ-અનંત (નિત્ય) છે. આત્મા એના સાદિ-સાન્ત પૂર્વકના પર્યાયથી યુક્ત અનાદિ અનંત આત્મદ્રવ્ય છે; જે દ્વૈતમાંથી મુક્ત થઈને શરીરથી છૂટી અશરીરી બનીને એની સાદિ-અનંત મુક્ત-અદ્વૈત અવસ્થાને પ્રાપ્ત કરી શકે છે; જ્યાં એની પર્યાય ધારા એક સરખી સદૃશ હોવા છતાં એની એ જ નથી માટે ત્યાં પણ પર્યાયનો ઉત્પાદ-વ્યયનો પ્રવાહ ચાલુ જ છે.

કથંચિત્ નિત્યાનિત્ય પક્ષમાં બંધ, મોક્ષ, પુણ્ય, પાપ તત્ત્વો ઘટી

---

શકે છે. એકાન્તવાદમાં બંધ મોક્ષની વ્યવસ્થા રહેતી નથી.

"सत्त्वस्यैकांतनित्यत्वे कृतनाशाकृतागमौ।
स्यातामेकांतनाशेऽपि, कृतनाशाकृतागमौ॥"

**બ્રહ્મ સત્ય જગત મિથ્યા** આ સૂત્ર સંસાર ઉપરથી વૈરાગ્ય પ્રગટાવવા માટે છે. સંસાર સર્વથા અસત્ નથી પણ અસાર જરૂર છે અને આત્મા જ સારભૂત છે કારણકે અનંત જ્ઞાન અને અનંત આનંદ આત્મામાં છે આત્મા નિત્ય છે. પુદ્ગલ એના સ્વરૂપમાં અનિત્ય છે અને અનિત્ય છે માટે જ અસાર છે. જ્યારે **આત્મા નિત્ય છે અને જ્ઞાનાનંદમય છે માટે જ સારભૂત છે. આવા સારભૂત આત્માને એના મૌલિક સ્વરૂપમાં પ્રાપ્ત કરવા અસાર એવા સંસાર ઉપર વૈરાગ્ય પેદા થવો જરૂરી છે. તે વૈરાગ્યને પેદા કરવા વેદાંતનું આ સૂત્ર અત્યંત ઉપયોગી છે. 'બ્રહ્મ સત્ય'થી સંવેગ થાય અને જગત મિથ્યાથી નિર્વેદ આવે. માટે સંવેગ અને નિર્વેદના ભાવ લાવવા માટેનું તે ઉપયોગી સાધના સૂત્ર છે.** પરંતુ વેદાંતી તેને માત્ર સાધના સૂત્ર ન માનતા તેના વડે વિશ્વ વ્યવસ્થા પણ ઘટાવવા જાય છે, તે માટે આનંદઘનજી મહારાજ કહે છે કે તો પછી સુખ-દુઃખના સાંકર્યનો તમને દોષ આવશે.

સુખ અને દુઃખ તો ચેતન એવા આત્મામાં જ સૌને અનુભવાય છે પણ એ સુત્રનાં આધારે તે સુખ-દુઃખ તમારે જડમાં પણ માનવા પડશે. અર્થાત્ જે સર્વથા જડ છે એવા ઘટ-પટ-મકાન વગેરેમાં પણ સુખ-દુઃખની અનુભૂતિ તમારે માનવી પડશે. તેવી જ રીતે સ્થાવર-જંગમ જે કાંઇ જડ-ચેતનરૂપે દેખાય છે એ બધામાં તમારે સુખ-દુઃખની અનુભૂતિ માનવી પડશે. અથવા તો ચેતનને પણ જડની જેમ સુખ-દુઃખાદિથી રહિત તમારે માનવા પડશે. એટલે કાં તો બધા જડ-ચેતન

---

ગુણની નિત્યતા એટલે જાત્યાંતર ન થાય તે.
પર્યાયની નિત્યતા એટલે ગુણ પ્રમાણેના કાર્યનું સર્વથા સર્વદા બની રહેવું.

પદાર્થો સુખ-દુઃખનો અનુભવ કરશે અથવા તો કોઇ પણ સુખ-દુઃખાદિનો અનુભવ નહિ કરે. પશુ અને પક્ષી બંનેના લક્ષણ ધરાવનાર વડવાગોળ-ચામાચીડિયા જેવી સાંકર્ય સ્થિતિ સર્જાશે અને ઊંધે માથે લટકવું પડશે.

જડ-ચેતન દ્રવ્યો કોઈ કાળે એક થઇ શકે નહીં. બંને દ્રવ્યો અનાદિ-અનંત છે. જડ જડભાવમાં પરિણમે છે, તો ચેતન ચેતન ભાવમાં પરિણમે છે. બંને પોતાનો સ્વભાવ છોડીને એકમાં ક્યારે પણ પલટાતા નથી. બંનેની સત્તા અલગ છે અને બંને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્ત હોવાથી સત્ છે. સત્ કોઈ કાળે અસત્ ન થાય અને અસત્ કોઇ કાળે સત્ ન થાય. જેમ આકાશ કુસુમ અસત્ છે તો તે કોઈ કાળે સત્ ના થાય. જ્યારે અદ્વૈતવાદીઓ એક બ્રહ્મ સિવાય બધું અસત્ માને છે. આ તેમની મોટામાં મોટી ભૂલ છે. જ્ઞાની પુરુષ આ વિષયમાં પ્રકાશ પાથરે છે કે -

**જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ**
**કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ.. ૧**
**જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ**
**પ્રગટ અનુભવરૂપ છે, સંશય તેમાં કેમ ?.. ૨**
**જો જડ છે ત્રણ કાળમાં, ચેતન ચેતન હોય,**
**બંધ-મોક્ષ તો નહિ ઘટે, નિવૃત્તિ પ્રવૃત્તિ ન હોય.. ૩**
**બંધ-મોક્ષ સંયોગથી, જ્યાં લગે આત્મ અભાન,**
**પણ નહિ ત્યાગ સ્વભાવનો, ભાખે જિન ભગવાન.. ૪**
**વર્તે બંધ પ્રસંગમાં, તે નિજપદ અજ્ઞાન,**
**જડતા નહિ આત્મને, એ સિદ્ધાંત પ્રમાણ.. ૫**

---

રૂપી (જીવ)-અરૂપી (અજીવ), દ્વૈત-અદ્વૈત, નિત્ય-અનિત્ય અને સત્-અસત્‌થી વિશ્વની એટલે કે પંચાસ્તિકાયની રમત સમજવાની છે અને એમાંથી અધ્યાત્મ તારવવાનું છે.

**ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત,**
**જીવ બંધન જાણે નહિ, કેવો જિન સિદ્ધાંત.. ૬**
**પ્રથમ દેહદૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ,**
**હવે દૃષ્ટિ થઈ આત્મમાં, ગયો દેહથી નેહ.. ૭**
**જડ ચેતન સંયોગ આ, ખાણ અનાદિ અનંત,**
**કોઈ ન કર્તા તેહનો, ભાખે જિન ભગવંત.. ૮**
**મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહિ, નહીં નાશ પણ તેમ,**
**અનુભવથી તે સિદ્ધ છે, ભાખે જિનવર એમ.. ૯**
**હોય તેહનો નાશ નહિ, નહીં તેહ નહિ હોય,**
**એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય.. ૧૦**

અદ્વૈતના ત્રણ ભેદ છે : ૧) શુદ્ધ અદ્વૈત ૨) દ્વૈતાદ્વૈત ૩) વિશિષ્ટાદ્વૈત

૧) **શુદ્ધ અદ્વૈત** :- एकं ब्रह्म, द्वितीयं नास्ति. એક જ બ્રહ્મ છે તે સિવાય બીજું કોઈ છે નહિ.

૨) **દ્વૈતાદ્વૈત** :- મત એ ઉપરોક્ત બે માન્યતાઓની વચ્ચેની માન્યતા છે જે કથંચિત્ દ્વૈત છે એવું માને છે તે એટલા માટે કે જે ચર-સચર-સચલ ત્રસ-જંગમ છે, તે અચર-અચલ-સ્થાવર છે, તેનાથી જુદું છે.

૩) **વિશિષ્ટાદ્વૈત** :- **एक सर्वगतो नित्यः - जले विष्णुः स्थले विष्णुः विष्णुः पर्वतमस्तके** એક જે નિત્ય છે તે સર્વ વ્યાપી બની વિલસી રહ્યો છે, બધી આ એકની જ લીલા છે, પૂર્ણના અર્થાત્ અંશીના જ આ બધાં અંશ છે, એક જ વ્યક્તિગત આત્માની બાબતમાં આ માન્યતા ઘટી શકે એમ છે. પરંતુ સમષ્ટિગત આ માન્યતા લાગુ પાડવા જતાં એક જ પૂર્ણાત્મા છે અને બીજાં બધાંય આત્મા એ પૂર્ણ આત્માના અંશ છે એવો

સિદ્ધાંત સ્થાપિત થાય છે, જેમાં ઘણી ઘણી આપત્તિ આવે એમ છે. એમાં શંકર સ્વામીના ઉપાસકો શુદ્ધ અદ્વૈત માને છે જે આપણે જોઈ આવ્યા. બીજા નિંબાર્ક નામે મહાત્મા થઈ ગયા તેમના અનુયાયીઓ દ્વૈતાદ્વૈત માને છે તેઓ સ્થાવર અને જંગમના બે ભેદ માન્ય રાખે છે એટલે કથંચિત્ દ્વૈતનો પક્ષ સ્વીકારે છે. ત્રીજો વિશિષ્ટાદ્વૈત નામનો પ્રકાર વિષ્ણુ સ્વામીના ઉપાસકો માને છે. તેઓ માને છે કે જીવાત્માઓ કે જે શરીરધારી છે તે પરમાત્માનો અંશ છે. દરેક જીવાત્મા એ પરમાત્માનો અંશ છે. તેમનો સિદ્ધાંત એવો છે કે જીવાત્મા અને પરમાત્મા વચ્ચે સેવક-સેવ્ય ભાવ કાયમ રહે છે કારણકે જીવ એ પરમાત્માનો અંશ છે અને એ અંશ એ ક્યારેય અંશી થઇ શકે નહિ. આમ જ્યારે તેઓએ જીવાત્મા અને પરમાત્મા બે જુદા માન્યા. બંનેમાં અંશ-અંશીભાવથી ભેદ માન્યો પછી અદ્વૈત ક્યાં રહ્યું ? આમ અદ્વૈતવાદી પણ એકાંતના આગ્રહમાં રહેલા હોવાથી તત્ત્વ પામી શકતા નથી. વાસ્તવિકતા તો એ છે કે સંસારમાં શરીરધારી સંસારીઓની, જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી દ્વૈત અવસ્થા છે અને સંસારથી પર અશરીરી થઈ જતાં અદ્વૈત અવસ્થા છે. એ અદેહી અદ્વૈત અવસ્થાને પામવા **દેહ હોવા છતાં દેહ મોહથી મુક્ત થઈ, દેહાતીત એવાં વિદેહી બનીને અર્થાત્ દ્વૈતમાં રહીને અદ્વૈત દશા પ્રાપ્ત કરવાની છે.**

વેદાંત દર્શન પણ એકાંત દ્રવ્યાર્થિક દઢમાન્યતાવાળું મહાસંગ્રહનયમાંથી નીકળેલું દર્શન છે જે પર્યાય દૃષ્ટિને ઉત્થાપે છે. વેદાંત દર્શનની માન્યતાને જૈન દર્શન સાપેક્ષપણે સ્વીકારે છે. સાપેક્ષપણાની પૂર્ણ સમજણ ન હોવાથી આ દરેક દર્શનો અન્ય અન્ય મતવાળા દર્શનોના મંતવ્ય પ્રત્યે ખંડનાત્મક વલણ અપનાવે છે અને પોતાની એકાંત માન્યતાને સાચી ઠેરવવા આગ્રહી બને છે માટે તેઓ અનેકાંતદર્શનની સર્વગ્રાહી

---

મુખ્યતાએ ક્રોધ-માન જીવ પ્રત્યે કરીએ છીએ જ્યારે માયા-લોભ પુદ્ગલ પ્રત્યે કરીએ છીએ.

દૃષ્ટિથી વંચિત રહે છે. આગ્રહવાળા બનવાથી ગુણ ગ્રાહી દૃષ્ટિ અપનાવી શકતા નથી અને તેથી સાધનામાર્ગથી વંચિત રહે છે. એટલે જાણે-અજાણે પણ વિરાધકભાવ કેળવી બહુલતયા સંસાર સાગર તરી શકતા નથી. અજ્ઞાનનો-મિથ્યાજ્ઞાનનો આ જ પ્રભાવ છે કે ધર્મ કરવા છતાં, ઘર બાર છોડવા છતાં, ત્યાગી, સંન્યાસી બનવા છતાં સંસારની પકડમાંથી છૂટી શકતા નથી.

એકાંતે આત્માને નિત્ય માનવાથી પણ દૂષણ આવે છે, તે હવે બતાવે છે.

**એક કહે નિત્યજ આતમ તત્ત, આતમ દરસણ લીનો;**
**કૃત વિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિ હીણો..મુનિ સુવ્રત..૪**

**અર્થ :** આત્મદર્શનમાં લીનતાની રુચિવાળો કોઈક અદ્વૈતવાદી કહે છે કે, આત્મા એકાંતે નિત્ય છે કેમ કે આત્મા સ્વરૂપમાં નિમગ્ન છે. આમ માનનારાને કૃતવિનાશ અને અકૃતાગમ નામના બે દૂષણ આવે છે, તેને બુદ્ધિહીન એકાંત વાદી જોઈ શકતો નથી.

**વિવેચન :** અદ્વૈતવાદી માને છે કે આત્મા હંમેશા પોતાના સ્વરૂપમાં લીન છે, તેથી તે પોતે નિત્ય છે અર્થાત્ સર્વદા એક જ સ્થિતિમાં રહેવાવાળો છે. જેમ ચંદ્રનું પ્રતિબિંબ પાણીથી ભરેલા અનેક ભાજનોમાં પડે છે, તેમ બ્રહ્મનું પ્રતિબિંબ માયામાં પડે છે પણ બ્રહ્મ પોતાના સ્વરૂપમાં અખંડ એકરસપણે લીન છે, પ્રતિબિંબમાં થતા વિકારોથી આત્મા અબાધિત છે કે જેમ પાણીથી ભરેલા ભાજનોમાં પડતા ચંદ્રના પ્રતિબિંબોથી બિંબ સ્વરૂપ ચંદ્ર બાધિત થતો નથી.

આવી રીતે આત્માને એકાંતે નિત્ય માનનારા અને સદાને માટે

---

દૃશ્ય નૈમિત્તિક દર્શનના આકારો છે તે અનિત્ય છે.
જ્યારે દર્શન, દર્શનને આકાર આપે-દૃષ્ટિ જ્યારે દૃષ્ટિને ઘડે ત્યારે દૃષ્ટિ-દર્શન નિત્યતાને પામે છે.

સ્વરૂપમાં લીન માનનારા, નીચે જણાવેલી બાબતોનો વિચાર કરતાં લાગતા નથી-કે કારણ વિના કાર્ય હોતું નથી. જો એકાંતે આત્માને નિત્ય અને સ્વરૂપમાં લીન માનશો તો, અર્થાત્ પર્યાયથી આત્માને પલટાતો નહિ માનો તો શુભાશુભ કર્મોનું કર્તાપણું અને ભોક્તાપણું તે આત્માને ઘટી શકશે નહિ. આત્મા પ્રત્યક્ષપણે કર્મફળ તો ભોગવી રહ્યો છે એટલે જો કાંઇપણ કર્યા વગર શુભ કે અશુભ કર્મફળ ભોગવે તો તેને અકૃત આગમ દૂષણ કહેવાય અર્થાત્ કાંઇપણ કર્યા વિના એટલે બીજારોપણ વિના જ ફળ ભોગવવાપણું આવ્યું.

વળી સંસારમાં ઘણાં મનુષ્યો વ્રત, નિયમ, તપ, જપ, પરોપકાર વગેરે શુભ કાર્યો તેમજ હિંસા, જુઠ, ચોરી વગેરે અશુભ કાર્યો પણ કરતા દેખાય છે. હવે જો આત્માને એકાંતે એકજ સ્વભાવવાળો નિત્ય માનશો, તો તે કૃત્યોનું ફળ તે ભોગવી શકશે નહીં. દા.ત. અશાતાવેદનીય કર્મ ઉદયમાં આવતાં શરીર પૂર્વે નીરોગી હતું તે રોગિષ્ટ થઇ જાય, પહેલાં થોડી શાંતિ હતી તે અશાતા ઉદયમાં આવતાં અશાંત થઇ જાય, આર્તધ્યાનમાં ચડી જાય. આ બધું પરિવર્તન એકાંત નિત્ય આત્મા માનવામાં ઘટી શકતું નથી. એટલે કૃત વિનાશ દોષ આવ્યો. કરેલું નિષ્ફળ થયું. આવા બંને દૂષણો એકાંત નિત્ય પક્ષમાં આવે છે, જે તેને મતિહીન એવા એકાંત નિત્ય વાદીઓ નજરે જોઇ શકતા નથી. **"નવિ દેખે મતિ હીણો"** આવો શબ્દ પ્રયોગ યોગીવર્ય પૂ. આનંદઘનજીએ એકાંતવાદી માટે કર્યો છે.

હવે એકાંત અનિત્ય પક્ષમાં પણ બંધ-મોક્ષ, સુખ-દુઃખ ઘટતા નથી તેને યોગીરાજ બતાવે છે.

**સૌગત મત રાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો,**
**બંધ, મોક્ષ, સુખ, દુઃખ નવિ ઘટે, એહ વિચાર મન આણો. મુનિસુવ્રત..૫**

---

જીવ પોતે પોતામાં સચ્ચિદાનંદ બુદ્ધિ સ્થાપે અને
પર એવાં પુદ્ગલદ્રવ્યમાં સચ્ચિદાનંદ બુદ્ધિ ન કરે, તો સકામનિર્જરા કરી શકે.

**અર્થ :** સૌગત તરીકે ઓળખાતા તથાગત બૌદ્ધ મત ઉપર પ્રીતિ ધરાવનાર કોઈ વાદી કહે છે કે આત્માને ક્ષણે ક્ષણે ઉત્પન્ન થનારો જાણો ! (શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે જો એમ માનીએ તો) બંધ, મોક્ષ, સુખ, દુઃખ એ તમામ વ્યવસ્થા નહિ ઘટે; એ વિચાર - એ તર્ક તમારે મનમાં આણવો જોઈએ !

**વિવેચન :** બુદ્ધમત રાગી ક્ષણિકવાદીને યોગીરાજ કહે છે કે તમારા મત મુજબ આત્માને ક્ષણિક માનતાં બંધ, મોક્ષ, સુખ, દુઃખ, પુણ્ય પાપ વગેરે કશુંજ ઘટી શકતું નથી; તેને તમે પહેલાં બરાબર વિચારો અને પછી બોલવું હોય તો બોલો કે "ક્ષણિક એ આતમ જાણો" પણ વિચાર્યા વગર તમારે બોલવું એ યુક્તિયુક્ત નથી.

બૌદ્ધો આત્માની ધ્રુવસત્તાનો લોપ કરે છે, તે જ તેમની મોટામાં મોટી ભૂલ છે. કારણકે તેઓ માત્ર પર્યાયદષ્ટિને માન્ય કરે છે અને દ્રવ્યદષ્ટિનો સંપૂર્ણ પણે લોપ કરે છે. આમાં તો તેઓ મૂળતત્ત્વને જ મૂળમાંથી ઉત્થાપી રહ્યાં છે. એટલે એમના ક્ષણિકવાદમાં બંધ, મોક્ષ, સુખ, દુઃખ અંગેની કોઇ વ્યવસ્થા જ રહેતી નથી.

તથાગત બુદ્ધની માન્યતા પ્રમાણે આત્મા જેવું નિત્ય, ત્રિકાળ સ્થાયી કોઈ તત્ત્વ છે જ નહિ. વિજ્ઞાન સ્કંધ, વેદના સ્કંધ, સંજ્ઞા સ્કંધ, સંસ્કાર સ્કંધ અને રૂપ સ્કંધ આ પાંચ સ્કંધ તેઓ માને છે. આ પાંચ સ્કંધથી પ્રાણીમાત્રની પ્રવૃત્તિ તેઓ માને છે. જે કાંઈ ક્ષણે ક્ષણે જ્ઞાન થાય છે, તેનો આધાર જ્ઞાન સ્કંધ છે અને તે જ્ઞાન સ્કંધ ક્ષણે ક્ષણે બદલાય છે. જ્ઞાન એક ક્ષણે નાશ પામે છે અને બીજી ક્ષણે સર્વથા નવું જ જ્ઞાન ઉત્પન્ન થાય છે માટે આત્મા ક્ષણિક છે, એમ તેઓ કહે છે.

આવા આત્માને ક્ષણિક માનનારા બૌદ્ધ ધર્મના અનુયાયીઓને

શ્રીમદ્ આનંદઘનજી કહે છે કે આ રીતે આત્માને ક્ષણિક માનતા તમારા મતમાં બંધ, મોક્ષ નહિ ઘટે. પહેલી ક્ષણે કર્મને બાંધનારો આત્મા બીજી ક્ષણે સંપૂર્ણપણે નાશ પામે છે અને બીજી ક્ષણે જે આત્મા ઉત્પન્ન થાય છે તે પહેલી ક્ષણના આત્મા કરતા તદ્દન ભિન્ન છે. તો પછી જેને પહેલી ક્ષણના આત્મા સાથે કાંઇ લાગતું વળગતું નથી એના પહેલી ક્ષણના આત્માએ જે કર્મ બાંધ્યું તેને કોણ ભોગવશે ? તમારા ક્ષણિકવાદમાં આ જટિલ સમસ્યા ઊભી થાય છે. ક્ષણે ક્ષણે જો આત્મા નાશ પામતો હોય તો પછી ત્યાં બંધ અને મોક્ષ પણ કોનો ? તમારા મતે તો બંધ-મોક્ષ બંને કલ્પના રૂપ જ પુરવાર થશે ! કર્મ બાંધનારની જેમ કર્મનો ક્ષય કરનાર પણ કોઇ રહેવાનો નથી, તો પછી મોક્ષ કોનો માનશો ? તેજ રીતે એક વ્યક્તિએ એક ક્ષણે હિંસા કરી કર્મ બાંધ્યું, તો પછી તે હિંસાના ફળના ભોગવનાર તરીકે તમારે કોઇ બીજો જ માનવો પડશે ? અને આવું માનવા જતાં તો કોઇ સંગીન વ્યવસ્થા રહેશે નહિ. જગલાના વાંકે ભગલો કુટાઇ જાય એવું બનશે. આ તો આધાર વિનાની અદ્ધર વાત ઠરશે.

અહિંયા પોતાના બચાવમાં સૌગતવાદી જણાવે છે કે નાશ પામતી પૂર્વક્ષણ પોતાના જ જેવી ઉત્તર ક્ષણને ઉત્પન્ન કરે છે અને તે ક્ષણ પાછી પોતાના જ જેવી નવી ક્ષણને જન્મ આપે છે. આને બૌદ્ધો સભાગ સંતતિ કહે છે. આમ દરેક પદાર્થના ઉત્પત્તિ-નાશ વખતે સભાગ સંતતિરૂપ સંતતિ યોગનો પ્રવાહ ચાલે છે, જેનાથી આગળ પાછળનો સંબંધ જોડાયેલો રહે છે.

આની સામે જૈન દર્શન કહે છે કે તમારા ક્ષણિકવાદમાં દરેક ક્ષણનો નિરન્વય નાશ માનવામાં આવ્યો છે. જે ક્ષણે વસ્તુ ઉત્પન્ન થઇ છે તે બીજી ક્ષણે ટકે તે પહેલાં તો તમે તેનો નાશ માનો છો માટે પહેલી ક્ષણ પોતાના જ જેવી બીજી ક્ષણ ઉત્પન્ન કરી શકે નહિ. પ્રથમની ક્ષણ તો ઉત્પત્તિમાં જ વ્યગ્ર છે તે કેવી રીતે બીજી ક્ષણને

ઉત્પન્ન કરી શકે? માટે સંતતિ યોગ તમારા મતમાં ઘટી શકતો નથી.

વળી તેવા સંતતિ યોગને માનવા દ્વારા ક્ષણિકવાદનો બચાવ કરવો એના કરતા તો ઉત્પાદ-વ્યયની ક્ષણમાં તે પદાર્થમાં ધ્રુવતા નામનો પણ ધર્મ છે તેમ માનવું એ વધુ ઉચિત-યુક્તિયુક્ત છે એટલે કે પદાર્થ નિત્ય છે છતાં પરિણામી છે. એમ સ્વીકારી લેવામાં આવે તો બધા ગૂંચવાડા દૂર થઇ જાય તેમ છે. પરંતુ સ્વદર્શનની માન્યતાના આગ્રહ રૂપ દષ્ટિરાગ હોવાથી તે શક્ય બનતું નથી.

હવે આવી સ્થિતિમાં બુદ્ધ ભગવાને જે સંસારને અત્યંત દુઃખરૂપ કહ્યો અને તેમાંથી છૂટવા માટેના દુઃખ, સમુદય, માર્ગ અને નિરોધ, આવા જે ચાર આર્ય સત્ય કહ્યા છે, તે પણ એકાંત ક્ષણિકવાદમાં ઘટી શકશે નહિ.

ચાર આર્યસત્યમાં સંસારી જીવો અનંત દુઃખો અનુભવતા પ્રત્યક્ષ નજરે ચડે છે માટે દુઃખ એ પહેલું આર્ય સત્ય ! જીવો રાગ-દ્વેષાદિ પણ અનુભવતા દેખાય છે માટે રાગાદિનો સમુહ તે સમુદય નામનું બીજું આર્ય સત્ય ! સંધ્યાના રંગની જેમ અથવા વીજળીના ઝબકારાની જેમ સર્વ સંસ્કારો ક્ષણિક છે એમ માનવું તે માર્ગ નામે ત્રીજું આર્ય સત્ય ! અને કર્મના બંધનથી મુકાવું તે નિરોધ નામનું ચોથું આર્ય સત્ય ! જ્યાં આત્માને સર્વથા ક્ષણિક માન્યો, કોઇ પણ અપેક્ષાએ નિત્ય ન માન્યો તો આ બધા આર્ય સત્ય શી રીતે ઘટી શકે ? નય વિવક્ષા સ્વીકારવામાં આવે અને દ્રવ્યાર્થિક નયે આત્માને સ્થિર, નિત્ય માનવામાં આવે તો જ આ બધું ઘટી શકે. **(ઋજુસૂત્રનયની માન્યતામાંથી નીકળેલું અને માત્ર ક્ષણ-ક્ષણની પર્યાયને સ્વીકારનારું આ બૌદ્ધદર્શન છે. જેમાં પર્યાયની જ વિચારણા છે પણ દ્રવ્ય સંબંધી કોઇ વાત નથી.)**

---

ભગવાન બુદ્ધ જેવા મહાપુરુષો આત્માની ધ્રુવસત્તાનો લોપ કરે તે વાત બરાબર લાગતી નથી. પાછળથી તેમના અનુયાયીઓએ કોઇ પણ નિમિત્ત પામીને અથવા તો કોઇક તેમની દૃષ્ટિમાં લાભ દેખાયા હોય, તેથી એકાંત ક્ષણિકવાદના વિચારોને સ્થાન આપ્યું હોય તેવું લાગે છે કારણકે બુદ્ધચરિત્રમાં એક એવી વાત આવે છે કે બુદ્ધ પોતે વિહારમાં હતા ત્યાં તેમના પગમાં કાંટો વાગ્યો અને તે કાંટો પગને વીંધીને આરપાર નીકળી ગયો. તે સમયે આનંદ નામના ભિખ્ખુએ બુદ્ધ ભગવાનને પૂછયું કે પ્રભો! આપના પગલે તો ધરતી પાવન થઇ રહી છે અને આપ જેવા મહાપુરુષને આટલી કુરતાથી કાંટો કેમ વાગ્યો ? તેના ઉત્તરમાં ભગવાન બુદ્ધ કહે છે –

**इत्येकनवते कल्पे, शक्त्या मे पुरुषोहतः।**
**तेन कर्मविपाकेन, पादे विद्धोऽस्मि भिक्षवः॥**

"હે ભિક્ષુઓ ! આજથી એકાણુંમા ભવમાં મેં મારી શક્તિ વડે કોઇ એક પુરુષનો વધ કરેલો, તે કર્મ આજે ઉદયમાં આવતાં મારો પગ કાંટાથી વીંધાયો છે"

જે મહાપુરુષ આવી વાણી ઉચ્ચારે તે જ આત્મા એકાંત ક્ષણિક્વાદની પ્રરુપણા કેમ કરે ? તે સમજાતું નથી. બૌદ્ધ મત સિવાય પ્રાયઃ બીજા કોઇએ પણ આત્માની ધ્રુવસત્તાનો અપલાપ કર્યો હોય તેવું જાણવામાં આવતું નથી.

એકાંત ક્ષણિકવાદમાં બંધ-મોક્ષ, સુખ-દુઃખાદિ તો ઘટતા નથી પણ સામાન્ય લોક વ્યવહાર પણ ઘટતો નથી. કોઇ માણસ કોઇને ત્યાં પાંચ-પચ્ચીસ હજારની થાપણ મૂકી જાય અને પછી થાપણ છોડાવવા તે વ્યક્તિ આવે, ત્યારે જેને ત્યાં થાપણ મૂકેલ હતી, તે વ્યક્તિ બૌદ્ધ ધર્મની

---

મોહ સૂક્ષ્મ ઘાતિકર્મ છે અને મોહને રમવાના રમકડાં સ્થૂલ એવાં અઘાતિકર્મો છે.

માન્યતાને આગળ કરીને કહે કે જે વ્યક્તિ થાપણ મૂકી ગઇ હતી, તે તો બીજી જ ક્ષણે નાશ પામી છે, હવે તે આજે ક્યાં છે ? આમ થાપણને ઓળવી પણ નાંખે. આવા બધા દોષો ક્ષણિકવાદમાં રહેલા છે માટે તે માન્ય કરવા યોગ્ય નથી.

હવે ક્ષણિકવાદી એવો કુતર્ક પણ કરે કે આત્માને ક્ષણિક એટલા માટે માનીએ છીએ કે તેમાં કોઈ પ્રકારના રાગ કે સ્નેહ બંધાઈ ન જાય. કોઇ પણ તત્ત્વને સ્થાયી માનીએ એટલે તેમાં સ્નેહ અથવા મોહ ઉત્પન્ન થયા વિના રહે નહિ. માટે અમારો ક્ષણિકવાદ બરાબર છે. તો તેના ઉત્તરમાં સિદ્ધાંત પક્ષ જણાવે છે કે **આત્મ દર્શન એ રાંગ કે મોહનું કારણ નથી પણ આત્મામાં રહેલ રાગમોહનીય કર્મનો ઉદય એ રાગ થવામાં નિમિત્ત કારણ છે અને આત્માનો અવિવેક તે ઉપાદાન કારણ છે.** જો રાગને ઉત્પન્ન થવામાં કર્મના ઉદયને કારણ નહીં માનો તો તમારા નૈરાત્મ્ય દર્શનમાં તેમજ ક્ષણિકવાદમાં પણ તમને રાગ બંધાયા વિના રહેશે નહિ. કારણકે નૈરાત્મ્ય દર્શન સાચું છે, સારું છે. ક્ષણિકવાદ જ શ્રેષ્ઠ છે એવી માન્યતા તો તમને છે જ અને આ માન્યતાને કારણે તમને તેમાં રાગ થશે જ માટે આત્માને ક્ષણિક માનવા છતાં તમે રાગથી છૂટી શકશો નહિ માટે ક્ષણિકવાદની તમારી માન્યતા આધાર વિનાની હોવાથી પોકળ છે.

છતાં દ્રવ્યના આધારને ઊભો રાખી, પલટાતા પર્યાય પૂરતી ક્ષણિકવાદની માન્યતાના આલંબને, પલટાનારા પર્યાય પાછળ પાગલ નહિ બનતા નિત્ય ધ્રુવ એવા આત્મદ્રવ્યમાં ઠરી શકાતું હોય છે. આમ બૌદ્ધોના ક્ષણિકવાદને વૈરાગ્ય પ્રાપ્ત કરવાની સાધના પૂરતો અપનાવી શકાય છે કારણકે બાર ભાવનામાંથી એક ભાવના અનિત્ય ભાવના પણ છે.

---

સત્-અસત્‌ને જાણવું તે બુદ્ધિ છે. હેય-ઉપાદેયના વિવેક પૂર્વક સત્-અસત્‌ને જાણવું અને સત્‌ની પ્રાપ્તિની સાધના કરવી એ 'સદ્‌બુદ્ધિ' છે.

હવે યોગીરાજ નાસ્તિક એવા ચાર્વાક દર્શનની સમીક્ષા કરતાં કહે છે –

**ભૂત ચતુષ્ક વર્જિત આતમ તત્ત, સત્તા અળગી ન ઘટે,**
**અંધ શકટ જો નજરે ન દેખે, તો શું કીજે શકટે.. મુનિ સુવ્રત..૬**

**અર્થ :** ભૂત ચતુષ્ક એટલે પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ એ ચાર ભૂતો સિવાય આત્મતત્ત્વની નિરાળી સત્તા ઘટતી નથી અર્થાત્ પૃથ્વી આદિ ચારેને છોડીને આત્મ તત્ત્વનું જુદું હોવાપણું સંભવતું નથી. આમ ચાર્વાક અર્થાત્ નાસ્તિક મતવાળા માને છે.

આનંદઘનજી તેના ઉપર આપત્તિ આપતા કહે છે કે, આંધળો માણસ રસ્તેથી પસાર થતા ગાડાને જો નજરે ન જોઇ શકે તો તેમાં ગાડાનો શો અપરાધ છે ? આનંદઘનજીએ આ પ્રશ્ન ખડો કરી એવી આપત્તિ આપી છે કે ભલભલા બુદ્ધિમાનને પણ ચૂપ થઈ જવુ પડે તેમ છે.

**વિવેચન :** કલિકાલ સર્વજ્ઞ વીતરાગ સ્તોત્રમાં લખે છે કે જેની મતિ, પરલોક, આત્મા અને મોક્ષના વિષયમાં મૂંઝાએલી છે, તેવા ચાર્વાકની માન્યતા સાચી છે કે ખોટી તેનો વિચાર જ કરવાની જરૂર નથી. તેના અભિપ્રાયની કોઇ કિંમત નથી. જે પોતે પોતાને જ માનતો નથી અને પોતાપણાના અસ્તિત્વને જ નકારે છે, તેવા પાગલ સાથે પોતાપણા (આત્મા)ની વાતો કરવી નિરર્થક છે. ઘુવડની આગળ સૂર્યની કે સૂર્ય પ્રકાશની વાતો કરવાનો શું અર્થ ? ઘુવડના નકારવાથી સૂર્યનું અસ્તિત્વ અમાન્ય નથી ઠરતું.

ચાર્વાક એમ માને છે કે આત્મા નામનો કોઈ સ્વતંત્ર પદાર્થ નથી. પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુરૂપી ચાર ભૂતો એકઠા થવાથી ચૈતન્ય

શક્તિ ઉત્પન્ન થાય છે અને જ્યારે તે ભૂતો વિખરાઈ જાય છે ત્યારે તે ચૈતન્ય શક્તિ નષ્ટ થાય છે એટલે ચારેય ભૂતોથી ભિન્ન એવી આત્માની સ્વતંત્ર સત્તા સંભવી શકતી નથી. આ વાત પ્રત્યક્ષથી બાધિત થાય છે. મડદામાં ચારે ભૂતો છે છતાં ત્યાં ચૈતન્ય ઉત્પન્ન થતું નથી, એમ દરેકનો અનુભવ છે. તેમજ ચારેય ભૂતો ભેગા મળવાથી ચૈતન્ય શક્તિ ઉત્પન્ન થતી ત્યારે મનાય કે તે ચારેમાં સ્વતંત્રરૂપે ચૈતન્ય શક્તિનો અંશ હોય. આમ આ વાત આટલી સાચી અને તાર્કિક હોવા છતાં ચાર્વાક તેને સ્વીકારવા તૈયાર નથી. તો હવે યોગીરાજ કહે છે કે આંધળો માણસ તેની સામે રહેલા ગાડાને ન જોઇ શકે તો તેમાં ગાડાનો શું વાંક છે ? તે માટે થઈને ગાડાને શું કહેવાય? તેમ આત્મા હોવા છતાં અને તે અનુભૂતિનો વિષય હોવા છતાં જેને ન સમજાય તેને આપણે શું કરી શકીએ ? આંધળા હોય એ અથડાય, ભટકાય, ભમે, ભટકે એમાં કોઈ નવાઈ નથી.

**જડથી ચેતન ઊપજે, ચેતનથી જડ થાય,**
**એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય,**
**કોઇ સંયોગોથી નહીં, જેની ઉત્પત્તિ થાય,**
**નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય.**

"હું સુખી, હું દુઃખી" આવો અબાધ્ય અનુભવ દરેકને પ્રત્યક્ષથી સિદ્ધ છે અને તે જ આત્માની સાબિતિ છે.

**દેહ ન જાણે તેહને, જાણે ન ઈન્દ્રિય પ્રાણ**
**આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ !**

દેહ, ઈન્દ્રિયો કે દ્રવ્ય-પ્રાણો આત્માને જાણી શકતા નથી કારણકે તે બધા આત્માની સત્તા વડે પ્રવર્તે છે; નહીં તો જડપણે પડ્યા રહે છે.

---

**જે દષ્ટા છે દષ્ટિનો, જે જાણે છે રૂપ;**
**અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવ સ્વરૂપ.**

આત્મા દષ્ટિથી પણ ક્યાંથી દેખાય ? કારણકે દષ્ટિનો પણ આત્મા દષ્ટા છે અને આત્મા રૂપ, રસ, ગંધાદિને પણ જાણે છે. આત્મા પ્રાણ સ્વરૂપે નથી, વચન વર્ગણા રૂપે નથી, મન પણ નથી એમ બાધ કરતાં કરતાં જેનો કોઈ પણ પ્રકારે બાધ ન થઇ શકે તેવો જે અબાધ્ય અનુભવ બાકી રહે છે, તે જ જીવનું સ્વરૂપ છે કારણકે હું સુખી, હું દુઃખી તેવો અનુભવ આત્મા સિવાય બીજા કોઈને થતો નથી.

**ઘટ પટ આદિ જાણ તું, તેથી તેને માન;**
**જાણનાર તે માન નહીં, કહીએ કેવું જ્ઞાન.**

ઘટ-પટાદિને આત્મા જાણે છે તેથી તેને માન્ય રાખે છે. જ્યારે તેને જાણનારો જે આત્મા છે તેને તું માનતો નથી તો આ તારું કેવું જ્ઞાન કહેવાય ?

**આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;**
**શંકાનો કરનાર તો, અચરિજ એહ અમાપ.**

આત્મા હશે કે નહીં ? પરલોક જેવી ચીજ હશે કે નહીં ? આવી શંકા જેને થાય છે તે આત્મા પોતે જ છે. જે વસ્તુ જડ હોય તેમાં આવી શંકા-કુશંકા ઉત્પન્ન થાય નહીં. ચૈતન્ય જન્ય લાગણીઓથી પ્રાણીઓ પ્રવૃત્તિ-નિવૃત્તિ કરતાં હોવાનું પ્રત્યક્ષ દેખાય છે. ચૈતન્યને નહીં માનનારો નાસ્તિક આત્મવિકાસને સાધી શકતો નથી. **આત્માના અસ્તિત્વને નકારનારો પોતાને જ નકારે છે. જે પોતાને નકારે તે પોતાપણાને ક્યારેય પામી શકે નહિ.**

---

આ બધી દાર્શનિક વિચારણાના અંતે નિષ્કર્ષરૂપ સિદ્ધસેન દિવાકરસૂરિજીનો "શ્રી જિનેન્દ્ર એજ શરણ" દ્વાત્રિંશિકાનો એક શ્લોક ખૂબજ વિચારણીય અને મનનીય છે, તેની વિચારણા કરીએ.

**अ-बन्धस्तथैकः स्थितो वा, क्षयी वा-ऽप्यऽ-सद् वा मतो यै र्जडैरसर्वथाऽऽत्मा।**
**न तेषां विमूढाऽऽत्मनां गोचरो यः स एकः पराऽऽत्मा गतिर्मे नान्यः।।**

જે જડ (અજ્ઞાની) લોકો આત્માને ૧) બંધ રહિત ૨) એક ૩) સ્થિત ૪) ક્ષણ ક્ષયી અને અસદ્રુપ સર્વથા-એકાન્તે માને છે તે મૂઢ લોકો જેને સમજી શકતા નથી તે એક જિનેન્દ્ર પરમાત્મા જ મને શરણ રૂપ હો.

જેમ સ્વમતનો દૃષ્ટિરાગ-કદાગ્રહ વિકાસમાં બાધક છે તેમ પરમત દ્વેષ પણ બાધક છે કારણકે જ્યાં રાગ-દ્વેષ છે ત્યાં માધ્યસ્થતા નથી તેમ મોહ-મૂઢતા-મૂર્ખતા-અજ્ઞાન પણ વિકાસમાં બાધક છે.

માટે જ યોગીરાજ આ સ્તવનની આઠમી કડીમાં લખે છે કે- **"રાગ-દ્વેષ-મોહ પખ વર્જિત, આતમ શું રઢ મંડી"** તે તે એકાંતવાદી દર્શનોનો પક્ષપાત છોડી, રાગ-દ્વેષ અને મોહનો પક્ષ છોડી આત્મતત્ત્વ અનુભૂતિમાં આવે છે.

આ બધાનો ફલિતાર્થ એ છે કે **પર સમયની-ષડ્દર્શનની જાણકારીથી સ્વ સમય-જૈનદર્શનની યુક્તિયુક્તા, તાર્કિકતા, સુસંગતતા, વૈજ્ઞાનિકતા, પરિપૂર્ણતા સમજાય છે. પરિણામે સ્વ સમયની શ્રદ્ધા દૃઢીભૂત થાય છે, સમ્યગ્દર્શન નિર્મળ થાય છે અને સર્વજ્ઞ શાસન ઉપર અહોભાવ જન્મે છે. ફલસ્વરૂપ તેની ઉપાસના, આજ્ઞા પાલનતામાં જોમ પ્રગટે છે.**

સ્વમતનો સર્વાંગી અભ્યાસ કર્યા બાદ પરમતનો અભ્યાસ શક્તિસંપન્ન આત્માએ કરવો લાભદાયી છે કારણકે તેમ કરવાથી સ્વયં

---

પોતે જિનમતમાં દૃઢ થાય છે. નિઃશંક બને છે, તેમ પોતાના આશ્રિતો તેમ જ અનુયાયીઓ પણ જિનમતમાં નિઃશંક અને દૃઢતાવાળા બને છે. વળી ષડ્દર્શનના સાંગોપાંગ અભ્યાસથી જિનમતની પ્રભાવના કરવા દ્વારા પ્રભાવક પણ બની શકાય છે. અન્ય દર્શનોને મિથ્યાદર્શન માની સમર્થ આત્માઓએ દૂર ભાગવા જેવું નથી પણ તેથી માહિતગાર બનવા જેવું છે. જ્ઞાનીએ અન્ય દર્શનના જ્ઞાનથી અજ્ઞાત રહેવું એ દૂષણ છે. **જેટલું જ્ઞાન જાણવુ જરૂરી છે તેટલું અજ્ઞાન જાણવું જરૂરી છે કે જેનાથી જ્ઞાનની સર્વોપરિતા સ્થાપી શકાય અને અજ્ઞાનથી જગતને દૂર રાખી શકાય. અજ્ઞાનને અજ્ઞાનરૂપે તર્કથી સંગત કરી શકાય.**

હવે છેલ્લી ગાથાઓમાં ઉપસંહાર કરતા કહે છે -

**એમ અનેકવાદી મત વિભ્રમ, સંકટ પડિયો ન લહે,**
**ચિત્ત સમાધિ માટે પૂછું, તુમ વિણ તત્ત કોઈ ન કહે.. મુનિ સુવ્રત..૭**

**અર્થ :** આ રીતે અનેક મતવાદીઓ પોતપોતાની વાત આત્માના વિષયમાં કહી રહ્યા છે; તેથી મારી મતિ ભ્રમિત થઇ ગઈ છે. હું સંકટમાં આવી પડ્યો છું. આ બધામાં વાસ્તવિક તત્ત્વ શું છે તે હું જાણી શકતો નથી. તેથી હે નાથ ! ચિત્તની સમાધિ માટે હું આપને આત્મતત્ત્વ વિષે પૂછી રહ્યો છું કારણકે આપ વિના તત્ત્વનું સ્વરૂપ બીજા કોઇ અન્ય દર્શનવાળા મને સારી રીતે કહી શકે તેમ નથી.

**વિવેચન :** સ્તવનમાં જોઇ આવ્યા તેમ સાંખ્ય, બૌદ્ધ, ચાર્વાકાદિ અનેક મતવાળા પોતપોતાની માન્યતા પ્રમાણે આત્માને ઓળખાવે છે પણ તેમની માન્યતા પ્રમાણે વિચારતાં તેઓ કોઈને કોઇ રીતે એકાંત આગ્રહમાં તણાઈ જતા હોય તેમ લાગે છે. તેઓની પાસે નય વિવક્ષા નથી માટે અનેકાંતવાદની શૈલિથી નય સાપેક્ષ પદાર્થનું અર્થ ઘટન તેઓ કરતા નથી

અને ઉપરથી આત્માનું યથાર્થ સ્વરૂપ દૃષ્ટિગોચર ન થવાથી ચિત્ત વિભ્રમમાં પડે છે. ચિત્ત ચકરાવે ચડી જાય છે કે આ બધામાં સાચું શું ?

કોઇક આત્માને એકાંત નિત્ય કહે તો કોઈ એકાંતે ક્ષણિક કહીને મૂળમાંથી જ આત્મ સત્તાનો લોપ કરે છે. આવી બધી વાતો સાંભળીને ચિત્ત ચકરાવે ચડે છે. સમાધિ પામવાને બદલે ઉપાધિમાં ચાલ્યું જાય છે, માટે આપને જ પૂછું છું કે આપે આત્મતત્ત્વને કેવા પ્રકારે જાણ્યું છે ? તે આપ મને કૃપા કરીને કહો ! જેથી સંકલેશનો સદાકાળને માટે અંત આવે અને સમાધિભાવ નિરંતર ટકયો રહે.

**એટલા માટે થઈને જ અધ્યાત્મમાં તત્ત્વ નિર્ણય બહુ મહત્વનો મનાયો છે. તત્ત્વ નિર્ણય વિના તત્ત્વનું યથાર્થ શ્રદ્ધાન થાય નહિ. યથાર્થ શ્રદ્ધાન વિના તત્ત્વનું સમ્યગ્ પરિણમન થાય નહિ અને સમ્યગ્ પરિણમન વિના સમ્યગ્ પરિણતિ આવે નહિ અને સમ્યગ્ પરિણતિ વિના મોક્ષમાર્ગ હોય નહિ. "।। दंसणमूलो धम्मो।।" કહીને જ્ઞાનીઓએ ધર્મનું મૂળ દર્શન અર્થાત્ શ્રદ્ધા છે અને તે શ્રદ્ધા, તત્ત્વના યથાર્થ નિર્ણયથી આવે છે અને તત્ત્વના યથાર્થ નિર્ણયને "બીજજ્ઞાન" કહ્યું છે.**

એકાંતવાદમાં શ્રદ્ધા કરનાર મિથ્યાદૃષ્ટિ છે. તે એકાંતવાદના આગ્રહમાં પીડાય છે, પીલાય છે, તેથી તેને નિરંતર સંકલેશ રહ્યા કરે છે. એ સંકલેશ તે આર્તધ્યાન છે અને ભાવમરણ છે. તેનાથી જીવ તિર્યંચમાં જાય છે.

બીજજ્ઞાનની પ્રાપ્તિ કદી નિષ્ફળ જતી નથી. એ બીજ કદી બળતું નથી. આત્મા જેમ શાશ્વત છે તેમ આત્મસ્વભાવના સંસ્કાર પણ શાશ્વત જેવા છે. કોઇને કોઇક ભવમાં નિમિત્ત મળતાં તે ઊગી નીકળે છે. પેલો શેઠનો છોકરો તદન નાસ્તિક હતો. દેવ-ગુરુ વગેરેને માને નહિ. બાપને

ચિંતા થઇ કે મરીને ક્યાં જશે ? તેથી કોઇ પણ રીતે તેનું હિત થાય એમ માનીને બાપે ઘરમાં પેસવાનું જે બારણું હતું તે નીચું કરાવ્યું. બારણાની ઉપર ભગવાનની મૂર્તિ જડાવી કે જેથી અનિચ્છાએ પણ તેના દર્શન થાય અને નમીને જાય. આમ કરતાં કરતાં તે છોકરો મરીને સ્વયંભૂરમણ સમુદ્રમાં માછલું થયો. ત્યાં પરમાત્માની મૂર્તિના આકારવાળા માછલાને જોતાં જાતિસ્મરણ જ્ઞાન પામ્યો. પૂર્વભવ યાદ આવ્યો. ખૂબ પશ્ચાતાપ થયો. બાપનો ઉપકાર યાદ આવ્યો અને અંતે પશ્ચાતાપની ધારા તીવ્ર થતાં તે ગ્રંથિભેદ કરીને સમ્યગ્ દર્શન પામ્યો.

ક્ષુદ્ર વિકલ્પોમાં રોકાવું, તે આત્માને આવરણ કરવા બરાબર છે. અવિવેક છે. તેના કરતાં તત્ત્વનો નિર્ણય કરી, સમ્યગ્ તત્ત્વ શ્રદ્ધાન કેળવી સંસાર પ્રત્યે તીવ્ર ઉદાસીનતા કેળવવા યોગ્ય છે અને કોઇ પણ સંયોગોમાં સમતા-સમાધિ ટકાવવા દ્વારા મનુષ્ય ભવ સફળ કરી લેવા જેવો છે. **પોતાના જીવને અનંત પરિભ્રમણ થઇ રહ્યું છે, તેનું ચિંતવન થવું જોઇએ અને તે પરિભ્રમણ કેમ મટે ? એની ઝૂરણા થયા વિના માર્ગનું તો નહિ પણ માર્ગની દિશાનું પણ અલ્પાંશે ભાન થતું નથી.**

**આત્મજ્ઞાની પુરુષની આત્મજ્ઞાની રૂપે-સત્ પુરુષ રૂપે ઓળખાણ થવી અને તે રૂપે શ્રદ્ધાન થવું, એ પહેલું સમકિત છે. તેના માધ્યમે આત્માના સત્ સ્વરૂપની ઓળખાણ અને શ્રદ્ધાન તે બીજું સમકિત છે. આ બીજજ્ઞાન છે અને એમાંથી અંતે પરમાર્થ નિર્વિકલ્પ રૂપ નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.**

**આત્મા નામના પદાર્થને તીર્થંકર પરમાત્માએ જેવો કહ્યો છે, તે પદાર્થની તે જ સ્વરૂપે પ્રતીતિ થાય, તે જ પરિણામે આત્મા સાક્ષાત્ ભાસે ત્યારે તેને પરમાર્થ સમ્યકત્વ છે, એવો શ્રી તીર્થંકરનો અભિપ્રાય**

**છે. એવું સ્વરૂપ જેને ભાસ્યું છે તેવા પુરુષને વિષે જેને અત્યંત શ્રદ્ધા છે, તેવા પુરુષને બીજ રુચિ સમ્યકત્વ કહ્યું છે. આત્મજ્ઞાની પુરુષના વચનનો દૃઢ આશ્રય થાય તેને સર્વ સાધન સુલભ થાય છે.**

જે જે સાધનો આ જીવે પૂર્વ કાળે સેવ્યાં છે, તે તે સાધન જ્ઞાનીપુરુષની આજ્ઞાથી થયા હોય તેમ જણાતું નથી. જો જ્ઞાની પુરુષની આજ્ઞાથી થયા હોત તો જીવને સંસાર પરિભ્રમણ હોત નહીં. જ્ઞાની પુરુષની આજ્ઞા ભવમાં જવાને માટે આડા પ્રતિબંધ જેવી છે.

પક્ષપાતને છોડી આત્માની જ રટ લગાવવાથી તત્ત્વ હાથમાં આવે છે તે વાતને હવે યોગીરાજ આઠમી કડીમાં જણાવી રહ્યા છે.

**વળતું જગગુરુ એણી પરે ભાખે, પક્ષપાત સબ છંડી;**
**રાગ, દ્વેષ, મોહ પખ વર્જિત, આતમસું રઢ મંડી.. મુનિ સુવ્રત..૮**

**અર્થ :** આનંદઘનજી જેવા મહાપુરુષે આત્મતત્ત્વ જાણવા ભગવાનને પ્રશ્ન કર્યો એટલે વળતા જવાબમાં જગદ્‌ગુરુ જિનેશ્વર પરમાત્મા જણાવે છે કે ઉપરમાં જે વિચારણા કરી આવ્યા તે તે મતોનો પક્ષપાત અથવા દૃષ્ટિરાગ છોડીને, રાગ, દ્વેષ અને મોહનો પક્ષ વર્જીને આત્માની દૃઢ પ્રીતિ જગાવવી. હૃદયમાં આત્મતત્ત્વની જ ધૂન જગાવવી એટલે આત્મતત્ત્વ અનુભૂતિમાં આવી જશે.

**વિવેચન :** અધ્યાત્મને પામવા માટે અને વીતરાગ રહેલા અને થવા માટે રાગ-દ્વેષ રહિત માધ્યસ્થ દૃષ્ટિ કેળવવા યોગ્ય છે. દૃષ્ટિરાગ તે છે કે જેમાં જીવ પોતાની માન્યતાનો ગુલામ બની જાય છે અને પછી તે માન્યતા સાચી છે કે ખોટી તે વિચારવા માટે તેની તૈયારી હોતી નથી.

પ્રામાણિક-સજ્જન-માધ્યસ્થ દૃષ્ટિવાળા પુરુષો દ્વારા પણ તે સમજી

---

મોહાદિભાવોનો નાશ કરવા માટે ભણતર છે, આધ્યાત્મિકતા છે.

ન શકે એવી પોતાની માન્યતાની દઢ પકડ તેનામાં હોય છે. જ્ઞાનીઓ તેને દષ્ટિરાગ તરીકે ઓળખાવે છે. એકાંત દર્શનમાં તીવ્ર રુચિ અને આગ્રહવાળા જીવો આવા દષ્ટિરાગમાં જાય છે, તેમ સ્વદર્શનમાં પણ કોઇ પણ વસ્તુને માધ્યસ્થ દષ્ટિથી સમજ્યા વિના તીવ્ર આગ્રહ, તીવ્ર પકડ હોય તો તે પણ દષ્ટિરાગમાં જાય છે. હવે તેવા રાગના પક્ષનો જીવ ત્યાગ ન કરે ત્યાં સુધી તે તત્ત્વ ક્યાંથી પામી શકે ? તે જ રીતે પર મતનો દ્વેષ પણ કામનો નહિ. એ જ રીતે મોહ એટલે આત્માના શુદ્ધ સ્વરૂપનું અજ્ઞાન અને પર પદાર્થમાં મમત્વ તે પણ તત્ત્વની પ્રાપ્તિમાં બાધારૂપ છે માટે જ અહિંયા કહે છે કે, **"રાગ-દ્વેષ-મોહ પખ વર્જિત આતમ શું રઢ મંડી."** સ્નેહરાગ અને કામરાગનો ત્યાગ થઇ શકે છે પણ દષ્ટિરાગનો ત્યાગ કઠિન છે. દષ્ટિમાં વૈરાગ્ય, માધ્યસ્થતા, વિશાળતા, ઉદારતા આવે અને સ્યાદ્‌વાદી બને તો આપોઆપ દષ્ટિરાગ છૂટી જાય. **'પક્ષ ત્યાં મોક્ષ નહિ'** એ ઉક્તિ મુમુક્ષુએ લક્ષમાં લઇ સ્યાદ્વાદભાવ કેળવવા જેવો છે. 'જ'કાર છોડી દઇને 'પણ'ના પ્રયોગમાં આવી જઇ અન્ય પક્ષમાં સત્ય હોય તો તે સત્યને સ્વીકારી સત્‌ના માર્ગે સત્યાર્થીએ આગળ વધવા પ્રયત્નશીલ થવું જોઇએ.

**આ ત્રણેનો ત્યાગ કરી એક માત્ર સ્વરૂપમાં ડૂબકી લગાવીને નિરંતર રહો, તો આત્મા અનુભવમાં આવી જશે. અનંતકાળે જે પ્રાપ્ત થયું નથી, તે પ્રાપ્ત થવાને માટે અમુક કાળ વ્યતીત થાય, શુદ્ધાત્માને ઓળખવા માટે સમય જાય, તો તેમાં કાંઇ ખોટું નથી પણ તે સાર્થક છે, પરંતુ અનંતકાળે જે પ્રાપ્ત નથી થયું તેને વિશે ભ્રાંતિ થાય, ભૂલ થાય તે નુકસાન બહુ મોટું છે.**

જેની પાસેથી આત્મા જાણવો છે, તે પોતે આત્માને પામેલ છે કે નહિ? તેને આત્માની અનુભવ દશા લાધી છે કે નહિ? તેની બરાબર

---

જ્ઞાનાવરણીયકર્મને અંગે જ્ઞાન અજ્ઞાનરૂપે પરિણમે છે અને મોહનીયકર્મને અંગે જ્ઞાન વિકારી બને છે.

ખાતરી કરવી અને પછી તેવા આત્મજ્ઞાની સત્પુરુષનો સત્‌ની પ્રાપ્તિ અર્થે સત્સંગ કરવો. કારણકે જે પામેલા છે, તે બીજાને પમાડે છે. સળગતો દીવો, બીજા દીવાને સળગાવે છે, બુઝાયેલો દીવો નહિ. આત્માને પામવા કોઈપણ ચીજનો આગ્રહ રાખવો નહિ. મત-મતાંતરમાં ક્યારેય પડવું નહિ. કદાગ્રહ, મત-મતાંતર, વિશ્વાસઘાત અને અસત્ વચનનો ત્યાગ કરવો.

નયો અનંતા છે, એક એક પદાર્થ અનંતગુણ અને અનંતધર્મથી યુક્ત છે. એક એક ગુણ કે ધર્મ પ્રત્યે અનંત નય પરિણમે છે; તેથી એ વાટે તત્ત્વનો નિર્ણય કરવા જઈએ તો તે શક્ય નથી. **અનંતગુણો બધાંય વચનગોચર એટલે કે અભિલાપ્ય નથી. જો તે બધાંય ગુણો વચનગોચર હોત તો તેના કહેવા જવામાં ભગવાનનો મોક્ષ થયો ન હોત. તે જ પ્રમાણે એ અનંતગુણોમાંના અમુક ગુણો વચનગોચર નહિ હોત તો શિષ્યનો મોક્ષ થાત નહિ.** સ્યાદ્વાદના સાત ભાંગા પૈકી એક ભાંગો 'સ્યાદ્ અવક્તવ્ય'નો છે, એ ખાસ લક્ષમાં લેવા જેવું છે. તેથી આત્માને પામવાનો કોઈ સરળ માર્ગ હોવો જરૂરી છે.

**નયાદિના વિષયમાં સમ્યગ્ જ્ઞાન, જ્ઞાની પુરુષોને હોય છે તેથી તેવા આત્મજ્ઞાનને પામેલા અને નિરંતર આત્મામાં રમતા જ્ઞાની પુરુષો નયાદિકના માર્ગ પ્રત્યે ઉદાસીન વર્તે છે. તેમના દ્વારા કોઈ નયનું એકાંત ખંડન કે એકાંત મંડન થતું નથી. જે કાળે જે ક્ષેત્રે જે નયોનું જેટલા અંશમાં હોવાપણું જરૂરી છે તે કાળે, તે ક્ષેત્રે તે નયોનો તેઓ સ્વીકાર કરે છે. જેને માર્ગ પ્રાપ્ત નથી થયો એવા મનુષ્યો 'નય'નો આગ્રહ કરે છે અને તેથી વિષમ ફળને પામે છે. જ્ઞાનીના વચનમાં એક પણ નયનું દુભાવા પણું હોતું નથી. જેને જ્ઞાની પાસેથી આત્મા પ્રાપ્ત કરવો હોય તેણે નયોના આગ્રહમાં પડવું જોઈએ નહિ. નયાદિના વિષયમાં ઉદાસીન રહેવું જોઈએ અને એ વાટે કોઇ પણ પ્રાણીના**

---

જ્ઞાનાવરણીયકર્મનો ઉદય એ અંધકાર તત્ત્વ છે.

**હૃદયને દુભાવવું જોઇએ નહિ. જેને આગ્રહ મટી ગયો છે તેવા જીવો કોઇ વાટે પણ પ્રાણીને દુભાવવાની ઈચ્છા કરતા નથી. નયોના આશ્રયે તત્ત્વને સમજી લીધા પછી નયાતીત થઈ આત્મરત રહેવું હિતાવહ છે.**

આવી રીતે નયાદિના વિષયમાં ઉદાસીન થઈ, મત-મતાંતરથી મુક્ત બની જે આત્માઓ રાત અને દિવસ આત્માને પામવાની એક લય લગાડે છે, નિરંતર આત્માનું ચિંતન અને આત્માના ધ્યાનમાં જેઓ રત રહે છે, તેઓ નિશ્ચિતપણે ગ્રંથિભેદ કરી શુદ્ધાત્માની અનુભૂતિરૂપ ઉપશમ સમ્યકત્વને પામે છે. આત્માને પામવાનો આ જ રાજમાર્ગ છે. આ માર્ગ પર ચાલીને અનંતાનંત આત્માઓ ઠેઠ મુક્તિ સુધી પહોંચ્યા છે. આપણે પણ તે માર્ગે ચાલી આપણું આત્મકલ્યાણ કરીએ તેવી યોગીરાજના હૃદયની હાર્દિક ભાવના છે અને તે માટે થઇને જ તેમના આ સર્વ જન આત્મહિતાર્થે નાભિથી ઉદ્ભવિત હૃદયના ઉદ્ગારો છે.

**આતમ ધ્યાન કરે જો કોઉ, સો ફિર ઈણમેં નાવે !**
**વાગ જાળ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત ભાવે.. મુનિ સુવ્રત..૯**

**અર્થ :** જીવનમાં આત્માની ધૂન જગાવીને જે કોઇ વ્યક્તિ આત્માનું ધ્યાન ધરે છે, તેને આ જન્મ-મરણના ફેરામાં ફરીથી આવવાનું રહેતું નથી અર્થાત્ જે કોઇ યોગીજન આત્મધ્યાન ધરે છે તે ફરી સંસારના ચક્કરમાં આવતા નથી.

આત્મધ્યાની, આત્મધ્યાન સિવાય બીજુ બધું વાગ્જાળ સમજે છે અને ધ્યાનનું જે તત્ત્વ છે તેને જ ચિત્તમાં ચાહે છે.

**વિવેચન :** વાદ-વિવાદમાં પડવાથી ત્રણ કાળમાંય આત્માનું તત્ત્વ હાથમાં આવતું નથી. આ સ્તવનમાં જે જુદા જુદા દર્શનોની વિચારણા

---

જ્ઞાનવરણીયકર્મનો ક્ષયોપશમ એ કંઇક ઉઘાડરૂપ હોવા છતાં અપૂર્ણ તત્ત્વ છે.

કરી આવ્યા, તે બધામાં ક્યાંય આત્મ તત્ત્વ હાથમાં આવે તેમ નથી. આ બધા બુદ્ધિના આટા-પાટા છે, જે ખેલવા જેવા નથી. એકાંત દર્શનની આત્માના વિષયમાં જે એકાન્ત માન્યતા છે, તે બધી વાગ્-જાળ છે. **બુદ્ધિ તત્ત્વથી ત્રણે કાળમાં સંસાર સાગર તરી શકાતો નથી. હૃદયના નિર્મળ ભાવોથી તરી શકાય છે. બુદ્ધિમાં સાધુની જેમ શેતાનનો પણ વાસ હોય છે, એમ સમજી બુદ્ધિનો વિશ્વાસ કરવા જેવો નથી. બુદ્ધિનો સાગરિત અહંકાર છે, જે બુદ્ધિ ઉપર જ જીવે છે અને બુદ્ધિની સાથે ને સાથે રહે છે. બુદ્ધિ દ્વારા માત્ર આત્માની યથાર્થ ઓળખ મેળવી લેવાની છે. પછી નિર્મળભાવો વડે બુદ્ધિનું પ્રજ્ઞામાં રૂપાંતર કરી દેવાનું છે. જેમ જેમ બુદ્ધિ નિર્મળ બને છે, ગુણગ્રાહી બને છે તેમ તેમ ભેદભાવ ઘટતો જાય છે અને બધા જ પોતાના લાગે છે. અભેદભાવ એ પ્રજ્ઞાનું સૂચક છે. ભેદ ભાવ બુદ્ધિનું સૂચક છે. જીવોની સાથે નિઃસ્વાર્થ ભાવે પોતાપણું લાગે એ પ્રેમ તત્ત્વની ખીલવણી છે. વ્યવહારમાં જ્યારે જ્યારે બીજાના સહવાસમાં આવવાનું થાય ત્યારે પ્રેમ તત્ત્વને જ ખીલવવાનું છે અને બાકીના સમયમાં આત્મામાં ડૂબકી મારી કેવલજ્ઞાન પ્રદાયક ધ્યાન કરવાનું છે.**

જગતના કોઈ પણ પદાર્થની અસર આત્મા ઉપર નહિ પડે, તે સાચું ધ્યાન છે. અષ્ટાંગ યોગમાં પણ યોગનું સાતમુ અંગ ધ્યાન કહ્યું છે. ચિદાનંદજી પણ લખે છે –

**"આતમ ધ્યાન સમાન જગતમેં સાધન નવિ કોઉ જાન."**

મોક્ષ મેળવવા માટે આત્મધ્યાન જેવુ કોઇ બીજું મહાન સાધન નથી.

**આતમ ધ્યાન ભરતચક્રી લહ્યો ભવન આરિસા જ્ઞાન,**
**ચિદાનંદ શુભ ધ્યાન જોગ જન, પાવત પદ નિરવાણ.**

આત્મધ્યાનના પ્રભાવે ભરતચક્રી આરિસા ભવનમાં કેવલજ્ઞાન પામ્યા અને તે જ આત્મધ્યાનના પ્રભાવે મરૂદેવા માતા પણ હાથીની અંબાડીએ કેવલજ્ઞાન પામ્યા. ધ્યાનના યોગે ભવ્ય જીવ નિર્વાણપદને પ્રાપ્ત કરી લે છે.

આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયના ધ્યાનથી કેવલજ્ઞાન અને મોક્ષ મળે છે. ઇડા-પિંગલા નાડીનો ત્યાગ કરીને જો ઉપયોગ સુષુમ્ણા નાડીમાં જોડાઇ જાય છે, તો તે ઉપયોગને બ્રહ્મરંધ્રમાં સ્થિર કરીને ધ્યાનના પ્રભાવે યોગીઓને પરમ જ્યોતિનાં દર્શન થાય છે.

**શુદ્ધતા ધ્યાન એમ નિશ્ચયે આપનું, તુજ સમાપત્તિ ઔષધ સકલ પાપનું**
**દ્રવ્ય અનુયોગ સંમતિ પ્રમુખથી લહી, ભક્તિ, વૈરાગ્યને જ્ઞાન ધરીએ સહી.**

- ૩૫૦ ગાથા સ્તવન. ઉપા. યશોવિજયજી મહારાજા

હે પ્રભો ! આપના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરતા કરતા સાધક આત્માને જ્યારે આપની સાથે સમાપત્તિ થાય છે અર્થાત્ આપના સ્વરૂપની અભેદાનુભૂતિ થાય છે ત્યારે તે સમાપત્તિ જ સઘળા પાપનો નાશ કરવા માટેનું ઔષધ છે. આ વાત સંમતિ તર્ક વગેરે દ્રવ્યાનુયોગના ગ્રંથોમાં કહી છે, જેને પામવા સાધકે ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનનો સુમેળ સાધવો જોઈએ.

**જે ઉપાય બહુવિધની રચના, યોગમાયા તે જાણો રે..**
**શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યય ધ્યાને, શિવ દીયે પ્રભુ સપરાણો રે..**

- અરનાથ જિન સ્તવન... ઉપા. યશોવિજયજી મહારાજા

મોક્ષને પામવા ધ્યાન એ મુખ્ય સાધન છે. બીજા ઉપાયો એ ધ્યાનની પ્રાપ્તિ માટેના કારણો છે. અષ્ટાંગ યોગનો મહત્વપૂર્ણ ભાગ

---

શુભભાવ એટલે મોહમાં સુધારો, મોહનો ક્ષયોપશમ; જ્યારે શુદ્ધભાવ એટલે મોહનો નાશ (ક્ષય).

ધારણા-ધ્યાન-સમાધિની ત્રિપુટી છે. એમાંથી કેન્દ્રવર્તી ધ્યાન લઈએ એટલે પૂર્વવર્તી ધારણા અને ઉત્તરવર્તી સમાધિ આવી જાય છે.

ઉપરની કડીમા એ બતાવ્યું છે કે દ્રવ્ય-ગુણ-પર્યાયથી પોતાના શુદ્ધ આત્મસ્વરૂપનું ધ્યાન શીઘ્ર મોક્ષ આપવા સમર્થ છે. યોગના અંગો, તો સાધનો છે. સાધકે સાધનોમાં એટલી હદે જકડાઈ ન જવું જોઈએ કે જેથી સાધ્ય છુટી જાય અને સાધનમાં સાધ્યનો ભ્રમ થઈ જાય. પ્રસ્તુત કડીમાં 'યોગમાયા' શબ્દ વાપરે છે. સંસારમાં તો મોહમાયા હોય, તે બંને પણ આશ્ચર્યની વાત તો, એ છે કે **યોગમાર્ગમાં પણ સાધનો પરની ખોટી પકડ તે 'યોગમાયા' છે. નૈશ્ચયિક દૃષ્ટિથી તો આ વાત સ્પષ્ટ જ છે કે જે સાધન સાધ્ય તરફ ન લઈ જાય તે સાધન, એ સાધન નથી પણ સાધનનો આભાસ છે, યોગમાયા છે.** સમાધિ શતકમાં પણ ઉપાધ્યાયજી મહારાજે આવો અષ્ટાંગ યોગનો પરિચય આપ્યો છે કે -

**"ઉદાસીનતા પરિનયન, જ્ઞાન-ધ્યાન રંગરોલ**
**અષ્ટ અંગ મુનિ યોગકો, એહિ અમૃત નીચોલ."**

અષ્ટાંગ યોગનો નીચોડ આ છે કે સાધકે પુદ્ગલથી ઉપર ઉઠી જવાનું છે. પુદ્ગલના રૂપાદિમાં ડૂબવાનું તો નથી જ, પણ તેની સપાટી ઉપર પણ રહેવાનું નથી. તેનાથી તદ્દન ઉદાસીન થઈ જવાનું છે અને જ્ઞાન અને ધ્યાનમાં સતત ડૂબકી મારતા રહી આત્માના આનંદરસના ઘૂંટને પીવાના છે. આ જ સાધકની સાધના છે, જે આત્માને મોક્ષ આપે છે. આત્મામાંથી પરમાત્મા બનાવે છે. આ વિષયમાં ભગવદ્ ગીતા કહે છે કે-

**यो ध्रुवाणि परित्यज्य, अध्रुवम् परिसेवते।**
**ध्रुवाणि तस्य नश्यन्ति, अध्रुवम् नष्टमेव च।।**

બાવાના બેઉ બગડ્યા જેવી સ્થિતિ ધ્રુવને છોડીને અધ્રુવની પાછળ દોડનારની થાય છે માટે આત્મા જ એક પોતાનો છે, પોતાની સાથે રહેવાનો છે એમ શ્રદ્ધા કરી તેમાંજ સમાઇ જવા જેવું છે.

યોગીરાજ આનંદઘનજી પોતાના પદોમાં પણ આ જ વાત દોહરાવે છે કે -

**"આશા મારી આસનધરી ઘટમેં, અજપાજાપ જગાવે,**
**આંનંદઘન ચેતન વ્હે ખેલે, નાથ નિરંજન પાવે..."**

આ સંસારમાં ભીતરમાં રહેલ બધીજ સાંસારિક આશાઓને કચડી નાંખવાની છે. શુદ્ધ ચૈતન્યમય આત્મતત્ત્વની નિરંતર જાગૃતિ રાખી નિરંતર તેનો જ જાપ જપવાનો છે, તેનું જ ધ્યાન કરવાનું છે. પોતાના આત્મામાં જ આસન જમાવવાનું છે. એક ક્ષણ પણ ઉપયોગને પુદ્‌ગલ ભાવમાં લઇ જવાનો નથી. આવી રીતે સતત ધ્યાન કરવાથી આનંદઘન એવો ચેતન આત્મા પોતે પોતાનામાં જ રમણતા કરે છે અને નિરંજન નાથ પરમાત્માને પ્રાપ્ત કરે છે.

**જ્ઞાન અને ધ્યાનની ધૂણી ધખાવીને નયાતિક્રાંત-પક્ષાતિક્રાંત થઇ તેમાં એટલી હદે લીન થવાનું છે કે આખો સંસાર ભૂલાઇ જાય અને તો જ આત્મા પરમાત્મા બને. બીજી કોઇ રીતે આત્મા પરમાત્મા બને તેમ નથી.**

હવે છેલ્લી કડીમાં ફરમાવે છે -

**જેણે વિવેક ધરી એ પખ ગ્રહિયો, તે તત્ત્વ જ્ઞાની કહીએ.**
**શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો, 'આનંદઘન' પદ લહીએ.. મુનિ સુવ્રત..૧૦**

---

દૃષ્ટિ - દૃષ્ટાનો વિચાર કરવો, તે ધર્મ છે.


**અર્થ :** જેણે સત્-અસત્‌નો વિવેક કરીને આત્મ ધ્યાનનો પક્ષ ગ્રહણ કર્યો તેને જ ખરો તત્ત્વજ્ઞાની કહેવો જોઈએ. હે મુનિસુવ્રત ભગવાન! આપ કૃપા કરો તો અમે આનંદઘન પદ એટલે મોક્ષપદને પામી શકીએ. હે પ્રભો! આપની કૃપા તો જગતના સર્વ જીવો પર એક સરખી છે.

**વિવેચન :** આ સઘળો સંસાર અસત્ છે-મિથ્યા છે-અસાર છે-ખારા પાણી જેવો છે; તેમાં શુદ્ધાત્મા એક જ સાર છે અને તે શુદ્ધાત્મા જેના વડે પમાય છે, તે આત્માનું દ્રવ્ય-ગુણ-પર્યાયથી કરાતું ધ્યાન એ સાર છે. આવો વિવેક ગ્રહણ કરીને પુદ્‌ગલનો પક્ષ, દેહનો, ઇન્દ્રિયનો, સ્વજનનો પક્ષ જેણે છોડી દીધો છે અને જેણે એક માત્ર શુદ્ધાત્માનો અને તેના જ્ઞાન-ધ્યાનનો પક્ષ ગ્રહણ કર્યો છે તે જ ખરો તત્ત્વજ્ઞાની જાણવો.

જેમ જેમ સાધક એવો આત્મા પોતાના ત્રિકાળ શુદ્ધ ચૈતન્યમય આત્માનું અવલંબન લઈ, ઉપયોગને તેમાં ઢાળી દે છે, તેમ તેમ પ્રતિસમય પર્યાય વિશુદ્ધતાને ભજે છે. સાધક પોતાની પર્યાયમાં શાંતતા, સમાધિ અનુભવે છે. આ જ પોતાના આત્માની પોતાના ઉપરની કૃપા છે, આત્માનુગ્રહ છે, જે વ્યવહારે મુનિસુવ્રત પ્રભુની કૃપા-ઈશાનુગ્રહ કહેવાય છે. પર્યાયમાં વિશુદ્ધિ વધતાં તે વિશુદ્ધિ જ્યારે ચરમસીમાએ પહોંચે છે, ત્યારે પર્યાયમાં કેવલજ્ઞાન પ્રગટે છે અને ત્યારે પર્યાય, દ્રવ્યમય બની ગઈ હોય છે, તેથી ત્યારે પ્રતિસમયે અનંત આનંદ વેદાય છે. મોક્ષમાં ગયેલા પ્રભુ તો સ્વરૂપમાં લીન થઇ અનંત આનંદને વેદી રહ્યા છે અને આપણને મોક્ષમાં જવાનો આદર્શ આપતા ગયા છે. આપણે તેમની આજ્ઞાને જેમ જેમ જીવનમાં ઊતારશું તેમ તેમ આપણે પણ એક દિવસ પરમાત્મા બનવા સફળ થઇશું !!!

---

જેમ ભૌતિકવિજ્ઞાને બનાવેલા સાધનનો ભોગવટો કરો છો;
એમ આત્મવિજ્ઞાનનો પણ ભોગવટો કરો-અનુભવ કરો !


સાહેબ ! સમરથતું ધણી રે, પામ્યો પરમ ઉદાર;
મન વિસરામી વાલ્હો રે, આતમચો આધાર.
અહો અહો હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે;
અમિત ફલ દાન દાતારનો, જેહની ભેટ થઈ તુજ રે.

યોગાનંદી આનંદઘનજીએ

**એમની યોગ ચમત્કારરૂપ સ્વરૂપ સ્તવનામાં**

વિશાળ આગમના ઊંડાણને ઉતાર્યા છે.

**હૃદયના ઊંડાણમાંથી ઝરેલ**

**આગમરસ અને આતમરસથી એને રસેલ છે.**

એમની રચના જાણે

શ્રુતસાગરનું આચમન કરાવનારી આચમની છે !

એને જે પામે તે માણે

અને રસ તરબોળ થાય.

એ તો આનંદઘન રસપોષ ચતુર્વિંશતિ છે !

MULTY GRAPHICS
(022) 23873222 ♥ 23884222